१ श्रीऋषभ देवजी.
२ श्रीअजित नाथजी.
३ श्रीसंभवजिन राज
४ श्रीअभिनंदन स्वामि.
५ श्रीसुमति नाथ.
६ श्रीपद्मप्रभ देव.
७ श्रीसुपार्श्वना थजी.
८ श्रीचंद्रप्रभ स्वामि.
९ श्रीसुविधि नाथजी
१० श्रीशीतलना थजी.
११ श्रीश्रेयांस जिन.
१२ श्रीवासुपू ज्यजी.
१३ श्रीविमलना थजी.
१४ श्रीअनंत नाथजी.
१५ श्रीधर्मना- थजी.
१६ श्रीशांतिना थजी.
१७ श्रीकुंथुना थजी.
१८ श्रीअरना थजी.
१९ श्रीमल्लीना थजी
२० श्रीमुनिसुव्रत स्वामि.
२१ श्रीनमिना थजी.
२२ श्रीनेमिना थजी.
२३ श्रीपार्श्वना थजी.
२४ श्रीवर्धमान स्वामि.

प्रस्तावना.

दृढ स्तंभ जेम मेहेलनी दृढताना कारणरूप छे, तेम दरेक शासननी प्रौढताना, ते शासनमां थएला महान पंमितो अने ज्ञानवंत एवा धुरंधर आचार्योनाअसाधा रण बुद्धिवैभवे रचाएला एवा सुविहितग्रंथो, कारणरूप छे; एमाटे कार्य करतां कारणनी यत्ना विशेषे करवी के, जेथीकरी कार्य निरंतर निर्विघ्नपणे जगत्नेविषे प्रव र्ते. कारणनी यत्नाए करी कार्यनीज अक्षयस्थिति रहे छे एटलुंज नही; पण तेनो उपभोग करनारा घणा जनोने आ संसारनेविषे घणां एक अगत्यनां बाह्यांतरंग सु खोनी सगवडता पण ते कारण करी आपेछे. चिरकालपर्यंत महान् वृक्षनुं अस्तित्व रा खवानी इच्छा करनारा रक्षपाले, ते वृक्षना मूलने जलसिंचनादिक करवुं; के जेथी क री ते वृक्ष, पोताना बीजा बाह्यना अवयवोने आपो आप पुष्टता मलतां निरंतर पत्र पुष्प फलादिके करी उपकार करतुं रहे छे.

हालमां आ दुषम कालनेविषे आपणा जिनशासनरूप धर्मवृक्षनां दृढ मूल, अ गाध बुद्धिवाला पंमितो अने आचार्यो—एउए रचेला परंपराए मोक्षसुखदायक एवा सुविहित ग्रंथोज छे. तेउने वर्त्तमान समयानुसारे ज्ञानरक्षणार्थे सद्बुणी सहेलो अने उत्तम तथा जेथी शुद्धधर्म प्रवृत्तिनी परंपरा चाले, ते उपाय ए छे के, ते ग्रंथोने शो धावी छपावीने बाहार पाडवा, तेउनो जगत्नेविषे प्रसार करवो, अल्पमूल्ये भाविकज नोने तेनो लाभ आपवो; इत्यादिक धर्मवृक्षमूलनी पोषण क्रिया तन मन अने धनथी करवी, ए आपणा दरेक साधर्मिकभाइउनुं सर्व अगत्यनां कामोमांनुं प्रथम कामछे.

अथवा एवा सुविहित ग्रंथोनुं संशोधन करी बीजा अप्रसिद्धग्रंथो महा प्रयासे अने महोटा खरचे पण जो ते ग्रंथो प्राप्त थता होय तो ते प्राप्त करी, तथा वली ते जो संस्कृत भाषामां होय तो तेनां गुर्जरभाषामां भाषांतर करावी छपावीने बाहार पाडवानुं महा दुर्घट अने अतिशय द्रव्यविनियोगनुं काम, जे माणस, मात्र शास नोन्नतिने माटेज, पोताना बीजां व्यवहारीक कृत्य मूकीने करे, तेने जेटलो पोता थी बने तेटलो तन मन अने धनथी आश्रय आपवो. वर्त्तमानसमयमां आपणा जिनशासननेविषे पंमितोनी न्यूनताने लीधे नवीन ग्रंथो रची शासनी उन्नति कर वी, तेम तो बनतुं नथी; ए दृढता तो बुद्धिनिधान एवा पूर्वाचार्यो संपूर्ण प्रकारे करी गया छे. हवे आपणुं काम मात्र एटलुंज छे के, जगत्जीवोना उपकार माटे पूर्वोक्त पंमितो सूरिउ प्रमुख जे ग्रंथोनी रचना करी गया छे, ते ग्रंथोने केटलाक

महान् सम्यक्दृष्टि पुरुषो लखावीने ज्ञानना भंमार जे करी गयाछे, अने ते ज्ञान भंमाराउ कालप्रबलताए अने अल्पबुद्धिउनी अज्ञानताए करी आधुनिककालनेवि षे बंधनपणुं पामी गोप्य रह्या छे; एटलुंज नही पण ते ग्रंथोना भंमारोने घणो का ल व्यतित थवाने लीधे तथा प्रमादनेयोगे पुनः ते ग्रंथोनो उद्धार न थवाने लीधे ते मांना घणा ग्रंथो तो विछेद गया छे, अने थोडाज ग्रंथो जे हालमां विद्यमान छे; ते उनो कोइपण रीते जगत्नेविषे प्रसार करी ते ग्रंथोना कर्त्ताउना परोपकार कृत्यनो लाभ सर्व साधर्मिकभाइउने सुखे लेवा देवो जोइए. बीजां बधां दानो करतां ज्ञानदान ए सर्वोत्कृष्ट छे. आ शिवसुखकारक शासन छे, अने आ मिथ्यात्वि शासन छे, एवो विवेकमय जे अनुभव ते ज्ञानना योगेज थाय छे. अने एवो शुद्धविवेक प्रगट थये भविकजनो, शुद्धशासननो आश्रय करी परभवनेविषे कल्याणकारक देव संपदा अथवा मोक्षसंपदा प्राप्त करे छे. अर्थात् भविकजनोनी परलोकसुख संबंधी संपूर्ण सामग्री कहीए तो ते मात्र एक उत्तम ज्ञानज छे. एवुं जे उत्तम ज्ञान, ते पूर्वाचार्योए ग्रंथ रूपे साक्षात् मूर्तिमंत स्थापन कर्युंछे; तेनी आधुनिककालने अनुसरता संस्कारे प्र तिष्ठा करी अर्थात् तेने शोधावी छपावीने भविकजनोना उपकार माटे अने फरी वि छेद नजाय तेमाटे जगत्नेविषे विस्तार करवो; के जे थकी हालना समयमां थएली पंमितोनी अत्यंत न्यूनता पूराय. ए विस्तार करनारने, तेमज एवा शुभ काममां तन मन धनथी आश्रय आपनाराउने अप्रमेय अने अखंम यशछे; ए वगर विवादे स्वतःसिद्ध छे.

वली जेम सैन्य, किल्ला, अने कोषादिक ए राज्यनां अंगो छे; ते अंगो जेटला प्र माणमां सबल होय, तेटला प्रमाणमां ते राज्यनी प्रबलता अने दृढता लेखाय छे. परचक्रीउना मनमां भय प्रवेश कराववा माटे अने स्वचक्रीउ, बलवो करी स्वतंत्र थवा माटे अथवा परराज्यमां जवामाटे उद्योग न करे, तेमाटे तेउने आंकोशमां रा खवा ए राज्यांगोनी प्रबलता तेउना मनमां उतरे एवीरीते निरंतर प्रसिद्धपणे बताव वी, ए अतिशय जरुरनुं कामछे; तेम इहां सुविहित ग्रंथो, ए धर्मरूपी राज्यनुं एक मु ख्यमां मुख्य अंगछे; ते अंगनी प्रबलताथी अन्य तीर्थिउना मनमां जिनधर्मनेविषे हमेश उत्तम विचार, अने साधर्मिकभाइउने शुद्धदेव, शुद्धगुरु, अने शुद्धधर्म उपर नि रंतर श्रद्धा रहे, अने कुदेव कुगुरु तथा कुधर्मना आग्रहथी तेउ दूर रहे, ए कारणमाटे ते अंगने मजबुत राखवुं, ए खरेखर महा आवश्यकतानुं कामछे. एक देशमां सर्वोत्तम रत्नोनी खाण छे, ते संबंधी त्यांना सर्व लोकोने माहिती पण छे; तथापि प्रमाद, अज्ञान अने आलस प्रमुख अवगुणोएकरी ते लोको ते रत्नोनी आवश्यकता छतां ते रत्नोने खाणमांज रहेवा देवामां कोण जाणे शुं मोटुं पोतानुं महापण समजता होय!! परंतु

कालांतरे तेउनी अप्रमादी, ज्ञानी अने उद्योगी एवी प्रजानी जाणमां ते उत्तम रत्नोनी खाण आवी; ते समये तेउ ते रत्नोने खाणमांथी बहार काढी तेनो उपयोग करती वेला वा रंवार पोताना वडीलोनी बुद्धिनो उपहास करशे के, आवां उत्तम रत्नोनी ते कालना आपणा वडिलोए कांइ गणना करी नही ? ए तेउनी बुद्धिने शुं कहेवुं? तेम धर्मना ग्रंथोने जगत्नेविषे न प्रसिद्ध करवामां जे लोको महापण समजता होय, ते उ ना महापणने शुं कहेवुं? कालांतरे अमूल्य ग्रंथोतो कोइ परीक्षकना अने शोधकबु द्धिवालाना हाथमां जशे, ते समये तेउनी आवश्यकताविषेनी उत्तम गणना थइ प्र सिद्धि थवानीज, तेनीसाथे अज्ञानीउनी अज्ञानबुद्धिनी ते समये जे हेलना थशे तेप ण कांइ जेवी तेवी नही थाय–सारांश सारी वस्तुनी गणना कालांतरे परीक्षकना हाथे जगत्नेविषे थवानीज, तो ते आपणे पोतेज कां न करीए ?

ए पूर्वोक्त कारणो शीवाय बीजां पण ए पुस्तको छपावी प्रसिद्ध करवानां घणां का रणो ज्ञानवृद्धिनांछे, ते यद्यपि अहीं प्रस्तावनामां गौरवता थाय, तेना जयनेलीधे द र्शाव्यां नथी, तथापि विवेकीजनोना मननेविषे ग्रंथो प्रसिद्ध करवानी रमणेता हर हमेश थइ रहेली छे, ए वात प्रसिद्धज छे. इत्यादिक हेतुउने माटेज में आ प्रकरण र त्नाकर नामनुं पुस्तक छापी प्रसिद्ध करवानुं काम चालुं कर्युं छे, तेमांनो प्रथम जाग तथा बीजो जाग [illegible] जाग पण सुज्ञजनो नी कृपाथी समा[illegible] [illegible]दिप्त थयो छे.

निरंतर धर्मे[illegible] [illegible]ावि एवा सुज्ञसा धर्मिक जाइउनी तथा साधुजनोनी सेवामां आ प्रकरणरत्नाकरनो त्रीजो जाग निवेदन करतां मने परम हर्षथायछे. अने एवे समये आपणा सर्व साधर्मिकजाइउने अति शय नम्रतापूर्वक विनती करुंछुंके, माणस कोइपण काममां निरंतर उद्योगवंत रह्योथ को ते कामना अनुजवे करी ते कामनी स्पष्टता तेनाथी उत्तरोत्तर जेम सारी थाय छे; अर्थात् कामु कामने शीखवे, तेम आ, सर्व साधर्मिकजाइउनी रुडी सहायताए में आरंजेला उद्योगने करतां मारो एमांने एमां केटलोक काल निर्गमन थयो छे;

तेणे करी ग्रंथोने शुद्ध केवी रीते करवा. तथा करावबा? साधर्मिकनाइउनी ज्ञानवृत्तिने अनुसरती गाथाना अर्थनी, श्लोकना अर्थनी, अने वाक्यरचनानी स्पष्टता केवीरीते करवी तथा करावबी? इत्यादिक वातोनो महारी अल्पबुद्धि प्रमाणे मने पण किंचित् उत्तरोत्तर अनुनव थयो ठे; अने ते अनुनवनो आ प्रकरणरत्नाकरना त्रीजा नागमां उपयोग कर्यो ठतां पण श्री प्रवचनसारोद्धारना स्थंमिल परठववाना एक हजार चोवीश नांगाना द्वारमां, तथा बीजा पण कोइ कोइ स्थले अशुद्धताना दोष, बुद्धिदोषे करी तथा दृष्टिदोषे करी तथा गुरुगम्यना अनावथी रह्या हशेज; ते मां कांइपण शक नथी. वली आ प्रकरणरूपी रत्नाकरनेविषे दोषरूपी तृणना अंश, जे उ क्षुद्र होवाथी निरंतर रत्नाकरनी उपरज तस्या करवाना स्वनाववाला ठे; ते उपर उपरथी दृष्टि करनारा अर्थात् दोषदृष्टि धारण करनाराउने तो सेहेज दृष्टिगोचर थशे; पण महामूल्य एवां प्रकरणरूपी रत्नो, जेउ निरंतर महत्वबालां होवाथी रत्नाकरना अंतरनागनेविषे घणां ऊंमां रहेठे; तेउने अवलोकन करनारा अने प्राप्त करनारा तो मर्मज्ञ एवा वीरला जनोज ठे. माटे हुं सर्व साधर्मिकनाइउनी पासे आ पुस्तकमां रहेला दोषोने माटे क्षमा मागुंठुं; अने विनती करुं ठुं के तेउ सर्व दोषोने सुधारी वांचशे, अने मने अल्पबुद्धिवालो जाणी बाल समजीने माहारा कोइपण दोष नणी न जोतां महारा उपर स्नेहयुक्त कृपादृष्टि राखी तेउ पोतानुं उदारचित्त प्रदर्शित करशे.

आ पुस्तकने आशरो आपनारा सद्गृहस्थोनी यादी.

आ प्रकरणरत्नाकर नामनुं पुस्तक ठापी प्रसिद्ध करवा माटे जेउ मुख्य मुख्य मदद करनारा साहेबो ठे, तेमनां नाम अंकित करतां प्रथम आ पुस्तकना वांचनार सज्जनोने मदद आपनारा जनोना सद्लक्षणोनी सूचना करुंठुं.

जेम हंसपक्षीनी चंचुमां एवाज कोइ जातिना पुजलो रह्या ठे, के तेथी तेनी चंचु सदाकाल दूधने ग्रहण करवानाज स्वनाववाली होय ठे; तेमज काकपक्षीनी चंचुमां एवा कोइ जातना पुजलो रह्या ठे, के तेथी तेनी चंचु सदाकाल विष्टानेज ग्रहण करवाना स्वनववाली होय ठे; तेमज सद्गुणीजनोना अंतःकरणना परिणामनेविषे एवाज कोइ उत्तम जातिना पुजलो रहेला होय ठे, के तेथी तेमनी बुद्धि सदाकाल सत्कार्य करवानेविषेज प्रवर्त्तमान थकी रहे, ठे; अने दुर्गुणीजनोना अंतःकरणना प

रिणामनेविषे एवाज कोइ जातना पुंजलो रह्या छे, के तेथी तेमनी बुद्धि सदाकाल दुष्कृत्यो करवानेविषेज प्रवर्त्तमान थकी रहे छे.

ए वातनो प्रत्यक्ष अनुभव आ ग्रंथ छापवाना पहेलां ए ग्रंथ छापवाना सहायनो आरंभ कर्यो, ते दिवसथी मांमीने आ त्रीजो भाग समाप्त थतां सुधीमां मने दिवसानुदिवस स्पष्ट थतो जाय छे. एटले मह्यारा आ ग्रंथो छापवाना अति दुस्तर, अने सर्वोत्कृष्ट पुण्यहेतु कृत्यनो आरंभ चालु रेहेवाथी तेनो आश्रय लेतां लेतां जे राजहंस तुल्य मोक्षनिकट भव्यजनो सद्बुद्धि वाला छे; तेमां जोपण कोइ अल्प द्रव्यवान छे, तो पण आ माह्रा प्रारंभित शुभकृत्यने आजपर्यंत हरेक रीते जेम पोताथी बने तेवी रीते आश्रय आपताज जाय छे; अने पोताना सज्जनपणानो गुण पोतानी उदारता युक्त बतावताज जाय छे. अने जे काकपक्षीतुल्य अभव्य दूर्भव्य दुष्ट दुर्गुणीजनो छे, तेउनुं द्रव्य जो के दुष्टकृत्योमां व्यय थतां ते दुष्टो पोताने कृत्यकृत्य मानता जाय छे, तथापि आ शुभकृत्यने तेउनाथी आश्रय मलतो नथी, ए कर्मनी विचित्रताज छे.

आ ग्रंथने शेठ केशवजी नायके आपेली मददविषे.

हरेक देश, राज्य, ज्ञाति तथा संघनेविषे सर्वोत्कृष्ट शुभकर्मफलभोक्तापुरुष दीपकनी पठे प्रकाशक होय छे; तेमां वली अद्भुत उद्युक्तमतिमान, आतपनामकर्मादिसहायकसाधनयुक्तशरीराकृतिवान, स्वनिवासस्थानजनादिकउत्तरोत्तरसुखपदादिआरोहणकरणोत्सुकपुमान, ते ते स्थानीय महादीपक कहेवामां पण कांइ दोष नथी. केमके, अंधकारे करी आवरित पदार्थोने जेम दीपशिखा प्रकाश करे छे, तेम पूर्वोक्त लक्षण पुरुष स्वाश्रित स्थानने अद्भुत प्रख्यातिरूप दीप्तिमान करे छे. जे संस्थाननेविषे एक प्रख्यात पुरुष होय, तेना योगे तत्संबंधी इतर जनोनी पण प्रख्याती थाय छे. एवा प्रभाविक पुरुषो क्वचितज होय छे. केम के, पूर्वजन्मनेविषे उत्कृष्ट शुभ कर्मोनुं बंधन कर्या विना एवी उत्कृष्टतानी प्राप्ति थती नथी. त्यारे जे एवी उत्तमता पाम्या छे, ते पुरुष धन्यछे.

जुवो संप्रतिराजा, के जेणे जिनप्रणीत सर्वोत्तम धर्मने अंगीकार करीने एवां धर्म कृत्यो कर्यां के, जैनशासननी अति प्रख्याती थई. तेणे ठेकाणे ठेकाणे देवालयो कराव्यां; केटलाएक ज्ञानना भंमारा कराव्या; स्वधर्मीउने विविध प्रकारे आश्रयो आप्या; अ

ने पोते शुद्धश्रावकव्रतादि आचरण करी अंते उत्तम गतिने पाम्या. त्यार पछी केट लाएक काले वस्तुपाल तथा तेजपाल ए बे प्रख्यात श्रावको सर्व संपत्तियुक्त थ या; तेउए पण नानाप्रकार जिनचैत्यो तथा ज्ञानभंमारादि करावीने स्वधर्मनी प्र ख्यातीनी वृद्धि करी. त्यार पछी अणहिल्लपुरपाटणमां कुमारपाल राजा जिनप्र रूपितधर्मश्रद्धानवान थया. तेणे पण जे विचित्र स्वधर्मकृत्यो कस्यांछे, ते सर्वजग प्रसिद्ध छे. अत्युत्तम अर्हद्देवालयो तथा अत्युत्कृष्ट ज्ञानभंमार कराव्या छे, ते कोईने अज्ञात नथी. एना राज्यना समयमां विद्वत्शिरोमणीभूत श्रीहेमाचार्य थई गया छे; तेमणे साडात्रण क्रोड श्लोक संख्यांक विविधविषयक ग्रंथो गुंथन क स्या छे. तेमांना घणा ग्रंथो वर्त्तमान कालमां विद्यमान छे. ए कुमारपाल राजाना प रम गुरु हता. ए कुमारपाल राजाए पोताना आखा राजमां हिंसानो लेश पण रहेवा दीधो न होतो. तेथी जैननी कीर्त्ति ज्यां त्यां प्रसरी रही हती. अन्य दर्शनीउ गमे तेटलो द्वेष करता, तो पण तेउनुं कांई चालतुं नही. सर्वत्र जिनधर्म नो जय जयकार थई रह्यो हतो.

ए उपरथी जुवो के प्रभाविकपुरुषने लीधे धर्मनुं केवुं दीपन थाय छे! धर्मनुं दीपवुं धर्मनां कृत्योउपर आधार राखे छे. नवीन जिनचैत्यो कराववां; पुरातन जर्ज रीभूत थई गएलां देवालयोना जीर्णोद्धार कराववां; स्वधर्मीउने यथायोग्य आश्रयो देवा; इत्यादिक अनेक धर्मकृत्योछे, ते बधां धर्मकृत्यो करतां ज्ञाननी वृद्धि करवा जेवुं एके उत्तम कृत्य नथी. ते कृत्य तो आ ग्रंथो छापीप्रसिद्ध करवानुंछे. ते उद्यमने मुख्य पेहेला नंबरना मदद करनार पूर्वोक्त संपति राजा प्रमुख महापुरुषोनी पंक्तिमां गणवा लायक हालमां श्रीमुंबइनगरना रेहेवासी श्रावकमंमलना आगेवान जगत् प्रसिद्ध, जेनी कीर्त्ति दशे दिशाउनेविषे प्रसार पामेली छे, अने जे एवा शुभ कृत्यो निमित्ते कोटी गमे द्रव्यनो व्यय करी कृत्यकृत्य थयला छे; एवा शेठ केशवजी ना यकछे. तेमनुं नामस्मरणार्थे आ पुस्तकनेविषे अंकित करुंछुं.

तेवार पछी सरल स्वभावि, दयावंत, कृपणतारहित, निर्लोभि, सदा शांतमुद्रा वान; वैरागवान, परमोपकारी, अनेक शास्त्रज्ञ, चतुर, विवेकी, जे हरहमेश आवां शुभकृत्योने महोटी उदारताथी आशरो आपताज आव्याछे, अने जे धैर्य, औदार्य तथा शिलादिक उत्तम गुणोए शोभनिक, महान् पुरुषोनी पंक्तिमां गणायला एवा वणारसी विनयसागरजीना शिष्य मुनि, महिमासागरजी तथा मुनि सुमति सागरजी–एमणे महोटी उदारता सहित आ ग्रंथने घणोज सारो आशरो आप्योछे;

अने हजी आजपर्यंत पण ए कृत्यने उत्तेजन आपताज जायछे. माटे ए महा पुरुषो नुं नाम स्मरणार्थे आ पुस्तकनेविषे अंकित करुंछुं.

ते वार पछी पूर्वोक्त संपत्यादिक राजाउं जे अति अद्भुत धर्मकृत्यना करनार महान् पुरुषो थई गयलाछे; तेमनीज पंक्तिमां गणना करवा योग्य, अने वर्त्तमान समये नृपतिसादृश साक्षात् दिव्यमूर्त्तिमंतलक्ष्म्यादि अनेक वैजवोएयुक्त श्रीमकसुदाबा दनगरनिवासी रायबाहाडर. बाबु साहेब, लक्ष्मीपतिसिंहजी छत्रपति सिंहजी, तथा रायबाहाडर बाबुसाहेब, धनपतिसिंहजी छत्रपति सिंहजी, एमणे आ ग्रंथने सारो आशरो आप्योछे; माटे आ पुस्तकनेविषे नामस्मरणार्थे अंकित करुंछुं.

तेवारपछी श्री मुंबइनगरनिवासी. शेठ हरजम नरसी, शेठ पेलाजाइ पदमसी, शेठ वर्द्धमान पुनसी, शेठ जोजराज-देसल एउ मुबइमांना श्रावकमंमलना मुख्य शेठीआ छे; एमणे आ पुस्तक अंकित करवाने अर्थे घणोज सारो आशरो आप्यो छे, माटे एमनां नाम स्मरणार्थे अत्युपकारपूर्वक आ पुस्तकनेविषे अंकित करुं छुं.

तेवारपछी श्रीमुंबइनगरनिवासी शेठ कस्तुरचंद सिंघजी पारेख, तथा शेठ कीका जाई फूलचंद-एमणे आ ज्ञानवृद्धिकृत्यने अति उदारतापूर्वक महोटो आश्रय आ प्यो. माटे एमनां नाम स्मरणार्थे महोटा मानसहित अंकित करुं छुं.

तेवारपछी श्रीमुंबइनगरनिवासी शेठ. परबत लधा, शेठ जीवराज वसाइआ, शेठ वर्द्धमान टोकरसी, शेठ जादवजी परबत, शेठ मूलजी देवजी, शेठ ठाकरशी देवजी, शेठ मुंगरसी सेजपाल-एउए पण यथाश्रद्धानपणे आ पुस्तकने आश्रय आप्यो छे, माटे एमनां नाम महोटा उपकारपूर्वक अंकित करुं छुं.

श्री अमदावादनगरनिवासी श्रावकमंमलमां मुख्य शेठ, दलपतजाइ जगुजाइ अने शेठ मयाजाइ प्रेमाजाइ-एउए आ पुस्तकने घणी उदारताथी सारो आशरो आ प्यो छे, माटे एमनां नाम स्मरणार्थे महोटा आजारसहित अंकित करुं छुं

श्रीजरुचनगरनिवासी शेठ अनुपचंद मलुकचंद एमणे आ ज्ञानवृद्धि कृत्यने आशरो आपवाथी एमनुं नाम स्मरणार्थे अंकित करुं छुं.

श्रीसाणंदनगरनिवासी शेठ सांकलचंद हुकुमचंद-एउए पण आ शुजकृत्यने अति उत्कृष्ट आशरो आप्योछे, तथा आपता रह्या छे, तेमनुं नाम स्मरणार्थे अंकित करुंछुं.

हवे साधुमंमलमां मुख्य मदद आपनारा तथा अपावनारा अने जेटलुं पोता थी बने तेटलुं उत्साहपूर्वक उत्तेजन आपनारा एवा धुरंधर संवेगपक्षी गुणानुरा गी महामोह विध्वंस करनारा मुनिश्री मूलचंदजी महाराज तथा फवेरसागरजी महा राज छे. एउनां नाम स्मरणार्थे आ पुस्तकमां महोटा मान सहित अंकित करुं छुं.

तेमज संवेगीमुनि आत्मारामजी तथा मुनि नीतिविजयजी एमना तरफथी ज्ञान वृद्धि आकत्यने आश्रय मलवानो गुण स्मरण करी आ पुस्तकनेविषे नाम अंकित करुंछुं.

श्रीअचलगच्छाचार्य भट्टारक श्री विवेकसागरसूरि, तथा श्री तपगच्छाचार्य भट्टारक श्रीधरणेंद्रसूरि, तथा पंमित रूपसागरजी पन्यास-एउनी तरफथी आ उद्यमनेविषे आशरो मलवाथी आपुस्तकनेविषे नाम अंकित करुं छुं.

बीजापण जे जे सद्ज्ञानवानजनोए पोतानी उत्कंठित रुचिए ज्ञाननुं महत्व दर्शाववा निमित्ते स्वशक्त्यानुसारे आरंभित ज्ञानवृद्धिरूप कार्यने मदद आपी छे, ते समस्त सज्जनोनां नाम हुं आवता चोथाभागना अंतनेविषे अंकित करीश.

श्री

प्रकरणरत्नाकर नामना पुस्तकना त्रीजाजागमाहेला ग्रंथोनी स्थूलविषयानुक्रमणिका प्रारंजः

पहेलो ग्रंथ श्रीनेमिचंद्रसूरिकृत प्रवचनसारोद्धार नामेछे. ए ग्रंथ मूल तथा बालावबोध सहित छाप्योछे. ए ग्रंथमां जैनसेलीमांना जूदा जूदा बशे छउतेर विषयो लेइने तेनां बशेने छउतेर द्वार बांधेलांछे. तेमांनां वली केटलांएक द्वारोमां तो प्रसंगागत् ते द्वारना नामने अनुसारें बीजा पण अपूर्व अपूर्व अनेक विषयो आवेलाछे. एवां पण घणां द्वारोछे; ते वांचनारा विवेकीजनोने आ ग्रंथ वांचवाथी स्पष्ट समजाइ आवशे. पण एनी अनुक्रमणिका मात्र बशे छउतेर द्वारोनीज करीए छैए; कारण ते द्वारोमां वली प्रसंगे बीजी वातो जे आवीछे तेनी अनुक्रमणिका करतां गौरवता थायछे.

इति प्रवचनसारोद्धार ग्रंथनी स्थूल विषयानुक्रमणिका समाप्तमिदम्.

बीजो ग्रंथ श्रीमहावीरजिनस्तुतिरूप दोढसो गाथानुं हुंडिनुं स्तवन, श्रीमद्यशो विजयजी उपाध्यायनुं रचेलुं छे. जेमां ढुंढकमतिनुं निराकरण करेलुं छे. ते ग्रंथ श्री पद्मविजयजीना करेला बालावबोध सहित छाप्यो छे. तेनी स्थूल विषयानुक्रमणिका.

इतिश्रीप्रकरणरत्नाकर नामना पुस्तकना त्रीजा जाग मांहेला ग्रंथोनी स्थूलविषयानुक्रमणिका समाप्तः

॥ श्री जिनेंद्राय नमः ॥

अथ

श्री प्रवचनसारोद्धारग्रंथ बालावबोधसहित प्रारभ्यते.

प्रथम अर्थकर्त्ता, ऋषभादि तीर्थंकरोने नमस्कार करेछे.

आर्यावृत्तं ॥ श्रीमन्नाभेयादीन्, नत्वा कृत्वा च शारदां चित्ते ॥
प्रवचनसारोद्धारे, करोमि बालावबोधमहं ॥ १ ॥

अवतरणः– प्रत्येक शास्त्रना आरंभमां अभीष्ट देवताना वंदनरूप मंगलाचरण करवानी श्रेष्ठ पुरुषोनी रीति छे, ते प्रमाणे आ ग्रंथना आरंभमां पण प्रथम ग्रंथकर्त्ता मंगलाचरण करे छे. अने ते मंगलाचरण द्वाराए ग्रंथनां अभिधेय संबंध प्रयोजन तथा अधिकारी ए चार अनुबंधोनी सूचना करे छे.

मूल आर्याः– नमिऊण जुगाइ जिणं, वोछं भवाण जाणण निमित्तं; पवयण सारुद्धारं, गुरूवएसा समासेणं. ॥ १ ॥ अर्थः– जुगादि जिन जे श्री ऋषभदेव भगवान, तेमने नमस्कार करीने भव्य प्राणीउने बोध थवासारु संक्षेपे करी गुरुना उपदेश वडे प्रवचन सारोद्धारने कहुं छुं. आ आर्यामां जुगादि जिन श्री ऋषभदेव भगवानने नमस्कार कर्यो छे ते वडे आद्यनेविषे मंगलाचरण सिद्ध थयुं. भव्य प्राणीउ कहेवाथी अधिकारीनी सूचना करी, जाणवा निमित्ते ए प्रयोजन जाणवुं अने प्रवचनसारोद्धार ए अभिधेय कह्युं; गुरुना उपदेशरूप कथनवडे ग्रंथनो वाच्य वाचक भाव संबंध जणाव्यो. ॥ १ ॥

अवतरणः– हवे चोसठ गाथाए करी बशें ने छोतेर द्वार कहेछेः– मूल आर्याः–चिइ वंदण वंदणयं, पडिकमणं पच्चखाण मुस्सग्गो; चोवीस समहिय सयं, गिहि पडिकमणाइ याराणं ॥ २ ॥ अर्थः– प्रथम चैत्यवंदनद्वार, जे बधा द्वारोमां श्रेष्ठ छे; तेनुं वर्णन करुं छुंः–त्यां चैत्य शब्दे जिन प्रतिमा ते चंद्रकांत, सूर्यकांत, मरकत, (सोनुं) मुक्ताफल, अथवा शैलदल (पाषाण) प्रमुखनी बनावेली पण चित्तना भावेकरी अथवा कर्मेकरी साक्षात् तीर्थंकरनी बुद्धि उत्पन्न थाय तेथी "चैत्य" कहियें तेने काया, मन, तथा वचनेकरी जे प्रणिधान करवुं तेने

"चैत्य वंदना" कहियें. एवी चैत्यवंदनानी विधिने केहेवे करी चैत्य वंदनारूप प्रथम द्वार समजवो.

हवे किया किया नाविके केवी केवी रीते चैत्यवंदन करवुं ते प्रकार दर्शावे छेः— चैत्यवंदन करनारो जो कोई महर्द्धिक ऋद्धिवंत राजादिक होय तो तेणे "सवाए इड्डिए, सवाए दित्तिए, सवा पजुइए, सव बलेणं, अने सव पोरिसेणं" एवां वचनो वडे जिनशासन प्रजावना निमित्ते मोटी ऋद्धिएकरी चैत्यवंदना करवी. अने जो सामान्य वैजववालो पुरुष होय तो तेणे औद्धत्यादिकनो परिहार करी अने लोकोना उपहासनो त्याग करीने चैत्यवंदन करवाने प्रवर्त्तवुं. त्यां पुष्प तांबुलादिक सचित्त द्रव्यनो परिहार करी, कटक, (कडा) कुंमल, केयूर, अने हारादिक उचित द्रव्य लईने एक वस्त्र परिधान पहेरवो ने बीजा उपला वस्त्रवमे उत्तरासण करवुं. एवी रीते पुरुषाश्रयी विधि जाणवी. हवे स्त्रीए केवीरीते चैत्यवंदन करवुं ते दर्शावे छेः— पोतानुं शरीर सारीपठे ढांकीने विनय नत गात्र छतां मस्तकें अंजली बंधन करी चित्तने एकाग्र राखी श्री वीतरागनुं दर्शन करवा पांच अजिगम पूर्वक श्री जिन मंदिरमां प्रवेश करे. एविषे श्री जगवती सूत्रमां कह्युं छेः— "सचित्ताणं दिवाणं, विउसरणाए, अचित्ताणं दिवाणं, अविउसरणा याए, एगल साडिएणं, उत्तरा संगेणं, चरकुफासे, अंजलिय ग्गहेणं, मणसो एगति करणेणं," अने क्यांक "एगांइ अचित्ताणं, दिवाणं, विउसरणाए" एवो पाठ पण दीठामां आवे छे. एनो अर्थ आवीरीते थाय छेः— पूर्वोक्त ऋद्धिवान राजादिक पुरुष ज्यारे चैत्यवंदन करवाने अर्थे जिनमंदिरमां प्रवेश करे त्यारे तत्काल पोतानां राजचिन्ह छत्र, चामर, तथा मुकुटादिक बाहेर मूकी देवां जोइए; पोतानी साथे राखवा नही. एविषे सिद्धांतमां बीजे ठेकाणे पण कह्युं छेः— "अवहट्टुरायकंकुहांइ, पंचवरराई कंकुहरूवाई; खग्गंछत्तोवाहण, मउमंतचामराउय." एवीरीते ए विधि संक्षेपे देखामी अने देवताउनो चैत्यवंदननी विधि ग्रंथकर्त्ता आगलदेखामशे.

हवे "वंदणयं" एटले जे गुणवंतनी वंदना करवी ए बीजो द्वार, परिक्रमवुं ए त्रीजो द्वार, पच्चखाण करवां ए चोथोद्वार, पच्चखाण (प्रत्याख्यान) एटले प्रत्याख्यान शब्दमांथी प्रति-आ-ख्यान ए त्रण पद नीकले छे ते दरेक पदनो जुदो जुदो अर्थ थाए छे ते आवीरीतेः— "प्रति" एटले स्वेछा प्रवृत्तिने प्रतिकूलपणे, "आ" एटले मर्यादा विवक्षित कालमान लक्षण, "ख्यान" एटले कथन करवुं. तेने पच्चखाण कहियें; अने पांचमो उत्सर्ग द्वार. ॥ २ ॥

मूल आर्याः—नरहंमि नूयसंपइ, नविस्स तिछंकराण नामाइं; एरवयंमिवि ताइं, जिणाणु संपइ नविस्साणं. ॥३॥ उसहाइ जिणंदाणिं, आइम गणहर पवि तणी नामा; अरिहंत जिनछाणा, जिण जणणी जणय नाम गई. ॥४॥ उक्किठ ज हन्नेणं, संखा विहरंत तिछ नाहाणं; जम्मा समएवि संखा, उक्किठ जहन्निया तेसिं ॥५ जिण गणहर मुणि समणी, वेउव्विय वाइ अवहि केवलिणो; मण नाण चउदस पु, वि सद्द सड्ढीण संखाओ.॥६॥ जिण जक्खा देवीओ, तणु माणं लंछणाणि वन्नाय; वय परि वारो सव्वा, उअंच सिवगमण परिवारो. ॥७॥ निव्वाण गमण ठाणं, जिणंतराइंच तिछ वुछेआ; दस चुलसीवा आसा, यणाउ तह पाडिहेराइं.॥८॥ चउतीसाइ सयाणं, दोसा अठारसारिह चउक्कं; निरकमणो नाणम्मी, निव्वाणं मिछ जिणाण तवो. ॥ ए ॥ नावि जिणेसर जीवा, संखा उड्ढाह तिरिय सिद्धाणं; तहयइक समय सिद्धा, एं ते पन्नरस नेएहिं. ॥ १० ॥ अवगाहणायसिद्धा, उक्किठ जहन्न मझिमाएअ; गिहिलिंग अन्नलिंग स्सलिंग सिद्धाण संखाओ. ॥११॥ बत्तीसाई सिज्झंतिय विरयंजा व अठ अहिय सयं; अठ समयेहि एक्किकूणं जावेक्क समयंतं. ॥१२॥ थेवेए पुंवे ए, नपुंसए सिज्झमाण परिसंखा; सिद्धाणं संगाणं, अठहिइ ठाणंच सिद्धाणं. ॥ ॥ १३ ॥ अवगाहणाय तेसिं, उक्कोसा मझिमा जहन्नाय; नामाइ चउन्हंपिहु, सासय जिणनाह पडिमाणं. ॥ १४ ॥ उवगरणाणं संखा, जिणाण थविराण साहुणीणं च; जिण कप्पिआण संखा, उक्किठा एक वसहीणं. ॥१५॥ बत्तीसं सू रिगणा, विणओ बावन्न नेअ पडिनिन्नो; चरणं करणं जंघा, विज्झा चारण गम ण सत्ती. ॥ १६ ॥ परिहार विसुद्धि अहा, लंदानिज्झा मयाण अडयाला; पण वीस नावणाओ, सुहाय असुहाय पण वीसं. ॥ १७ ॥ संखा महव्वयाणं, किइ क म्माणय दिणे तया खित्ते; चारित्ताणं संखा, ठियकप्पो अठियकप्पोय. ॥१८॥ चेइय पुंछय दंमय, तण चम्म डुसाइ पंच पत्तेयं; पंच अवग्गह नेया, परीसहा मंमलीस त. ॥ १ए ॥ दस ठाण वुवछेओ, खवगस्सेढीअ उवसमस्सेढी; थंमिल्लाण सह स्सो, अहिओ चउसहिय वीसाए. ॥ २० ॥ पुव्वाणं नामाइं, पयसंखा संजुआइ चउदसवि; निग्गंथा समणाविय, पत्तेयं पंच पंचेव. ॥ २१ ॥ गासे सणाण पण गं, पिंमे पाणेय एसणा सत्त; निरका यरिया वीही, णु मठगं पाय छित्ताइं. ॥२२॥ सामायारीओहं, मि पय विज्ञागंमि तहय दसहाओ; निग्गंथत्तं जीव, स्स पंच वारा उ नववासे. ॥२३॥ साहु विहार सरूवं, अप्पमिबद्धोय सोविहे यवो; जाया जा या कप्पो, परिठवणु च्चार करणदिसी. ॥२४॥ अठारस पुरिसेसु, वीसं इछीसु दस

नपुंसेसु; पवावणा अणरिहा, तहविगलंगस्सरूवाइं. ॥ २५ ॥ जंमुक्खजईकप्पं, वब्बं सेज्जाय रस्सपिंमोय; जेत्तिय सुत्तेसम्मं, जह निग्गंथा विचरुगइआ. ॥ २६ ॥ खित्ते मग्गे काले, तहा पमाणे अईय मक्कप्पं, डुह सुह सेज्ज चउक्कं, तेरस किरियाण ठाणाइं. ॥ २७ ॥ एगम्मि बहु नवे सुअ, आगरिसा चउविहेवि सामइए; सीलंगाणठारस,हस्सं नय सत्तगं चेव. ॥ २८ ॥ वब्गगहणविहाणं, ववहारा पंच तह अहा जायं; निसि जागरणम्मि विही, आलोअण दोयगन्नेसा. ॥२९॥ गुरु पमुहाणं कीरइ, असुहसुहेहि जे तिअं कालं; उवहीधोअणकालो, नोअण नायाव सहिसुद्धि. ॥ ३० ॥ संलेहणा डुवालस, वरिसे वसहेण वसहि संगहणं; उसणिस्सफासु अस्सवि, जलस्स सच्चित्तया कालो. ॥ ३१ ॥ तेरच्छीओ तिरिया,णमाणवीओ नराण देवीओ; देवाण जग्गुणाओ, जिति अ मत्तेण अहिआओ. ॥ ॥ ३२ ॥ अचेरयाण दसगं, चउरो नासाउ वयण सोलसगं; मासाण पंच नेया, नेया वरिसाण पंचेव. ॥ ३३ ॥ लोग्गस्सरूव सन्ना, उ तिन्नि चउरोव दसव पनरसवा; तह सत्तसठ लरकण, नेअ विसुद्धंच सम्मत्तं. ॥ ३४ ॥ एग विह डुविह तिविहं, चउहा पंचविह दसविहं सम्मं; दव्वाइ कारगाई, उवसम नएहि वासम्मं. ॥ ३५ ॥ कुल कोडीणं संखा, जीवाणं जोणि लरक चुलसीइ; तिक्कालाई वित्त,ब्विवरणं सड्ढि पडिमाओ. ॥ ३६ ॥ धन्नाण मबीअत्तं, खेत्ताईआण तह अचित्तत्तं; धन्नाई चोवीसं, मरणं सत्तरस नेयंच. ॥ ३७ ॥ पलिओवम अयर वस, प्पिणीण उवसप्पिणीण विसरूवं; दव्वे खेत्ते काले, नावे पोगाल परिअट्टो. ॥३८॥ पन्नरस कम्मनूमी, अकम्म नूमी उ तीस अठमया; दोन्निसया तेआला, नेया पाणा इवायस्स. ॥ ३९ ॥ परिणामाणं अंठोत्तरसय बंनंच अठदस नेअं; कामाण चउव्वीसा, दस पाणा दस य कप्पडुमा. ॥ ४० ॥ नरया नेरइआणं, आवासा वेयणाउ तणुमाणं; उप्पत्ति नास विरहो, लेसावाहे परम अहिमाय ॥ ४१ ॥ नरउ वट्टाणंल,ध्दिसंनवो तेसु जेसि उववाउ; संखाउ पज्जत्ताणं, तहायउ वट्टमाणाणं ॥ ४२ ॥ कायठिइ नवठिईउ, एगिंदिय विगल सन्नि जीवाणं; तणुमानमेसि इंदिय, सरूव विसयाय लेसाउ ॥ ४३ ॥ एआणं जब गई, जत्तोगणेहिं आगईएसिं; उप्पत्ति मरण विरहो, जायंत मरंत संखाय ॥ ४४ ॥ नवणवइ वाणमंतर, जोइसिअ विमाणवास देवाणं; ठिइ नवण देहमाणं, लेसाउ उहि नाणंच ॥ ४५ ॥ उप्पत्तीए तहुवट्टणाइ विरहो इमाण संखाय; जम्मियएयाणगई, जत्तो वाआगईएसिं॥ ४६ ॥ विरहो सिद्धि गईए, जीवाणाहारगा

हय कसासा; तिन्नि सया तेसठी, पासंमिणछयपमाया ४७ नरहाढ़ि वा हलहरा, रहिणो पडिवासु देवरायाणा; रयणाइं चउदस नव, निहिउ तह जीव संखाउ ४८ कम्माइ अठतेसिं, उत्तर पयडीण अठवन्न सयं; बंधोदयाणुदीरण, सत्ताणय किं पिहु सरूवं ॥ ४ए कम्मठिई साबाहा बायालीसाय पुन्न पयडीउ; बासीइ पाव प यमी उनाव छक्कस पमिनेयं ॥ ५० ॥ जीवाण अजीवाणय, गुणाण तह मग्ग णाण पत्तेयं; चउदसगं उवउंगा, बारस जोगाय पन्नरस ॥ ५१ ॥ परलोअगई गु णठा,एसु तहताण काल परिमाणं; नरय तिरि नर सुराणं, उक्कोस विउवणाका लो ॥५२॥ सत्तसमुग्घाया छप्पज्जत्तिउ अणहारया चउरो; सत्तनयठाणाइं, छप्नासा अप्पसछाउ ॥ ५३ ॥ नंगागिहिवयाणं, अठारस पावठाण गाइंपि; मुणि गुण स त्तावीसा, इगवीसा सावय गुणाण ५४ तेरिच्छीणुक्कठा, गप्नठिइ तहय सामणुस्सी णं; गप्नस्सय काय ठिई, गप्नठिई जीव आहारो ॥ ५५ ॥ रिहु रुहिर सुक्क जोए, तेत्तिअ कालेण गप्न संनूइ; जेति अपुत्ता गप्ने, जेत्ति अ पिअरोअ पुत्तस्स ॥५६॥ महिला गप्न अजोगा, जेत्ति अ कालेण अबीअउ पुरिसो; सुक्काईण सरीर,ठिया ण सव्वाण परिमाणं ॥५७॥ संमत्ताई णुत्तम, गुणाणलाहंत रंज मुक्कोसं; न लहंति मा णु सत्तं, सत्ता जेणंत रूवट्टा ॥५८॥ पुव्वंग परीमाणं, माणं पुव्वस्स लवण सिहमाणं; उस्सेह आय अंगुल, पमाण अंगुल पमाणाई ॥ ५ए ॥ तम कायसरूवमणं,- तछक्कगं अठगं निमित्ताणं; माणुम्माण पमाणं, अठारस नरक नोज्जाई ॥ ६० ॥ छठाण वुड्डिहाणी, अवहरिउ जाइ नेव तीरंति; अंतर दीवा जीवा, जीवाणं अप्प बहुअंच ॥ ६१ ॥ संखानिस्सेस जुग,-प्पहाण सूरीण वीर जिणतिछे; उस्स प्पिणि अंतिमजिण, तिछ अविछेय माणंच ॥ ६२ ॥ देवाणप्प वियारो, सरूव म ठाह कण्हराईणं; सज्ञायस्स अकरणं, नंदीसर दीव ठिइ नवणं ॥ ६३ ॥ लद्धीउ तव पाया,ल कलस आहारगस्स रूवंच ; देसा अणारिया आ,- रिया य सिद्धे ग तीस गुणा ॥६४ ॥ समय समुद्धरियाणं, आसत्थ समत्तिमेसि दाराणं; नामुक्कित्त ण पुव्वा, तंविसय विआरणा नेआ ॥ ६५ ॥

अर्थः—आ ग्रंथमां आरंनथी अंत पर्यंत बधा द्वारोना नावनो उद्धार सिद्धांतो मांथी कर्यो छे. ते उपर कहेला द्वारोनां नामोत्कीर्त्तन पूर्वकज तेमां विषयविषे पण विचारणा जाणवी ॥ ६५ ॥

एवी रीते सर्व द्वारोनां नाम कह्या पछी अनुक्रमे द्वारवखाणतां प्रथम चैत्यवं दन द्वारनुं वर्णन करे छेः— आ ग्रंथ उपर संस्कृत नाषामां टीका कर्त्ताए शास्त्रां

तरनी संमतथी चैत्यवंदना कारने विषे (१९७) स्थानकनी जणावनारी त्रण गाथाउ कहेछेः– आर्याः– "सोलस पुण आगारा, दोसाए गूणवीस उस्सग्गे; ब ध्धिय निमित्त हुंतिअ, पंचेवयहेयवो जणिया ॥१॥ अहिगारा पुणबारस, दंमापंचे व हुंति नायवा; तिन्नेव वंदिणिज्जा, थुइउ पुण हुंति चत्तारि ॥२॥ तिन्नि निसीहीए मा,इ तीस तह संपयाउ सत्तणउ; चियवंदणंमि नेयं, सत्तण उसयंतु गणाणं ॥३॥ अगणीउ छिंदिज्जवि, बोही खोहाइ दीहमक्कोय; इय एव माइएहिं, अप्पग्गो हु ज्ज उस्सग्गो." ॥ ४ ॥ एमां चोथी गाथा पूर्वे कोई प्राकृत व्याख्या कर्त्ताए ना खी जणाय छे. तेथी अमे पण आंही लई लीधीछे.

हवे सूत्र कारक कहेछेः–मूल आर्याः–तिन्नि निसीहिय तिन्निय, पयाहिणा ति न्नि चेवय पणामा; तिविहा पूयाय तहा, अवछतिय जावणं चेव. ॥६६ ॥ तिदि सिनिरिक्कण विरई, तिविहं जूमी पमज्जणं चेव; वन्नाइ तिअं मुद्दा, तिअं च ति विहं च पणिहाणं; ६७ ॥ इय दह तिय संयुत्तं, वंदणयंजोजिणाण तिकालं; कु णइनरो उवउत्तो, सो पावइ निज्जरं विउलं ॥६८॥ अर्थः–दश प्रकारनी त्रिक वमे चैत्यवंदन करवुं; ते दर्शावे छेः–जे निषेधे करी नीपनी ते नैषेधिका कहियें तेमां प्रथम काया, वचन, अने मनना अनुक्रमे करी जे घर संबंधी व्यापार थाएछे तेनो निषेध करवो. इत्यादि निषेधिकात्रिक् आगल कहेसे बीजी प्रदक्षिणा त्रिक् एटले ज्ञान, द र्शन, अने चारित्रनी आराधना रूप अनुक्रमे चैतने दक्षिण दिशाथी त्रण प्रद क्षिणा करवी. त्रीजी प्रणाम त्रिक, एटले जिन प्रतिमाने सन्मुख आवी जक्तिने अतिशय करी जूमि उपर त्रण वार माथुं टेकीने नमस्कार करवो. चोथी पूजा त्रिकनो प्रकार "पुप्फरकय" इत्यादि आगल कहेशे पांचमी अवस्थात्रिक ते "अवछ तिअ होइ छउमछ" इत्यादिक वाक्ये करी ग्रंथ कर्त्ता आगल कहेशे. छठी त्रिदिशा निरख णवर्ज्य त्रिक एटले चैत्यवंदन समये जे दिशामां जिन प्रतिमां होय ते दिशाएज निर खवुं; अर्थात् प्रतिमा सांबे जोवुं, बाकीनी त्रण दिशा कोरे नजर करवी नही. बालबोध व्याख्या कर्त्ता लखे छे के कायाए करी बे हाथ जोमी मस्तके लगाडी, मने एकांत जगवं त नेध्यावतो वचने करी मधुर वाणीवडे परमेश्वरना गुण स्तवतो जे दिशिए प्रतिमां होय ते दिशिए जोवुं बाकीनी त्रण दिशि सन्मुख जोवुं नही. जो बीजी दिशा तर फ जोइए तो चैत्यवंदनाने अनादर थाय. सातमी जूमि प्रमार्जन त्रिक् एटले चै त्यवंदन करनाराए जीवयत्नने अर्थे सम्यक् प्रकारे दृष्टिवडे जोईने जो गृहस्थ हो य तो वस्त्रांचले करी अने साधू होय तो रजोहरणे करो त्रण वार जूमिका प्रमा

र्जन करवुं "आठमी वन्नाइ तिअंवन्नबा" इत्यादि नवमी "मुद्दाइतियं जिणमुद्द" इत्यादिवडे जाणी लेवुं. एटले आठमी वर्णत्रिक, नवमी मुद्दात्रिक ए त्रिकोना अर्थ आगल कहेवाशे तेथी अत्रे लख्या नथी. अने दशमी प्रणिधान त्रिक पण "कायम णा" इत्यादि गाथावडे आगल आवशे माटे आ ठेकाणे विस्तार कर्यो नथी. एवी रीते उक्त दश त्रिक वडेज पुरुष प्रभात मध्यान्ह अने संध्या समये सावधा न चित्तथी श्री वीतराग भगवाननुं वंदन करे; ते समस्त कर्मनो क्षय करवा वा ली अने मोक्षरूपी लक्ष्मीने देवावाली विस्तीर्ण निर्जराने पामे. ॥ ६७ ॥

अवतरणः–उपर कहेली तिन्निनिसही प्रमुख दश त्रिकनुं विस्तारथी वर्णनकरेछे.

मूलः–घर जिणहर जिणपूआ, वावारच्चायउ निसीह तिगं; पुप्फरकय थुएहिं, तिविहा पूया मुणेयव्वा. ॥ ६९ ॥

अर्थः– गृहस्थ संबंधी जे जे सावद्य व्यापार छे ते सरवेनो त्याग करवो तेने प्रथम निषेध कहेवुं, एटले चैत्यवंदन करवा जतां जिनालयनी पायरी उपर पग मूकतांज पोताना घर संबंधी अथवा धंधा व्यवहार संबंधी सर्व व्यापारने त जी देवुं. अर्थात् तेनोनिषेध करवो. बीजो जिनगृह संबंधी जे जे पाषाण तथा काष्ट प्रमुख घडाववारूप सावद्य व्यापार थतो होए ते सरवेनो त्याग करवो तेने बीजो निषेध कहेवो. एटले जिनगृहमां प्रवेश थया पछी श्री जिननी सन्मुख स्थित छ तां ते जिनगृह संबंधी समारवा वगैरे व्यापारनो निषेध करवो. अने श्री जिनेश्वर नी पूजा करती वखते फूल, फल, जल दीपक इत्यादि पूजानी सामग्री जे भेली करी होए ते पूजा थई रह्या पछी चैत्यवंदन करवाना समये ते सावद्य व्यापार जाणीने सरवे तजी देवुं. अर्थात् तेनो निषेध करवो. तेने त्रीजो निषेध कहे छे. बीजी प्रदक्षिणा तथा त्रीजी प्रणाम त्रिकनुं लक्षण आगल कह्युं छे. चोथी पूजा त्रिकनुं व्याख्यान आगल कर्युं नथी माटे ते कहे छेः–पूजा त्रण प्रकारनी कही छे. तेमां पहेली विविध वर्णना महासुगंधवाला फूलो वडे पूजा करवी कही छे ते. बीजी शाली तंडुलादिकवडे पूजा कहीछे ते. अने त्रीजी स्तुतिरूप पूजा; एट ले जेमां लोकोत्तर सद्भूत तीर्थंकरना गुणोनी अने संवेगनी उपजावनारी स्तुति होय. इहां गाथामां "पुप्फादि" प्रमुखना उपलक्षण वडे बीजा ठेकाणे कहे ली श्री भगवंतनी पूजा विधिनेविषे महा मनोहर रत्न, सुवर्ण, मुक्ता भरणादिक अलंकारो अने नाना प्रकारना वस्त्र पेहेराववानुं कह्युं छे ते आंही पणजाणी लेवुं. अने श्री जिनेश्वर आगल सरसव, तथा चोखा प्रमुखे करी आठ मांगलिक

लखवां पछी प्रधान जल मंगल दीप, दधि, घृत, प्रमुख पदार्थोने श्री भगवंतना भालनेविषे ढोववुं. गोरोचन तथा कस्तूरिकादिक वडे तिलक करवुं. ए प्रमाणे श्री भगवंतनी पूजा करीने इरिआ वही पडिकमवा पूर्वक शक्रस्तवादिक दंडके चैत्य वंदना करीने जे उत्तम कवि विरचित, गंभीर अर्थ सहित, विविध वर्ण युक्त, संवेग उत्पन्न करनार, अने जेमां पोताना पापनुं वर्णन करेलुं होय इत्यादिक गुणवाला उत्तम स्तोत्र वडे गुणोत्कीर्तन करवुं. इत्यादिक प्रकारे त्रिविध पूजा कही छे तेना उपलक्षणवडे सर्व जनने आनंदने करवावाली श्रीअरिहंतनी अष्ट प्रकारनी पूजा पण जाणी लेवी. ते विषे आ एक गाथा कही छेः– "वरधूयगंध चोख रकएहिं कुसमेहिं पवर दीवेहिं; नेवज्ज फल जलेहिंय, जिणपूआ अठ्ठा भणिया."॥६ए॥

हवे गाथाना पूर्वार्द्ध वडे पांचमी अवस्था त्रिकनुं वर्णन करे छेः– मूल आर्याः– होइ छउमछ केवलि, सिद्धत्तेहिं जिणे अवछ तिगं; अर्थः–छद्मस्थावस्था, कैवल्यावस्था, तथा सिद्धावस्था ए त्रण अवस्था चैत्यवंदन करवाना समये भाववी. छठी त्रिदिशा निरखण वर्ज्य त्रिक, सातमी भूमि प्रमार्जन त्रिक ए बे त्रिकनो अर्थ पूर्वे कह्यो छे माटे आ ठेकाणे लख्यो नथी.

गाथाना उत्तरार्धवडे आठमी वर्णादित्रिक कहेछेः– मूल आर्या.– वन्नछा लंबणउं, वन्नाइ तियं वियाणिज्ञा. ॥ ७० ॥ अर्थः– अकार तथा ककारादि अक्षरोना श्लोकप्रमुखनो उच्चार करियें ते वर्णालंबन कहिये अने अर्थ थकी कहियें ते अर्थालंबन कहियें तथा सूत्र अने अर्थ बेहुथकी उच्चरिये ते आलंबनालंबन कहियें अर्थात् श्री भगवंत संबंधी गुणानुवाद सहित आलंबने करी भगवंतनी प्रतिमाने जोवुं. ए रीते त्रण बोलेकरी वर्णादित्रिक जाणवी. ॥ ७० ॥ हवे नवमी मुद्रा त्रिक अने दशमी प्रणिधान त्रिक एक गाथावडे कहे छेः–

मूल आर्याः– जिण मुद्द जोग मुद्दा, मुत्ता सुत्तीय तिन्नि मुद्दाउ; कायमणो वयणनिरो, हणंच तिविहंच पणिहाणं पागंतरे, हणं च पणिहाण तियमेयं ॥७१॥ अर्थ ॥ एक जिण मुद्रा, बीजी योगमुद्रा त्रीजी मुक्तासुक्ति मुद्रा; ए त्रण मुद्रानां नाम मात्र आ गाथामांना पूर्वार्धमां कहेलां छे एनां अर्थ आगल कहेशे. अने प्रणिधान त्रिकनो अर्थ अत्रेज कहेछेः– शरीरना अशुभ व्यापारने रोकीने शुभ व्यापार करवो एटले काय महा सुसंभ्रतपणे कर कमल जोडीने मननेविषे अचिंत्य चिंतामणि श्री भगवंतने स्थापी मुखे करी मधुर वचन वडे स्तवन करवुं ए त्रिविध प्रणिधान जाणवो. ॥ ७१ ॥

अवतरणः– हवे जे मुद्रावडे जे करवुं ते कहे ठेः–मूलः– पंचंगो पणिवाउ, थुय पाढो होइ जोग मुद्दाए; वंदण जिण मुद्दाए, पणिहाणं मुत्त सुत्तीए ॥ ७२ ॥ अर्थ ॥ सूत्रमां प्रणिपात पंचांग कह्युंठे ते प्रणिपात पंचांगमुद्राए जाणवो. स्तुति पाठ ते योग मुद्राए थाएठे "अरिहंत चेइआणं" इत्यादि चैत्यवंदना जिनमुद्रा वडे थाय ठे. अने "प्रणिधानते जयवीराय" मुक्तासुक्ति मुद्रायें थाय ठे.॥७२॥

अवतरणः–पंचांग प्रणिपात करवानो प्रकार कहेठेः–मूलः–दो जाणू डुन्नि करा, पंचमगं होइ उत्तमंगं तु; संमं संपणिवाओ, नेउ पंचंग पणिवाओ. ॥७३॥ अर्थः–बे जानु एटले गुठणो बे कर एटले हाथ ए चार अंग थया अने पांचमो उत्तमांग एटले मस्तक ए पांचे अंग समके० रूडीरीते पृथवीने लगाडी नमस्कार करवो. यद्यपि इहां सूत्रमां नूमीए लगाडवानुं कह्युं नथी तथापि परंपरा संप्रदायथी अंगीकार करी लेवुं, प्रकर्षे करी श्रीनगवंत आगल प्रपतन एटले नमन करवुं तेने संप्रणिपात जाणवो. एवी रीते पंचांग प्रणिपातनो प्रकार कह्यो. ॥ ७३ ॥

अवतरणः– मुद्रा करवानो प्रकार कथन करेठेः– मूलः– अन्नोनंतर अंगुलि, कोसागारेहिं दोहि हत्थेहि; पिट्टोवरि कुप्परिसिं, ठिएहि तह जोग मुद्दत्ति. ॥ ७४ ॥ अर्थः–बे हाथनी दशे आंगलीओ माहोमांहे घालीने कमलना डोडानी परे आकार करवो. पठी पेट उपर बेउ नुजानी कोणीउंटेकवी राखवी एम करता योगमुद्रा थाय.

मूलः– चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइ जब पछिमओ; पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा. ॥ ७५ ॥ अर्थः–बे पगे सरखा उना रहीने पग वच्चे चार आंगला जेटलो अंतर राखवो तेमां पण पेनीओ वच्चे चार आंगलथी पण कांइक ओठो अंतर राखीने काउसग्ग करिये ते जिनमुद्रा कहेठे. ॥ ७५ ॥

मूलः– मुत्तासुत्ती मुद्दा, जब समा दोवि गप्निया हबा; ते पुण निडाल देसे, लग्गा अन्ने अलग्गत्ति. ॥७६॥ अर्थः–बेहु हाथ नेला करी डाली राखवा पण हथेलीने हथेली लगाडवी नही. मात्र आगलीओना उपरना नाग अने हथालीओनो थडनो नाग एक बीजानी साथे लागी रेहवो जोईए. जोडेला हाथोनी वच्चे थोडीक पोकल जागा राखवी. एवी रीते उल्लास सहित गर्नितपणे मुद्रा करीने ते ललाटने लगाडवी. केटलाएक ग्रंथकर्त्ताओ कहेठे के, ते मुद्रा करीने नलाडनो सांवे जे आकाश प्रदेशे रह्या थका हाथ आंखे देखाय त्यां राखियें एटले ललाट अने ते मुद्रावच्चे अवकाश रेहेवो जोइए. एने मुक्तासुक्ति मुद्रा कहेठे.॥ ७६ ॥

अवतरणः– चैत्यवंदना करवाना समये वंदन करनाराए किये ठेकाणे उना रही

ने वंदना करवी ते अवग्रहपूर्वक कहेछेः—मूलः—दाहिण वामंग ठिउ, नर नारिगणा जिवंदए देवे; उक्किठ सठि हत्थु, ग्गहे जहन्नेण कर नवगे. ॥ ७७ ॥ अर्थः— चैत्यवंदन कर्त्ता दक्षिण एटले जमणी बाजुए पुरुषोनो समूह रह्यो थको देव वांदे अने वाम एटले डाबी बाजुए स्त्रीउनो समूह रह्यो थको देव वांदे. त्यां उत्कृष्टो साठ हाथनो अवग्रह एटले अंतर अने जघन्य नव हाथनो अंतर तीर्थंकरथी होवो जोइए, ए बन्ने अंतरना वच्चेनो जे अंतर तेने मध्यम अवग्रह कहियें. ॥ ७७ ॥

अवतरणः— नमस्कारादिकनी संपदा एटले विश्राम लेवानास्थानकनी संख्या कहेछेः— मूलः— अठ्ठ नवठ्ठय अ,ठवीस सोल सय वीस वीसामा; मंगल इरिया वहिया, सक्कछय पमुह दंमेसु ॥ ७८ ॥ अर्थः— आ ठेकाणे अनुक्रमे करी मंगल रूप नवकारनेविषे आठ संपदा, इरिया वहियानेविषे आठ संपदा शक्रस्तवनेविषे नव संपदा, अरिहंत चेइयाणंनेविषे आठ संपदा, चोवीसछानेविषे अठावीश संपदा, पुष्कर वरदीनेविषे शोल संपदा, अने सिद्धाणं बुद्धाणंनेविषे वीश संपदा एटला वीसामाना स्थानक ए दंमकोमां जाणवा. ॥ ७८ ॥

अवतरणः— सरवे संपदाउनी संख्या कहे छेः— मूलः— पंच परमेठि मंते, पए पए सत्त संपया कमसो; पजंत सत्तर सरकर, परिमाणा अठमी नणिया. ॥ ७९ ॥ अर्थः— पंच परमेष्टी मंत्रनेविषे प्रत्येक पदने अंते संपदा कही छे, एवा अनुक्रमे सात पदनी सात संपदाओ थाए अने छेली अठमी संपदा सतर अक्षर प्रमाण प्रवचन प्ररूपक नगवंते कही छे. कोइक आचार्य एम कहेछे के पढमं हवइ मंगलं ए नव अक्षरनी आठमी संपदा अने ए सो पंच नमुक्कारो सव्व पावप्पणासणो ए बे पदनी छठी संपदा जाणवी. ॥ ७९ ॥

अवतरणः— इरिआ वही प्रमुखनी संपदाना धुरिया कहे छेः— मूलः— इछ गम पाण ओसा, जे मे एगिंदि अनिहया तस्स; इरिया वीसामेसुं, पढम पया हुंति नायवा ॥ ८० ॥ अर्थः— पहेली "इछामि पडिक्कमिउं" बीजी इरिया वहियाए त्रीजी गमणागमणे चोथी पाणक्कमणे पांचमी जेमेजीवाविराहिया छठी एगेंदिया सातमी अनिहया आठमी तस्सउत्तरिकरणेणं इहां "ठामिकाउसग्गं" ए पद शुधी इरियावहीनुं सूत्र छे, ए सूत्रमां सर्वे मलीने बत्रीश पद छे अने आठ संपदा छे. 'ठामिकाउसग्गं' पाछल कह्यो तेमाटे काउसग्ग दंमक कहिये ॥ ८० ॥

मूलः— अरिहं आइग पुरिसो, लोगो नय धम्म अप्प जिण सव्वा; सक्कछय संपयाए, पढमुल्लिंगाए पया नेया. ॥ ८१ ॥ अर्थः— "नमोछूणं" ए प

छेला पद वमे वंदना करनाराने क्रियानुं कहेनारपणुं जणाव्युं. अने अरहंताण जगवंताण" ए बे पदोवमे जगवंतनेविषे स्तोतव्य करवानी योग्यता जणावी. ए त्रणे पदोनी एक संपदा थई. "आदिगर" इत्यादि जे त्रण पद छे ते स्तुतिपर छे माटे स्तोतव्य जाणवा; अने तेनी बीजी संपदा समजवी. एने साधारणासाधारणरूप संपदा कहे छे. जे कारण माटे तीर्थंकर स्वयंसंबुद्ध अने आदिकरणशील छे. ते कारण माटे ते स्तुति करवाने योग्य छे. एवुं आ संपदाथी सिद्ध थाय छे. "पुरुषोत्तमाण" इत्यादि जे चार पद छे. तेमां जिननी स्तुति होवाथी तेनी स्तोतव्य संपदा थाय छे. एज असाधारणगुणरूप हेतु संपदा थाय छे. ते हेतु दर्शावे छेः– सिंह, पुंमरीक एटले कमल, अने गंधहस्ति ए त्रणेना धर्मने जोगववाथीपुरुषोत्तम कहेवाय छे. तेथी स्तोतव्यपणानी उत्पत्ति सिद्ध थाय छे "लोग्" इत्यादि पांच पदनी चोथी संपदा थाय छे. एमां सामान्यपणे स्तुति कही छे, ने एथी सर्व जनो पर उपकारीपणु सिद्ध थाय छे, तेने लीधे एने उपयोग संपदा कहे छे. वली एमां ज लोकोत्तमादि विशेषण कह्यांछे तेथी परार्थत्वपणे जणाव्युं छे. "अजय" इत्यादि पांच पदनी पांचमी संपदा थाय छे. एमां पूर्वोक्त उपयोग संपदाने हेतु संपदापणुंजणाव्युं छे. केमके, अजय दानादि पदे करी परना अर्थिनी सिद्धिनुं प्रतिपादन होवाथी एने उपयोग हेतु संपदा कहे छे. "धम्मदयाणं" इत्यादि पांच पदनी छठी संपदा थाय छे. एमां धर्म दायकादिक विशेषणे करीज स्तुति करी छे, ए संपदानेविषे उपयोग होय तेथी एने विशेषें उपयोग संपदा कहे छे. "अप्पमिहय" ए पदनी सातमी संपदा थाय छे. एमां श्रीअरिहंत जगवंतने अप्रतिहत वर ज्ञान दर्शन धर व्यावृत्त छद्मस्थ प्रमुखतावडे स्तुति करीछे, ने स्तुति करनार पण तेवोज थाय तेथी एने सकारण स्वरूप संपदा कहे छे. "जणाणं" इत्यादि चार पदे करी आठमी संपदा थाय छे. एमां पोतानी पठे बीजा जनोने फलनुं करवा पणुं अर्थवडे दर्शाव्युंछे. केमके, ए पदनो अर्थ एवोज छे, तेथी एने आत्मतुल्य परफल कर्त्तव्य संपदा कहे छे. "सव्वन्नूणं इत्यादिथी जिअजयाणं" पर्यंत नवमी संपदा थाय छे. एमां प्रधान गुणनो अपरिक्षय थकी प्रधान फलनी प्राप्तेंकरी अर्थ रहेलो छे, अने जे सर्वज्ञ सर्व दर्शी छे, तेनेज शिव अचलादि स्थानकनी प्राप्तें जित जय पणानो अंगीकार होय तेथी एने अजय फल संपदा कहे छे. ए संपदायें करी शक्रेंद्र श्रीजिनवरना जन्मादिकने विषे स्तवे तेथी ए शक्रस्तव केहेवाय छे, तेनेविषे जे संपदा छे तेना ए उल्लिंगन चितारवाना पद जाणवा. इहां जे

अइआ सिद्धा,, इत्यादि गाथा महाश्रुत धरे शक्र स्तवना अंतमां कही छे तेथी अवश्य कहेवी जोये. एंविषे केटलाएक कहेछे के, उवाइ प्रमुखने विषे "जियन्न याण," शुद्धीज कह्युं छे. तेथी अमे पण एटलुंज कहेछुं. पण नवुं अमाराथी कहेवाशे नही. एवा कुबोधवडे थयाछे ग्रसित चित्त जेमना, तेउ नाना प्रकारनी नवी नवी अनेक कल्पनाउ कस्या करे छे, ते सर्व व्यर्थ छे. केमके पूर्वे जे असव अनभिमानी गीतार्थ थया ते जे पक्षने स्वीकारी गया छे, ते पक्षने आपणे पण अंगीकार करवो जोये. माटे ए गाथा अवश्य कहेवी जोये. ॥ ८१ ॥

अवतरणः- "अरिहंत चेइयाणं" एनी संपदा कहे छेः- मूलः- अरिहं वंदण सिद्धा, अन्नत्थु सुहूम एवजा ताव; अरिहंत चेइय पए, विस्सामाणं पया नेया. ॥ ८२ ॥ अर्थः- "अरिहंत चेइयाणं, ए बे पदनी पहेली संपदा, "वंदणवत्ति आए" ए छ पदनी बीजी संपदा, "सवलोए" ए सात पदनी त्रीजी संपदा "अन्नत्थूससिएणं, ए नव पदनी चोथी संपदा, "सुहुमेहिं अंग" ए त्रण पदनी पांचमी संपदा, "एवमाइहिं" ए छ पदनी छठी संपदा, "जाव अरिहंताणं" ए चार पदनी सातमी संपदा अने "ताव कायं" ए छ पदनी आठमी संपदा जाणवी. ए सूत्रमां सर्व मली आठ संपदाना तेतालीस पद छे. ॥ ८२ ॥

मूलः- अट्ठावीसा सोलस, वीसाय जहक्कमेण निद्दिठा; नाम जिण ठवणा इसुं, वीसामाणाय माणेण. ॥ ८३ ॥ अर्थः- लोगस्स उज्जोयगरेमां अठावीस संपदा, अने अठावीस पद पुष्करवरदीपमां शोलपद अने (संपदा) पण सोल जाणवी अने सिद्धाणं बुद्धाणंमां वीश पद अथवा संपदा कही छे; एवा अनुक्रमे नामर्हत तथा स्थापना र्हतनेविषे विश्राम पद प्रमाण संपदा जाणी लेवी. ॥ ८३ ॥

अवतरणः- हवे बार अधिकार कहे छेः- मूलः-दुन्नेगं दुन्निदुगं, पंचेव कमेण हुंति अहिगारा; सक्कथयाइ सुइहं, थोय विसेस विसयाउ. ॥ ८४ ॥ अर्थः- पहेले शक्रस्तव दंमके बे, अधिकार बीजे चैत्यस्तव दंमके एक, अधिकार अने त्रीजे नामस्तव दंमके बे; अधिकार चोथे श्रुतस्तव दंडके बे अधिकार पांचमां सिद्धस्तवदंमके पांच अधिकार एवी रीते बार अधिकार निश्चे क्रमेकरी शक्रस्तव प्रमुख दंमकोनेविषे स्तवन करवा योग्य विशेष विषयक कह्याछे. ॥ ८४ ॥

हवे बार अधिकारना धुरियां कहेछेः- मूलः- पढमं नमोत्थु जेअइयसिद्ध अरिहंत चेइयाणंति; लोगस्स सव्व लोए पुक्कर तम तिमिर सिद्धाणं. ॥ ८५ ॥ अर्थः- नमोत्थुणं आदि प्रथम अधिकार, जेअइयासिद्धादि बीजो अधिकार अरिहंतचेइ

याणआदि त्रीजो अधिकार, लोगस्स आदि चोथो अधिकार, सव्व लोए आदि पांचमो अधिकार, पुक्खरआदि छठो अधिकार, तमतिमर आदि सातमो अधिकार, अने सिद्धाणं बुद्धाणं आदि आठमो अधिकार जाणवो. ॥ ७५ ॥

मूलः— जो देवाणवि उज्जिं तसेल चत्तारि अठ दस दोय; वेयावच्च गराणय, अहिगारु ल्लिंगण पयाइ. ॥ ७६ ॥ अर्थः— जोदेवाणविआदि नवमो अधिकार, उज्जिंतसेल आदि दसमो अधिकार, चत्तारि अठ दस दोइ वंदिया प्रमुख अग्यारमो अधिकार अने वैयावच्च गराणं आदि बारमो अधिकार जाणवो. ए बार अधिकारो जाणवाना दरएकेका अधिकारना ए प्रथम पद समजवा. ॥ ७६ ॥

मूलः— पढमे छठे नवमे, दसमे इक्कारसेय भाव जिणा; तइयम्मि पंचमम्मिअ, ठवण जिणे सत्तमे नाणं. ॥ ७७ ॥ अर्थः— पहेला, छठा, नवमा, दसमा अने अग्यारमा अधिकारोवमे सीमंधरादिक भावजिननी स्तवना करी छे. त्रीजा तथा पांचमा अधिकारे करी स्थापनार्हतनी स्तवना करी छे अने सातमा अधिकारवमे ज्ञाननी स्तवना करीछे.॥७७॥ मूलः—अठम बीअ चउत्थे, सुसिद्ध दव्वारिहंतनामजिणे; वेयावच्चगरसुरे, सरेमि बारसम अहिगारे.॥७८॥ अर्थः—आठमा, बीजा, अने चोथा अधिकारवडे सिद्धनी स्तवना करी, तेमां आठमा अधिकारथी द्रव्य जिननी स्तवना करी, तथा बीजा अने चोथा अधिकारथी नामार्हतनी स्तवना करी छे. अने बारमा अधिकारे करी वैयावच्चना करनारा देवताउनुं स्तवन कर्युं छे. ॥७८॥

मूलः— साहूण सत्तवारा, होइ अहोरत्त मज्झयारम्मि; गिहिणो पुण चिइ वंदण, तिय पंचव सत्त वावारा. ॥ ७९ ॥ अर्थः— साधुए रात्र दिवसमां सात वार चैत्य वंदन करवुं अने गृहस्थिए रात्र दिवसमां त्रण, पांच तथा सात वार चैत्यवंदन करवुं.॥७९॥ मूलः— पमिकमणे चेइहरे, भोयण समयम्मि तहय संवरणे; पडिकमण सुयण पमिबो, ह कालियं सत्तहा जइणो ॥ ८० ॥ अर्थः— प्रभातना पडिकमणा समये एक वार चैत्य वंदना करवी, बीजी वार जिनमंदिरमां करवी, त्रीजीवार भोजनना समय पहेला करवी, संवर के० पच्चरकाण पाळतां पहेला करवी सांजना पमिकमणानेधुरे करवी, सुवानी वखते करवी, तथा पाछली रात्रे निद्रानो त्याग करीने करवी अवी रीते यतीने सात वखत चैत्यवंदना करवी कही छे ते विषे महा निशीथमांपण कह्युं छे ते आ प्रमाणेः—प्रातः प्रतिक्रमावसाने प्रथमा चैत्य वंदना गोचरी समये चैत्योपयोगार्थं द्वितीया चैत्य वंदना भोजन समये तृतीया चरिम प्रत्याख्याना नंतरं चतुर्थी संध्याप्रति प्रमादौ पंचमी स्वापवे

लायां षष्ठी प्रतिबोधे सप्तमी सामान्यतो यतेरहो रात्रमध्ये सप्त वेला जघन्यतो पि चैत्य वंदना कार्येवान्यथातिचार संजवात् महानिशीथे प्रायश्चित्त जणनात् संघाचा रवृत्तौ साधः साध्वीवा त्रिसंध्यं चैत्यवंदना न कुर्यात्तस्य प्रायश्चित्तं. इति महानिशीथे. ॥ ए० ॥ मूलः–पडिकमउ गहिणो विहु, सत्तविह पंचहाउ इअरस्स; होइ जह न्नेण पुणो, तीसु संजासु इयतिवीहं ॥ए१॥ अर्थः– बन्ने पडिकमणानेविषे निश्चये करीने गृहस्थनेपण सात प्रकारे चैत्यवंदना करवी, अने इतरके० बीजाजे एक पडिक मणा ना करनार तेने पांच वखत चैत्यवंदना करवानुं कह्युं ठे. अने जे पडिकमणो न करे तेने उंठामांउंठी त्रण संध्या समये तो जरूर चैत्य वंदना करवी. ॥ ए१ ॥

अवतरणः– हवे जघन्य, मध्यम, अने उत्कृष्ट रीते चैत्यवंदनाना प्रकार क हेठेः– मूलः– नवकारेण जहन्ना, दंडग थुइ जुअल मज्जिमा नेआ; उक्कोसा विहि पुवग, सक्कडय पंच मिम्माया. ॥ ए२ ॥ अर्थः– काउसग्गनेविषे एक नवकार चिंतवी, “नमो जिणाणं” इत्यादि वडे एक नमस्कार कही जय वी राय कहियें अथवा पंचांग प्रणाम करवो ते जघन्य चैत्यवंदना नूमिउपर बेशीने “सव्वलोए” इत्यादिक दंमक थुइ बन्ने करी देवनी वंदना करवी तेने मध्यम चै त्यवंदना कहे ठे. अने उत्कृष्ट चैत्यवंदनातो साधु अथवा श्रावक चैत्य गृहादि कनेविषे जइने यथोचित प्रतिलेखित प्रमार्जित स्थंमिलनेविषे रह्यो ठतां त्रैलोक्य गुरुनेविषे स्थाप्यां ठे पोतानी दृष्टि अने मन जेणे, वली संवेग वैराग्यना समूहें उलसि रह्या ठे जेना रोमांच, तेणे करीने कंचुकित थयुं ठे जेनुं शरीर, अने हर्ष ने वश थइने प्रवर्त्यो ठे हर्षाश्रुनो पूर तेणेकरी जेना नयनकमल पूरण थयाठे, एवां नक्तिचिन्ह युक्त थयो थको अत्यंत डुर्लन नगवंतनुं नमन मनमां मानीने सुसंगत सांगोपांग योगमुद्रावमे परमेश्वरनी सन्मुख स्थित रह्यो थको अस्खलि तादिगुणेयुक्त पांच शक्रस्तवेकरी चैत्यवांदे तेने उत्कृष्ट चत्यवंदना कहेठे.॥ ए२ ॥

एवी रीते सत्तावीश गाथाए करी चैत्यवंदना द्वारतुं वर्णन कर्युं. हवे (गुरुवंदना) नो द्वार कथन करतां ठतां प्रथम एक शो ने बाणु स्थानिक वांदणाना कहेठेः–

अथ द्वितीय गुरुवंदनद्वार प्रारभ्यते.

मूलः– मुहणंतय देहाव,स्स एसु पणवीस हुंति पत्तेयं; ठगणा ठच्चगु णा, ठच्चेव हवंति गुरुवयणा. ॥ ए३ ॥ अहिगारिणोय पंचय, इयरे पंचेव पंच पडिसेहा; एक्कावगाह पंचा, निहाण पंचेव आहरण. ॥ ए४ ॥ आसायण तेत्ती सं, दोसा बत्तीस कारणा अठ; बाणओ असय ठाणाण वंदणे होइ नायवं. ॥एए॥

अर्थः–मुखनो अनंतक एटले वस्त्र, एने मुखानंतक अथवा मुंहपती कहेछे. एनी पचीशपडिलेहणा तथा शरीरा श्री पचीश पडिलेहणा, आवश्यके पचीश वांदणा, एम पचीस प्रत्येके जाणवा, छ स्थानक, छ गुण, अने छ गुरुवचन. आचार्यादिक अधिकारी पांच, इतर अनधिकारी पासछादिक पांच, व्याक्षिप्तादि प्रतिषेध पांच, अवग्रह एक, अभिधान पांच वंदणचिइ इत्यादि पांच आहरण सीयले इत्यादि, तेत्रीश आसातना, बत्रीश दोष, "अणाढियं" इत्यादि वांदणा देवाना कारण आठ, ए सर्वमळी एकशो ने बाणु स्थानक वांदणानेविषे थाय छे. ॥ ए३ ॥ ए४ ॥ ए५ ॥

अवतरणः– एवी रीते उद्देश मात्र देखाडीने हवे विस्तारपणे अनुक्रमे करी कथन करतां छतां प्रथम मुहपतीनी पचीश पडिलेहणा देखाडे छेः– मूळः– दिठि पडिलेहण एगा, नव अक्खोडा नवेव पक्खोडा; पुरि मिल्ला छच्चनवे, मुहपत्ती होइ पणवीसा. ॥ ए६ ॥ अर्थः–प्रथम मुहपती लईने दृष्टि पडिलेहण करवुं, पछी नव अखोडा, नव पखोडा तथा छ पुरिमिला करवां, ए संप्रदायगम्य छे माटे विस्तार कर्यो नथी. एवी रीते मुहपतीनी पचीश पडिलेहणा जाणवी. ॥ए६॥

हवे देहनी पचीस पडिलेहणानी गाथा ग्रंथांतरथी कहेछेः–"बाहू सिर मुह उयरे, पाए सु य तिन्नि हुंति पत्तेयं; पिठी इहुंति चउरो, एसा पुण देह पणवीसा." मूळः– छब्बाहुसु तिन्नि सिरे, तिन्नि मुहे तिन्नि उरसि चउ पिठे; चलणे सुछज्ञ एवं, पणवीस पमज्जणा देहे॥ ए७ ॥ अर्थः–छ बांहनेविषे, तेमां प्रथम डाबी बांहनो मध्य पछी जमणो पासो पछी डावोपासो ए त्रण एमज जमणी बांह नेविषे पण त्रण, एवीज रीते मस्तक उपर त्रण, मुख उपर त्रण, उरएटले हृदय उपर त्रण, ते पण सर्वत्र मध्य दक्षण अने वामभागें अनुक्रमे देवी पीठ एटले वांसा उपर चार, ते दक्षण भागे वामे भागे उपर अने हेठे एवी रीते चार जाणवी अने चरणोनेविषे छ, एमां पण प्रथम डाबा चरणनेविषे ने पछी जमणा चरणनेविषे ते पण मध्य दक्षण तथा वाम भागना क्रमेदेवी एवी रीते देहनेविषे पचीश प्रमार्जन करवां ए पुरुष शरीर संबंधी प्रमार्जन कह्यां अने स्त्रीना शरीरना केटलाएक अवयवो गोप्य रहेवाने लीधे दर्शन राखवा भणी पूर्वोक्त पुरुषनी रीति प्रमाणे छ बाहोनी उपर, छ चरणोनी उपर, तथा त्रण मुखनी उपर एवी रीते पंदर प्रमार्जन करवां. ॥ए७॥

हवे पचीश आवश्यक कहेछेः– मूळः–दुउणय अहाजायं, किइ कम्मं बारसावयं चउसि रं; ति गुत्तंच दुपवे, सिंएग निक्खमणं ॥ ए८ ॥ अर्थः– बे वार अवनमन एटले नमन कराय छे, तेने द्यवच नत कहे छे. तेमां एक तो ज्यारे

गुरुनी पाशे जाय छे अने "इछामि इत्यादिथी ते निसीहीया सुधी पोताना अ भिप्राय जणाववा शारू मुखथी उच्चार करे छे त्यारे, अने बीजुं बीजी वखते पूर्व नी पठे वांदणुं करे त्यारे एम बे वार अवनमन करवुं. तथा अहा जायं (यथा जा तं) एटले जेम जन्म. एमां बे प्रकार छे. एक श्रमणपणा आश्रयी, अने बीजुं योनि निर्गमन आश्री जन्म जाणवुं. तेमां श्रमणपणुं आश्रयी एटले जेम श्रमण थती वखते उंगो, मुहपती अने चोल पट्टक एटलो श्रमण आश्रयी जे थयो अने योनि निर्गमनपणुं एटले जेम योनिमांथी प्रसव थतां बालक पोताना मस्तकने हाथनी संपुट लगाडयो छतां बाहेर निर्गमन करे छे तेम वांदणुं पण क रवुं ते माटे यथा जात वांदणु पण कहीयें वली कृतकर्म वांदणुं पण केवो ए त्रण. तथा हाथ जोडी राखीने अहो कायादि बार आवर्त्त हस्तना न्यासविशेष करवां, ए पन्नर. मस्तकवडे चार वांदणां करवां खामेमिखमासमणो इहां एक शिष्यनो अने एक गुरुनो एरीते बीजे वांदणे मली चार वार मस्तक नमावे अथवा संफासं ख मणिजोभे एमपण गुरु शिष्यना चार जाणवा ए (१९) अने त्रण गुप्ति एटले पोतानुं मन संकल्पादिक रहित कर्युं छतां एकाग्र राखवुं, अस्खलित वचननो उ च्चार करवो, अने कायायें यथोक्त आवर्त्त साचवे ए त्रण गुप्ति ए बावीस थया. तथा अवग्रहमां प्रवेश करवां समये बे वार वांदणा करवां, अने अवग्रहमांथी नीकलतां एकवार वांदणु करवुं. ए पचीस थया. बीजे वांदणे अवग्रहथकी निकलवुं नही.९७

अवतरणः--हवे छ स्थानकोनुं वर्णन करे छेः—मूलः—इछाय अणुन्नवणा, अवा बाहंच जत्तजवणाय; अवराह खामणाविय, छठाणा हुंति वंदणए. ९९ अर्थः—प्रथम इछारूप स्थानक छ प्रकारनुंछेः—प्रथम नाम इछा, अने बीजी स्थापना इछाए बे सु गमछे माटे विस्तार कर्यो नथी अने त्रीजी द्रव्य इछा एटले सचितादि द्रव्यनी अभि लाषा अथवा अनुप युक्तने "इछामि" एवी रीते कहेवुं ते. तथा चोथी क्षेत्र इछा एट ले मगधादि क्षेत्रनी इछा करवी ते. वली पांचमी कालेछा एटले रात्र प्रमुख कालनी अभिलाषा. जेमके, "रयणि भमिसारियाओ, चोरा पर दारियाइ इछंति, ताला यरासु भिरकं, बहु धन्नाकेइ डुभिरकं" अने छठी भाव इछा, एना बे प्रकार छेः— एक प्रशस्त अने बीजी अप्रशस्त. ज्ञानादिकनी अभिलाषाने प्रशस्त भाव इछा क हे छे अने कामिनी प्रमुखनी अभिलाषाने अप्रशस्त भावइछा कहे छे. ए बन्ने प्रका रनी भावइछामांनी प्रशस्त भावइछा ग्रहण करवानो आंही अधिकार छे. हवे बीजो अनुज्ञापनारूप स्थानक पण नामादि भेदे करी छ प्रकारनो छेः— पहेली नामानु

ज्ञापना, अने बीजी स्थापनानुज्ञापना, ए बे सुगम छे माटे विस्तार कर्यो नथी. त्रीजी द्रव्यानुज्ञापनाना त्रण प्रकारछेः– प्रथम लौकिक, बीजी लोकोत्तर, अने त्रीजी कुप्रावचनिकी. तेना एकेकना वली सचित्त, अचित्त अने मिश्रना भेदे करी त्रण त्रण प्रकारछे. लौकिकी सचित्त एटले अश्वादिकनी अनुज्ञापना, लौकिकी अचित्त एटले मुक्ताफल तथा वैडुर्यादिकनी अनुज्ञापना, अने लौकिकी मिश्र एटले आभरणादि भूषित वनितादिकनी अनुज्ञापना जाणवी. लोकोत्तर सचित्त एटले शिष्य प्रमुखनी अनुज्ञापना, लोकोत्तर अचित्त एटले वस्त्रादिकनी अनुज्ञापना, तथा लोकोत्तर मिश्र एटले वस्त्रादि सहित शिष्यनी अनुज्ञापना जाणवी. अने कुप्रावचनिकी अनुज्ञापना पण उपर कहेली बे अनुज्ञापनाउनी पठे त्रणप्रकारे छे त्रीजो अव्याबाधरूप स्थानक द्रव्य अने भाव ए बे भेदे करी बे प्रकारनो छे. व्याबाध एटले पीडा तेथी जे प्रतिकूल एटले पीडा रहित होय तेने अव्याबाध कहे छे. खड्गादिकना अभिघात एटले मार वमे जे पीडा थाय छे तेने द्रव्य व्याबाध कहे छे, अने मिथ्यात्वादिकना उपघात एटले वचनादिक मार वडे जे पीडा थाय छे तेने भाव व्याबाध कहे छे. ए बेहु प्रकारना व्याबाधना अभावे अव्याबाध स्थानक थाय छे ते "बहु सुभेणभे" इत्यादि पदे करी जाणी लेवुं. चोथो यात्रारूप स्थानक. एना पण द्रव्य अने भाव ए बे भेद छे. तेमां तापसादि मिथ्यादृष्टिने पोतानी क्रियामां उत्सर्प्पण तेने द्रव्य यात्रा कहे छे, अने साधुने विषे भाव यात्रा कहे छे. पांचमो यापनारूप स्थानक द्रव्य अने भाव ए बे भेदे करीने बे प्रकारनो छेः– तेमां शर्करा अने द्राक्षादि सारी औषधीए करीने शरीरनी दृढ यापना करवी एटले वृद्धि करवी, तेने द्रव्य यापना कहे छे, अने इंद्रिय नोइंद्रियोने उपशमेकरी विषयोथी उपराग करी शरीरने सामाहितपणु शांति करवी तेने भाव यापना कहेछे. अने छगे खामणारूप स्थानक पण द्रव्य अने भाव ए बे भेदे करीने बे प्रकारनो छे. तेमां कलुषित चित्तवाला आ लोकना भयवडेथी बीक राखनाराने ते द्रव्यथी खामणा कहे छे अने संविग्न चित्तवाला आ संसारथी बीक राखनाराने भाव खामणा कहेछे. एवी रीते वांदणानेविषे छ स्थानक थाय छे ते कह्या. ॥ ९९ ॥

अवतरणः-वांदणाकरनारने छ गुणथायतेकहेछे. मूलः– विणओवयारमाण,स्स भंजणा पूयणा गुरुजणस्स; तिछयराणय आणा,सुअधम्माराहणा किरिया.॥१००॥ अर्थः– प्रथम विनयोपचाररूप गुण एटले आठ प्रकारना कर्मोनो नाशकरवारूप विनयवडे तेने उपचारके०आराधवानो प्रकारछे ज्यां तेने विनयोपचार कहेछे, ते विन

योपचारवडे गुरुनुं वांदणुं करायछे बीजो माणस्स नंजनारूपगुण जे जात्यादि आठ प्रकारना, मदेकरी युक्त होय ते देवने माने नही, गुरुनी वंदना करे नही, परनी श्लाघा करे नही, माटे माननुं त्याग करीने अमानादि गुण वडे वांदणुं थायछे. त्रीजो पूयणा गुरुजणस्स गुरु एटले ज्ञानादिक गुणेकरीने अधिक एवा जे गुरुजन तेमनी बहुमान वडे पूजा थायछे चोथो तिळयराण के० तीर्थंकरनी आज्ञाने आराधवारूप गुण थायछे पांचमो सुयधम्माराहणा के० श्रुत धर्मनी आराधना रूपगुण थायछे अने छठो अकिरियारूप गुण एटले अक्रिया थी सिद्धस्थानकज प्राप्त थायछे. एवी रीते परंपराए करी वांदणा लक्षण विनयवडे होय छे. यडुक्तं "तहारूवेणं नंते, समणंवामाहणं वा वंदमाणस्सवा, पज्जुवा समाणस्सवा वंदण पज्जुवासणाय, किंफलागोयमा, सवणफला, सेणं सवणे, किंफले नाणफले, नाणं किं फले, विन्नाणफलं, विन्नाणो पच्चखाण फले, पच्चखाणे संयम फले, संयमे अनण्हए फले, अनण्हएतव फले, तवेवोदाणफले, वोदाणे अकिरियाफले, अकिरिया सिद्धिगइ गमणफलत्ति वांदणा देतां ए छ गुण थायछे. ॥ १०० ॥

अवतरणः--हवे गुरुना छ वचन देखाडेछेः—मूलः—छंदेण अणुजाणामि, तहत्ति तुब्भंपि वट्टई एवं; अहमविखामेमि तुमे, वयणाइं वंदणरिहस्स. ॥ १०१ ॥ अर्थः—प्रथम छंदेण एटले मने निराबाध छे. बीजुं अणुजाणामि एटले अनुज्ञा आपुं छुं. त्रीजुं तहत्ति एटले जेम तूं कहेछे तेमज. चोथुं तुब्भंपिवट्टई एटले मने संयमयात्रा प्रवर्त्ते छे, पांचमुं तेम तुने पण एवं एटले एवी रीते. प्रवर्त्ते छे. छठुं अहमविखामेमितुमे एटले हुं पण तमने अवधिशिष्यणादिव्यतिक्रम खमाळु छुं. ए छ वचन वंदना करवा योग्य आचार्यादिकना जाणवा. ॥ १०१ ॥

अवतरणः— पांच अधिकारी कहे छेः— मूलः— आयरिय उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए; ए एसिं किइ कम्मं, कायव्वं णिज्जरठाए ॥ १०२ ॥ अर्थः— प्रथम आयरिय एटले जे सूत्र तथा सूत्रना अर्थने सारी पठे जाणता होय, जेनुं शरीर समस्त श्रेष्ट लक्षण सहित होय, अने गंजीर धीरतादि गुण विनूषित होय एवा आचार्यनी मुमुक्षुए मोक्षने अर्थे सेवा करवी. बीजो उवज्झाए एटले जेने उपसमीपे कहेतां समीप रहीने जणीयें एवा उपाध्यायने वांदवुं. त्रीजो पवत्ति एटले यथोचित प्रशस्त योगनेविषे साधुने प्रवर्त्तावे एवाप्रवर्त्तकने वांदवुं. यडुक्तंः— "तव संजम जोएसुं, जो जोग्गो तछतं पवत्तेइ; असहंच नियत्तेइ, गणतत्तिलो पवत्तीउ" चोथो थेरे एटले जे ज्ञानादिकनेविषे सीदाय छे कहेतां संकोचने पामे छे एवा

प्राणीने आ लोक अने परलोकना उपायने देखाडीने स्थिर करे एवा स्थविरनी वंदना करवी. उक्तंहि:– "थिर करणा पुण थेरा, पवत्ति वावारिएसु अत्थेसु, जो जब सीयइजइ, संतबलोतंथिरंकुणई." अने तहेवके० तेमजवली पांचमो रायणिए एटले ज्ञान, दर्शन, चारित्र ए त्रण रत्ने करीने जे पोताथी अधिक होय ते रत्नाधिकने पण वांदवुं. ए पांचेने कर्मक्षय लक्षण जे निर्जरा तेने अर्थे कृत कर्म एटले वंदण कर्म करवाने योग्य वांदणुं करवुं. ॥ १०२ ॥

अवतरणः– पांच अवंदनीय कहे छेः– मूलः– पासत्थो ओसन्नो, होई कुसीलो तहेव संसत्तो; अहछंदो विय एए, अवंदणिज्जा जिण मयंमि. ॥ १०३ ॥ अर्थः– पहेलो पासत्थो एटले जे ज्ञानादिकनी पासे तटस्थपणे रहे अथवा जे मिथ्यात्वादिक बंधन हेतुरूपपास तेनेविषे रहतो होय ते पार्श्वस्थ बीजो ओसन्नो त्रीजो कुसीलो, चोथो संसत्तो, पांचमो अहछंदो. ए पांचेजण वंदन करवा योग्य नथी. १०३

अवतरणः– एज विस्तारथी कहे छेः– मूलः–सो पासत्थो डुविहो, सव्वे देसेय होय नायव्वो; सव्वंमि नाण दंसण, चरणाणं जो उपासंमि. ॥ १०४ ॥ अर्थः– ते पासत्थो बे प्रकारनो होय छे. एक सर्वतः बीजो देशतः तेमां जे ज्ञान दर्शन अने चारित्रनी पासे तटस्थपणे रहे तेने सर्व पासत्थो कहेछे. ॥ १०४ ॥

अवतरणः– हवे देश पासत्थो कहेछेः– मूलः– देसम्मि अ पासत्थो, सेज्जायर निहम रायपिंमंच; नियंच अग्गि पिंमं, भुंजइ निक्कारणे चेव. ॥ १०५ ॥ अर्थ ॥ देश पासत्थो एटले सेज्जातर पिंम, अन्याहृतपिंम राजपिंम नित्यपिंम अने अग्रपिंम एटला पिंम कारण विना भुंजे एटले भोजन करे ते. ॥ १०५ ॥

अवतरणः– उसन्नाना बे भेद देखामे छेः– मूलः– उसन्नो विय डुविहो, सव्वे देसेय तब सव्वंमि; उउबद्ध पीढ फलगो, ठविय गभोईय नायव्वो.॥१०६॥ अर्थः– एक सर्व उसन्नो अने बीजो देश उसन्नो तेमां रुतु बद्ध काळनेविषे चोमासा विना जे पीठ फलकनुं सेवन करे अने स्थापना पिंमने भोगवे. ते सर्व उसन्नो ॥ १०६ ॥

अवतरणः–देश ओसन्नो कहेछेः–मूलः– आवस्सग सज्झाए, पडिलेहण झिरकझाण भत्तठे; आगमणे निग्गमणे, ठाणेअ निसीअण तुयट्टे.॥१०७॥ अर्थः–पचीश आवश्यक अने पचीश पडिलेहणपूरे पूरा करे नही. स्वाध्यायनकरे भिक्षा गोचरी विधि पूर्वक करे नही, एम ध्यान अन्नकार्थ पण विधिए करी करे नही, आगमन एटले बाहेरथी आववुं, निर्गमन एटले उपाश्रयमांथी बाहेर जवुं, ठाणेअ एटले काउसग्गनो करवो निषीदन एटले बेशी रहेवो, तथा तुयट्ट एटले रात्रीनेविषे सुवो,

मूलः– आवस्सयाइ न करे, अहवा विकरे इहीण महियाइं; गुरु वयण बलाइ तहा, जणिओ देसावसन्नोति. ॥ १०८ ॥ अर्थ. ए सर्व पूर्वोक्त आवश्यकादिक जे बोल कह्या ते करे नही, अथवा न्यूनाअधिकपणे करे, तेने जो गुरु कहे के, तूं आवश्यादिक कर, तो तेमने तेज वचन वडे पाछो जवाब आपे अने उलटु कांई अनिष्ट वचन कही संभळावे, तेने देस उसन्नो गणधर तीर्थंकरे कह्यो छे. ॥१०८॥

अवतरणः– कुसीलनुं वर्णन करे छे. मूलः– तिविहो होइ कुसीलो, नाणे तह दंसणे चरित्तेय; एसो अवंदणिज्जो, पन्नत्तो वीयरागेहिं. ॥ १०९ ॥ अर्थ॥ कुशीला त्रण प्रकारना छेः– एक ज्ञान कुशील; बीजो दर्शन कुशील, त्रीजो चारित्र कुशील. कुशील एटले जेनो आचार कुत्सितशीलवाळो होय. माटे श्री वीतराग भगवाने एवा कुशीला अवंदनीय कह्या छे. ॥ १०९ ॥

अवतरणः–उपली गाथाना सगला द्वार दर्शावे छेः– मूल ॥ नाणे नाणायारं जोउ विराहेइ काल माईहिं; दसणे दसणायारं, चरण कुशीलो इमो होइ. ११० अर्थः– ज्ञाननेविषे काळ अने विनयादिक आठ अतिचार लगाडीने जे ज्ञाननी विराधना करे तेने ज्ञान कुशील कहे छे. दर्शननेविषे निस्संकिय इत्यादिक अतिचार लगाडीने जे दर्शननी विराधना करे दर्शनाचारविराधे तेने दर्शन कुशील कहे छे. अने चरण एटले चारित्र कुशील आगळ देखाडे छे. ॥ ११० ॥

अवतरणः– चारित्र कुशील दर्शावतां द्वार गाथा कहेछेः– मूलः– कोउअ भूइ कम्मे, पसिणा पसिणे निमित्ति माजीवी; कक्क कुरुयाइ लक्खण, उवजीवइ विज्जा मंताइ ॥ १११ ॥ ए गाथानो अर्थ द्वारे वखाणेछे. अवतरणः– चारित्र कुशीलनुं वर्णन करतां पहेला गाथाना बे पदवडे तेना लक्षणरूप कौतुक कहेछेः– मूलः– सोहग्गाइ निमित्तं, परेसि नवाणइ कोउअभणियं; जरियाइ भूइदाणं, भूई कम्मं विणि दिहं ॥११२॥ अर्थः– सौभाग्य एटले जन मान्यताने अर्थे नाना प्रकारना चेटक करवा जेमके, संतानादिकने अर्थे स्नानादिकनुं कराववुं, अथवा जडी प्रमुखनु बंधाववुं, इत्यादिक मूळना आदि शब्द वडे जाणी लेवुं. अथवा कौतुक एटले आश्चर्यकारक कृत्य करी देखाडवुं. जेमके, पोताना मुखमां गोळी घालीने नाककानमांथी कहाडवी, अने मुखमांथी अग्निनी ज्वाळा कहाडवी. इत्यादिक करी देखाडे तेने आश्चर्य कहेछे. भूति कर्म एटले ताप प्रमुख निवारण करवाने अर्थे मंत्रादिके सिद्ध करीने रक्षा आपे अने ते सय्याना चारे पाशे बंधावे इत्यादि. ॥११२॥

अवतरणः– पसिणा पसिण कहे छेः– मूलः– सुविणग विज्जा कहियं, आइं

खिणि घंटियाइ कहियंवा; जं सीसई अनेसिं, पसिणा पसिणं हवइ एयं. ॥११३॥ अर्थः— विद्याए करी स्वप्नतुं शुभाशुभपणुं कहेवुं, कर्ण पिशाचिका विद्यावडे गुह्य वार्त्ताओ कहेवी, घांट प्रमुख मंत्रवमे अभिमंत्रीने प्रश्न पूछनारने तेनो जवाब कहेवो. ते प्रश्नाप्रश्न जाणवुं ॥ ११३ ॥

अवतरणः—निमित्त अने आजीवी ए बन्ने एक गाथावमे कहे छेः— मूलः— तीयाइ भाव कहणं, होइ निमित्तं इमंतु आजीवं; जाइ कुल सिप्पकम्मे, तव गुण सुत्ताइ सत्तविहं. ॥११४॥ अर्थः—अतीत, आगामि, अने वर्त्तमान ए त्रणे कालना लाभालाभ भावनुं जे कथन करवुं तेने निमित्त कहे छे. इमंतु के० एमज आजीविका ते जाइते माता संबंधीनी जाति, कुलते पिता संबंधी, शिल्प, ने कर्म आजीव, एम तप प्रगटपणे करे तेनो अभ्यास प्रसिद्ध करे, तथा गुण शब्द अशुद्ध जणायछे माटे गण ते चंद्रादिक समजवा. अने सूत्र कालिकादिकनो अभ्यास प्रगट करे, आदि शब्दवमे एवा पोताना अनेक भेद सुचवे. एम गुण अने सूत्र ए बन्नेकरी सात प्रकार थायछे. इत्यादि कारणो दर्शावी अजीविका चलावे. ॥ ११४ ॥

अवतरणः— कक्कादि कहे छेः— मूलः—कक्क कुरुआइ माया, नियमीएमंभणंतिजं भणियं; थीलरकणाइ लरकण, विज्ञा मंताइआपयडा. ॥ ११५ ॥ अर्थः— कक्क कुरुआ शब्दनो अर्थ माया थाय छे, एनुंज तात्पर्य कहेछे नियडीए एटले निकृति शब्दे करी शठपणुं धारण करीने बीजाने मंभण एटले ठगी लेवुं. केटलाएक आवो अर्थ करे छेः— प्रसूति प्रमुख रोग उपर जे काढो पाय छे तेने कक्क कहेछे अथवा पोताना शरीरने लोध्र प्रमुखनो उगटणो लगाडवो, ते शरीरना एक देशमां अथवा सर्व शरीर उपर तेने कक्क कहेवुं, अने कुरुका पण शरीरना एक देशने अथवा आखा शरीरने धोइ नाखवुं. अने स्त्रीनां सामुद्रिक लक्षण प्रमुख कहेवां, जेमके, हाड लक्षणोपेत होय तो द्रव्य मले, अने मांश लक्षणोपेत होय तो सुख थाय इत्यादि लक्षणनो कहेवो वली ज्यां साधना सहित स्त्री देवी अधिष्ठायिक होय, ते विद्या अने जिहां साधनारहित देव अधिष्ठायिक होय तेने मंत्र कहे छे, मूलना आदि शब्दवडे मूल कर्म चूर्णादिक आपे ते इत्येव मादिक प्रगटेज जाणवा. ॥ ११५ ॥

अवतरणः— त्रण गाथाए करी संसक्तो कहे छेः— मूलः— संसत्तो उइआणिं सो पुण गोभत्तलंद ए चेव; उच्छिठ मणुच्छिठं जंकिंची बुज्झई सवं. ११६ अर्थः—जे मां गुण अने दोष मिश्र थया होय एटले एकठा मल्याहोये एटले केटलाक गुण होय अने केटलाएक दोष होय तेने संसक्त कहे छे. तेनो वली प्रकार देखाडे छेः—जे

म गायनी पासे तेनो चारो नाखीए ते जे वासणमां नाखीए ते वासणमां गाइना खाधेलमांनो केटलो एकठो थयो होय अने केटलोएक जेमनो तेम एक कोरे रही गयो होय एम जे अनुछिष्ट एटले एकठो न थयो होय. ते पण तेनेविषे बुझइ के० भेल सेल करे सरवे एकठो थई रहेछे.॥११६॥ मूलः--एमेवय मूलुत्तर, दोसा य गुणाय जत्तिया केई; ते तंमिसन्निहीया, संसत्तो भसुईतम्हा. ॥११७॥ अर्थः-- एवी रीते मूल अने उत्तर गुण संबंधी जेटला दोष अने गुण छे ते तेनेविषे संनि हतके० एकठा लाभे एटले मूलनुं रूप बदलावी नाखे अने प्रसंग वडे सारा अथ वा नरशा गुण दीठामां आवे पण सारा अनेनरसागुण साथेजरहे माटे संसक्त कहे छे. ॥११७॥ मूलः-- पासत्थाईएसुं, संविगेसु च जत्थ मिलईउ; तहि तारीसउ होइ, पियधम्मो अहवईयरोउ. ११८ अर्थः-- तेसंसक्त पासत्थादिनी साथे अथ वा संवेगीउनीसाथे ज्यां जेनीसाथे मले त्यां तेना जेवो थई जाय वली प्रिय धर्म एटले पोताने प्रियजे धर्म होय ते अथवाइतर जे बीजानो धर्म अप्रिय होय तो पण ते गमे त्यां प्रसंगानुसार मली जाय तेने संसक्त कहे छे. ॥ ११८ ॥

अवतरणः-- बे गाथाए करी संसक्तना बे भेद देखाडे छेः-- मूलः-- सोडविग प्पो भणिउ, जिणेहि जिय राग दोस मोहेहिं; एगो उ संकिलिट्ठो, असंकिलिट्ठो त हा अन्नो. ११९ अर्थः-- राग, दोष अने मोहने जेणे जीत्या छे एना उपलक्षण वडे बीजा अनेक दोष पण जीत्याछे जेणे एवा जे श्रीजिनवर तेमणे ते संसक्त बे प्रकारनो कह्यो छे. एक संक्लिष्ट अने बीजो असंक्लिष्ट. ॥ ११९ ॥

मूलः-- पंचासवप्पसत्तो, जोखलु तिहिगारवेहिं पडिबद्धो; इछिगिहि संकिलिट्ठो संसत्तो संकिलिट्ठोउ. १२० अर्थः--जे प्राणातिपातादि पांच आश्रवनेविषे आसक्त, वली ऋद्धि रस साता लक्षण त्रणे गारव वडे प्रतिबंध सहित, होय वली स्त्रीनो सेवनार ते स्त्रीसंक्लिष्ट जाणवो, अने जे गृहस्थसंबंधी द्विपद एटले बे पगवाला दा सी दास प्रमुख, तथा चतुःपद एटले गाई भेंस अने घोडा प्रमुख पशु होय, अने धन धान्यादिकनी जेने घणी चिंता होये तेने ग्रहस्थ संक्लिष्ट संसक्त जाणवो. १२०

अवतरणः-- त्रण गाथावमे यथाछंदो कहे छेः-- मूलः-- उस्सुत्त मायरंतो, उ स्सुतंचेव पन्नवे माणो; एसो उअहा छंदो, इछा छंदेत्तिएगट्ठा. ॥ १२१ ॥ अर्थः-- पोते उत्सूत्रने आचरे, अने बीजाने पण उत्सूत्रवडे प्ररूपे, तेने यथाछंदो कहेछे अ थवा इछाछंदोपण तेनेज कहे छे, यथाछंद अने इछाछंद ए पदोनो अर्थ एकजछे.

मूलः--उस्सुत्तमणुवइठं, सछंद विग्गपियं अणणुवाइ; परतत्ति पवत्तेतिं, तणेअ

इणमो अहाछंदो. ॥ १२२ ॥ जे तीर्थंकर अथवा गणधरे उपदेस्यो न होय, मात्र पोताना मन गमता छंदेके० अभिप्राय वडे कल्पना करेलुं होय एवुं अनुपपाती एटले पोतानी बुद्धिवडे जेनी रचना करी छे तेथी भगवंतना आगमने अनुयायी थाय नही. एवा उत्सूत्रने जे प्रवर्त्तावे तेने उत्सूत्र कहियें वली यथाछंदानो लक्षणांतर कहेछे जे ग्रहस्थना प्रयोजनने विषे, करण करावण अनुमतीए करी जे प्रवर्त्ते तथा कोइ एक साधु प्रमुखथी कांइ अपराध थइ गयो होय तो ते वारंवार ज्यां त्यां बकतो फरे तेने यथाछंदो कहे छे. ॥ १२२ ॥

मूलः— सछंदमइ विगप्पिय, किंचिअसुह साय विगइ पडिबद्धो ; तिहि गारवेहि मज्जइ, तं जाणाइ अहा छंदं. ॥ १२३ ॥ अर्थः— पोताना मतवडे अने पोताना अभिप्राय प्रमाणे नाना प्रकारना विकल्पे करी कांइक अध्ययनादिकनी रचना करे अपुष्ट आलंबनवडे नाना प्रकारना सुखनी इछा करे विगयनेविषे प्रतिबंध होय कारण विना विगयनो आहार करे ऋध्यादि गौरवता पामीने जे गर्व करे तेने यथा छंदो जाणवो. इहां पासछाने सर्वथा अचारित्रिउज केइक मानेछे ते अयुक्त छे जो सर्वथा एकांत अचारित्रिहोय तो देश अने सर्व एवां बे भेदनो करवो ते असंमत चारित्रना अभावनो बे स्थानके सरिखोज तेमाटे बे भेदना कल्पना थकीज चरित्र सत्ताजाणवी ए सर्ववात पोताना मनथी नथीकही किंतु निसिछचूर्णिमांपण एमकह्युंछे पासछो अइ सुत्त पोरसिंवा नकरेइ दंसणाइ यारेसु वट्टइ चारित्तेसु नवट्टई अइयारेवा नवज्जेई एवं सछो अछई पासछोति एटले एने सबल चारित्र युक्तपणो जाणवो ए अढारगाथायेकरी पासछादिक पांचे अवंदनीयका एटले वांदवायोग्य नही. ॥ १२३ ॥

अवतरणः—पांच प्रतिषेध कहेछेः—मूलः—वक्खित्तं परहुत्ते,पमत्तेमाकयाइ वंदिज्जा; आहारंच करिंतो, नीहारं वाजइ करेइ. ॥ १२४ ॥ अर्थः— अनेक भविक लोक सहित सभामां देशनादि करवाना श्रमथी जेनुं चित्त विक्षेपने पामेलुं छे तेने व्याक्षिप्त कहे छे. तेवखते वांदवुं नही, कोइ एक कारणे जे उपरांगपणाने पामेलो होय तेवारे वांदवुं नही वली प्रमादेकरी क्रोधे करी अथवा निद्राएकरी युक्त जे होय तेवारेपण वांदवुं नही, एमज चोथो आहार करता अने पांचमो निहार करतां पण वांदवुं नही. ए पांच बोल वडे अनुक्रमे पांच दोष जणाव्या छे ते आप्रमाणेः— पहेलो धर्मांतराय, बीजो अनवधारण, त्रीजो कोप, चोथो आहारांतराय, अने पांचमो लज्जाने वश थयो थको शंका न भांजे ए पांच दोष जाणी लेवा. ॥ १२४ ॥

अवतरणः– हवे क्यारे वांदवा ते कहे छेः– मूल अनुष्टुप छंदः– पसंते आ सणछेय, उवस्संते उवछिए; अणुन्न वित्तुमेहावी, किइ कम्मं पउंजए ॥ १२५॥ अर्थ.–१ प्रशांत ते व्याक्षिप्तादिकना अभाव थकी, २ आसन उपर बेठा छतां, ३ उ पशांतइंद्रिय नोइंद्रियेने उपशमे वर्त्ते छे क्रोधादि प्रमादथी रहित वर्त्तेछे उवछिएछंदेण इत्यादि वचन उच्चरतो एवा गुरुनी सन्मुख उपस्थितथइने छंदादिक वचन वडे बुध्दिमान पुरुष अनुज्ञा मांगीने कृत कर्म वांदणानी प्रयोजना करे. ॥ १२५ ॥

अवतरणः– हवे अवग्रह कहे छेः– मूलः– आयप्पमाण मित्ते, चो दिसिं होइ उग्गहो गुरुणो; अणणुणायस्सत्सया, न कप्पए तछ पविसेउं. १२६ अर्थः– नामादिक भेदे करी छ प्रकारना अवग्रह छेः– तेउंमां नामावग्रह अने स्थापना वग्रह ए बे प्रकार सुलभ छे, द्रव्यावग्रह एटले मुक्ता फलादिकनुं देवुं, क्षेत्रकल्पे ते क्षेत्रावग्रह ते सक्रोश योजन एकज क्षेत्रनेविषे अवग्रह लीधाथी थाय छे. कालावग्रह एटले रुतु बध्द कालनेविषे एक मास, वर्षनेविषे चार मास अथवा जे जेटला कालनो अवग्रह करे तेने कालावग्रह कहे छे. अने भावाग्रह ते प्रशस्त अने अप्रशस्त ए बे भेद वडे बे प्रकारनो छे. प्रशस्त ते ज्ञानादिकनो अ वग्रह अने अप्रशस्त ते क्रोधादिकनो अवग्रह कहेवो अथवा "देविंदराय गि हिवइ" इत्यादि वक्ष्माण एटले जे आगल अवग्रह कहेवाशे ते जाणवा. परं तु इहां तो क्षेत्रावग्रहने प्रशस्त भावावग्रहनो अधिकार छे. हवे गाथार्थ कहे छे. शरीरनो प्रमाण साडा त्रण हाथ होवाथी ते प्रमाणे चारे दिशिए साडात्रण त्रण हाथ गुरुनो अवग्रह थाय छे. तिहां आज्ञा मांग्या विना प्रवेश करवो कल्पेनही.

अवतरणः–हवे पांच वंदनना नाम गाथामां कहेछे.–मूलः–वंदण चिइ किइक म्मे, पूया कम्मंच विणयकम्मं च; वंदणयस्स इमायं हवंति नामाइ पंचेव. ॥१२७॥

अर्थः– प्रथम वंदन एटले स्तवन करवुं, एटले प्रशस्त मनो वचन तथा कायाना व्यापारे करी गुरुने जे वंदन करवुं ते कर्मने वंदन कर्म समजवुं. ते वंद न बे प्रकारनुं छे एक द्रव्य वंदन अने बीजो भाव वंदन तेमां मिथ्यादृष्टि अथवा अनुपयुक्त सम्यकदृष्टिने जे वंदना थाय छे ते द्रव्यवंदना कहेवाय छे, अने उपयु क्त सम्यकदृष्टीने जे वंदन थाए छे ते भाववंदन कहेवाय छे. बीजुं चिइ चिइते इति चयनं जे कुशल कर्मनुं चयन एटले वृध्दि थाय छे तेने चिति कहे छे आंही कारणनेविषे कार्यना उपचारनुं करवुं. एटले कुशल कर्मना उपचय ननुं कारण जे रजो हरणादि उपधिनो समूह एना पण द्रव्य अने भाव

रूपे बे नेद जाणवा. तेमां तापसादिकनालिंग ग्रहण तेनो कर्म अथवा अनुपयुक्त स म्यकदृष्टिना रजोहरणादि ग्रहणनुं कर्म तेने ड्व्यरूप जाणवुं, अने उपयुक्त सम्यकदृ ष्टिनुं रजोहरणादि कर्म ते नावरूपे जाणवुं त्रीजुं करवुं ते कृति एटले जे नमन आव र्तादिक क्रिया करवी एना पण ड्व्य अने नावरूप बे नेद छे. तेमां निन्ह्वादिकने अ थवा अनुपयुक्त सम्यकदृष्टिने जे नमनक्रिया करवी ते ड्व्यरूप जाणवी, अने उपयुक्त सम्यकदृष्टिने जे नमनआवर्त्तादिक्रिया करवी ते नावरूप जाणवी. चोथुं पूजा एटले पूजनकर्म ते प्रशस्त मन, वचन अने कायनी जे चेष्टा तेने पूजन कर्म कहेवुं. ए पण ड्व्य अने नावरूप बे नेदे पूर्वनीपरें जाणवुं. पांचमुं विनीय कहेतां विणासीए जे थकी आठ प्रकारनुं कर्म तेने विनय कहिये एना पण ड्व्य अने नावरूप बे नेद छे ते पण पूर्ववत् जाणी लेवा एवी रीते वांदणानां ए पांच नाम थाय छे. ॥१२४॥

अवतरणः—पांच वांदणाना पांच आहरण दृष्टांत कहे छेः—मूलः—अनुष्टुप् छंद. सी यले खुड्डए किन्हे, सेवए पालए तहा; पंचेहिं दिठंता किय, कम्मेहुवंति नायवा.१२८ अर्थः—वंदण कर्म उपर शीतलाचार्यनो दृष्टांत लेवो. चिति कर्म उपर खुडुगचेला ना नाने आचार्य पद दीधु छे ते दृष्टांत लेवो. कृति कर्म उपर कृष्ण तथा वीराशालवीनो दृ ष्टांत लेवो. पूजा कर्मनी उपर बन्ने सेवकोनो दृष्टांत लेवो. अने विनय कर्म उपर पाल कने संबुकुमरनो दृष्टांत लेवो. ए पांच दृष्टांते करी पांचवंदन कर्म समजी लेवा.१२८

हवे त्रण गाथायेकरी तेत्रीश आसातना कहेछेः—पुरउ परकासन्ने, गंताचिठण निसीयणाय मणे ए आलोयण पडिसुणणे, पुवालवणेय आलोए ॥ १२९ ॥ तह्उवदंस निमंतण, खद्धा अयणे तहा अपडिसुणणे ॥ खद्धत्तिय तछगए,किं तुम तज्जाय नोसुमणे ॥ १३० ॥ नोसरसि कहंछित्ता, परिसंनित्ता अणुठियाइक हे ॥ संथारपायघट्टण, चिठुच्च समासणेयावि ॥ १३१ ॥

हवे एना नामोनो वखाण गाथाये.करी कहे छेः— मूलः—पुरउ अग्ग पएसे, परके पासंमि पछ आसन्ने ॥ गमणेण तिन्निठाणे,ण तिन्नि तिन्निय निसीयणए ॥१३२॥ अर्थः—पुरउके० अग्रप्रदेशे गुरु थकी आगलें परकेपासंमिके० बेहुपासे पछआसन्नेके० ढूकडो ए त्रणे स्थानके गमणेणके० चालताथका त्रण आशातना एमज ए त्र ण स्थानके उनारहेवाथी पण त्रणआशातनाथाय अने निसीयणएके०.ए त्रण स्थानके बेसवाथी पण त्रण आशातनाथाय केमके ढूकडो रहेवाथो सासोस्वास तथा छीकनो श्लेषमलागे तेवारे आशातना थाय. ॥ १३२ ॥

एज वात सूत्रकार देखाडे छेः— मूलः— विणयभ्रंसाइग दू,सणाउ आसायणा

उ नवएत्र्या ॥ सेहस्स वियारगमे, रायणिए पुव्व माय मणे ॥ १३३ ॥ अर्थः– विनयभंगादिक दूषण थकी ए पूर्वोक्त नव आशातना जाणवी एमज वली रत्ना धिकजे गुरु तेनीसाथे थंडिलें गयाथका पहेलाआवी शोचे ते दशमी आशातना.

मूलः– पुव्वंगमणा गमणे, लोए सेहस्स आगयस्स तउ॥ राउसुत्तेसु जाग,रस्स गुरुनणि अपमिसुणणा ॥१३४॥ अर्थः–बाहेर थकी गुरुसाथें आवेलो शिष्य गुरु थकी पहेला गमणा गमण आलोचे ए इग्यारमी आशातना राउसुत्तेसु जागरस्स के० रात्रिनेविषे गुरु बोलावे जे कोण सुतो ठे कोण जागे ठे एवुं सांजली जागतो होय तोपण सादआपेनही ते अप्रति श्रवणनामे बारमी आशातना ॥ १३४ ॥

मूलः– आलवणाए अरिहं, पुव्वं सेहस्स आलविंतस्स ॥ रायणियाउएसा, तेरस मासायणा होइ ॥ १३५ ॥ अर्थः– आलापनके० बोलाववुं तेने अर्ह के० योग्य जे श्रावकादिक ते श्रावकादिको आव्याथकाने रत्नाधिकजे गुरु तेनाथी पहेलाज जे शिष्य बोलावे ते शिष्यने तेरमी आशातना थाय ॥ १३५ ॥

मूलः– असणाईयं लद्धुं, पुव्वंसेहे तहेव रायणिए ॥ आलोए चउदसमिं, एवं उवदंसणे नवरं ॥१३६॥ अर्थः–अशनादिक लेइने प्रथम शिष्यादिक आगलें आलो इ पठी रत्नाधिक आगलें आलोवतांने चउदमी आशातना होय तेमज प्रथम शिष्यने अशनादिक देखाडी पठी रत्नाधिकने देखाडे ते पन्नरमी आशातना जाणवी॥

मूलः– एवं निमित्तणोवी, लद्धं रयणाहि गेण तह लिद्धं; असणाए पुव्वाए, खद्धंति बहुं दलं तस्स. ॥ १३७ ॥ अर्थः– एमज पहेला बीजाने अशनादिकनी निमित्रणाकरी पठी गुरुने निमंत्रण करे ए सोलमी वली गुरुने पूठ्याविना बीजाने आहारादि आपे तथा पोते खाए ए सतरमी ॥ १३७ ॥ इहां शिष्य प्रश्न करेठे.

मूलः– संगह गाहाए जो, नखद्ध सद्दो निरूविए वीसु; तं खद्धायण पए, खद्धत्ति विनज्ज जोइज्जा. ॥ १३८ ॥ अर्थः– संग्रह गाथामां खंधशब्द जूदो कयो नथी तो इहां क्यांथी लीधो तेनो उत्तर जे यद्यपि संग्रह गाथामां खंधशब्द जूदो कयो नथो ते खंधाइण ए पदनेविषे खंध एवो शब्द जूदो करी लीजे केमके ए गाथा पण सूत्रकारनी करेली जाणवी. ॥ १३८ ॥

मूलः– एवं खद्धा अयणें खद्धं बहु अंति अयण मसणंति; आई सद्दामायं, होइ पुणो पत्त सागंतं. ॥ १३९ ॥ अर्थः– एमज खंधाअयणे ए पदे अढारमो दोष थायठे ते आवीरीतेः– खंध शब्दे घणो अयन शब्दे अशन आदिशब्दे डाइ शाक शालणो होय पुणो के० वली ते पत्रशाक वेगण चीनडी चिणादिक ए गा

थातुं विवरण दशाश्रुतस्कंधनी अपेक्षाये लख्योछे ते सूत्र आवीरीते छे सेहेअस णंवा रायणिएण सिद्धिं भुंजमाणे तत्र सेहेखद्धं डसढं रसियं मणुनं मणामंनिद्धं लुखं अहारित्ताभवत्ति आसायणा सेहेस्सि ॥ १३ए ॥

अवतरणः– वली एनोज विशेष सूत्रकार गाथायेकरी वखाणेछेः– मूलः– वन्नाइजुअं डसढं, रसियं पुण दाडिमं बगाईयं ॥ मणइठंतु मणुसं, मन्नइ मणसा मणामंतं ॥ १४० ॥ अर्थ ॥ वर्णादिकें करी सहित डसढं के० डंचो रसेकरी सहित. ते वली कोइकरीते अचित्त करेला एवा दाडिम आंबाप्रमुख मनने इष्ट मनोज्ञ एटले मनने माने जे सारो अथवा खराब तेने मणाम कहिये. ॥ १४० ॥

मूलः– निद्धं नेहवगाढं, रुक्खं पुण नेह वज्जिअं जाण; एवं अप्पम्मि सुणणे नवर मिणंदिवस विसयंति. ॥ १४१ ॥ अर्थ ॥ निद्धते स्निग्ध चोपडे करीने अवगाढ के० व्याप्त लूखो ते चीगट रहीत इत्यादिक आहार गुरुनी साथेकरतां सरस वस्तु पोते वापरे ते अढारमी, एवं के० एमज अप्पमीसुणणे के० गुरुना वचन सांभल्या छतां गणकारे नही पाछो जवाब न आपे ते ओगणीसमी नवरं के० एटलो विशेष छे जे प्रथम बारमी आशातना कही गया ते रात्रीनेविषे गणकारे नही एम समजवुं अने आ हमणानी कही ते दिवससंबंधी जाणवी ॥ १४१ ॥

मूलः– खद्धंति बहु भणंते, खर कक्कस गुरु सरेण रायणियं; आसायणाउ सेहे, तत्र गए होइ भावन्ना. ॥ १४२ ॥ अर्थ ॥ गुरुयें बोलाव्योथको खद्ध के० खर कर्कस वचने आकरे शब्देकरी रत्नाधिकने कहे तथा तिहांज बेठो उत्तर आपे एम अवज्ञाकरे ते शिष्य ने वीशमी आशातना कहियें. ॥ १४२ ॥

मूलः– सेहो गुरुणा भणिउ, तत्र गउ सुणइ देइ उल्लावं; एवं किंतव भणइ, नमत्थएणंतु वंदामि. ॥ १४३ ॥ अर्थ ॥ शिष्यने गुरुयें बोलाव्यो थको तिहांज पोताने स्थानके रह्योथको गुरुनुं वचन सांभली उत्तर आपे पण पासेनावे ते एकवीसमी आसातना कहिये तथा गुरुये पुछ्यु छता त्यांजमत्थएण वंदामि कही पूछे सुं आदेश आपोछो ए बावीसमी ॥ १४३ ॥

मूलः–एवं तु मंति भणई, कोसि तुमं मज्झ चोयणाएओ; एवं तज्जाएणं, पम्हि भणणा सायणा सेहे. ॥१४४॥ अर्थ॥ तुं कोणछो जे म्हारी चोयणानेविषे प्रवर्त्तेछे एम तुकारे बोलावे ते त्रेवीसमी. एमज जेवुं वचन गुरु कहे तेहीज वचन कहीने पाछो जवाब देतां शिष्यने आशातना थाय ते कहेछे. ॥ १४४ ॥

मूलः–अज्जो किं न गिलाणं, पडिजग्गसि पडिभणेइ किं न तुम; रायण एक

हयंते, कहंच एवं असु मणत्ति ॥ १४५ ॥ अर्थः– गुरु कहे हे आर्य आ ग्ला ननी प्रति जागरणा सार सुद्धि केमनथी करतो तेवारे पाछो जबाब आपे जे तुं केम नथी करतो एम तर्कना करी बोले ते चोवीसमी. गुरुधर्म कथा कहे ते शु न्य चित्ते सांजले पण एम न कहेजे हे महाराज तमे जलो अर्थ कह्यो एवी श्ला घा न करे ते असुमण नामे. पचीसमी आसातना ॥ १४५ ॥

मूलः–एवं नो सरसि तुमं, एसो अत्थो न होइ एवंति; एवं कहमा छिंदिय, सयमे व कहेउ मारजई ॥ १४६ ॥ अर्थः–रत्नाधिके अर्थ केतेछते कहेके तमने बराबर अर्थकेतां आवडतुं नथी ए अर्थ एम नथी ते छवीसमी. एमज गुरु कथा केताहो य तेना व्याख्यानने छेदीने पोते आगलथी केवामांडे ते सतावीसमी. ॥ १४६ ॥

मूलः– तह परि संपिय जिंदइ, तह किंचि जणइ जहन्न सामिलई; ताए अ णुठियाए, गुरु जणिय सविछरं जणई ॥ १४७ ॥ अर्थः– तेम वली गुरु कथा क रता होय प्रमुदित परखदा सांजलतां छतां शिष्य एवुं कहे के जोजन वेला थई जिक्षावेला सूत्रपौरसीनी वेला थई छे पछी जिक्षा मलशे नही माटे हवे उठो इत्या दिक कहीने परखदा जंग करे ते अठावीसमी. तथा तेहीज परखदा उठ्यानी अ गाउ गुरुयेंजे अर्थ ते सजा आगल कह्योछे तेज अर्थ सविस्तरपणे पोतानुं माप ण बतावबाने सजाजनोने वारंवार कहे ते ओगणत्रीसमी. ॥ १४७ ॥

मूलः– सिज्जासंथारंवा, गुरुणो संघट्टउण पाएहिं; खामेइ न जो सेहो, एसा आसायणा होइ. ॥ १४८ ॥ अर्थः–सय्या ते शरीर प्रमाण संथारोते अढोहाथ प्र माण जे गुरु संबंधी छे तेने पग साथे संघटी फरसीने तथा गुरुना पगने पग ल गाडी पछी खमावे नही एवा शिष्यने त्रीसमी आशातना जाणवी. ॥ १४८ ॥

मूलः– गुरु सेज्जा संथारग, चिठण निसियण तुयट्टणेऽह वरा; गुरु उच्च स मासण चिठणाइ करिणेण दो चरिमा ॥ १४९ ॥ अर्थः– गुरु संबंधी सय्या सं थारकनेविषे चिठणके० उजो रहे अथवा निसियणके० बेसे तुयट्टणके० सुईरहे एवी रीते करतां शिष्यने एकत्रीसमी आशातना. अहके० हवे अवराके० बीजीक हेछे गुरु थकी उचाआसन उपर बेसे ते बत्रीसमी गुरुने बराबर सरखे आसने बेशे ते तेत्रीसमी आदिशब्द थकी निसीयण तुयट्टण करतानेपण ए चरम के० छेली बेहु आशातना बत्रीशमी तथा तेत्रीसमी जाणवी एटले ए एकवीस गाथायें करी तेत्रीस आशातना देखाडी. ॥ १४९ ॥

हवे वांदणाना बत्रीश दोष देखाडे छेः–तेमां प्रथम गाथाए सात, बीजी गाथा

वमे आव, त्रीजी गाथा वमे सात चोथी गाथा वडे सात अने ठेल्ली पांचमी गाथा ए करीने त्रण दोष; एवी रीते पांच गाथाए करीने बत्रीश दोष देखामे ठे, तेमां प्रथम नाम मात्र कहीने पढी अर्थ कहेशेः–

मूल अनु० अणाढियंच थद्धंच, पविद्धं परि पिंमयं; टोलगं अंकुसं चेव, तहा कछन रिंगिअं ॥ १४९ ॥ मबुवत्तं मणसापउठं तहय वेइया; नय सा चेव नयंतं, मित्ती गारव कारणं ॥ १५० ॥ तेणिअं पडिणियं चेव रुठं तज्जिय मेवय; सढंच हिलियं चेव तहा विप्पलियं चियं ॥ १५१ ॥ दिठ मदिठंच तहा, सिंगंच करमोयणं; आलिद्ध अमणा लिद्धं, ऊणं उत्तर चूलियं ॥ १५२ ॥ मूअंच ढड्ढरं चेव, चुमलिंच अपछिमं; बत्तीस दोस प्पसुद्धं किइ कम्मं पउज्जाए ॥१५३॥ अर्थः– पहेलो अणाढिय एटले अनादृत दोष, बीजो थद्ध एटले स्तब्ध दोष. त्रीजो पविद्ध एटले पविद्ध दोष. चोथो परिपिंमिय एटले परिपिंमित दोष. पांचमो टोलगइ एटले टोलगति दोष. ठठो अंकुस एटले अंकुश दोष. सातमो कछव एटले कछप दोष. आठमो मछुवत्त एटले मत्स्योद्वत दोष. नवमो मनसा प्रदुष्ट दोष. दशमो वेइया वद्ध एटले वेदिकाबद्ध दोष. एकादशमो नयसा एटले नय दोष. बारमो नयंत एटले नजंत दोष. तेरमो मित्ती एटले मैत्री दोष. चौदमो गारव एटले गर्व संबंधीदोष. पंदरमो कारण दोष. शोलमो तेणिय एटले स्तैन्य दोष. सत्तरमो पमिणिय एटले प्रत्यनीक दोष. अढारमो रुष्ट एटले रुठ दोष. ओगणीशमो तज्जित एटले तर्जित दोष. वीशमो सढं एटले सठ दोष. एकवीशमो हीलिय एटले हीलित दोष. बावीशमो विप्पलिय एटले परिकुंचित दोष. त्रेवीशमो दिठमदिठ एटले दृष्टादृष्ट दोष. चोवीशमो सिंघ एटले शृंग दोष. पचीशमो कर एटले करदोष. ठवीशमो मोचण एटले मोचन दोष. सत्तावीशमो आलिद्ध अमणालिद्धं एटले आश्लिष्टानाश्लिष्ट दोष. अठावीशमो ऊण एटले न्यून दोष. ओगणत्रीशमो उत्तर चूलिय एटले उत्तर चूलित दोष. त्रीशमो मूअ एटले मूक दोष. एकत्रीसमो ढढर एटले प्रश्न दोष. अने बत्रीशमो चूमलीअ एटले चूमलिकदोष. एवी रीते बत्रीश दोषनां नाम जाणी लेवां. ॥१४९॥ १५० ॥१५१॥ १५२ ॥१५३॥

हवे ए बत्रीश दोषनुं विस्तार सहित वर्णन करे ठेः–मूलः– आयर करणं आढा, तव्विवरीयं अणाढियं होइ; दव्वे नावे थद्धो, चोनंगो दव्वउ नइउ ॥ १५४ ॥ अर्थः– आदर विना वांदवुं, तेने अणाढा दोष कहेछे. आदर करवुं ते आढा, अने तेथी जे विपरीत एटले अनादर करवुं ते अणाढा कहिये एनेज अनाढत ना

मे प्रथम दोष कहे छे. बीजो स्तब्ध दोष छे, तेना द्रव्य अने जावरूप बे जेद छे एमां चतुर्जंगी छे. (१) कोइ द्रव्य वडे स्तब्ध होय छे, अने जावथी नथी होतो, (२) कोइ जावथी स्तब्ध होय ने द्रव्यथी नथी होतो, (३) कोइ जाव अने द्रव्य ए बन्नेथी स्तब्ध होय छे अने (४)कोइ जाव अने द्रव्य ए बन्ने करी स्तब्ध होतो नथी. तेमां जे उदर शूलादिक कारणथी नमी शके नही पण नमवानो जाव होय तो तेने श्रेष्ठ स्तब्ध कहवो. जे कोईपण कारण विना नमी शके तोपण स्तब्ध पणा थकीन मे नही तेने पाडूओ स्तब्ध कहे छे. उक्त चारे जांगामांना जे जावे अने द्रव्ये स्तब्ध न होय तेने उत्तम कहेवो. अने जे द्रव्ये तथा जावे स्तब्ध रहे ते महा पाडूओ जाणवो ए तात्पर्य छे. ॥ १५४ ॥

मूलः– पविद्ध मणु वयारं, जं अप्पिंतोणि जंतिउ होई; जछव तछव उज्ऊइ, कियं किच्चो वर वरंचेव. ॥ १५५ ॥ अर्थः– जे उपचार रहित होय तेने पविद्ध कहे छे. वांदणुं देता जे अनिमंत्रित एटले व्यवस्था रहित होय वांदणुं पूरुंकीधा विना नासी जाय. तेने त्रीजो पविद्ध दोष कहे छे. जेम जारुत प्राणोने कोई पण कामे लगाड्यो छतां धणीनुं काम बराबर थाओ के न थाओ पोतानुं ते जाडा पूरतुं लक्ष राखीने उपर पड्युं ते करवुं एम जाणीने गमे तेवी रीते अस्ताव्यस्त ते क्रिया मात्रने करी छुटो थायछे ते पविद्ध विषे जाणवुं. ॥ १५५ ॥

मूलः– संपिंमि एव वंदइ, परि पिंमिय वयण करणओ वावि.; टोलोव्व उप्फिमंतो, उस्सक्क अहिसक्कणे कुणए. ॥ १५६ ॥ अर्थः– संपिंमित एटले आचार्यादिकने एकठा वांदे अथवा प्रथम ज्यां बत्रीश दोषनां नाम कह्यां छे त्यां ए दोषनुं नाम परिपिंडित कह्युं छे तेनो अर्थ आवी रीते छेः– मुख थकी सूत्रोनां वचनो शिवाय बीजा वचन बोले अने पोताना हाथ अने पग स्थिर राखे नही ते संपिंमित नामे चोथो दोष समजवो. जेम तीम ए नामना वर्षाकालमां एक जातना पक्षी थाए छे ते पृथवी उपर स्थिर थई बेशता नथी, अंही तहीं कूदता फिरे छे तेम जे वांदणु देतां ज्यां त्यां आगो पाछो फख्या करे तेने पांचमो टोलक दोष कहे छे.

मूलः– उवगरणे हत्थंमिव, थितुं निवेसेइ अंकुसं बिंति; विअचिफरिंगणं जं, तं कछव रिंगियं जाण. ॥ १५७ ॥ अर्थः–जेम महंत हाथीने अंकुश वडे गमे तेम फेरवे छे तेम शिष्य गुरुने फेरवे एटले सूरि उजा होय के बेठा होय अथवा कोइ कार्य व्यग्रहमां होय तेने अवज्ञा वडे चोलपट अथवा कपडुं पकडीने आसन उपर बेसाडी वांदणुं करे तेने छठो अंकुश दोष कहे छे. वांदणुंदेतां काचबानी पठे आगलने

सांबो अथवा पाछले सांबो गमे त्यां स्वेच्छा वडे फिरवुं तेने सातमो कच्छप दोष कहे छे.

मूलः– उठिंत निवेसंतो, उव्वत्तइ मच्छ उव्व जल मज्झे; वंदिउ कामो वन्नं, उ सोव्व परियट्ट ए तुरिअं ॥ १५७ ॥ अर्थः– जेम पाणीमां माछलुं स्थिर रहे नही, तेम जे वांदणु करतां स्थिर रहे नही, जेम माछलुं घडीकमां बाहेर देखाय घडीक मां पाणीमां गेप थई जाय तेम जे वांदणुंकरतां उठता बेसतां त्रबकी मारे विचित्र चाला करे अथवा एकने वांदी बीजा आचार्यने वांदे तेने आठमो मच्छ दोष कहे छे.

मूलः–अप्प परि पत्तिएणं, मणप्पउ सोय वेइआ पणगं; तं पुण जाणू परि जा,णु हिठ्ठउ जाणु बाहिंवा ॥ १५८ ॥ अर्थः– पोताने अर्थे अथवा बीजाने अर्थे गुरुद्वाराए कांई कार्य सिद्धि न थवाथी तेनो मनमां द्वेष उत्पन्न थाय छे तेमां पोताने आचार्यादिके प्रद्वेप कह्यो ए आत्मअप्रीति इम शिष्यना संबंधीने पण कहेछते परअप्रीति एम इर्षालु थकोवांदे तेने नवमो मनप्रदुष्टदोष कहे छे.॥१५८॥

अवतरणः– वेदिकादोप पांच प्रकारे कहे छेः– मूलः– कुणइ करे जाणुंवा एगकरं उवइ कर जुअल मज्झे; उवछंगे करइ करे, भयंति निज्जूहणाईयं ॥ १५९ अर्थः–बेहु हाथ गूठण उपर मूकी १ अथवा बेउ हाथनी विचमा ढीचणराखे २ एक गुठण बे हाथनीवचे राखे ३ अथवा खोळामां हाथ राखवा ४ बेहु हातउत्संगे धरे ५ ए पांच प्रकारे वेदिकाबद्ध दशमो दोष जाणवो. अने जो हूं वांदणुं प्रमुख दईश नही तो आचार्य मने कहाडी मूकशे एवो जे भय तेने अग्यारमो भय दोष कहेछे

मूलः– भयइव भइ सत्तिवई, इवदइ एहो रयंतिवेसंतो; एमेवय मोत्तीए, गारव सिरका विणीउहं ॥ १६० ॥ अर्थः– बीजा मुनिओ भजे छे अनुवर्त्तेछे अथवा भजशे इत्यादिक देखीने हुं पण बीजानी पठे वांदणुं करुं तेने बारमो भजंत नामे दोष कहे छे. जोहुं आचार्यने वांदू तो मारी साथे आचार्यनी प्रीति थाए अने मित्राइ थाए वगैरे मित्रताना कारणथी जे वांदवुं तेने तेरमो मैत्री दोष कहे छे. मने लोको समाचारिमां पंडित कुशलविनीत जाणे एमज बीजासाधु पण जाणे एवा अभिप्राये जे वांदवुं तेने चौदमो गारव दोष कहे छे. ॥ १६० ॥

मूलः– नाणाइ तिगंमातुं, कारण मिह लोअ साहयं होइ; पूआ गारव हेऊ, नाणग्गहणे विए मेव. ॥ १६१ ॥ अर्थः– ज्ञानादिक त्रण मूकीने जे आलोक संबंधी सुखना साधनोनी प्राप्तिने अर्थे वांदणुं दिए एटले वस्त्र कांबल्यादिकनी इछा राखे तेने पंदरमु कारण वांदणुं कहे छे. आंही कोई आशंका करे के एकांत ज्ञानादिक आश्रयी वांदणुं देतां तेने कारण वांदणुं शावास्ते न कहिये ? तेनो उत्तर

जो पूजाना अभिप्रायथी गौरवनी अभिलाषा करे, अने जो ज्ञानना ग्रहणने अर्थे वांदे. उपलक्षणथी दर्शनादिक पण लेवां तो तेने पण कारण वांदणुंज कहिये.॥१६१॥

मूलः– हाउं परस्स दिठ्ठिं, वंदंते तेणियं हवइएयं; तेणोविव अप्पाणं, गूहइ उन्नावणामामे. ॥ १६२ ॥ अर्थः– बीजा साधुनी दृष्टिने चुकवीने वांदणुं करे एटले पोतामां अने साधु प्रमुखमां अंतरो राखीने पोताने छुपावे केमके, जो हुं घणाने देखतां वांदीश तो लाज थशे, अथवा मने बीजाथी लघु जाणशे ए कारण माटे पोताने गोप्य राखीने चोरनी पठे जे वांदे ते स्तैन्य नामनो शोलमो दोष.

मूलः–आहारस्स उ काले, नीहारस्साविहोइ पडिणीयं; रोसेण धमधमंतो, जो वंदइ रुठ मेयंतु. ॥१६३॥ अर्थः– आहारना कालनेविषे अथवा नीहारना कालनेविषे जे वांदणु दिये तेने सत्तरसुं प्रत्यनीक दोष. दोषे करीने धमधमतो थको अथवा गुरुने क्रोधायमान करतो थको जे वांदणुं करे तेने अडारमो रुष्ट दोष कहेछे.

मूलः– नवि कुप्पिसि न पसीयसि, कठसिवोचेवतज्जियं एयं; सीसंगुलिमाइहियं, तज्जेइ गुरुं पणिवयंतो. ॥१६४॥ अर्थः–गुरु कोप करता नथी तेम प्रसाद पण करता नथी, एटले घडेली जेम शिव देवनी कावनी पूतली विशेष तेनी पठे रहे छे अथवा मस्तके करी आंगलीए करी अथवा भृकुटीए करीने तर्जना करवी तेने उगणीशमो तर्जित दोष कहे छे. ॥ १६४ ॥

मूलः– वीसंभठाणमिणं, सप्भाव जढे सढंभवइएअं; कवडंति कइअ वंतिअ, सढयाविकहोति एगठा. ॥ १६५ ॥ अर्थः–ए वांदणु विश्वासनुं स्थानक छे केमके वांदतां छतां आचार्य तथा श्रावकादिक माहरो विश्वाश करशे. एवा भावे करी वांदे परंतु भलाभावेकरी शुन्यछे तेने वीशमो सठ दोष कहे छे एनेज कपट कैतव अने सठ ए त्रण नामे कहे छे. ॥ १६५ ॥

मूलः– गणिवायगजिठ्ठजत्ति, हीलीउं किं तुमे पणमिऊणं; दर वंदिअंमिविकहं, करेइ पलियं चियं एयं. ॥ १६६ ॥ अर्थः– हे गणिन्, हे वाचक, हे ज्येष्ठ हे आर्य इत्यादिक शब्दे करीने गुरुनी हीलना करेने कहे के सुं तने प्रणाम करियें एम कहीने जे वांदणुं करे तेने एकवीशमो हीलित-दोष कहे छे. थोडुंक वांदणुं कर्या छतां देशादि संबंधीनी विकथा करे तेने बावीशमो कुंचित दोष कहेछे.१६६

मूल.– अंतरिउंतमसेवा, न वंदई वंदई उदीसंतो; एयं दिठमदिठं, सिंगे पुण कुंभ पासेहिं. ॥१६७॥ अर्थः– अंतरित के० यती प्रमुखने अंतरे रह्यो थको अथवा अंधारानेविषे रह्यो थको कोई देखे नही त्यारे वांदे नही, अने कोईना देखतां

वांदे तेने त्रेवीशमो दृष्टा दृष्ट दोष कहे छे. मस्तकने सन्मुख टालीने मावी तथा जमणी ए बन्ने बाजु तरफ वांदणु दिए तेने चोवीशमो शृंग दोष कहे छे.॥१६७॥

मूलः— करमिवमन्नइदिंतो, वंदणयं आहरंति अकरोति; लोइय कराउ मुक्का, न मुच्चिमो वंदण कराउं. ॥ १६८ ॥ अर्थः— जेम राजादिकनो कर प्रजाने जरूर देवो पडे छे तेम वांदणा संबंधी अरिहंतनो कर पण शिष्योए देवो जोइये. एम जाणीने जे वांदणुं दिए तेने पचीशमो कर दोष कहे छे. ग्रहित व्रते करीने अमे लोक संबंधी करथी तो मुक्त थया छैए पण अर्हंत संबंधी वांदणा लक्षण करथी मुकाणा नथी एम जाणीने जे वांदणुं करे तेने छवीशमो मोचन दोष कहे छे.

मूलः— आलिद्ध मणालिद्धं, रयहरणसिरेहिं होइ चउभंगो; वयण खिरेहिंकणं, जहन्न काले वसेसेहिं. ॥ १६९ ॥ अर्थः— आश्लिष्ट अने अनाश्लिष्ट दोषनी रजोहरण ने मस्तक साथे चतुर्भंगी थाय. प्रथम रजोहरण साथे हाथ लगाडे माथे न लगाडे ए एक भांगो, बीजो मस्तके लगाडे पण उघे न लगाडे; त्रीजो मस्तके न लगाडेने रजोहरणे पण न लगाडे; चोथो रजोहरणे लगाडे अने मस्तके पण लगाडे ए सत्तावीशमो दोष समजवो. अक्षरोना समूहने वचन कहे छे. ते वचनमां प्रमादे करीने एक बे अक्षरो उछा कहे अथवा कोईक अति उतावलो प्रमादना वशे करीने वांदणुं थोडी वारमां पूरुं करे, त्यां वचनाक्षर तो रह्या पण शेष अवनामादिक ते आवश्यक पण उछा थाय तेने अठावीसमो न्यून दोष कहेछे.॥१६९॥

मूलः— दाऊण वंदणं मछएण वंदामि चूलिया एसा; मूअव्व सद्दरहिउं, जं वंदइ मूयगं तं तु. ॥ १७० ॥ अर्थः—वांदणुं दईने पछी मोटे सादे करी "मछएण वंदामि" कहे तेने उगणत्रीशमो चूलिकादोष कहेछे. मूअव्वके० मूगानी पठे मुखथकी शब्द कहाडयाविना जे वांदे तेने त्रीशमो मूक दोष कहेछे. ॥ १७० ॥

मूलः— ढड्डर सरेण जो पुण, सुत्तंघोसेइ ढड्डरं तमिह; चुडलिं विगिण्हिकणं, रयहरणं होइ चुडलिं तु. ॥ १७१ ॥ अर्थः— मोटा स्वरवडे जे वांदणानुं सूत्र घोषे उच्चार करे तेने एकत्रीशमो ढड्डर दोष कहेछे. अने उमाडनी पठे रजोहरण झालीने फरावतो छतां जे वांदणुं दिये तेने बत्रीशमो चुडलिक दोष कहेछे एवी रीते वांदणाना बत्रीश दोष कही बताव्या. ॥ १७१ ॥

हवे नियत अने अनियत ए बे प्रकारना वांदणाना स्थानक देखाडे छे. तेमां प्रथम आठ नियत स्थानक कहेछेः— मूलः—पडिकमणे सझाए, काउस्सग्गा वराह पाहुणए; आलोयण संवरणे, उत्तम छेय वंदणयं. ॥ १७२ ॥ अर्थः— प्रथम

पडिकमणे एटले अगुणस्थानकथी जे गुणस्थानकनेविषे आववुं तेनेविषे, बीजुं सज्झाए एटले वाचनादिकनेविषे, त्रीजुं काउसग्ग के० विगयना परिभोगने अर्थे आंबिल प्रमुखनुं विसर्जन थायछे तेनेविषे, चोथुं अपराध एटले गुरुसंबंधी विनयना उल्लंघननेविषे, पांचमुं पाहुणए एटले परोणानेविषे, तेपरोणा बे प्रकारनाछेः- एक सांभोगिक अने बीजा असांभोगिक छे. तेमां सांभोगिक एटले एक समाचारीना साधुनुं आगमन थयाथी तेने गुरुने पूछी वांदणुं देवुं. अने असांभोगिक एटले जुदी समाचारीनो साधु आवे तो पहेलां गुरुने वांदणुं दईने गुरुने पूछी वांदे. अने लहुडो होयतो वंदावे. छटुं आलोयण एटलेवांदणुं दईने आलोयणा लेवी. सातमुं संवरणे एटले जे एकासणादि पच्चरकाण घणा अगारे लीधा होय छे त्यां भोजन पछी आगार संक्षेपवाने अर्थें अथवा नोकारसी प्रमुख कीधा थका अजीर्णादि कारणे, अभक्तार्थे लेतांसंवर वांदणुं थाय आठमुं उत्तमार्थे एटले अनशनमांपण वांदणुंदेवुं. १४एतथा १५७ए बे गाथाओना आंक दबल मंडाणा तेथीइहां १७४

हवे वांदणाना छ अनियत स्थानक कहेछेः- मूलः-माण निय कम्म बंधण, आसायण करण पवयण खिसणया; भववुड्ढि अबोहीए, छ दोसा वंदणा करणे. ॥ १७५ ॥ अर्थः- (१) ज्यां मान होय, (२) नित्य कर्म बंधन थतुं होय, (३) आशातनानुं कृत्य होय, (४) प्रवचननी आज्ञानुं उल्लंघन होय, (५) भवनी वृद्धि थती होय (६) अने ज्यां अज्ञानी होय. ए छ स्थानके वंदना करवी नही. वंदन न करवाने अर्थे ए छ दोष कह्या छे माटेज ए अनियत स्थानक छे

एवी रीते चोवीश गाथाए करी वांदणाना दोष कह्या. आंही बीजो वांदणानो द्वार संपूर्ण थयो. हवे त्रीजो पडिकमणानो द्वार कहे छे.

अथ प्रतिक्रमण द्वार त्रितीय प्रारंभ.

तेना आरंभमां प्रथम प्रतिक्रमण शब्दनो व्युत्पत्ति अर्थ करे छेः-प्रतिए उपसर्ग प्रतिकूल अर्थनेविषे प्रवृत्तेछे क्रमशब्द पादना विक्षेपनेविषे प्रवृत्तेछे एनो भावः- प्रतीप-प्रतिकूल अथवा प्रतिक्रमण एटले पाछो फरवुं एवो समजवो अथवा पडिकमणंति पडिकमणो कहियें संयमरूप लक्षणवालुं जे पोतानुं स्थानक ते मुकीने बीजा असंयमरूप लक्षणवाला स्थानके जे जवुं तेने क्रमण कहे छे. अने ते असंयमरूप लक्षणवाला स्थानकथी पाछा पोताना संयमरूप लक्षणवाला स्थानके आववुं तेने प्रतिक्रमण कहेछे. यतः उक्तंः-"स्वस्थानात्यत्परं स्थानं, प्रमादस्य वशाद्गतः; तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते" ए श्लोकनो अर्थः- आवो छेः- जे पोताना

स्थानकथी पर एटले भिन्न स्थान छे, त्यां प्रमादने वश थइने गतः एटले जवायुं छतां फरी त्यांथी जे पोताना स्थानके पाछुं आववुं तेने प्रतिक्रमण कहेछे. हवे बीजी रीते अर्थ करे छेः- अथवा प्रतिकूल गमन जे क्षायोपशमिक भावथी औदयिक भावने विषे जवुं तेने पण प्रतिक्रमण कहे छे. तथापि तेनो अर्थ तेज छे प्रतिकूल गमनथी प्रतिशब्दनी सर्वत्र व्याप्ति जाणवी. उक्तंच प्रति प्रति प्रवर्त्तन अथवा शुभ फल जे मोक्ष फलदायकनेविषे निःशल्य यतिने ते प्रतिक्रमण कहियें. एवी रीते ए प्रतिक्रमण अतीत अनागत अने वर्त्तमान ए त्रणे कालविषयक जाणी लेवुं. अंहि शिष्य प्रश्न करे छे के, प्रतिक्रमण तो अतीत कालने विषेज युक्त छे एम कहेलुं छे. जेमकेः- "अईयं पडिकमामि, पडु पुन्नं संवरेमि, अणागयं पच्चक्खामीति" आवो प्रमाण छतां प्रतिक्रमणने त्रिकालविषयक केम प्रतिपादन करोछो तेनो गुरु उत्तर कहेछेः-अंही प्रतिक्रमण शब्दमात्र अशुभयोगथकी निवृत्ति जाणवी. यदुक्तं "मिछत्तिप्पडिक्कमणं, तहेव अस्संजमे पडिक्कमणं; कसायण पडिक्कमणं, जोगाणयं अप्प संथाणं." तेकारण माटे प्रतिक्रमण त्रणे कालनेविषे जाणी लेवुं. जेमके,पूर्वकृतपापनी निंदा करवी ते द्वारें अशुभयोगनो निवृत्तिरूप अतीत विषयनो प्रतिक्रमण जाणवो अने संवर द्वारें करी प्रत्युत्पन्न विषय एटले वर्त्तमान समये संवर कर्युंछे तेवर्त्तमान प्रतिक्रमण जाणवो अने प्रत्याख्यान द्वारे करी एटले पच्चक्खाण लेवो ते अशुभ योगनिवर्त्तन पच्चक्खाणे अनागत समयनो प्रतिक्रमण जाणवुं. इत्यादि ते प्रतिक्रमण दैवसिकादि भेदोएकरी पांचप्रकारे थाय छेः-दिवसना अंतनेविषे दैवसिक प्रतिक्रमण थायछे. रात्रना अंते रात्रिक प्रतिक्रमण, पक्षना अंते पाक्षीक प्रतिक्रमण, चार मासना अंते चातुर्मासिक प्रतिक्रमण; अने संवत्सरना अंते सांवत्सरिक प्रतिक्रमण थायछे. दैवसिक शब्दनी व्युत्पत्तितो दिवस संबंधिथाय कणि दैवसिक इत्यादि तेनेविषे स्थित नर पण बे प्रकारना छे. एक ध्रुव ने बीजा अध्रुव. तेमां भरत अने ऐरवत क्षेत्रोनेविषे प्रथम अने चरम तीर्थंकरना समये बन्नेकालें प्रतिक्रमण करवुं तेने ध्रुव कहियें. अने महाविदेह क्षेत्रनेविषे सदाकाल तथा भरतादिक दश क्षेत्रनेविषे मध्यना बावीश तीर्थंकरोना समये कोइ कारणने लीधे प्रतिक्रमण करवुं पण अन्यदा न करवुं ते अध्रुव कहेवाय छे. यदाहः- "सपडिक्कमणो धम्मे, पुरिमस्सय पच्छिमस्सय जिणस्स; मझमगाण जिणाणं, कारण जाए पडिक्कमणं." प्रतिक्रमण विधि आवी रीते छेः- पंच विहा

यार विशुद्ध हेउ मिह साहु सावगो वावि; पडिकमणं सहगुरुणा गुरुविराह कुण इ इक्कोवि." ते चिइवंदण इत्यादिके करी कहेछे:-

हवे प्रथम संध्याप्रतिक्रमण विधि देखाडे छे:- मूळ:-चिइ वंदण मुस्सग्गो, पुत्तिअपमिलेह वंदणा लोए; सुत्तं वंदण खामण, य वंदण चरित्त उस्सग्गो. ॥ १७३ दंसणु नाणोसग्गो, सुयदेवय खित्त देवयाणंच; पुत्तिअवंदण थुइ तिय, स क्कथयोत्त देवसिअं. ॥ १७८ ॥ अर्थः-तेमांप्रथम त्रसस्थावर प्राणीए करी रहित प्रेक्षित प्रमार्जित गमनेविषे इरियावही पडिकम्मीने, चैत्यवंदन विधान करवुं. पछे आचार्यादिकने खमाश्रमणादिक देइने देवसिक अतिचारना चिंतननेअर्थे काउसग्ग करे; पण काउसग्गमां बहु व्यापारवाळा साधु जेटले एक गुण देवसिक अतिचार चिंतवे, तेटले तेथी बमणा अतिचार अल्प हिंडक गुरु चिंतवे तेथी गुरु हळवेथी चिंतवे, त्यारपछी साधु गुरुनी समीपे काउसग्गनो उच्चार करे ते पालीने लोगस उज्जो यगरे नणीने पछीमुहपत्ती पडिलेहिवी; त्यार पछी वांदणो देवुं पछी आलोपति एटले आलोचन आलोववुं कायोत्सर्ग तथा चिंतित अतिचार गुरुने केवा पछी पडिकमण सूत्र नणवुं साधु ए पण पोते नणवुं अने श्रावकेपण पोते नणवुं त्यार पछी वांदणो आपवुं खामणेति एटले गुर्वादिकने खामणु करे ते प्रथम गुरुने खमावी पछी अनुक्रमे बीजा सर्वे मोटाओने खमाववुं ज्यारे पंचकादि गण होय त्यारे त्रीजो खामणु करवुं ते पंचकमां जे मोटो होय तेने खमाववुं एवी रीते प्रनातना प्रतिक्रमणनेविषे पण तदणुं वंदणयत्ति एटले वांदणु देवुं मूळमां (च) शब्द समुच्चय वाचीछे ए गुरुनो आश्रय करवाने अर्थे अलियावण नामनुवांदणु कहेछे पछी चारित्रातिचारनो काउसग्ग करवो. पछी दर्शन विशुद्धिनिमित्ते तथा ज्ञानातिचार शुद्धि निमित्ते काउसग्ग करवा; त्यार पछी श्रुत समृद्धि निमित्ते श्रुत देवतानो कायोत्सर्ग करवो. पछी स्तुति देवी अथवा बीजाए स्तुति देतां शांनळवी. त्यार पछी सर्व विघ्नोनुं निर्दलन करवाने अर्थे क्षेत्र देवतानो कायोत्सर्ग करवो. ते समये एक नमस्कारनुं चिंतवन करीने स्तुति देवी अथवा बीजाए स्तुति देतां शांनळवी. मूळमां चकार समुच्चय अर्थे छे. त्यार पछी नमस्कार करी बेशीने 'पुत्तियत्ति' एटले मुखपोतीका ए करी प्रत्युपेक्षण करवुं; त्यार पछी मंगळादि निमित्ते वांदणुं देवुं. त्यार पछी इछामो अणुसछि एम नणीने नीचे बेशी एक गुरुनी स्तुति नणतां छतां प्रवर्द्धमान स्वरे करीने प्रवर्द्धमान एटले श्री महावीर स्वामीनो त्रण स्तुतिओ नणवी. तदनुतर 'सक्कछयंति' एटले शक्रस्तव नणवुं, त्यार पछी 'थो

तंति ' एटले स्तोत्र नणवुं. त्यार पछी दिवसातिचारनी विशुद्धिने अर्थे कायोत्सर्ग करवो ते समये चार लोकस्य उद्योतकर कहेवां. एवुं गाथामां कह्युं नथी तो पण जाणी लेवुं ' देवसियंति ' एटले ए संध्या समये दैवसिक प्रतिक्रमण जाणवुं. एट ले बे गाथा वमे देवसी प्रतिक्रमणनी विधि कही. इति संध्या प्रतिक्रमण विधि.

हवे प्रनात प्रतिक्रमण विधि कहे ठेः– मूलः–मिछाउक्कड पणिवा, य दंडगं काउसग्ग तिअ करणं; पुत्तिअ वंदण आलो अ सुत्त वंदणय खामणयं. ॥१७७॥ वंदणयं गाहा तिअ, पाढो छम्मासि अस्स उस्सग्गो; पुत्तिअ वंदण नियमो, थुइ तिअ चिय वंदणा राउ ॥ १७८ ॥ इत्थवि पढमे चरणे, दंसण सुद्धीय बीय उ स्सग्गो; सुअ नाणस्स तईउ, नवरं चिंतेइ तिछइमं॥१७ए॥ तइय निसायइआरं, चिं तइ चरमंमि किंतवं काहं; छम्मासा एग दिणा, इहाणिजा पोरिसि नमोवा॥१८०॥

अर्थः– नूमिकाने मस्तक लगामी, आखी रात्रना अतिचारनो मिछामि डुक्क म दइने, प्रतीपाद दंमक नमोत्थुणं कहीने उस्सग्गतियके०काउस्सग त्रण करवा. पछी मुहपती पडिलेही, वांदणुं दइ, आलोअणुं आलोइ, प्रतिक्रमण संबंधी सूत्र गुणी, उना थइ, पछीबे वांदणा दइ, खामणुंकरी वली बे वांदणा दइ, "आयरिय उवज्का ए" इत्यादि त्रण गाथा कही पछी ठ मासी तप चिंतववा संबंधी काउसग्ग करवो. तेमां ठ मासी तपनी चिंतवना आवी रीते करवीः–श्री महावीरना तीर्थनेविषे उ त्कृष्टताथी ठ मासी तपवर्त्ते ठे. माटे हे जीव ए तप तूं करी शकशे के नही? एम पोताना अंतरमां चिंतवना करवी पछी जो ते तप पोताथी थइ शके नही तो वली चिंतवन करवुं के एक दिन ओठा ठ मासी तप थई शकशे? एम एक एक दिवस ओठो करतां ज्यारे ओगणत्रीश दिवश उंठा थई रहे त्यारे तेनो मास एक गणीने पांच मासी तपने विषे प्रथमनी पठे अंतर प्रश्न करवुं, पछी चोमासी, त्रीमासी, बेमासी अने एक मासी चिंतवना करवी. ते पण जो पोता थी बनी शकतुं होय नही तो तेमांथी एक एक दिवस उंठो करतां तेर दिवश उ ठा करीने वली चिंतववुं के हवे चोत्रीसम तप करी शकाशे के नही? ते पण जो ठरे नही तो बत्रीसम विषे चिंतववुं. एमयावत् पठी दशम, अठम, ठठ, चउछ, अने शेवट आंबिल सुधी आववुं. त्यार पठी निवी एकासणुं पोरिसीनी अवधिसुधी नी चिंतवना करवी. एम नवकारशी आदि जेटलुं करी शकाय ते पच्चरकाण मनमां चिंतववुं. अने ते नमो अरिहंताणं कहीने पालवुं. त्यार पठी मुहपती पडिलेही, बे वांदणा दईने, पच्चरकाण करवां. पठी थुअतिअ एटलेगोडलीए बेशीने गिलोई प्रसु

खचरे नही तेम अल्प स्वर वडे त्रण वर्द्धमान स्तुति कहेवी. अने चैत्यवंदन कर बुं. ए रात्रि प्रतिक्रमण विधि कही. इहां विशेषता दर्शावे छेः—इछविय के० आंही पण प्रथम चारित्र शुद्धिनो काउसग्ग करवो. बीजो दर्शननी शुद्धिनो काउसग्ग करवो. अने त्रीजो श्रुत ज्ञाननो काउसग्ग करवो. पछी आटली विशेष चिंतवना करवी एटले त्रीजा काउसग्गमां रात्रि संबंधी अतिचारनी चिंतवना करवी. एनुं कारण बतावे छे. " निद्दामत्तो न सरे, अइआरे काय घट्टणनोन्ने; किइ अकरण दोसावा, गोसाइ तिन्नि उस्सग्गा ॥ १ ॥" वली छेला काउसग्गमां पूर्वेनी परे मनमां चिंतवना करे. तेनो अनुक्रम पूर्वेनी परे जाणी लेवो. छमासी तपथी लई ने पोरसी नमस्कार सहितादि सुधी करवुं. इति प्रजात प्रतिक्रमणविधि समाप्त.

हवे पाक्षिक प्रतिक्रमणनी विधि कहे छेः— मूलः— मुहपोत्ती वंदयणं, संबुद्धा खामणं तहा लोए; वंदण पत्तेय खामणाणि खामणाय सुत्तंच.॥१८१॥ सुत्तंअप्रुट्ठा णं, उसग्गोपोत्ति वंदणं तहय; पज्जंत खामणाणिय एसविही परक पडिकमणे ॥ १८२ ॥ अर्थः—देवसी पडिकमणो परिक्रमणा सूत्र सीमा कह्या पछी देवसिअं आलोइयं, तं पडिक्कतं, इछाकारेण संदिसह जगवान पक्खिअ मुहपोत्तिं पडिलेहेमि " एम कही मुहपति पम्लिेही, बे वांदणा दई संबुद्ध शब्दे गीतार्थ कहेवो. ते संबंधी खामणो करी, आलोअणा अनंतरे बे वांदणादई, जेष्टानुक्रमे प्रत्येक साधुने खामणुं करवुं; पछी बे वांदणा दईने एक साधु ऊनो रहीने पाक्षिक सूत्र गुणावे ते थइ रह्या पछी बेशीने वली सुत्तंके० पडिकमणा सूत्र गुणीने अप्रुट्ठान एटले ऊठवुं. (ऊनो थईने पछी मूल गुण, उत्तर गुण विशुद्धि निमित्त काउसग्ग करीने पज्जंत खामणुं, तथा समाप्ति खमावणुं करवुं ए पाक्षिक प्रतिक्रमण विधि थई.॥१८२॥

हवे काउस्सग्गनेविषे लोगस्स श्लोक अने पदनी संख्या कहे छेः—मूलः—चत्तारि दोदुवालस, वीसं चत्ताय हुंति उज्जोया; देसिअ राइअ परकिअ, चाउम्मासेय वरि सेय. ॥१८३॥ अर्थः— चार लोगस्स, बे लोगस्स, बार लोगस्स वीस लोगस्स अ ने चालीश लोगस्स ए अनुक्रमे जे जे पम्किमणामां लोगस्स केवाय छे तेनो अनुक्रम आवी रीते जाणवो. देवसीय पडिकमण, रात्रि पडिकमण, पाखी पडि कमण, चउमासी पम्किमण, अने संवछरी पम्किमण. ॥ १८३ ॥

मूलः— पणवीस अद्ध तेरस, सिलोग पन्नतिरिय बोधवा; सयमेग पन्नवीसं, बे बावन्नाय वरिसम्मी. ॥ १८४ ॥ अर्थः— कहेला प्रत्येक प्रतिक्रमणमांना प्रत्येक लोगस्सना संख्यांकना केटला केटला श्लोको थाय छे ते अनुक्रमे कहे छेः—देवसि

प्रतिक्रमण संबंधी चार लोगस्सना पचीश श्लोक समजवा रात्रि प्रतिक्रमणसंबंधी बे लोगस्सना साडाबार श्लोक; पाखी पडिकमण संबंधी बार लोगस्सना पंचोतर श्लोक; चौमाशी पडिकमणासंबंधी वीस लोगसना सवासो श्लोक अने संवत्सरी प्रतिक्रमणसंबंधी चालीश लोगस्सना बेशोने बावन श्लोक जाणवा.॥१७४॥

मूलः— सायसयंगोसद्धं, तिन्नेवसया हवंति पक्खंमि; पंचसय चाउमासो, वरिसि पयछोत्तर सहस्सो. ॥ १७५ ॥ अर्थः— संध्या कालना पडिकमणा संबंधी चार लोगस्सना एकशो पद थाय छे. प्रभातना पडिकमण संबंधी बे लोगस्सना पचास पद थाय छे. पाखी पडिकमण संबंधी बार लोगस्सना त्रणशो पद थायछे. चोमासी पडिमण संबंधी वीश लोगसना पांचशो पद थाय छे. अने संवछर पडिमण संबंधी चालीश लोगस्सना एक हजारने आठ पद थायछे. ॥१७५॥

मूलः— देवसिअ चाउम्मासिअ, संवछरिएसु पडिकमण मज्झे; मुणिणो खामिझंति, तिन्नि तहा सत्त पंच कमा. ॥ १७६ ॥ अर्थः— देवसी प्रतिक्रमण अने रात्रि प्रतिक्रमण तेमज पाखी प्रतिक्रमणमांपण त्रण अने पांच खामणा देवानुं कह्युंछे. इहां आवश्यकनी चूर्णिमांपाखी पडिकमणाने अधिकारे कह्युंछे के, "जहन्नेणंतिन्नि, उक्कोसेणं सव्वोवि, चउमासे पांच, संवत्सरीये सात अने वृद्ध सामाचारियेतो देवसिक राइयइ तिन्नि, पाखीयइ पंच, चउमासाइ संवत्सरइ सत्त, एवी रीते पाखी सूत्रनी वृत्तिमां कह्युं छे एटले दिवशि अने रात्रीनेविषे त्रण अने पक्खे पांच तथा चउमासी अने संवछरे सात एवी रीते त्रीजो प्रतिक्रमण द्वार समाप्त थयो.

अथ पच्चरकाण द्वार चतुर्थ प्रारभ्यते.

मूलः—नावि अईयं कोडी सहियं नियंटियंच सागारं; विगयागारं परिमाणयंच निरवसेसमठमयं ॥ १७७ ॥ अनुष्टुप् छंद, संकेअंच तहहा पच्चरकाणंच दसमयं; संकेअं अध्दाहोइ, अद्धायं दसहा नवे ॥१७८॥ अर्थः— प्रथम पच्चरकाण शब्दनी व्युत्पत्तियुक्त अर्थ दर्शावेछेः— पच्चरकाण एटले प्रत्याख्यान. एशब्दमां त्रण पद छे एक प्रति बीजो आ अने त्रीजो आख्यान तेमां प्रति एटले अविरति स्वरूप प्रवृत्तिने प्रतिकूल पणे आ एटले आगार करवाने स्वरूपे मर्यादाए करीने आख्यान कहेतां कथन ते प्रत्याख्यान एवो अर्थ थाय छे ते आ ग्रंथना आरंभमां ज्यां सर्व द्वारोनां नाम कह्या छे त्यां ए द्वारनुं नाम लखतां एनो अर्थ पण कहेलोछे. ते प्रत्याख्यान बे प्रकारनुं छेः—मूल गुणरूप अने उत्तर गुणरूप. यतिने मूल गुण महाव्रतछे; श्रावकना मूल गुण अणुव्रत. यतिना उत्तर गुण पिंड विशुद्धयादि; अने श्रा

वकना उत्तर गुण शिक्षाव्रत छे. हिंसादिकनी निवृत्तिरूपे करी मूल गुणोनुं प्रत्या ख्यानत्व थायछे; प्रतिपक्ष निवृत्तिरूपे करी पिंडविशुद्ध्यादिक अने दिग्व्रतादि उत्तर गुणनुं प्रत्याख्यानत्व थाय छे. त्यां पोते करेला प्रत्याख्यान काळनेविषे विनय सहित सम्यक् उपयुक्त गुरु वचननो उच्चार करतां प्रत्याख्यान करेछे. ते प्रत्याख्याननेविषे चतुर्भंगी थायछेः– जेम के, पोते प्रत्याख्याननुं स्वरूप जाण तो छतां जाणनारा गुरुनीपाशे करेछे ए प्रथम भंग; गुरु जाणनारा होय अने पोते अजाण छतां गुरुनीपाशे करे ते द्वितीय भंग; शिष्य जाण होय अने गुरु अजाण छतां तेनी पासे करे ते तृतीय भंग; अने गुरु तथा शिष्य बन्ने अ जाण छतां गुरुनी पासे करे ते चतुर्थ भंग जाणवो. ए चार भंग पोताना मने कल्पीने कह्या नथी पण सिद्धांतनेविषे कहेला छे. यदाहः– "जाणगो जाणग सगासे जाणगो अजाणग सगासे अजाणगो जाणग सगासे अजाणगो अजाण ग सगासे इत्यादि." तेमां प्रथम भंग शुद्ध छे. केमके, बन्नेने जाणपणुं छे. बीजो भंग पण शुद्ध छे. केमके, गुरु जाणनार अने शिष्य अजाण छतां तेने संक्षेपेथी बोध करी प्रत्याख्यान करावे छे. अन्यथा अशुद्ध छे. त्रीजो भंग जो पण अशु द्ध छे, परंतु ए पण तथाविध गुरुनी अप्राप्ति छतां गुरुना बहु मानेकरी गुरुसंबं धी पिता, पितृव्य, बंधु, मामा, अने शिष्यादि बीजापण कोई साक्षी करीने ज्यारे प्रत्याख्यान करेछे त्यारे शुद्ध छे. चोथो भंग अशुद्धज छे. ॥ १८७ ॥ १८८ ॥

अ० उत्तर गुण प्रत्याख्यान प्रतिदिन उपयोगित्वेकरी कहेवाय छेः–ते पच्चक्खा णना दश प्रकार छे ते कहेछेः– पहेलो भावी पच्चक्खाण, बीजो अतीत पच्चक्खाण, त्रीजो कोटि सहित पच्चक्खाण, चोथो नियंत्रित पच्चक्खाण, पांचमो सागार पच्चक्खा ण, छठो विगतागार पच्चक्खाण, सातमो परिमाणकृत पच्चक्खाण, आठमो निर्विशेष पच्चक्खाण नवमो सांकेत पच्चक्खाण, अने दशमो अद्धा पच्चक्खाण छे. तेमां नवमो सांकेत पच्चक्खाण आठप्रकारे छे. अने दशमो अद्धा पच्चक्खाण दश प्रकारे छे.

मूलः– होही पज्जोसवणा, इतज न तवो हवेज कालंमे; गुरु गण गिलाण सिरकग, तवस्सि कज्जा उलत्तेण. ॥ १८९ ॥ इअ चिंतिअ पुव्वं जो, कुणइ तवंतं अणागयं बिंति; तमइक्कंतंते णे, व हेउणातव इजं उद्दं. ॥ १९० ॥ अर्थः– प्रथ म भावि पच्चक्खाणनुं वर्णन करे छेः– गुरु एटले आचार्यादि, गण एटले साधुनो समूह, ग्लान एटले रोगे करीने ग्रसित शिष्य, अव्यंजन जात एटले नाना चेलाउ अने तपस्वी एटले उत्कृष्ट तपना करनारा एउ संबंधी जे कार्य विश्रामणादिक था

य छे तेणे आकुल व्याप्त पणाथी मारुं मन व्याकुल थवाथी पर्युषणादिक पर्वना दिवशे अष्टम्यादिक तप जो थइ शकशे नही तो मने ए लाजनी हाणी थशे इयचिंति के० एवो चिंतवीने जे कोई ते पर्व आव्यानी पहेलांज ए तप करवा विषे गुरुनी पाशे पच्चरकाण लइने नावि शुन्न कार्यनी सिद्धि करी लेवाना हेतुथी जे तप करेछे तेने अनागत नावी तप तीर्थंकरादिक कहे छे. ए पहेलो नावी पच्चरकाण जाणवो. हवे बीजो अतीत पच्चरकाण देखाडे छेः— अनागत नावी तपनी पठे पूर्वोक्त कारणोने लीधे पर्युषणादि पर्वने दिवशे जो तप थइ शक्यो न होय तो ते पर्व गया पछी इछित तप करवो तेने अतिक्रांत अतीत तप कहे छे. ॥ १८९ ॥ १९० ॥

मूलः— गोसे अप्पत्तठं, जं काउ तं कुणइ बीअ गोसेवि; इअ कोडी डुगमिलणे, कोडी सहियंति नामेणं. ॥ १९१ ॥ अर्थः— हवे त्रीजा कोटि सहित पच्चरकाणनुं स्वरूप कहे छेः— प्रनातना समये अनक्तार्थ एटले उपवास करीने एमज आंबिल, नीवी, एकासणुं, अने एकलठाणो प्रमुख व्रत करीने वली बीजा दिवशमां प्रनातने समये गत दिवशनी पठेज व्रतनो आरंन करवो त्यारे गतदिवशना प्रनात समयथी व्रतनो आरंन थयो ने वर्त्तमान दिवशना प्रनात समयमां अंत थयो कहेवाय. ते पूर्व व्रतना अंतने समये पूर्वनी पठेज वली बीजा व्रतनो आरंन करवो एम एक पछी एक शृंखलाबद्ध एकनो आरंन अने बीजानो अंत एवा कोटिक्रम वडे जे तप करवो तेने कोटि सहित पच्चरखाण कहे छे. ॥ १९१ ॥

मूलः— हिठेण गिलाणेणव, अमुग तवो मुगदिणंमि नियमेण; कायव्वोत्ति निअंटिअ, पच्चरकाणं जिणाबिंति. ॥ १९२ ॥ अर्थः— नियंत्रित पच्चरकाण कहेछेः— हिठेण एटले निरोगता छते अथवा गिलाणेणके० सरोगीछते पण चिंतवेजे अमुक दिवशे अमुक छठ अठमादिक तप मारे जरुर करवो एवा नियमेण के० निश्चय वडे जे तप करवो तेने त्रिलोकनाजाण नगवंत नियंत्रितनामे चोथो पच्चरकाण कहेछे. १९२

अवतरणः—ए तप कया कालेहतो ते देखाडे छे. मूलः— चोद्दस पुव्विसु जिणकप्पिएसु पढमंमि चेव संघयणे; एवंवोछिन्नं चिय, थेरावि तया करे सीय. ॥ १९३ ॥ अर्थः— चौद पूर्वना धरनार अने जिनकल्पीनेविषे वली प्रथम वज्रऋषननाराच संघयणनेविषे एतप विछेद गयोपण ए तपने तेकाले स्थविरकल्पी करता हतां.

अवतरणः— सागार नामे तप अथवा पच्चरकाण कहे छे. मूलः— महत्तरयागाराइ, आगारेहिं जुअंतु सागारं; आगार विरहियं पुण, नणिय मणागार नामंतु. ॥ १९४ ॥ अर्थः— महत्तरागारेणं इत्यादिक आगारे करी सहित होय तेने सागार

तप अने ए आगारे करीरहित होय तेअनागार नामे तप· एवी रीते श्रीतीर्थंकर अने गणधरादिके कह्युंछे. ए पांचमो आगार ने छठो अनागारपच्चरकाण कहेवायछे.

आंही कोई आशंका करेके "अन्नछणा जोगेणं, सहसागारेणं" एमूकीने महत्त राादि आगारेकरी रहित अनागार कहेवानुं कारण शुं तेनो उत्तर आवी रीतेछेः—

मूलः— किंतु अणा जोगाइह, सहसागारेयडन्नि जणियव्वा; जेणतिणाइ खवि ज्ञा, मुहंमि निविविज्ञ वाकहवि ॥ १९५ ॥ इय कय आगारडुगपि, सेस आगार रहिअमणागारं; डुन्निक विति कंता,र गाढ रोगाइ एकुज्ञा ॥ १९६ ॥ अर्थः— अ नाजोग एटले जोला होय अथवा जेनी स्मरणशक्ति ओछी होय तेथी पच्चरकाण नुं स्मरण रहे नही. ते अने इहां सहसात्कारेकरी मुखमां तृणादि घाले, अथवा पोतानी मेले कांइ पदार्थी मुखमां पडे, तेनो शो उपाय थाय? इयकय के० ए कार णयकी ए बे आगार कह्या छतां पण अनागार कहेवायछे. ते अनागार कयां करवा ते कहेछेः— डुन्निक, एटले ज्यां डुकाल पड्यो होय अनेफिरतां पण वृत्ति मलती नहोय ते डुर्निक्ष अने वृत्तिकांतार ते वृत्तिकहेतां वर्त्तवुं एटले जेणेकरी शरीरनो निर्वाह चाले ते वृत्तिनिक्षा प्रमुख ते विषयक कांतार ज्यां होय तेने वृत्ति कांतार कहेछे. जेम अटवीमांनिक्षा मले नही. तेमज लिणवह्यादि गाममां अदाता ब्राह्मणो प्रमुख होय तेथी, अथवा शासनना द्वेषी होय तेना आकीर्ण पणाने लीधे निक्षा न मले ते ठेकाणे. वली कोइ मोटो रोग थयो होय ते मटाडवा शारू कांइ ग्रहण करवुं पडे आदि शब्दवरू कांतार ते केसरी सिंहनी आपदावडे करवुं पडे ते.

मूलः— दत्तीहिव कवलेहिव, घरेहिं जिरकाहिं अहव दवेहिं; जो जत्तपरिच्चायं करेइ परिमाणकम्मेअं ॥ १९७ ॥ अर्थः— दांतनी संख्याए करी कोलीआनी सं ख्याए करी अथवा घेरोनी संख्याथें करी संक्षेप निक्षा ते संसृष्टादिक तेणे करी, अथवा ड्व्यते दूध, उदन, मूग, प्रमुख तेणे करीने जे कोई शेष आहारनो परि त्याग करे, तेने परिमाण कृत सातमो पच्चरकाण कहे छे. ॥ १९७ ॥

मूलः—सवं असणं सवं, च पाणगं खाइमंपि सवंपि; वोसिरइ साइमंपिहु, सवं जं निरवसेसंतं. ॥१९८॥ अर्थः—असण शब्दनो अर्थ संस्कृतमां अशन थाय छे. ए शब्द अश् धातु मांथी थयो छे. ए धातु जोजनने अर्थें वर्त्ते छे. अश्यते एटले जे जमीए छैए ते अशन छे. पाणग शब्दनो संस्कृतमां पानक थाय छे. ए शब्दनी मू ल धातु पा छे. ते पीवानी क्रियाने अर्थें वपराय छे. तेनुं रूप पान थाय छे तेने करिये ते पानक. खाइमनो संस्कृतमां खादिम शब्द छे. एनी मूल धातु खाद् छे

खावाने अर्थे वपराय छे तेनुं रूप खादिम थाय छे अने स्वाद (ष्वर्द) ए धातु आस्वादने अर्थे वपराय छे तेनुरूप स्वादिम थायछे हवे समयज्ञाषार्थे जे निरुक्ति तेणे करीव्युत्पत्ति दर्शावे छे. आशु एटले उतावलपणे, नूखने उपशमावाने अर्थे अशन शब्द छे. प्राणेंद्रियादि दशने तृप्तिकार पणे वर्त्ते तेपान शब्दनो अर्थ जाणवो. ख शब्द आकाशवाची छे तेथी मुखना पोलाणने ते रूपे करी तेमां वस्तु खवाय छे तेने खादिम कहे छे. अने रसादिक स्वाद वडे स्वादयति स्वादरूपी गुणवालो जे पदार्थ तेने स्वादिम कहे छे. एवी रीते जे ए अर्थ देखाडयो ते यद्यपि एकार्थिक छे; तोपण जे तथाविध ज्ञानथी रहित बाल छे तेने सुखावबोधने अर्थे अने विवक्षित द्रव्यनी सुखे परिहरणादिने अर्थे एजेद कल्पना देखाडीछे. एवाउक्त प्रकारना अशनादिक सर्वेनुं जे वोसिरवुं तेने निरविशेप नामे आठमो पच्चरकाण कहेछे.

मूलः—केयंगिहंति सहते, ण जेउतेसिं इमंतिसाकेयं; अहवा केयं चिंधं, सकेयमे वाहु साकेयं ॥ १एए ॥ अर्थः—केत शब्दनो अर्थ घर थायछे तेणे करीने जे सहित होय ते ग्रहस्थ जाणवो ए साकेत अथवा केत शब्दनो अर्थ चिन्ह पण थायछे. एटले अंगुठादि चिन्ह प्रमुख सहित जे होय तेने साकेत सचिन्ह कहेछे.

अवतरणः—ए नवमो साकेत पच्चरकाण आठ प्रकारे थायछे ते कहेछे. मूलः—अंगुठि मुठि गंठि, घरसेउस्सास थिवुग जोइके; पच्चरकाण विचाले, किच्चमिण मजिग्गहे सुवियं ॥२००॥ अर्थः— अंगुठादि आठ पच्चरकाण एवी रीते करवा ते पच्चरकाणने विचाले थाय एटले कोइके पोरसि प्रमुख पच्चरकाण कीधो छतां ते पोरिसिनोकाल पूरो थइ रह्या पछी मनमां कल्पना थाय के मारे अमुक एक काम करवुं छे ते काम करीने पछी जमीश त्यांसुधी वली साकेतक पच्चरकाण करुं तो सारु एम विचारी पहेलो "अंगुठसहिअं पच्चरकामि" एटले ज्यांसुधी मूठमां आंगोठो राखुंछुं त्यांसुधी पच्चरकाणनी शीमाथइ. एमज बीजो मूठ बांधवी तेने मूठसहियंपच्चरकामी त्रीजो गांठ बांधवी ते गांठिसहियं पच्चरकामि चोथो घरसहियं पच्चखामि पांचमो सेउपरसेउ एटले आंगनो परसेवो ते ज्यांसुधी परसेवानो बिंदु नीकले त्यांसुधी ते सेउसहियंपच्चरकामि छठो श्वासोश्वास एटले उस्साससहियं पच्चरकामि. सातमो थिवुग एटले पाणीनो पपोटो ते सहित, एटले थिवुग सहियं पच्चरकामि; आठमो जोइ एटले दीवा प्रमुखनी ज्योति सहित, ते जोइ सहियं पच्चरकामि; ए आठ प्रकारनो नवमो साकेत पच्चरकाण कहेवायछे. ए पच्चरकाण जेम प

च्चरकाण विचाले थाय छे तेम अभिग्रहनेविषे पण थाय छे अने ज्यां सुधी गुरु मांमलीमां आवे नही त्यां लगे साधुने पण एपच्चरकाण थाय छे. ॥२००॥

हवे दशमो अद्धापच्चरकाण कहेछेः— मूलः— अद्धाकालो तस्सय, पमाण मद्धंतु जं नवे तमिह; अद्धा पच्चरकाणं, दसमंतु पुण इमं नणिअं॥२०१॥ अर्थः— अद्धा शब्द वडे काल जाणवो. तेनो जे प्रमाण मुहूर्त्त, प्रहर, प्रमुख उपचारथी जाणी लेवुं. एटले दशमो काल दर्शक अद्धा पच्चरकाण तीर्थंकर गणधरे कह्यो छे. ॥ २०१ ॥ ए पच्चरकाणनो चालना पूर्वक जघन्य कालमान कहेछे.

मूलः— अद्धा पच्चरकाणं, एयंतु जइ विनेव कालंतु; तह वि जहन्नो कालो, मुहुत्त मित्तो मुणेयवो ॥ २०२ ॥ अर्थः— अद्धा प्रत्याख्यान एयंतु के० ए यद्यपि कह्युं तथापि काल मान कह्यो नथी तोपण जघन्ये मुहूर्त्त मात्र जाणवो. ॥२०२॥

हवे अद्धा पच्चरकाणना दश नेद देखामे छेः— मूलः— नवकार पोरिसीए, पुरिमड्ढेकासणेगठाणेय; आयंबिल अनत्तट्ठे, चरिमेय अनिग्गहे विगई ॥ २०३ ॥

अर्थः— नवकारसी, पोरिसी, पुरिमड्ढ, एकासणो, एकलठाणो, आंबिल, उपवास, दिवसचरिम अथवा नवचरिम, अभिग्रह, अने विगइ, ए दश नामछे

हवे नोकारसी प्रमुख दश पच्चरकाणनी आगार संख्या कहे छेः— मूलः— दोचेव नमुक्कारो, आगारा छच पोरिसीएउ; सत्तेवय पुरिमड्ढे, एकासणगंमि अट्ठेव. ॥२०४॥ सत्तेगठाणस्सउ, अट्ठेवय अंबिलंमि आगारा; पंचेवय अनत्तट्ठे, छ प्पाणे चरिम चत्तारि. ॥ २०५ ॥ पंच चउरो अनिग्गहि, निव्वीए अठ नवय आगारा; अप्पाउरणे पंचउ, हवंति सेसेसु चत्तारि. ॥ २०६ ॥ अर्थः— प्रथम "नोकारसी नंगपरिहारार्थे" अन्नछणाभोगणं, अने सहसागारेणं, ए बे आगार जाणवा. "पोरसी नंगपरिहारार्थे" अन्नछणाभोगेणं, सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, अने सव्वसमाहिवत्तियागारेणं, ए छ आगार छे. साढ पोरसी नंगपरिहारार्थे पण एज छ आगार जाणी लेवा. पुरिमड्ढनेविषे उपलक्षणथी अवड्ढनेविषेपण पोरसी अथवा साढ पोरसी नंगपरिहारार्थे कहेला छ आगार लइने तेओमां महत्तरागार मेलवीने सात आगार समजी लेवा. एकासणा नंगपरिहारार्थे अन्नछणाभोगेणं, सहसागारेणं, सागारिआगारेणं, आउंटणपसारेणं, गुरु अभ्रुठाणेणं, पारिठावणीआगारेणं, महत्तरागारेणं, अने सव्वसमाहिवत्तिआगारेणं, ए आठ आगार छे. अने बेआसणा नंगपरिहारार्थे पण एज आठ आगार जाणवा. एकलठाणानंगपरिहारार्थे पण आउंटण पसारे

एं विना बाकीना सात आगार एकासणानीपठे जाणवा. आंबिल भंगपरिहारार्थें अन्नडणाभोगेणं, सहसागारेणं, लेवालेवेणं, गिहडसंसठेणं, उखित्तविवेगेणं, पारि ठावणीयागारेणं, महत्तरागारेणं, अने सव्वसमाहिवत्तियागारेणं ए आठ आगार ठे. उपवास भंगपरिहारार्थे अन्नडणाभोगेणं, सहसागारेणं, पारिठावणीयागारेणं, महत्तरागारेणं, अने सव्व समाहिवत्तियागारेणं, एपांच आगारठे. पाणीभंगपरिहारा र्थे, लेवेणवा, अलेवेणवा, अडेणवा, बहलेणवा, ससिडेणवा, अने असिडेणवा. ए ठ आगारठे. दिवस चरिम भंगपरिहारार्थें" अन्नडणा भोगेणं, सहसागारेणं, म हत्तरागारेणं, अने सव्वसमाहिवत्तियागारेणं ए चार आगारठे. वली भवचरिम भंगपरि हारार्थें महत्तरागार, तथा सव्वसमाहिवत्तियागार ए बन्नेनुं कांइ काम नथी एम जो ते जाणे तो अन्नडणाभोगेणं, अने सहसागारेणं ए बे ठतां पण ते निरागार ठे. अभिग्रह पच्चरकाण भंगपरिहारार्थें" दिवस चरिमनेविषे कहेला चार आगार जाणी लेवा. इव्य, क्षेत्र, काल, तथा भाव ए चार प्रकारे अभिग्रह थाय ठे तेने विषे पूर्वोक्त चार आगार कह्या ठे ते वली कोइक स्थले पांच पण कह्या ठे. नीवीनेविषे, आंबिल पच्चरकाणमां कहेला आठ आगार लइने तेमां पडुच्चमरिकएणं उमेरवो एटले नव थाय ठे. अने केटलाक आठ पण कहे ठे. नीवी शब्दनो व्यु त्पत्ति सहित अर्थ कहे ठेः— एनो मूल शब्द संस्कृतमां निर्विकृतिक ठे. एमां निः उपसर्ग ठे अने विकृतिक पदठे. निः उपसर्ग अभाव देखाडे ठे अने विकृतिक ए टले चित्तने विकार करणार. ते विकृति निर्गत थई एटले विकृति नही तेथी निर्वि कृतिसिद्ध थयुं. अथवा मूल संस्कृत शब्द निर्विगतिक ठे. एमां पण प्रथमनी पठे निःउपसर्ग अभाव वाची अने विगतिक शब्द वर्मे पाडुइ गतिनुं निर्गतन सिद्ध थाय ठे. एटले जे करवाथी प्राणीनी नरशी गति निवृत्त थाय ठे. माटे एनुं नाम निरविगति क कहिये एने आठ अने नव आगारनो कारण ते नवणी उगाहिम ए गाथायेकरी आगल कहेसे अप्रावरणाभिग्रहनेविषे पूर्वोक्त इव्यादि अभिग्रह पच्चरकाणमां कहेला चार आगार लईने अने तेओमां पांचमो चोलवट्टागारेणं ए आगार उमेरवो. ए आगार श्रावक प्रमुखना आववाथी चोल पटे लेतां पण भंग थाय नही. ए आगार कीजे त्यारे पांच आगार जाणवाअन्यथा शेष सर्व अभिग्रहनेविषे चार आगार जाणवा.

नीवी पच्चरकाणनेविषे आठ आगार पण कह्या ठे ने नव आगार पण कह्या ठे तेनुं कारण शुं? ते कहे ठेः— मूलः— नवणी ओगाहिमगे, अद्दव दहि पिसि अ घय गुडेचेव; नव आगाराएसिं, सेस दवाणंच अठेव. ॥ १०७ ॥ अर्थः—नव

नीत एटले माखण, ओगा ह्मिग कहेतांपकवान अद्दव दही एटले कढीण मद्दा दधि पिशित एटले मांस, घृत, तथा गोल प्रसिद्ध छे एटली नवनीतादि अद्दव विगयनेविषे नव आगारछे जेनो उक्खित्त एटले विवेक करी सकिये के जेनुं मूल कारण द्रव्य जुदुं छतां पछी परिणामथी रूपांतर थयुं छे अने ए विषयमां अद्रव्य कह्युं छे. एवा पदार्थनेविषे नव आगार थाय छे अने बाकी जेनो विवेक करी स कीयेनही तेनेविषे आठ आगार थाय छे. ॥ २०७ ॥

पूर्वे "सवं असणं सवं च पाणगं" ए गाथामां चार असनादि कह्या छे. तेउ नु विवेचन करीने देखाडे छेः— मूलः—असणं ओयण सत्तुग, मुग्ग जगाराइ खज्ज ग विहीय ; खीराइ सूरणाई मंमग प्पभिइ उविन्नेयं. ॥ २०८ ॥ अर्थः—अशन एट ले चावलादिक धान सघलुं समजवुं, सातु, मूग, प्रमुखनी जगाराइ एटले राब अ थवा पेज बनावे छे ते खज्जग विधि एटले खाजा, मांमा, मोदक, सुआली, घेवर, लापसी, अने साकली प्रमुख समस्त पकवाननी जाति जाणवी. अने क्षीर एटले दूध. आदि शब्द वडे दही, घृत, छास, तीमण रसालादिक मेवा जाणवा. वली सूरण प्रसिद्ध छे. आदि शब्दे आदु प्रमुख सगली वनस्पतिना सालणानो परिग्रह जाणवो. वली मांमा प्रभृति प्रभृतिना ग्रहणवमे रोटी कूलिर, इडर इत्यादि सम जी लेवा. ए सर्व पदार्थोने अशन जाणवो ॥ २०८ ॥

हवे पानक कहे छे. मूलः— पाणं सोवीरजवो, दगाइ चित्तं सुराइयं चेव; आ उक्काउ सव्वो, कक्कडगजलाइयंच तहा. ॥ २०९ ॥ अर्थः—पान एटले पानक पदा र्थ. सोवीर एटले कांजी, यवोदिकादि एटले यवादिक धाननोनुं धोवण. आदि शब्दे करी गोधूम, चोखा, तथा कोद्रवादिकनुं धोवणनो पाणी. चित्र एटले नाना प्रका रनो सुरादि संबंधी प्रवाही पदार्थ. अंही पण आदि शब्द वडे सरको लेवो. आ उक्काउ अपकायना जेटला भेद कह्या छे भोमंतरिक्ख इत्यादि समस्त जाणवा. तेम कक्कमग एटले काकडी खडबुजा प्रमुखमांथी जे पाणी नीकले छे ते जाणवुं. आदि शब्दवमे खजूर, द्राक्ष, नालीयर, प्रमुखनी आंबीलवाणी इत्यादि जाणवा. २०९

हवे खादिम कहे छेः— मूलः—भत्तोसं दंताई, खज्जूरगनालिकेर दरकाई ; कक्कड अंबड फणसा,इ बहुविहं खाइमं नेयं, ॥ २१० ॥ अर्थः—भक्तोष एटले भूजेला चणा, गोधुम, अने जव अने दंताई एटले दांतोने हितूछदात्य गुडादि आदिशब्दवमे चा रोली, खांम, अने शाकर एमज सर्व जातनी सुखडी अथवा दंतादि देशविशेषे प्रसिद्ध गुलें करी संस्कारयुक्त दंत पवनादिक तेमज नालियर, खजूर, द्राक्ष आदि

शब्दे अखोम वगेरे जाणवा. तेमज फल विशेष कक्कड एटले काकडी, आंबा, फणस, आदि शब्दे करी केला प्रमुख सर्व फल लेवा, एवी रीते बहु विहंके० अनेक प्रकारे खादिम जाणीलेवुं. ॥ २१० ॥

हवे स्वादिम कहे छेः— मूलः— दंतवणं तंबोलं, चित्तं तुलसी कुहेडगाईयं; महु पिप्पलि सुंगाई, अणेगहा साइमं नेयं. २११ अर्थः— दंतवणं एटले जेणेकरी दांतनी शुद्धि थाय छे एवी बावल प्रमुखनी दाल ते प्रसिद्ध छे. तांबोल एटले नागवेलिना पान अने शोपारी प्रमुख चित्रके० अनेक प्रकारना थायछे ते. तुलछी कुहेडक एक जातनुं फल विशेष आदि शब्दे करी जीरो; वरेआली, लेवा; महुके० मधु, पीपरी, सूठ आदि शब्द वडे गुल मरचां, अजमोद, हरमे, बहेडा अने आमला तथा जेकटु भांडादि सर्वे लेवा. एम अनेगहाके० अनेक प्रकारे स्वादिम पदार्थ जाणवा.

हवे असनादिमां जे विगइ जेमां आवे छे ते देखाडे छेः— मूलः— पाणम्मि सरइ विगई, खाइम पक्कन्न अंसउ नणिउ ; साइम गुलमहु विगई, सेसाउ सत्त असणंमि. २१२ अर्थः— पानक पदार्थोमां मदिराविगइ कह्युं छे. खादिमनेविषे पक्कन्न अंसउ के० पकवानांश विगइ कह्याछे. स्वादिमनेविषे मधु, अने गुलादिपदार्थ विगइ थाय ते. बाकी सात विगइ असणंमिके० धान्यमां जाणवा. नवरंके० एटलो विशेष जे सरउमह खादिमगुलनेविषे तलेला गुदरनो अवयव जाणवो. ॥ २१२ ॥

हवे छ प्रकारनी शुद्धि कहे छेः— मूल अनुष्टुप् छंदः— फासिअं पालिअं चेव सोहिअं तीरअं तहा; कित्तिअ माराहियं चेव, जइज्जा परि सम्मिउ. ॥ २१३ ॥ अर्थः— स्पर्श कर्युं. पाल्युं, शोध्युं, निश्चे तीर्युं, तेमज कीर्त्युं, आराध्युं, वली आदर कर्युं एवा पच्चख्खाणविषे विशेष जइज्जा के० यत्न करवो. ॥ २१३ ॥

एवा पच्चख्खाणने विषे नाम मात्र कहीने हवे गाथाए करीने व्याख्यान करेछेः

मूलः— उचिए काले विहिणा, पत्तंजं फासिअं तयं नणियं; तह पालिअं च असइ, सम्मं उवओग पडियरियं ॥२१४॥ अर्थ.—साधु अथवा श्रावकना पच्चख्खाणनो अर्थ कहेछेः— समस्त प्रकारे जाणतो छतां सूर्यउदय थयानी पहेलां पोतानी साखे चैत्यस्थापना चार्यनी समक्ष. पोताना विवक्षित पच्चखाणनो अंगीकार करीने पछी चारित्र पात्र गीतार्थ गुरुने समीपे विधि वडे कृतकर्म वांदणु करीने विनये करी रागादि रहित उपयुक्त थयो थको अंजली बंध करीने जीणे अवाजे गुरुना वचन पछे जेवारे उचरे तेने फासिअं कहेछे. तेमज पालित एटले असइ कहेतां वारंवार तेज पच्चखाणनो उपयोग चिंतवो. तेणेकरी सहित करीपालवो ते पालित जाणवो.

मूलः– गुरु दत्त सेस न्नोयण, सेवणयाएय सोहियं जाण; पुस्रेविथेवि काला वङ्घाणा तीरियं होइ. ॥ २१५ ॥ अर्थः– गुरुने पहेलां आपीने तेनो रहेलो शेष न्नोजन जे असनादि तेनुं सेवन करवुं एटले जमवुं. तेथी शोन्नित पच्चखाण कहे ने पुस्रेवि पोरिसी प्रमुख जे पच्चखाण कीधेलुं होय ते पूरुं थया पठी वली थो डाक कालसुधी अवस्थान रहेवुं तेने तीरित कहे ने. ॥ २१५ ॥

मूलः– न्नोयण काले अमुगं, पच्चखायंतु न्नुंज कित्तीयं; आराहियं पयारे, हि सम्ममे एहि निठविअं ॥ २१६ ॥ अर्थः– न्नोजन काल एटले जमवाना समये अमूक में आज पच्चरकाण कीधो ने. एवीरीते जमवानेकीर्त्तित कहे ने. अने जे स म्यक् एटले पूर्वोक्त प्रकारे करीने निष्टापणे पामड्यो तेने आराधित कहे ने.॥२१६॥

आगार कहतोथको हेतु देखाडे ने:–मूलः–वयन्नंगे गुरु दोसो, थेवस्स विपाल णा गुण करीय; गुरु लाघवं च नेयं, धम्मंमि अओय आगारा. ॥ २१७ ॥ अर्थः– व्रतन्नंग एटले नियमना विराधवाने विषे श्री न्नगवंतनी आज्ञानी विराध ना थवाने लीधे गुरु दोष एटले मोटा अशुन्न कर्म बंधादिरूप दूषण, थाय ने अने जो आज्ञासहित थोडा पण नियमनी अनुपालना एटले जे आराधना करतां तो ते गुणे करी विशुद्ध परिणामरूप पणाने लीधे कर्म निर्जरा लक्षण उपकारनी कर वावाली थाय ने कारण के ते विशुद्ध परिणाम स्वरूपत्वपणु ने माटे एवो थोडो व्रत पालवो पण न्नलुं ने चारित्र धर्मनेविषे अथवा उपवासादिक कीधे नते जो असमाधी उपजे, तो तेने औषधादिक देवाथीजे समाधि संपादान करवी तेविषयी निर्जरा लक्षण जे गुण तेगुरु एटले सार जाणवो अने जो औषधादि दइए नही तो लघुगुण थाय ते असार जाणवुं. जे एकांतनो आग्रह ने ते प्राणीने एकांत अवगुणनो करवावालो ने. अजयके०ए कारण माटे एआगार, पच्चरकाणनेविषे अवश्य करवा.

हवे विगइ देखाडे ने:– मूलः– डुद्धं दहि नवणीयं, घयं तहा तेल मेव गुम्म मज्जं; महु मंसं चेव तहा, उंगाहिमगं च विगईउ. ॥ २१८ ॥ अर्थः– दूध, दही, नवनीत एटले माखण, घृत, तेल, तेमज गोल, मदिरा, मधु, मांस, ओगा हिमग एटले पकवान, ए दश विगय जाणवा. ॥ २१८ ॥

विगयना न्नेद देखाडे ने:–मूलः–गोमहि सुठि पसूणं, ए लग खीराणि पंचचत्तारि; दहि माइयाइ जम्मा, उठीणं ताणनो हुंति. ॥२१९॥ अर्थः–गाइ, न्नेंस, सांढ, नाली, अने गाडर ए पांच पशुउनुं दूध विगइरूप जाणवुं. एमां दही, माखण, अने घृत एटलावाना चार जातना पशुउना दूधमांथी थाय ने, सांढना दूधमांथी नथी थतां.

मूलः– चत्तारि हुंति तेल्ला, तिल अयसि कुसुंभ सरीसवाणं च; विगईउ सेसा णं, फोलाईणं न विगईउ. ॥ २२० ॥ अर्थः– तिलनुं तेल, अलशीनुं तेल, कुशुंभानुं तेल, अने सरसवनुं तेल ए जातना तेलने विगईमां गणवां. अने बाकीना जे फोला के० महुडाना फलनुं तेल, आदि शब्दे करी नालीअरनुं तेल, एरंमीआनुं तेल, तथा कागुणी प्रमुखनुं तेल प्रमुख ते विगई थाय नही. ॥२२०॥ मूलः–दव गुड पिंम गुडादो, मज्जं पुण कठ पिठ निप्फन्नं; मछिल अपुत्ति अ नामर, नेयंच महुं तिहा होई ॥२२१॥ अर्थः– दवगुड एटले नरम गोल, अने पिंम गुड एटले कठण गोल, ए बे प्रकारना गोल; मद्य एटले मदिरा ते पण एक ताडप्रमुख काष्ठादिक पदार्थोथीथाय छे, तथा बीजो धान्यादिकथी थाय छे. तथा महोटी माखीनुं मधु, नानी माखीनुं मधु, तथा भ्रमरीनुं मधु, ए त्रण प्रकारनां मधु थाय छे. ए सर्व वस्तु विगयमां गणायछे. ॥२२१॥ मूलः– जल थल खहयर मंसं, चम्मं वस सोणियं तिभेयंच; आइल्ल तिन्नि चल चल, उगाहिमगंच विगईउं. ॥२२२॥ अर्थः– जलचर जे माछला प्रमुख छे तेनुं मांस, थलचर एटले सूवर, शशला, तथा हरिण प्रमुखनुं मांस, खेचर एटले तीतर, चीड, अने कूकडा प्रमुखनुं मांस, एवा त्रण भेदे कह्युं छे. अथवा चर्म, शोणित, अने वसा एत्रण सहित त्रण भेद मां सना थाय छे. अने आइल्लतिन्नि के० आदना त्रण घाणसीम उगाहिमग के० पकवान एटले जे कडाइ प्रमुखमां तलतां चल चल शब्द तलेलुं होय ते विगई छे उपरांत विगइ न थाय योगवाही नीवीपच्चखाणवालाने पण कल्पे अथवा एक पूडे संपूर्ण कडाइभरी थकी तेना उपर बीजो पूडोमूक्यो थको निविगईयो थाय परंतु जो सम्यक्प्रकारे जाणी जे के ए बीजो घणोके चोथो घाणो छे अने नवो घृत इहां नाख्यो नथी. इत्यादि जाणे तो कल्पे अन्यथा न कल्पे. ॥ २२२ ॥

दूध प्रमुख विगय जे छे ते जे रीते निर्विगयरूप थाय ते प्रकार देखाडे छेः– मूलः– खीर दही वियमाणं, चत्तारि अंगुलाइं संसठं; फाणिय तेल घयाणं, अंगुल मेगं तु संसठं ॥ २२३ ॥ अर्थः– दूध, दही, तथा वियड एटले मद्य एपदार्थोना ज्यांशुधी उदनादिक वालेथके चार आंगला चडे तेटले शुधी शीमा कही छे. अने तेने निर्विगइ जाणवुं ने जो तेथी वधारे चडे तो विगई थाय. फाणिय शब्द वमे नरम गोल, तेल, तथा घृत, ए जो उदन, तथा रोटी प्रमुख उपर एक आंगल प्रमाण शुधी तेल तथा घी चमे त्यांशुधी नीवीतो जाणवो अने उपरांत विगइ थाय. तेटला माटेज अंगुल मेगंतु संसठं एम कह्युं छे. ॥ २२३ ॥

मूलः– मद्दु पुग्गल रसयाणं, अद्धंगुलयं तु होइ संसट्ठं ; गुल पोग्गल नवणीए, अद्दामलयं तु संसट्ठं ॥ २२४ ॥ अर्थः– मधु मांस अने माखणनो रस एनो अर्द्ध आंगलानो प्रमाण कह्यो छे. तेटलुं लीधाथी निव्विगइ थाय अने उपरांत विगइ जाणवुं अने गोल पोग्गल के० मांस नवनीत एटले माखण, तथा अद्दामलके० खारी जालनुं मोर अथवा पीलु ए वस्तुउ जेटली निव्विगइ पदार्थोमां मले ते विगइ थायछे॥२२४॥

मूलः– विगई विगइगयाणिय. अणंतकायाण वज्जवत्थूणि; दस तीसं बत्तीसं, बावीस सुणेह वन्नेमि. ॥ २२५ ॥ अर्थः– विगई ए दश छे, अने विगइगत एटले विगयथी नीपना निर्विगइआ ते छ नक्ष्य विगयना त्रीशछे, अनंत काय बत्रीश छे, अने वर्ज्य वस्तु जे अनक्ष्य ते बावीश छे ए सर्व सविस्तर हुं कहुं छुं ते तमे शांनलो. ए गाथामां " सुणेह " ए आज्ञावाचक शब्द कहेवाथी जे पोतानी सांबे शांनलवाने नव्य जीवो आवे तेनेज धर्म शंनलाववो. अने बीजा जे सांनलवा न आवे तेने कहिये नही. यदुक्तंः–अणुवट्ठियस्स धम्मं, साहु कहिज्जाइ सुट्ठुविपिअस्स विडगयं होइ सुहं, विज्जा अग्गिं धमं तस्स; ए गाथामां अनुपस्थित एटले जे सांबे आव्यो नथी ते जाणवो. बाकीनो अर्थ सुलन्न छेः यतः सुच्चा जाणइ कल्लाणं, सुच्चा जाणइ पावगं; उनयं जाणई सुच्चा, जं छेयं तं समायरे" अर्थ सुगम जाणवो. २२५

हवे दश विगईनां विकृतिनेद कहेछेः– मूलः– डुद्द दहि तेल्ल नवणिय, घय, गुड मद्दु मंस मज्ज पक्कंच; पण चउ चउ चउ चउ डुग, तिग तिग डुग एग पडिनिन्नं ॥ २२६ ॥ अर्थः– दूध, दही, तेल, माखण, घी, गोल, मधु, मांस, मद्य, अने पकवान्न ए दश नाम विगयनां छे. एमां पांच दूधना, चार दहीना, चार तेलना, चार माखणना, चार घृतना, बे गोलना, त्रण मधुना, त्रण मांसना बे मद्यना, एक पकवान्ननो, एम एकेकना नेद थाय छे. ॥ २२६ ॥

विकृति गत निविगया देखाडे छेः– मूलः– दव्व हया विगइगयं, विगई पुण तेण तं हयं दव्वं; उद्धरिए तत्तंमिउ, उक्किट्ठ दव्वं इमं अन्ने ॥२२७॥ अर्थः–"द्रव्य एटले कलमशाली तंडुलादिक, तेणे करीने निर्विगय करेली जे क्षीरादिक; तेने "विगइ गयं" एटले विकृतिगत कहे छे. तेण के० ते कारण माटे चोखा प्रमुखवडे दूधप्रमुखनुं जे रूपांतर थाय छे ते द्रव्य कहेवाय पण विगई कहेवाय नही ए माटेज नीवीना पच्चरकाण करनारा जे छे तेने क्यां क्यां कांई कांई कल्पे छे. तेम वली " उद्धरिये " एटले रसोई करवाना गामडामांथी पूरी वगैरे जे तली कहाडीए छैए मतलब के बलगता चूलाउपर घी घालीने चडावेलुं गामडुं अग्नि वडे तप्त

थया पछी तेमां घहुं आदि धान्यनो लोट घाली तेनी जे रशोई थाय छे तेने उत्कृष्ट द्रव्य जाणवुं. एटले ते विकृतिगतज छे. इमं अन्ने के० एम कोइ बीजा केटलाक कहेछे अंही गीतार्थनो आवो अभिप्राय छे. के चूलाउपर चमावेला घृतादिकने नीचे ऊतारी तेमां घृत प्रमुख टाढो थया पछी तेमां जे कणिक प्रमुख घालीए ते वखते तथाविध पाकना अभाव होवाथी विकृतिगत कहेवाय अने चूला ऊपर तप्त थता घीमां घालीने सारी रीते जे पकववुं एटले परिपक्व थयला तेने विकृतिज कहे छे. ए गाथानुं व्याख्यान टीका कारें एवी उक्त रीतिए कह्युं छे अने पंमित जनोए विचार करीने व्याख्यान करी लेवुं. हवे कोई कहेशे के ए आचार्ये पोतानी मन कल्पना करी हशे? तेम न जाणवुं केमके सिद्धांतमां पण विकृति गतनुं स्वरूप एवी रीतेज कह्युं छे. यतः " आवस्सग चुन्नीए गाहा " एटले अवश्यक चूर्णिनेविषे परिभाषित छे. आंही ग्रंथनेविषे सामान्य द्वारे वर्णन कर्युं छे. अने विशेष द्वारे कहेवुं छे जे कुशल बुद्धिवान छे तेमना अर्थें पउंजियव्वंति एटले प्रयुंजवुं अर्थात् कारणनेविषे कहेवुं ए अभिप्राय जाणवो. आंही यद्यपि क्षीरादि प्रमुख साक्षात विगई नथी किंतु विकृतिगत कह्यां छे. अने ते नीवीताने पण कल्पे छे तथापि जे ए उत्कृष्ट द्रव्य जमताथकां जे संत जन छे तेना मनने पण विकार पमाडेछे अने जे ए नीवी कीधी छे तेने उत्कृष्ट निर्जरा पण प्राप्त थाय नही. माटे एवा द्रव्य न लेवां तेज सारुं छे अने जे विविध तप करवा थकी महाकृश थयो होय अने अनुष्ठान, सज्झाय, तथा अध्ययनादिक करी शकतो न होय तो उत्कृष्ट द्रव्य जमवुं तेने कांई दोष नथी अने कर्मनिर्जरा पण मोटी थाय छे. यदाहुः नवरं इह परि भोगो, निव्विगइयाणं पि कारणावेक्खो ॥ उक्कोस दव्वगहणे, नउं विसेसेण विन्नेओ ॥ १ ॥ आवन्न निव्विगइयस्स, असाहुणो जुज्जई परी भोगो ॥ इंदिय जय वुद्धीए, विगई चायं भिनो जुत्तो ॥ २ ॥ जो पुण विगई चायं, काऊणं खाइ निद्धमहुराई ॥ उक्कोसग दव्वाई, तुच्छ फले तस्स सोनेउ ॥ ३ ॥ दीसंति अ केइ इहं, पच्चक्खाएवि मंदधम्माणो ॥ कारणियं पडिसेवं, अकारणेणवि कुणमाणा ॥ ४ ॥ तिलमोयग तिलवट्टिं, वरिसोलग नालिकेर खंडाई ॥ अइ बहुल घोलखीरिं, घय पुप्फय वंजणाईय ॥ ५ ॥ घयबुम मंमगाई । दहि दुद्ध करंबनेह माईहिं ॥ कुल्लरि चूरिमपमुहं । अकारणेकेइ भुजंति ॥ ६ ॥ नयतंपि इहपमाणं । जहुत्तकारीण आगमन्नूणं ॥ जरजम्ममरण भीसण । भवन्नबुव्विग्गचित्ताणं ॥ ७ ॥ मोत्तुं जिणाणमाणं । जिआण बहु डुहदवग्गित वियाणं ॥ नहु अन्नोपमियारो । कोइ

इहं जव वणे जेण. ॥ ८ ॥ विगई परिणय धम्मो । मोहो जमुदिज्ज एउ दिन्नेय ॥ सुडुविचित्त जयपरो । कहं अकज्जे निविट्टिहिई ॥ ए ॥ दावानलमज्झगउ । कोत डुवस मढयाइ जलमाई ॥ संतेविनसेविज्जा । मोहानल दीवए उवमा ॥१०॥ विग ई विगई नीउ । विगइगयं जो न झुंजए साहू ॥ विगई विगइसहावा । विगई विगई बलानेई ॥११॥ ए गाथानो जावार्थ कहेछेः—विगतिनीत एटले नरकादिकथी नय पामेलो छे, एवो जे साधु ते विगई एटले क्षीरादिक, तथा विगईगय एटले क्षीरान्नादिक जमे तो डुर्गतिनेविषे जाय जे कारण माटे जीवते विगईनी इछा राखतो छतां पण नरकादिकने पामे. आंही हेतु कहे छेः— विगई ते मनोविकार करणार जाणवुं.

हवे छ जक्ष्य विगइना विकृतगत निवीता त्रीश कहेछेः— मूलः—अहपेया डुद्ध ठी, डुद्ध वलेहीय डुद्ध साडीअ; पंचय विगइ गयाइं, डुद्धंमी खीरसहियाइं २२८ अर्थः— कांजीमां दूध जेलीए तेने पेया कहेछे. बीजुं डुद्धठी, त्रीजुं दूध अवलेही चोथुं डुद्ध साटिका, पांचमुं चावलसहित दूध एटले क्षीर. ए पांच दूधना विकृ तिगत नीविता कहेवाय छे. ॥ २२८ ॥ मूलः— अंबिलजुअंमि डुद्धे, डुद्धठी द क्खमीसरद्धंमी; पयसाडी तह तंडुल, चुन्नय सिद्धंमि अवलेही. ॥२२ए॥ अर्थः—खा टी छाश सहित जे दूध तेने डुद्धठी कहेछे. द्राक्ष सहित दूधने पयसाडी कहेछे. चोखानो आटो नाखीने रांधेला दूधने अवलेही कहेछेः—ए दूधना नीवीता जाणवा. ॥२२ए॥

हवे दहीना पांच नीवीयाता कहेछेः— मूलः— दहिए विगइगयाइं, घोलवडा घोल सिहरिणि करंबो; लवण कण दहि य महियं, संगरिगा इम्मि अप्पडिए ॥ ॥ २३० ॥ अर्थः— १ दहीने घोळीने तेमां वडां घालवा, २ दही घोळीने वस्त्रमां थी गालीए, ३ दही हाथथी मथी तेमां खांम नाखीए, अथवा कपडामां दही बांधीने तेमांथी पाणी क़हाडीने तेमां खांम अथवा शाकर जेलीए, तेने शीखरणी अथवा श्रीखंम कहे छे. दही अने चोखा एकठा करीए तेने करंबो कहेछे. लु ण नाखीने दही घोळीए सांगरी प्रमुख न पडे तो नीवीता जाणवा ए पांच दही ना नीवीयाता जाणवा. ॥ २३० ॥

हवे घीना नीवीयाता कहे छेः— मूलः— पक्कघयं घयकिट्टी, पक्कोसहि उव रि तरिय सप्पिंच; निप्भंजण वीसंदण, गाइ घयविगइ विगइगया. ॥ २३१ ॥ अर्थः— एक औषधे करीने पकावलो जे घी तेने पक्कघृत कहेछे. बीजो घृतनी कीटी जे मल थाय छे ते, त्रीजो जे घीमां कोइ औषधि पक्कवी होय तेने पक्कौष धि घृत कहे छे. घृतनी उपरनी तरीनुं जे घी ते. चोथो लहिगटा ते उपरलो घृत

निर्भंजण; पांचमो दहीनी तरीमां गहुनो आटो नाखीए ते वीसंदण एवी रीते घीना पांच निवियाता जाणवा. ॥ २३१ ॥

तेलना नीवीयाता पांच कहेछेः— मूलः— तिल्लमलं तिलकुट्टी, दड्ढं तिल्लं तिहो सहोव्हरियं; लक्काइ दव्व पक्कं, तिल्लं तेलंमि पंचेव. ॥२३२॥ अर्थः— तेलनी मली, तिलवट्टी, बलेलुं तेल, ओसह एटले उपरली तरी, अने लाक्कादिक द्रव्य थी पाकेलुं जे तेल ते. ए पांच तेलना नीवीयाता जाणवा. ॥ २३२ ॥

गोल विगइना नीवीयाता पांच कहेछेः— मूलः— अद्ध कढिय इक्कुरसो, गुल पाणीयंच सक्करारवंम; पाय गुडं गुलविगइ, विगइगयाइं तु पंचेव. ॥ २३३ ॥ अर्थः— अरधो काढेलो शेरडीनो रस, गोलनी राब, शाकर, फूलखांम, अने गोलनी पाति ए पांच गोल विगइना नीवीयाता जाणवा. ॥ २३३ ॥

मूलः— जेणेगेणंतवउ, पूरिज्जइ पूयगेण तव्वीउ; अख वियनेहो पच्चइ, जईस नेहोइ तेविगई. ॥ २३४ ॥ अर्थः— जो एक खाजा वडे कडाइ नराइ गइ होय तो ते थकी बीजो खाजो नीवीयातो थाय छे. तेमां मात्र बीजुं घी नाखवुं न जोये. एटले तेज घृतवडे पकावीए तो ते पेहेलो नीवीयातो थाय छे. ॥ २३४ ॥

मूल.— एगं एगस्सुवरिं, तिन्नो वरि बीयगंच जं पक्कं; तुप्पेणं तेणं चिय, तइ अं गुलहाणियापन्नइ. ॥ २३५ ॥ अर्थः— एकनी उपर एक नाखीए एम त्रण घाणा उपर तेज घीमां जे बीजो पकावीए ते बीजो निवीयातो कहीए. अने गुल धाणी प्रमुखनो त्रीजो निवियातो जाणवो. ॥ २३५ ॥

मूलः— चोत्थं जलेण सिद्धा, लप्पसिया पंचमंतु पूयलिया; चोप्पडियतावियाए, परिपक्क तीस मिलिएसु. ॥ २३६ ॥ अर्थः— पाणीमां रांधेली जे लापसी ते चोथो नीवीयातो जाणवो. नीवीयाते चोपडी कहाडेला तावडानी उपर पूडा धारमी प्रमुख करे ते पांचमो नीवीयातो जाणवो. एवी रीते छ ए विगइना पांच पांच नीवीयाता थाय छे. ते सर्व मलीने त्रीश थाय. एम आवश्यक चूर्णीमां कह्युं छे.॥२३६

मूलः— आवस्सय चुण्णीए, परिणिणिअं इत्थवसि अं कहियं; कहियवं कुसलाणं, पउंजियवं तु कारणिए. ॥ २३७ ॥ अर्थः— आवश्यकनी चूर्णीमां पण समस्तपणे कह्युं छे. अत्रे सामान्यताथी वर्णन कर्युं छे. पंमित लोकोने कोइ कारणने लीधे प्रयुंजवुं कहेतां लेवुं योग्य छे. ॥ २३७ ॥

हवे बत्रीश अनंतकाय कहे छेः— मूलः— सव्वाहु कंदजाई, सूरण कंदोय वज्ज कंदोय; अल्ल हलिदा य तहा, अल्लं तह अल्ल कच्चूरो. ॥ २३८ ॥ सत्तावरी विरा

ली, कुमारि तह थोहरी गिलोईय; ल्हसणं वंस करिल्ला, गज्जर तह लोणउ लो ढो. ॥ २३९ ॥ गिरिकन्नि किसल पत्ता, खीरसुआ थेग अल्ल मुत्थाय; तह लो ण रुक्क छल्ली, खिल्लुडो अमयवल्लीय. ॥ २४० ॥ मूला तह जूमिरुहा, विरुहा तह ढक्क वत्थुलो पढमो; सूअरवल्लो य तहा, पल्लंको कोमलंबिलिया ॥२४१॥ आलू तह पिंमालू, हवंति एए अणंतनामेहिं; अन्न मणंतं नेयं, लरकण जुत्ती य समयाउ. ॥२४२॥ अर्थः— सव्वाहु कंदजाइ के० निश्चेयकी १ सर्व कंदनीजाति अनंत कायकादिक जे छे ते. २ सूरणकंद ३ वज्रकंद ४ अल्लहलिद्दाके० नी लीहलिद् तेमज ५ अल्ल के० नीलोआदु ६ अल्लकचूरो के० नीलोकचूरो ७ सता वरीप्रसिद्ध ८ विरालीलताविशेष ए कुंआरी १० थोहरि ११ गिलोइ एटले गुलवेल १२ लसण १३ वंस संबंधीनी कारेली १४ गाजर तेमज १५ लोणउके० साजी वृक्ष. १६ लोढो लोढक ते पद्मनी कंद वनस्पति विशेष १७ गिरिकन्नि एटले गि रिकर्णिका वल्लि विशेष तेना किसलय पत्ता के० कुपलपान ते नवुनिकलतुं कोम ल पान १८ खीरसुकंद अने १९ थेगकंद ए बे कंदविशेषछे. २० अल्लमुत्थाय के० नीलीमोथ तेमज २१ लोण वृक्षनी छाल २२ खिल्लुडो कंदविशेष. २३ अमृत वे ली तथा २४ मूला ए प्रसिद्ध छे तेमज २५ जूमिरूहा के० जूमि फोडा तथा २६ विरुहा प्रसिद्ध द्विदलधान जेने अंकुर आव्या होय ते तेमवली २७ ढक्क वत्थुलो के० ढाक ते वनस्पति शाकविशेष पहेलो उगे ते २८ सूकरवाल देश प्रसिद्ध. ते मज २९ पालंकोते शाकविशेष ३० कोमलंबिलिआ के० काची आंबली जेमां ठडीउं थयुं न होय ते ३१ आलु अने ३२ पिंमालु ए बे कंदविशेष प्रसिद्ध छे एटली व नस्पति संबंधी वस्तु अनंत काय कही छे ते आर्यदेशमां प्रसिद्ध छे. तेम बीजी पण अनंतकाय वस्तुनां लक्षणोनी युक्तिये करी सहित थकां सिद्धांत थकी जाण वा ॥ २३८ ॥ २३९ ॥ २४० ॥ २४१ ॥ २४२ ॥

वली केटलाएक अनंतकाय देखाडीने तेना लक्षण समयोक्त देखाडे छेः—मूलः— घोसाड करीरंकुर, तिंडुअ अइकोमलंबगाईणि; वरुण वड निंबगाइण, अंकू राई अणंताई ॥ २४३ ॥ अर्थः— घोषातकी अने करीर ए बे वनस्पतिना अंकुरो थाय छे. तेने अनंतकाय कहे छे अने तिंदुक ते वृक्षना अतिकोमल फल, जेमां गुटली बंधाणी न होय एवा आंबा प्रमुख तथा वरुण जातनो वृक्षविशेष, तथा वडनुं झाड, अने निंबादि जातना वृक्षना अंकुर ते सर्व अनंतकाय जाणवा.

मूलः— गूढ सिर संधि पव्वं, समजंग महीरगं च छिन्नरुहं; साहारणं सरीरं,

तव्विवरीयंच पत्तेयं. ॥ २४४ ॥ अर्थः— जेनी नेसो तथा सांध अने पर्व के० गां ठ ते गूढ के० गुप्त होय पण जाण्यामां न आवे जे समभंग के० भांग्या थकाथ रखा भांगे अहीरगके० जेने छेदता तांतुआ थाय नही अने छिन्नरुहं के० जे छे द्या थका पाछा वावीये तो उगी आवे ते साधारण शरीर, अने जे ए लक्षणोथी विपरीत होय ते प्रत्येक वनस्पति जाणवी. ॥ २४४ ॥

मूलः— चक्कं व भज्जमाण, स्स जस्स गंठी हवेज्ज चुन्न घणो; तं पुढविस रिस भेयं, अणंतजीवं वियाणाहि. ॥ २४५ ॥ अर्थः— जे भांगतां थकां कुंभारना चकला जेवा देखाय, जेनी गांठमां चूर्ण घणुं थाय, जेनो पृथवीनी पठे भेद थाय, ए सरवने अनंतकाय जाणवी. ॥ २४५ ॥

मूलः— गूढ सिरागंपत्तं, सक्षीरं जंच होइ निक्षीरं; जंपिअ पयावसंधिं, अणंत जीवं वियाणाहि. ॥२४६॥ अर्थः— जेनी नेसो देखाती न होय, एवा पांदडां जेमां क्षीर होय, अथवा जे क्षीररहित होय, जेनी सांधमां उष्णता घणी होय, अथवा सर्व प्रकारे जेनो सांधो दीठामां आवे नही, एवी वनस्पतिने अनंतकाय जाणवी.

हवे बावीश अभक्ष्य कहे छेः— मूलः— पंचुंबरि चउ विगई, हिम विस करगे य सव्वमट्टीय; रयणीभोयणगं चिय, बहुबीय अणंत संधाणा ॥ २४७ ॥ अर्थः— पांच उंबर एटले वड वृक्षना फल, पीपलाना फल, पीपरीनां फल, उंबर फल, अने कोटिंबडी ए पांच. तेमज चउके० चार मद्यादिक विगइ एटले मदिरा, माख ण, मध, अने मांस ए चार मली नव थया. दशमुं हिम, अग्यारमो वछनागादिक विषनी जाति, बारमुं करगा, तेरमुं सर्व जातनी माटी, चोदमुं रात्रिभोजन, पंद रमुं पंपोटक केवल बीजमय दाडिम खस खस प्रमुख बहुबीज, जाणवा. शोल मुं सगला अनंतकाय. सत्तरमुं संधाणा के० सर्व जातनु अथाणुं. ॥२४७॥

मूलः— घोलवडा वायंगण, अमुणिय नामाणि पुप्फ फलयाणि; तुच्छफलं चलियरसं, वज्जह वज्जाणि बावीसं. ॥ २४८ ॥ अर्थः— अढारमुं घोलवडा एट ले काचा घोलमां नाखेला वडा, ओगणीशमुं रींगणा, वीशमुं जेना नाम जाणता न होये एवां फूल तथा फल, एकवीसमुं तुच्छफल के० असारफल ते अतिकाचा फल महुडा जांबु मुगनी फरी इत्यादि. अने बावीशमुं शडेलुं अन्न जेनुंरस चला यमान थयुं होय एवो कुत्सितअन्न कालातिक्रांत सुखडी प्रमुख जाणवी. वज्जाणि के० वर्जवा योग्य बावीसं के० ए बावीस अभक्ष्य छे. तेने तुमे वज्जह के० वर्जो एटले त्याग करो. इतिश्री पच्चरकाण द्वार चतुर्थ समाप्त ॥ २४८ ॥

हवे पांचमो उत्सर्ग काउसग्गनो द्वार कहे छेः—

प्रथम शब्दार्थ करे छेः— स्थान, मौन, ध्यान, अने क्रियाना अव्यतिरेक पणे उसासादि बोल टालीने काय एटले शरीर, तेनो उत्सर्ग एटले जे त्याग, तेने कायोत्सर्ग कहे छे. तेना बे प्रकार छेः— तेमां एक गमनागमनादि चेष्टाए करी इरियावही प्रमुखने पडिकमवा समये. बीजो अभिनव एटले देवतादि कोइ उपसर्गादि पराभव करे तेवारे ते उपसर्गने जीतवाने अर्थे काउसग्ग करवो.

हवे प्रथम काउसग्गना उगणीस दोष कहे छेः— मूलः— घोडग लयाय खंभे कुड्डे मालेय सबरि बहु नियले; लंबुत्तर थण उद्धी, संजइ खलिणेय वायस कविठे. ॥२४५॥ सीसो कंपिअ मूइ, अंगुल भमुहाइ वारुणी पेहा; एए काउसग्गे, हवंति दोसा इगुणवीसं.॥२५०॥ ए पूर्वोक्त उगणीसदोषनो अर्थ गाथाए करी वखाणे छे.

मूलः— असोव्व विसम पायं, आउंटा वित्तु गइ उस्सग्गो; कंपइ काउस्सग्गे, लयव्वखर पवण संगेण. ॥२५१॥ अर्थः—घोडानी परे एक पग लगारेक वांकुं राखीने जे काउसग्ग करवुं तेने प्रथम घोडक नामनो दोष कहे छे. कठोर पवनना योगे जेम वेली हाल्या करे तेम काउस्सग्गमां कंपायमान थवुं तेने बीजोलता दोष कहेछे.

मूलः— खंभेवा कुड्डेवा, आवठंभीअ कुणइ उसगंतु; मालेअ उत्तमंगं, अववंभिअ कुणइ उस्सग्गं ॥२५२॥ अर्थः—थांभलाने अथवा कुड्डेके०भीतने आधारे उभा रहीने जे काउस्सग्ग करवुं तेने त्रीजो स्तंभदोष कहे छे उपरनो माल अथवा चांदना प्रमुखने उत्तमंगं जे माथुं ते टेकीने काउस्सग्ग करवुं तेने चोथो माल दोष कहे छे.

मूलः— सबरी वसण विरहिया, करेइ सागारिअं जहठवेइ; ठविऊण गुज्झदेसं, करेहि इअ कुणइ उस्सग्गं. २५३ ॥ अर्थः—जेम भीलडी वस्त्र रहित छतां पोताना गुह्य अंग हाथे करीने ढांके छे तेमज बन्ने हाथो गुह्य देशविषे राखीने जे काउस्सग्ग करवुं तेने पांचमो सबरी दोष कहे छे. ॥ २५३ ॥

मूलः— उवणामि उत्तमंगं, काउस्सग्गं जहा कुलवहुव्व; निअलिअउ विव चरणे, विछारिय अहव मेलविउं ॥ २५४ ॥ अर्थः— जेम सारा कुलनीवहु नीचु माथुं करीने रहे छे तेम मस्तक नमावीने जे काउस्सग्ग करवुं, तेने छठो वधू दोष कहे छे. जेम कोइ पुरुषना पगमां बेडी घाली होय तेना जोगे ते पोताना पग एकठा मेलवीने अथवा पसारीने रहे छे तेवीरीते जे काउस्सग्ग करवुं, तेने सातमो निगडित दोष कहे छे. ॥ २५४ ॥

मूलः— काऊण चोल पट्टं, अविहीए नाहिमंडलस्सुवरिं; हेठाय जाणुमि

त्तं, चिठ्ठइ लंबुत्तरुस्सग्गं. ॥ २५५ ॥ अर्थः— चोलवटो नाभी करतां उंचो बांध्या थी नीचे गूठणो सुधी जांग ढाकी रहे छे. एवी अमर्यादावडे जे काउस्सग्ग कर वुं तेने आठमो लंबोत्तर दोष कहे छे.॥ २५५ ॥

मूलः—पच्छाऊणय थणे, चोलगपट्टेण ठाइ उस्सग्गं; दंसाइ रक्कणठा, अहवा णाभोग दोसेण. ॥२५६॥ अर्थः—दंस मसकादिकना भयेकरी एटले काउसग्ग क रतां मछर के माख कोइ करडे नही माटे अथवा अनाभोगे करी पोताना स्तन चोलपटादिके ढाकीने जे काउस्सग्ग करवुं, तेने नवमो स्तनदोष कहे छे. ॥२५६॥

मूलः— मेलित्तु पण्हियाओ, चरणे विछारि ऊण बाहिरउ; काउस्सग्गं एसो, बाहिर उद्धी मुणेयव्वो. ॥ २५७ ॥ अंगुठे मेलविउं, विछारिय पण्हियाउ बाहिंतु; काउस्सग्गं एसो, भणिओ अप्भिंतरुद्धित्ति.॥ २५८ ॥ अर्थः— पगनी बन्ने पेनी मे लवीने तथा आगला बन्ने पगनां फण मोकला राखीने जे काउस्सग्ग करवुं तेने बाह्य शकट दोष कहेछे, अने बन्ने पगना आगला फण साथे मेलवीने तथा पाछली पेनी मोकली राखीने जे काउस्सग्ग करवुं तेने अभ्यंतर दशमो शकटोध्विकदोष कहेछे.

मूलः— कप्पंवा पट्टंवा, पाउणियं संजइव्व उस्सग्गं; ठायइ खलिणं च जहा, रयहरणं अग्गओ काउं. ॥ २५९ ॥ अर्थः— कपडो ते पछेडी अथवा चोलवटो पहेरीने महासतीनी परे जे काउस्सग्ग करवुं तेने अग्यारमो संयति दोष कहे छे. जेम घोडाना चोकडानी लगाम हाथमां झालीने स्वार स्थित रहे छे तेम र जोहरण अने ओघो आगल करीने जे काउस्सग्ग करवुं तेने बारमो खलिन दोष कहेछे. अथवा कोईक आ दोषनुं वर्णन आवी रीते करे छेः— जेम घणुं हां क्याथी चोकडाए करी पीडा पामेलो घोडो स्थिर न रहेतां वारंवार माथुं उंचुं नीचुं कर्यां करे, तेनी पठे जे काउस्सग्ग करवुं तेने खलिन दोष कहे छे. ॥२५९॥

मूलः— भामेइ तहा दिठिं, चल चित्तो वायसोव्व उस्सग्गे; छप्पइ आण भए णं, कुणइअ पट्टं कविठंव. ॥ २६० ॥ अर्थः— जेम कागडो पोतानी दृष्टि स्थिर न राखतां प्रत्येक क्षणमां दशे दिशा तरफ नजर फेरव्या करे छे तेम जे काउ स्सग्ग करतां दृष्टि स्थिर न राखतां गमे त्यां नजर फेरव्या करवी तेने तेरमोवायस दोष कहे छे. चोलवट जमीनने लागशे तो जूआदिक भराइ जशे तेना भयथी संकेलीने को ठना फलनी पठे काउस्सग्ग करवुं तेने कोठ नामे चौदमो दोष जाणवो. ॥२६०॥

मूलः—सीसं पकंपमाणो, जक्काइठोव कुणइ उस्सग्गं; मूअव्व हूहु अंतो, तहेव छि ज्ञंत माएसु. ॥२६१॥ अर्थः— जेम कोइने भूत वलग्युं होय अथवा कोइ यक्षनी

ठाया पडी होय तेथी ते माथुं हलावीने धूणे तेवी रीते मस्तक धूणावतो ठतां काउसग्ग करवुं तेने पंदरमुं शीर्षोत्कंपित दोष कहे ठे. बोबडानी पठे अव्यक्त हुं हुं शब्द करवुं, अथवा जेम कोइ वनस्पति प्रमुखने कापतां जेम हुंकार शब्द करे तेनी पठे काउसग्ग करवुं तेने सोळमुं मूक दोष कहे ठे. ॥ २६१ ॥

मूलः— अंगुलि नमुहाओविअ, चालंतो कुणइ तहय उस्सग्गं; आलावग गणणाए, संठवणडंच जोगाणं. ॥२६२॥ अर्थः—काउसग्गना आलावा गणवाशारु आंगुलीना चाळा करे योग जे व्यापारांतर तेने संस्थापन ते निरूपण करवा सारु नृकुटी चलावता अने चकार शब्दथी आंखना पांपणआगळ पाछळ फरावतां का उस्सग्ग करवुं, तेने सत्तरमो अंगुली नमुहा दोष कहेठे. ॥ २६२ ॥

मूलः— काउस्सग्गंमि विठे, सुरा जहा बुडबुडेइ अव्वत्तं; अणुपेहंतो तह वा नरोव चालेइ उठपुडं ॥ २६३ ॥ अर्थः— जेम मदिरा बुडबुडाट करे तेम नम स्कारादिकनी चिंतवना करतो ठतां अव्यक्त बुडबुड करवुं तेने अढारमो वारुणी दोष कहे ठे. अने तेवी रीतेज नमस्कारादि चिंतवतां वांदरानी पठे होठ पुट चला वतां रहेवुं तेने ठगणीशमो प्रेष्य दोष कहे ठे. एवी रीते ठगणीश दोष काउस्सग्ग ना कह्या ठे तेमां स्तंन अने कुड्य ए बे दोष कोई जुदा माने ठे तेमज अंगुली अने नमुहा ए बे जुदा दोष मानीए तो एक वीश दोष थाय. ॥ २६३ ॥

मूलः— ए ए काउस्सग्गं, कुणमाणेण विबुहेण दोसाउं; सम्मं परिहरियव्वा, जिण पडिसिद्धत्ति काऊणं. ॥ २६४ ॥ अर्थः— पूर्वोक्त कायोत्सर्ग करतां पंमितें सम्यक् प्रकारे आ कहेला दोषोनो त्याग करवो. एवी रीते श्री वीतरागे एनो निषेध कह्यो ठे. एवुं जाण्या ठतां पण “ अगिणीउ ढिंदिज्जव ” इत्यादि कारणे चालतां दोष नही. ॥२६४॥ एवी रीते दूषणमात्रने कहीने पांचमो काउस्सग्ग द्वार कह्यो. हवेगृहस्थने पमिकमवाना बारव्रतना एकशोनेचोवीश अतिचारोनो ठगो द्वार कहेठेः—

मूलः— पण संलेहण पन्नर,स कम्म नाणाइ अठ पत्तेअं; बारस तव विरि अ तिअं, पण सम्म वयाइं पत्तेयं. ॥२६५॥ अर्थः—संलेषणाना पांच अतिचार, क र्मादानना पंदर अतिचार, ज्ञानना आठ अतिचार, दर्शनना आठ अतिचार, चा रित्रना आठ अतिचार, तपना बार अतिचार, वीर्यना त्रण अतिचार, सम्यक्त्व ना पांच अतिचार अने प्रत्येक व्रतना पांच पांच अतिचार प्रमाणे बार व्रतना साठ अतिचार मळी सर्व एकशो ने चोवीश अतिचार थकी पमिकमवो. ॥२६५॥

एवी रीते द्वार गाथा कहीने एज द्वारनुं विस्तारथी वर्णन करतां जेवी रीते

सूत्रमां उद्देश कीधो छे तेज क्रम लईने प्रथम संलेषणाना पांच अतिचार कहेछे

मूलः– इह परलोगासंसा, पउग मरणंच जीवियासंसा; कामे भोगे य तहा, मरणंते पंच अइआरा. ॥ २६६ ॥ अर्थः– प्रथम इहलोकाशंसा, द्वितीय पर लोकाशंसा, तृतीय मरणाशंसा, चतुर्थ जीविताशंसा, अने पांचमी कामभोगा शंसा ए पांच अतिचार संलेषणानेविषे कह्याछे. एटले श्रीजिनशासननेविषे जे जे क्रियाउनो कलाप थाय छे ते सघलो आशंसा विना करवो जोये. जेमके, "आशं सया विनिर्मुक्तो, नुष्ठानं सर्वमाचरेत्; मोक्षे भवेच सर्वत्र, निस्पृहोमुनि सत्तमः॥१॥ एनो अर्थः–जे प्राणी आशंसाने मूकीने सर्व अनुष्ठानने आचरे छे अने जेने मो क्षनी अने संसारनी तेमज बधा पदार्थोनी इछा नथी तेने मुनिउमां श्रेष्ट कहिये.

पहेली इहलोकाशंसा एटले मनुष्यने अन्य मनुष्यना भवनी जे वांछा थवी ते इहलोकाशंसा अने तेनो प्रयोग ते आवी रीते जेम के, आ अणसणने प्रमाणे आवता भवनेविषे हुं राजा अथवा धनवान श्रेष्ट थाउं इत्यादि जे प्रार्थना करवी तेने इहलोकाशंसा प्रयोग कहिये ए प्रथम इह लोकाशंसातिचार कहिये.

एवी रीतेज मनुष्यना भवनेविषे उक्त युक्तियुक्त जे सुंदर देवांगना स्त्रीओ छे, तेओना नेत्र कमल वडे पान करेलुं जेमनुं देदीप्यमान लावण्य तद्रूप जे पुण्य तेज जेने अमृत छे एवा इंद्रादि देवता थवानी जे प्रार्थना करवी तेने बीजो पर लोकाशंसा नामे अतिचार कहेछे.

अणसण व्रत धारण कर्युं छतां कोई गामडीआ प्रांतने लीधे तेनी बीजा पुरु षो घणी पूजा अथवा प्रशंसा करे नही अथवा शरीरमां कोई गाढ रोगनी पीडा थी अंतःकरणमां खेदने पामीने हवे जलदी मृत्यु आवे तो सारुं थाय एवी जे प्रार्थना करवी तेने त्रीजो मरणाशंसा नामनो अतिचार कहेछे.

कर्पूर, कस्तुरी, चंदन, वस्त्र, गंध, पुष्प, इत्यादि पूजा सामग्रीना पदार्थो देखी तथा नाना प्रकारना धोल तथा रासा प्रमुख गीतो गवाता सांभलीने अथवा ए शेठ मोटा परिवारवालो छे तेथी माणशो घणा आवे छे, माटे ए धन्य छे, ए पु न्यवान छे तेथी श्लाघा करवा योग्य छे एवी पोतानी प्रशंसा सांभलीने पोताना मनमां जाणे के शासननी प्रभावना मारा उद्देशथी वृद्धिने पामे छे तेथी जो हुं घणुं जीवुं तो शारुं एवी जे प्रार्थना करवी तेने चोथो जीविताशंसा नामनो अतिचार कहेछे.

आवता जन्ममां मने काम भोगनी प्राप्ति थाय तो सारुं एवी अणसण ली

धा छतां जे प्रार्थना करवी तेने पांचमो कामजोगाशंसा नामनो अतिचार कहेछे. काम शब्दे शब्द, स्पर्श, रूप, रस, अने गंध, जाणवा. ॥ २६६ ॥

एवी रीते अणसण व्रत धारण कर्या पछी मरणना समये जो उपर कहेला पांच अतिचार होय तो तेनुं प्रतिक्रमण करवुं. आलोवणा लेवी.

हवे कर्मादानना पंदर अतिचारनी व्याख्या करे छेः– मूलः– जाडी फोडी साडी, वण अंगारस्सरूव कम्माइं; वाणिज्जाणिय विस लख्क दंत रस केस विसयाणि ॥ २६७ ॥ दव दाण जंत वाहण, निल्लंछण असइ पोस सहियाणि; सज लासय सोसाणिय, कम्माइ हवंति पन्नरस. ॥ २६७ ॥ अर्थः– पोताना गाडा बलद तथा उंटेकरी बीजानुं जाडुं करे, अथवा बीजा कोईने जाडे आपे तेने प्रथम जाटक कर्मातिचार कहे छे. हडेकरी जूमि खणाववी, पाषाणो तोडवां, तलावो अथवा कुवा खणाववा, लूण प्रमुख जेटली पृथ्वीकायवस्तुउ छे ते खणी कढ्हाडवी, अथवा यव, घहू मूग अने सरसव प्रमुख धान्यनुं वेचवुं, अथवा सातु तथा आटा प्रमुख आजीविकाने अर्थे करे अथवा करावे, तेने बीजो स्फोटककर्मातिचार कहेछे. गाडां पइडा अथवा पावर प्रमुख करावीने वेचे वेचावे तेना अंग संग्रह आजीवीकाने निमित्ते जे करे तेने त्रीजो शकट कर्मातिचार कहे छे. फूल, फल, पत्र, पुष्प अने कंदादिक उत्पन्न करवां अथवा कराववां अथवा एवी जेटली वस्तुउ वनमां उत्पन्न थती होय तेउनो व्यापार करवो अथवा कराववो अथवा वन छेदाववुं तेने चोथो वनकर्म अतिचार कहे छे. अंगार एटले अग्निनी जठी प्रमुखमां पकावीने सिद्ध करेली हरेक व्यापारोपयोगी वस्तु जेवी के, कुंजार लोहार सोनार कंसार तथा चणा प्रमुखनो सेकवो इत्यादिक अग्निकायने समारंजे जे आजीविका करवी तेने पांचमो अंगार कर्मातिचार कहे छे. ए पांच प्रकारना कर्मातिचार कह्या हवे एना जेवा बीजा पांच प्रकारना कुवाणिज्यातिचार कहे छे. तेओमां प्रथम विषवाणिज्य एटले विष अफीण वछनाग, अने शोमल प्रमुख जे वस्तुनो थोडो जाग खाधाथी प्राणनी हाणी थाए, अथवा लोहना सर्व हथीआर जेवा के तरवार, कटारी, कमान, सरकसी, अने कुदाल प्रमुख जेथी अनेक जीवोनी हाणी थाय तेवा मालनो क्रय विक्रय करवो तेने छठो विषवाणिज्यातिचार कहे छे. लाख, धाडी, गुली, मणशील, हरीआल, अने तुरी प्रमुख जे वस्तुउमांथी रंग उत्पन्न थाय छे ते वस्तुनो क्रय विक्रय करवो तेने सातमो लाक्ष वाणिज्यातिचार कहे छे. दांत, नख, चर्म, शंख, कोडा शीप अने क

सूरी प्रमुख बीजा पण एवा जे पदार्थों होए तेनो जे क्रय विक्रय करवो तेने आठमो दंत वाणिज्यातिचार कहे छे. मधु, मद्य, माखण, मांस, दूध, घृत, तेल, प्रमुख जेटली रसरूप वस्तुउ छे तेना क्रय विक्रयने नवमो रसवाणिज्यातिचार कहे छे. मनुष्य, दास, दासी, घोमा, हाथी, उंठ, बोकमा, बलद अने गाय प्रमुख पोतानी आजीविकाने अर्थे लईने जे वेचवां तेने दशमो केशवाणिज्य कर्मातिचार कहे छे केटलाएक वनमां आग लगाडवामां पुण्य जाणिने ते कर्म करे छे अथवा जुना तृणादिक बाली नाखीये तो बीजा नवा थशे इत्यादिक अनिप्रायथी जे वनमां आग लगाडवी तेने अग्यारमो दवदान कर्मातिचार कहे छे. शेरमी, तल, सरसव, अने अलसी प्रमुख वस्तुउने यंत्रमां पीलवी, तेने बारमो यंत्र पीलन कर्मातिचार कहे छे. कान कापवां, नाक विंधवां, गाय अथवा बलद प्रमुखने मांज देवा, अने गल, कंबल, तथा पूछ प्रमुख अवयवोमांना कोई अवयवने कापी नाखवुं, तेने तेरमो निर्लंछन कर्मातिचार कहे छे. मार्जार,मोर, कूकड, कुतरा, सारही अने सूडा प्रमुख डुष्ट पक्षीउने अथवा डुराचार दास दासी प्रमुखनुं जे पोषण करवुं तेने चौदमो असती पोषणकर्मातिचार कहे छे. अने पाणीथी नरेलो सरोवर, इह, अथवा तलाव प्रमुख जलस्थानकोनुं शोषण करवुं के जेथी घणा जीवोनो क्षय थाय तेने पंदरमो जलाशय शोषणातिचार कहे छे. ए पंदर कर्मथी ज्ञानावरणी आदिकर्मोनुं आदान एटले ग्रहण थाय छे. माटे ए कर्मादान श्रावके जाणवा, पण समाचरवां नही. जो अनानोगादि थकी कांई समाचरवुं थयुं होय तो तेनुं प्रतिक्रमण करवुं.

हवे ज्ञानना आठ अतिचार कहे छेः— मूलः— काले विणए बहुमाण उवहाणे तहा य निन्ह्वणे; वंजण अछ तडुनए, अठ विहो नाण मायारो.॥ २६७ ॥ अर्थः— शुन कृत्यादि करवानो जे नियमित विधियुक्त काल कह्यो होय ते कालमां ते क्रिया कस्याथी फलदायक थाय छे अने समयोल्लंघन कस्याथी ते निष्फल थाय छे. जेम कह्युं छे के, “कालम्मि कीरमाणं, किसि कम्मं बहु फलं जहा नणिअं; इअ सव्वच्चिय किरिया, निय निय कालम्मि कायव्वा.” जे सूत्र नणवानो जे काल होय, ते कालनेविषे ते न नणवुं, अथवा अकाले नणवुं गणवुं ए पहेला अकालाध्ययनातिचार. ज्ञाननो, ज्ञानीनो अथवा ज्ञानना साधन पुस्तकादिकनो विनयोपचार करवो. तेमां ज्ञानीनीपासे आसन, दान अथवा आज्ञा पालनादि विनयथी नणवुं तेम न करतां विनयने अनावे नणवुं तेने बीजो अविनयातिचार कहेछे. बहुमान ते गुरुऊपर प्रीति एटले अंतरंग चित्तनो प्रमोद राखीने नणवुं एवो विधिछतां

तेने मूकीने जे जणवुं तेने त्रीजो अबहुमानातिचार कहे छे. सिद्धांतमां कहेला तप विना सूत्र जणवां अथवां जणाववां ते चोथो उपधानहीनातिचार. जे गुरुनी पासे विद्याभ्यास कीधो होय तेनुं नाम छुपावीने बीजा मोटा आचार्यादिकनुं नाम लेवुं तेने पांचमो अतिचार कहे छे. व्यंजन, स्वर, अथवा मात्रादिकनो जे न्यूनाधिक उच्चार करवो तेने छठो अतिचार कहे छे. तेमज अर्थ न्यूनाधिक केहेतां सातमो अतिचार जाणवो अने व्यंजनादिक अने अर्थ ए उजयनो न्यूनाधिक कहेवुं ते आठमो अतिचार जाणवो. एवी रीते ज्ञानना आठ प्रकारना अतिचार छे. ॥ २६७ ॥

हवे दर्शनना आठ अतिचार कहे छे. मूलः— निस्संकिय निक्कंखिअ, निव्वितिगिछा अमूढदिठीय; उववूह थिरी करणे वछल्ल पजावणे अठ. ॥ २६ए ॥ अर्थः सम्यक्त्वने धारण करनार जे श्रावक, तेणे कोई प्रकारे श्री तीर्थंकरे कहेलां वचनोमां शंका करवी नही, एटले तीर्थंकरे आ वाक्य आम केम कह्युं छे एवी जे आशंकानो अजाव ते दर्शननो प्रथम निस्संकिय गुण. जिन धर्म थकी जिन्न जे बीजा घणा दर्शनो छे तेउनी आकांक्षा एटले जे वांछा करवानो अजाव ते दर्शननो बीजो निकांक्षा गुण. आ क्रिया कलापादि करवाथी फल थशे के नही? एवी विचिकित्सा करवी; अथवा मल मलिन गात्र, संयम पात्र महा मुनींद्रने देखीने मनमां जुगुप्सा करवी एने विद्वज्जुगुप्सा कहे छे. तेनो जे अजाव ते दर्शननो त्रीजो निर्विचिकित्सागुण जाणवो. बीजा दर्शननेविषे विद्या अथवा तपनी अधिकता देखी, ते ऋद्धिना अवलोकनथी मोहने पामीने जे चित्तनुं विचलपणुं करवुं तेनो जे अजाव तेने दर्शननो चोथो अमूढदृष्टिगुण जाणवो. समान धर्मीनी गुणस्तवना वेयावच्चादिक करे तेनुं अनुमोदन न करतां तटस्थ रहेवुं तेनो जे अजाव ते दर्शननो पांचमो उववूह एटले उपबृंहणा गुण. कोई साधर्मी धर्मनेविषे शीदाईने चल विचल चित्तवालो थयो होय तेने धर्मनेविषे स्थिर न करतां उदासीन रहेवुं तेनो जे अजाव तेने दर्शननो छठो स्थिरी करण गुण जाणवो. साधर्मीने कोई पण जातनी धर्म संबंधी अथवा व्यवहार संबंधी आपत्ति प्राप्त थई होय ते निवारण करवानी शक्ति छतां तटस्थ रहेवुं तेनो जे अजाव तेने दर्शननो सातमो वात्सल्यता गुण जाणवो. श्री जिनशासन प्रवचन श्री जगवंत जाषित ते सुरासुरना नमवाथी स्वतः देदीप्यमान छे तथापि पोताना सम्यक्त्वनी शुद्धिनी इछा करनार प्राणी जेथी धर्मनी अधिक प्रशंसा थाय एवा प्रतिवादीजय डुक्कर तपश्चरणादिके करी जिन प्रवचननो प्रकाश करवो तेने दर्शननो आठमो प्रजा

वना गुण कहे छे. ए आठ बोलने अण करवे दर्शनना आठ अतिचार थाय छे.

हवे चारित्रना आठ अतिचार देखाडे छेः— मूलः— पणिहाण जोग जुत्तो, पंचहि समिईहि तिहि य गुत्तीहिं; चरणायारो विवरीय, याइ तिएहंपि अइयारा. ॥ २७० ॥ अर्थः— प्रणिधान एटले चित्तनुं स्वस्थपणुं, तेणे करी प्रधान जे योग मन प्रमुखना व्यापारे करी युक्त जे साधु पांच समिति अने त्रण गुप्तीए करी गुप्त तेने चरणायारो एटले चारित्राचार कहेवो. अने ए पांच समिति तथा त्रण गुप्ति ए आठथी मनादिक त्रणे योगने जे विपरीत पणे वर्त्ताववुं तेथी चारित्राचारना आठ अतिचार थाय छे. ॥ २७० ॥

हवे बार भेदेकरीने तप वखाणे छेः— मूल.— अणसण मूणोयरिया, वित्तीसंखेवणं रसच्चाओ; काय किलेसो संलीणयाय बज्झो तवो होई. ॥ २७१ ॥ अर्थः— प्रथम अनशन एटले भोजननो त्याग करवो. ए तप बे प्रकारनो छेः— एक इत्वर बीजो यावत्कथिक. तेमां इत्वर अनशन आवीरीतेः— श्री महावीरना शासननेविषे नोकारसीआदि लईने छमासी तपनी सीमा पर्यंत सर्व तप अने श्री आदिनाथना शासननेविषे नोकारशी आदि लईने वर्ष तपनी शीमा पर्यंत सर्व तप, तथा वचला बावीश तीर्थंकरना शासननेविषे नोकारशीआदि लईने आठ मासनी शीमा पर्यंत सर्व तपने इत्वर अनशन तप कहे छे. बीजो यावत्कथिक अनशन तप एटले जहांसुधी शरीर रहे तहां सुधी आहारनो त्याग करवो अर्थात् अशन एटले भोजन करवुं नही. ते अनशन कहियें. ए बे प्रकारे प्रथम अनशन तप कह्यो छे, एना पादोपगमनादिक अनेक भेद छे ते आगल वखाणशे. ॥ २७१ ॥

बीजो ऊणोदरता तप एटले ओछो उदर ज्यां राखवो ते ऊणोदरता कहिये ए व्युत्पतिमात्र जाणवी पण एनी प्रवृत्ति तो मात्रा आश्रयीने गुणपणो. ते बे प्रकारे छे. एक द्रव्यथी, बीजो भावथी; तेमां द्रव्यनेविषे बे प्रकार जाणवाः— एक उपकरण विषयी, बीजो भक्तपान विषयी. तेमां उपकरण विषयी, जिन कल्पी अथवा जिनकल्पीनी तुलना करनार होय तेनेविषे संभवे, अने स्थविर कल्पीने उपधिना अभावने लीधे यद्यपि संयम पले नही तथापि स्थविर कल्पीने पण अधिक उपकरणनो अग्रहण करवाथी थाय छे. यदुक्तं "जं वट्टइ उवगारे, उवगरणं तंच होइ उवगरणं; अइरित्तं अइ गरणं, जओय अजयं परिहरंतो." जओय के० जे कारण माटे अजयणाथी भोगवतां भक्त पाननेविषे अधिकरण थाय ते ज्यां भक्त पान ओछुं लीजे त्यां थाय. अने बीजो भावथी तो जे रागादिक अंतर विकारनो

त्याग करवो ते. हवे त्रीजो वृत्तिसंक्षेप तप ते जे द्रव्यनो संक्षेप करवो. चोथो रस त्याग तप ते जे, विगईनो त्याग करवो. पांचमो काय क्लेश तप ते जे लोचप्रमुखनुं करवुं. छगो संलीनता तप चार प्रकारनो छेः– इंद्रिय संलीनता तप, कषाय संलीनता तप, योग संलीनता तप, अने विवक्तशयना संलीनता तप. प्रथम श्रोतादि पांच इंद्रियनी सन्मुख शब्दादिक विषय आवीने प्राप्त थयाथी ते मनोज्ञ एटले सुंदर होय तो तेमां राग न करवो. अने जो अमनोज्ञ एटले असुंदर होय तो तेनो द्वेष न करवो; तेने इंद्रिय संलीनता तप कहेछे. बीजो जे कषाय उदय आव्या नथी, तेउनुं रुंधन करवुं एटले रोकी राखवा; अने जे कषायो उदयताने पाम्या छे तेउने विफल करवा तेने कषाय संलीनता तप कहेछे. त्रीजो मन, वचन अने कायना अशुन योगनुं रुंधन करवुं. अने शुन मनोयोगादिकनी प्रवृत्ति करवी तेने योग संलीनता तप कहे छे. चोथो स्त्री, पशु अने नपुंसकादिक रहित जे एषणीय पीठफलकादिक एटले चबुतरा प्रमुखनुं ग्रहण करीने रहेवुं तेने विविक्त शयनासन संलीनता कहे छे; ए छ प्रकारनो बाह्यतप कह्यो छे तेनुं कारण ए जे एमां बाह्य द्रव्यादिकनी अपेक्षा छे. अथवा बाह्य शरीरादिकनी अपेक्षा छे; अने प्राये तापकपणाने लीधे लोकनेविषे तपपणे प्रसिद्धी होवाथी तेमज कुतीर्थीउ पण पोतपोताना अनिप्रायवडे ए तपनुं सेवन करे छे तेथी एने बाह्य तप कहेछे.

हवे छ प्रकारनो अभ्यंतर तप कहेछेः– मूलः– पायच्छित्तं विणउ, वेयावच्चं तहेव सज्झाउ; झाणं उस्सग्गोविय, अप्निंतरो तवो होइ. ॥ २७२ ॥ अर्थः–प्रथम प्रायश्चित तप कह्यो छे तेनो अर्थ आवी रीते छेः– प्रायश्चित्त ए एक शब्द छे तेमां प्रायः अने चित्त ए बे पदो छे. तेउमांना चित्त पद वमे जीव जाणवो. तेने अर्थे प्रायः कहेतां बाहुल्यताए मूलोत्तर गुणविषे शोधन करवुं. अर्थात् अतिचारोना योगथी नाना प्रकारना कर्ममलनुं जे उपार्जन करेलुं छे तेनो त्याग करीने निर्मलता करवी. तेने प्रायश्चित तप कहेछे. ए विषे "आलोयण पडिकमणे" इत्यादिके करी अगाणुमां द्वारनेविषे सविस्तर कहेशे. ॥ २७२ ॥

बीजो विनय तप आवी रीतेः– विनीयते एटले जेणे करी आठ प्रकारना कर्मनुं क्षपन करवुं अर्थात् त्याग करवो. ते विनय ज्ञानादिक भेदे करीने सात प्रकारनो छे. "नाणे दंसण चरणे" इत्यादिनो विनय करवो तेमां ज्ञानविषयक विनय पांच प्रकारे जाणवोः–मतिज्ञानादिक जे पांचज्ञान छे, तेउनुं सद्दहण, तेउनी नक्ति

तेउनुं बहुमानता, तेउनेविषे कथित अर्थनी सम्यक् नावनानुं विधिपूर्वक ग्रहण करवुं, अने तेउनो अन्यास करवो. एवी रीते ए जिनकथित विनय जाणवो.

दर्शननो विनय बे प्रकारे जाणवो. एक शुश्रूषणाविनय, अने बीजो अनाशातना विनय. तेमां जे पोताथी दर्शन गुणे अधिक होय तेनो विनय करवो तेने सुश्रूषणा विनय कहे ठे. ते आवी रीतेः–सक्कारपुठाणा, सम्माणासण अनिग्गहो तहय; आसणा णुप्पयाणं, किइकम्मं अंजलिगहोय. १ इत्तस्स णुगठणया, वियस्स तह पङ्गुवासणा नणिया, गठंताणुवयणं, एसो सुस्सूसणाविणउ" "सक्कार" एटले स्तवन वंदनादिक. "अन्युठान" एटले विनय योग्यनुं दर्शन थतां जे आसन मूकीने उंची उना थवुं. "सन्मान" एटले वस्त्र पात्रादिके करी पूजन करवुं. "आसनानिग्रह" एटले गुरुने बेशवा शारु आदरे करी आसन मांकीने आंही वेशो एम कहेवुं. "आसनानुप्रदान" एटले ए एक स्थानकथी स्थानांतरनेविषे आसननुं फेरववुं. "कृतकर्म" एटले वांदणुं करवुं. "अंजलिग्रहण" एटले दर्शननेविषे अंजलीनुं करवुं. "इत्तस्सणुं गठणया" एटले आवता जोईने सन्मुख निरखवुं. "विअस्स तह पङ्गुवासणा नणिया" एटले बेगा पठी पर्युपासना करवी. "गठंताणुव्वयण" एटले जतां पोते पण पाठल मूकवाने केटलेएक दूर जवुं एवी रीते दर्शनाधिकने शुश्रूषणा विनय करवो.

बीजो अनासातना विनय पंदर नेदे ठे ते आवी रीतेः– तिठयर धम्म आयरिय वायगे थेर कुलगणे संघे; संन्नोइय किरियाए, मईनाणाईणय तहेव." तेनो अर्थः–तीर्थंकर, धर्म, आचार्य, वाचक, थिविर, कुल, गण, संघ, सांजोगिक, क्रिया, अने मतिज्ञानादिक पांच ज्ञानना पांच मलीने पंदर नेदे अनासातना विनय ठे.

त्रीजो वेयावच्च तप आवी रीतेः– आचार्य, उपाध्याय, स्थविर, तपस्वी, ग्लान, शिष्य, साधर्मिक, कुल, गण, अने संघ ए दशमांना प्रत्येकनो तेर तेर प्रकारे व्यावृत्त करवो एटले नक्तदान, पानदान, आसनदान, उपगरणनुं पमिलेहवुं, चरणनुं पूजवुं, वस्त्रदान, पात्रदान, नोजनप्रदान, मार्गनेविषे सहाय्यनुं करवुं, दुष्ट चोरादिक थकी रक्षा करवी, उपाश्रयनेविषे प्रवेश करतां दांमानुं लेवुं, कायिकनी मात्रानुं देवुं, अने संज्ञानी मात्रानुं देवुं. चोथो सज्झाय (स्वाध्याय) तप पांच नेदे ठे सज्झाय वाचना, प्रठना, परिवर्तना, अनुप्रेक्षा अने धर्मकथा.

पांचमो ध्यान तप ते एक धर्मध्यान अने बीजुं शुक्लध्यान; ए बे प्रकार

नां ध्यान करवा. अने छगो उत्सर्ग तप एटले काउसग्ग करवो. एवी रीते ७ प्रकारे अभ्यंतर तप कह्यो छे. सर्व मलीने बार प्रकारनुं तप कह्युं. ॥ २७२ ॥

तेमज तपना बार प्रकारना अतिचार छे. अने त्रण वीर्यना अतिचार छे ते कहे छेः– मूलः– सम्मगकरणे बारस, तवाइयारा तिगंतु विरियस्स; मण वय काया पाव, प्पउत्त विरिअ ति अइआरा. ॥२७३॥ अर्थः–ए बार प्रकारना जे तप कह्या, ते सम्यक् मन वचन अने कायानी शुद्धिविना करवा तेने अकरण कहिये ते सम्यक्रीते न कराय अथवा विपरीत पणाने करवेकरी अथवा तेओमां कांई अधिको ओछोकरता अथवा अयथावस्थित अनुष्ठान प्रमुखना करवाथी बार प्रकारना तपना अतिचार थाय छे. एमज मन, वचन तथा काया ए त्रणेनी शुद्धि कर्या विना जे करवुं तेथी त्रण अतिचार वीर्यना थाय छे. ॥ २७३ ॥

हवे सम्यक्त्वना पांच अतिचार कहेछेः– मूलः– संका कंखाय तहा, वितिगिछा अन्नतिछियपसंसा; परतिछियउवसेवण, मइयारा पंच संमत्ते ॥ २७४ ॥ अर्थः– शंका एटले जीवादिक नव तत्वनेविषे संशय करवो. कंखा एटले अन्य दर्शननेविषे पण श्री वीतरागना दर्शननी तुल्यता करवी. वितिगिछा एटले मतिनी भ्रमता थकी क्रियाना फलनेविषे जे संदेह थवो ते. अन्य तीर्थी जे अन्य दर्शनीनी प्रशंसा करवी एटले आ महा तपस्वी भला क्रियानुष्ठान करे छे इत्यादिरूप. अने परतीर्थीनुं उपसेवन एटले तेनी सेवा करवी. तेथकी तेनी क्रिया सांभल्यामां तथा दीठामां आवे. तेथी सम्यक्त्वने मलिनता थाय तेथी अतिचार लागे. एवी रीते सम्यक्त्वना पांच अतिचार कह्यां छे. ॥ २७४ ॥

हवे बार व्रत संबंधी अतिचार कहतां छतां प्रथम प्राणातिपात विरमणव्रतना पांच अतिचार कहे छेः– मूलः–पढमवए अइआरा, नर तिरियाणन्न पाण वोछेओ; बंधो वहोय अइभा ररोवणं तह छविछेओ. ॥ २७५ ॥ अर्थः– नर एटले मनुष्य, अने तिर्यंचादिकने अन्न पाणीनो व्यवछेद करवो एटले तेमां विघ्न करवो; ए प्रथमातिचार. इहां आ विधि जाणवो के, रोगादिक कारणे अथवा पोताना पुत्रादिकने शीखामण देवासारु आज आने जमवानुं देसो नही. तोपण जमती वेलाए पहेला तेमनो सार करीने पछी पोते जमे परंतु संभाल न लेतां पोते भोजन कर्याथी अतिचार लागे ए प्रथम अन्न पाण व्यवछेदातिचार जाणवो. ॥

श्रावके श्वापदादिकने बंधन वडे एवी रीते बांधवुं जोये के आग पाणी आदिकना उपद्रवनी वेलाए तत्काल ते बंधनथी मुक्त थई शके. तेमज पुत्रादिकने

सीखामण देवासारु सबल बंधनथी बांधवुं नही एवी विधि छतां पशुआदि अथ वा पुत्रादिकने सबल बंधन वडे बांध्याथी बीजो बंध अतिचार लागे.

पश्वादिकने अथवा पुत्रादिकने कोई अपेक्षाने लीधे अर्थात् कोई कारणने लीधे योग्य रीते ताडन करवुं एवी विधि छतां कोई पण अपेक्षा अथवा कारण विना मारतां त्रीजो वध अतिचार लागे.

पश्वादिकनी पीठ पर एटलो भार नाखवो जोये के जेथी ते पोतानी मेले उठी शके, अने ते भार सुखथी उतारी अथवा चडावी शकाय एम छतां जो वधारे भार आरोपिए तो चोथो अतिभार आरोपण अतिचार लागे.

पश्वादिकनुं गल कंबल कापवुं नही, नाक वींधवुं नही, वृषणनुं छेदन करवुं नही इत्यादिक दुःखदायक क्रिया करतां छतां पांचमो छविच्छेद अतिचार लागे.॥ २७५॥

हवे थूल मृषावाद विरमण नामना बीजा व्रतना पांच अतिचार कहे छेः—

मूलः— सहसा कलंकणं रह सदूसणं दारमंतभेयंच ; तह कूम लेह करणं, मुसो वएसो मुसादोसो. ॥ २७६ ॥ अर्थः— सहसा पणेकरी कोई पण निरपराधी मा णशने चोर, यार, अथवा जुगारी प्रमुखनो जे आल चडाववो ते प्रथम सहसा त्कारातिचार जाणवो. कोईक बे माणसो एकांते कांई वातो करतां होय ते जोई ने ए राजविरुद्ध वातो करे छे एवुं जे कहेवुं तेने बीजो रहस्य भाषण दूषणाति चार जाणवो. पोतानी स्त्री आदिक स्वकुटुंबी माणसना हाथथी अथवा मित्रादि कना हाथथी भूले चूके कोई एवुं काम बनी गयुं होय के ते छानुंज राखवुं जोये. प्रसिद्ध करायज नही एवुं होय. अने ते काम थई गया पछी ते कामना करना राए तेनो पश्चात्ताप करीने ते दोषनो त्याग कीधो होय तेमछतां केटलाएक दिवस वीत्या पछी ते वात गई गुजरी थई गई होय तेवा अवसरे ते वात प्रकट कर्याथी ते लोक लाजना बंधनथी कोई विषादिक प्रयोगथी पोताना प्राणनी हाणी करे तेनुं कारण ते वात प्रकट करनार होवाथी तेने ते दोष लागे तेने त्रीजो दारमंत्र भेदातिचार कहे छे. कूडो लेख बनाववो कूडुं नामुं लखवुं. कमवेश अक्षरो लखवा, प्रथम लखेला अक्षरो छरी प्रमुखना प्रयोगथी कहाडी नाखवा, परवाना उपर कूडी महोर करवी, अने कूडा खतो बनाववा इत्यादिक प्रकार वडे जे कांई कूडुं बनाववुं तेने चोथो कूटलेखनातिचार कहेछे. पोते उपदेष्टा बनीने नाना प्रकारनो पापोपदेश करवो एटले कोई वनमांनी जडी बूटी बतावीने कहेवुं के अमुक बूटीनुं मूल क हाडी अमुक बूटीना रसमां भेलीने तेनी साथे आटली चीजोनो गूटो करी जो

पुरुष खाय, तो तेना शरीरनेविषे अतिशय जोग करवानी शक्ति थाय. आ मंत्र नो जप कस्याथी अमुक देवता प्रसन्न थाय ठे अने जेवी इच्छा होय ते मले ठे. हुं कामशास्त्रमां महानिपुण हुं एम कहीने चोराशी जोगनां आसननी विधि शीखडाववी, ने कहेवुं के आ शीख्याथी विविध प्रकारे रति विलास सारी रीते घणो वखत करी शकशो. वीर्यनी वृद्धि थशे. कामनो विशेष उद्भव थशे. अथवा औषध्यादिकनां शास्त्रो शीखडाववां. कोईने दुःखमां नाखी देवाना उपाय बताववा पोताना स्नेहीना प्रतिपक्षिने कुबुद्धि देवी, अने विषय कषायदिकनी उत्पत्ति थाय एवी नवी नवो वातो बनावीने करवी तेने पांचमो मृषोपदेशकथनातिचार कहे ठे.

हवे त्रीजा थूल अदत्ता दान विरमण व्रतना पांच अतिचार कहेठेः– मूलः– चोराणीअं चोर,प्पयोगजं कूडमाण तुलमाणं; रिउरज्जववहारो, सरिसजुइ तइअ वयदोसा. ॥ २७७ ॥ अर्थः– प्रथम चोरे चोरी करीने आणेली वस्तु सस्ती जाणीने जे वेचाती लेवी तेने स्तेनाहृतातिचार जाणवो. बीजो चोरने चोरी करवानी प्रेरणा करवी, अथवा धैर्य देवुं. अने तेने शंबल प्रमुख दईने तेवो प्रयोग कराववो तेने स्तेनप्रयोगातिचार कहे ठे. त्रीजो तोल तथा माप कूडां राखवा, एटले लेवाना जुदा अने देवाना जुदां राखवां अर्थात् लेवानां मोटा, अने देवाना नाना राखवा तेने कूटमानातिचार कहे ठे. चोथो पोताना राजाना वैरीना राज्यनेविषे द्रव्यना लोजथी कोई वस्तु पोताना गाममांथी लई जईने त्यां वेचवी, अथवा तेना गाममांथी कोई सस्ती वस्तु लईने पोताना गाममां आवीने मोटे जावे वेचवी. तेथी राजाज्ञानुं उल्लंघन थाय ठे. तेने राजविरुद्धगमनातिचार जाणवो. पांचमो सरिसजुइ एटले लोजने लीधे कोई सारी वस्तुमां तेना जेवी बीजी हलकी वस्तु जेलीने वेचवी एटले मूल उत्तम शुद्ध द्रव्य होय तेमां बीजी सादृश्य गुणवाली वस्तु जेलीने तेनो व्यापार करवो जेम के, कर्पूरमां लूण, घृतमां ठासनुं मंथन, अने केशरमां कसुंबो प्रमुख जेली देवो तेने तत्प्रतिरूपातिचार कहेठे.

हवे चोथा ब्रह्मचर्य व्रतना पांच अतिचार कहे ठेः– मूलः– जुंजइ इतरपरिग्गह, अपरिग्गहिअं थिअंच उब्बवए; कामेतिव्वहिलासो, अणंगकीडा परविवाहो. ॥ २७८ अर्थः– प्रथम कोईएक पुरुषे द्रव्य दईने वेश्याप्रमुख सामान्य स्त्रीने माश अथवा वर्षपर्यंत पोतानी सत्तातले स्वकीया करी राखेली ठतां तेनी साथे जे संजोग करवो तेने इतरपरिगृहीतागमनातिचार कहेवो. बीजो विधवा अथवा कुमारिका प्रमुख जे पति विनानी स्त्री होय, जेनी उपर स्वपत्नी जाव बीजा कोई

पुरुषनो होय नही, अने कोई पुरुषनी पतिरूप सत्तातले होय नही एवी स्त्रीने कोई पुरुषे ग्रहण करेली नही होवाथी तेनी साथे संजोग करवो तेने अपरिगृही तागमनातिचार कहेवो. त्रीजो कामनी तीव्र अनिलाषा करवी, एटले परस्त्रीनुं दर्शन थतां ज कामाग्निनी ज्वाला ऊठे. हृदयमां निरंतर स्त्रीनुं चिंतन कर्यां कर वुं, दीवानानी पठे बुद्धि काम वश थयाथी अस्थिर रहेवुं, अने शरीरमां कामनी वृद्धि करवाने अर्थे कोई औषधीप्रमुख अथवा माद्य पदार्थ खावो. वीर्यस्तंभ न करवाने अर्थे कोई मात्रा अथवा पाकप्रमुखनुं सेवन करवुं तेने त्रीजो तीव्रानुरागाति चार कहेवो. चोथो कामोद्दीपन करवाने अर्थे कामशास्त्रमां कह्या प्रमाणे नाना प्रकारना हाव जाव युक्त अनेक तरेहथी विविध विधिए कामक्रीडा करवी जेम के, भृकुटीरूप धनुष्यमां नेत्र कटाक्षरूप बाण चढावीने स्त्रीए पुरुषने अथवा पुरुषे स्त्रीने मारवा तेमज आलिंगन, चुंबन, अने हास्य प्रमुख करवां तेने अनंगक्रीडाति चार कहेवो. पांचमो लोकोमां पोतानी प्रतिष्ठा अथवा कीर्ति वधारवाने अर्थे कोई पुरुषनो कोई स्त्रीनी साथे पोते आगेवान थईने विवाह करी देवो, तेने परविवाह करणातिचार कहे छे. एम जो स्त्रीए ब्रह्मचर्यव्रत धारण कर्युं होय तो तेणे उक्त रीतिए पुरुष विषे प्रवर्त्तन कर्याथी ए अतिचार लागे एम सर्व स्थले जाणी लेवुं. २७८

हवे पांचमा थूल परिग्रह परिणाम व्रतना बे गाथावडे पांच अतिचार कहेछेः—

मूलः— जोएइ खित्त वत्थू,णि रुप्प कणगाइ देइ सययाणं; धण धन्नाइ परघरे, बंधइ जातिय पमक्कंतो. ॥ २७९ ॥ डुपयाइ चउप्पयाइ, गप्भं गाहेइ कुप्पसंखंच; अप्पधणं बहुमुल्लं, करेइ पंचम वए दोसा. ॥ २८० ॥ अर्थः— प्रथम पोतानुं एक क्षेत्र अथवा एक घर होय तेना पडोशना बीजा क्षेत्र तथा बीजा घरनी शीम भांगीने ते पहेलानी साथे जोडी लेवुं. अर्थात् नियम ग्रहण करती वेलाए पांच अथवा सात प्रमुख संख्या धारण करेली होवाथी तेनी अपेक्षावडे जे पोताना क्षेत्रने लागतुं क्षेत्र होय ते जोडी लेवुं, तेमज पोतानुं प्रथमनुं नांनळुं घर होय तेनी जोडेनुं कोई बीजानुं घर वेचातुं लईने तेनी साथे जोडी लेवुं, पोताना स्थाननुं वधारवुं ने मनमां जाणवुं के मारी नियमित संख्यामां कांई पण दोष आवशे नही ते प्रथम क्षेत्र परिणामातिचार कहेवो. बीजो रुपुं अथवा सोनुं आटलुंज राखवुं एवुं संख्या परिणाम कीधुं छतां तेनी वृद्धि थई जवाथी मनमां विचार करे के आटलुं पुत्र शारु राखवुं, आटलुं स्त्रीने अर्पण करवुं, आटलुं अमुक कुटुंबने आपवुं, एटले मारे तो परिमाण संख्या जेटलुंज रहेशे, तेमां मने कांई दोष

लागनार नथी. मारा पोताना नामनुं होय तो मने दोष लागे. एवी रीते लोभने लीधे खोटा विचारे करी कुरीत करवी तेने बीजो रौप्यसुवर्णपरिमाणातिक्रमातिचार कहेवो. त्रीजो एक वर्ष प्रमुख सुधी आटलुं धान्य अथवा आटलुंज द्रव्य पासे राखवुं, एथी वधारे राखवुं नही एवो संख्या परिमाण नियम लीधा पछी धान्य अथवा द्रव्यनो वधारो थई जवाथी ते वधेलुं सर्व बीजानी पाशे राखीने अथवा कोई बीजानी पाशे होय तो तेनी पाशेज रहेवा दईने पोते मनमां जाणे के, में तो पोतानी पाशे राखवानो नियम कर्यो छे, पण बीजानी पाशे रहेवा देवो नही एवो नियम कर्यो नथी; तेथी एम कर्याथी कांइ दोष लागनार नथी. एम कुविकल्प करीने जेनी पाशे द्रव्य होय तेने कहे के आटला दाहाडा अथवा आटला माश के वर्ष पछी तमारी पाशेथी हुं हिशाब चुकवी लईश. तेमज धान्य पण जो क्षेत्रमां होय तो नियमित समय सुधी त्यांज रहेवा दईने अथवा बीजा खेडुतना घरमां रहेवा दईने नियम पूरो थया पछी लेवानी इछा राखवी अने पोताने निर्दोषी समजवो तेने धन धान्य परिणामातिक्रमातिचार कहेवो. चोथो द्विपद एटले दास अने दासी प्रमुख, तेमज चतुष्पद एटले गाई, भेंस, उंट, तथा घोडा प्रमुख, पशुउं आटलांज राखवां एथी अधिक राखवां नही एवो संख्यारूप नियम कर्या पछी ते दास दासीओ अथवा पशुओ प्रमुख गर्भ धारण कर्याथी तेउंनी संततिनी वृद्धि थवाथी ते नियमित दास दासी अथवा पशुउंथी उत्पन्न थया छे तेथी तेओ पोताना मावित्रोथी जुदा कहेवाय नही. अथवा वधेली संतति कोई संबंधीने आपी देवी अने तेनुं गुप्त रीते स्वामित्व पोतेज राखवुं. तेने द्विपदचतुष्पद प्रमाणातिक्रमातिचार कहेवो. पांचमो त्रांबुं, पीतल, अथवा कांशा प्रमुख धातुउंना आटला वाशणोज घरमां राखवां एवो संख्या परिमाण नियम छतां ते वासणोनी संख्या नियम प्रमाणे रहेवा देतां तेउंनी तोलमां वधारो करवो. अने मनमां एम जाणवुं के मारेतो मात्र वासणोनी संख्यानो नियम छे पण तोलनो तो नियम नथी तेथी तोल अधिक कर्याथी कांई दोष लागे नही. तेमज जो काचा तोलनी संख्यायुक्त नियम लिधो होय तो ज्यां मोटो तोल चालतो होय एवा कोई देशांतरमां त्यांना तोलना परिमाणे वासणो कराववा, अने मनमां एम जाणवुं के में काचा तोलनो नियम लीधो छे खरो पण काचो अने पाको तो अांहिजछे बीजा देशमां काचो अने पाको नही होवाथी त्यांना गमे तेवा तोलवडे वाशणोनुं वजन थयुं होय

तेथी व्रतभंग थाय नही एवी कुटिलता करवी तेने कुपद परिमाणातिक्रमातिचार कहेवो. ए पांच अणुव्रतना अतिचारो कह्या. ॥ २७ए ॥ २७० ॥

हवे त्रण गुण व्रतना अतिचार कहे छे. तेमां प्रथम छठा दिसि परिणाम व्रतना पांच अतिचार कहेछेः— मूलः— तिरियंअ होय उड्ढं, दिसि वय संखा अइक्कमे तिन्नि; दिसि वइ दोसा तह से, विम्हरणं खेत्तवुड्ढीय. ॥ २७१ ॥ अर्थः— प्रथम तीर्छा लोकमां आटलासुधी गमनागमन करवुं एवुं व्रतनुं परिमाण कीधा पछी अनाभोगादिकवशे कांई अधिक गमनागमन थई जाय तो तिर्छो गमनातिक्रमातिचार लागे. बीजो अधोगमन करतां विस्मृति अथवा चित्तनी विभ्रमताने लीधे व्रतना परिमाण करतां कांई वधारे गमन थई जाय तो अधोदिसि गमनातिक्रम अतिचार लागे. त्रीजो ऊर्ध्व गमन करतां उक्त कारणादि वशे कांई वधारे गमन थाय तो ऊर्ध्वदिशि परिमाणातिक्रम अतिचार लागे. चोथो कोई दिशिए गमन करतां में दश ५, नन पंथ कर्यो के पंदर योजन कर्यो छे एवी विस्मृति थई जाय अथवा दिशिपरिमाण कर्याने घणा दिवस थई गयाथी जे दिशिविषे जेटला योजननो परिमाण होय ते भूली जईने ते परिमाणमां न्यूनाधिकता करवी. अथवा ते परिमाण कागलमां लखी राखेलुं नही होवाथी तेमां वधघटथई जाय अथवा बुद्धिनी मंदताने लीधे अथवा विभ्रमताने लीधे अधिक न्यूनता कर्याथी अस्मृति अंतर्धान अतिचार लागे. पांचमो जे दिशिनेविषे जेटला योजन जवानी छूट राखी होय ते दिशिमां ते छूटना करतां वधारे गमन थई जाय त्यारे बीजी दिशानेविषे ते वधेला पंथगमननो आरोप करी लईने परिमाण पूरुं करवुं. एटले पूर्व दिशानेविषे शो कोश जवानी छूट होय ने पश्चिम दिशानेविषे पचाश कोश जवानी छूट होय. हवे पश्चिम दिशाए पोणोशो कोशनुं गमन थई जाय त्यारे पूर्व दिशाना शो कोशमांना पचीश कोश नाखी देवा अर्थात् हरेक प्रकारे दिशिउने विषे गमन परिमाणमां न्यूनाधिक थवाने लीधे एक दिशिनुं अधिक गमन बीजी दिशिना न्यूनगमनमां भेलवी लेवुं तेने क्षेत्रवृद्धि अतिचार कहे छे. ॥२७१

हवे सातमा भोगोपभोग व्रतना पांच अतिचार कहेछेः— मूलः— अप्पक्कं उप्पक्कं, सच्चित्तं तह सचित्त पडिबद्धं; तुच्छोसहि भरकणयं, दोसा उवभोग परिभोगे. ॥ २७२ ॥ अर्थः— ए व्रतने उपभोग परिभोग पण कहे छे. केमके क्रियाना भेदथकी भोगना बे प्रकार थाय छे एक उपभोग अने बीजो परिभोग, उपभोग एटले एकज वार आहार तथा फूल प्रमुखनो भोग करवो. अने परिभोग एटले

वारंवार जोग जोगववा जेम के, गृह तथा स्त्री प्रमुख जोग वारंवार जोगवाय छे. ए परिजोग कर्मनेविषे पूर्वोक्त पंदर कर्मादान जाणवा. तेमां श्रावके उत्सर्गे समयने विषे प्रासुक एषणीय आहार लेवो. जो ते न होय तो बहु पाप सचित्तनो त्याग करवो. प्रथम आटो डाण्याविना तेनी रोटी कस्याथी तेमां ते अनाजना कण रही जाय छे तेम छतां तेने अचित जाणीने खावुं अथवा लोटने अचेतन जाणीने अग्निसंस्कार कस्याविना काचोज खावो. तेने अपक्क जक्षणातिचार कहेवो. बीजो कांईक पाकेलुं तथा कांईक नही पाकेलुं जे अन्न प्रमुख होय जेमके, जुवारी प्रमुख सर्व जातिना कणिश (पोंक) अग्निमां पकाव्याथी तेमांना केटलाएक कण पाके छे ने कटलांएक काचां रही जाय छे तेम छतां ते अचित जाणीने खावुं तेने छिपक्क जक्षणातिचार कहेवो. त्रीजो श्रावकने सचित्त आहारनुं अवश्य पच्चरकाण छतां अनाजोग थकी परिमाणनुं उल्लंघन थई जाय एटले पाणीने त्रण उकाला दीधाथी ते अचित्त थाय छे एवुं परिमाण छतां तेने एक अथवा बे उकाला दई अचित्त थयुं एम जाणीने ते पाणी पीवाई जाय. तथा सचित्त वस्तुने अचित्त थवामां कांईक वखत बाकी रह्यो छतां ते वस्तु अचित्त जाणीने खवाई जाय तेने सचित्ताहार अतिचार कहेवो. चोथो अचित्त वस्तुनो सचित्त वस्तुनी साथे संबंध छतां ते संबंधनो जंग थया पछी तरतज ते वस्तु खवाई जाय, जेमके, गुंदर अचित्त छे तेने वृक्षनी साथे संबंध छतां ते संबंधनो जंग थया पछी तरतज खावुं जोइए नही, केमके सचित्त वस्तुना स्पर्शथी केटलो एक वखत तेमां पण सचित्तपणुं रहे छे तेवा समयमां ते खवाइ जवाय तेने सचित्त प्रतिबद्धातिचार कहेवो. पांचमो जे वस्तु मेलव्यामां घणो प्रयत्न करवो पडे, अने जक्षण कस्याथी पूर्ण तृप्ति थाय नही, जेमके, बदरी फल (बोर) मां जे ठळीयुं थाय छे ते जांग्याथी तेमां अति सूक्ष्म स्वादिष्ट जक्षणीय पदार्थ नीकले छे ते हजारो ठळीयां जांग्यानो प्रयत्न कस्यो छतां तेमांथी मेलवेली वस्तुथी आत्मानी तृप्ति थाय नही तेम छतां तेनुं जक्षण करवुं तेने तुच्छौषध्यातिचार कहेवो.॥२८१॥

हवे आठमां अनर्थदंड विरमण व्रतना पांच अतिचार कहे छेः– मूलः– कुंकुइअं मोहरिअं, जोगुवजोगाइरेग कंदप्पा; जुत्ताहिगरण मेए, अइयाराणठ दंडवए. ॥ २८२ ॥ अर्थः– अनर्थदंडनो शब्दार्थ आवी रीते थाय छेः– कांईपण अर्थ एटले प्रयोजन नही छतां पोतानी आत्माने दंडनी प्राप्ति थाय तेने अनर्थदंड कहेवो. एना पांच अतिचारोमानो प्रथम नयनादिक शरीरना अवयवोए करी

बीजाने हास्यादिकनी उत्पत्ति करवी, अथवा थार पुरुषना जेवी कुचेष्टा करवी तेने कौकुच्यातिचार कहेवो. बीजो मुख थकी एवा शब्दो उच्चार करवा के जेथी शांजल नारनो हृदय कचवाय अने पोतानी अप्रतिष्ठा थाय तेने मौखर्य वाचालातिचार कहेवो. त्रीजो भोगोपभोगनी अधिकता करवी, जेमके, अंगमल हरण करनार साबु वगैरे वस्तुथी स्नान करतां पाणी वधारे वापरवुं, केशादिकने सुगंधी तेल लगाडवुं अंतरादिक सुगंधि पदार्थोनो उपयोग करवो, इत्यादिक व्यर्थ आरंभ करवो तेने भोगो पभोगाद्यतिचार कहेवो. चोथो शृंगाररस विषयक कथन करवुं, एटले मंद मंद हास्ययु क्त भाषण करवुं, जेथी विषय कामना उत्पन्न थाय एवा नाना प्रकारना श्लोको कहेवा. अथवा बीजाने क्रोध उत्पन्न थाय एवुं भाषणकरवुं तेने कंदर्पोत्पादकातिचार कहेवो. अने पांचमो पोताना उपयोग करतां वधारे अधिकरणनो संग्रह करवो, अथवा जेनुं परिणाम हिंसारूपे थाय एवा पदार्थोने एकठा करी राखवा. अने महत्ता मेलववाने ते वस्तुउ बीजाने मांगी आपे जेम के, रथ उखल, मुशल, अने तलवार प्रमुख ह थीआरो पोताना उपयोग करतां वधारे राखवा. तेने अधिकरणातिचार कहेवो. ए पांच अतिचार अनर्थदंड नामना व्रतनेविषे कह्या छे. एवी रीते ए त्रण गुण व्रत ते पांच अणुव्रतने गुणनी उत्पत्ति करनारा होवाथी एउने गुणव्रत कह्या छे.

हवे नवथी ते बार सुधी चार शिक्षाव्रतो कहे छेः– ए चारे व्रत शिक्षानी पठे अथवा शिक्षारूप होवाथी एओने शिक्षा व्रतो कह्या छे. जेम नवीन शिक्षानो पु नः पुनः अभ्यास करवो जोयेछे. तेओमां प्रथम जे सामायक नामनुं नवमुं व्रत छे तेनो अर्थ आवी रीते थाय छेः–राग द्वेषना अभावने सम कहेवुं, अने आय ए टले तेनो लाभ थवो. तेने समाय कहेवो. अने ते समतारूप लाभने करनारुं हो वाथी सामायिक व्रत कहेवुं. बीजो अर्थः– आर्त्त अने रौद्र ए बे ध्याननी परि णतिरूप जे क्रियाओ कराय छे ते अशुभ अने सावद्य व्यापार छे तेनो त्याग क रीने जघन्ये बे घडी प्रमाण आत्माने समता परिणाममां राखवुं, तेने सामायि क व्रत कहेवुं. त्रीजो अर्थः– सम कहेतां सम्यक् प्रकारे ज्ञान, दर्शन, तथा चारि त्र ए रत्नत्रयीरूप सहज उदाशीन वृत्ति एज मोक्ष मार्ग, तेनो आय एटले ला भ थवो तेने सामायिक व्रत कहेवुं. ते पुनः पुनः करवुं. यदुक्तंः– "जाहे खणि ओताहे, सामाइयं करेइ" ॥ २७३ ॥

ए सामायिकव्रतना पांच अतिचार कहे छेः– मूलः– काय मणो वयणाणं, डुप्पणिहाणं सई अकरणं च; अणवट्ठिय करणं चिअ, सामाइए पंच अइआरा.

॥ २७४ ॥ अर्थः– प्रथम शरीरना हस्त पादादिक अवयव पुंज्याविना अने प्रमा
र्ज्या विना हलावववा, भीतने पीठ लगाडीने बेशवुं, पृथवी पुंज्याविना निद्रा प्रमु
ख करवी, अप्रेक्षित तथा अप्रमार्जित स्थंमिलनेविषे बेशवुं तेने काय दुःप्रणिधा
न अतिचार कहेवो. बीजो मनो दुःप्रणिधान ते मनमां ग्रह संबंधी सावद्यनुं चिं
तवन करवुं. त्रीजो वचन दुःप्रणिधान ते उघाडे मुखे सावद्यपणे बोलवुं, सई क
रणं ते निद्रा तथा विकथाने मली शून्य चित्ते करीने जे अनुष्ठाननुं करवुं. अनव
स्थित काल ते जे सामायक काल पूरो थवानी निरत रहे नही. अने जेम तेम
अनादर पणे करवुं. ए पांच अतिचार सामायकना जाणवा. ॥ २७४ ॥

दसमां देशावगासिक व्रतना पांच अतिचार कहेछेः– मूलः– आणयणं पे
सवणं, सद्दणुवाउ य रूव अणुवाउ; बहि पोग्गल परकेवो, दोसा देसावगासस्स
॥ २७५ ॥ अर्थः– देशेकरी ज्यांहां अवकाश छे तेने देशावकाश कहिये. ते प्रथम
दिग्व्रती एटले परदेशनो व्यापार प्रमुखे करीने पोतानी व्रती चलाववाने अर्थे जे
योजन शतादिक प्रमुख सुधी दूर जवानो नियम कर्यो छे तेनो वली संक्षेप करवो
एटले गृहशय्यास्थानादिकथी दूर जवानो निषेधरूप अथवा सर्व व्रतसंक्षेपकरण
रूप नियम छे. ए उपर दृष्टांत कहेछेः– जेम बार योजनमां व्यापनार दृष्टिविष
अथवा आसीविष विषम विषधर संबंधी विष कोई मनुष्यना सर्व अंगनेविषे
व्यापी रह्यो होय, तेने कोई मंत्रवादी उतारीने एक अंगुली प्रदेशे लावीने मूके.
एथी आम समजवुं के, जेम मंत्रवादी आखा शरीरमां व्यापेलो विष अनुक्रमे ए
केक अवयवमांथी उतारतो उतारतो छेवटे एक अंगुलीना एक प्रदेशमां आणी
राखेछे, तेम व्रत धारण करनार पुरुष शत योजनादि गमनरूप नियमने घटाडतां
घटाडतां शय्यादिकसुधी आवी राखे. ते देशावकाशिक व्रत कहेवायछे. ए व्रतमां
देशनी पठे मुहूर्त्तादि कालनो पण संकोच थायछे ते अर्थात् जाणी लेवुं.

देशावकाशिक व्रतना पांच अतिचार छे, ते आ प्रमाणेः– प्रथम आनयन, बी
जो प्रेषवण, त्रीजो शब्दानुपात, चोथो रूपानुपाती, तथा पांचमो पुद्गल प्रक्षेप. तेमां
घरप्रमुखनो देशावकाशिक कीधो छे ते विवक्षित क्षेत्रथी बाहेर रहेलुं जे सचेतना
दिक द्रव्य, ते त्यांथी चाकरादिकना हाथे मंगावी विवक्षित (इछेला) क्षेत्रमां र
खाववुं ते एवा अभिप्रायथी के जो हुं पोते जई लावीश तो व्रत भंग थशे. तेने
प्रथम आनयनातिचार कहिये; एज अभिप्रायेथी विवक्षित क्षेत्रमां रहेली कांई
वस्तु कोई मनुष्यद्वारा बाहेर मोकलावी देवी तेने बीजो प्रेषणातिचार कहिये.

एवी रीते पोते लीधेला व्रतनो भंग न थाय माटे पोते करवानी क्रिया कोई बीजा द्वाराए करावी पोतानुं प्रयोजन सिद्ध करी लेवुं तेथी यद्यपि व्रतनो भंग थतो नथी तथापि व्रत सफल थतुं नथी, केमके, बाहेर गयाथी गमनादिक व्यापारे करी सूक्ष्म प्राणीउनो घात थाय छे तेनो बचाव करवाने अर्थे देशावकाशिक व्रत लीधामां आवे छे, ते व्रत लीधा पछी पोते तो गमन क्रियानो त्याग करे परंतु पोतानुं प्रयोजन सिद्ध करवाने अर्थे कोई बीजानी मारफते ते क्रिया करावे तेथी शुं हिंसा थती नथी? उलटी वधारे हिंसा थवानो संभव छे. केमके, पोते गमन कर्याथी ईर्यासमितिनी शुद्धतारूप गुण थाय छे, ते बीजाने मोकल्याथी थतो नथी. किंतु ईर्यासमितिना अभावथी दोषनी प्राप्ति थायछे. माटे एम कर्याथी अतिचार लागे छे. तेमज पोताना घरने फरती भीत प्रमुख जे प्राकार होय छे तेटली ज गोथी बाहेर जई कोईने हाक मारवी नही एम अभिग्रह पूर्वक व्रत धारण कर्युं छतां पोते ते क्रिया करे तो व्रतनो भंग थाय, माटे पोतानुं कांई प्रयोजन सिद्ध करवाने अर्थे ते भीतनी पासे जई कोईने बोलाववुं होय तो मोटा अवाजे खुंकारो करीने बोल्याव्याथी त्रीजो शब्दानुपातातिचार लागे छे. अथवा ते भीतादिक ऊंचा स्थलनेविषे पोतानुं कार्य सिद्ध करवाने अर्थे जई ऊभो रहे तेने जोईने जे माणस द्वारे काम कराववुं होय ते माणस पासे आवे त्यारे पोतानुं प्रयोजन सिद्ध करी लीधाथी चोथो रूपानुपातातिचार लागे. अने पोतानुं कार्य सिद्ध करवाने अर्थे नियमित जागाथी पोते बाहेर न जतां पाषाण अथवा काष्टनुं ककडुं लईने कोई माणसनी पासे फेंकवुं तेथी ते पाछो आवे त्यारे तेने कहीने ते प्रयोजन सिद्ध करी लेवाथी पांचमो पुद्गल प्रक्षेपातिचार लागे छे. ॥ २७५ ॥

हवे त्रीजा पौषध नामना शिक्षा व्रतना पांच अतिचार कहे छेः— मूलः— अप्पडिलेहिय मपम, ज्जियं च सेज्जाइ थंडिलाणि तहा; सम्मं च अणणुपालण, अइआरा पोसहे पंच. ॥ २७६ ॥ अर्थः— पौषधं एटले पुष्टि धर्मने धारण करनार. ते पौषध व्रत अष्टमी आदि पर्वने विषे धारण करिये. एवी विशेषता छे. ते आ प्रमाणेः— चार शिक्षा व्रतमांना सामायक तथा देशावकाशिक ए बन्ने प्रति दिवशे करवा अने पौषध तथा अतिथिसंविभाग ए बे प्रतिनियत दिवस अष्टमी आदि पर्वने विषे करवां एम आवश्यकादि शास्त्रोमां कह्युंछे. तेमां त्रीजा पौषध व्रतना पांच अतिचार छे ते आ प्रमाणेः—अप्पडि लेहिय दुप्पडिलेहिय सज्जासंथारे अप्पमज्जिय दुप्पमज्जियसज्जा संथारे अप्पडिलेहिय दुप्पडिलेहिय उच्चार पासवण भूमि, अप्पमज्जि

य डुप्पमज्जिय उच्चारपासवण नूमि, तथा पोसह विधि विचरिए ए पांच अतिचार बे. तेमां जे स्थानकनेविषे पोसह संथारो करवो होय ते संथारानी जे प्रतिलेखना न करवी एटले पोसहनी जगा सारी पेठे पोतानीदृष्टे जोयाविना अथवा जेवी ते वी रीते जोईने शय्या संथारके बेशीने पोसह करतां प्रथम अतिचार लागे एमज रजोहरण प्रमुख वमे पोसह करवानी जगा सारी रीते पूंज्याविना अने जो पूंजी तो कांई पूंजी कांई न पूंजी करी रहेवा दई त्यां संथारा नाखी पोसह करतां बीजो अतिचार लागे; अप्रतिलेखित डुःप्रतिलेखित स्थंमिले लघुनीति अथवा वडीनीति अनानोगे करवाथी त्रीजो अतिचार लागे; अप्रमार्जित डुः प्रमार्जित स्थंमिले लघुनीति अथवा वडीनीति करवाथी चोथो अतिचार लागे; अने पोसह करतां बतां क्षुधादिक परिसह उत्पन्न थयाथी प्रजातना समयनेविषे ज पारणा प्रमुखनुं चिंतवन करवुं अथवा किवारे पोसह पुरोथासे केवारे हुं जीवतो रहीस एम सम्यक् प्रकारे न पालवाथी ते पांचमो अतिचार लागे बे. २०६

हवे चोथुं अतिथि संविनाग नामनुं शिक्षा व्रत कहे बे. मूलः— सच्चित्ते निक्खि वणं, सचित्त पिहणं च अन्नववएसो; मच्छरियं च काला, ईयं दोसा तिहिवि नाए. ॥ २०७ ॥ अर्थः— जेणे तिथि, पर्व तथा उत्सवादि लोकना व्यवहारनो त्याग कस्यो बे तेने अतिथि कहिये; एवा अतिथिने श्रद्धा सत्कार क्रम युक्त पश्चा त्कर्म तथा पुरःकर्मादि दोषनो त्याग करीने न्यायोपार्जित अन्नपानादिक नाग विशिष्टे जे आत्मानो अनुग्रह बुद्धिथी देवुं तेने अतिथि संविनाग व्रत कहिये. आंही आ विधि बे के, पोसह कीधा पठी पारणाने दिवसे श्रावके सञ्चावथी साधुने अव श्य अतिथि संविनाग करवो एवो नियम कह्यो बे अन्यदा नियम नथी. एना पां च अतिचार बे ते आ प्रमाणेः—सचित्त निक्षेप, सचित्त पीहण, अन्यव्यपदेश; स मत्सरदान, तथा कालातिक्रम, ए पांच अतिचार जाणवा. तेमां प्रथम जे साधुने देवालायक अचेत वस्तु होय ते न देवानी बुद्धिथी अथवा अनानोग थकी बीजो कोई सचेत वस्तुनी ऊपर अथवा अंदर राखी मूकवी ते एवा हेतुथी के, स चेत वस्तुनीसाथे रहेली अचेत वस्तु साधुने दीगमां आव्याथी ते लेनार नथी तेथी मारा व्रतनो नंग न थतां धास्या प्रमाणे सिद्ध थशे एवी युक्ति करी ते वस्तु बचावे तेने सचित्त निक्षेपातिचार लागे; एवाज अनिप्रायेथी अचेत वस्तुने कोई सचेत वस्तुथी ढां कीराखी बचाववी तेने बीजो सचित्तपीहणातिचार कहिये; घेर साधु आव्याथी मोटा आदरनी साथे कोई वस्तु अर्पण करती वेलाये कोई एवी युक्ति कहाडवी के जेथी ते

साधुने सहज पूछवुं पडे के आ चीज कोनी छे, त्यारे बीजा कोई संबंधी वगैरेनुं नाम लिए जेथी ते साधु ते वस्तुनुं ग्रहण करे नही तेथी पोतानुं व्रत पण रह्युं ने चीज पण बची एम कह्याथी त्रीजो अन्यव्यपदेशातिचार कहिये; कोई घेरमां पडेली चीज साधुए जोई ने मांगी छतां ना कहेवाय नही तेथी मनमां कांईक चीडाईने आपवी अथवा बीजो कोई सामान्य पुरुष दान देतो होय तेनी कीर्त्ति शांभलीने मत्सरथी तेथी अधिक दान देवुं तेने मत्सर दानातिचार कहिये; अने साधु आहारादिक लई आव्या पछी तेने तेडी आवीने ते वस्तुनुं दान दीधाथी पांचमो कालातिक्रमातिचार लागे छे. ॥ २७७ ॥ ए छठो द्वार थयो.

हवे सातमो द्वार कहे छेः—मूलः—भरहम्मि भूय संपइ, भविस्स तिछंकराण नामाइं; एरवयंमि विताई, संपइ जिण भावि नामाइं॥२७८॥ अर्थः—भरत अने ऐरवत क्षेत्रोमां भूत वर्त्तमान तथा भविष्य कालमां चोवीशी पणे जे तीर्थंकरो थई गया, थया छे तथा थशे तेमनां नामनो आ सातमो द्वार कहे छेः— ॥ २७८ ॥

मूलः—भरहे तीए संपइ, भावि जिणे वंदिमो चउवीसं; एरवयंमिवि संपइ, भावि जिणे नामउ वंदे. ॥२७९॥ अर्थः— भरत ऐरवत क्षेत्रोमां भूत भविष्य अने वर्त्तमान कालमां थई गएला, थया छे तथा थवाना जे तीर्थंकरो तेउने हुं वंदना करुंछुं. २७९

प्रथम भरत क्षेत्रना अतीत चोवीस जिनोनां नाम कहेछेः— मूलः— केवयनाणी निवा,णि सायरो जिण महायसो विमलो; सवाणुभूइ सिरिहर, दत्तो दामोयर सुतेउ. ॥ २८० ॥ सामिजिणोय शिवासी, सुमई सिवगइ जिणोय अछोउ; नाहनमीसर अनिलो; जसोहरो जिण कयग्घोय. ॥ २८१ ॥ धम्मीसर सुद्धमई,सिवकर जिण संदणोय संपइय; तीउस्सप्पिणि भरहे,जिणेसरे नामउ वंदे.२८२ अर्थः— केवल ज्ञानी, निर्वाणी, सागरजिन, महायश, विमल, सर्वानुभूति, सिरिधर, दत्त, दामोदर, तथा सुतेज. ॥ २८० ॥ स्वामीजिन, शिवासी, (एमने मुनिसुव्रत पण कहेछे) सुमति, शिवगति, अस्तांग, अथवा अबाध, नमीश्वर, अनिल, यशोधर तथा कृतार्थ. ॥ २८१ ॥ धर्मीश्वर, शुद्धमति, शिवकर, स्यंदन तथा संप्रति ए नामे चोवीस जिनेश्वर आ भरतक्षेत्रनेविषे उत्सर्प्पिणी अतीत कालमां जे थई गया छे तेउने हुं वंदना करुं छुं. ॥ २८२ ॥

भरत क्षेत्रना वर्त्तमान चोवीश जिनोनां नाम कहेछेः— मूलः— उसभं अजियं संभव, मभिनंदण सुमइ पउम सुप्पासं; चंदपह सुविहि सीयल, सेजंसं वासुपुज्जं च. ॥ २८३ ॥ विमल मणंतं धम्मं, संतिं कुंथुं अरंच मल्लिंच; मु

णिसुव्वय नमि नेमिं, पासं वीरं च पणमामि. ॥ २९४ ॥ अर्थः— रूषन्न, अजित, संजव, अनिनंदन, सुमति, पद्मप्रन्न, सुपार्श्व, चंद्प्रन्न, सुविधि, शीतल, श्रेयांस तथा वासुपूज्य. ॥ २९३॥ विमल, अनंत, धर्म्म, शांति, कुंथु, अर, मल्लि, मुनिसुव्रत, नमि, नेमि, पार्श्वनाथ, तथा श्रीवीर ए चोवीश जिन नरत क्षेत्रनेविषे वर्त्तमान कालना थया तेमने हुं प्रणाम करुं बुं. ॥ २९४ ॥

नरत क्षेत्रना अनागत चोवीश जिनोनां नाम कहेबेः— मूलः— जिण पउमनाह सिरि सूरदेव सुप्पास सिरिसयंपनयं; सव्वाणुनूइ देवसुय, उदय पेढाल मनिवंदे. ॥ २९५ ॥ पोट्टिल सयकित्ति जिणं, मुणिसुव्वयं अमम निक्कसायंच; जिण निप्पुलाय सिरि नि, म्ममत्त जिण चित्तगुत्तं च. ॥ २९६ ॥ पणमामि समाहिजिणं, संवर य जसोहरं विजय मल्लिं; देव जिण णंत वीरिअ, नद्दजिणं नावि नरहंमि. ॥ २९७ ॥ अर्थः— पद्मनान, श्री सूरदेव, श्री सुपार्श्व, श्री स्वयंप्रन; सर्वानुनूति, देवश्रुत, उदय, पेढाल; ए गाथाना आद्यमां जिन शब्द बे ते बधां नामोने लगाडवो, तेमनी हुं वंदना करुंबुं. ॥ २९५ ॥ पोट्टिल जिन, शतकीर्त्ति, मुनिसुव्रत, अमम, निःकषाय जिन, निःपुलाक, श्री निर्म्ममत्व जिन, चित्रगुप्त, आंही पण पाउली गाथामांथी हुं वंदना करुंबुं एम लेवुं. ॥२९६॥ समाधि जिन, संवर, यशोधर, विजय, मल्लि, देव,अनंतवीर्य, नद्र जिन, अथवा नद्रकृत ए नरतक्षेत्रनेविषे नावि जिन थवाना बे ते कह्या. समवायांगनेविषे तो आ प्रकारे नामदीगमां आवेबेः—यथा "महापउमे सुरा देवे सुपासेय सयंप्रन्ने सव्वाणुनूई अरहा देवगुत्ते यहोरकई उदए पेढालपुत्तेय पोट्टले सयएइया मुणिसुव्वय अरहा सव्वनाव विक्र जिणे अमम निक्कसाएय निप्पुलाएय निम्ममे चित्तगुत्ते समाहीय आगम्मस्सेण होरकई संवार अनियहीय विवाए विमलेइय देवोववाए अरहा अणंतविजएइय आगचस्सेण होरकइत्ति" ए नविष्य कालमां थनारा बे. ए प्रकारे करी आगल पण नामविषे जे कोई तेकाणे समवायांगादिकथी विसम वाद दीगमां आवे त्यां मतांतर बे, एम जाणवुं. ॥ २९७ ॥

अवतरणः— हवे ऐरवत नामना क्षेत्रमां वर्त्तमान जिननां नाम कहे बेः— मूलः— बालचंदं सिरि सिचय, अग्गीसेणं च नंदिसेणं च; सिरि दत्त वयधरं सोमचंद जिण दीहसेणं च. ॥ २९८ ॥ वंदे सयाउ सच्चइ, उ जुत्तिसेणं जिणं च सेयंसं; सीहस्सेण सयंजल, उवसंतं देवसेणं च. ॥ २९९ ॥ महविरिय पास मरुदेव सिरिहरं सामिकुट्ट मनिवंदे; अग्गिस्सेणं जिण म ग्गदत्त सिरि वारिसेणं

च ॥ ३०० ॥ इय संपइ जिणनाहा, एरवए कित्तिया सनामेहिं; अहुणा नाव जिणंदे, नियनामेहिं पकित्तेमि. ॥ ३०१ ॥ अर्थः— बालचंद्र, श्रीसिचय, अग्नि सेन, नंदिसेन, श्रीदत्त, व्रतधर, सोमचंद्र जिन, दीर्घसेन, ॥ २९८ ॥ शतायुष, स त्यकी, युक्तिसेन, श्रेयांसजिन, सिंहसेन, स्वयंजल, उपशांत, देवसेन, एउनी वंदना करुं बुं. ॥ २९९ ॥ महावीर्य, पार्श्व, मरुदेव, श्रीधर, स्वामिकोष्ठ, अग्निसेन, अग्र दत्त, अथवा मार्गदत्त, श्रीवारिषेण, ए सर्वने समस्त पणे वंडुंबुं. ॥ ३०० ॥ एप्रकारे सांप्रत वर्त्तमान जिन ऐरवत क्षेत्रनेविषे तेमनां नाम कह्यां. ॥ ३०१ ॥

हवे ते ऐरवत क्षेत्रमां नावि जिननां नाम कहुं बुं.— मूलः— सिद्धत्त पुन्न घो सं, जसघोसं, सायरं, सुमंगलयं; सवठसिद्धि निवाणसामि वंदामि धम्म धयं ॥ ३०२ ॥ तह सिद्धिसेण महसेण नाह रविमित्त सवसेण जिणे; सिरि चंदं दढकेउं. महिंदयं दीहपासं च. ॥ ३०३ ॥ सुवय सुपासनाहं, सुकोसलं जि णवरं अणंतबं; विमलं उत्तर महरिद्धि देवयाणंदयं वंदे. ॥ ३०४ ॥ अर्थः— सिद्धार्थ, पूर्णघोष अथवा पुण्यघोष, यशघोष, सागर, सुमंगल, सर्वार्थसिद्धि, नि र्वाणस्वामी, ने धर्मध्वज, एमने वंडुं बुं. ॥ ३०२ ॥ तथा सिद्धसेन, महासेननाथ, रविमित्र, सत्यसेनजिन, श्रीचंद्र, दढकेतु, महेंद्र, दीर्घपार्श्व, एमने हुं वंडुं बुं. ॥ ३०३ ॥ सुव्रत, सुपार्श्वनाथ, सुकोशल जिनवर, अनंतनाथ अथवा अनंतार्थ, वि मल, उत्तर, महर्द्धि, ने देवतानंदक, एमने हुं वंदना करुं बुं. ॥ ३०४ ॥

अवतरणः— हवे पूर्वोक्त गाथामां कहेला तीर्थंकरोनी सर्व संख्या कहेळेः— मूलः— निद्धिस्स नवसमुद्दे, वीसाहिय सय जिणे सुहसमिद्धे; सिरिचंद मुणिव इनए, सासय सुहदायए नमह. ॥ ३०५ ॥ अर्थः— नव समुद्रथी तरेला जे एक शोने वीश संख्या जिन जे सुखना समुद्र अने जेमने श्रीचंद्रमुनिपतिए नमन कर्युं बे एवा शाश्वत सुखदायकने हे नव्य लोको तमे नमस्कार करो. ॥ ३०५ ॥ अहीं पांच चोवीशीना एक शो ने वीश तीर्थंकरना नामोनुं सप्तम द्वारनेविषे विवरण कर्युं.

हवे 'उसन्नादि जिणिंदाणं आइम गणहरत्ति' अष्टम द्वारने विवरतां कहेबेः—

मूलः— सिरि उसहसेण पहु सीहसेण चारूरु वज्जनाहरका; चमरो पक्कोय विय, प्रदिन्न पहुणा वराहोय. ॥ ३०६ ॥ पहुनंद कुबुहा विय, सुनोम मंदर जसा अरिष्ठो य; चक्काउह संब कुंन, निस्सह मल्ली य सुंनो य॥ ३०७ ॥ वरदत्त अज्जदिन्ना, तहिंदनूईय गणहरा पढमा; सिस्सा रिसहाईणं, हरंतु पावाइ पण याणं. ॥ ३०८ ॥ अर्थः— श्री ऋषनसेन, सिंहसेन, चारूरु, वज्रनानाख्य, चमर,

प्रद्योत, विदर्भ, दत्तप्रभु, वराह. ॥ ३०६ ॥ प्रभु नंद, कौस्तुभ, सुभौम, मंदर यश, अरिष्ट, चक्रायुध, शंबू, कुंभ, भिषज, मल्लि, ने शुंभ. ॥ ३०७ ॥ वरदत्त, आर्यदत्त, तथा इंद्रभूति; ए प्रकारे ऋषभादि जिनोना प्रथम गणधरो छे ते प्रणत जनोना दुरितने हरण करे छे. ॥ ३०८ ॥

हवे नवमो पवत्तिणीनो द्वार कहेछेः– मूलः– बंभी फग्गू सामा, अजिया तह कासवी रई सोमा; सुमणा वारुणि सुजसा, धारिणि धरिणी धरा पउमा ॥ ३०९ ॥ अज्झा सिवा सुई दामणीय रक्की य बंधु वइ नामा; पुप्फवई अनिला ज,रूकदिन्न तह पुप्फचूला य. ॥ ३१० ॥ चंदणसहिय पवत्तिणि उ चउवीसाण जिणवरिंदाणं; दुरियाइ हरंतु सया, सत्ताणं भत्तीजुत्ताणं. ॥ ३११ ॥ अर्थः– ब्राह्मी, फल्गु, श्यामा, अजिता, काश्यपी, रति, सोमा, सुमना, वारुणी, सुयशा, धारिणी, धरणी,धरा, ने पद्मा ॥३०९॥ आर्या. शिवा, शुभा, अथवा सुचि दामिनी, रक्षी, बंधुमती, पुष्पवती, अनिला, यक्षदत्ता, ने पुष्पचूला; ॥ ३१० ॥ चंदना, सहीत ए चोवीस जिनवरेंद्रनी प्रवर्त्तिनीओ, ते भक्तिएकरी सहित प्राणिओनुं दुरित एटले पाप हरण करेछे. ॥ ३११ ॥ एवी रीते त्रण गाथाएकरी तीर्थंकरोनी प्रथम प्रवर्त्तिनीओनां नाम कथन पूर्वक नवमो द्वार कह्यो.

हवे 'अरहंतञ्चण गणत्ति' अर्हंत नाम कर्म उपार्जवाना स्थानक लक्षण दशमो द्वार कहेछेः–मूलः–अरहंत सिद्ध पवयण, गुरु थेर बहुस्सुए तवस्सीसुं; वच्छलयाय एसिं, अभिक्खनाणो वउगे अ. ॥ ३१२ ॥ अर्थः–पहेला अशोकादि आठ महाप्रातिहार्यरूप पूजाने जे अर्ह एटले योग्य ते अर्हंत; बीजा अपगत सकल कर्मांश, परम सुखी ने एकांत कृतकृत्य ते सिद्ध; त्रीजा प्रवचन एटले द्वादशांग अथवा संघ; चोथा गुरु ते आचार्य धर्मोपदेश कर्त्ता; पांचमा स्थविर ते त्रण प्रकारना छेः– छठा उपाध्याय ते सूत्रादिकना जाणनारा बहुश्रुत; ते त्रण प्रकारनाः– सूत्रधर, अर्थधर ने उभयधर तेमां सूत्रधर करतां अर्थधर प्रधान अने अर्थधर करतां उभयधर एटले सूत्र ने अर्थ ए बन्नेने धारण करनार श्रेष्ठ छे. सातमां विचित्र अनशनादि भेद भिन्न बार प्रकारना तपने करनारा ते तपस्वी; ए सात स्थानोनेविषे वात्सल्य भाव करवुं एटले अनुराग ते तीर्थंकर नाम बंधनुं कारण थाय छे. तथा अभीक्ष्ण एटले निरंतर पणे ज्ञानोपयोग व्यापार छे जेहने ते ज्ञाननेविषे व्याप्रियमाणता ए आठमुं कारण छे. ॥ ३१२ ॥

मूलः– दंसण विणए आवस्सए अ सीलव्वए निरइयारो; खण लव तवच्चिया

ए, वेयावच्चे समाहीय. ॥ ३१३ ॥ अर्थः— नवमो दर्शन एटले सम्यक्त्व; दशमो विनय एटले ज्ञानादिनो जे पूर्वे कही आवेला छैये ने आगलपण कहेवाना छे; इग्यारमो एनी शुद्धितुं करवुं ते आवश्यक एटले अवश्य कर्त्तव्य सामायिकादि; बारमो शीलव्रतपालवुं ते उत्तर गुण व्रत; अने मूल गुण व्रत; एउने निरतिचार पणे पाल्याथी तीर्थंकर नाम कर्म बांधाय छे. तेरमो क्षणलव एटले लवादि स्तोक काल विशेष, एम सर्वकालने विषे निरंतर संवेग भावनाए अने ध्यान सेवनेकरी जे समाधि ते क्षण लवसमाधि; चउदमो तप एटले बाह्याभ्यंतर भेद भिन्न अनशनादिनेविषे यथाशक्तिए निरंतर जे प्रवृत्ति ते तपसमाधि; पनरमो त्याग बे प्रकारनो छेः— एक द्रव्य त्याग ने बीजो भाव त्याग. तेमां द्रव्य त्याग एटले आहार उपधि तथा सय्यादिक जे पोताने काम न आवे तेनो परित्याग अने उपयोगमां आवे तेनुं यतिउने दान देवुं; अने भाव त्याग एटले क्रोधादिकनो त्याग तथा ज्ञानादिकनुं यति जनोने दान देवुं. एबन्ने प्रकारना त्यागनेविषे सूत्रनो अतिक्रम न करतां यथा शक्तिये जे प्रवृति करवी ते त्याग समाधि; सोलमा वेयावच्चना दशभेदने विषे सूत्रने अनतिक्रमे स्वशक्ति अनुसार जे निरंतर प्रवृत्ति ते वेयावच्च समाधि; सत्तरमो मन वचन तथा कायाए करी जे अशुभ व्यापारनुं रुंधन करवुं ते योग समाधि; ॥ ३१३ ॥

मूलः— अपुव्वनाण ग्गहणे, सुयभत्ती पवयणे प्पभावणया; एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो. ॥ ३१४ ॥ अर्थः—अढारमो निरंतर नवीन नवीन ज्ञाननुं जे ग्रहण ते अपूर्व ज्ञान ग्रहण जाणवुं. उगणीसमो श्रुत ज्ञाननी भक्ति एटले श्रुतविषे बहुमाननुं करवुं; वीसमो प्रवचननेविषे प्रभावनानुं करवुं. ए कहेला वीस हेतु करीने जीव तीर्थंकरपणुं पामेछे. ॥ ३१४ ॥

अवतरणः— एमांना केटलाएक बोलोनुं सूत्रकार स्वतः व्याख्यान करेछेः—

मूलः— संघो पवयण मित्थं, गुरुणो धम्मोवएसयाईया; सुत्तत्थोभयधारी, बहुस्सुया हुंति विरकाया. ॥३१५॥ अर्थः— संघ शब्दे प्रवचन कहेवुं अने गुरु ते धर्मोपदेशादिकना देवावाला तथा सूत्र अर्थ अने तदुभयना धरनार ते बहुश्रुत जाणवा.॥३१५॥

मूलः— जाई सुय परियाए, पडुच्च थेरोत्ति जह क्कम्मेणं; सट्ठीवरसो समवाय, धारउ वीस वरिसो य. ॥ ३१६ ॥ अर्थः—जाति, श्रुत, अने पर्याय आश्री स्थविर त्रण प्रकारना छे, तेमां शाठवर्ष प्रमाण जाति स्थविर, समवायांगना धरनार ते श्रुतस्थविर, जेने दीक्षा लीधे वीस वर्ष थई गया ते पर्याय स्थविर होय ॥३१६॥

मूलः— नत्ती पूआ वसुप्पयमण वञ्जण मवन्न वायस्स; आसायण परिहारो, अरिहंताईण वञ्जलं. ॥ ३१७ ॥ अर्थः— नक्ति ते जे अंतरंग बहुमाननी विशेषता अने पूजा ते यथोचितपणे फल आहार वस्त्रादिके करी उपचरवुं वर्णके० श्लाघा तेनुं प्रकटनके० प्रकाशवुं वली अवर्णवादनुं वर्जवुं एम आसातानुं परिवर्जवुं पूर्वोक्त अरिहंतादिक सातपदनुं वाब्ल्य करवुं ॥ ३१७ ॥

मूलः— नाणुवउंगो निरकं, दंसण सुद्धी अ विणय सुद्धी अ; आवस्स य जो एसु, सील वएसु निरइयारो. ॥ ३१८ ॥ अर्थः— ज्ञान लेवामां सावधान निरंतर एज उपयोग होय, दर्शन शुद्धि ते निरतिचार पणे सम्यक्त्व निर्मल राखे, विनय शुद्धि ते पण निरतिचारपणे विनयनुं करवुं, आवश्यकना योगनेविषे पण मन वचन कायाना योग स्थिर राखे, तथा शीलव्रतपाले ते मूल गुण तथा उत्तरगुण विषे निरतिचारपणुं ए बार स्थानक थया. ॥ ३१८ ॥

मूलः—संवेग नावणा जाण सेवणं खण लवाइ कालेसु; तव करणं जइ जणसं, विनाग करसं जइ समाही. ॥३१९॥ अर्थः— १३ संवेगनावनायें करी शुक्लध्यान तथा धर्म ध्याननुं आसेववुं ते क्षणलवादिक विशेषणनेविषे ते क्षण लव समाधी, १४ यथा शक्तिए तपनुं करवुं, १५ यतिजनने संविनागनुं करवुं जेम समाधिने करवे.३१९॥

मूलः— वेयावच्चं दसहा, गुरुमाईणं समाहि जिणाणं च; किरिया दारेण तहा, अपुव नाणस्स गहणं तु.॥३२०॥ अर्थः—१६ व्यावृत ते गुरु प्रमुख दशनुं दश प्रकारे करवुं, १७ गुरुवादिकने क्रिया द्वारे समाधिनुं उपजाववुं जेम तेमने सुख थाय तेम करवुं १८ अपूर्व ज्ञाननुं ग्रहण ते नवुं नवुं ज्ञान जाणवुं इति. ॥ ३२० ॥

मूलः— आगम बहुमाणोविय, तिञ्चस्स पनावणं जहासत्ती; एएहि कारणेहिं, तिञ्चयरत्तं समक्किणई. ॥३२१॥ अर्थः— १९ सिद्धांतनेविषे बहुमाननुं करवुं. २० तीर्थ ते चतुर्विध संघरूप तेनी पूजा प्रनावना पोतानी शक्तिने अनुसारे करवी. ए वीस कारणे करी तीर्थंकरपणुं प्राणी उपार्जे; इहां वर्द्धमान स्वामी अने रुषन देव एओए पूर्व नवनेविषे कहेला सर्व वीसे स्थानकनुं सेवन कर्युं ठे. मध्यम अजितनाथस्वामी आदे दईने बावीश तीर्थंकरमांना कोईए एक, कोईए बे, कोईए त्रण, अने कोईए सर्व वीसे स्थानकना सेवन कर्यां ठे. ए तीर्थंकरनाम कर्म मनुष्य गतिनेविषेज वर्त्तमान पुरुष स्त्री किंवा नपुंसक ते तीर्थंकर नाव पामवानी पूर्वे त्रीजा नवमां बंधनो आरंन करेठे. ॥ ३२१ ॥ इति दशम द्वार समाप्त.

अवतरणः— ' जिणजणणी जणय नामेत्ति ' एटले रुषनादिक जिनेश्वरनीमा

ता तथा पिताना नामोनो अग्यारमो द्वार कहेछे.– मूलः– मरुदेवि विजयसेणा, सिद्धा मंगला सु सीमाय; पुहवी लरकण रामा, नंदा विन्हू जया सामा. ॥ ३१२ ॥ सुजसा सुव्वय अइरा, सिरिदेवी य प्पनावई; पउमा वईय वप्पा, सिववम्मा तिसल याई य. ॥ ३१३ ॥ नाभि जिअ सत्तुरिआ, जिआरि संवरो अ; मेहे धरे पईठे अ महसेण अ खत्तिए. ॥ ३१४ ॥ सुग्गीवे दढ रहे पिअ वसुपुज्जे अ खत्तिए; कयवम्म सिंहसेण अ, नाणु विसा सणेइ अ. ॥ ३१५ ॥ सुरे सुदंसण कुंने, सुमित्तविजए समुद्दविजए अ; राया य अस्स सेणे, सिद्धे विय खत्तिए. ॥ ३१६ ॥ अर्थः– रुषन स्वामीनी माता मरुदेवी; अजित स्वामीनी माता विजया; संनव नाथनी माता सेना; अनिनंदन स्वामीनी माता सिद्धार्था; सुमतिनाथनी माता मंगला; पद्मप्रन स्वामीनी माता सुशीमा; सुपार्श्वस्वामीनी माता पृथ्वी; चंद्रप्रन स्वामीनी माता लक्ष्मणा; सुविधि स्वामीनी माता रामा; सीतल स्वामीनी माता नंदा; श्रेयांसस्वामीनी माता विष्णु; वासुपूज्य स्वामीनी माता जया; विमल स्वामीनी माता श्यामा; अनंतजिन स्वामीनी माता सुयशा; धर्मनाथनी माता सुव्रता; शांतिनाथ स्वामीनी माता अचिरा; कुंथुनाथनी माता श्री; अर स्वामीनी माता देवी; मल्लिजिननी माता प्रनावती; मुनिसुव्रतनी माता पद्मावती; नमिनाथ स्वामीनी माता वप्रा; अरिष्टनेमीनी माता शिवा; पार्श्वनाथ स्वामीनी माता वामा; अने श्री वर्द्धमान स्वामीनी माता त्रिशला जाणवी. ए बे गाथाएकरी जिननी माताओनां नाम कह्यां. हवे एज अनुक्रमे पिताओनां नाम कहेछे. तेमज श्री रुषनदेव स्वामीनो पिता नानि; अजितस्वामीनो पिता जितशत्रु; संनवनाथ स्वामीनो पिता जितारि; अनिनंदन स्वामीनो पिता संवर; सुमतिनाथ स्वामीनो पिता मेघ; पद्मप्रन स्वामीनो पिता धर; सुपार्श्व स्वामीनो पिता प्रतिष्ट; चंद्रप्रन स्वामीनो पिता महासेन क्षत्रिय; सुविधि स्वामीनो पिता सुग्रीव; शीतल स्वामीनो पिता दृढरथ; श्रेयांस स्वामीनो पिता विष्णु; वासुपूज्य स्वामीनो पिता वसुपूज्य क्षत्रिय; विमलस्वामीनो पिता कृतवर्म; अनंतजिन स्वामीनो पिता सिंहसेन; धर्मनाथनो पिता नानु; शांतिनाथनो पिता विश्वसेन; कुंथुनाथनो पिता सूर; अरस्वामीनो पिता सुदर्शन; मल्लिजिननो पिता कुंन; मुनिसुव्रतनो पिता सुमित्र; नमिनाथनो पिता विजय; अरिष्टनेमिनो पिता समुद्र विजय; पार्श्वनाथ स्वामीनो पिता अश्वसेन; अने वर्द्धमान स्वामीनो पिता सिद्धार्थ क्षत्रिय.३१६

अवतरणः– 'जिण जणणि जणय गत्ति' एटले तीर्थंकरना माता तथा पिता

नी गतिनो बारमो द्वार कहे छेः– मूलः– अठएहं जणणीउ, तिन्नयराणं तु हुंति सिद्धाउ; अठय सणं कुमारे, माहिंदे अठ बोधव्वा. ॥ ३१७ ॥ नागेसु उसन्न पिआ, सेसाणं सत्त हुंति ईसाणे; अठय सणंकुमारे, माहिंदे अठ बोधव्वा॥३१८

अर्थः– रुषन्न देव नगवाननी आदि लईने चंद्रप्रन्नना अंतसुधी आठ तीर्थंकरोनी माताउ सिद्धिने पामी; सुविधि स्वामीने आदि लईने शांतिनाथना अंतसुधी आठ तीर्थंकरोनी माताउ त्रीजा सनत्कुमार नामना देवलोकमां गई; तथा कुंथु स्वामीने आदि लईने श्री महावीर स्वामीना अंतसुधी आठ तीर्थंकरनी माताउ माहेंद्र नामना चोथा देवलोकमां गई. तेमज श्री रुषन्न देव स्वामीना पिता नान्निराजा, नाग कुमारनामा नवनपतिनी द्वितीय निकायनेविषे गया; अजित नाथनी आदि लई चंद्रप्रन्न स्वामिसुधी सात तीर्थंकरोना पिताउ ईशान नामना बीजा देवलोकनेविषे गया; सुविधि प्रन्नृति शांतिनाथ पर्यंत आठ तीर्थंकरोना पिताउ सनत्कुमार नामना त्रीजा देवलोकमां गया; अने कुंथु प्रमुख श्रीमहावीरांत आठ तीर्थंकरोना पिताउ माहेंद्र नामना चोथा देवलोकमां गया. एवी रीते जाणवुं. ॥ ३१८ ॥

अवतरणः– हवे 'उक्कि8 जहन्नेहिं, संखा विरहंत तिऊ नाहाणं' एटले उत्कृष्टे अने जघन्ये करी विचरता तीर्थंकरोनी संख्या गाथाना पूर्वार्द्धवडे तेरमो द्वार तथा 'जम्म समएवि संखा, उक्कि8 जहन्निया तेसं' एटले उत्कृष्टथी तथा जघन्यथी तेउना जन्मनी संख्या गाथाना उत्तरार्द्धमां चौदमो द्वार कहे छेः–

मूलः– सत्तरि सय मुक्कोसं, जहन्न वीसाय देस विरहंति; जम्मं पइ उक्कोसं वीस दस हुंति हु जहन्ना. ॥ ३१९ ॥ अर्थः– उत्कृष्टेकरी समय क्षेत्रनेविषे एक ज काले एकशोने सित्तेर तीर्थंकरो विहार करे छे; ते आ प्रमाणेः– पांच नरत क्षेत्रनेविषे एक एक अने पांच ऐरवतनेविषे पण एक एक उत्कष्टे विहार करेछे. ते आवी रीतेः–पांच महाविदेह क्षेत्रमांना प्रत्येक क्षेत्रनेविषे उत्कृष्ट बत्रीश विजयना सद्भाव थकी बत्रीश बत्रीश तीर्थंकरो विचरे छे. ते बधा एकशोने साठ थाय तथा पांच नरतने पांच ऐरवतना मली दश नेलियेत्यारे एकशोने सित्तेरनी संख्यानो संनव थाय छे. तथा जघन्यथी वीश तीर्थंकरो विहार करे छे. ते आवी रीतेः– जंबुद्वीपना पूर्व विदेहमां शीता महा नदीए द्विनाग कर्या जे दक्षिण अने उत्तर नाग. त्यां एक एकनो सद्नाव होवाथी बे; अपर विदेहनेविषे पण शीतोदया महानदीए द्विनागीकृत जे दक्षिणोत्तर नाग तेउनेविषे एक एक होवाथी बे; ए बन्ने मली चार थया. ए प्रकारेज अपर द्वीप द्वय संबंधी चतुष्टय महाविदेह

नेविषे चार चार करतां शोल थाय ने प्रथमना चार मली वीसनी संख्या थाय. भरत अने ऐरवत एओनेविषे युगलियाना काले एकांत सुख आश्रीने अभावज छे. वीजा केटलाएक सूरि कहे छे के, जघन्ये करी दशज तीर्थंकरो विहार करे छे. कारण के, पांच महाविदेहना पूर्वापर विदेहनेविषे प्रत्येक विहार करनार एकेक नोज सद्भाव होवाथी दश तीर्थंकरो लन्यमान थाय छे. ए तेरमो द्वार थयो.

हवे प्रतिजन्म आश्रयीजोतां उत्कृष्टथी एक काले वीस जिनोनी पछे वीस तीर्थंकरोनो जन्म थाय छे. केमके, सर्व तीर्थंकरनो अर्द्धरात्र समयेज जन्म थाय छे. माटे महाविदेह क्षेत्रनेविषे तीर्थंकरना जन्म समये भरत ने ऐरवत क्षेत्रोमां दिवसोनो सद्भाव होवाथी तीर्थंकरनो उत्पत्तिनो अभाव छे, तेथी एटलाज थायछे आशंकाः— महाविदेहवर्त्ति विजयनेविषे चार थकी अधिक तीर्थंकरोनी उत्पत्तिनो संभव छे, तेथी उत्कृष्टथी वीसज केम कह्या ?

उत्तरः— अहो मेरुनेविषे पांडुक वनमांनी चूलिकानी चार दिशाउ मध्ये प्रत्येक चार योजन प्रमाण बाहुल्य ने पांच योजन शत प्रमाण आयाम ने मध्य भागनेविषे साडात्रण शें योजन प्रमाण विष्कंभ. अर्द्धचंद्र संस्थान संस्थित, सर्वश्वेत, सुवर्णमय, एवी चार अभिषेकशिला छे. त्यां चूलिकाना पूर्व दिग्भाविनी पांडुकंबल शिलानेविषे बे तीर्थंकरोना अभिषेक सिंहासन छे, तेमां एक उत्तर ने एक दक्षिण छे. त्यां जे शीता महानदीना उत्तरमां कच्छादि विजयनेविषे तीर्थंकर उत्पन्न थायछे. तेने उत्तर सिंहासननेविषें देवेंद्र अभिषेक करेछे. अने जे शीता महानदीना दक्षिण भागनेविषे मंगलावती प्रमुख विजयमां उत्पन्न थायछे तेने दक्षिणात्य सिंहासननी उपर अभिषेक करेछे. तेमां एक उत्तर ने एक दक्षिण एवा बे सिंहासन छे. त्यां शीतोदा महानदीनी दक्षिण दिशामां पद्मादि विजयनेविषे जे तीर्थंकर उत्पन्न थायछे ते दक्षिण सिंहासने अभिषिक्त थाय छे. अने जे शीतोदा महानदीनी उत्तर दिशामां गंधिलावति प्रमुख विजयनेविषे उत्पन्न थाय छे ते उत्तर सिंहासने अभिषिक्त थायछे, तथा जे भरत क्षेत्रनेविषें तिर्थंकरो उत्पन्न थायछे, ते चूलिकाना दक्षिण दिग्भाविपांडु कंबल शिलानेविषे अभिशिक्त थायछे. जे ऐरवत क्षेत्रनेविषे उत्पन्न थायछे ते उत्तर दिग्भाविनी रक्त कंबल शिलानेविषे अभिषिक्त थायछे. जे सिंहासन कह्यां ते बधां रत्नमय छे ते बधां पांचसें धनुष्य आयाम विष्कंभनां. अने साडात्रणशें धनुष्य बाहुल्य प्रमाणे छे. एथी अधिक सिंहासननो अभाव होवाथी विदेहोनेविषे चारना करतां अधिक तीर्थंकरोनो एक

काले उत्पन्न थवानो अन्नाव छे. अने जघन्यथी एक काले दशज तीर्थंकरो उत्पन्न थाय छे. तेमां नरतनेविषे पांच, अने ऐरवतनेविषे पांच, मली दश जाणवा. कारण के, प्रत्येके एकेकनोज सद्भाव छे. नरत ने ऐरवतनेविषे जिनजन्म समयेमहा विदेहमां दिवस सद्भाव होवाथी अधिकनी उत्पत्ति थती नथी. ए चौदमो द्वार थयो. ३२ए

अवतरणः– जिण 'गणहरत्ति' एटले श्री तीर्थंकरोना गणधरोनी संख्यानो पंदरमो द्वार कहेछेः– मूलः– चुलसोइ पंच नवई बिउत्तरं सोल सुत्तर सयंच; सत्तुत्तर पण नवई, केणउई अट्ठसोई य. ॥ ३३० ॥ एक्कासीई बावत्तरी य छाव ठि सत्तवन्ना य; पन्ना तेआसोला, उत्तीसा चेव पणतीसा, ॥३३१॥ तेतीस अठ वीसा, अठारस चेव तहय सत्तरस; इक्कारस दस इक्कारसेव इय गणहर पमाणं॥३३२॥

अर्थः– श्री ऋषनदेव स्वामीना चोराशी गणधर; अजित नाथ स्वामीना पचाणु गणधर; संनव स्वामीना एक शो ने बोतेर गणधर; अनिनंदन जिनना एक सो ने सोल गणधर; सुमतिनाथना एक शो पूरा; पद्मप्रन स्वामीना एक शो ने सात गणधर; सुपार्श्व स्वामीना पंचाणु गणधर; चंद्रप्रन स्वामीना त्र्याणु गणधर; सुविधि नाथना अठ्याशी गणधर; शीतल जिनता एक्याशी गणधर; श्रेयांश स्वामीना छोतेर गणधर; वासुपूज्यना छासठ गणधर; विमल नाथना सत्तावन; अनंत नाथना पचाश; धर्म जिनना तेतालीश; शांतिनाथना छत्रीश गणधर; कुंथुनाथना पांत्रीश गणधर; अर जिनना तेत्रीश गणधर; मल्लि जिनना अठ्यावीश गणधर; मुनि सुव्रत स्वामीना अढार गणधर; नमिनाथना सत्तर गणधर; नेमिनाथना अग्यार गणधर; श्री पार्श्वनाथ स्वामीना दश गणधर; अने श्रीवीर नगवानना अग्यार गणधर जाणवा. ए प्रकारे करी ऋषनादि चोवीश तीर्थंकरोना यथा क्रमे करी गणधर एटले जे मूल सूत्र कर्त्ता तेउनुं प्रमाण कह्युं. ॥ ३३२ ॥ ए पंदरमो द्वार थयो.

अवतरणः– 'मुणित्ति' एटले तीर्थंकरोना मुनिओनी संख्यानो शोलमो द्वार कहे छेः– मूलः– चुलसीइ सहस्साए, ग लक्क दो लक्क तिन्नि लक्का य; वीसहिया तीसहिया, तिन्निय अट्ठाई ड इक्कं ॥ ३३३ ॥ चउरासीइ सहस्सा, बिसत्तरी अठ सठि छावठी; चउसठी वासठी, सठी पन्नास चालीसा ॥ ३३४ ॥ तीसा वीसा अठारसेव सोलसय चउदस सहस्सा; एअं साहु पमाणं, चउवीसाए जिण वराणं ॥ ३३५ ॥ अर्थः– आद्य जिनना चोरासी हजार, अजित नाथना एक लाख, ए प्रमाणे अनुक्रमे त्रीजातीर्थंकरना बे लाख; चोथाना त्रण लाख; पांचमाना त्रण लाखने वीस हजार; छगना त्रण लाखने त्रीश हजार; सातमाना त्रण लाख; आठ

माना अढी लाख; नवमाना बे लाख; दशमाना एक लाख; अग्यारमाना चोराशी हजार; बारमाना बोतेर हजार; तेरमाना अम्सव हजार; चौदमाना ढासव हजार; पंदरमाना चोसव हजार; शोलमाना बासव हजार; सतरमाना साव हजार; अहारमाना पचाश हजारः उंगणीशमाना चालीश हजार; वीशमाना त्रीश हजार; एकवीशमाना वीश हजार; बावीशमाना अढार हजार, त्रेवीशमाना शोल हजार; अने चोवीशमा श्रीवर्द्धमान स्वामीना चउद हजार मुनिउ हता. ए क्रमे करी चोवीश तीर्थंकरोना साधुउनुं प्रमाण कह्युं. ॥ ३३५ ॥

अवतरणः— कहेला सर्वे साधुउनी जे संख्या थाय छे ते कहेछेः— अहावीसं लक्का, अडयालीसं च तह सहस्साइं; सव्वेसिंपि जिणाणं, जईणमासं विणिद्दिहं ॥ ३३६ ॥ अर्थः— अठ्यावीश लाख ने अडतालीश हजार एटलुं सर्वे जिनोना यतिउनुं परिमाण जाणवुं. तें जेउने जिनेंद्रे पोते दीक्षा दीधेली छे तेउनुं समजवुं, परंतु गणधरोए जेउने दीक्षा दीधी छे तेउनुं नही. केम के, ते यतिउ घणा छे. ॥ ३३६ ॥ ए शोलमो द्वार पूरो थयो.

अवतरण.— 'समणित्ति' एटले साध्वीउनी संख्यानो सत्तरमो द्वार कहेछेः— मूलः— तिन्निय तिन्निय तिन्निय, छ पंच चउरो चऊ तिगेक्केक्का; लखाउ सहमो तुं, तडवरि सहसाणि मासंखा. ॥ ३३७ ॥ आ गाथामां एकली संख्या मात्रज कही छे. जेम के. त्रण. त्रण. त्रण. छ. पांच. चार, चार, त्रण, एक अने एक एटला लाख क्रमेकरी थायछे; तेमां ऋषभ जिननी आर्यिकाउनी संख्या त्रण लाख; एमने मुकीने बाकीना जिनोनी साध्वीउनी संख्यानी उपर क्रमेकरी जेटला हजारो अधिक छे ते कहे छेः— मूलः— तीसा छत्तीसा तीस तीसा वीसा य तीस असई य; वीसा दसम जिणिंदे, लक्कोवरि अह्निया छक्कं. ॥३३८॥ अर्थः—त्रीश; छत्रीस; त्रीश, त्रीश, वीश; त्रीश; एशी; वीश एटला हजार अनुक्रमे कहेली बीजा तीर्थंकर थी दशमां तीर्थंकर सुधि लक्षांक संख्यानी उपर समजवी. जेम के, प्रथम जिननी तो त्रण लक्षज जाणवी. अने अजित नाथनी त्रण लाखने त्रीश हजार; संभव जिननी त्रण लाख ने छत्रीश हजार; अभिनंदन जिननी छ लाखने त्रीश हजार; सुमति नाथनी पांच लाख ने त्रीश हजार; पद्मप्रभनी चार लाख ने वीश हजार; सुपार्श्व जिननी चार लाख ने त्रीश हजार ; चंद्रप्रभनी त्रण लाख ने एशी हजार; सुविधि जिननी एक लाख ने वीश हजार; अने दशमा शीतल जिननी एक लाख ने छ आर्या उ जाणवी. ॥ ३३८ ॥

अवतरणः— हवे श्रेयांशादि जिनोनी आर्य्यीओनुं प्रमाण कहेछेः— मूलः— लरको तिन्नि सहस्सा, लरको लरको य अठ सय सहिउ; बासठी पुण बासठि स हस अहिया चक सणहिं. ॥ ३३९ ॥ छ सया सव इग सठी, सठी छ सया य सठि पण पन्ना; पन्नेग चत्त चत्ता; अडतीस छतीस सहसा य. ॥३४०॥ अर्थः—श्रे यांश जिननी एक लाखने त्रण हजार साध्वीउ; वासुपूज्य जिननी एक लाख; विम ल जिननी एक लाख ने आठ शे; अनंत जिननी बासठ हजार; धर्म जिननी बा सठ हजारने चारशें; शांति जिननी एकसठ हजार ने छ शें; कुंथुनाथ जिननी साठ हजार अने छ शें; अर जिननी साठ हजार; मल्लि जिननी पंचावन हजार मुनि सुव्रतनी पचाश हजार; नमिनाथ जिननी एकतालीश हजार; नेमिनाथ जि ननी चालीश हजार; पार्श्वनाथ स्वामीनी अमत्रीश हजार अने श्रीमहावीर स्वा मीनी साध्वीउनी संख्या छत्रीश हजार जाणवी. ॥ ३४० ॥

अवतरणः— कहेली सर्व साध्वीउनी जे एकंदर संख्या थाय छे ते कहेछेः— मूलः— चोआलीसं लरका, बायाल सहस्स चोसय समग्गा; अज्जा छक्कं एसो, अ ज्जाणं संगहो कमसो. ॥ ३४१ ॥ अर्थः— चुमालीस लाख बेतालीस हजार बार शें ने छ साध्वीउ एकंदर थायछे. एम क्रमे करीने सर्व आर्याओनो संग्रह जाणीले वो॥ ३४१ ॥ सत्तरमो द्वार पूर्ण थयो.

अवतरणः— 'वेउव्वियत्ति' एटले वैक्रिक लब्धिने धारण करणाराउनी संख्या नो अढारमो द्वार कहे छेः— मूलः— वेउव्विय लद्धीणं, वीस सहस्सा य सय छ गप्पहिया; वीस सहस्सा चउ सय, इगुणीस सहस्स अठ सया. ॥ ३४२ ॥ इगु णिस सहस्स अठार चउ सया सोल सहस अठ सया; सतिसय पनरस चउद स, तेरस बारस सहस दसमे. ॥ ३४३ ॥ इक्कारस दस वव अठ सत्त छ सहस्स एग वन्न सया; सत्त सहस्स सति सया, दुन्नि य सहसा नव सयाइं. ॥ ३४४ ॥ डुन्नि सहस्सा पंचय, सहस्स पनरस सयाइ नेमिंमि; इक्कारस सयपासे, सयाइ सत्तेव वीर जिणे. ॥ ३४५ ॥ अर्थः— जेओने अनेक प्रकारना वैक्रियरूप करवा नी शक्ति छे एवा वैक्रिय लब्धिवान जनोनी संख्या आद्य जिनने वीस हजार ने छ शेंनी जाणवी. अजित जिनना वीस हजार ने चारशें; संभव जिनना ओग णीश हजार ने आठ शें; अभिनंदन जिनना ओगणीश हजार; सुमति जिनना अ ढार हजार ने चार शें; पद्म प्रभना शोल हजार एक शें ने आठ; सुपार्श्वना पं दर हजार ने त्रण शें; चंद्रप्रभना चौद हजार; सुविधिना तेर हजार; शीतल

जिनना बार हजार; श्रेयांस जिनना अग्यार हजार; वासुपूज्यना दश हजार; विमलना नव हजार; अनंत जिनना आठ हजार; धर्म जिनना सात हजार; शांति नाथना छ हजार, कुंथु जिनना पांच हजार ने एक शो, अर जिनना सात हजार ने त्रणशें; मल्लि जिनना बे हजार ने नवशें; मुनिसुव्रत स्वामीना बे हजार; नमि जिनना पांच हजार; नेमि जिनना दोढ हजार; श्रीपार्श्वनाथना अग्यार शें; अने वीर जिनना सातशें वैक्रिय लब्धिवान मुनीओ जाणवा. ॥ ॥ ३४५ ॥ ए अढारमो द्वार समाप्त थयो.

अवतरणः– 'वाइत्ति' एटले तीर्थंकरोना वादीओनी संख्यानो ओगणीशमो द्वार कहेछेः– मूलः– सड्ढ छ सया दुवालस, सहस्स बारसय चउसय नहीया; बारेक्कारस सहसा, दस सहसा छ सय पन्नासा. ॥ ३४६ ॥ छन्नउई चुलसीई, छ हत्तरी सट्ठि अट्ठवन्ना य; पन्नासा य सयाणं, सीयाला अट्ठ बायाला. ॥३४७॥ छत्तीसा बत्तीसा, अट्ठावीसा सयाणि चउवीसा; बिसहस्सा सोल सया, चउदस बारस दस सयाइं. ॥ ३४८ ॥ अट्ठ सया छच्च सया, चत्तारि सयाइ हुंति वीरंमि; वाइ मुणीण पमाणं, चउवीसाए जिनवराणं. ॥ ३४९ ॥ अर्थः– राजसभानेविषे प्रतिवादीओनी साथे प्रमाण युक्त भाषण करनारा बार हजारने साडा छ शें वादीओ प्रथम तीर्थंकरना जाणवा. अजितनाथना बार हजार ने चार शें; संभव जिनना बार हजार; अभिनंदन जिनना अग्यार हजार; सुमति जिनना दश हजार ने सा डा छ शें; पद्मप्रभ जिनना नव हजार ने छ शें; सुपार्श्वजिनना आठ हजार ने चार शें; चंद्रप्रभ जिनना सात हजार ने छ शें; सुविधि जिनना छ हजार; शीतल जिनना पांच हजार ने आठ शें; श्रेयांस जिनना पांच हजार; वासुपूज्य जिनना चार हजार ने सात शें; अथवा मतांतरे चार हजार ने बशें पण कहेला छे. वि मल जिनना त्रण हजार ने छशें; अनंत जिनना बत्रीश शें; धर्म जिनना बे ह जार ने आठ शें; शांतिनाथ जिनना चोवीस शें; कुंथु जिनना बे हजार; अरनाथ जिनना शोल शें; मल्लि जिनना चौद शें; मुनिसुव्रतना बार शें; नमिनाथ जिनना एक हजार; नेमिनाथ जिनना आठ शें; श्रीपार्श्व जिनना छ शें अने वीर जिनना चार शें वादी वाद समारंभनेविषे सुरासुरने पण अजय एवा यतिओनुं प्रमाण कह्युं. ॥ ३४९ ॥ ए ओगणीशमो द्वार परिपूर्ण थयो.

अवतरणः– हवे 'अवहित्ति' एटले तीर्थंकरोना अवधि ज्ञानीओनो वीशमो द्वार कहे छेः– मूलः– ओहीनाणि मुणीणं, नउइ चउणवइ छन्नवइ सयाणि;

अट्ठाणवइ सयाइं, इक्कारस दस नव सहस्सा. ॥ ३५० ॥ असीइ चुलसि बहुत्तरि सट्ठी चउपन्न अठ चत्ताला; तेआला छत्तीसा, तीसा पणवीस छवीसा. ॥ ३५१॥ बावीसा अट्ठारस, सोलस पन्नरस चउ दस सयाणि; तेरस साहुण सयाणि, उही नाणीण वीरस्स. ॥ ३५२ ॥ अर्थः—प्रथम जिनना अवधि ज्ञानी मुनि नव हजार जाणवा; अजित नाथना नव हजार ने चार शें; संभव जिनना नव हजार ने छ शें; अभिनंदन जिनना नव हजार ने आठ शें; सुमति जिनना अग्यार हजार; पद्मप्रभ जिनना दश हजार; सुपार्श्व जिनना नव हजार; चंद्रप्रभ जिनना आठ हजार; सुविधि जिनना आठ हजार ने चार शें; शीतल जिनना बोतेर शें; श्रेयांस जिनना छ हजार; वासुपूज्य जिनना पांच हजार ने चार शें; विमल जिनना चार हजार ने आठ शें; अनंत नाथना चार हजार ने त्रण शें; धर्म जिनना त्रण हजार ने छ शें; शांतिनाथ जिनना त्रण हजार; कुंथुनाथ जिनना बे हजार ने पांच शें; अरनाथना बे हजार ने छ शें; मल्लि जिनना बे हजार ने ब शें; मुनिसुव्रतना एक हजार ने आठ शें; नमिनाथना एक हजार ने छ शें; नेमीश्वर भगवानना पंदर शें; श्रीपार्श्व जिनना चउद शें अने चरम जिनना तेर शें अवधि ज्ञानिउ जाणवा. ॥ ३५२ ॥ ए वीशमो द्वार पूरो थयो.

अवतरणः— हवे 'केवलित्ति' एटले तीर्थंकरोना केवल ज्ञानीओनी संख्यानो एकवीशमो द्वार कहे छेः— मूलः— वीस सहस्सा उसहे, वीसं बावीस अहव अजियस्स; पनरस चउदस तेरस, बारस इक्कारस दसेव. ॥ ३५३ ॥ अड्ढम सत्तेवय, छस्सड्ढा छच्च पंच सड्ढाय; पंचेव अड्ढ पंचम, चउ सहसा तिन्नि य सयाय. ॥ ३५४ ॥ बत्तीस सया अहवा, बावीस सयाइ हुंति कुंथुस्स; अट्ठावीसं बावीस तहय अट्ठारस सयाइं. ॥ ३५५ ॥ सोलस पन्नर दस सय, सत्तेव सया हवंति वीरस्स; एयं केवलि नाणं, मण पज्जव नाण मिन्हिंतु. ॥ ३५६ ॥ अर्थः— ऋषभदेव भगवानना वीस हजार केवली. अजित जिनना वीश हजार अथवा बावीश हजार; संभव जिनना पंदर हजार; अभिनंदनना चौद हजार; सुमति जिनना तेर हजार; पद्मप्रभ जिनना बार हजार; सुपार्श्व जिनना अग्यार हजार, चंद्रप्रभ जिनना दश हजार; सुविधि जिनना साडा सात हजार; शीतल जिनना सात हजार; श्रेयांस जिनना साडा छ हजार; वासुपूज्य जिनना छ हजार; विमल जिनना साडा पांच हजार; अनंत जिनना पांच हजार; धर्म जिनना साडा चार हजार; शांतिनाथ जिनना चार हजार ने त्रण शें, कुंथु जिनना त्रण हजार ने ब शें अ

थवा बे हजार ने बशें; अरजिनना बे हजार ने आठ शें; मल्लि जिनना बावीस शें; मुनिसुव्रत जिनना एक हजार ने आठ शें; नमि जिनना एक हजार ने ब शें; नेमि जिनना दोड हजार; पार्श्वनाथ स्वामीना एक हजार अने वीर जगवानना सात शें; एटले केवलज्ञानवान साधुओनी संख्या समजवी. ए प्रमाणे पूर्वोक्त क्रमे करी तीर्थंकरोना केवलीओनुं प्रमाण कह्युं; हवे मनः पर्यव ज्ञानीओनुं मान कहे बेः— ॥ ३५६ ॥ ए एकवीशमो द्वार पूरो थयो.

अवतरणः— हवे 'मणनाणित्ति' एटले बावीशमो मनःपर्यव ज्ञानीओनो द्वार कहेबेः— मूलः— बारस सहस्स तिएहं, सय सड्ढा सत्त पंचय दिवड्ढं; एगदस सड्ढ बस्सय, दस सहसा चउ सया सड्ढा. ॥३५७॥ दस सहसा तिन्नि सया, नव दिवढ सया य अठ सहसा य; पंच सय सत्त सहसा, सुविहि जिणे सीयले चेव ॥ ३५८ ॥ ब सहस्स दोन्हि मित्तो, पंच सहस्साय पंच य सयाइं; पंच सहस्सा चउरो, सहस्स सय पंच य प्रहिया. ॥ ३५९ ॥ चउरो सहस्स तिन्नि य, तिन्ने व सया हवंति चालीसा; सहस डुगं पंच सया, इगवन्ना अर जिणंदस्स ॥३६०॥ सत्तरि सयाइ पन्ना, पंच दस सया य बार सय सठा; सहसो सय अद्धठम, पंचेव सयाउ वीरस्स. ॥ ३६१ ॥ अर्थः— आदि जिनना मनः पर्यव ज्ञानी बार हजार ने साडा सात शें; अजित जिनना साडा बार हजार; संजव जिनना बार हजार ने दोड शें; अजिनंदन जिनना अग्यार हजार ने साडा ब शें; सुमति जिनना दश हजार ने साडा चार शें; पद्मप्रज जिनना दश हजार ने त्रण शें; सुपार्श्व जिनना नव हजार ने दोड शें; चंद्रप्रज जिनना आठ हजार; सुविधि जिनना साडा सात हजार; शीतल जिनना साडा सात हजार; श्रेयांस जिनना ब हजार; वासुपूज्य जिनना ब हजार; विमल जिनना साडा पांच हजार; अनंत जिनना पांच हजार; धर्म जिनना साडा चार हजार, शांति जिनना चार हजार; कुंथु जिनना त्रण हजार त्रण शें ने चालीश; अरजिनना अडी हजार ने एकावन; मल्लिजिनना साडा सत्तर शें; मुनिसुव्रतना पंदर शें; नमि जिनना बार शें ने साठ; नेमि जिनना एक हजार; पार्श्वनाथ स्वामीना साडा सात शें अने श्री महावीर स्वामीना पांच शें मनःपर्यव ज्ञानी जाणवा. ॥३६१॥ ए बावीशमो द्वार पूर्ण थयो.

अवतरणः— हवे 'चउदस पुव्वित्ति' एटले तीर्थंकरोना चौद पूर्वने धारण करनारा साधुओनी संख्यानो त्रेवीशमो द्वार कहेबेः— मूलः— चउदस पुव्वि सहस्सा, चउरो अद्धठ माणिय सयाणि; वीसहिय सत्ततीसा, इगवीस सयाय पन्नासा.॥

॥ ३६२ ॥ पनरस चउवीस सया, तेवीस सया य वीस सय तीसा; दो सहस प नरस सया, सय चउदस तेरस सयाइं. ॥ ३६३ ॥ सय बारस एक्कारस, दस नव अठेव छच्च सय सयरा; दसहिअ छच्चेव सया, छच्च सया अठ सठ हिया. ॥ ३६४ ॥ सय पंच अद्ध पंचम, चउरो अद्ध तिन्निय सयाइं; उसभाइ जिणंदा णं, चउदस पुव्वीण परिमाणं. ॥ ३६५ ॥ अर्थः– आदि जिनना चार हजार ने साडा सात शें चौद पूर्वधर; श्रीअजित जिनना त्रण हजार सात शें ने वीश; श्रीसंभव जिनना बे हजार एक शो ने पचाश; श्रीअभिनंदन जिनना दोढ हजार; श्रीसुमतिजिनना बे हजार ने चार शें; श्रीपद्मप्रभ जिनना बे हजार ने त्रण शें; श्रीसुपार्श्व जिनना बे हजार ने त्रीश; श्रीचंद्रप्रभ जिनना बे हजार; श्रीसुविधि जिनना दोढ हजार; श्री शीतल जिनना एक हजार ने चार शें; श्री श्रेयांस जिनना तेर शें; श्री वासुपूज्य जिनना बार शें; श्रीविमल जिनना अग्यार शें; श्रीअनंत जिनना एक हजार; श्रीधर्मजिनना नव शें; श्रीशांति जिनना आठ शें; श्रीकुंथु जिनना छ शें ने शितेर; श्रीअर जिनना छ शें ने दश; श्रीमल्लि जिनना छ शें ने अडसठ; श्रीमुनिसुव्रत जिनना पांच शें; श्रीनमि जिनना साडा चार शें; श्रीनेमि जिनना चार शें; श्रीपार्श्व जिनना साडा त्रण शें; श्रीवीर जिनना त्रण शें; ए पूर्वोक्त ऋषभादि जिनेंद्रोना क्रमे करी चतुर्दश पूर्विओनुं परिमाण कह्युं.

अवतरणः– हवे 'सड्ढित्ति' एटले तीर्थंकरोना श्रावकोनो चोवीशमो द्वार कहेछेः–मूलः– पढमस्स तिन्नि लक्खा, पंच सहस्सा दु लक्ख जा संति; लक्खोवरि अड नउई, तेणउई अठसीई य. ॥ ३६६ ॥ एगासी छावत्तरि, सत्तावन्नाय तह्य पन्नासा; एगुण तीस नवासी, इगुणासि पन्नरस छेव. ॥ ३६७॥ छन्निय सहस्स चउरो, सहस्स नउई सहस्स संतिस्स; तत्तो एगो लक्खो, उवरिं गुणसी य चुलसी य ॥ ३६८ ॥ तेयासी बावत्तरि, सत्तरि इगुणत्तरीय चउसठी; एगुणसठि सहस्सा, सावग्गाणं जिणवराणं. ॥३६९॥ अर्थः–आदि जिनना श्रावक त्रण लक्ष ने पांच हजार; श्री अजित जिनना बे लाख ने अठाणु हजार; श्री संभव जिनना बे लाख ने त्र्याणु हजार; श्री अभिनंदन जिनना बे लाख ने अठ्याशी हजार; श्री सुमति जिनना बे लाख ने एक्याशी हजार; श्री पद्मप्रभ जिनना बे लाख ने छोतेर हजार; श्री सुपार्श्व जिनना बे लाख ने सत्तावन हजार; श्री चंद्रप्रभ जिनना बे लाख ने पचाश हजार; श्री सुविधि जिनना बे लाख ने ओगणत्रीश हजार; श्री शीतल जिनना बे लाख ने नेव्याशी हजार; श्री श्रेयांस जिनना बे लाख ने ओ

गणाशी हजार; श्री वासुपूज्य जिनना बे लाख ने पंदर हजार; श्री विमल जिन ना बे लाख ने आठ हजार; श्री अनंत जिनना बे लाख ने छ हजार; श्री धर्म जिनना बे लाख ने चार हजार; श्री शांति जिनना बे लाख ने नेवु हजार; कुंथु जिनना एक लाख ने ओगणाशी हजार; श्री अर जिनना एक लाख ने चोराशी हजार; श्री मल्लि जिनना एक लाख ने त्याशी हजार; श्री मुनि सुव्रत जिनना एक लाख ने बोतेर हजार; श्री नमि जिनना एक लाख ने सित्तेर हजार; श्री नेमि जिनना एक लाख ने उगणोतेर हजार; श्री पार्श्व जिनना एक लाखने चोसठ हजार; श्री महावीर स्वामीना एक लाख ने ओगणसाठ हजार; एवी रीते चोवीश जिनवरेंद्रना श्रावकोनुं क्रमेकरी प्रमाण जाणवुं॥३६९॥ए चोवीशमो द्वारथयो.

अवतरणः–हवे 'सड्ढीणंत्ति' एटले तीर्थंकरोनी श्राविकाउनी संख्यानो पचीशमो द्वार कहेछेः–मूलः–पढमस्स पंच लक्खा, चउपन्न सहस तयाणु पण लक्खा; पणयालीस सहस्सा, छ लक्ख छत्तीस सहसा य ॥ ३७०॥ सत्तावीस सहस्सा, हिय लक्खा पंच पंच लक्खा य; सोलस सहस्स अहिया, पण लक्खा पंचउ सहस्सा ॥ ३७१ ॥ उवरिं चउरो लक्खा, धम्मोजा उवरि सहस तेणवई; इग नवई इगहुत्तरि, अमवन अडयाल छत्तीसा. ॥ ३७२ ॥ चउवीसा चउदस तेरसेव तत्तो तिलक्ख जावीरो; तडुवरि तिनवइगासी, बिसत्तरी सयरि पन्नासा. ॥ ३७३ ॥ अमयाला छत्तीसा, इगु चत्तद्वार सेवय सहस्सा; सड्ढीण माण मेयं, चउवीसाए जिणवराणं ॥३७४॥ अर्थः--तत्र प्रथम श्री आदिजिननी श्राविकाओ पांच लाख ने चोपन हजार जाणवी. श्री अजित जिननी पांच लाख ने पिसतालीश हजार; संभव जिननी छ लाख ने छत्रीश हजार; श्री अभिनंदन जिननी पांच लाख ने सत्यावीश हजार; श्री सुमति जिननी पांच लाख ने शोल हजार; श्री पद्मप्रभ जिननी पांच लाख ने पांच हजार; श्री सुपार्श्व जिननी चार लाख ने त्याणु हजार; श्री चंद्रप्रभ जिननी चार लाख ने एकाणु हजार; श्री सुविधि जिननी चार लाख ने एकोत्तेर हजार; श्री शीतल जिननी चार लाख ने अठावन हजार; श्री श्रेयांस जिननी चार लाख ने अमतालीश हजार; श्री वासुपूज्यनी चार लाख ने छत्रिस हजार; श्री विमल जिननी चार लाख ने चोवीश हजार; श्री अनंत जिननी चार लाख ने चौद हजार; श्री धर्म जिननी चार लाख ने तेर हजार; श्री शांति जिननी त्रण लाख ने त्याणु हजार; श्री कुंथु जिननी त्रण लाख ने एक्याशी हजार; श्री अर जिननी त्रण लाख ने बोत्तेर हजार; श्री मल्ली जीननी त्रण लाख ने शित्तेर हजार. श्री मुनिसुव्रत जिननी त्रणला

ख ने पचाश हजार; श्री नमि जिननी त्रण लाख ने अमतालीश हजार; श्री नेमि जिननी त्रण लाख ने उत्रीश हजार; श्री पार्श्व जिननी त्रण लाख ने ओगणचालीश हजर; अने श्रीवीर जिननी त्रण लाख ने अढार हजार; ए रीते चोवीश जिनेंद्रोनी श्राविकाओनुं प्रमाण कह्युं. ॥ ३७४ ॥ पचीशमो द्वार पूरो थयो.

अवतरणः— हवे 'जिण जरकत्ति' सर्व तीर्थंकरोना यक्षोनां नामोनो बवीशमो द्वार कहे छेः— मूलः— जक्क गोमुह मह् जक्क तिमुह ईसर सतंबरू कुसुमो; मायंगो विजया जिय, बंनो मणुउसुरकुमारो. ॥ ३७५ ॥ छम्मुह पयाल किन्नर, गुरुम्हो गंधव तह्य जरिकंदो; कूबर वरुणो निउम्ही, गोमेहो वामण मयंगो. ॥३७६

अर्थः— नक्तिनेविषे दक्ष एवा तीर्थंकरोना यक्ष तेमां प्रथम श्री आदि जिनेंद्रनो गोमुख नामे यक्ष तेनो सुवर्णना जेवो वर्ण कह्यो छे, गज वाहन, चार भुजाउ, वरदाक्ष मालिका युक्त, बे दक्षिण हस्तोनेविषे मातुलिंग अने बे वाम हस्त पाशकान्वित छे. श्री अजित जिननो महा नामनो यक्ष, तेना चार मुख, श्यामवर्ण, करींद्र वाहन, आठ हाथ; वरद मुग्नराक्ष सूत्र पाशक अन्वित दक्षिण दिशाना चार हाथ अने वाम दिशाना चार हाथो बीजपूरक अनय अंकुश शक्तियुक्त जाणवा. श्रीसंनव जिनना यक्षनुं नाम त्रिमुख; तेना त्रण मुख छे, त्रण नेत्र, श्याम वर्ण, मयूर वाहन, ब भुजाउ तेमां नकुल गदानय युक्त, दक्षिण कर कमल त्रय; अने मातुलिंग नागाक्षसूत्रयुक्त वामपाणिपद्मत्रय जाणवां. श्री अनिनंदन जिनना यक्षनुं नाम ईश्वर; श्याम कांति, गजवाहन, चार भुजाउ, तेमां दक्षिणना करकमलद्वय मातुलिंगाक्षसूत्रयुक्त अने वामपाणिद्वय नकुलांकुशान्वित जाणवा. श्रीसुमति जिनना यक्षनुं नाम तुंबरु, श्वेतवर्ण, गुरुम्ह वाहन. चार भुजाउ, तेमां दक्षिणना बे हाथ वरद शक्तियुक्त, अने वामपाणिद्वय गदानागपाश युक्तजाणवां. श्री पद्मप्रन जिनना यक्षनुं नाम कुसुम, नीलवर्ण, कुरंग वाहन, चतुर्नुजा, तेमां दक्षिणनी बे फलानय युक्त, वाम दिशानी बे नकुलाक्षसूत्रयुक्त कही छे. श्री सुपार्श्व जिनना यक्षनुं नाम मातंग, नील वर्ण, गजवाहन, चतुर्नुजा, तेमांनी बे दक्षिण भुजा बिल्व पाशयुक्त अने बे वाम भुजाउ नकुलांकुश युक्त छे. श्रीचंद्रप्रन जिनना यक्षनुं नाम विजय, हरित वर्ण, त्रण लोचन, हंसवाहन, चार भुजाउ तेमां दक्षिणनी बेमां चक्र तथा वाम बाजुनी बेमां मुग्नल छे एम जाणवुं. श्री सुविधि जिनना यक्षनुं नाम अजित, श्वेतवर्ण, कूर्म वाहन, चार हाथ, तेमां दक्षिणना बे मातुलिंगाक्षसूत्रयुक्त, अने वाम हस्तद्वय नकुल कुंतकालयुक्त जाणवा. श्रीशीत

ल जिनना यक्षनुं नाम ब्रह्मा, एनां चार मुख, त्रण नेत्र, सितवर्ण पद्मासन, अ ष्ट भुजाउं तेमां दक्षिण पाणि चतुष्टय मातुलिंग मुजर पाशका नय युक्त, तथा वाम पाणि चतुष्टय नकुल गदा कुशाक्ष सूत्रयुक्त जाणवा. श्रीश्रेयांस जिनना य क्षनुं नाम मनुज, मतांतरे ईश्वर नाम पण कहेलुं छे, धवल वर्ण, त्रण नेत्रो, वृष भ वाहन, चतुर्भुजा, तेमां दक्षिण पाणि द्वय मातुलिंग गदायुक्त तथा वाम पाणि द्वय नकुलाक्ष सूत्रयुक्त जाणवा. श्रीवासुपूज्य जिनना यक्षनुं नामअसुर कुमार, श्वेत वर्ण, हंसवाहन, चतुर्भुजा तेमां दक्षिण पाणि द्वय मातुलिंग बाणान्वित तथा वाम पाणिद्वय नकुल धनुर्युक्त कह्या छे. श्री विमल जिनना यक्षनुं नाम षण्मुख, श्वेतवर्ण, शिखि वाहन, द्वादश भुजा, तेमां दक्षिण पाणिषट्क फल चक्र बाण खड्ग पाशाक्ष सूत्रयुक्त अने वाम पाणीषट्क नकुल चक्र धनु फलक अंकुश ने अनय युक्त जाणी लेवां. श्रीअनंत जिनना यक्षनुं नाम पाताल, त्रण मुख, रक्त वर्ण, मकर वाहन, छ भुजाउं, तेमां दक्षिण पाणित्रय पद्म, खड्ग तथा पाशयुक्त अने वाम पाणित्रय नकुल तथा फलकाक्ष सूत्र युक्त जाणवां. श्रीधर्म जिनना यक्षनुं नाम किन्नर, त्रण मुख, रक्तवर्ण, कूर्मवाहन, छ भुजाओ तेमांनी दक्षिण त्रण बीज पूरक गदा तथा अनय युक्त अने वाम भुजा त्रण नकुल प द्माक्ष नानायुक्त जाणवी. श्रीशांतिनाथ जिनना यक्षनुं नाम गरुड, वराह वाह न, क्रोड वदन, श्याम रुचि, चार भुजा तेमां दक्षिणकरद्वय बीज पूरकने पद्म युक्त अने वामकरद्वय नकुल अने अक्षयुक्त छे. श्रीकुंथुजिनना यक्षनुं नाम गं धर्व, श्यामवर्ण, हंस वाहन, चतुर्भुज तेमां दक्षिण बे पाणिमां वरद ने पाशक छे; अने वाम बे हाथमां मातुलिंग ने कुश छे. अरजिनना यक्षनुं नाम यक्षेंद्र, छ मुख, त्रण नेत्र, श्यामवर्ण, शंख वाहन, बार भुजा तेमां दक्षिण हाथ, बीज पूरक बाण खड्ग मुजर पाशक ने अनय युक्त छे; अने वाम हाथ, नकुल धनु फलक शूल अंकुश अक्ष सूत्र युक्त छे. श्री मल्लिजिनना यक्षनुं नाम कूबर चार मुख, इंद्रायुध वर्ण, गज वाहन, अष्ट भुजा तेमां दक्षिण हाथमां वरद परशु शू ल ने अनय छे अने वाम हाथमां बीजपूरक शक्ति मुजर अक्षसूत्र ने अनय छे. कोई कूबरने बदले कुबेर पण कहेछे. श्रीमुनिसुव्रतना यक्षनुं नाम वरुण, चतु र्मुख, त्रण नेत्र, श्वेत वर्ण, वृषभ वाहन, जटामुकुट भूषित, आठ भुजा तेमां दक्षिण हाथमां बीजपूरक गदा बाण शक्ति छे अने वाम हाथमां नकुल पद्मधनु परशु छे. श्री नमिजिनना यक्षनुं नाम भृकुटी चार मुख, त्रण नेत्र, सुवर्णवर्ण

वृषन वाहन, आठ भुजा तेमां दक्षिण करमां बीजपूरक शक्ति मुजर ने अनय ठे अने वाम करमां नकुल परशु वज्र ने अक्षसूत्र ठे. श्री नेमिजिनना यक्षनुं नाम गोमेधो, त्रण मुख, श्याम कांति, पुरुष वाहन, ठ भुजा तेमां दक्षिण हाथमां मातुलिंग परशु अने चक्र ठे; अने वाम हाथमां नकुल शूल ने शक्ति ठे. श्री पार्श्वजिनना यक्षनुं नाम वामन, मतांतरे पार्श्व पण नाम ठे. गजमुख, सर्पफणा मंभित मस्तक, श्याम वर्ण, कूर्म वाहन, चतुर्मुख, बे भुजा तेमां दक्षिण हाथमां बीजपूरक सर्प ठे अने वाम हाथमां नकुल सर्प ठे. श्रीमहावीर जिनना यक्षनुं नाम मातंग, श्यामवर्ण, गज वाहन, बे भुजा तेमां दक्षिणकरमां नकुल ने वाम करमां बीजपूरक ठे. ॥ ३७६ ॥ ए ठवीशमो द्वार कह्यो.

अवतरणः– हवे 'जिणदेवीउत्ति' जिन देवी एटले जे तीर्थंकरोनी देवीउं शासनाधिष्ठायिका तेओनां नामोनो सत्यावीशमो द्वार कहेठेः–

मूलः– देवीओ चक्केसरि, अजिआ डुरिआरि कालि महकाली; अच्चुय संता जाला, सुतारया सोय सिरिवच्छा. ॥ ३७७ ॥ पवर विजयंकुसा पन्न यत्ति निव्वाणि अच्चुया धरणी; वइरुट्ट छुत्त गंधारि अंब पउमावई सिद्धा. ॥ ३७८ ॥ अर्थः– तत्र आद्य जिननी देवीनुं नाम चक्रेश्वरी मतांतरे सणा प्रतिचक्रा, सुवर्ण वर्णा, गरुड वाहन, अष्ट भुजा, दक्षिण हाथमां वरद बाण चक्र ने पाश ठे अने वाम करमां धनुष्य वज्र चक्र ने अंकुश ठे. श्री अजित जिननी देवीनुं नाम अजिता, गौर वर्ण, लोहासनाधिरूढ, चतुर्भुज, दक्षिण हाथमां वरद ने पाशक ठे, अने वाम हाथमां बीजपूर ने अंकुश ठे. श्री संभव जिननी देवीनुं नाम डुरितारि, गौर वर्ण, मेघ वाहन, चतुर्भुज; दक्षिण हाथमां वरद ने अक्षसूत्र ठे अने वाम हाथमां फल ने अनय ठे. श्रीअभिनंद जिननी देवीनुं नाम काली, श्याम वर्ण, पद्मासन, चतुर्भुजा; दक्षिण हाथमां वरद ने पाश अने वाम हाथमां नाग ने अंकुश ठे. श्री सुमति जिननी देवीनुं नाम महाकाली सुवर्ण वर्ण, पद्मासन, चतुर्भुज, दक्षिण हाथमां वरद ने पाश अने वाम हाथमां मातुलिंग ने अंकुश ठे. श्रीपद्मप्रभ जिननी देवीनुं नाम अच्युता, मतांतरे श्यामा नाम पण ठे. श्याम वर्ण, नर वाहन, चतुर्भुज; दक्षिण हाथमां वरद ने बाण अने वाम हाथमां धनुष्य ने अनय ठे. श्री सुपार्श्व जिननी देवीनुं नाम शांता, सुवर्णवर्ण, गज वाहन, चतुर्भुज, दक्षिण हाथमां वरद ने अक्षसूत्र ठे अने वाम करमां शूल ने अनय ठे. श्री चंद्रप्रभ जिननी देवीनुं नाम ज्वाला, मतांतरे भृकुटी नाम पण ठे. पीतवर्ण, व

राजकाख्य जीव विशेष वाहन, चतुर्भुज, दक्षिण हाथमां खडग ने मुद्गर अने वाम हाथमां फलक अने परशु छे. श्री सुविधि जिननी देवीनुं नाम सुतारिका, गौर वर्ण, वृषभ वाहन, चतुर्भुज, दक्षिण हाथमां वरद ने अक्षसूत्र छे अने वाम करमां कलश ने अंकुश छे. श्री शीतल जिननी देवीनुं नाम अशोका, नीलवर्ण, पद्मासन, चतु र्भुज; दक्षिण हाथमां वरद ने पाश छे अने वाम हाथमां फलक ने अंकुश छे. श्री श्रेयांस जिननी देवीनुं नाम श्रीवत्सा, मतांतरे मानवा नाम पण छे. गौर वर्ण, सिंह वाहन, चतुर्भुज, दक्षिण बे हाथोमां वरद अने मुद्गर छे अने वाम बे हाथोमां कलश ने अंकुश छे. श्री वासुपूज्य जिननी देवीनुं नाम प्रवरा, मतांतरे चं द्रा पण नाम छे. श्यामवर्ण, अश्व वाहन, चतुर्भुज, दक्षिण बे हाथमां वरद ने श क्ति छे अने वाम हाथमां पुष्प ने गदा छे. श्रीविमल जिननी देवीनुं नाम विज या, मतांतरे विदिता, हरित वर्ण, पद्मासन, चतुर्भुज, दक्षिण बे हाथोमां बाण ने पाश अने वाम बे हाथोमां धनुष्य ने नाग छे. श्री अनंत जिननी देवीनुं नाम अं कुशा, गौरवर्ण, पद्मासन, चतुर्भुज; दक्षिण हाथमां खड्ग ने पाश छे अने वाम हाथमां फलक ने अंकुश छे. श्रीधर्म जिननी देवीनुं नाम पन्नगा, मतांतरे कंदर्पा गौर वर्ण, मत्स्य वाहन, चतुर्भुज, दक्षिण हाथमां उत्पल ने अंकुश अने वाम हाथमां पद्म ने अभय छे. श्रीशांतिनाथ जिननी देवीनुं नाम निर्वाण, सुवर्ण कां ति, पद्मासन, चतुर्भुज, दक्षिण हाथमां पुस्तक अने उत्पल, अने वाम हाथमां कमंडलु ने कमल छे. श्रीकुंथुजिननी देवीनुं नाम अच्युता, मतांतरे बला क नकछवि, मयूरवाहन चतुर्भुज, दक्षिण हाथमां बीजपूरक ने शूल अने वाम हा थमां मुषंढी ने पद्म छे. श्री अरजिननी देवीनुं नाम धारणी, नीलवर्ण, पद्मास न, चतुर्भुज, दक्षिण हाथमां मातुलिंग ने उत्पल अने वाम हाथमां पद्म ने अ क्षसूत्र छे. श्रीमल्लि जिननी देवीनुं नाम वैराट्या, कृष्णवर्ण, पद्मासन, चतुर्भुज दक्षिण हाथमां वरद ने अक्षसूत्र अने वाम हाथमां बीजपूरक ने शक्ति छे. श्री मुनिसुव्रत जिननी देवीनुं नाम अछुप्ता. मतांतरे नरदत्ता; कनकरुचि, भद्रासन चतुर्भुज, दक्षिण हाथमां वरद ने अक्षसूत्र अने वाम हाथमां बीजपूरक ने शूल छे. श्रीनमि जिननी देवीनुं नाम गांधारी, श्वेतवर्ण, हंस वाहन, चतुर्भुज, दक्षि ण हाथमां वरद ने खड्ग अने वाम हाथमां बीजपूरक ने कुंत छे. श्रीनेमि जिननी देवीनुं नाम अंबा, कनककांति, सिंह वाहन, चतुर्भुज, दक्षिण हाथमां आम्रलुंबी ने पाश वाम हाथमां चक्र ने अंकुश छे. श्रीपार्श्व जिननी देवीनुं

नाम पद्मावती, कनक वर्ण, कुर्कुट सर्प वाहन, चतुर्भुज, दक्षिण हाथमां पद्म ने पाश वाम हाथमां फल ने अंकुश छे. श्री वीर जिननी देवीनुं नाम सिद्धायिका, हरितवर्ण, सिंह वाहन, चतुर्भुज, दक्षिण हाथमां पुस्तक ने अभय अने वाम हाथमां बीजपूरक ने वीणा छे, अत्र सूत्रकारे यक्ष अने देवीउनां केव ल नामज कह्यां, पण नयन वदन वर्णादि स्वरूप कह्यां नथी ते अमे शिष्यना हितने अर्थे निर्वाणकलिकादि शास्त्रानुसारे करी किंचत् तदीय मुख, वर्ण, प्रहर णादिकनुं स्वरूप कह्युं. ॥ ३७८ ॥ ए सत्यावीशमो द्वार पूरो थयो.

अवतरणः–हवे ' तणुमाणंति ' एटले तीर्थंकरोना शरीरोना प्रमाणनो अठ्या वीशमो द्वार कहेछेः– मूलः–पंच धणुस्सय पढमो, कमेण पन्नासहीण जा सुविही दसहीणजा अणंतो, पंचूणा जाव जिण नेमि ॥ ३७९ ॥ नव हत्थ पमाणो पा,स सामिओ सत्त हत्थ जिण वीरो; उस्सेह अंगुलेणं, सरीरमाणं जिण वराणं.॥३८०॥ अर्थः– श्री आद्य जिनना शरीरनुं प्रमाण पांच शें धनुष्य; पछी श्री अजित जिनथी ते सुविधि जिन सुधि क्रमेकरी पचाश पचाश धनुष्य उछुं देहप्रमाण जाणवुं. एनो फलितार्थः– श्री अजित जिनना शरीरनुं प्रमाण साडा चार शें धनुष्योनुं, संभव, चार शें धनुष्य, श्री अभिनंदन साडा त्रण शें; श्री सुमति जिन त्रण शें; श्री पद्मप्रभ जिन, अडी शें; सुपार्श्व जिन ब शें; श्रीचंद्रप्रभ दोड शें; श्री सुविधि जि न एक शो. सुविधि नंतर अनंत जिनसुधी जेटला तीर्थंकरो छे, तेओनां शरीरोनुं प्रमाण क्रमेकरी दश दश धनुष्य उछुं करवुं. एटले सुविधिजिनना शरीरना प्र माणमांथी दश धनुष्यो उछां कस्याथी शीतल जिनना देहनुं मान नेवु धनुष्य छे. श्रेयांस जिन एंशी; श्री वासुपूज्य जिन सित्तेर; श्री विमल जिन साठ; अनं तजिन पचाश; हवे अनंत जिन पछी नेमि जिनसुधि जेटला तीर्थंकरो छे, तेटला ना शरीरोनुं प्रमाण अनुक्रमे पांच पांच धनुष्य उछुं करवुं. जेम के, अनंत जिन ना देहमानमांथी पांच धनुष्य उछुं कस्याथी श्री धर्म जिनना देहनुं मान पिशता लीश धनुष्य जाणवुं. श्री शांतिनाथ चालीश; श्री कुंथु पात्रीश; श्री अरजिन त्री श; श्री मल्लि जिन पचीश; श्री मुनिसुव्रत जिन वीश; श्री नमि जिन पंदर, श्री नेमि जिन दश; श्री पार्श्वजिनना शरीरनुं प्रमाण नव हाथ; अने श्री वीर जिन ना शरीरनुं प्रमाण सात हाथ जाणवुं. ए प्रकारे उत्सेधांगुलेकरी श्री जिनवरना शरीरनुं प्रमाण जाणवुं. ॥ ३८० ॥ ए अठ्यावीशमो द्वार पूरो थयो.

अवतरणः– हवे 'लछणत्ति, एटले श्री तीर्थंकरोनां लक्षणोनो उगणत्रीशमो

द्वार कहेछेः– मूलः– वसह गय तुरय मक्कड, कुंचो कमलंच सत्थिउ चंदो; मयर सिरिवच्छ गंमय, महिस वराहो य सेणेय. ॥ ३७१ ॥ वज्जं हरिणो छगलो, नंदा वत्तो य कलस कुम्मो य. नीलुप्पल संख फणी, सीहोअ जिणाण चिन्हाइंः॥३७२॥ अर्थः– वृषभ, गज, तुरंग, मर्कट, क्रौंच, कमल, स्वस्तिक, चंद्र, मकर, श्रीवत्स, गंमक, महिष, वराह, शीचाणो, वज्र, हरिण, छगल, नंदावर्त्त, कलश, कूर्म, नीलो त्पल, शंख, सर्प, सिंह, ए क्रमेकरी चोवीसे तीर्थंकरोनां चिन्ह जाणवां ॥ ३७२॥ ए उंगणत्रीशमो द्वार पूर्ण थयो.

अवतरणः– हवे 'वन्नाइति' एटले तीर्थंकरोना वर्णनो त्रीशमो द्वार कहेछेः– मूलः– पउमाभवासुपुज्जा, रत्ता ससि पुप्फदंत ससिगोरा; सुव्वय नेमी काला, पासो मल्ली पियंगाभा. ॥ ३७३ ॥ वरतवियकणयगोरा, सोलस तिछंकरा मुणे यव्वा; एसो वन्नविभागो, चउवीसाए जिणंदाणं. ॥ ३७४ ॥ अर्थः– पद्मप्रभ ने वासुपूज्य ए बन्नेनो वर्ण जासूना फूलना जेवो रातो छे; श्रीचंद्रप्रभ ने सुविधिनो वर्ण चंद्रनी पठे गौर छे; श्रीमुनिसुव्रत ने नमिनो वर्ण इंद्रनील मणिना जेवो कृष्ण छे; श्रीपार्श्व ने मल्लिनो वर्ण प्रियंगुपुष्पना जेवो नील छे. एओना शिवाय बाकी रहेला शोल तीर्थंकरो तपावेला सुवर्णना जेवा वर्ण वाला जाणवा. ए चो वीश तीर्थंकरोनो वर्णविभाग जाणवो. ॥ ३७४ ॥ ए त्रीशमो द्वार पूरो थयो.

अवतरणः– हवे 'वयपरिवारोत्ति' एटले जे तीर्थंकरे जेटला परिवारनी साथे दीक्षा लीधी ते व्रत परिवारनो एकत्रीशमो द्वार कहेछेः– मूलः– एगो भगवं वीरो, पासो मल्ली य तिहि तिहि सएहिं; भगवंपि वासुपुज्जो, छहिं पुरिस सएहि निरकंतो. ॥ ३७५ ॥ उग्गाणं भोगाणं, रायन्नाणं च खत्तियाणं च; चउहिं सहसेहि उसभो, सेसाउ सहस्स परिवारा. ॥ ३७६ ॥ अर्थः– तत्र एक श्री वर्द्धमान स्वामीए कोईनी साथे व्रत ग्रहण कर्युं नथी; भावथी तथा द्रव्यथी एक लाएज दीक्षा लीधी छे. श्री पार्श्वनाथ भगवान तथा श्री मल्लि जिन एमणे त्रण त्रण शे परिवारनी साथे दीक्षा लीधी छे. तेमां श्री मल्लि जिन स्त्रीउ तथा पुरु षो प्रत्येक त्रण त्रण शेनी साथे मली एटले छ शेनी साथे मली ने प्रव्रजित थ या छे, अने आ सूत्रकारे तो त्रण शेनी साथे दीक्षा लीधी एम कह्युं छे. तेमां के वल पुरुष अथवा स्त्रीउनुं ज गृहण करेलुं छे. बीजो पक्ष छतां पण कांई विव क्षा नथी एवो संप्रदाय छे. ए विषे स्थानांगटीकामां पण कह्युं छे के, मल्लि जि नं स्त्रिशतैरपि त्रिभिरिति' एटले मल्लि जिने त्रण शो स्त्रीउनी साथे दीक्षा लीधी

छे: श्री वासुपूज्य जगवान छ शे पुरुषोनी साथे आ संसार कांतारथी निष्क्रांत थया छे. प्रव्रजित इति यावत्. श्री ऋषज देव जगवान उग्गाणं जोगाणं एटले उग्र जोग राजन्य क्षत्रिय स्थानीय अनुक्रमे कोटवालसमान गुरुसमान मित्रसमान सामंतसमान एवा सर्व संख्या चार हजार जनोनी साथे संसारथी निष्क्रांत थया छे, एटले व्रततुं गृहण कर्युं. शेष एटले वीर, पार्श्व, मल्लि, वासुपूज्य तथा नाजेय व्यतिरिक्त अजितादिक उंगणीश तीर्थंकरो प्रत्येक एक एक हजार पुरुषोनी साथे प्रव्रजित थया छे ॥ ३०६ ॥ ए एकत्रीशमो द्वार पूरो थयो.

अवतरणः– हवे 'सव्वाउयंति' एटले सर्व तीर्थंकरोना आउखानां प्रमाणनो बत्रीशमो द्वार कहे छेः– मूलः– चउरासीइ बिसत्तरि, सठी पन्नास मेव लरकाई॥ चत्ता तीसा वीसा, दस दो एगं च पुव्वाणं. ॥३०७॥ चउरासीई बाव,त्तरी य सठी य होइ वासाणं; तीसा य दस य एगं, एवं मेए सय सहस्सा. ॥ ३०८ ॥ पंचाणउइ सहस्सा, चउरासीई य पंचवन्ना य, तीसा य दस य एगिं, सयं च बावत्तरी चेव. ॥ ३०९ ॥ अर्थः– तत्र प्रथम जिनतुं आयुष्य चोराशी लाख पूर्व, श्रीअजित जिनतुं बोतेर लाखपूर्वतुं, श्रीसंजव जिनतुं साठ लाखपूर्व, श्रीअजिनंदन जिनतुं आयुष्य पचाश लाखपूर्व, श्रीसुमति जिनतुं चालीश लाखपूर्व; श्रीपद्मप्रज जिनतुं आयुष्य त्रीश लाखपूर्व; श्रीसुपार्श्व जिनतुं आयुष्य वीश लाख पूर्व; श्री चंद्रप्रज जिनतुं आयुष्य दश लाख पूर्व; श्री सुविधि जिनतुं आयुष्य बे लाख पूर्व; श्री शीतल जिनतुं आयुष्य एक लाख पूर्व; तथा श्री श्रेयांसजिनतुं आयुष्य चोराशी लाख वर्ष; श्री वासुपूज्य जिनतुं आयुष्य बोतेर लाख वर्ष; श्री विमल जिनतुं आयुष्य साठ लाख वर्ष; श्री अनंत जिनतुं आयुष्य त्रीश लाख वर्ष; श्री धर्म जिनतुं आयुष्य दश लाख वर्ष; श्री शांति जिनतुं आयुष्य एक लाख वर्ष श्रीकुंथु जिनतुं आयुष्य पचाणु हजार वर्ष; श्री अर जिनतुं आयुष्य चोराशी हजार वर्ष; श्री मल्लि जिनतुं आयुष्य पंचावन हजार वर्ष; श्री मुनिसुव्रत जिनतुं आयुष्य त्रीश हजार वर्ष; श्रीनमि जिनतुं आयुष्य दश हजार वर्ष; श्री नेमि जिनतुं आयुष्य एक हजार वर्ष; श्री पार्श्व जिनतुं आयुष्य एक शो वर्ष; अने श्रीवीर जिनतुं आयुष्य बोतेर वर्षनु जाणवुं. ३०९ ए बत्रीशमो द्वार पूरोथयो.

अवतरणः– हवे 'सिवगण परिवारोत्ति' एटले जे जगवंत जेटला साधुओनी साथे निर्वाण पाम्या तेनो, तेत्रीशमो द्वार कहे छेः– मूलः– एगो जगवं वीरो, तेत्तीसाए सह निव्वुओ पासो, छत्तीसेहिं पंचहि, सएहिं नेमिउ सिद्धि गओ. ॥ ३१०॥

पंचहि समण सएहिं, मल्ली संतीउ नव सएहिंति, अठ सएणं धम्मो, सएहि छहि वासुपुज्ज जिणो ॥ ३०१ ॥ सत्त सहस्साणं तइ जिणस्स विमलस्स छ स्सहस्साइं, पंच सयाइ सुपासे, पउमाने तिन्नि अठ सया. ॥३०२॥ दसहि सहस्सहि उसहो, सेसाउ सहस्स परिवुडा सिद्धा; तिछयराउ डुवालस, परिनिठिय अठ कम्म नरा. ॥३०३॥ अर्थः– तत्र एक नगवन् श्री वीर जिन एकाकी छतां निर्वाणे गया. श्री पार्श्व जिन तेत्रीश साधुओनी साथे निर्वृत्त थयाछे. श्री नेमि जिन पांच शें ने छत्रीश साधुओनी साथे मोक्षे गया. श्री मल्ली जिन पांच शें साधुओनी साथे मोक्ष पाम्या. श्री शांतिजिन नव शें साधुओनी साथे निर्वाण पाम्या. श्री धर्म जिन एकशेने आठ साधुओनी साथे मुक्ति पाम्या. श्रीवासुपूज्य जिन छ शें साधुओनी साथे सिद्धताने पाम्या छे. श्रीअनंत जिन सात शें साधुओनी साथे मोक्षे पोहोता. श्री विमल जिन छ शें साधुउनी साथे मोक्ष पाम्या. श्री सुपार्श्व जिन पांच शें साधुउनी साथे सिद्ध थया. श्री पद्मप्रन जिन त्रन शें ने आठ साधुउनी साथे मोक्षे पहोता कोई आचार्य कहे छे के, आठ शें ने त्रण साधुउनी साथे मोक्ष पाम्या. ए बन्ने मत आवश्यकनी टिप्पणमां छे. वली कोई आचार्य कहे छे के, त्रण शें ने चोवीश साधुउनी साथे मोक्ष पाम्या छे. तत्व तो केवली जाणे. श्री ऋषन जिनेश्वर दश हजार साधुओनी साथे परमानंद पद पाम्या. तेमज श्रीअजित जिन, श्रीसंनव जिन, श्री अनिनंदन जिन, श्री सुमति जिन' श्री चंद्रप्रन जिन, श्री सुविधि जिन, श्री शीतल जिन, श्री श्रेयांस जिन, श्रीकुंथु जिन, श्री अर जिन, श्री मुनिसुव्रत जिन, तथा श्री नमि जिन, ए द्वादश तीर्थंकर प्रत्येक एक हजार साधुओना परिवार सहित अष्ट कर्मोथी परिनिष्ठित थया थका सिद्धताने पाम्या छे. ॥ ३०१ ॥ ३०२ ॥ ३०३ ॥ ए तेत्रीशमो द्वार पूरो थयो.

अवतरणः– हवे ' निव्वाण गमण गणत्ति ' एटले किया जिनेश्वर किया गामे मोक्षने पाम्या तेनो चोत्रीशमो द्वार कहेछेः– मूलः–अठावय चंपुज्जिय, पावा सम्मेय सेलसिहरेसु; उसन वसुपुज्ज नेमी, वीरो सेसाय सिद्धिगया.॥३०४॥ अर्थः– श्री ऋषन नगवान अष्टापदनेविषे, श्री वासुपूज्य चंपा नगरीनेविषे, श्री नेमीश्वर उज्जयंतगिरि ते गिरनारनेविषे, श्री वीर नगवान अपापा नगरीनेविषे, अने बाकीना वीश जिनेश्वर सम्मेत शिखरनेविषे मोक्षे गया छे. ॥३०४॥ ए चोत्रीशमो द्वार

अवतरणः–हवे 'जिणंतराइंति' एटले प्रथम तीर्थंकर थया पछी केटला काले बीजो तीर्थंकर थयो तेनां अंतरना कालमाननो पांत्रीसमो द्वार कहेछेः– मूलः–

एत्तो जिणंतराइं, वोछ किल उसन्न सामिणो अजिउ; पन्नास कोमि लरके,हि साग राणं समुप्पन्नो. ॥३९५॥ तीसाइ संनव जिणो, दसहिं अनिनंदनो जिण वरिंदो; न वहिं सुमइ जिणिंदो, उप्पन्नो कोडि लरकेहिं. ॥३९६॥ नउई अ सहस्सेहिं, कोमीणं वोलआण पउमानो; नवहि सहस्सेहि तउ, सुपास नामो समुप्पन्नो. ॥३९७॥ कोमी सएहि नवहिं, जाउ चंदप्पहो जिणाणंदो; नउई सागर कोमिहि सुविहि जिणो देसिओ समए ॥३९८॥ सीयल जिणो महप्पा, तत्तो कोडीहि नवहि निद्दि हो; कोमीए सेअंसो, कणाइ इमेण कालेणं. ॥३९९॥ सागर सएण एगे, ण तहय ठावट्ठि वरिस लरकेहिं; ठवीसाइ सहस्से,हि तउपरे अंतरे सुत्ति. ॥ ४००॥ चउप न्ना अयरेहिं, वसुपुज्ज जिणो जगुत्तमो जाउ, विमलो विमल गुणोहो, तीस हि अयरेहि रयरहिउ ॥ ४०१॥ नवहि अयरेहि णंतो, चउहि धम्मो य धम्म धुर धवलो; तिहि कणेहिं संती, तिहि चउ नागेहि पलियस्स ॥४०२॥ नागेहि दोहि कुंथु, पलियस्स अरोउ एग नागेणं; कोडि सहस्सूणेणं, वासाण जिणेसरे नणि उ ॥४०३॥ मल्ली तिसल्लरहिउ, जाओ वासाण कोमिसहसेण; चउपन्न वास लरकेहि सुव्वउ सुव्वउ सिद्धा. ॥४०४॥ जाउ ठहि नमि नाहो, पंचहि लरकेहि जि णवरो नेमि; पासो अद्धठम सय, समहिय तेसीइ सहसेहिं. ॥४०५॥ अढ्ढाइज्ज सए हिं, गएहि वीरो जिणेसरो जाउ; डुसम अइ दूसमाणं, दोएहपि डुन्नत्त सहसेहिं. ॥४०६ ॥ पुव्वाइ कोडा कोमी, उसह जिणाओ इमेण कालेण; नणिअं अंतर दारं, एयं समयाणुसारेण. ॥ ४०७॥ अर्थः—जिनना निर्वाण स्थान पछी जिनोनां अंतर हुं कहुं बुंः— श्री रुषन जिन पछी श्री अजित जिन पचास लाख कोमी सागरोप म काल गया पछी समुप्पन्न एटले सिद्ध थया पण समुप्पन्न एटले उत्पन्न थया एवो अर्थनथी; अहीं रुषन स्वामी इत्यादि पदोनेविषे अवध्यर्थे पंचमी, ते अवधि बे प्रकारनो छे. अनिविधि ने मर्यादा. तेमां जो अनिविधिनेविषे पंचमी राखीने समुत्पन्न ए शब्दनो जात एटले थयो एवो अर्थ करिये तो रुषन स्वामि ना जन्म कालथी यथोक्त अजितादिना जन्म कालनुं मान थशे, तेथी रुषन स्वा मिना सर्व कालमानथी अधिक डुःषम सुषमारकना नेवाशी पक्ष बाकी रह्या छतां श्री महावीर स्वामीनी उत्पत्ति प्रसक्त थशे, अने आगममां तो अन्यूनाधिक ने व्याशी पक्ष बाकी छतां श्री महावीर स्वामीनी सिद्धि कही छे. माटे आगम विरोध प्रसंग आवशे. तेथी अहीं अनिविध्यर्थक पंचमी नथी, किंतु मर्यादानेविषे छे. ते मां पण समुत्पन्न एटले जात एवो अर्थ कस्रो तो यथोक्त जिनांतर कालमाने करी

नेज चतुर्थारक परिपूर्ण थायछे. वली अजितादि जे त्रेवीश तीर्थंकर छे तेओनुं सर्व आयुष्य कालमान जिनांतर काले करी असंग्रहीतत्व छे, ते माटे अधिक थाय छे. तेथी आगल आववानी जे उत्सर्पिणी तेनेविषे महावीरनी उत्पति प्रसक्त थशे ते कांई इष्ट नथी. ते माटे ऋषन स्वाम्यादि निर्वाणथी यथोक्त कालथी अजितादि तीर्थंकर समुत्पन्न एटले सिद्ध थया एवुं व्याख्यान करवुं अन्यथा करवुं नही. तथा अजितना निर्वाणथी त्रीश लक्ष कोटी सागरोपम गया पछी संजव जिन सिद्ध थया, संजव जिननी पछी दश लक्ष कोटी सागरोपम गया पछी अनिनंदन मुक्त थया, अनिनंदन जिननी पछी नव लक्ष कोटी सागरोपम गया पछी सुमति जिनेंद्र मुक्त थया सुमति जिननो पछी नेवु सहस्र कोटी सागरोपम गया पछी पद्मप्रन जिन मुक्त गया. पद्मप्रन जिन पछी नव सहस्र कोमी सागरोपम गया पछी सुपार्श्वनाथ तीर्थंकर निर्वाण पाम्या. सुपार्श्व जिन पछी नवशे कोमी सागरोपम गया पछी चंद्रप्रन जिन जनने आनंद करनार सिद्ध थया. चंद्रप्रन जिन पछी नेवु कोडी सागरोपम गया छतां सुविधि जिन सिद्धांतनेविषे सिद्धत्वे करी कहेलुं छे. सुविधि जिन पछी नव कोडी सागरोपम गया पछी शीतल महात्मा मुक्तपणे कह्या छे. शीतल जिन पछी एक कोडी सागरोपममां एक शो सागरोपम तथा छासठ लाख ने छवीस हजार वर्ष ऊणा करिये एटलो काल गया पछी श्रेयांस सिद्ध थया. श्रेयांस जिन पछी चोपन सागरोपमानंतर वासुपूज्य जिन जगत्त्रयमां उत्तम थया. वासुपूज्य जिन पछी त्रीश सागरोपमानंतर विमल जिन सिद्ध थया. निर्मल गुण सहित अने कर्म रजबध्यमान रहित एवा विमल जिन पछी नव सागरोपमानंतर अनंत जिनसिद्ध थया. अनंत जिननी पछी चार सागरोपमानंतर धर्मनाथ सिद्ध थया. धर्मनीधुर उपाडवाने उत्तम वृषन समान जे धर्मनाथ जिन, तेमनी पछी एक पल्योपमना चार नाग कल्पाथी तेवा त्रण नाग ऊणा त्रण सागरोपमानंतर (एटले त्रण सागरोपममां पोणो पल्योपम ओछो करिये एटलो काल समजवो) शांतिनाथ जिन शिवश्री पाम्या. शांति जिन पछी अर्द्ध पल्योपमानंतर श्री कुंथुजिन निवृत्त थया. कुंथुजिनथी पल्योपमनो चोथो नाग तेमां कोटि सहस्र वर्ष ओछो काल गयानंतर श्री अरजिनसिद्ध थया. अरजिन पछी कोटि सहस्र वर्ष गयानंतर त्रिशल्य रहित मल्लि जिन सिद्ध थया. मल्लि जिन पछी चोपन लाख वर्ष गया नंतर श्री मुनिसुव्रतजिन एटले शोजनिक छे व्रत जेनां ते सिद्ध थया. सुव्रतजिन पछी छ लाख वर्ष गयानंतर नमिनाथ सिद्ध थया. नमिनाथ जिन पछी पांच लाख वर्ष गयानंतर नेमिनाथ जिन सिद्ध थया.

नेमिनाथ जिन पछी त्र्यासी हजार अने साडासातशे वर्ष गयानंतर श्री पार्श्व जिन सिद्ध थया. श्रीपार्श्वजिन पछी अडीशे वर्ष गयानंतर श्रीवीर जिन सिद्धता ने पाम्या. अही त्रीजा आरानेविषे नेव्याशी पक्ष अपरिपूर्ण आदिनाथ सिद्ध थया. अने श्रीमहावीर नेव्याशी पक्ष ऋण चोथा आरामां सिद्ध थया. ए प्रमाणे चतुर्थ आरक कालमान सर्व जिनानंतर काल संवृत थयो. ते चोथो आरो बेतालीश हजार वर्ष न्यून कोटाकोटी सागरोपम प्रमाण छे. तेने पांचमो दुःषम तथा छगो अतिदुःषम ए बन्नेआराना बेतालीस हजार वर्ष सहित करियें तेवारें एककोटा कोटी सागरोपम थायछे.॥४०७॥एवी रीते सिद्धांतानुसारे अंतराय द्वार कह्यो.

अवतरणः– हवे प्रकारांतरेकरी सर्व तीर्थंकर चक्रवर्त्ती, अने वासुदेवो एओनो अंतर जे तीर्थंकरोना कालमां अथवा आंतरे जे चक्रवर्त्ति अने वासुदेव थया छे ते तथा तेउना शरीरोनुं प्रमाण अने ते सर्वनो आयु कहे छेः– मूलः–बत्तीसं घरयाइं, काउं तिरियाय याहि रेहाहिं; उड्डाय याहि काउं, पंच घराइं तउ पढमे. ॥४०८॥ पन्नरस जिणनिरंतर, सुन्न दुगं ति जिण सुन्न तियगंच; दो जिण सुन्न जिणंदो, सुन्न जिणो सुन्न दोन्नि जिणा ॥४०९॥ बिईअ पंतिठवणाः–दो चक्कि सुन्नि तेरस, पण चक्की सुन्न चक्कि दो सुन्ना; चक्की सुन्न दु चक्की, सुन्नं चक्की दुसुन्नं च. ॥ ४१० ॥ तईय पंतिठवणाः– दस सुन्न पंच केसव, पण सुन्नं केसि सुन्न केसी य; दो सुन्न केसवो विय, सुन्न दुगं केसव ति सुन्नं ॥ ४११ ॥ चउछ पंति ठवणाः– उसह नरहाण दोण्हवि, उच्चत्तं पंच धणुसए हुंती, अजिय सगराण दुण्हवि, उच्चत्तं चारि अद्धं च. ॥ ४१२ ॥ पन्नासं पन्नासं, धणु परिहाणी जिणाण तेण परं; ता जाव पुप्फदंतो, धणुं सय मेगं नवे उच्चो. ॥ ४१३ ॥ नउइ धणु सीयलस्सा, सेज्जंसं तिविठमाइणं पुरओ; जा धम्म पुरिससीहा, उच्चत्तं तेसिमं होइ ॥ ४१४ ॥ कमसो असीइ सत्तरि, सठी पन्नास तहय पणयाला; एए हवंति धणुआ, बायालद्धं चमघवस्स. ॥ ४१५ ॥ इगयाल धणुस्सद्ध, सणंकुमारस्स चक्कवट्टिस्सं; संतिस्स य चत्ताला, कुंथु जिणंदस्स पणतीसा ॥ ४१६ ॥ तीस धणूणि अरस्सउ, गुणतीस पुरीसपुंडरीअस्स; अठावीस सुभूमे, छवीस धणूणि दत्तस्स. ॥ ४१७ ॥ मल्लिस्सय पणवीसा, वीसं च धणूणि सुवए पउमे; नारायणस्स सोलस, पनरस नमिनाह हरिसेणे. ॥ ४१८ ॥ बारस जय नामस्सा, नेमी कण्हाण दस धणुच्चत्तं; सत्त धणु बंभ दत्ते, नव रयणीओ अ पासस्स. ॥ ४१९ ॥ वीरस्स सत्त रयणी, उच्चत्तं

नणिअ माउअ अहूणा; पंचम घरय निदिठ्ठे, कमेण सव्वेसि वोठ्ठामि.॥ ४२० ॥ उसह नरहाण दोएहवि, चुलसीई पुव्व सय सहस्साई; अजिय सगराण दोएहवि, बावत्तरि सय सहस्साइ. ॥ ४२१॥ पुरओ जहक्कमेणं, सठ्ठी पन्नास चत्त तीसाया; वीसा दस दो चेवय, लरकेगे चेव पुव्वाणं ॥ ४२२॥ सेज्जंस तिविठ्ठूणं, चुलसीई वास सय सहस्साई; पुरओ जिण केसीणं, धम्मोजा ताव तुल्लमिणं.॥ ४२३ ॥ कमसो बावत्तरि सठ्ठि तीस दस चेव सय सहस्साई; मघवस्स चक्किणो पुण, पं चेवयं वास लरकाई. ॥ ४२४ ॥ तिन्निय सणंकुमारे, संतिसय वास लरक मेगं तु; पंचाणउइ सहस्सा, कुंथुस्सविआउअं नणिअं. ॥ ४२५ ॥ चुलसीइ सहस्साई, आऊअं होइ अर जिणंदस्स; पणसठ्ठि सहस्साई, आउं सिरि पुंमरीयस्सः ॥४२६ सठ्ठि सहस्सा सुजुमे, उप्पन्न सहस्स हुंति दत्तस्स; पणपन्न सहस्साई, मल्लिस्सवि आउअं नणिअं. ॥४२७॥ सुव्वय मह पउमाणं, तीस सहस्साइ आउअं नणियं बारस वास सहस्सा, आऊ नारायणस्स नवे. ॥ ४२८॥ दस वास सहस्सा ई, नमि हरिसेणाण हुंति दोएहंपि; तिन्नेव सहस्साई, आउं जय नाम चक्किस्स. ॥ ४२९ ॥ वास सहस्सो आउं, नेमी कसहाण होइ दोएहंपि; सत्तय वास सयाई चक्कीसर बंनदत्तस्स. ॥ ४३० ॥ वास सयं पासस्स य, वासा बावत्तरीच वीरस्स इय बत्तीस घराई, समय विहाणोण नणिआइ. ॥ ४३१ ॥ व्याख्याः– अही प्रज्ञा पके करी आलेखना उपदर्शनने अर्थे सूत्र कर्त्ता पोते स्वमुखे पटिका एटले कोष्ट कनी स्थापना करवानी रीत बतावेछे. प्रथम तिर्यक् एटले आडी तेत्रीश लीटी क रीने तेना बत्रीश घर करवां. पछी ऊनी छ लीटीओ करी तेनां पांच गृह करवां. ते पांच गृहमांना पहेला गृहमां तेम आडा बत्रीश गृहमाना पण पहेला गृहमां ऋष न जिननुं नाम लखवुं, एम प्रत्येक आडा घरमां अनुक्रमे तीर्थंकरोनां नामो ल खतां धर्म जिनसुधी पंदर नामो लखवां. त्यार पछी शोलमां अने सत्तरमां ए बे घर मां बे शून्यो मूकवां, त्यांथी त्रण गृहोमां शांतिनाथ, कुंथु अने अरजिन ए त्रणनां नाम लखवां. त्यांथी त्रण घरोमां त्रण शून्यो मूकवां. त्यांथी बे गृहोमां क्रमे करी मल्लि अने सुव्रत ए बे जिनोनां नामनी स्थापना करवी, त्यांथी एकगृहमां शून्य मूकवुं. त्यांथी एक गृहमां नमि जिननुं नाम लखवुं; त्यांथी एकग्रहमां शून्य मूकवुं; त्यांथी एक गृहमां नेमि जिननुं नाम लखवुं; तेनी बाजूना घरमां शून्य मूकवुं; त्यार पछी बे गृहने विषे अनुक्रमे पार्श्वजिनने वीर जिनना नामोनी स्थापना करवी. ए प्र थम पंक्तिनी स्थापना कही हवे बीजी पंक्तिनी स्थापना कहे छेः– तत्र प्रथमना

बे गृहोमां क्रमेकरी जरत अने सगर चक्रवर्त्तीउने स्थापवा; त्यांथी क्रमेकरी तेर गृहोमां शून्यो मूकवां; त्यांथी क्रमेकरी पांच गृहोनेविषे मघवा, सनत्कुमार, शांति, कुंथु,ने अर ए पांचचक्रवर्त्तिनां नाम लखवां,त्यांथी एक घरमां शून्य; तेनी पाछेना घरमां सुजूम चक्रवर्त्तिनुं नाम लखवुं; त्यांथी बे खाणामां क्रमेकरी शून्यो मूकवां तेना आगला खाणामां महा पद्म चक्रवर्त्तिनुं नाम लखवुं; तेनी पाछेना गृहमां शून्य मूकवुं; तेना पाछेना बे खाणामां क्रमेकरी हरिषेण ने जय चक्रवर्त्ति ए बेनां नाम लखवां; त्यांथी पाछेना खाणामां शून्य; तेनी पासेना गृहमां ब्रह्मदत्त चक्री; त्यांथी बे खाणामां क्रमे करी बे शून्यो मूकवां; एम बीजी पंक्तिनी स्थापना करवी. हवे त्रीजी पंक्तिनी स्थापना कहे छेः—प्रथमना दश गृहोमां क्रमे करी शून्यो मूकी ज वां; त्यांथी पांच गृहोमां अनुक्रमे त्रिपृष्ठ, द्विपृष्ट, स्वयंजू, पुरुषोत्तम, ने पुरुषसिंह ए पांच केसवएटले वासुदेवोनां नाम लखवां; त्यांथी पांच गृहोमां शून्यो; तेना परना खाणामां पुरुष पुंमरीक वासुदेव स्थापवुं; तेना परना गृहमां सून्य मूकवुं; तेना परना खाणामां दत्तवासुदेवनुं नाम लखवुं; त्यांथी बे गृहोनेविषे क्रमे करी बे शून्यो मूकवां; तेनी पाछेना घरमां नारायणवासुदेव; त्यांथी बे गृहोनेविषे क्रमे करी शून्यो मूकवां तेना परना गृहनेविषे कृस्न वासुदेव; अने त्यार पछीना त्रण गृहोमां त्रण शून्यो मूकवां; एम तृतीय गृह पंक्तिनी स्थापना जाणवी. हवे चोथी पंक्ति नी स्थापना आ प्रमाणेः— तेमांना प्रथम गृहनेविषे कृषज्ञ जिन ने जरत चक्रव र्त्ति ए बन्नेना शरीरोनी उंचाई पांच शे धनुष्योनी लखवी; बीजा गृहनेविषे अजि त जिन ने सगर चक्रि ए बन्नेना शरीरोनी उचाई साढा चारशें धनुष्योनी लखवी त्यांथी पर संजवादिना शरीरोनी उचाईना प्रमाणोमां पचाश पचाश धनुष्यो ओ छा करतां यावत् पुष्पदंत एटले सुविधि जिनना शरीरनी उचाईनुं मान एकशो ध नुष्योनुं लखवुं; एटले त्रीजा गृहनेविषे संजव जिनना देहनी उचाईनुं मान चार शें धनुष्योनुं, चोथा खाणामां अजिनंदन जिनना देहनी उचाईनुं मान सा डा त्रण शें धनुष्योनुं; पांचमां घरमां सुमति जिनना शरीरनी उचाईनुं मान त्रण शें धनुष्योनुं; छठा खाणामां पद्मप्रज्ञ जिनना देहनी उचाईनुं मान अ डी शें धनुष्योनुं; सातमां गृहनेविषे सुपार्श्व जिनना देहनुं मान ब शें धनुष्योनुं; आठमां गृहनेविषे चंद्रप्रज्ञ जिनना देहनी उचाईनुं मान दोढ शो धनुष्योनुं; नव मां गृहनेविषे सुविधि जिनना देहनी उचाईनुं मान एक शो धनुष्योनुं; त्यांथी द शमां गृहनेविषे शीतल जिनना देहनी उचाईनुं मान नेवु धनुष्य; नेवु धनुष्योनी

आगल श्रेयांसने त्रिपृष्टादीथी लईने यावत् वर्द्धमान जिन ने पुरुषसिंह सुधी देहनी उंचाईनुं प्रमाण अनुक्रमे आप्रमाणे छेः–अग्यारमां गृहनेविषे श्रेयांस जिन ने त्रिपृष्ट वासुदेव एओना देहनी उंचाईनुं मान ऐंशी धनुष्योनुं जाणवुं; त्यांथी बारमां गृहनेविषे वासुपूज्य जिन ने द्विपृष्ट वासुदेव ए बन्नेना शरीरनी उंचाईनुं मान सित्तर धनुष्य; त्यांथी तेरमा गृहनेविषे विमल जिन ने स्वयंभू वासुदेव ए बन्नेना देहनी उंचाईनुं मान साठ धनुष्य; त्यांथी चौदमां गृहनेविषे अनंत जिन ने पुरुषोत्तम वासुदेव ए बन्नेना देहनी उंचाईनुं मान पचाश धनुष्य; त्यांथी पंदरमां गृहनेविषे धर्म जिन ने पुरुषसिंह वासुदेव ए बन्नेना देहनी उंचाईनुं मान पिस्तालीश धनुष्य; तथा शोलमां गृहनेविषे मघवा चक्रवर्त्तिना देहनी उंचाईनुं मान साडी बेतालीश धनुष्य एटले बेतालीश धनुष्य ने बे हाथ; सत्तरमां गृहनेविषे सनत्कुमार चक्रवर्त्तिना देहनी ऊंचाईनुं मान साडी एकतालीश धनुष्य; अढारमां गृहनेविषे शांति जिनना देहनी उंचाईनुं मान पूरा चालीश धनुष्य; ओगणीशमां गृहनेविषे कुंथु जिनेंद्रना देहनी उंचाईनुं मान पांत्रीश धनुष्य; वीशमां गृहनेविषे अर जिनना देहनी उंचाईनुं मान त्रीश धनुष्य; एकवीशमां गृहनेविषे पुंरुषपुंडरीक वासुदेवना देहनी उंचाईनुं मान ओगणत्रीश धनुष्य; बावीशमां खाणामां सुभूम चक्रवर्त्तिना देहनुं मान अठ्यावीश धनुष्य; त्रेवीशमां खाणामां दत्तवासुदेवना देहनी उंचाईनुं मान छवीश धनुष्य; चोवीशमां घरमां मल्लि जिनना देहनी उंचाईनुं मान पचीश धनुष्य; पचीशमां गृहनेविषे मुनिसुव्रत जिनने पद्मचक्रवर्त्तिना देहनी उंचाईनुं मान वीश धनुष्य; छवीशमां गृहनेविषे नारायण वासुदेवना देहनी उंचाईनुं मान शोल धनुष्य; सत्यावीशमां गृहनेविषे नमिनाथ जिन ने हरिषेणचक्रीना देहनी उंचाईनुं मान पंदर धनुष्य; अठ्यावीशमां खानामां जयचक्रवर्त्तिना देहनी उंचाईनुं मान बार धनुष्य; ओगणत्रीशमां गृहनेविषे नेमिनाथ जिन ने कृष्ण वासुदेवना देहनी उंचाईनुं मान दश धनुष्य; त्रीशमां गृहनेविषे ब्रह्मदत्त चक्रीना देहनी उंचाईनुं मान सात धनुष्य; एकत्रीशमां गृहनेविषे पार्श्व जिनना देहनी उंचाईनुं मान नव हाथ, अने बत्रीशमां खाणामां श्री वीर जिनना देहनी उंचाईनुं मान सात हाथनुं जाणवुं. एवी रीते प्रथम जिनादि सर्वनुं उंचत्व कह्युं; हवे पंचम पंक्तिगृहक निविष्ट सर्व जिनादिकनुं क्रमे करी आयु कहुंछुंः– प्रथम खाणामां वृषभ जिन ने भरत चक्रवर्त्ति ए बन्नेनुं आयु चोराशी लक्ष पूर्व; बीजा गृहमां अजित जिन ने सगर चक्रवर्त्ति ए बन्नेनुं आयु बोतेर लक्ष पूर्व; एनी आगल य

था क्रमे संभवादि जिनोनुं आयु साठ, पचाश, चालीश, त्रीश, वीश, दश, बे ने एक लक्ष पूर्व शीतल जिनसुधी छे ते आप्रमाणेः— त्रीजा गृहमां संभव जिननुं आयु साठ लक्ष पूर्व; चोथा गृहमां अभिनंदन जिननुं आयु पचाश लक्ष पूर्व; पांचमां गृहनेविषे सुमति जिननुं आयु चालीश लक्ष पूर्व; छठा गृहनेविषे पद्मप्रभ जिननुं आयु त्रीश लक्ष पूर्व; सातमां गृहनेविषे सुपार्श्व जिननुं आयु वीशलक्ष पूर्व; आठमां गृहनेविषे चंद्रप्रभ जिननुं आयु दश लक्ष पूर्व; नवमां गृहनेविषे सुविधि जिननुं आयु बे लक्ष पूर्व; दशमां गृहनेविषे शीतल जिननुं आयु एक लक्ष पूर्व; तथा अग्यारमां गृहनेविषे श्रेयांस जिननुं आयु ने त्रिपृष्ट वासुदेवनुं आयु चोरासी लक्ष वर्ष; आगल तीर्थंकर,तथा वासुदेवो, जेओनुं तुल्य तुल्य आयुछे ते क्रमे करी कहे छेः— बोतेर, साठ, त्रीश, ने दश लक्ष वर्ष एटले बारमां गृहनेविषे वासुपूज्य जिन ने द्विपृष्ट वासुदेव ए बन्नेनुं आयु बोतेर लक्ष वर्ष; तेरमां गृहनेविषे विमल जिन ने स्वयंभू वासुदेवनुं आयु साठ लक्ष वर्ष; चौदमां गृहनेविषे अनंत जिनने पुरुषोत्तम वासुदेवनुं आयु त्रीश लक्ष वर्ष; पंदरमां गृहनेविषे धर्म जिन ने पुरुषसिंह वासुदेवनुं आयु दश लक्ष वर्ष; तथा शोलमां गृहनेविषे मघवाचक्रिनुं आयुष्य पांच लक्ष वर्षनुं सत्तरमां गृहनेविषे सनत्कुमार चक्रवर्त्तिनुं आयु त्रण लक्ष वर्ष; अढारमां गृहनेविषे शांति जिन चक्रवर्त्तिनुं आयु एक लक्ष वर्ष; उंगणीशमां गृहनेविषे कुंथुजिन चक्रिनुं आयु पचाणु हजार वर्ष; वीशमां गृहनेविषे अरजिन चक्रिनुं आयु चोराशी हजार वर्ष; एकवीशमां गृहनेविषे पुरुषपुंमरीक वासुदेवनुं आयु पांसठ हजार वर्ष; बावीशमां गृहनेविषे सुभूम चक्रीनुं आयु साठ हजार वर्ष; त्रेवीशमां गृहनेविषे दत्त वासुदेवनुं आयु छप्पन हजार वर्ष; चोवीशमां गृहनेविषे मल्लि जिननुं आयु पचावन हजार वर्ष; पचीशमा गृहनेविषे मुनिसुव्रत जिन ने महापद्म चक्रीनुं आयु त्रीश हजार वर्ष; छवीशमां गृहनेविषे नारायण ते लक्ष्मण वासुदेवनुं आयु बार हजार वर्ष; सत्यावीशमां गृहनेविषे नमि जिन ने हरिषेण चक्रीनुं आयु दश हजार वर्ष; अठ्यावीशमां गृहनेविषे जय चक्रीनुं आयु त्रण हजार वर्ष; उंगणत्रीशमां गृहनेविषे नेमि जिन ने कृष्ण वासुदेवनुं आयु एक हजार वर्ष; त्रीशमां गृहनेविषे ब्रह्मदत्त चक्रेश्वरनुं आयु सात शें वर्ष; एकत्रीशमां गृहनेविषे पार्श्वजिननुं आयु एकशो वर्ष; अने बत्रीशमां गृहनेविषे वीर जिननुं आयु बोतेर वर्षनुं जाणवुं. एवी रीते बत्रीश खानाउ समय विधाने करी कह्यां तेनी स्थापना आ प्रमाणेः—

हवे तित्थावच्छेउत्ति एटले जे तीर्थंकरनी वारमां तीर्थनो विच्छेद थयो ते कहेता छतां तेनो अंतर प्रमुख देखाडे छेः— मूलः—पुरिमंतिम अठ्ठ, तरेसु तित्थस्स नत्थि वोछेउ; मज्झिल्लएसु सत्तसु, एत्तिय कालं तु वोछेउ ॥४३२॥ चउ नागं चउ नागो, तिन्नि य चउनाग पलिय चउनागो; तिन्नेवय चउ नागो, चउछ नागो य चउ नागो. ॥४३३॥ व्याख्याः— जेम चार आंगलीओना त्रण अंतरा थाय छे तेम अहीं चोवीश तीर्थंकरोना त्रेवीस अंतरा थाय छे तत्र पूर्वे श्री ऋषभादि जिनथी ते सुविधिजिन सुधी नव तीर्थंकरोना संबंधे करी आठ आंतरा थायछे अने शांतिनाथ जिनथी लईने महावीर जिनना अंतसुधी नव जिनना संबंधे करी आठ आंतरा थायछे ए सोल अंतरानेविषे संघरूप तीर्थनो व्यवछेद थयो नथी. पण 'मज्झिलएसुत्ति' एटले मध्यवर्त्ति सुविधि जिनथी लईने शांतिनाथ जिन पर्यंत आठ तीर्थंकरोना सात आंतरामां तीर्थनो व्यवछेद थयो छे ते आ प्रमाणेः— चउनागेत्यादिः— सुविधिथी ते शीतल जिनसुधी वचमांना आंतरानेविषे पल्योपमना चार नाग कख्याथी तेमांना एक नाग जेटला कालसुधी तीर्थनो व्यवछेद थयो एटले अर्हद्धर्मनी वार्त्तानो पण नाश थई गयो. शीतल अने श्रेयांस जिनना आंतराने विषे पल्योपमना चोथा नाग जेटला कालसुधी तीर्थनो विछेद थयो. श्रेयांस जिनने वासुपूज्य जिनना आंतरानेविषे पल्योपमना चार नाग संबंधी त्रण नाग जेटला कालसुधी तीर्थनो व्यवछेद थयो; वासुपूज्यने विमल जिनना आंतरानेविषे पल्योपमना चोथा नाग जेटला कालसुधी तीर्थनो व्यवछेद थयो. विमल ने अनंत जिनना आंतरानेविषे पल्योपम संबंधी चार नागमाना त्रण नाग जेटला काल सुधी तीर्थनो व्यवछेद थयो. अनंत ने धर्म जिनना आंतरानेविषे पल्योपमना चोथा नाग जेटला काल सुधी तीर्थनो व्यवछेद थयो. तथा श्री धर्मनाथने शांतिजिनना अंतरानेविषे पल्योपमना चोथा नाग जेटला कालसुधी तीर्थनो व्यवछेद थयो. ए सर्व कालने एकठो कख्याथी पोणा त्रण पल्योपम जेटलो काल थाय. ॥४३३॥ एनोज विशेष देखाडे छेः—मूलः— मुत्तूण दिठिवायं, हवंति एक्कारसेव अंगाइ ॥ अठ्ठसुजिणंतरेसु, उसह जिणदाउ जा सुविही॥ ४३४ ॥ अर्थः—उसह के० ऋषभ जिनथी मांमीने जासुविही के० जावत् सुविधिनाथ सुधीना आठ आंतरानेविषे एक दृष्टीवादने मुत्तूण के० मूकीने बाकीना इग्यार अंग हवंति के० होय ॥ ४३४ ॥ मूलः— सत्तसुजिणंतरेसु, वोछिन्नाई डुवाल संगाइ ॥ सुविहिजिणा जा संती, कालपमाणं कमेणेसिं ॥ ४३५ ॥ अर्थः— श्री सुविधि जिन

थी मांमीने श्री शांतिनाथ सुधी आठ तीर्थंकरना सात अंतरानेविषे अनुक्रमे पूर्वोक्तरीते पोणत्रण पल्योपमना काल जेटला प्रमाणमां द्वादशांगीनो विछेद थयो छे ॥४३५॥ मूलः— अठसु जिणंतरेसु, वोछिन्नाइं नहुंति अंगाइं ॥ संतिजिणा जा वीरं, वुछिन्नो दिठिवाउ तहिं ॥ ४३६ ॥ अर्थः— श्री शांति जिनथी मांमीने यावत् श्री वीरजिन सुधीना आठ अंतरानेविषे अंगनो विछेद न थयो त्यां दृष्टीवादनो विछेद थयो ॥४३६॥ हवे पूर्वगत केटलो काल रह्यो ते कहे छेः— मूलः— एगं वास सहस्सं, पुव्वगयं वीरतिछ अणुचिणं ॥ सेसाण केसि संखं, कालमसंखं च केसिंपि ॥ ४३७ ॥ अर्थः— श्री वीर जगवानना तीर्थनेविषे एक सहस्र वर्ष लगें पूर्व गत श्रुतनो अर्थ प्रवर्त्त्यो अने शेष तीर्थंकरोना शासनेनेविषे क्यांक संख्यातो काल प्रवर्त्त्यो क्यांक असंख्यातो काल प्रवर्त्त्यो ॥ ४३७ ॥ ए चार गाथाउ प्रक्षेप छे. ए छत्रीशमो द्वार पूरो थयो.

अवतरणः— हवे दस असायणत्ति एटले दश आशातनानो साडत्रीशमो द्वार कहे छेः— मूलः— तंबोल पाण जोयण, वाणह थीजोग सुयण निछुवणं; मुत्तुच्चारं जूअं, वज्जे जिणमंदिरस्संतो. ॥ ४३८ ॥ व्याख्याः— तांबूल पान प्रमुखनुं जक्षण करवुं, पाणी पीवुं, जोजन करवुं, उपानत् (जोमा पेरवा) स्त्रीजोग करवो, स्वपन एटले सूवुं, निष्ठीवनं एटले थूक नाखवी, लघुनित करवी, उच्चार के० वडी नित करवी, अने जूगारनुं रमवुं, ए दश आशातना श्री वीतरागना जुवननेविषे विवेकी जिने त्याग करवी. ॥ ४३८ ॥ ए साडत्रीशमो द्वार पूरो थयो.

अवतरणः— हवे 'आसायणाउ चुलसीत्ति' एटले चोराशी आसातनानो आडत्रीशमो द्वार कहेछेः— मूलः—शार्दूलविक्रीडितछंदः—खेलिं केलि कलिं कला कुललयं, तंबोल मुग्गालयं; गाली कंगुलिया सरीरधुवणं; केसे नहे लोहियं; जत्तोसं तय पित्त वंत दसणे विस्सामणं दामणं; दंत छी नह गंम नासिय सिरो, सोत्त छवीणं मलं ॥ ४३९॥ मंतं मीलण लेखयं विजजणं जंमार डुठासणं; ठाणी कप्पड दालि पप्पड वडी विस्सारणं नासणं; अक्कंदं विकहं सरिछुघडणं तेरिछ संठावणं; अग्गीसेवण रंधणं परिखणं, निस्सीहिया जंजणं ॥ ४४० ॥ छत्तो वाणह सछ चामर, मणोणेगत्त मब्भंजणं; सच्चित्ताणमचाय चाय मजिए दिठीइ नो अंजली; साडेगुत्तरसंगजंग मउडं मोलिं सिरो सेहरं; हुड्डा जिडुह गेडियाई रमणं, जोहार जंमक्कियं ॥ ४४१ ॥ रेक्कारं धरणं रणं विवरणं वालाण पल्हछियं; पाऊ पायपसारणं पुमपुडी पंकं रओ मेहुणं; जूया जेमण गुज्झ वेज्ज वणिजं से

ऊं जल्लुम्मऊणं; एमाईयमवज्ञ कज्ञ मुज्जुत वज्ञे जिणिंदालए ॥ ४४२ ॥ अर्थः- आय के० ज्ञानादिकनो लाज तेनो शातयति के० विनाश थाय तेने आशातना कहियें ते कहेछेः-१ खेल एटले मुखश्लेष्म जिन मंदिरमां नाखवुं; २ केलि एटले अनेक प्रकारनी क्रीडा करवी; ३ कलि एटले वचननो कलह करवो, ४ कला एटले धनुर्वेदादिक कलानो अन्यास करवो; ५ कुललयं एटले महोमामांथी पाणीना कोगला अथवा कुरलां नाखवां; ६ तंबोल एटले पान सोपारीनु खावुं; ७ मुग्गालयं एटले तेनो उगल थूकवुं; ७ गाली एटले मुखथी चकार मकार बोलवुं गालनु काढवुं. ए कंगुलिया एटले लघुनीत अथवा वडीनीत करवी; १० सरीर धुवणं एटले शरीरनुं धोवुं प्रक्षालन करवुं; ११ केसे एटले बाल ऊतरावबा; १२ नहे एटले नख ऊतरावबा; १३ लोहियं एटले रुधिर नाखवुं; १४ नत्तोसं एटले मिगाई प्रमुखनुं खावुं १५ तय एटले फोडा प्रमुखनी त्वचा कहाडीने नाखी देवी; १६ पित्त एटले औषधादिकेकरी पित्तनुं कहाडी नाखवुं; १७ वंत एटले वमन करवुं. १७ दसण एटले दांत कहाडी नाखे अथवा समरावे; १ए विस्सामणं एटले अंगसंबाधन अथवा वीसामणनुं करवुं; २० दामणं एटले गाय तथा जेंस प्रमुखने बांधवुं; २१ दंत शब्दे दांतनुं मेल, २२ अछी शब्दे नेत्रोनुं मेल, २३ नह शब्दे नखोनुं मेल, २४ गंम शब्दे गंमस्थलोनुं मेल, २५ नासिय शब्दे नाशिकानुं मेल, २६ सिरो शब्दे माथानुं मेल; २७ सोत शब्दे श्रोत्र एटले कानोनुं मेल; २७ ठवीणं मलं एटले चामडीनुं मेल ऊतारीने प्रासादमां नाखवुं; २ए मंत शब्दे मंत्र एटले मंत्रेकरी नूतप्रेतादिकनुं कहाडवुं; अथवा राज्यादि कार्योनी मसलेहत करवी; ३० मीलण शब्दे कांई विवाद कार्यने अर्थे वृद्ध पुरुषो वगैरे मलीने त्यां एकठा थवुं; ३१ लेखयं एटले व्यवहार संबंधी कागल पत्र लखवां; ३२ विनंजणं एटले दायादिकना विजाग करवा; ३३ नंमार एटले पोताना इव्यनो नंढार करी राखवो; ३४ डुछासणं एटले पग ऊपर पग मूकीने बेशवुं इत्यादि डुष्टासन करवुं; ३५ ठाणी एटले ठाणा करीने सूकववां; ३६ कप्पम एटले कपडां धोईने सूकववां; ३७ दालि एटले मुगादिकनी दाल सूकववी; ३७ पप्पड एटले पापम वाटीने सूकववां; ३ए वडी एटले वडी करीने सूकववी; एटला वानाने विस्सारणं एटले सूकववुं अथवा प्रसारवुं प्रमुख ते ठाणाथी लईने वडी पर्यंत जाणवुं; ४० नासणं एटले ठानी रीते लुपी रहेवुं; ४१ अकंदं एटले पुत्र कलत्रादिकना वियोगथी रडवुं; ४२ विकहं एटले नाना प्रकारनी रमणीय स्त्री पुरुषोनी शृंगार प्रमुखनी विकथाउ एकां

त स्थले बेसी करवी; ४३ सरिबु घमणं एटले बाण घमवां अने शेरडी बोळवी अने सरब एवो पाठ दीठामां आवे त्यां सर एटले बाण ने अब एटले अस्त्र तेनुं घडवुं जाणवुं; ४४ तेरिब्ब संठावणं एटले तिर्यंच पशु पक्ष्यादिक राखवां; ४५ अग्गी सेवणं एटले टाढ प्रमुखना निवारणने अर्थे अग्नीनुं सेवन करवुं; ४६ रंधणं एटले रसोई प्रमुख करवुं; ४७ परिखणं एटले सुवर्णादिक पदार्थोनी परिक्षा करवी; ४८ प्रवेश करतां समाचारी चतुरोए अवश्य निस्सीहि करवी जोइयें तेनो नंग करवो; ४९ बत्तो एटले बत्र, ५० उवाणह एटले जोडा, ५१ सब एटले शस्त्र, ५२ चामर एटला पदार्थो उपाश्रयथी बाहारे कहाडी न मूकतां माहिली कोरे लईजवां; ५३ मणोऐगत्त एटले मनमां नाना प्रकारनी कल्पनाउं करवी; ५४ मज्जणं एटले आंगने तेलादिक लगाडवुं मर्दनकरवुं; ५५ सचित्ताणमचाय एटले तांबूल पुष्पादिक जे सचित्त पदार्थों तेओनो अत्याग; ५६ चाय मजिए एटले मुद्रिका हार प्रमुख रत्नादिक अजीव पदार्थोंनो त्याग करे, जेथकी अवर्णवाद थाय अन्य दर्शनी हासी करे निक्षाचरनो धर्म कहे तेथी न मूकवां. ५७ दिठीइ एटले नगवंतने दीठे अंजली बद्ध न करे. ५८ साडेगुत्तरसंगनंग एटले एक नीचे पहेरवानुं वस्त्र अने एक उतरासण तेनो नंग करवो अर्थात् तेम न करवुं; ५९ मउडं एटले मस्तकनी उपर मुकुट धारण करवुं; ६० मोलिं एटले माथा उपर फेटो बांधवो. ६१ सिरोसेहरं एटले माथानी उपर पुष्पादिक गुंथन करवा अथवा सेहरो राखे. ६२ हुड्डा एटले होड करवी ६३ तथा गेडियाय रमणं एटले गेडी दांडे रमत करवी दडाथी रमवुं. ६४ जोहार एटले नवा मळ्याने जुहारनुं करवुं पित्रादिकने जात्कार करवुं. ६५ नंडक्कियं एटले नांड चेष्टानुं करवुं अथवा नाटकीआनी पठे कांखमां हाथ घाली वगाडवुं वगैरे जे क्रिया करवीते; ६६ रेक्कारं एटले आगलाने रेकारादि तिरस्कारना शब्द बोलवा; ६७ धरणं एटले धरणे लांगणे बेसी रोधनादि करवुं ६८ रणं एटले संग्राम करवो; ६९ विवरणं बालाण एटले केश वीस्तारवा फणी प्रमुखनुं देवुं; ७० पल्हत्थिअं एटले बे गूढण ढातीनी साथे एकठा करी वांसामांथी फालीउं वींटी काब कहाडी बेशवुं; ७१ पाऊ एटले पगमां चाखडीउं नाखवी; ७२ पाय पसारण एटले पग पसारवां; ७३ पुडपुडी एटले पुटपुटिका दीप न करवुं; ७४ पंक एटले स्नान वगैरे करी चीकल करी नाखवुं; ७५ रउ एटले पग प्रमुखने लागेली धूल जाटकी नाखवी; ७६ मेहुणं एटले मैथुन सेवा करवी; ७७ जूया एटले माथामांनी जू कहाडवी; ७८ जेमण

एटले नोजन करवुं; ७ए गुज्झ एटले लिंग उघाडुं करवुं; पाठांतरे जुज्झ एटले बाहुयुद्धादिक करवुं; ७० वेज्झ एटले वैद्यक कृत्य करवुं; ७१ वाणिज्जं एटले क्रय विक्रयादि व्यापार करवो; ७२ सेज्झ एटले मांचाप्रमुखे शय्या करीने त्यां सूवुं; ७३ जल एटले पाणी पीवा सारु राखवुं अने नाखी देवुं; ७४ मज्जणं एटले स्नान करवुं; इत्यादि आशातनाना कारण सदोष कार्य जिनमंदिरनेविषे सरलथका वर्ज करवां; अथवा निर्मल अंतःकरण वालाए त्याग करवां केम के, एम कखाथी आशा तना थायछे. ते पण ऊपर कहेली अशातनाउनोज त्याग करवो एम नथी पण बीजी हास्यादिक जे अपक्रिया छे ते बधीनो त्याग करवो. ॥ ४४२ ॥

आशंकाः– पूर्वे तांबोलादिक दश आशातनाउ कहीछे तेनाज उपलक्षणेकरी ए बधी आशातनाउनुं ग्रहण थायछे तेम छतां बीजो जुदो द्वार शासारु कखो.

समाधानः– सामान्य अनिधान थयुं छतां पण विशेष बालावबोधार्थे अनि धान कखामां आवेछे, एविषे दृष्टांतः– ब्राह्मण बधा आव्या ने वसिष्ठ पण आ व्या एवो लोकमां प्रयोग छे. एटले ब्राह्मणोमां वसिष्ठ पण समाई गयो छतां कांई विशेष बोधने अर्थे वसिष्ठ एवुं जुदुं ज कहेवाय छे.

अवतरणः– ए आशातनाउ कखाथी ग्रहस्थने ज दोष उत्पन्न थाय छे अथवा कोईयेपण करवीज नही एवा विकल्पोनुं निवारण करेछेः– सावद्य करणोद्यत ग्रह स्थोनेज नव च्रमणादिक दोषनी उत्पत्ति थाय छे एम नही पण निरवद्य आचार र तमुनिउने पण ए आशातनाउथी दोषनी उत्पत्ति थाय छे तेविषे कहे छेः– मूलः– आसायणाउ नवन्नमण कारणं इयविन्नाविउं जइणो; मल मलिणत्ति न जिणमं दरम्मि निवसंति इय समउ ॥४४३॥ अर्थः–संसारमां परिच्रमण करवानुं ए आशात नाउ कारण छे. एवो विचार करीने यतिउ जे छे ते पोतानी मलमलिन देह होवाथी श्री जिन मंदिरनेविषे वास करता नथी एवुं सिद्धांतमां गणधरे कह्युं छे. ॥४४३॥

अवतरणः–तेज समय व्यवहार नाष्य नाषित देखाडे छेः– मूलः–डुग्गिगंध मल स्सावि, तणुरप्पेसण्हाणिया; डुहा वायव होवावी, तेण ठंति न चेइए ॥४४४॥ अर्थः– स्नान कखाथी पण शरीर ते मल प्रस्वेदनुं श्रवण द्वार डुरनिगंधवाळुंछे तेमां थी वायु दो के०बे प्रकारनो नीकले छे एक अधो वायु एटले अपान द्वाराए अने बीजो ऊर्ध्वएटले मुखद्वाराए नीकलेछे. तेकारण माटे यति जिनमंदिरमां वास करतां नथी.

अवतरणः– साधुए केटलो कालसुधी जिनमंदिरमां वास करवो ते देखाडे छे मूलः– तिसिवा कहूई जाव, थुईउ तिसलोइया; ताव तत्र अणुन्नाय, कारणेण प

रेणउं. ॥४४५॥ अर्थः— कायोत्सर्ग कस्या पछी त्रण स्तुति ज्यांसुधि बोलाय छे तिसलोईया त्रण श्लोक छंदनीविशेषता ज्यां छे ते आवीरीतेः— जेम के, सिद्धा णं बुद्धाणं ए पहेलो, जो देवाणं ए बीजो, अने एकोविनमोक्काय ए त्रीजो, तेमज आगली बे गाथाउं अने थोईनी चोथी गाथा ते गीतार्थ आचरणा कहिये गीतार्थ नी आचरणा ते मूल गणधर नणित समान जाणवी तेथी तेटला कालसुधी य तिये जिनमंदिरमांहे रहेवुं अनुज्ञात छे, अथवा धर्म देशनादिक धर्म श्रव णादि अर्थे आव्या जे नाविक जन, तेओना उपकार करवाना कारणे चैत्यवंदन नी पाछल पण यतिने त्यां रहेवानी अनुज्ञा छे, बाकीना कालमां जिनाशतानादि नये करी साधुने तीर्थंकर अने गणधरादिके रहेवानी आज्ञा करी नथी. माटे व्रती जनो ते आशातननानो त्याग करे छे. एमज ग्रहस्थे तो अवश्य त्याग करवी जोये छे. एवी तीर्थंकरनी आज्ञा छे. आज्ञानो नंग मोटा अनर्थनुं कारण थाय छे. य दाहुः— "आणश्चियचरणमित्यादि" ॥ ४४५ ॥ ए अडत्रीशमो द्वार पूरो थयो.

अवतरणः— अठ महा पडिहाराइंति एटले अष्ट महाप्रातिहार्यनो उंगणचा लीशमो द्वार कहे छेः—मूलः—किंकिल्लि कुसुम वुठी, देवज्झुणि चामरा सणाइं च; ना वलय नेरि छत्तं, जयंति जिण पाडिहेराइं ॥ ४४६ ॥ अर्थः—प्रतिहारनी पठे प्रतिहार एटले इंद्रना आदेशकारी देव, तेउना कृत्योने प्रातिहार्य कहेछे. ते प्रातिहार्य आठ छे ते आ प्रमाणेः—जेनेविषे रातां पातरांनो समूह शोनी रह्यो छे; सर्व काल वि कसित पुष्पसमूहमांथी निरंतर अत्यंत परिमलोजार नीकली रह्यो छे; तेना अति शयेकरी लोनायला न्रमरोना समूहनो रण रण शब्द थई रह्यो छे, तेणेकरी नम स्कार करवाने आवेला नव्य जनना कर्णरंध्र शीतल थई रह्या छे; एवो अति म नोरम जेनो आकार अने विस्तीर्ण शाखाउं वालो किंकिल्ली एटले अशोक वृक्ष जिनना उपरला नागनेविषे देव धारण करे छे ए प्रथम प्रातिहार्य. जलनेवि षे तथा स्थलनेविषे उत्पन्न थनारा पांच रंगनां विकसित पुष्प, जेउंनी भेट नीचे ने मुख ऊपर एटले जेम वृक्षनी ऊपर होय छे तेवा फूलोनी जानु प्रमाण देवो वृष्टि करे छे ए बीजुं प्रातिहार्य. अतिशय रसयुक्त अमृतना रसने तुल्य; अति त्वराए करी अनेक देश थकी हरण करेला एवा मुक्ताफलना व्यापारनेविषे जेउंनां प्रसारित मुख छे एवा हरिणोना कुल कान दईने शांनली रह्यां छे, अने सर्व जनने आनंद दायक एवो दिव्य ध्वनि देव करेछे. ए त्रीजुं प्रातिहा र्य; सुंदर कदली कांमसंबंधी तंतु मंमलना जेवी सुंदर किरणोना समूहेकरी

विस्तृत अति उत्तम विचित्र पवित्र रत्नोमांथी नीकळेला किरणांकुर जाल समूहना योगे दिशा दिशानेविषे प्रसारने पामेला इंद्र धनुष्यनी पठे मनोहर सुवर्णना रमणीय दंमयुक्त चामरो देवो ढोळे छे; ए चोथुं प्रातिहार्य. अत्यंत देदीप्यमान ऋटाउना समूहेकरी सुंदर स्कंधबंधयुक्त कर्मरूप वैरीने बीवराववाने कराल दृष्टेकरी जीवता सिंहना रूपनी तुल्यता करनार अने जेमां नाना प्रकारना श्रेष्ठ रत्न ऋडेलां होयछे, तेउथी नीकळेली किरणावलीने लीधे अंधकार मंबर नाश थई गएलो छे एवुं चारुतर मेरुना शृंगनी परे ऊंचुं सिंहासन देव करेछे, ए पांचमुं प्रातिहार्य. शरत् काळनेविषे प्रकाशमान अखंम किरण मंमळे करी प्रचंम सूर्यना मंमळनी पठे डुरालोक एटले जेनी सामे जोवाई शकाय नही; अने स्वभावेकरी देदीप्यमान तीर्थंकरकल्प संबंधी निरुपम रूपनुं आछादन करनार तथा अतुछ एवुं प्रभा पटलने एकठुं करी जिनना पाछला जागनेविषे मंमलाकार जामंमल देव करेछे. ए छठुं प्रातिहार्य; मंद्र एवो जांकार शब्दे करी आखुं जग व्याप्त थई रहे एवी जेरी ते डुंडुनी देवो वगामेछे ए सातमुं प्रातिहार्य; त्रैलोक्यनेविषे परमेश्वरपणानो जणावणहार शरत् काळना चंद्र मुचकुंदनी परे अने उज्वल मोतीउनी मालाये विराजमान कुमुद एटले श्वेत पुष्प ए प्रमाणे स्वछ, लंबायमान मुक्ताफळ समूहनी किनारीरूप जालरी वडे शोजायमान एवां त्रण छत्रो देवो करे छे. ए आठमुं प्रातिहार्य; ए प्रकारे करी जिनेश्वरना आठ प्रातिहार्य सर्वोत्कृष्टत्वे करी वर्त्ते छे एमां अशोक वृक्षना प्रमाण ऊपर गाथा कहेछे. यडुक्तंः—"उसहस्स तिन्नि गाऊ, बत्तीस धणूण वद्धमाणस्स; सेस जिणाणमसोउ, सरीरउ बारस गुणोय" तेमां ऋषभ जिननो अशोक वृक्ष त्रण गाऊनो उंचो श्री महावीरनो अशोक वृक्ष बत्रीश धनुष्य ऊंचो अने अजितादि जिनथी बाकीना जे श्री पार्श्व जिनपर्यंत बावीश तीर्थंकरो छे तेउना अशोक वृक्षो पोतपोताना शरीरना प्रमाण करता बार गुणा अधिकजाणवा.

आशंकाः—महावीरनो अशोक वृक्ष तो पोताना शरीर करतां बार गुणो कहेलो छे; यडुक्तं आवश्यक चूर्णौ श्री महावीर समवसरण प्रस्तावेः—'असोग वरपायवं जिण उच्चत्ताउ बारस गुणं सक्को विउव्वइत्ति' तेम छतां अही बत्रीस धनुष्य केम कह्युं?

समाधान.— आवश्यक चूर्णिमां तो केवल अशोक वृक्षनुं मान कह्युं छे ने अही तो सालवृक्ष सहित प्रमाण कह्युं छे माटे अही पण केवल अशोकवृक्षतो बार गुणोज छे. ते सात हाथ प्रमाण श्री महावीरना शरीर करतां बार गुणो करवाथी एकवीश धनुष्य थाय अने शाल वृक्ष अग्यार धनुष्य प्रमाण छे. ए बन्ने. म

लीने बत्रीश धनुष्य थाय ठे एवो संप्रदाय पण ठे तथा समवायांगेप्युक्तंः— "बत्तीसं धणुयाइं; चेइय रुक्खो य वद्धमाणस्स; निच्चोउगो असोगो, उच्छन्नो सालरुक्खेणं" तट्टीकाचः— निच्चोउगोत्ति— नित्य सर्वदा ऋतुरेव पुष्पादि कालोयस्य स नित्यर्तुकः, असोगोत्ति— अशोका निधानोयः समवसरणनूमिमध्ये नवति, उच्छन्नो सालरुक्खो णंति अवछन्नः शालवृक्षेणेत्यंतएव वचनादशोकस्योपरि शालवृक्षोपि कथंचिद स्तित्यवसीयत इति. तथा योजननूमि पर्यंत पुष्पवृष्टिविषे कोईएक प्रेरणा करेठेः—

आशंकाः— विकसित उत्तम पुष्पना समुदायेकरी युक्त समवसरण नूमिनेविषे जीव दया रसिक अंतःकरण वाला श्रमण लोकोनुं अवस्थान तथा गमन कर वानुं केम थायठे? कारण के त्यां जीवोनो नाश थवानो संनव ठे.

समाधानः— ते पुष्प अचित्तज होय ठे. प्रसार करवा सारुंज देवो करे ठे.

आशंकाः— ए वात अयुक्त ठे. बधां पुष्पो विकुर्वमाणज थता नथी. केमके, त्यां जलज तथा स्थलज पुष्पोनो पण संनव ठे. ए अनार्ष नथी, आर्ष ठे. यतः 'विंटठाई सुरनिं जल थलयं दिव्व कुसुम नीहारिं; पइरिंति ससंतेणं दसद्धवसंकुसुम वुट्ठिं;' सिद्धांत वचने करी ए प्रमाणे शांनल्याथी बीजा सहृदय जनो उत्तर आपे ठे.

समाधानः— ज्यां व्रती रहेठे ते देशनेविषे देव पुष्पनी वृष्टि करता नथी.

आशंकाः— ए पण उत्तरनो आनास ठे; खरेखर उत्तर कहेवाय नही. तपो धन जे ठे तेओए काष्ठीनूत अवस्थानुं अवलंबन करीने तेज देशमां अवश्य रहेवुं नही. कारण के, त्यां प्रयोजन गमनादिकनो पण संनव ठे. तेमाटे निखिल गीतार्थ सम्मत उत्तर हवे कहेठेः—

समाधानः— जेम एक योजनमात्र जे समवसरण नूमि, तेनेविषे पण अपरि मित सुरासुरादिकनो जे संमर्द ते थयो ठतां पण परस्पर कांई बाधा थती नथी. तथा जानुसुधी नाखेलां मंद मकरंदनी संपत संपादित आनंद एवा मंदार, मच कुंद, कमल, बकुल, मालती, विकसित मोगरा, इत्यादि जे कुसुम समूह तेओनी उपर संचार करनारा अथवा रहेनारा त्यां बेसनारा ऊठनारा, एवा मुनि समूह अने विबुध जन समूह ठतां कांई बाधा थती नथी. वधारे शुं कहेवुं! सुधारस जेना आंग ऊपर पडेलो ठे तेमनी पठे अत्यंत अचिंतनीय निरुपम तीर्थंकरना प्रनावथी प्रकाशमान जे प्रसार तेना योगे उल्लास थाय ठे.

आशंकाः— (दिव्यध्वनिनेविषे कोई पूर्व पक्ष वचन कहेठे) सकल जनोने आनंद देनार, उत्तम जे शाकर, द्राक्ष, इत्यादिना रसेकरी मिश्रित अने तपावेला

दुग्ध रसनो सहोदर तीर्थंकरनोज ए ध्वनि छतां प्रतिहारे कह्यो एम केम कह्युं?

समाधानः– उदार मति जे छे तेमणे ए योग्य कह्युं. तीर्थंकरनी उपर परम मधुरताएकरी मनोरम पदार्थ समूहे करी अधिक शब्दनी पंक्ति स्वभावेकरी छे; जे समये मालकौंसादि जे ग्राम, राग, तेओए करी भवजनना उपकारार्थे भगवान देशना दिएछे. ते समये बन्ने बाजूए रहेनारा देवोए अति मनोहर वेणू वीणा एओनुं मंड शब्द करण तेणेकरी तेज तीर्थंकर शब्द अत्यंत कलतर एटले दृढ करायछे. जेम के, मधुर गाननेविषे प्रवृत्त तरुण लोकना गायन रचना समये वीणा वगाडनार तेनो साथकरीने तेनी सहायता करेछे तेम ए पण जाणी लेवुं. माटे अंशेकरी प्रतिहार देवकृतत्वने कांई विरुद्ध नथी. एम कह्याथी सर्व समंजस छे. ॥ ४४६ ॥ ए उंगणचालीशमो द्वार पूरो थयो.

अवतरणः– 'चउतीसा तिसयाणंति' एटले चोत्रीश अतिशयोनो चालीशमो द्वार कहे छेः– मूलः– रय रोय सेयरहिउं, देहो धवलाइ मंस रुहिराइ; आहारा नीहारा, अदिस्सा सुरहिणो सासा. ॥ ४४७ ॥ जम्माउ इमे चउरो, इक्कारस कम्म खय नव इणिहं; खेत्ते जोयणमित्ते, तिजइ जणो माइ बहुउवि. ॥ ४४८ ॥ नियभासाए नर तिरि, सुराण धम्मावबोहिया वाणी; पुव्वप्पवरोगा उवसमंति नय हुंति वेराइं. ॥ ४४९ ॥ दुब्भिक्ख डमर दुम्मारि ईई अइवुट्ठि अणविवुट्ठीउं; हुंति न बहुजियतरणी, पसरे भामंमलुज्जोओ ॥ ४५० ॥ सुररइया गुणवीसा, मणिमय सीहासणं सपय पीढं; छत्तत्तय इंदध्धय, सिय चामर धम्मचक्काइं ॥ ४५१ ॥ सहजग गुरुणा गयण,ठियाण पंचवि इमाइ वियरंति; पाउप्पवई अ सओ, चिट्ठइ जत्थ प्पहू तत्थ. ॥ ४५२ ॥ चउ मुह मुत्ति चउक्कं, मणि कंचण तार रइय साल तिगं; नव कणय पंकयाइं, अहोमुहा कंटया हुंति. ॥ ४५३ ॥ निच्च मवट्ठियमेत्ता, पहुणो चिट्ठंति केस रोम नहा; इंदियअत्था पंचवि, मणोरमा हुंति छप्पि रिओ ॥४५४॥ गंधोदयस्स वुट्ठी वुट्ठी कुसुमाण पंच वन्नाणं; दिंतिय पयाहिणी ओ, सउणा पवणोवि अणुकूलो ॥ ४५५ ॥ पणमंति दुमा वज्जं,ति दुंदुहीउ गज्जी रघोसाओ; चउतीसाइ सयाणं, सव्व जिणिंदाण होइ इमा. ॥४५६॥ अर्थः– १ रुज शब्दे मल, रोग जे श्वास प्रमुख ने स्वेद जे परसेवो एओए करी रहित, उपलक्षणे करी लोकोत्तर रूप तथा गंधे करी सुंदर एवो तीर्थंकरनो देह, २ तथा उज्ज्वल गायना दूधनी धारा समान मांस ने रुधिर होय छे; ३ जेनो आहार अने नीहार अवध्यादिक ज्ञान शिवाय चर्मचक्षुवालाथी देखाय नही. ४ विकसित क

मलनी पठे सुगंधित जेनो श्वासोच्छ्वास होय ठे. ॥४४७॥ जम्माउइमे चउरो केण्ए चार अतिशय तीर्थंकरना जन्मनी वखतेज थएला होय. बीजा इक्कारस कम्म रकय केण् अग्यार अतिशय ज्ञानावर्णी आदि चार घाती कर्मोना क्षयथी थायठे ते कहे ठेः– ५ योजन प्रमाण क्षेत्रनेविषे समवसरणे त्रिजगना कोडाकोडी प्राणीओ मां पण परस्पर बाधा न थाय, किंतु सुखे करी वर्त्ते. ॥४४८॥ ६ नगवंतनी अर्द्धमागधी नाषा मनुष्य तिर्यंच ने देवताओने तेओनी पोतपोतानी नाषारूप थईने धर्मना अवबोधने देनारी अथवा धर्मना अवबोधना जाणपणानी करनारी थाय ठे. एनो नावार्थः– एक योजन व्यापिनी एकरूप एवी ए नगवंतनी वाणी मेघे नाखेला उदकनी पठे तदाश्रयानुरूपत्वे करी परिणामने पामेठे. यडुक्तंः– "देवा देवी नरा नारी, शबराश्चापि शाबरी; तिर्यंचोपि हि तैरिश्चां, मेनिरे नगवत्गिरं" ए विधिए त्रुवननेविषे अद्भुत अतिशय शिवाय एक काले अनेक जीवोनी ऊपर उपकार करवाने समर्थ थाय नही. ७ पूर्वे उत्पन्न थएला रोगादिक शांत थाय ठे ने नवा उत्पन्न थता नथी. ८ पूर्वे नवनेविषे बांधेला वैर अने जाति संबंधी विरोध कांई थाय नही. ॥४४ए॥ ए डुर्निक्षकाल पडे नही. १० मगर शब्दे स्वचक्र अने पर चक्रनो उपद्रव थतो नथी. ११ डुम्मारिशब्दे डुष्ट देवतादिकृत मरण थाय नही. १२ ईतिते घणा तीड सूडा ऊंदर इत्यादि धान्यादिकनो नाश करनार प्राणीओनी उत्पत्ति न थाय. १३ अतिवृष्टि थाय नही. तथा १४ अनावृष्टि थाय नही. एरोगादिक जे सात ठे ते ज्यां ज्यां नगवान विहार करेठे त्यां त्यां चारे दिशानेविषे प्रत्येक पचीश योजनमां थता नथी यडुक्तं समवायांगेः– "जउ जउ वियणं अरिहंता नगवंतो विहरंति तउ तउ वियणं पणुंवीसाएणं ईई न नवइ मारी न नवइ सचक्कं न नवइ परचक्कं न नवइ अइवुठि न नवइ अणा वुठी न नवइ डुप्रिरकं न नवइ अवुपन्ना वियणं उप्पाईयावाही खिप्पामेव उपसमंति त्ति." स्थानांग टीकायामपि दशस्थानके लिखितंः– "महावीरस्य नगवतः स्वनावप्रशमितयोजनशतमध्यगतवैरमारिविड्वरडुर्निक्षाद्युपड्वस्यापीति." १५ तीर्थंकरना पश्चात् नागनेविषे तिरस्कृत ठे द्वादश सूर्यनुं तेज जेणेकरी एवा नामंमलनी प्रजा पटलनो उद्योत प्रसरे ठे. ॥ ४५० ॥ ए अग्यार अतिशय कर्मना क्षयथी थाय ठे, हवे बाकीना ओगणीश अतिशय सुररचित कहेठेः– १६ आकाशनी पठे अत्यंत स्वछ स्फटिक मणिनुं सिंहासन सपाद पीठ युक्त. १७ अति पवित्र त्रण छत्र. १८ जिनना अग्र नागनेविषे हजारोगमे न्हानी पताकाओएकरी सहित अने

हवे क्रोधनिग्रहादि कहेले:– मूलः– कोहो माणो माया, लोनो चउरो हवंति हु कसाया; ए एसिं निग्गहणं, चरणस्स हवंति मे नेया. ॥ ५६९ ॥ अर्थः–क्रोध मान माया तथा लोन ए चार कषाय जाणवा. जेनेविषे प्राणीओनी हिंसा थाय ले तेने कहिये कष, तद्रूप जे संसार तेनेविषे आय एटले प्राप्त थायले एटले जे णेकरी प्राणीने संसारनी प्राप्ति थायले तेने कषाय कहिये. तेओनुं निग्रहण एटले नियंत्रण जाणवुं. एवीरीते चरण एटले चारित्रना पूर्वोक्त सित्तेर संख्याये नेदो थायले. एटले व्रतना पांच नेद, श्रमण धर्मना दश नेद, संयम संबंधी सत्तर नेद वैयावृत्यना दश नेद, ब्रह्मगुप्ति नव; ज्ञानादि त्रिक, तपना बार; अने क्रोधनिग्रहादि चार ए बधा एकठा कखाथी सित्तेरनी संख्या थायले. ॥ ५६९॥ ए लासठमो द्वार.

अवतरणः– हवे 'करणंति' एटले करण सत्तरिनो सम्सठमो द्वार कहे ले:– मूलः– पिंमविसोही समई, नावण पमिमाय इंदिय निरोही; पडिलेहण गुत्तीउ अनिग्गहो चेव करणं तु.॥ ५७० ॥ अर्थः– जेनुं पिंमन थाय तेने कहिये पिंम

ते सजातिओ तथा विजातियोनुं अथवा कठिण द्रव्यनुं एकत्र समुदायनो संघात एटले मळवो तेने पिंम कहिये. वळी समुदायियकी समुदाय क्यारेक भिन्न होय एवी रीते घणा पदार्थों एकत्र मळेला पिंम शब्देकरी कहेवाय छे. तेनी विविध एटले अनेक प्रकारे आधाकर्मादिकने परिहारे करी शुद्धि एटले निर्दोषता तेने कहिये पिंमविशुद्धि तथा समिति ते सम्यक् एटले प्रशस्त अर्हत्प्रवचनानुसारें जे चेष्टा तेने समिति कहिये. ते ईर्यासमित्यादिक पांच जाणवी. तथा जे भाववी तेने कहिये भावना; ते अनित्यत्वादिकनुं चिंतववुं. तथा प्रतिमां एटले प्रतिज्ञा जे अभिग्रहनो प्रकार मासिक प्रमुख. तथा स्पर्शादिक इंद्रिय तेओनो जे निरोध एटले पोतपोतानेविषे इष्ट तथा अनिष्टने विषे रागद्वेषनो अभाव एम जाणवुं. तथा प्रतिलेखना ते आगमानुसारे करी प्रति प्रति निरीक्षण एटले चोलपट्टादि उपकरण प्रमुखने लेखन के० निरखवुं ते प्रतिलेखन कहियें. तथा गुप्ति जे गोपववुं, तेणेकरी यतिने पोतानी आत्मानुं राखवुं. अथवा मनादि योगनिग्रह ते गुप्ति कहिये. तथा जे अभिग्रहियें तेने कहिये अभिग्रह ते द्रव्यादिसंबंधी नियमविशेष अनेक प्रकारे जाणवा. चकार समुदायने अर्थे छे अने एवकार ते अनुक्रमे प्रतिपादनने अर्थें छे. अने ए करणतु के० जे कराय तेने करण कहेवुं: ते मोक्षार्थी साधुओ करे छे. एम जाणवुं तु शब्द विशेषणार्थेंछे तेथी एम कहेवुं के मूळ गुणने सद्भावेज करणपणुं छे ते एने अन्यथा न थाय अहीं कोई आशंका करे छे.

आशंकाः– समितिना ग्रहणथी पिंमविशुद्धिनुं ग्रहण थवाने लीधे पिंमविशुद्धिनुं जुदुं ग्रहण कर्त्तव्य नथी. जे कारण माटे एषणासमितिनेविषे सर्व एषणानुं ग्रहण थयुं छे. तो पिंमविशुद्धि पण एषणाज छे. तेनो भेदेकरी उपन्यास केम कर्यो?

समाधानः– पिंमथी व्यतिरेकपणे पण एषणा दीठामां आवेछे. ते वसति प्रमुखना पिंमप्रक्षेपणे एषणा थाय छे तेने एषणा समितिनुं ग्रहण अथवा पिंमविशुद्धिनो भेद कहेवो ते कारणे करी ग्रहण कर्त्तव्य छे परंतु कारण विना न करवुं एवो अर्थ जणाववाने अर्थे अथवा आहारविना पिंमविशुद्धि प्रमुख करी न शकाय ए माटे भेदेकरी उपन्यास कर्यो छे. माटे पिंम, शय्या, वस्त्र, अने पात्र ए अकल्पनीय लेवा नहीं अने जे कल्पनीय थाय ते साधु लिये ॥५७०॥

हवे जे दोषोएकरी रहित पिंमनी शुद्धि थाय छे ते दोषोने सामान्येकरी त्रण भेदे कहे छेः—मूळः—सोलस उग्गम दोसा; सोलस उप्पायणाय जो दोसा; दस एसणा य दोसा; बायालीसं इह हवंति. ॥५७१॥ अर्थः— प्रथम उग्गम शब्दे पिंमनी उत्पत्ति

तद्विषय जे आधाकर्मी आदि दोष ते उद्गम दोष सोळ जाणवा. बीजो उत्पादन ते उपजाववुं, ते शुद्ध पिंमने पण धात्रीत्वादि प्रकारेकरी दूषणनुं उपजाववुं तद्विषयक उत्पादन दोष ते पण शोळ जाणवा. तथा दश एषणाना दोष छे. एषणा एटले एषीये जोइये अनशनादि ग्रहण काळने विषे शंकितादिक प्रकारे करी जोवुं तेने कहिये एषणा तेना दोष ते ए त्रणे मळ्याथी बेताळीश दोष थाय छे. ॥ ५७१ ॥

हवे प्रथम उद्गम विषयक शोळ दोषोनां नाम कहे छेः— मूळः— आहाकम्मुद्देसिय, पूईकम्मे य मीसजाए य; ठवणा पाहुडिया ए, पाओयर कीय पामिच्चे. ॥ ५७२ ॥ परिअट्टिए अभिहडु, भिन्ने मालोहडे इय अछिज्जो; अणसिट्ठे अज्झोयर सोळसपिंडुंग्गमेदोसा ॥ ५७३ ॥ अर्थः— आधान एटले आ अमुक साधुने कारणे मने भक्तादिक पकाववुं छे, एवा मनेकरी साधुनिमित्ते जे अशनादिक ग्रहस्थ नीपजावे ते आधा कर्म एटले जे पाकादि क्रिया तेने कहिये आधाकर्म तेना योगेकरी ते भक्तादि पण आधाकर्मि जाणवां. अथवा आधाय एटले साधुना चित्तना आशयथी भक्तादि कराय छे तेने आधाकर्म कहिये. साधुने निमित्ते सचित्तने अचित्त करवुं अने अचित्तनो पाक करवो एम षट्विध जीवनिकायना वधथी जे थाय ते आधाकर्म दोष जाणवो.

२ जेनुं उद्देशन करवुं. तेने कहिये उद्देशक दोष, ते संकेत जाणवो. ते यावत् अर्थिकादिकनुं प्रणिधान, तेणेकरी निर्वृत्तवुं तेना प्रयोजनने उद्देशिक कहिये. ते बे प्रकारनो छेः— एक ओघे करीने बीजुं विभागे करी. तेमां ओघ ते सामान्यपणुं; अने विभाग ते पृथक्करण जाणवुं. अत्र आ भावना छेः— न दीधाथी कांई पण प्राप्त थतुं नथी ते माटे केटली एक भिक्षा देवी एम जाणीने केटलाक अधिक तंडुल नाख्याथी निर्वृत्त थयुं जे अशनादि तेने ओघ कहिये; ते सामान्ये करी पोताना अने बीजाना जुदा जुदा विभाग करवाना अभाव रूपे जाणवुं. एम ओघोद्देशिकनी व्युत्पत्ति जाणवी. तथा विवाह प्रकरणादिकनेविषे जे कांई वधेलुं होय, तेने जुदुं करीने दानने अर्थे कल्पना करवी ते विभागोद्देशिक कहेवुं. एटले विभागे करी पोतानी सत्ता टाळी भिन्न करवानो जे उद्देश तेने विभागोद्देशिक कहिये. ए बेमां प्रायेकरी ओघोद्देशिकज थाय छे. जेम कोई दुष्काळनी भूखने अनुभवीने सुभिक्ष पामेलो ग्रहस्थ मनमां चिंतन करे के, दुर्भिक्षनेविषे महा कष्टेकरी जीवेलो जे हुं ते हवे संप्राप्त वर्त्तनना प्रतिदिन अर्थी जन जे छे ते सर्वने तो भोजन दाननी शक्तिनो अभाव मारामां छे तथापि स्वशक्त्या

नुसारे देवा योग्य छे. केमके आ जन्मनेविषे न आप्युं होय तो उत्तर नवे स्वर्गादिक नोगनी प्राप्ति थती नथी. जो दानादि नथी करतो तो पुण्य विना स्वर्गगमन थतुं नथी. एवुं जाणीने आग्रह पूर्वक प्रति दिवस यावत् प्रमाणे करी नोजन रांधे; ते प्रमाणे नोजन रांधवानो आरंन कर्यो उतां तेवा समयमां कोई पापंमी वचमां आवी पडे तेने निक्षादानने अर्थे आटलुं पोताने अर्थे, एवा विनाग कर्या विना अधिक चावलो नाखी दिये ते ओघ उद्देशिक थाय छे. अने विनागोद्देशिक त्रण प्रकारनो छेः— तेमां पोतोने अर्थे निष्पन्न अशनादिक जे निक्षाचरोना दानथी जुदुं कल्पेलुं होय ते उद्दिष्ट जाणवुं. अने जे निक्षा दानने अर्थे जुदुं कहाडेलुं शालि ओदन करंबादि रूपपणे ते बीजुं; अने विवाह प्रकरणनेविषे जुदुं कहाडेलुं मोदक, तथा चूर्णादि रूप निक्षाचरोने दानने अर्थे कीधेलुं कार्य ते त्रीजुं. ए एकेक वली चार चार प्रकारे छेः—उद्देश, समुद्देश, देश अने समादेश. तेमां जे उद्देश करेलुं कर्म विनाग तेने उद्देशिक कहिये. जेम के, कोई पण निक्षाचरो पाषंमी अथवा गृहस्थ वगेरे गमे तेटला आवे ते बधाने देवा योग्य छे एवो ज्यारे संकल्प कर्यो होय त्यारे उद्देश संज्ञक कहेवाय छे ज्यारे एवी कल्पना करी होय के पाषंमीने न आपवुं त्यारे तेने समुद्देशाख्य कहेवुं. ज्यारे एवी चिंतवना करे के शाक्यादिकना श्रमणोने आपीश त्यारे देशानिध कहिये. अने ज्यारे एवो संकेत करे के, निग्रंथ जे अर्हत् यतिओ तेओनेज आपीश एवो परामर्श करे त्यारे समादेश नाम जाणवुं. यत उक्तः— 'जावंति य मुद्देशं, पासंमीणं नवे समुद्देसं; समणाणं आएसं, निग्गंथाणं समाएसं.' एवी रीते पूर्वे संख्याए करी उद्देशिक विनाग चार थया तेने पूर्वोक्त त्रणे गुणता बार प्रकारनो बीजो उद्दसिक दोष थाय छे.

आशंकाः— आधाकर्म अने उद्देशकर्म ए बन्नेमां परस्पर विशेषशुं छे?

समाधानः— प्रथमथीज साधुने अर्थे निष्पादित उतां फरी पण तेनी साथे बीजो पाक करवो तेने उद्देशिक कर्म कहे छे. ए विशेष छे.

३ उद्गमादि दोष रहितपणे स्वतः नक्तादिक पवित्र उतां अन्य अविशुद्ध कोटिक नक्तादि अवयवे करी सहित मेलव्याथी पूतिनूतनुं कर्म करवुं तेने त्रीजो पूतिकर्म दोष कहिये. तेना योगे करी ते नक्तादिक पण पूतिकर्म कहेवाय छे. एनो अर्थ आ छेः— जेम सौरन्य तथा मनोहरत्वादि गुणोए करी शाल्यादि नोजन द्रव्य विशिष्ट उतां पण दुर्गंधआदि द्रव्यना लवे करी युक्त थयाथी अपवित्र थाय छे. अने ते विशिष्ट जनने त्याग करवा योग्य थाय छे. तथा निरतिचार चारित्रना सातिचार पणाने

लीधे अपवित्र करणेकरी अविशोधि कोटिना अवयव मात्रेज संयुक्त बतां स्वरूपे करी शुद्ध आहार उपलभ्य मान जावे बतां पण पूतिना कारणथी पूति जाणिये तथा आधाकर्मीकादि अवयवना लेशेकरीने पण संसृष्ट थाली, वाटकुं तथा कटोरी आदिक पूति बतां परिहरण करवा योग्य बे. ए त्रीजो पूतिदोष कह्यो.

४ कुटुंब प्रणिधान तथा साधु प्रणिधान मीलनरूप मिश्रपणे करी एटले मलेला नावथी उत्पन्न थएलुं पाकादि ते नावने पामेलुं जे नक्तादि तेने मिश्रजात कहिये. ते त्रण प्रकारनुं बेः— एक यावदर्थिक, बीजुं पाखंडि मिश्र; ने त्रीजुं साधुमिश्र. तत्र दुर्भिक्ष कालादिकनेविषे घणा निक्षाचरो उपलभ्यमान होय तेओनी अनुकंपाएकरी जेवा के, गृहस्थ अगृहस्थ गमे ते निक्षाचरना आगमनथी तेने कुटुंबनीज बुद्धिएकरी सामान्य निक्षाचर योग्य एकत्र मेलवीने जे रांधे ते यावदर्थिक मिश्र कहेवाय अने जे केवल पाखंडि योग्य तथा पोताने योग्य एकठी रसोई करी होय तेनें पाखंडिमिश्र कहिये. अने जे केवल साधु योग्य तथा पोताने योग्य एकत्र रंधाय ते साधुमिश्र कहिये. श्रमण अने पाखंडीओनो अंतर्नाव विवक्षित बे माटे श्रमणमिश्र जुदापणे कह्युं बे. ए चोथो मिश्रजातिदोष जाणवो.

५ केटलो एक कालसुधी जे साधुना निमित्ते रखाय तेने स्थापनादोष कहे बे. अथवा आ साधुने देवुं बे एम जाणीने देवानी वस्तुने केटलोएक काल व्यवस्थापन कर्युं होय ते स्थापना जाणवी. तेना योगे करी देवायोग्य होय तेने पण स्थापना कहिये. एटले बब्बी तथा थाली प्रमुखमां घालीने सुस्थित कब्ब तथा बीकादिकनेविषे थोमो काल अथवा घणो कालसुधी साधुना निमित्ते करी धारण करेला अशनादिकनी स्थापना जाणवी. ए पांचमो स्थापना दोष कह्यो.

६ कोई इष्ट अथवा पूज्यने अर्थे बहुमान पुरस्सरी करीने जे अनीष्ट वस्तु देवाय बे तेने प्राभृत कहिये प्राभृतनी परें प्राभृत जाणवुं. साधुने देवायोग्य निक्षादिक वस्तु जे नेटनी परे होय तेने प्राभृति कहिये. अथवा प्र एटले प्रकर्षे करी आ एटले साधुदान लक्षण मर्यादा तेणेकरी भृता एटले निर्वृत्त थएली निक्षा ते प्राभृता जाणीये. केम के, स्वार्थे क प्रत्ययनो विधान बे माटे. ते प्राभृतिका बे प्रकारनी बे. एक बादर अने बीजी सूक्ष्म. तत्र बादर ते स्थूल आरंन विषयपणे जाणवी. अने स्वल्प आरंनना विषयपणे सूक्ष्म जाणवी. ए एकेकना पण बबे नेद बेः— एक उत्ष्वष्कणे करी ने बीजो अवष्वष्कणे करी जाणवो. तत्र स्वयोग प्रवृत्ति कालनी अवधिनेविषे ऊंचेथी आरंननुं करवुं तेने अवष्वष्क कहे बे. अही

आम समजवुंः—कोई श्रावक कोई नगरनेविषे पोताना अपत्यनो विवाह करवानो आरंभ करे. तेनुं लग्न पण ज्योतिषिए कढाडी दीधुं होय परंतु ते समये अन्यत्र विहार करी जावाने लीधे त्यां गुरुउ न होय त्यारे ते श्रावक मनमां एवी कल्पना करे के. आ विवाहनेविषे नानाप्रकारना मनोरम सूखमी तथा पक्वानो थशे. ते व्रतीउने कंईपण उपयोगमां आवशे नही. केमके, वखते तेउने आवता घणो काल लागी जाय माटे, हाल सांभल्यामां आवे ठे के, गुरुउ थोडा दाहाडामां विहार करीने अत्र आवनार ठे. माटे ते समयनेविषे मारे विवाह करवो, जेणेकरी साधुउने हुं अशनादि पुष्कल आपुं. केमके, तेज अशनादिक सफल कहेवाय के जेनो विनियोग सुपात्रनेविषे थाय! एथी महापुण्यनुं उपार्जन थशे. अने मोटा कल्याणनी प्राप्ति थशे. इत्यादिक चिंतवना करीने निश्चय करेला लग्नने आगल लेलीने गुरुना आववाना समये विवाह करे. एवीरीते विवाह दिननुं उत्ष्वष्करण करीने जे भक्तादि उपक्रिया करवी ते बादर उत्ष्वष्करण प्राभृतिका जाणवी. तथा कोई एक श्रावके पोताना पुत्रादिकना विवाहनुं दिवस निश्चय कर्युं तेटलामां त्यां साधुओ आवी पहोता. त्यारे ते मनमां आवीरीते परिभावना करे के. आ साधुओने विपुल तथा विशिष्ट एवुं भक्त पानादिक पुण्यने अर्थे देवुं जोइयेठे. ते प्राये करी विवाहादिकनेविषे मोटी विशाल पर्वणि थशे. अने मारा पुत्रनो विवाह थशे त्यां सुधी तो यतिओ बीजे ठेकाणे विहार करी जशे. एवो विचार करीने बीजुं पाशे लग्नकनो लग्न कढावे. एम विवाहना लग्ननो समय ठेराव्या ठतां तेनुं अवष्कष्करण करीने जे भक्तादि उपक्रिया करवी ते बादर अवष्वष्कर प्राभृतिका जाणवी. तथा कोई कुटुंबिनी स्त्री सूत्र कातवाना वेपारविषे लागेली होय तेनी पाशे बालक रोतो रोतो भोजन मागतो होय के, मा मने खावाने आप. ते प्रस्तावनेविषे पाशेना गृहोमां भिक्षा मागतां साधुउनुं संघाटक तेणे जोयुं. त्यारे सूत्र कातवाना लोभेकरी रोता अने धांधल करता बालकने कहे के, हे बालक तुं रोदन तथा प्रलापन नाकर, जो आ पेला साधु घेर घेर भिक्षा लेता अनुक्रमे ज्यारे आपणे घेर आवशे ते संघाटकने भिक्षा देवासारु हुं उठीश त्यारे तने पण भोजन आपीश. त्यार पठी क्रमे करी साधुओनुं संघाटक आव्याथी धर्मादिकने अर्थे उठीने, भिक्षा आपे त्यारे ते बालकने पण भोजन आपे. हवे जे क्षणनेविषे बालके भोजन मांग्युं हतुं ते समये तेने आपवा उचित ठतां भविष्य कालनेविषे साधुउने भिक्षा देवाना समये देवुं तेने उत्ष्वष्करण कहे ठे. तेनेविषे जे प्राभृतिका ते सूक्ष्मोत्ष्वष्करण प्राभृतिका

कहिये. तथा कोई गृहस्थनी स्त्री कातणुं करती बतां खावाने मागता बालकने कहे के, एक पूणी काती लकं पछी तने जोजन आपुं. एटलामां साधु आव्या त्यारे ऊठीने तेने जिक्षा आपे; अने बालकने पण खावाने दिये. हवे पूणी काती लीधा पछी छोकराने जोजन आपवानुं बतां वचमां साधु आवी लागाथी ते समये ज बालकने खावा आपवुं तेने अवष्कष्करण कहिये. ए प्राजृतिका साधुने सूक्ष्म अवष्कष्करण प्राजृतिका कहिये ए प्राजृतिका साधुने अर्थे ऊठी बतां बालकने जोजन दान देवा पछी हस्तधावनादिके करी षट्कायादि उपमर्दनो हेतु होवाथी अकल्पनीय छे. ए छठो प्राजृतिका दोष कह्यो.

७ साधुना निमित्ते अग्नि प्रदीप तथा मणि आदिकनी स्थापनाए करी अथवा जित्यादि अपनयने करी बाहार निकास्य धारणेकरी प्राडुःप्रकटत्वेकरी देवानी वस्तुनुं करण तेने प्राडुष्करण कहिये तेने योग्य जे जक्तादिक ते पण प्राडुष्करण कहिये अथवा प्राडुःकरण होय जेनुं तेने कहिये प्राडुष्करण ते बे प्रकारे छेः—एक प्रकाश करण, ने बीजुं प्रगट करण, कोई श्रावक साधुनी जक्तिएकरी जूषित मनवालो, निरंतर सत्पात्र दाने करी पवित्र करेला छे जेणे पोताना हाथो; पण मंद विवेकी छे तेथी अंधकार वाला गृहनेविषे पडेलुं साधुने देवायोग्य अशनादिक साधुने देवुं छे एवी परिजावना करीने तेना प्रकाशवाने अर्थे अजवालुं करवावाली मणिने त्यां स्थापन करे; अथवा अग्नि प्रदीप करे; वा गवाक्ष करावे; नानुं दरवाजुं होय तो मोटुं करावे अथवा जीतिप्रमुखमां काणुं पाडे; एवीरीते कोई ठेकाणे पडेली देवानी वस्तुने प्रकाशवुं तेने प्रकाश करण कहेछे. अने घरमांना चूलानी ऊपर पोताना गृहने अर्थे रांधेलु उदनादिक ते अंधकारमांथी कहाडीने बाहेरना चूलानी ऊपर अथवा घरना चूलाथी जिन्न कोई बीजा स्थानके अथवा कोई बीजाज प्रकाशवान प्रदेशनेविषे साधुने दानने अर्थे जे स्थापन करवुं तेने प्रकट करण कहिये ए बन्ने प्रकारनुं प्राडुष्करण छकाय जीवोनी हिंसा करवाना दोषना सद्भाव होवाथी साधुने ते वर्जन करवा योग्य छे ए प्राडुःकृत दोष.

८ साधुने अर्थे जे मूल दईने कांई वस्तु वेचाती लइये, तेने क्रीतदोष कहे छे. ते चार प्रकारे छेः—आत्म द्रव्य क्रीत, आत्म जावक्रीत, परद्रव्य क्रीत तथा पर जाव क्रीत. तत्र आत्माएकरी पोतेज द्रव्यथी उज्जयंतादि तीर्थ शेष परावर्त्तादि गुटिका सौजाग्यादि संपादक रक्षादि रूपेकरी प्रदान कस्यांथी परम अर्थनो त्याग करता बतां जे जक्तादिक ग्रहण करवुं तेने आत्म द्रव्य क्रीत कहिये. एनेविषे आटला दो

यो छेः–उज्जयंतादि तीर्थशेषगुटिका समपर्ण कस्या पछी थोडाकालेज दैवयोगे गृहस्थ ने अकस्मात ज्वरादिके मांदाई थई आवे त्यारे ते मनमां जल्पना करे के, हुं साजो ता जो छतां आ साधुए आपेली गुटिकाथी रोगी थयो; एवी बकवाथी शासननी मलि नता थाय अने एवी जो राजादिकने खबर पडे के अमुक जैननो साधु गुटिका आपीने माणसोने मांदा पाडेछे तेथी तेने पकडी मारकूटादि करे. अने ते शेषादि समर्पण कस्याथी दैवयोगे रोग मंद थई जाय तो लोकोमां ते साधुनो वहावा था य ते साधुने अयोग्य होवाथी शासननी हीलना थाय तथा तीर्थाटन करतां देव ने अर्पण करेली कांई वस्तु लई आवीने आप्याथी शरीर तथा व्यापारनी पुष्टी थयाथी छकायना जीवोनो घात थाय तेथी कर्मबंध थाय इत्यादि दोषो जाणवा बीजो आत्मभावक्रीत ते पोते भक्तादिकने अर्थे धर्म कथन करनार वादी, क्षपक तापक तथा कवि प्रमुखे करी धर्म कथा उपन्यासादि लक्षण भावेकरी कहेला ध र्म कथाना उपन्यास थकी जे अशनादिकनुं ग्रहण करवुं, ते आत्मभावक्रीत क हिये. एना दोष पोतानुं निर्मल अनुष्ठान निष्फल करवुं वगैरे जाणी लेवा. त्री जो परद्रव्यक्रीत एटले पर ते गृहस्थे साधु निमित्ते सचित्त अचित्त मिश्र द्रव्ये करी करेला अशनादिकनुं जे ग्रहण करवु तेने परद्रव्य क्रीत कहिये एना षट्कायविराधनादि. प्रसिद्ध दोषो छे ते जाणी लेवा. तथा परभाव क्रीत ते पर एटले यति आदिकनी भक्तिना वशेकरी साधुना निमित्त पोताना विज्ञान प्रद र्शनादिरूपे करी अथवा धर्मकथादिरूपे करी भावेकरी बीजाने पीगलावीने जे गृह ण करवुं तेने परभाव क्रीत कहेछे. एना त्रण दोषो छेः– एक क्रीत दोष, बीजो बीजाना गृहथी आण्याथी अभ्याहृत दोष अने त्रीजो लावी लावीने एकत्र साधुने अर्थे स्थापन करवुं ए आठमो क्रीत दोष कह्यो.

ए अप एटले हमणा मने अमुक चीज जोईए छे ते आप हुं तने पाछी आपीश एम कहीने साधुने अर्थे उछीनुं लेवुं तेने अपिमित्य अथवा प्रामित्यक कहेवो. अही जे अपमित्यनुं ग्रहण कर्युं ते पण उपचारथी कर्युं छे एम जाणी लेवुं. ते बे प्रकारनो छेः– एक लौकिकने बीजो लोकोत्तर तेमां लौकिक ते कोई ग्रहस्थ बी जानी पाशेथी उछीनुं लईने कोई व्रती एटले साधुने आपे ते जाणवो. एना दोष कहेछे ते उछीनो लेनारने तेना आधीन रहेवुं पडे, वचननुं बंधन थई पडे अने नियमथी ते करवुं जोये ए जाणवा. अने लोकोत्तर ते वस्त्रादिकनी परस्पर साधु ओनेविषे लेवड देवड जाणवी. ते वली बे प्रकारे छेः– तेमां प्रथम कोई साधु

कोईनी पाशेथी वस्त्रादि मांगी लिये ते एवी बोलीथी के केटलाएक दिवससुधी हुं वापरीने पछी पाछुं आपीश. अने बीजुं कोई एवी बोलीथी लिये के आटला दिवस पछी हुं तने आना जेवुंज वस्त्रादि आपीश. तेमां प्रथम प्रकारे लीधेलुं वस्त्रादि शरीरना मलादिकेकरी मलीन थयुं होय, फाटी गयुं होय, चोराई गयुं होय, अथवा कोई ठेकाणे रस्तामां पडी गयुं होय, तो तेने लीधे माहो मांहे कजीओ थाय; इत्यादिक दोष जाणवा. अने बीजा प्रकारे लीधेलुं वस्त्रादि फरी ज्यारे धणी मागे त्यारे बोली प्रमाणे तेथी पण विशेष आप्युं, छतां तेनुं मन मानवुं कठण थायछे तेथी पण कोई वखते कलहनी उत्पत्ति थाय ए नवमो प्रामित्य दोष जाणवो.

१० जे साधुने अर्थे परिवर्त्त एटले ताब्दलीक करी राख्युं होय तेने परावर्त्त कहेछे ते बे प्रकारनो छेः— एक लौकिक अने बीजो लोकोत्तर जाणवो. ते वली एकेक बे बे प्रकारनो छेः— तेमां एक तद्द्रव्यविषय अने बीजो अन्यत् द्रव्यविषय एम जाणवा. तेमां तद्द्रव्यविषय ते खराब घृत आपीने साधुने अर्थे सारुं सुगंध वालुं घृत लेवुं इत्यादि जाणवुं. अने अन्यत् द्रव्यविषय ते जेम कोद्रवकूर समर्पण करीने साधुने निमित्ते शाल्योदननुं ग्रहण करवुं इत्यादि जाणवुं. ए लौकिक जाणवो. एमज लोकोत्तर पण जे साधुओ पोतपोतामां वस्त्रादिकनुं लेवुं देवुं करे तद्रूप जाणवो. तेनी पण ते बे प्रकारे भावना करवी. एमां पण पूर्वनी पठे दोषजछे ए दसमो दोष.

११ अभि एटले साधुनी सन्मुख, हृत एटले कोई ग्रहस्थे बीजा कोईगृहस्थनी पाशेथी आणेलुं अभिहृत जाणवुं. ते बे प्रकारे छे. एक अनाचीर्ण ने बीजुं आचीर्ण. तेमां प्रथम अनाचीर्ण बे प्रकारनुं छेः—एक प्रछन्न ने बीजुं प्रकट. तेमां जे साधुए अभ्याहृतपणे जाण्युं होय तेने प्रगट कहिये. ते प्रत्येक बेबे प्रकारे छेः— स्वग्रामविषय तथा परग्रामविषय. जेमां साधुओ वास करी रह्या होय तेने स्वग्राम कहिये अने बाकीनाने परग्राम कहिये. तेमां कोई श्राविका भक्तियुक्त साधुने प्रतिलाभे करी अभ्याहृतनी शंकानी निवृत्ति करवाने अर्थे उत्साहने दिवसे कांई वांटवा नीकले छे तेनी पठे उपाश्रयमां आवीने पोतानी साथे मोदकादिक लावीने साधुने कहे के, हे भगवन्, मने भाई प्रमुख कोई सगाना गृहथी आ प्राप्त थएलु छे. ते ज्यारे हुं स्वजनोना घेर आ उत्साहनेविषे आपवानुं पोताना गृहथी आणीने आपवा गई त्यारे तेउए रोषादि कोई कारणने लीधे लीधुं नही. हमणा हुं मात्र वंदन करवाने आवेली छुं, तेथी आ भक्त जो तमारे लेवा योग्य होय तो एनुं ग्रहण करो एम कही ते जे आपे ते प्रछन्न स्वग्राम विषय अभ्याहृत जाणवुं. तथा कोई ग्रा

मनेविषे घणां श्रावको होय अने ते बधा एक कुटुंबवालां होय, कोईएक समयने विषे तेउना गृहनेविषे विवाहनो संभव थयो. तेमां जमण वगेरे थईगया पढी प्रचूर मोदकादिक अन्न वध्युं. त्यारे तेउ मनमां विचार करवा लागे के, आ अन्न जो साधुउने आप्युं होय तो आपणने महत्पुण्यनी प्राप्ति थाय. एवो संकेत करीने ते साधुउमांना केटलाएक दूर रहे ठे अने केटलाएक पासे वसे ठे पण अंतराले नदी वहे ठे. तेथी तेउ ठकाय जीवोनी विराधनाना भयथी आवता नथी. अने जो कदाचित् आवे तो पण प्रचूर मोदकादिकने जोईने जो आपणे कहीशुं के आ शुद्ध ठे तो पण आधाकर्मनी शंकाए करी गृहण करशे नही. माटे जे गाममां साधुओ वसे ठे त्यांज प्रछन्न लईने जवुं सारुं ठे. वली बीजो विचार एवो करे के, जो साधुउने त्यां जईने आपशुं त्यारे तेउ अशुद्धनी आशंका करीने गृहण नहीकरशे ते कारण माटे बीजी ज्ञातिवालाना हाथेज केटलुंएक तेउने अपाववुं कदाचित् तेम दीधाथी पण साधूउ कबूल करशे नही केम के ए अवस्थाए करी अशुद्धनी शंका थाय. तो ज्यां ज्यां उच्चारादि कार्यार्थे नीकलेला ठता साधुउ दीठामां आवे त्यां तेमने देवुं एवो विचार करीने कोईएक विजातीय मनुष्यना हाथे थोडुंक अन्न आपवानुं कह्युं; तदनंतर उच्चारादि कार्यने अर्थे केटलाएक नीकलेला साधुउ दीठामां आव्याथी तेउने कह्युं के, हे मुनिराज, आ अमारी पासे वधेलुं अन्न मोदकादि प्रचूर रहेल ठे ते जो तमारा कांई उपयोगमां आवे तो तेनुं ग्रहण करो, एम कह्याथी साधुउ तेने शुद्ध जाणीने ग्रहण करी लिये तेने प्रछन्न परग्रामविषय अभिहृत कहिये; एम परंपरा ज्ञानेकरी जेनी परिष्ठापना करवी ते जाणवुं. तथा कोई साधु कोईने घेर भिक्षा मागवा पेठो त्यां गौरवने योग्य स्वजनादिकने माटे भोजन करेलुं हतुं ते कारण माटे त्यां तो साधुउए भिक्षा देवानी प्रेरणा करी नही, तेथी कोई श्राविका पोताना गृहथी मोदकादिक लईने उपाश्रयमां आवी साधुने आपे तेने प्रगटस्वग्रामविषयअभिहृत कहिये; आचीर्ण बे प्रकारनुं ठेः—क्षेत्रविषय. तथा गृहविषय तेमां क्षेत्रविषय ते उत्कृष्ठ, मध्यम तथा जघन्यथी त्रण प्रकारनुं ठे. तत्र कोई मोटा ग्रहनेविषे घणा जमनारा जननी पंक्ति बेठी ठतां त्यां एक पर्यंत साधुनुं संघाटक आव्युं अने अशनादिक जे देवा योग्यठे ते तो बीजा घरमां पडयुं ठे त्यां साधु संघाटक छुप्ति भयादिके करी देवायोग्य अशनादिकने समीप जवा शक्तिमान न थाय ते माटे एकशो हाथथी आणेलुं ग्रहण करे तेने उत्कृष्ट क्षेत्रथी अपहृत आचीर्ण जाणवुं; अने एक शो हाथ थकी दूरथी आणेलुं तो प्रतिषेध

ज छे. तथा मध्यम क्षेत्रथी अभ्याहृत ते कर परिवर्त्तथी ऊपर यावत् एक शो हाथथी किंचित् न्यून थाय त्यां सुधी जाणवुं. अने करपरिवर्त्तनेविषे तो जघन्ये करी क्षेत्रा चीर्ण अभ्याहृत जाणवुं. कर परिवर्त्त एटले हाथनुं किंचित् चलन करवुं तेने जाण वुं. जेम के, कोई जोजन देनारी बाई ऊंचे ठेकाणे ऊजी होय अथवा पोतेज पो ताना हाथमां गृहण करेला मोदक तथा मंमकादिक प्रसारित बाहुवडे ऊजी होय; तेवी रीते स्थित छतां साधु संघाटकने जोईने हाथमां रहेला मोदकादिके करी तेने बोलावे त्यारे ते हाथने नीचे पात्रने धारण करे ते समये भुजानुं किं चित् पण चालन न करतां किंचित् मुष्टिने सिथिल करे तेथी मंमकादिक पात्रने विषे पडे ए क्षेत्रविषय आचीर्ण जाणवुं. अने गृहविषय अभ्याहृत आचीर्ण वली आ वी रीते जाणवुंः– एक हारमां त्रण गृह होय, त्यां ज्यारे साधुसंघाटक भिक्षा गृ हण करे त्यारे एक साधु एकज घेरनेविषे धर्मलाभ कह्याथी जे घेरमांथी भिक्षा लेवी होय तेज घेरनेविषे उपयोग करीने भिक्षा गृहण करेछे. अने पाछल रहेलुं बीजुं संघाटक तो धर्म लाभित गृहथी इतर बे गृह थकी आणेली भिक्षा उप योग दईने गृहण करे छे. एवी रीते त्रण घेरोमांथी आणेलुं आचरित अशनादिक जाणवुं; पण चोथा गृहथी आचरित न जाणवुं. ए इग्यारमो अभ्याहृत दोष कह्यो.

१२ उद्भिदनने उद्भिन्न कहेछे. साधुने अर्थे घृतादि दान निमित्ते कुंमली प्र मुख घृतनां वासणनां महोडानी उपर छाण प्रमुख स्थापन करेलुं होय तेने ऊ घाडवुं. ते बे प्रकारनुं छेः– पिहितोद्भिन्न तथा कपाटोद्भिन्न. तत्र जे घरनेविषे अग्नि ना तापवमे सचित्त पृथ्वीकाय प्रमुख जंतुउ तपायमान थईने नाशेलाउ श्लेष्म द्र व्येकरी आछादित थयलां द्वारनी, उपर जरायला छतां प्रतिदिन परिजोग खांम, गु म, घृतादिके करी जरेला घट, कुतुप तथा कुशूलादि साधुने दान निमित्ते उघामीने खांम प्रमुख अपायछे, ते जे आपवानुं खांम प्रमुख तेने पिहितोद्भिन्न कहि ये. ए व्युत्पत्ति जाणवी. अने जे खांम तथा गोल प्रमुखे करी सहित गमडांथी जरेलां कपाटादि होय, तेनुं द्वार दर रोज ऊगाडवुं पडतुं न होय; ते साधु ना दानने निमित्ते ऊघामीने तेमांथी कहाडेला खांम तथा गोल प्रमुख वस्तुउ साधुने आपवी. तेने कपाटोद्भिन्न कहिये, एमां छकायजीवोनी विराधना थाय ते आ प्रमाणेः– कुतुपादिना महोडामांथी साधुउने आपीने बाकीनानुं रक्षण करवाने अर्थे फरीथी कुतुपादिकनुं मुख सचित्त पृथ्वीकायने जलेकरी आर्द्रिभूत करीने ते नी ऊपर लीपे; तेथी पृथ्वीकायनी विराधना थायछे. पृथ्वीकायमध्ये मुजादिक तथा

कीटकादिकनो संजव थायछे, तेथी तेउनी पण विराधना थायछे. तथा कोई कुतु पादिकने उलखवाने अर्थे लाखने तपावीने ते कुतुपादिकना मुखनी ऊपर तेनी मुद्रा करे तेथी तेजस्कायनी विराधना थाय; अने ज्यां अग्नि त्यां वायुकायनी विराधना तो थायज छे. तथा कुतुपादिनी उपर लेपन करवाने अर्थे मृत्तिकादिकने सोधतां ते दाता ने कदाचित् दैवयोगे कोई वींछीनो कांटो वागवाथी पीडा थती दीगामां आवे त्या रे लोको कहे के, जुवो तो खरा आ यतिउने दान आपवानो केवो प्रजाव छे! दा न देतां वारज आवा फलनी प्राप्ति थई एवो उपहास करे, तथा प्रथमथीज कुतु पादिकना मुख साधुने अर्थे ऊगाडेलां छतां पुत्रादिकना मागवाथी तेमने घृतादि क आप्याथी तथा विक्रय व्यापारनेविषे प्रवृत्ति थई जवाथी तथा ते कुतुपादिक नां मुख बंध करतां जूली जवाथी तेमां मूखकादिक जीवो पडीने विनाशने पामे. तेम कपाटोद्भिन्ननेविषे पण एटलाज दोषो थाय छे जेम के, कपाटथकी पूर्वे कोई पण पृथ्वीकाय तथा अपकाय करच, कोचा, बीज पूरक मुक्त थई जाय त्यारे कपाटना ऊघाडवाथी तेओनी विराधना थायछे. जलकाय जीवो करकादिकनेवि षे आलोटता जलरूप प्रसारने पामीने पाडोना चूलामां जई पडे तेम थयाथी अग्निका यनी विराधना थाय. ज्यां अग्निकायनी विराधना थाय त्यां वायुकायनी विराधना अवश्य जाणी लेवी. वली तेमां जूमिका प्रविष्ठ छिद्रोनेविषें प्रवेश करनारा कीटक गृह गोधादिकनो विनाश थयाथी त्रसकायनी विराधना थाय. तेमज दान तथा क्रय विक्रय थकी अधिकरणनी प्रवृत्ति थायछे. ते कारणे बन्ने प्रकारनुं उद्भिन्न ग्रहण करवुं नही. पण ज्यारे कुतुपादिकनुं मुखबंध प्रति दिवसे बंधाय अने छूटे एम होय त्यारे लाखनी करेली मुद्राथकी रहित केवल वस्त्रनी गांठ दीधामां आवे वली ते नी ऊपर सचित्त पृथ्वीकायादिनो लेप पण करेल न होय एवुं ज्यारे साधुने अ र्थे उद्भिन्न दीधामां आवे त्यारे ते साधुए गृहण करवुं. तथा कपाटोद्भिन्न पण जे दररोज ऊघडातुं होय त्यां उद्घाटननेविषे पण कपाटाकिना अंदरना खाणामां राखेलुं अन्न साधुने कल्पे. ए बारमो उद्भिन्न दोष कह्यो.

१३ मालांतरनेविषे छीकादिकनी ऊपर राखेलुं अशनादिक साधुने अर्थे आ णीये तेने कहिये मालापहृत तेना चार जेद छेः— एक ऊर्ध्व मालापहृत, बीजो अधोमालापहृत, त्रीजो उजय मालापहृत तथा चोथो तिर्यग मालापहृत जाण वो. तेमां उर्ध्व मालापहृत. जघन्य उत्कृष्ट तथा मध्यम करी त्रण प्रकारेछे. तेमां ऊपर वलगेलुं छीकुं प्रमुख होय ते साधारण रीते ऊजा थका माणसना हाथमां

आवी शकतुं न होय तेनो समूल नाश कखाथी, पाछली पेनी ऊंची करी, पा दना अधोभागरूप आगलना फणो वमे भूमिन्यस्त दाता पोताना चक्षुए करी अदृष्ठ छतां जे अशनादिक गृहण करे ते पार्ष्णोत्पाटन मात्र स्तोक एटले थोडी क्रियाएकरी गृहीत होवाथी जघन्यथी ऊर्ध्वमालापहृत जाणवुं. अने जे निश्रे णी आदिनी ऊपर चडीने प्रासादना उपरना तलथी दाता गृहण करे ते निशर णी ऊपर चढवा प्रमुख गुरु क्रियाए करी गृहीत होवाथी उत्कृष्ठ मालपहृत् क हेवाय; अने बीजा मध्यवर्त्ति ते मध्यम जाणवुं. तथा साधुने अर्थे भूमि गृहादिक नेविषे प्रवेश करीने त्यां पडेलुं भक्तादिक लावीने आपे ते अधोवर्त्ति भूमिग्रहथ की अपहरण एम करी अधोमालापहृत जाणवुं, तथा माटीना पात्रमां, कलश मां तथा मंजूष काष्ठकादिकनेविषे स्थित किंचित् कष्ट सहित जे दाता आपे ते उभय एटले ऊर्ध्व तथा अधोगत व्यापारादि उष्ट्रिका तथा कुंभादिके करी हरण करेलुं होय तेने उभय मालापहृत कहिये. तथा अति मोटा कुंभ प्रमुख मध्ये पमेलुं देवानुं अशनादि होय तेना गृहणने अर्थे जे दाता पाछलो भाग ऊंचो करे तेणे करी ऊ र्ध्व व्यापारता थाय तथा जेणेकरी अधोमुख करी बाहुनो व्यापार करे छे ते अधोग त व्यापारता कहिये; ज्यारे फाडी भित्यादिकनेविषे खभाना जेटला ऊंचा प्रदेश प्राये गोखलुं प्रमुख लांबु होय, तेमां तिर्यग प्रसारेला हाथो नाखीने तेमांथी देवानुं गृहण थाय छे. ते प्राये करी जोई अथवा न जोईने दाता दिये छे. तेने ति र्यग मालापहृत् कहे छे. तिर्यग् माल ते भीति आदिकनेविषे स्थित गवाक्षादिरूप अपहरण एम करी जाणवुं.

आशंकाः—मालशब्दे करी ऊंचो प्रदेश होय तेज कहेवाय छे. तेम छतां भूमि गृहादिक एटले नीचे भूमिनेविषे स्थित तेने माल शब्दे करी केम कह्युं?

समाधानः— लोकनी रूढीथी ऊंचा प्रदेशनेज माल शब्दे करीज गृहण करेलो छे, पण समय प्रसिद्धिए करी समयनेविषे माल शब्दे भूमिनुं ग्रहण पण थाय छे. ए मालापहृतमां आटला दोष छेः—मांचीनी ऊपर मांचानी ऊपर अथवा ऊखलादि कनी ऊपर चढी पोताना शरीरनो पाछलो भाग ऊंचो करीने ऊपर वलगेला छीकादिक नेविषे स्थित मोदकादिकनुं ग्रहण करतां कोई दान देनारनुं नीचेथी पग लपसी जाय तेथी नीचे पमे त्यारे नीचेनी पृथ्वी ऊपरना पिपीलिकादि तथा पृथ्वीकाया दिक जीवोनो विनाश थाय. वली दाताना हस्तादिकनो पण वखते भंग थई जा य; अने कोई वधारे खराब ठेकाणुं होय तो प्राणनो पण घात थाय. तेथी प्रवचन

नी हीलना थाय; जेम के, आ दाता साधुने अर्थे अशनादि लेवाने ऊपर चढतां नीचे पडीने मरी गयो माटे ए साधुउ कल्याणकारी नथी एवा दोषनो आरोप करे; प ण दातानी ऊपर कोई दोष राखे नही. एवी रीते लोकमां मूर्खताथी अपवाद थाय. इत्यादिक दोषोना संजवथी साधुए मालापहृत ग्रहण करवा योग्य नथी. अने योग्य पगोठी आदिकनी ऊपर चढी सारी रीते पोताना शरीरनो जार तोलन करी तथा कोई प्रकारे पण पडी न जवाय तेवी रीते ऊजा रही दात्री ऊपर च डी अशनादिक आपे ते मालापहृत न कहेवाय माटे साधुए लेवुं. अने केवल साधु पण एषणानी शुद्धिना निमित्ते प्रासादादिकना दादरादिकनी ऊपर चढीने अपवादे करी जूमिए लावीने स्थापेलुं ग्रहण करे. ए तेरमो मालाहृत दोष कह्यो.

१४ चाकर अथवा पुत्रादिकनी इछा न बतां तेउनी पाशेथी फाटीने जे साधुने दान देवाने माटे ग्रहण करवुं तेने आछेद्य कहेछे. ते त्रण प्र कारनो छे:– स्वामिविषय, प्रजुविषय, तथा चोरविषय. तत्र जे ग्रामादिकनो धणी होय तेने स्वामि कहेये; तथा मात्र गृहनो जे नायक होय तेने प्रजु क हिये; अने जे चोरी करनार होय तेने चोर कहेछे. हवे ग्रामादिकनो स्वामी य तीउने देखीने पोताने कल्याणनी इछाथी कजीउ करीने अथवा बलात्कारे करी साधु ने अर्थे गाममां रहेनारा कटुंबीउनी पाशेथी अशनादिक ठीनवी लईने ते यतिओने जे आपे तेने स्वामीविषय आछेद्य कहेछे: तथा जे गाई प्रमुखनी रक्षा करनारां पु त्र, पुत्रिका, वधु तथा जार्यादिक सकाम जनोनी पाशेथी तेमनी इछा न ठतां ग्रहण करीने ते ग्रहनो नायक साधुउने दूध वगैरे आपे तेने प्रजुविषय आछेद्य कहिये. तथा केटलाएक चोरो पण संयतिउनुं सारुं करनारा होयछे. ते मार्गमां चालतां कोईएक समये केटला एक वाटमार्गी जोजन करतां बेठेला दीठामां आ व्यां तेटलामां त्यां जिक्षाने माटे फरतां तेउनी इछा पूरती गोचरी न मलतां के टलाएक यतीउ पण आवता दीठामां आव्या; तेउने निमित्ते तथा पोताने अर्थे पेला जमवा बेठेला ग्रहस्थोनी पाशेथी बलात्कारे मालमता ठीनवी लईने तेमांथी केटलुं एक साधुउने आपे तेने स्तेन विषय आछेद्य कहेछे. ए त्रणे प्रका रनो आछेद्य साधुउने कल्पे नही. केम के, एमां अप्रीति, कलह, आत्मघात, अंतराय तथा प्रद्वेष प्रमुख अनेक प्रकारना दोषोनो संजव छे. तेमां चोर विषय आछेद्यमां कांईक विशेष दर्शावे छे:– जे वाटमार्गीउ संबंधी जक्तादिक बलात्कारे ठीनवी लईने चोरो साधुउने आपे छे. ते सार्थिक लोको के, जेउने चोरोए

लूंटी लीधा छे ते एम कहे के अमेतो अवश्य चोरोना हाथे लूटाववाना हता, ते जो चोरो अमने लुंटीने तमने आपे छे, तो एथी अमने पण मोटो संतोष थाय छे. एवीरीते ते मालवालाने अनुज्ञात छतां आपेलुं अशनादि अवश्य साधु ग्रहण करे. पछी ज्यारे चोरो जता रहे त्यारे ते ग्रहण करेलुं द्रव्य फरीथी तेना मालेकोने समर्पण करे. अने कहे के, चोरोना जयथी अमे आ समये ग्रहण तो कर्युं पण हवे चोरो जता रह्या छे माटे आ तमारुं द्रव्य तमे पाछुं लेओ, एम कह्युं छतांपण जो ते सुज्ञ माणसो होय अने कहे के, ए तमने चोरे आप्युं नथी पण अमेज दीधुं छे माटे ए लेवामां तमने कांई दोष नथी त्यारे ते अवश्य लेवा योग्य छे. ए चउदमो आछेद्य दोष कह्यो.

१५ जे सर्व स्वामीओएकरी साधुने अर्थे अनुज्ञात होय तेने अनिसृष्ट कहे छे. ते त्रण प्रकारनुं छेः—साधारणानिसृष्ट, चोलकानिसृष्ट, तथा जडानिसृष्ट. तेमां घणा जनोने सामान्य होय तेने साधारण कहिये; तथा ग्रामादिकना धणीए पोताना पायदल लस्करने प्रसाद एटले इनाम आप्युं होय ते अथवा कोई कुटुंबना मालके क्षेत्रादिकनेविषे रहेला कामकरनाराने जे कांई दीधु होय ते. एने देशी जाषामां जक्त कहे छे. एने चोलक कहे छे. अने जम ते हस्ति समजवो. ए उएकरी निसृष्ट एटले अनुज्ञात साधुउने कल्पे नही. तत्र साधारण निसृष्ट एटले कोई हाट, गृह, तथा बीजा कोई ठेकाणे रहेली तिलकुट्टितैल, वस्त्र लरुक, दधि तथा अशनादिक वस्तुना जेदेकरी अनेक वस्तु विषय जेम के, घाणी आदि यंत्रने स्थले तिलकुट्टितैलादिक, दुकाननी उपर वस्त्रादिक तथा गृहने विषे अशनादिक घणा लोकोने साधारण अने ते गामना जेटला वारसो होय तेउना अनुमतथी जे कांई साधुने दीधामां आवेछे तेने साधारण अनिसृष्ट कहिये. तथा चोलक बे प्रकारनो छेः— छिन्न अने अछिन्न. तत्र कोई कुटुंबिक क्षेत्रमां रहेला काम करनाराउमांथी कोईने पाशे लईने तेने जोजन आपे ते ज्यारे एक एक हालीने योग्य जुदा जुदा गमछामां नाखे त्यारे ते चौलिक अने ते जोजननो सर्व हालिकोने योग्य एक मोटी थालीमां नाखीने मोकलावे त्यारे तेने छिन्न कहेछे. पछी ते चौलिक जेना निमित्ते जिन्नजिन्न करेलुं देवानुं होय तेने न दईने मूल स्वामि जे कुटुंबीक तेना न देखतां अथवा देखतां साधुने आपे ते छेदनेकरी तेनुं पोतानुं करेलुं होवाथी; तथा कौटुंबिक जे जे हालिकोने योग्य चौलिकने एकठुं जोजन आपे ते साधुने देवाने धणीने जाणतां, अजाणतां, तथा देखतां न देख

तां साधुने आपे ते साधुए लेवुं नही केम के, तेथी द्वेषांतराये करी परस्पर कल हनो संभव छे. तथा जडानिसृष्ट एटले हाथीने देवानुं भोजन राजा तथा हाथी थी छानुं लेवुं नही. केम के, हस्तिनुं जे भोजन ते राजा संबंधी छे तेथी कदाचि त् राजाने खबर पडेतो ते लेनारने पकडे अथवा पकडीने खेचे वा तेने दंडादि कनो संभव थाय. वली ते देनारे साधुने पिंड आप्युं तेथी कोपायमान थईने राजा कदाचित् तेने तेना अधिकार उपरथी कहाडी मूके तेथी ते बिचारानो निर्वाह बंध थई जाय अने लोकोमां एवुं कहेवाय के, पेला साधुने भोजन आ प्युं तेथी बचारा एनी चाकरी गई एवा दोष लागे; तथा राजाने अजाणे दीधाथी अदत्तादान दोष पण लागे; तथा हाथीने जोतां पण साधुए तेना भोजनमांथी ग्रहण करवुं नही. केम के, ते सचेतन होयछे. तेथी तेणे जोई लीधाथी एवुं मन मां आणे के, मारा कवलमांथी आ मूंडाए पिंड ग्रहण कर्योछे. तेथी ते कोपाय मान थईने कोई समये यथायोग्य मार्गमां परिभ्रमण करतां उपाश्रयनेविषे ते सा धुने देखी ते उपाश्रयने तोडी नाखे, अने जो ते साधु लागमां आवी जाय तो तेने मारी पण नाखे. ए पनरमो अनिसृष्ट दोष कह्यो.

१६ अधि एटले अधिकपणे करी जे अवपूरण तेने कहिये अध्यवपूरण. पो ताने अर्थे रांधवाने चूलानी उपर चडावेलुं छतां साधुउ आवेछे एम जाणीने तेउना योग्य भोजन तैयार करवाने अर्थे ते रंधाता भोजनमां बीजुं नाखवुं ते. अही क प्रत्यय स्वार्थे छे. तेना योगे करी अध्यवपूरक कहिये. ते त्रण प्रका रनो छेः– स्वगृहयावदर्थिकमिश्र; स्वगृह साधुमिश्र; अने स्वगृहपाषंडिमिश्र. त त्र स्वगृहयावदर्थिक मिश्रनेविषे स्वगृहसाधुमिश्र अने स्वगृह पाषंडिमिश्र एबन्ने नो अंतर्भाव थाय छे अने स्वगृह श्रमणमिश्रनो स्वगृह पाषंडिमिश्रमां अंतर्भा व छे. तत्र यावदर्थिकना आववानी पहेलांज चूलामां आग पेटवी, थालीमां पाणी नाखवी वगेरे पोताने अर्थे बधी रांधवानी तैयारि करी पाछलथी यथा संभ व त्रणेमांना यावदर्थिकादिकोने अर्थे तंडुलादिक वधारे नाखे तेने अध्यवपू रक कहे छे. जे कारण माटे ते एकठुं रंधाय छे ते कारणमाटे मिश्रपणे थएलुं कहेवाय छे. जे प्रथमथीज यावदर्थिकादि अने पोताने माटे भेलुं रंधाय ते मिश्र जाणवुं अने जे प्रथम पोताने अर्थे रांधवानुं शरु कर्युं होय अने पाछलथी पाषं डी अथवा साधु प्रमुखनुं आगमन थएलुं जाणीने तेओमां अधिकतर जल तथा तंडुलादि जे नखाय तेने अध्यवपूरक कहे छे. हवे ज्यां स्वगृह तथा यावदर्थिक

मिश्र अध्यवपूरक शुद्ध नक्त होय तो तेमांथी जे कणा तथा कांपिट एटले पापड प्रमुखने अर्थे जे पाळलथी नाखेलुं होय तेटलुं थालीमांथी जुडुं करीने अथवा कार्पटिका थकी जुडुं करीने आप्याथी बाकी रहेलुं जे अन्न ते साधुने कल्पे. ए कारण माटे एने विशोधि कोटि एटले शोधेलुं कहे छे. तथा स्वगृह पाषंमि मिश्र तथा स्वगृह साधु मिश्रनेविषे शुद्ध नक्तमांथी परूलुं जे होय तेज पाषंमिआदि थकी थालीमांथी जुडुं करी आपे ते लेवुं नही. केम के, ते बंधु नोजन पूतिदोषेकरी डुष्ट थाय छे. एसोलमो अध्यवपूरक दोष कह्यो ॥५७१॥५७२॥ एवी रीते शोल उज्ञम दोषो कह्या.

अवतरणः—हवे सोल उत्पादन दोष साधुथी थाय ते कहेछेः— मूलः—धाई दूइ निमित्तं, आजीव वणीमगे तिगिछा य; कोहे माणे माया, लोने य हवंति दस एए. ५७४ पुव्विं पछा संथव, विज्ञा मंते य चुन्न जोगेय; उप्पायणा य दोसा, सोलसए मूल कम्मेय॥५७५॥अर्थः— १ प्रथम धात्री दोष आ प्रमाणेः—तत्र जेने बालको धाय अथवा पिये तेने धात्री कहिये, अथवा बालकोने जे दूध पिवरावववाने अर्थे धारण करे तेने धात्री कहेछे. वली ए बालपालिका पण कहेवायछे. ते पांच प्रकारनी छेः— क्षीरधात्री, मज्जनधात्री, मंमनधात्री, क्रीमनधात्री, तथा उत्संगधात्री. अही धात्रीपणानुं जे करण एटले साधन अने कारण एटले हेतु होय ते धात्री शब्दे कहेवायलुं दीठामां आवे छे. तथा विवक्षणाए करी धात्रीनो पिंम धात्रीपणाना करण अने कारण वमे जे उत्पन्न थाय तेने धात्री पिंम कहिये. एवी रीते दूति आदिकनेविषे पण नावना करवी. कोई साधु निक्षाने अर्थे आगलना ओलखीता घरमां पेठो. त्यां रोता बालकने जोईने तेनी माताने कहेवा लागे के, आ बालके हजी सुधी स्तनपान करवानुं मूक्युं नथी तेथी क्षीरादिकने अर्थे रोदन करे छे माटे मने शीघ्र निक्षा आपो. पछी ए बालकने स्तनपान करावजो. अथवा पहेलां एने स्तनपान करावी लीओ त्यार पछी मने निक्षा देजो. अथवा मने निक्षा मली हमणा एम जाणीने आ बालकने स्तनपान करावो. अने बीजा घरमांथी निक्षा मागी लईने पछी फरीथी हुं अही आवीश, अथवा तुं निराकुल थईने बेशी रहे, हुंज क्यांथीक क्षीर लावीने एने आपीश. एवी रीते पोते धात्रीपणुं करे. तथा बालकने स्तनपान कराव्युं होय तोज मतिमान् रोग रहित तथा दीर्घायु थाय छे, अने जो स्तनपान सारी रीते न करावीए तो तेथी उलटुं थाय. तथा लोकनेविषे पुत्रनुं मुख जोवुं घणुं डुर्लन छे. ते कारण माटे बीजा बधा कर्मोने मूकीने आ बालकने स्तनपान करावो. एम कह्याथी घणा दोषो थाय छे. जेम के,

बालकनी माताने ते बोलवुं सारुं लागे तेथी बीजा बधा ठेकाणेथी मन खेंचीने आधाकर्मादिक करे. वली ते बालकने लागता वलगता तथा बीजा जनो ते बालकनी मातानी साथे जाषण करवानो साधुनो संबंध होवाथी खोटी संजावना करे; केम के, तेमने ते साधुनी साथे सहवासनुं कारण दीठमां आवे माटे. अथवा ते बालकनी माता दैवयोगे मरी जाय तो ते साधुनी साथे बधा द्वेष करे. अथवा वेदनीय कर्मना विपाकना वशथी ते बालकने जो ज्वरादिकनी मांदाई थाय, त्यारे ते बालकनी माता एम कहे के तें मारा पुत्रने पीडा करी छे इत्यादिक कहीने साधुनी साथे कलह कखाथी प्रवचननी मलीनता थाय. अथवा कोई गृहस्थना गृहनेविषे बालकने धवरावनारी धात्रीने पोतानी बुद्धिना प्रपंचेकरी त्यांथी कहडावीने बीजी धात्रीने रखाव्याथी धात्रीत्व लक्षण दोषने संपादन करे. जेम के, कोई एक साधु जिक्षाचर्याने अर्थे कोईना गृहनेविषे प्रवेश करतां ते गृहनी कोई एक स्त्रीने शोक सहित जोईने तेने पूछे के, केम बाई तुं आजे अधीरी देखाय छे? त्यारे ते कहे के, जे दुःखनेविषे सहायता करनारो होय तेनेज दुःख कहेवाय छे. ते सांजली तेने यति कहे के दुःखमां सहायता करनारो कोण कहेवाय छे? त्यारे ते बाई कहे के, जेनी पासे दुःख कहेतां ते दुःखनो निवारण करे ते दुःखमां सहाय करनार कहेवाय. फरी मुनि कहे के, मारा विना बीजो तेवो तमने कोण जासे छे? त्यारे ते बाई बोले के, सांजलोः– अमुकना घरमां हुं धात्री हती, त्यां बीजी धात्री आवी अने मने कहाडी मूकी तेथी ते मारुं धात्रीपणुं गयुं तेथी हुं खिन्न थई छुं; त्यारे साधु अभिमानमां आवीने कहे के, ज्यां सुधी हुं तने पाछी त्यां रखावुं नही त्यांसुधी माहरे तारा घेरथी जिक्षा लेवी नही. एम कहीने पछी तेनी प्रतिपक्षी धात्रीने ते घेरमांथी कहडाववाने अर्थे ते धात्रीने दीठेली नही छतां तथा तेनुं स्वरूपपण न जाणताछतां तेनी आसपास जईने पूछा करे. के, ते तरुणी छे? किंवा मध्यमा छे? अथवा वृद्धा छे? वली श्रेष्ठ स्तनोवाली छे? किंवा स्थूल स्तनोवाली छे? अथवा चपटा स्तनोवाली छे? फरी मांसवाली छे? अथवा कृश छे? तेमज काली छे? अथवा गोरी छे? इत्यादिक पूछीने ते गृहस्थना घरमां जई ते बालकने जोईने गृहना स्वामी प्रमुखनी समक्ष धात्रीना दोष कहेवा लागे के, वृद्ध धात्री तो बलहीन स्तनोवाली होयछे तेनां स्तन धाव्याथी बालक पण बल रहित थाय. कृश शरीरवाली धात्रीनां स्तन न्हानां होवाथी तेने धाव्याथी बालक पण परिपूर्ण स्तनना अजावथी अवश्य शीदाईने कृशज थाय. अने स्थूल स्तनवालीनुं दूध पीधाथी बालकनां अंग कोमल होवाने लीधे धात्रीना पयो

घरनी नीचे मुख अने नाक चंपायाथी तेनुं नाक चपटुं थई जाय. तेमज चपटा स्तन धाव्याथी बालक सर्वदा पोतानुं मुख लांबुं कर्याथी सूईना जेवुं लांबुं मुख थई जाय उक्तंचः–"स्थामास्थविरांधात्रीं, सूच्यास्यः कूर्परस्तनीं; चिपिटः स्थूलवक्षोजा, ध यन् तन्वी कृशोभवेत्.॥१॥जाड्यंभवति स्थूलाया, स्तनुक्यास्त्वबलं करं; तस्मान्मध्य बस्थायाः; स्तन्यं पुष्टिकरं स्मृतं."॥२॥तथा ए जे नवी राखेली धात्री छे ते वर्णेकरी कृष्ण, तथा शरीरे करी कृशादिक होवाथी सारी नथी; इत्यादिक तेनी वर्णादिके करी निंदा करे. यथाः–"कृष्णा भ्रंसयते वर्णं, गौरी तु बलवर्जिता; ततःश्यामा भवेत् धात्री, बलवर्णैः प्रशंसितेत्यादि." एवुं ते साधुनुं बोलवुं ते गृहनो स्वामी सांभलीने स्थविरत्वादि स्वरूपे वर्त्तमान धात्रीनी परिभावना करीने तेने कहाडी मूके, अने ते साधुना संमतथी बीजी धात्रीने राखे. पछी ते अति आनंदित थई थकी ते साधुने अति मनोज्ञ तथा विपुल भिक्षा आपे. एवी रीते साधु आहार ले ते धात्रीपिंड जाणवो. एनेविषे घणा दोष छे. ते आ प्रमाणेः–जेने कहाडी मूके ते अति प्रद्वेषताने पामे तेथी ते साधुनी उपर एवो आल चढाडावे के पेली नवी धात्रीनी साथे साधु स्वे छाए वर्त्ते छे एम कहे; अने अति द्वेषना आवेशथी कदाचित् ते साधुने विष दईने मारी पण नाखे. वली जे जूनी कहाडीने नवी राखेली धात्री ते पण कदाचित् मनमां एवुं चिंतवन करे के, जेम आ साधुए मारी आगलनी धात्रीने कढावीने मने रखावी तेम कदाचित् मने पण कढावीने बीजीने रखावे तेमां नवाई शी! त्यारे एम करवुं जोईये के, जेम ए साधुनोज अभाव थई जाय. एवो विचार करीने विषादिक प्रयोगवडे साधुने मारी नाखे. एवी रीते मज्जन धात्री पणुं, मंडन धात्री पणुं, क्रीडन धात्री पणुं, तथा उत्संग धात्रीपणुं ए प्रत्येक बीजानी पासेथी कराव्याथी अथवा पोते कर्याथी घणा दोषोनी परिभावना भणवा योग्य छे. ए प्रथम धात्री दोष जाणवो.

२ जे परस्पर संदेशाने कहेनारी होय तेने दूती कहे छे. एवुं परस्पर संदिष्टा र्थ कथनरूप दूतीत्व करवाथी जे पिंडनी उत्पत्ति थाय छे. ते यतिपणे दूतीपिंड कहेवाय छे. ते दूती बे प्रकारनी होय छेः– स्वग्रामविषे तथा परग्रामविषे. तत्र जे ग्राममां साधुओ रहेला होय ते ग्राममांज ज्यारे संदेशो कहे त्यारे स्वग्रामविषे दूती कहेवाय; अने ज्यारे परग्रामने विषे जईने संदेशो कहे त्यारे परग्रामविषे दूती कहेवाय छे. ते एक एक प्रगट अने प्रछिन्न. एवा बबे प्रकारे छे तेमां वली प्रछिन्न बे प्रकारे छेः–एक लोकोत्तर विषया अने बीजी संघाटिक साधुथीपण गुप्त विषया जाणवी. बीजी वली लोक तथा लोकोत्तर ए उभय विषया छेः–एटले पासे र

हेनारा संघाटिक साधुउ पण जाणी न शके ए नाव. तत्र कोई एक साधु निक्षाने अर्थे नीकळ्याथी पोताना विशेष लाजने अर्थे तेज ग्रामसंबंधी तथा बीजा ग्राम संबंधी कोई एक प्रांतमां अथवा तेनी माहिली कोरे मातादिकनो कहेलो संदेशो पुत्रिकादिकनी पाशे कहे; जेम के, तारी माता, तारो पिता, अथवा तारा भ्रातादिके कह्युं ठे के, तुं आजे अही आवजे एम मारी पाशे कहेवराव्युं ठे. एवी रीते स्वपक्ष तथा परपक्षना शांजलता निःशंकपणे कहेवाथी प्रगट स्वग्राम तथा परग्राम विषय द्वितीय जाणीये. तथा कोई एक यति कोई ठोकरीनी माता प्रत्ये स्वग्रामने विषे अथवा परग्रामनेविषे संदेशो कहेवाने माटे प्रेरित थयो थको ते संदेशाने लईने ते मातादिकनी पासे जई कहे के, आ दूतीपणुं साधुने निश्चयकरी निंदा करवा योग्य ठे. केम के, सावद्य ठे माटे. बीजा संघाटकना साधुओ मारो दूतीपणानो दोष न जाणे तो सारुं! ए अर्थ ग्रंथांतरे आम कहे ठेः– तारी पुत्री जे अति मुग्ध श्राविका ठे, तेणे सावद्य योग्य रहित एवा जे अमे, ते प्रत्ये कह्युं ठे के, मारा आववानुं आ प्रयोजन ठे. ते मारी मातानी पाशे तमारे जई कहेवुं. एम कह्याथी तेनी माता पण अति चतुराईथी तेनो अनिप्राय सारी रीते जाणी लई बीजा संघाटकना साधुने खबर न पडे माटे ते साधुने कहे के, तमारी पाशे फरीथी एवो संदेशो कोई दहाडे न आपे माटे हुं तेने वारीश. एवी रीते संघाटक साधुथी ठानुं राखे पण लोकनुं नय न राखे एम लोकोत्तर प्रछन्न स्वग्राम परग्रामविषय दूतीत्व जाणवुं. अने लोक तथा लोकोत्तर उनय प्रछन्न आवी रीते ठेः–कोई श्राविका साधुने कहे के, मारी माताने कहेजो के, आगल जे तारी प्रतीतनुं कार्य जेम तुं जाणे ठे तेमज सिद्ध थयुं ठे एमां साधुना संघाटकने तथा बीजा लोकने ए संदेशो जाण्यामां न आववाने लीधे एने उनयप्रछन्नत्व कहिये. एनेविषे दोषो सर्वत्र गृहस्थ व्यापारणादिके करी जीवोनुं उपमर्दन थाय इत्यादिक जाणवा. ए बीजो दूती दोष जाणवो.

३ अतीतादिक अर्थना परिज्ञाननो जे हेतु अथवा छानाछानादि चेष्टा अने उपचारथी तेना ज्ञाननो हेतुं पण निमित्त कहेवाय ठे. एवा निमित्तनुं साधन जे पिंम तेने निमित्त पिंम कहिये एनो अर्थ आम ठेः– कोई एक व्रती पिंमादिक लाजने निमित्ते गृहीनी पाशे निमित्तनुं कथन करे. जेम के, अतीत दिवशोनेविषे तने आवी रीते सुख तथा दुःख थयेलुं हतुं. तथा नावि कालनेविषे अमुक दिने तने राजादिकनी घणी महेरबानी थशे, अने हमणा आज काल तने आवी आवी रीते थशे; त्यारे ते गृहस्थ पण लाज, अलाज, सुख, दुःख जीवित तथा मर

णादि विषय निमित्त पूछेलुं अथवा न पूछेलुंछतां पेला धृष्ट साधुए जेम कह्युं तेम सांजली लईने मनने आवर्जी ते मुनिने मोदकादिकविशिष्ट विपुल निक्षा आपे तेने निमित्त पिंड कहिये. ते लेवुं यतीने योग्य नथी पोताना तथा परना विषये षट्काय वधादिक अनेक दोषोनो संजव छे ए त्रीजो निमित्त दोष जाणवो

४ जे सर्व प्रकारे जीवन करनार होय तेने कहिये आजीव अथवा आजीविका ते पांच प्रकारे छेः— जातिविषय, कुलविषय, गणविषय, कर्मविषय तथा शिल्पविषय ए प्रत्येक वली बबे प्रकारे छेः—सूचनाथी तथा असूचनाथी तत्र सूचनाथी ते वचनजंग विशेषेकरी कथन; अने असूचनाथी ते स्पष्ट वचने करी कथन एम जाणवुं. तत्र साधु पोतानी जाति प्रगट करवाथी आजीविका करे तेने जाति उपजीवन कहेछे. जेम के, कोई निक्षाने अर्थे विचरतां ब्राह्मणना गृहनेविषे जाय, त्यां ब्राह्मणना पुत्रो सम्यक् होमादि क्रिया करी रह्या छतां ते जोईने तेना पितानी पाशे स्वजाति प्रगट करवाने अर्थे बोले; यथा समिधि, मंत्र, आहुति, स्थान, याग, काल तथा घोषादि आश्रित सम्यक् अथवा असम्यक् क्रिया प्रमुख होय ते. तत्र पीपलादिकनी कांईक नीली शाखाउ प्रमुखना कटकाने समिधि कहिये; प्रणवादिक वर्णपद्धतिवाला मंत्र कहेवाय छे; अग्निनेविषे घृत नाखवुं तेने आहुति कहेछे. उत्कट आदिक स्थान होय छे; अश्वमेधादिक यज्ञ बोलायछे; प्रजातादिक काल जाणवो; अने उदात्त तथा अनुदात्तादिक घोष कहेवाय छे. ज्यां जे प्रमाणे योजना करवी जोये त्यां तेवी रीते करवी तेने सम्यक् क्रिया कहिये तेप्रमाणे आ तमारो पुत्र सम्यक् क्रिया करवाथी कोई श्रोत्रीयना पुत्रनी पठे जणायछे. यदिवा वेदादि शास्त्र पारग एवा कोई उपाध्यायनी पाशेथी ए सम्यक् नणेल छे. एवी रीते कह्याथी ते ब्राह्मण कहे के, हे साधु तुं अवश्य ब्राह्मण छे. जे माटे आ होमादिक सर्व जाणे छे. ते वखते साधु कांई न बोलतां चुप थई रहे. ए सूचनाएकरी स्वजातिनुं प्रगटन थयुं. अने असूचनायेकरी स्वजातिनुं जीवन तो कोईए पूछयाथी अथवा न पूछयाथी आहारादिकने अर्थे पोतानी जातीने प्रगट करीने आजीविका करे जेम के, हुं ब्राह्मण छुं इत्यादिक कहे. एनेविषे अनेक दोषो छेः—ते आप्रमाणे के, जो ते ब्राह्मण सारो होय तो पोतानी जातिना पक्षपातथी घणो आहारादिक तेने माटे पकावीने तेने आपे; त्यारे आधाकर्मी दोष लागे; अने जो नरशुं माणश होय तो आ पापात्मा ब्राह्मणपणाने मूकीने भ्रष्ट थयो छे एवुं चिंतवन करी पोताना गृहमांथी बाहार कहाडी मूके एवी रीते क्षत्रियादि जातिनेविषे पण जावना करवी. ए चोथो आजीविका दोष जाणवो.

५ वनु धातु याचना करवाने अर्थे छे. जेम के, वनुते एटले याचे छे. प्राये क
री दायकने अभिमत जे श्रमणादिक तेउनेविषे पोतानुं नक्तपणुं बतावीने जे पिं
मनी याचना करवी तेने वनीपक कहेछे. कोईएक निर्ग्रंथ, शाक्य, तापस, प
रिव्राजक, आजीविक, द्विज, प्राघूर्ण तथा श्वान, काक, अने शुक इत्यादिकनो
नक्त जे कोई गृही, तेना गृहनेविषे निक्षामाटे नमतो साधु पेगे, तेनी आगल अश
नादिकना लानना अर्थे निर्ग्रंथना गुण वर्णने करी पोते तेनो नक्त छे एम दर्शावे ते
आ प्रमाणेः—ते साधु कदाचित् निर्ग्रंथना उपाशकना घेरनेविषे प्रवेश करे, त्यारे निर्ग्रं
थोने आश्रीने बोले. जेम के, हे श्रावकतिलक, तारा आवा गुरुउ छेः— सातिशय
ज्ञाने करी नूषित, बहुश्रुत, शुद्ध क्रियानुष्ठान पालन परायण, जेउए चतुर धा
र्मिक जनोनां मन विशद सामाचारीना समाचरणे करी चमत्कार सहित करेलां छे;
जेउ शिवनगर मार्गना सार्थवाह छे इत्यादि. तथा जो शाक्यना उपाशकना गृहमां
प्रवेश करे, अने त्यां शाक्यो जमता बेठा होय त्यारे तेना उपाशकनी आगल ते
शाक्योनी प्रशंसा करे, ते आमः— अहो ! महानुनाव शाक्य शिष्यो जे छे तेउ
कहाडेला चित्रनी पठे निश्चल थया थका प्रशांत चित्तवृत्तिएकरी नोजन करेछे.
महात्माउने एवी रीतेज नोजन करवुं उचित् छे. तेमज दयालु तथा दानशील
इत्यादि कहे इत्यादि. एवी रीते तापस परिव्राजक, आजीवक तथा द्विजोने आश्रयेक
रीने तेना गुण तथा दान वगैरेनी प्रशंसा करवाथी वनीपकपणुं जाणवुं. तथा
अतिथिउना नक्तोनी आगल आम कहेः— आहो प्रायेकरीने लोको पोताना परि
चित, आश्रित अथवा उपकारीने दिये छे, पण रस्तामां चालतां थाकीने आवेला
अतिथिने जे पूजे तेज दान जगतमां प्रधान कह्युं छे. तेमज श्वानोना नक्त पुरुष
नी आगल कहे के, आ कांई कूतरा जाणवा नही, श्वाननी पठे देखाय छे खरा,
पण कैलाश पर्वतथी आवीने यक्षज श्वानरूपे करी पृथ्वीनेविषे विचरे छे; माटे एउनी
पूजा मोटा हितने अर्थे थाय छे. एवी रीते काकादिकना नक्तोनेविषे पण नावना
करी लेवी. ए प्रमाणे वनीपकपणुं करवाथी उत्पादन करेलुं जे पिंम तेने वनीपक
पिंम कहिये. एनेविषे घणा दोषो छे;— जे कारण माटे धार्मिक अथवा अधार्मिक
कोई पण पात्रने दीधेलुं दान निष्फल थतुं नथी. एम कहाथी अपात्रदानने पा
त्रदाननी बरोबरी करी प्रशंसा करवाथी सम्यक्त्वातिचार थाय. केमके, कुपात्र
जे शाक्यादिक तेउनी साक्षात्प्रशंसा थाय माटे. उक्तंचः— " दाणं न होइ अफ
लं, पत्तमपत्तेसु सन्निजुज्जंतं; इय नणिएविय दोसा, पसंसउ किंपुण अपत्ते "

एवी रीते शाक्यादिकनी प्रशंसा करवाथी लोकनेविषे मिथ्यात्वने स्थिर कर्युं एम थशे. ते आ प्रमाणेः—लोक कहेके साधुउ पण एउनी प्रशंसा करे छे, ते कारणथी एउनो ध र्मज सत्य छे इति. तथा जो ते शाक्यादिकोनो जक्त सारो होय तो ते साधुए करे ली प्रशंसाने जाणीने तेना योग्य आधाकर्मादिक समाचरे. वली तेनेविषे लुब्धप णे कदाचित् शाक्यादिक व्रतने धारी लिये; तथा लोकोनेविषे कहेवाय के एउए जन्मांतरनेविषे दान दीधुं नथी माटे आहारने अर्थे कूतरानीपठे लापटुआ करवाक रेछे एवो अवर्णवाद थाय. अने जो गृहीने सारो न लागे तो तेने घेरमांथी कहा डी मूके. तथा सर्व सावद्य निरतोनी प्रशंसा करवाथी मृषावाद तथा प्राणातिपा तादिक ने अनुमोदन करनारो थाय. ए पांचमो वनीपक दोष जाणवो.

६ जे चिकित्सवुं तेने कहिये चिकित्सा; ते रोग प्रतिकार एटले ते रोगनो प्रतिकार अथवा उपकार जाणवो. ते चिकित्सा बे प्रकारनी छेः— एक सूक्ष्म ने बीजी बाद र तत्र सूक्ष्म औषधविधि वैद्यना ज्ञापने करी जाणवी. अने बादर पोते चिकित्सा करवाथी समजवी. तत्र कोई ज्वरादिक रोगेकरी आक्रांत थएला गृहस्थना गृहने विषे साधु जिक्षाने अर्थे प्रवेश करे; तेने जोईने पेलो गृहस्थ पूछे हे जगवन्, आ मारी व्याधिनो प्रतिकार कांई जाणो छो? त्यारे ते साधु कहे के, हे श्रावक, जेवो तने रोग थयो छे. तेवो मने पण एक वखत थयो हतो ते अमुक औषधे करी मने उपशम थयो एवी रीते अज्ञानी रोगी गृहस्थने औषधना करवानो अ जिप्राय उत्पादन करीने औषधनी सूचना करे, अथवा रोगीए चिकित्सा पूछवा थी कहे के, शुं हुं वैद्य छुं के जेथी रोगनो प्रतिकार जाणुं! एवुं कहावाथी रोगी न जाणीनो होवाथी एविषे वैद्य पूछे तेने सूचना करे, तेने सूक्ष्म चिकित्सा कहि ये अने ज्यारे पोते वैद्य बनीने साक्षात वमन विरेचन, तथा क्वाथादिक करे अथवा बीजाना हाथे करावे तेने बादर चिकित्सा कहिये. एवी रीते उपकारी थ एलो गृहस्थ मने जिक्षा घणी देशे एवा हेतुथी यति बन्ने प्रकारनी चिकित्सा क रे अथवा करावे. ते तुच्छ पिंमने अर्थे एम यतिने करवुं उचित नथी. केम के, ए थी दोषोनो संजव थाय छे. जेम के, चिकित्सा करवाना समये कंदमूल फला दि जीवना वधेकरी क्वाथ कथनादि पाप व्यापार करवाथी असंयम थाय. तथा रोगरहित थएलो गृहस्थ लोढाना तापेला गोलानी पठे प्रगुणी थयाथी व्याघ्रनी पठे अनेक डुर्बलोना जीवनी घात करे. तथा जो दैवयोगे साधुए करेला चिकि त्सावाला रोगीनी व्याधि अधिक थाय तो तेना पुत्रादिक कोपायमान थईने तेने

राजकुलादिकनेविषे खेंचे त्यारे लोक कहे के आहारादिकना लालचु साधु आम आम वैद्यकादिककरेछे, एम प्रवचननुं मलिनपणुं थाय. ए छठो चिकित्सा दोष जाणवो.

७ क्रोध एटले कोप; तेनो हेतुक जे पिंम तेने क्रोधपिंम कहिये. ते आवी रीते कोईएक साधुसंबंधी उच्चाटन मारणादिक विद्या प्रनाव; शाप दानादिक तप प्रनाव; तथा सहस्र योद्धादिकनुं बल; राजकुलनेविषे वल्लनपणुं; जाणीने अथवा शापदाने करीने कोईने मारणादि अनर्थरूप क्रोधना फलने साक्षात् देखीने नय पामी गृहस्थ जे कांई तेने आपे तेने कहिये क्रोध पिंम. अथवा कोईए बीजा ब्राह्मणादिकोने आप्युं अने साधुए याचना करी छतां पण तेने न मल्याथी ते कोप करे, ते जोई साधुनो पोतानी ऊपर कोप थाय, ते सारुं न कहेवाय. एम जाणीने जे आपे तेने क्रोध पिंम कहिये. अही सर्व पिंमनुं, उत्पादन करवाने अर्थें कोपज मुख्य कारण दीगमां आवे छे, अने विद्या तथा तप प्रमुख तो तेना सहकारी कारणो छे आ लक्षण विद्यापिंमादिके करी सहित छतां तेने एकठुं समजवुं नही केमके, तेउनां लक्षणो जुदा होयछे, ए क्रोध पिंम दोष सातमो जाणवो.

८ मान एटले गर्व तेनो हेतु जे पिंम तेने केहिये मान पिंम. एनो अर्थ आ छेः– कोई एक यतिने केटलाएक साधुउ कहे के, तुं अमने लब्धिमान जाणामां आवेछे माटे आ अमुक अमुक अमने खावाने आप. इत्यादिक वचनेकरी तेने उत्तेजन आपीने वली कहे के, ताराथी शुं थवानुं छे! कांई पण सिद्धि थवानी नथी! एवुं अपमान थयाथी ते गर्वकरी आंधलो थईजाय; अथवा पोतानी लब्धि प्रशंसादिक अपार विख्यातीने पामेली शांनली जे जे ठेकाणे हुं जाउं ते ते ठेकाणे सर्व मने प्राप्त थाय छे; तेमज जन प्रशंसा पण करे छे. एवी रीते जेना मनमां अनिमाननी वृद्धि थई होय, एवो साधु कोईएक गृहीनी पाशे जईने ते गृहीने तेवां तेवां वचने करी दाननेविषे अनिमान दीपन करे के, शेष तेना कलत्रा दिकनी दान देवानी इछा न छतां पण अशनादिक आपे तेने आठमो मांनपिंम कहे छे.

९ माया ते परवंचनात्मिक बुद्धि जाणवी. तेणेकरी कोई साधु मंत्र योगादि उपायमां कुशल थईने पोताना रूपनुं परावर्त्तनादिक करीने जे मोदकादिने पेदा करे तेने मायापिंम कहिये. ए माया पिंम रूप नवमो दोष थयो.

१० लोनेकरी गृहस्थनी पाशेथी जे ग्रहण करवुं तेने लोन पिंम कहिये. अही आवी नावना करवीः– कोईएक साधु, आजे हुं अमुक सिंह केसर मोदकादिक ग्रहण करीश. एवी बुद्धिए करी बीजुं वाल तथा चणादिक मलतुं छतां पण ते

गृहण न करे, किंतु तेनीज इछा करे; तेने लोजपिंम कहिये. अथवा पूर्वे तेवी बुद्धिना अजावे पण यथा जावे मलेलुं घणुं लापशी आदिक जोजन सारुं ले एम करीने जे गृहण करे तेने लोज पिंम कहिये. यदिवा दूधादिक मल्युंठतां हवे जो क्यांक खांम तथा शाकर प्रमुख मले तो सारुं थाय एवो अध्यवसाय करीने फरतां जे खांमप्रमुख मली जाय तेने लोज पिंम कहेले. ए दशमो लोज दोष थयो.

११ संस्तव बे प्रकारनो ले:— वचन संस्तव तथा संबंधिसंस्तव तत्र वचन एटले श्लाघा तडूपपणे जे संस्तव तेने वचन संस्तव कहिये. अने संबंधी ते माविात्रादिक तथा ससरादिक तडूपपणे जे संस्तव तेने संबंधि संस्तवकहेले. ते एकेक विविध ले, पूर्वसंस्तव तथा पश्चातुसंस्तव, तत्र देवानुं प्राप्त न थयुं ठतां पूर्वेज दातारना गुणोनुं जे वर्णन करवुं ते पूर्व संस्तव कहेले; अने देवानुं प्राप्त थया पली जे दातारना गुणोनुं वर्णन करवुं तेने पश्चात् संस्तव कहेले. अही आवी जावना करवी:—कोईएक साधु जिक्षाने माटे अटन करतां कोईएक गृहनेविषे किंचित् ईश्वर दातारने जोईने दान लीधाथी पूर्वेज सत्य अथवा औदार्यादिक गुणोएकरी ते ग्रहस्थनो जे संस्तव करे जेम के, अहो दानपति, अमे जे प्रथम वात शांजली हती ते अमे प्रत्यक्ष आजे जोइये छैये. तथा अही तही विचरनारा जे अमे तेने एवा औदार्यादि गुणो बीजा कोईनेविषे पण दीगमां अथवा शांजल्यामां आव्या नथी. तथा तमे धन्य लो के, जेनां आवा गुणो सर्वत्र अस्खलित सर्व दिग्वलयमां व्यापी रह्या ठतां प्रसारने पामी रह्या ले. एवी रीते पूर्व संस्तव जाणवो. तथा जे गृहस्थे दान दीधा पली तेनी स्तुति करे. जेम के, तमारा दर्शने करी आजे अमारां लोचन तथा मन शीतल थयां ले; एमां कांई अजुतता नथी; केम के, दातार अथवा गुणवान दीगथी कोण आनंदवान न थाय! एने पश्चात् संस्तव कहे ले. ए बन्ने रूपवाला संस्तवोनेविषे माया, मृषावाद, असंयतानुमोदनादिक दोष उत्पन्न थायले. तथा मातापितादिरूप पण जे संस्तव एटले परिचय तेने पूर्वसंबंधी संस्तव कहिये. केम के, मातादिकनो पोताथी पूर्वकालनेविषे जाव होय ले माटे. अने जे सासू ससरादिरूपपणे संस्तव तेने पश्चात् संबंधि संस्तव कहेले. केम के, ससरादिकनो पोतानी पाछल जाव होय ले. तत्र कोई साधु जिक्षाने अर्थे कोई एक गृहनेविषे प्रवेश करे, अने आहारने माटे लंपट पणे पोतानुं वय तथा परनुं वय जाणीने तेनीसाथे तदनुरूप संबंधनी घटना करे, जेम के, जो ते स्त्री वयथी वृद्ध होय, अने पोते मध्यम वयवालो होय त्यारे ते महिलाने पोतानी मातानी

६ मांते परानव पाम्योथको पण वस्त्र वांछे नही. तेथी छती चेल एटले वस्त्र तेनो अनाव ते अचेल. जिनकल्पी तथा स्थविरकल्पी ए बंनेने अचेल कहेछे. फाटेलुं, अल्पमूलनुं अने जुनुं ते पण अचेल. ए अचेलनो परीसह ते अचेल परीसह ते एम के पोतानुं फाटेलुं वस्त्र जोइ एम न जाणे के आ वस्त्र फाटेलुंछे तेथी आज ने काले कोइ नवा वस्त्रनो आपनार सुजतो नथी तो हवे केम करशुं, एवीरीते अतिदीन नाव मनमां न आणे अथवा आ वस्त्र उतारीने बीजा नवां वस्त्र पेहेरीशुं एवीरीते नचिंतवे ते अचेल परीसहनो जय जाणवो.

७ अचेल ते अप्रतिबद्ध विहारी छतां तेने शीतादिकना संनवे करी अरति उपजे ते अरति परिसह. जे रमण करवुं ते रति. अने संयमनेविषे जे धृति तेनाथी विपरीत ते अरति तेनो परिसह ते अरतिपरिसह. विहार करतां यतिने मनमां अरति उपजे तो धर्मनेविषेज रत थवुं. क्षांत्यादिक धर्मध्यावvुं एरीते अरतिपरीसहने सहन करे ते अरतिपरिसह जय जाणवो.

८ संयममां अरति उत्पन्न थाय एटले स्त्री निमंत्रि ते तेनी अनिलाषा करे ते सारु हवे स्त्रीपरीसह कहेछे ते एम के स्त्री दीठी थकी तेने रागनो हेतु जाणी, तेनी गति, इंगित, आकार, विलोक इत्यादिक पण रागना निबंध जाणी अंग, प्रत्यंग थान, हसित ललित, विभ्रम विलासादि अणचिंतवतो अने ते स्त्री दीठी छतां काम बुद्धिए तेनी नणी दृष्टि साथे दृष्टी मेलवे नही ए स्त्रीपरीसहनो जय जाणवो.

९ एकस्थले रेहेतां मंदसत्वने स्त्रीउपर अनुराग थाय ते सारु एक गामे न रहे ते माटे स्त्री परीसह पछी चर्यापरीसह एटले चालियें ते एमके. आलस रहित थइने ग्राम, नगर कुलादिकोनेविषे विहारनो करवो ते द्रव्यथी चर्या अने जो एकगामे रहेता पण अप्रतिबद्ध ममतारहितपणो आदरवो ते नावथी चर्या एवो प्रतिमास कल्पे विहार करे ते चर्यापरीसह जय जाणवो.

१० जेम ग्रामादिकनेविषे अप्रतिबद्ध चर्या करवी तेम देहादिकने विषे अप्रतिबद्ध स्वाध्याय सारु नैषिधिकी करवी तेमाटे चर्या पछी नैषिधिकीनो परीसह. जे निषेधियें तेनेनिषेध कहियें ते एक पापकर्मनो बीजो गमनागमननो तेहिज छे प्रयोजन जेनो तेने निषेधकी कहियें. इहां निषेधकी शब्दे शून्य घर श्मसानादिक स्वाध्याय नूमिका तेनो परिसह ते निषेधकी परीसह. कोइ ठेकाणे निषद्या परीसह

एवुं कहेलुं छे. निषीदंति ते निषिद्यास्थानक जे स्त्री पशु, अने पंडक विवर्जित छे. त्यां रहेतां थका, इष्ट अनिष्ट जे उपसर्ग उपजे ते सर्व उद्वेगरहितपणे सम्यक्त री तिए सहन करे तेने नैषिधिकी अथवा निषद्या परिसह कहेछे.

११ निषेधकीये सज्झाय करी सज्झाने आवे ते सारुं हवे अगीयारमो शय्या प रिसह कहे छे. ते एम के जेनेविषे शयन करे छे ते शय्या एटले उपाश्रय अथ वा संस्तारक तेनो जे परीसह ते शय्यापरीसह ते एम के उंचीनीची जूमीये, घणी धूल, घणी टाढ तथा घणी उष्णता अने कठण तथा सुकोमल अने सुहा लो संथारो पामी तेने सारो नठारो कहेनही, उद्वेग करे नही पण एम विचारे के उपाश्रये एक गृहस्थ रत्नमय घरमां रहे छे, एकने घेरलीपणो पण थतु नथी, एक पल्यंक उपर तलाइपाथरी सुए छे ने एक जोंये सुए छे, मांचो पण मलतो न थी. तो माहारे शुं करवा शोच करवो जोइए? आज अहींयां छेए अने वहाणे बीजे स्थले जइशुं एवीरीते बेहुने विषे राग द्वेष वर्जे ते शय्या परीसह जय जाणवो.

१२ सभायें रहेलाने सभांतर अथवा अन्यकोइ आक्रोश करे तेथी हवे बा रमो आक्रोश परिसह कहे छे ते आवीरीते के यतिने कोइ अनिष्ट वचन बोले क्रोध करे तेवारे जाणे के ए महारो उपकारी छे तेथी मने शीखामण आपे छे. केमके कदाच ए बोल हुं करत पण हवे नही करुं अथवा ए जे कहेछे ते तो हुं करतोज नथी तो ए मने एम कहेछे तो तेमां महारे सावास्ते क्रोध करवोपडे; एम विचारी क्रोध नकरे जो क्रोध करे तो साधुपणो छतां चंडाल समान थाय.

१३ आक्रोशनो करनार जे होय ते वध पण करे तेथी हवे वधपरिसह क हेछे. वधते हनन ताडन संबंधी जे परिसह तेने वध कहिये, ते आवीरीते कोईक पापिष्ट माणस यतिने ढीक पाटू चापट कशादिकना प्रहार करे तोपण तेना उपर ते यति क्रोध करे नही पण अकलुषित चित्तवंत थको एवी चिंतवना करेके ए शरी रते पुद्गलरूप जुदोछे अने महारो आत्मा एथी जुदोजछे माटे आत्मानेतो कोई विध्वंस करी शकेज नही अने ए जे मने ताडन प्रमुख करेछे ते महारा कृतकर्म उदय आव्याछे तेनो ए फलछे एम जाणी ते सहनकरे.

१४ परथी हणाणाने औषधादिकनी याचना करवानो प्रयोजन थाय माटे याच ना परिसह कहेछे. जे अनेरा पाशेथी याचिये ते याचना कहियें ते आवीरीते के य तिने वस्त्र पात्र अन्न पान उपाश्रय विगेरे कोईपण चीज एटले एक शली जेट ली चीज पण माग्याविना लेवीनही. यद्यपि पोतानी शोभा राखवाने अर्थे मागे न

ही तथापि पोताने प्रयोजन थये दाक्षियार लाज ठांमीने याचना करे पण एवो चिंतवे नही जे नाई रांधेला धानने अर्थे नला माणशने घेरजइ याचना करवी तो ते करता गृहस्थावासज नलो के ज्यां आपणा नुजादंमना पराक्रमथी उपजाव्यो जे अन्न ते दीन हीनादिकने आपी पठी जमीये एवी विचारणा करे नही. अथवा याचना करवाथी कोई आपे किंवा न आपे माटे हुं आ गृहस्थने घेरजई लाखनो मर्मगमावीने सीरीते याचना करु इत्यादिक चिंतवना नकरतां याचना करे ते याचना परिसह.

अवतरणः– पन्नरमी अलानादि परिसह कहेछे मूलः– अन्नान रोग तण फास मलसकार परीसहा ॥ पन्ना अन्नाण सम्मत्तं ईइ बावीस परीसहा ॥६९३॥ अर्थः– (१५) याचना कस्याछता पण लान्नांतरायना उदयथी कोईवारे माग्या छता मलेनही ते माटे याचना पछी अलान परिसह जाणवो ते जे लाननो अना व तेहिजपरीसह ते अलान परिसह कहिये. ते आवीरीते के यतिये कोईपासे याचनाकरी अने त्यांथी ते पदार्थ मल्यो तेवारे आवुं चिंतवे. बहुं परघरे अछि, विव हंखाइमसाइमं, नतछ पंमिठकुप्पइ, इछादिक्क परोनवा ॥ १ ॥ एम चिंतवतो मुखराग फेरवेनही अथवा पिंमने आलानें एवो चिंतवे के आज नही मलेतो काले अथवा परमदिवशे अथवा चोथेदिवशे लहीसुं एम विचारणा करवाथी अलान परीसह ने बाधा न थाय ते अलाननो जय कस्यो.

१६ अलान थकी आंतप्रांत नोजनेकरी रोगोत्पति थाय माटे हवे रोगपरिसह कहेछे. ते जेवारे काश श्वास ज्वर अतीसारादिक उपजे तेवारे जिनकल्पी साधुतो तेनी चिकित्सा अणकरावतो पोताना कर्मनो विपाक चिंतवे अने स्थविरकल्पिक तो आगमोक्त विधिये करी निरवद्य चिकित्सा करावतो मनमांहे कर्मविपाक चिंतवतो हाय वोय करेनही, ए रोगपरिसहनो जय जाणवो.

१७ रोगीने सय्यायें सुताथका तृणस्पर्श थाय तेथी हवे तृणस्पर्श परीसह तेहिज देखाडेछे. यतिजेछे ते पोलो तृणटालीने तृणनोज नोग गछ निर्गतने अनुमत अने गछवासी यतिने सापेक्ष संयमथाय तेथी वस्त्रपण लिये परंतु जेवारे नूमिका नीनी होय अथवा वस्त्र पुराणो थयो होय किंवा चोरे लीधो होय तेवारे जेने अनुज्ञाछे ते सुयें एम केवल तृणनो अढो हाथप्रमाण संथारोछते पण तृणना अग्रनाग तीखा होय तेथी जे पीडा उत्पन्न थाय ते सहनकरे.

१८ तृणेकरी प्रसेवाने संयोगे मलउपजे माटे तृणपरिसह पछी मलपरिसह कहेछे. प्रसेवाने जले करी कठीन पणे थई होय एवी रज जे मल तेनो परिसह ते मलपरि

सह कहियें. मल शरीरे घणो होय ते उष्णकालना तापने संयोगें प्रसेवाथी नी जाईने तेमल दुर्गंधे गंधाय ते दुर्गंध दूर करवा सारु स्नान वांछेनही वली ए थकी क्यारे छूटीस एम पण चिंतवे नही ते मलपरीसह जय जाणवो.

१९ मलव्याप्त पुरुष अनेरा कोइ पवित्रनो सत्कार थतो देखी पोतेपण कोइ क सत्कारादिकनी वांछाकरें तेमाटे मलपरीसहनी पछी सत्कार परीसह कहे छे. ते आवीरीते छे. अनेरा कोइये स्तवन नमन चरणस्पर्शन सामोउनो थावो आसन दान महोटा राजादिके निमंत्रणादिकनो करवो एवो सत्कार पोताने थतो देखी मनमां उत्कर्ष आणे नही अने सत्कार न करवाथी द्वेष पण आणे नही ते सत्कार परीसह जाणवो.

२० क्षुधापरीसहना जयथी प्रज्ञाने बहुल्यपणे गर्व नकरवो तेमज प्रज्ञाने अ नावे खेदपण न करवो तेथी ते प्रज्ञापरीसह ते आवीरीते छे. जेणे करी वस्तुनो तत्व प्रकर्षे करी जाणीये ते प्रज्ञा तेनो जे परीसह ते प्रज्ञापरीसह प्रज्ञावंत पुरु ष घणाश्रुतनो जाणछता में नवांतरने विषे रुडीरीते ज्ञान आराधन कर्यो छे तेथी हुं मनुष्य छतापण समस्त जाणुंछुं सर्वना पूछेलां प्रश्नोनो उत्तर आपुछुं एवो गर्व नकरे अने प्रज्ञाने अनावें मनमां उद्वेगपण नकरे हुं मूर्खछुं कांइज जाणतो नथी ते थी सहुकोइ मने पराजव करे छे पूछ्या थका जीवादिक द्रव्यना नाम पण जाणुं नही अर्थात् मने काइज आवडतुं नथी इत्यादिक चिंतवना करे नही परंतु पूर्वक तकर्मनो स्वरूपज चिंतवे तो परीसह पीडे नही ते प्रज्ञापरीसह जाणवो.

२१ प्रज्ञानीपरे अज्ञानपण सहन करवो माटे प्रज्ञानी पछी अज्ञानपरीसह जाणवो. वस्तुनो तत्व ते श्रुतज्ञाने जणाय छे तेनो अनाव ते अज्ञानपरिसह जाणवो ते आवीरीते छे. ते यति मनमां एम न जाणे के में सर्व अविरतपणो त्यागीने व्रतिपणो अंगीकार कर्यो छे तोपण कांइ जाणतो नथी तेमज में नइ महानद्रादिक तप पम्मिवज्या तथा उपधान जे सिद्धांतादिकमां कहेला आंबिलप्रमुख मासिकादिक प्रतिमांकरी एवीरीते क्रियायें हुं चालुछुं तो पण सारो नगरो कांइ जा णुनही अने आगममां तो एम कह्युं छे के एगंजाणइ सोसव्वंजाणइ एवा वचनथ की पूरो नजाणु अने फोकट ज्ञान गर्वकरुंछुं इत्यादिक चिंतवेनही. इहां प्रज्ञा अने अज्ञाननो ए विशेषछे के प्रज्ञा परीसह अनेरो पूछे तेवारे थाय अने अज्ञा न तो मत्यादिक ज्ञान महारामां पूरणनथी एम विचारे अथवा प्रज्ञा ते शास्त्रनो स्फुरवो अने अज्ञान ते त्रिकाल विषयिक वस्तुना अजाणपणाने कहेछे.

२२ अज्ञान थकी दर्शननेविषे शंकाथाय तेथी हवे बावीसमो सम्यकत्व परीसह कहेछे तेनो स्वरूप आवुंछे के सम्यकत्व ते सम्यक् दर्शनो पुरुष क्रियावादी प्रमुखना विचित्र मतिउने सांजलवेंकरी किंचित्मात्र चूकेनही अने उत्तराध्ययनमां कह्युंछे के. नछिनूणंपरेलोए, इढीवाचित्तवस्सिणो, आडुवा वंचिउमित्ति, ईईन्निकुनचिंतए ॥ १ ॥ व्याख्याः– जवांतरनेअर्थे तेनही अथवा तपश्वीनी आमोसही प्रमुख रुधी तेमज पगना रजेकरी रोगनो एकक्षणेकमां उपशम करवो तथा तृणने खेचवेकरी कामित वस्तुनुदेवुं तेमज शाढाबार क्रोम धननी वृष्टी थवाने अर्थे तथा क्रोध उपने पाषाणनी वृष्टी करवाने अर्थे पणनही अथवा लोच उपवासादिक कष्टेकरी वंचूछुं एवो निक्षुचिंतवे नही. वली अनूजिणा अछजिणा, अडुवाविनविस्सई, मुसंते एव माहंसु, ईईन्निकुनचिंतए ॥ २ ॥ एवी चिंतवणाकरीने दूषण नलगाडे एरीते ए बावीस परीसहनो जयकरे इति गाथार्थ. ॥ ६७३ ॥

अवतरणः– कयोपरीसह कयाकर्मनी प्रकृतिथी उत्पन्न थायछे ते त्रण गाथायेकरी कहेछे. मूलः– दंसणमोहेदंसण, परीसहोपन्ननाणपढमंमि, चरमे लान्नपरीसह सत्तेव चरित्तमोहंमि ॥६७४ ॥ अक्कोस अरईइच्छी, निसीयाचेल जायणा चेव, सक्कारपुरक्कारे, एक्कारसवेयणिज्जंमि ॥६७५॥ पंचेव आणुपुव्वी, चरिया सेज्जा तहेव जल्लेय, वह रोग तणफासा, सेसेसु नछिअवियारो ॥६७६ ॥ अर्थः– मोहनीयनाबे नेदछे एक दर्शन मोहनी बीजो चारित्र मोहनी त्यां दर्शन मोहनीय मिथ्यात्वादिक त्रिकना उदयथकी सम्यकत्व परीसहनो सन्नाव थायछे तेमज प्रज्ञापरीसह अने अज्ञानपरीसह ते प्रथम ज्ञानावरणीयना उदयथीथाय अने चरमके० छेलो लान्नांतराय तेना उदयथी अलान परीसहथाय. हवे सात परीसह चारित्रमोहनीयना उदयथी थायछे ते आवीरीते. प्रथम क्रोधना उदयथी आक्रोश परीसह थायछे .बीजो अरति मोहनीयना उदयथी अरतिपरिसह थायछे त्रीजो पुरुषवेदना उदयथी स्त्रीपरीसह थायछे चोथो नयमोहनीयना उदयथी निषिधिकीपरिसह थायछे पांचमो जुगुप्साना उदयथी अचेलकपरीसह थायछे छठो मानना उदयथी याचनापरिसह थाय छे सातमो लोन मोहनीयना उदयथी सत्कार पुरस्कार परीसह थायछे. हवे इग्यार परीसह वेदनीय कर्मना उदयथी थायछे ते कहेछे तेमां अनुक्रमे क्षुधादिक पांच तथा चर्या सय्या अने वली आठमो मल नवमो वध दशमो राग ईग्यारमो तृणस्पर्श ए इग्यारपरीसह वेदनीयना उदयथी कह्या शेषकर्मनेविषे परिसहनो अवतार नथी॥६७४॥६७५॥६७६॥

अवतरणः– गुणगणानेविषे परीसहोने समवतारी देखाडेछेः– मूलः– बावी संबायरसं, पराय चउदसय सुहुमरायंमि, छउमछ वीयरागे, चउदस इक्कारस जिणंमि ॥६९७॥ अर्थः–ए क्षुधादिक बावीसे परीसह जे छे ते यावत् बादरसंपराय नामा नवमां गुणगणाने विषे थाय छे चउदपरीसह सूक्ष्मसंपराय नामा दशमां गुणगणाने विषे संजवे तेमां पांचतो क्षुधादिक जाणवी अने छठी चर्या, सातमी सय्या, आठमी वध, नवमी अलाज दशमी राग, इग्यारमी तृणस्पर्श, बारमी मल, तेरमी प्रज्ञा, अने चउदमी अज्ञान ए चउद थाय एटले चारित्र मोहनीयनो क्षय अथवा उपशम तेना प्रतिबद्धथी सात अने एक दर्शन मोहनीयें प्रतिबद्ध ए आठ न थाय बाकीनी चउद थाय. अने इग्यारमां छद्मस्थ गुणगणे तथा बारमां वीतराग गुणगणाने विषे पण पूर्वोक्त चउदज थाय छे. हवे तेरमो सयोगी तथा चउदमो अयोगी ए बे गुणगणाने विषे अनुक्रमे क्षुधादिक पांच, छठी चर्या, सातमी वध, आठमी, मल, नवमी सय्या, दशमी रोग, अने इग्यारमी तृणस्पर्श ए इग्यार परीसह वेदनीयने प्रतिबद्धे थायछे. ॥ ६९७ ॥

अवतरणः–उत्कृष्टे तथा जघन्ये एक प्राणीनेविषे समकाले केटली परिसह पामीयें ते कहे छेः– मूलः– वीसं उक्कोसपए, वट्टंति जहन्नउय एक्कोय, सीउसिण चरियनिसीहि, याय जुगवं न वट्टंति ॥६९८॥ अर्थः–उत्कृष्टथीतो वीसनो उदय थाय अने जघन्यथी तो एकज होय एटले एक शीत ने उष्ण तथा चर्या ने निषिधिकी ए जुगवं के० बंने एकठा समकाले वर्त्तेनही. माटे उत्कृष्टथी वीस थाय केमके ज्यां शीत होय त्यांउष्ण नहोय अने चर्या होय त्यांनिषेधकी नहोय इत्यादि ॥६९८॥

अवतरणः– मंमली सत्तगंति एटले सात मांमलिनो सत्यासीमो द्वार कहे छे. मूलः– सुत्ते अछे जोयण, काले आवस्सएय सज्झाए, संथारे चेव तहा, सत्तविहा मंमलीजइणो ॥६९९॥ अर्थः– एकसूत्र बीजो सूत्रनो अर्थ त्रीजो जोजन चोथो कालग्रहे पांचमो आवश्यक छठो सद्याय सातमो संथारो ए सात मांमलीने विषे एकेक आंबिलने करवे करी प्रवेशथाय छे अन्यथा न कल्पे. ए सत्यासीमो द्वार समाप्त.

अवतरणः– दसगणवुच्छेति एटले दस स्थानकना विछेदनो अठ्यासीमो द्वार कहे छेः–मूलः–मण परिमोहि पुलाहे, आहारग खवग्ग उवसमेकप्पे, संजमतिअ केवल सिज्झणाय जंबुम्मि वोछिन्ना ॥ ७०० ॥ अर्थः– एक मनपर्यवज्ञान बीजो परम प्रकृष्ट जे अवधि ज्ञान जेना उपजवाथी अवश्य केवल ज्ञान उपजे ज एवी परमावधि, त्रीजी पुलाकलब्धि, चोथी आहारक लब्धि, पांचमी क्षपक श्रे

णी, छठी उपशमश्रेणी, सातमो जिनकल्प, आठमो परिहारविशुद्धि. सूक्ष्मसंपराय. ने यथाख्यात ए संयमत्रिक, नवमुं केवल ज्ञान, अने दशमो सिझणाय के० सी जवो (सिद्धथवो). इहां केवली तथा सीजवो ए बे जुदा कह्यां तेनो कारण ए छे के केवलीतो नियमे सीजे अने जे सिद्ध थाय ते केवलज्ञान पामिने सीजे एवो ज णाववाने अर्थे कह्या. ए दश स्थानक जंबुस्वामि थकी विछेद गयां तथा प्रथम संघयण, प्रथम संस्थान अने अंतरमुहूर्त्ते चउद पूर्वनो उपयोग ए त्रण अर्थ ते श्री थूलभद्र स्वामिना वखतथी विछेद गया. उक्तंच. संघयणं संठाणं, पढमं सं जोयपुव्व अणुउंगो, एए तिन्निवि यत्ता, वोछिन्ना थूलभद्दंमि ॥१॥इति॥७००॥

अवतरणः—खवगसेढित्ति एटले क्षपक श्रेणीनो नेव्यासीमो द्वार कहेछेः—मूलः— अणमिछमीस सम्मं, अठ नपुंसित्थी वेयछक्कं च, पुंवेयंच खवेई, कोहाईएय संजल णे ॥ ७०१ ॥ अर्थः— इहां क्षपकश्रेणीनो पडिवजणहार पुरुष आठवरसथी उपरनी उमरनो वर्त्तमान छता वज्र रूषभ नाराच संघयणनो धणी शुद्ध ध्यानवंत अ विरत, देशविरत, प्रमत्त, अप्रमत्त संयति माहेलो अनेरो कोई पडिवजे पण इहां ए टलो विशेष जे केवल अप्रमत्त संयतिहोय तो पूर्वनो जाण शुक्लध्यानोपगत होय अने बीजा सर्व धर्मध्यानोपगत होय. त्यां पहेली अनंतानुबंधियानी विसंयोजना कहेछे.

इहां श्रेणीना अपमिवजणहार पण अविरत चतुर्गतिक छतां क्षायोपशमिक स म्यक्दृष्टि देशविरत तिर्यंच तथा मनुष्य अथवा सर्वविरत मनुष्य जे समस्त प र्याप्ति पर्याप्ता यथा संभवपणे विशुद्धि परिणाम्याछतां अनंतानुबंधीनी क्षपणाने अर्थे यथाप्रवृत्तिकरण, अपूर्वकरण, अनिवृत्तिकरण ए त्रण करण करे ए कर णनी वक्तव्यता सर्व कर्मप्रकृति थकी जाणवी.

अनिवृत्ति करणे पहोतो छतो उद्वलना संक्रमणे करीने अनंतानुबंधीनी स्थि ति आवलिकामात्र मूकीने बाकीना उपरला अनंतानुबंधिया सर्वनो विनाश करे अने आवलिकामात्र ते स्तिबुकसंक्रमणे करीने वेद्यमान प्रकृतिने विषे संक्रमावे एरी ते अनंतानुंबंधिचतुष्क खपावीने दर्शन मोहनीय क्षपाववाने अर्थे यथाप्रवृत्त्यादिक त्रण करण करे अने अनिवृत्तिकरणाद्धाविषे वर्त्तमान थको दर्शनत्रिक संबंधीनी कर्म स्थिति उद्वलना संक्रमणे करी उद्वले ते जांसीम पल्योपमना असंख्यातमां भा गमात्र प्रमाणे रहे. तेवारपछी मिथ्यात्वना दलिक तेसम्यक्त्व अने मिश्रमां प्रक्षेपे.

ते पहेले समये स्तोक बीजे समये तेथी असंख्यातगुण अधिक एम त्यांसुधी ज्यांसु धी अंतरमुहूर्त्तना चरम समयनेविषे आवलिकागत मूकीने शेष द्विचरम समय संक्र

मित दलिक थकी असंख्यात गुणो संक्रमावे अने आवलिकागत तो स्तिबुक संक्रमेक री सम्यक्त्वने विषे प्रक्षेपे एरीते मिथ्यात्व खपाव्या पछी अंतरमुहूर्तेकरी सम्यक् मिथ्यात्व ते एवाज अनुक्रमे सम्यक्त्वने विषे प्रक्षेपे तेवार पछी सम्यक्मिथ्यात्व पण खपावे. हवे वली सम्यक्त्व अपवर्तवा एवीरीते लागो के जेवीरीतें अंतरमुहूर्त्तं तद प्यंत मुहुर्त्तमात्र स्थितिक थयो ते हवे अनुक्रमे वेदतो थको समय अधिक एक आवली शेष थयो तेवार पछी अनंतर समये तेनी उदीरणानो छेद थयो ज्यांसुधी चरम समय त्यांसुधी केवल विपाकानुभवे वेदीए.

पछी अनंतर समये क्षायिकसम्यकदृष्टी थाय. जो बद्धायुष्क क्षपकश्रेणी करवा मांडे तो अनंतानुबंधीना क्षय, पछी मरणने संभवे पाछो पडीवजे तो कदाचित् मिथ्यात्वना उदयथकी वली अनंतानुबंधियाने पुष्टीपणे पमाडे. कारणके अनंता नु बंधियानो बीजभूत मिथ्यात्व हजी विणस्योनथी तेमाटे.

अने जे क्षीण मिथ्यादर्शनी ते पुष्टीपणे अनंतानुबंधीने मिथ्यात्वबीजना अभावथ की करेनही अने क्षीणसप्तक ते अप्रतिपतित परिणामे देवताने विषे अवश्य उपजे अने प्रतिपतित परिणामि ते तो जेवो परिणामि तेवा परिणामने अनुसारे ना नाप्रकारनी गतिमांहे उपजे. तथा बद्धायुषपण जे तेवारेंज काल न करे तो पण सप्तकक्षीण थयोथको निश्चेथीरहे पण चारित्र मोहनीय क्षपाववाने अर्थे यत्नकरे.

इहां शिष्य प्रश्न करेछे के गत्यंतरने विषे जातो क्षीणसप्तक केटलेभवे मोक्ष जाय तेनेगुरु उत्तर कहेछे के त्रीजे अथवा चोथे भवे मोक्ष जाय तेमां जो देव अथवा नरकगतियें जाय तो ते देव अथवा नारकीनो भव विचालेकरी त्रीजे भ वेज मोक्ष जाय अने जे तिर्यंच अथवा मनुष्यमां उपजे ते तो अवश्य असंख्या त वर्षआयुष्यवालामां उपजे पण संख्यातावर्ष आयुष्य वालामां न उपजे. पछी त्यांथी देवगतिपामि फरी मनुष्यमां आवी मोक्ष जाय एरीते चारभव पणथायछे.

हवे सप्तक क्षयवालो पूर्वबद्धायुष्क एवोजे होय ते तेवारेज कालकरी मरण पामिने वैमानिकनेविषे उपजे जे बद्धायुष्क ते चारित्र मोहनीय उपशमाववाने अर्थे उद्यमकरे पण शेष भवने विषे बद्धायुष्क होय तो नकरे.

इहां वली शिष्यपुछेछे के दर्शन त्रिक क्षयगयो तो ए सम्यक दृष्टी किंवा अस म्यकदृष्टी जाणवो तेवारे गुरु कहेछे के सम्यकदृष्टीतो तहारा केवाथी सम्यकदर्श नने अभावेपण सम्यकदृष्टी पणो थयो एम न कहेवो ईहांतो.जेहनो मईणो क ढयो होय एवा कोद्रवा ते समान गयोछे जेनाथकी मिथ्यात्वनोभाव एवा मिथ्या

त्वना पुजलरूप जेछे ते इहां सम्यकदर्शन क्षयेपणे गयाछे परंतु जे आत्माना परिणाम स्वनाव तत्वार्थश्रद्धान लक्षण सम्यकदर्शन ते गयोनथी अने ते तो अतिशुद्ध थायछे अभ्रपटलने अनावे मनुष्यदृष्टी तेनीपरें महाशुद्धतर स्वरूप थाय.

हवे जे अबद्धायुष्क क्षपकश्रेणी आरंने तो सप्तक क्षयकीधेछते निश्चेथकी अनुपरत परिणामिथको चारित्रमोहनीय खपाववाजणी उद्यमकरे अने ते चारित्र मोहनीय खपववाने अर्थे यथाप्रवृत्यादि त्रण करण करे ते आवीरीते के यथा प्रवृत्तकरण अप्रमत्तगुणठाणे तथा अपूर्वकरण अपूर्वकरण गुणठाणे अने अनिवृत्तिकरण ते अनिवृत्तिबादर संपराय गुणठाणे करे त्यां अपूर्वकरणनेविषे स्थितिघातादिके करीने अप्रत्याख्याना वरणचतुष्क अने प्रत्याख्यानावरण चतुष्क ए आठ तेकेवीरीते खपावेछे जेम अनीवृत्तिकरण कालना प्रथम समयेज ते कषायाष्टक पल्योपमासंख्येय नाग मात्र स्थितिकथयो वली एज अनीवृत्तिकरण कालनो असंख्यातमो नाग गयेछते थीणधीनो त्रिक, नरकगति, नरकानुपूर्वी, तिर्यग्गति, तिर्यगानुपूर्वि एकेंद्रिय, बेंद्रिय, तेंद्रिय, अने चउरिंद्रियनी जाति स्थावर, आतप, उद्योत, सूक्ष्म, साधारण, ए सोलप्रकृतिनी उद्वलना संक्रमेकरी उद्वलतांथकां पल्योपमासंख्येय नाग मात्र स्थितिथई तेवारपछी बध्यमान प्रकृतिमांहे ते सोलप्रकृति गुण संक्रमे ते समय समय घालतीछति समस्तप्रकारें क्षीणथाय.

ईहां सूत्रकारनो ए अनिप्रायछे के कषायनो अष्टक प्रथम खपाववा मांम्योछे तेपण हजीसुधी क्षीण थयो नथी अने विचाले पूर्वोक्त सोलप्रकृतिखपावी पछी ते पण आठकषाय अंतरमुहूर्त्ते खपावे. अने बीजा आचार्य एम कहेछे के सोल प्रकृतिज प्रथम खपाववामांमे अने विचाले आठकषाय खपावी पछी सोलप्रकृति खपावे तेवारपछी अंतरमुहूर्त्ते नवनोकषाय अने चार संज्वलननो अंतरकरणकरे ते अंतर करण करीने नपुंसकवेदना दलिक उपरली स्थितिगत उद्वलना विधेकरी खपाववामांमे तेपण अंतरमुहूर्त्ते पल्योपमासंख्येयनागमात्र थया तेवार पछी बध्यमान प्रकृतिने विषे गुण संक्रमे ते दलिक प्रक्षेपे एम प्रक्षेपतां अंतरमुहूर्त्ते समस्त नीचली स्थितिना दलिक क्षीण थया.

जे नपुंसकवेदे क्षपकश्रेणी करवामांमे तो अनुनवतो ते क्षपावे अन्यथा प्रकार आवलिका मात्र ते थाय ते लेई वली वेद्यमान प्रकृतिमांहे स्तिबुकसंक्रमें संक्रमावे एटले करी नपुंसकवेद खपावे पछी एवाज अनुक्रमे स्त्रीवेद खपावे तेवारपछी छ नोकषाय समकाले खपाववामांमे अने तेवारपछी तेनी उपरली स्थितिगत

जेदलिकछे ते पुरुषवेदमांहे संक्रमावे नही किंतु संज्वलन क्रोधने विषेज संक्रमा वे एम ए सर्व पूर्वोक्त विधेकरी खपावताथका अंतरमुहूर्त्ते सर्वथा प्रकारे क्षीण थ या हवे तेहिज समये वेदनो बंध उदय उदीरणानो विच्छेद अने समयोन बे आवलिकानेविषे एटलो बद्ध मूकी शेषनो पण क्षय थयो तेवारे ए अवेदकथयो क्रोध वेदतांथकाने एना त्रणविभाग होय तेनानाम अश्वकर्णकरणाद्धा, किट्टिकर णाद्धा, किट्टिवेदनाद्धा तेना स्वरूप ईहां शास्त्रांतरोक्त भावे देखाडीयेछे.

घोडाना कर्णनीपरे जे न्हाना न्हाना कर्मनापुद्गल तेहना न्हाना न्हाना खंड करे जे थकी कालविशेषने विषे ते अश्वकर्ण करणाद्धा कहिये ते कर्मना दलिक रससहित कूटी कूटीने किट्टीनीपरें अति न्हानाकरे तेने किट्टिकरणाद्धा कहिये. पछी किट्टीकरी तेने वेदे ते किट्टीवेदनाद्धा कहियें.

त्यां अश्वकर्ण करणाद्धायें वर्त्तमानछतो समय समयनेविषे चार संज्वलन क षायना अंतरकरण थकी उपरली स्थितिनेविषे अनंता अपूर्व स्पर्द्धककरे ते स्पर्द्ध क कोने कहिये ते कहेछे. इहां जे अनंतानंत परमाणुयें नीपनाछे एवाजे स्कंध ते जीव कर्मपणे ग्रहण करे त्यांजे एकेका स्कंधनेविषे सर्व जघन्य रस परमाणुआछे तेनो रसपण केवलीनी बुद्धियें सर्वजीवने अनंतगुण रस भाग आपे अनेरोते र सभाग एकेअधिक अनेरोवली बेहुए अधिक एम एकोत्तरवृद्धे त्यांसुधी जाणवो ज्यांसुधि अनेरो परमाणुउ अभव्यथकी अनंतगुणा अने सिद्ध थकी पण अनंतमें भा गें अधिक रसभागछे त्यां जघन्यरसे जेकोई परमाणुआछे तेनो समुदाय समान जातियपणा लगीने एक वर्गणायेंज कहिये एम अनेराजे एकाधिक रसभाग सहि त तेनो समुदाय तेनी बीजी वर्गणा जाणवी अनेरा वली द्व्यधिक रस भाग युक्त तेनो समुदाय तेनी त्रीजी वर्गणा एम एरीते एकोत्तर रसभागवृद्धि परमाणुआनो समुदायरूप जे वर्गणा ते सिद्धथकी अनंतमाभाग समान अभव्यथकी अनंत गुणी कहेवी अने एनो समुदाय ते स्पर्द्धक कहियें एटले माहोमाहे स्पर्द्धाकरे ते माटे स्पर्द्धक कहेवायछे एम उत्तरोत्तर वृद्धेकरी परमाणुआनी वर्गणा जाणवी. इहां स्प र्द्धक एटला वास्ते छे के एथकी एकोत्तरें अधिकि निरंतर वृद्धे वधतो रस न लाभे किंतु सर्व जीवथकी अनंतगुण जे रसभाग तेथकी तेहिज अनुक्रमे बीजो स्पर्द्धक मांभीयें एमज त्रीजो स्पर्द्धक एम ज्यांसुधी अनंता स्पर्द्धक थाय त्यांसुधी.

हवे एनाथकीज पहेली वर्गणा आदेदेईने विशुद्धिना जे प्रकर्ष तेना वशथकी अनंतगुण हीन रसकरीने पहेला नीपरे स्पर्द्धककरे एवा स्पर्द्धक पहेला कोईवारे

कोइये कस्यानथी तेथी तेने अपूर्व कहिये एणे अश्वकरण करणाद्धा पुरीकीधी करणाद्धानेविषे वर्त्तमान थको पुरुषवेद समयोन आवलिकाद्वयें क्रोधनेविषे गुण संक्रमेकरी संक्रमावतो चरम समये जीव संक्रमेकरी सर्व संक्रमावे ते वारे पुरुषवेद क्षीण थाय. एरीते अश्वकरणकरणाद्धा संपूर्ण थइ. अने किट्टीकरणाद्धाये वर्त्तमान थको चारसंज्वलननी कषायना उपरली स्थितिना जे दलिक तेनी किट्टीकरे किट्टीनोस्वरूप कहेछे. जे पूर्वस्पर्द्धक अने अपूर्वस्पर्द्धक थकी प्रथमादि वर्गणालेइ विशुद्धिप्रकर्षना वशथकी अत्यंत हीनरस करीने तेने एकोत्तरवृद्धि त्यागें घणे अंतराले करीने स्थापवो तेआवीरीते ज्यां ते वर्गणाना असत्कल्पनायें रसना जे अनुभाग तेहनो शत एकोत्तरादिक जे हतो तेहीज वर्गणानी विशुद्धिना वशथकी रसना अनुभाग दशक अथवा पनर तेनो जे स्थापन करवो तेने किट्टी कहिये. अने ए किट्टी परमार्थे अनंति छतापण स्थूलजाति भेदआश्री बारनी कल्पना करियें ते एकेक कषायनी पहेली बीजी ने त्रीजी एम त्रण त्रण किटी करे एम जे क्रोधे क्षपकश्रेणी पडीवजे तेने जाणवो.

जेवारे माने पडिवजे तेवारे उद्वलन विधि करीने क्रोधे खपावे छते शेष त्रण कषायछे तेनी पूर्वक्रमे नवकिट्टीकरे अने जो मायायें पडीवजे तो क्रोध मान ए बेहुनी उद्वलनाविधे क्षपणाकीधीछति शेष बे कषायनी पूर्वअनुक्रमे छ किट्टीकरे अने जे लोभे पडिवजे ते उद्वलनाविधे क्रोधादिक त्रण कषाय खपावे छते एक लोभनी त्रण किट्टीकरे ए किट्टी करवानी विधिकही.

हवे किट्टीकरणाद्धा त्रणे पूरणथइछते क्रोधे श्रेणी पडिवज्योथको क्रोधना पहेली किट्टी संबंधी जे दलिक बीजी स्थितिगतछे ते आकर्षिने प्रथम स्थितियेंकरे अने वेदेपण त्यांसुधी के ज्यांसुधि समये अधिक आवलिका मात्र शेषरहे त्यांसीमवेदे तेवारपछी बीजा समयनेविषे बीजी किट्टीना दलिक बीजी स्थितिगत आकर्षिने प्रथम स्थितियेंकरे अने वेदे पण तांसीम जांसीम समय अधिक आवलिका मात्र शेषरहे तांसीमवेदे तेवारपछी त्रीजी किट्टीना दलिक द्वितीयस्थितिगत आकर्षिने प्रथम स्थितियेंकरे अने वेदेपण त्यांसुधी ज्यांसुधी समयाधिक आवलिकामात्रशेष.

शेष त्रण किट्टी वेदना अद्धानेविषे उपरली स्थितिगत दलिक गुणसंक्रम पणे समय समयने विषे असंख्येय गुण वृद्धिलक्षणे संज्वलन मान मांहे प्रक्षेपे अने त्रीजीकिट्टी वेदनाद्धा तेना चरम समयनेविषे संज्वलनना क्रोधनो बंध उद

य उदीरणाने समकाले विछेदे अने सत्तापण एक समयोन आवलिकाद्विके क री बद्ध एवो मूकी तेने अनेरोनही सर्व माननेविषे प्रक्षेप्यो.

तेवारपछी माननी प्रथम किट्टी तेना दलिक बीजी स्थितिगत आकर्षि प्रथम स्थितियें करे अने वेदेपण तांसीम जांसीम अंतरमुहूर्त एम क्रोधनोपण बंधादिक व्यवछिन्न थयेथके तेना दलिक समयोन बे आवलिकाये माननेविषे गुण संक्रमे संक्रमावतो थको चरम समय सर्व संक्रमावी माननीपण पहेली किट्टीनादलिक पहेली स्थितिनेविषे कीधाछे तेवेदता समयाधिक आवलिका शेषथाय तेवारपछी माननी बीजी किट्टीना दलिक बीजी स्थितिगत आकार्षि प्रथम स्थितियेंकरी वेदे ते जांसीम समयाधिक आवलिकामात्र शेषरहे त्यांसुधिवेदे पछी त्रीजीकिट्टीना द लिक बीजी स्थितिगत आकार्षि प्रथम स्थितिगत करी वेदे समयाधिक आवलिका मात्र शेषरहे त्यांसुधीवेदे अने तेहिज समये मानना बंधउदय उदीरणानो समकाले विछेदथाय अने सत्कर्मपणे तेने समयोन आवलिका द्विकबंधेज. शेषतेक्रोधनीपरे जाणबो. जेम त्यां क्रोध माननेविषे प्रक्षेपी तेमईहां मानते मायानेविषे प्रक्षेपीये.

तेवारपछी मायाना प्रथम किट्टीदलिक द्वितीय स्थितिगत आकर्षि प्रथम स्थि तेंकरी अंतर मुहूर्त्तमात्र लगे वेदे संज्वलन मानसंबंधी बंधादिकनो विछेदथयेथके संज्वलन मानना दलिक समयोन आवलिकाद्विके गुणसंक्रमणेकरी मायानेविषे प्रक्षेपे मायानापण प्रथम किट्टीदलिक बीजी स्थितिगतकरी पहेली स्थितियेकरी वेद तोथको समयाधिक अवलिका शेष थाय तेवारपछी मायाना द्वितीय किट्टीसंबंधी दलिक द्वितीयस्थितिगत आकर्षि प्रथम स्थितेकरी समयाधिक अवलिकामात्र शे षलगे वेदे तेवारपछी त्रीजी किट्टीना दलिक बीजी स्थितिगत आकर्षि प्रथम स्थि तेंकरी समयाधिक आवलिकामात्र शेषलगें वेदे तेहिज समयनेविषे मायानो बंध उदय उदीरणा पण समकालें विछेदथाय अने मायानो सत्ताकर्मपण समयोन आ वलिका द्विक बंधमात्रेज शेषरहे जेणेकारणे गुण संक्रमे लोभनेविषे प्रक्षेप्यो.

पछी लोभनी पहेली किट्टीना दलिक बीजी स्थितिगत आकर्षि पहेली स्थिते करी वेदे ते ज्यांलगें अंतर मुहूर्त्त एटले संज्वलन मायाने बंधादिके व्यवछिन्न थयेथके मायाना दलिक समयोन बिहुं आवलियें गुण संक्रमें समस्त लोभनेविषे संक्रमावे संज्वलन लोभनी प्रथम किट्टीना दलिक प्रथमस्थितेकरी वेदतोथको समयाधिक आवलिका शेषथयो तेवारपछी लोभनी बीजी किट्टीना दलिक बीजी स्थितिगत

आकर्षि प्रथम स्थितियेंकरी वेदे ते जांसीम बीजी किट्टीना दलिक प्रथम स्थिति गत कीधाछे ते आवलिकामात्र शेष जाणवी.

अने तेहीज समयें संज्वलन लोजना बंधनो व्यवछेद थाय बादर कषाय संबंधी उदय उदीरणानो व्यवछेद थाय अने अनिवृत्तिबादर संपराय गुणठाणानो काल ए सर्व समकाले व्यवछेद थाय तेवारपछी सूक्ष्म किट्टीदलिक द्वितीय स्थितिंगत आकर्षि पहेली स्थितियें करी वेदे तेवारे एने सूक्ष्मसंपराय कहियें.

हवे त्रीजी किट्टीगत आवलिका शेष छे ते सर्व विद्यमान आगली प्रकृतिनेविषे स्तिबुकसंक्रमे संक्रमावे अने प्रथम द्वितीय किट्टीगत जेवीरीतेछे तेवीरीतेज बीजी त्रीजी किट्टीगत मध्ये वेदे अने सूक्ष्मसंपराय लोजनी सुक्ष्म किट्टी वेदतो थको सूक्ष्मकिट्टीना दलिक जे समयोन बे आवलिकाये बद्ध छे ते समय समयनेविषे स्थितिघातादिकेकरी त्यां खपावे ज्यां सूक्ष्मसंपरायनी अद्धाना संख्यात नाग गया होय एक थाकतो रहे ते एक संख्यातमो नाग जे थाकतो रहे ते नागने विषे संज्वलननो लोज सर्व अपवर्त्तनायें अपवर्त्ति सूक्ष्मसंपरायनी अद्धा समानकरे ते सूक्ष्मसंपरायनी अद्धा हजीसुधी अंतरमुहूर्त्त प्रमाण छे ते आरंजी पछी मोहनीयना स्थितिघातादिक निवर्त्ते शेषकर्मना स्थितिघातादिक प्रवर्त्ते अने लोजनी अप्रवर्त्तित स्थिति उदय उदीरणाये करी वेतो थको त्यांसुधीगयो के ज्यां सुधि समयाधिक आवलिका मात्र शेष त्यां उदिरणा रहीछे.

तेवारपछी ते स्थिति केवल उदयेकरी वेदे ज्यांसुधि चरमसमय. अने ते चरमसमयनेविषे ज्ञानावरणियादिक पांच, दर्शनावरणीय चार, यशकीर्त्ति, उच्चैर्गोत्र, पांच अंतराय ए सोलप्रकृतिना बंधनो विछेद थाय तेम वली मोहनीयना उदय अने सत्तानो विछेद थाय तेवारे ए क्षीण कषायी थयो.

वली तेहने शेषकर्मनी स्थितिघातादिक ए पूर्ववत प्रवर्त्ते जांसीम क्षीणकषाय अद्धाना संख्येयनाग गयांहोय अने एक नाग रहे ते नागने विषे ज्ञानावरणादिक पांच, अंतराय पांच, चार दर्शनावरण बे निद्रा ए सोल प्रकृतिनी स्थिति ने सत्ता ए सर्व अपवर्त्तनायें अपवर्त्ते ते अपवर्त्तिने क्षीणकषायअद्धासमान करे केवल निद्राद्विकनी आपणा आपणा रूपनी अपेक्षायें एक समयऊणी सामान्यपणे अने कर्मरूपपणे सरखी ते क्षीणकषायअद्धापण अंतरमुहूर्त्त मान छे.

तेवारपछी ते आरंजीने तेना स्थितिघातादिक रह्या शेष थाकतानी थाय ते सोल कर्मप्रकृति निद्राद्विके हीन तेने उदय उदीरणा वेतो थको त्यांसुधी गयो

ज्यांसीम समय अधिक आवलिका मात्र शेष रहे. तेवारपछी उदीरणा निवर्त्ती पछी आवलिका सीम केवलउदये करी ते वेदे ते ज्यांसुधी क्षीणकषाय अद्धानो छेलो समय ते थकी उरलो समय ते द्विचरम समयने विषे निद्राद्विक आपणेरूपे सत्ता नी अपेक्षायें क्षीण थयो अने चउद प्रकृतिनो चरमसमय क्षय थयो तेवारपछी अनंतर समये केवली थाय. ॥३०१॥

अवतरणः— एगाथा सूत्रकार सर्वपदे जूदी जूदी वखाणनार छतो कहे छे. मूलः—कोहो माणो माया, लोहोणंताणुबंधिणो नणिया, खविऊण खवइ संढो, मिछं मीसंच सम्मत्तं ॥ ३०२ ॥ अर्थः—क्रोध, मान, माया, अने लोन ए चार अ नंतानुबंधिया कषाय समकालें खपावीने संढके० नपुंसक जे श्रेणीनो पडिवजण हार ते मिथ्यात्व, मिश्र, अने सम्यक्त्व ए त्रण प्रकृति अनुक्रमें अंतरमुहूर्त्तें खपा वे. सर्वनो पण क्षपणकाल अंतरमुहूर्त्तमान अने श्रेणी परिसमाप्ति काल पण अं तरमुहूर्त्त मात्रज जाणवो. केमके अंतरमुहूर्त्तना असंख्याता नेद छे माटे.॥३०२॥

मूलः— अपचक्खाणे चउरो, पच्चक्खाणेय सममवि खवेइ, तयणु नपुंसग इ त्थि, वेयडुगं खवय खवइ समं ॥ ३०३ ॥ अर्थः—अप्रत्याख्यानिया क्रोधादिकचार अने प्रत्याख्यानिया चार ए आठे एकठा खपावे तेवारपछी नपुंसकवेद ने स्त्रीवेद ए बेहु समकालेज खपावे एम स्त्रीवेद तथा नपुंसकवेदना क्षय थकी समकालेज पुरुषवेदना बंधनो व्यवछेद करे ते खपावीने समकाले वक्ष्माण प्रकृतिखपावे. ॥ ३०३ ॥ तेहिज देखाडेछे.

मूलः—हास रइ अरइ पुंवेय सोअ नयजुय डुगछ सत्तइमां॥तह संजलणं कोहं, माणं मायंच लोनंच॥३०४॥अर्थः—हास्यादिक छ तथा पुंवेद ए सात प्रकृति खपावी पछी संज्वलनना चार कषाय खपावे॥३०४॥त्यां लोनने विषे एटलो विशेष छे ते कहेछे.

मूलः—तो किट्टीकय असंख, लोह खंमाइं खविय मोहखया॥ पावइ लोयालोय,प्प यासयं केवलं नाणं॥३०५॥अर्थः—तेवारपछीमायाक्षपणानंतर लोनना खंमनी असं ख्याती किट्टीकरे तेने खपावे एम सर्व मोहना क्षय थकी लोकालोकनो प्रकाशक एवुं केवल ज्ञान पामे. इहां एटलो विशेषके एजे लोननी किट्टीनो करण ते लोने श्रेणी प्रपन्ने जाणवो अने जेवारे क्रोधे श्रेणी पडिवजे तेवारे क्रोधादिक चारनी किट्टीकरे वली माने पडिवजे तेवारे मानादिक त्रणनी किट्टीकरे अने मायायें पडिवजे ते वारे माया अने लोननी किट्टीकरे. आ सूत्रमां जे क्षपणानो क्रम कह्यो ते नपुंस क क्षपक आश्रीने कह्यो. ॥ ३०५ ॥

मूलः— नवरं इत्थी खवगा, नपुंसगं खविय खवइ थीवेयं ॥ हासाइछगं खविउं, खवइ सवेयं नरो खवगो ॥ ७०६ ॥ अर्थः— नवरंके० एटलो विशेषछे के जेवारे स्त्री क्षपकश्रेणी प्रारंभे तेवारे पहेलुं नपुंसकवेद खपावी पछी स्त्रीवेद अने स्त्रीवेद ना क्षयथयाथी समकालेज पुरुषवेदना बंधनो व्यवछेदथाय तेवारे अवेदक पहे लीजे पुरुषवेद तथा हास्यादिक छ ए सात प्रकृति हती ते समकाले खपावे शेष तेमज जेवारे पुरुष पडिवजे तेवारे पहेलुं नपुंसकवेद पछी स्त्रीवेद पछी हास्यादि क खपावीने पछी पुरुषवेद खपावे शेष पहेलानी परे जाणवो. ए क्षपकश्रेणीना स्वरूपनो नेव्यासीमो द्वार समाप्त थयो. ॥ ७०६ ॥

अवतरणः— उवसमसेढित्ति एटले उपशमश्रेणीनो नेवुमो द्वार कहेछे. मूलः—अणदंस नपुंस इत्थी, वेयछक्कंच पुरिसवेयंच ॥ दोदो एगंतरिए, सरिसे सरिसं उवसमेई, ॥७०७॥अर्थः—उपशमश्रेणीनो पडिवजणहार अप्रमत्त संयत गुणठाणेज होय अने प्रमत्त, अप्रमत्त, देशविरति, अविरते ए मांहे मेली आवे ते होय अ ने अनेरा एम कहेछे के अविरत देशविरत प्रमत्त अप्रमत्त माहेलो मेलि आवे ते अनंतानुबंधी उपशमावे अने दर्शनत्रिकादि संयमनेविषे वर्त्तमान छता ज त्यां पहेली अनंतानुबंधीनी उपशमना देखाडेछे.

अविरत्यादिक माहेलो मनोयोगादिकयोगे वर्त्तमान तेजोलेश्यादिक त्रण शु भलेश्या माहेली कोईक लेश्या मांहे वर्त्ततो साकारोपयोगयुक्त प्रत्येक कर्मनी ए क कोडाकोडी सागरोपममांहे स्थिति. करणकाल थकी पहेलो पण अंतर मुहूर्त्तसुधि विशुद्धमान चित्तथको एम रहेतो आगलें शुभप्रकृतिबांधे परंतु अशुभ प्रकृतिनबांधे अने समय समयनेविषेअशुभ प्रकृतिनो अनुभाग अनंतगुण हाणी करतो शुभप्र कृतिनो रस अनंतगुण वृद्धि करे अने स्थितिबंधेपण पुरेहुए छते पूर्वस्थिति संबं धीनी अपेक्षायें पल्योपमने असंख्यातमे भागे हीन स्थिति बंध करे अने अंत रमुहूर्त्त पूरण थये छते अनुक्रमे यथाप्रवृत्तकरण अपूर्वकरण अनिवृत्तिकरण ए त्रणेकरणनी प्रत्येके अंतरमुहूर्त्त प्रमाण जेनी स्थिति एवाकरे चोथी ते उपशां ताद्धा अनिवृत्तिकरणाद्धाना संख्याताभाग गयेछते एक भाग रहेथके अनंतानुबंधी नी नीची अवलिकामात्र मूकीने अंतरमुहूर्त्तप्रमाण अंतरकरण अंतर मुहूर्त्तेकरे अं तरकरणना दलिक उखेलीने बध्यमान प्रकृतिमां प्रक्षेपे अने प्रथमस्थितिना आ वलिकागत दलिक स्तिबुकसंक्रमणे वेद्यमान प्रकृतिमांहे प्रक्षेपे.

अने अंतरकरण कीधेछते बीजा समयनेविषे अनंतानुबंधीनी उपरली स्थिति

संबंधी दलिक उपशमाववा मांडे ते प्रथम समये स्तोक बीजे समये त्रीजे समये अनुक्रमे असंख्येयगुण वृद्धि ते तांसीम जांसीम अंतरमुहूर्त्ते समस्त प्रकारे अनंता नुबंधी उपशमाव्या. उपशमित तेने कहिये जेम धूलने पाणीथी सींची उपर धूंस डासाथे कूटी थकी महानिचित थाय तेम कर्मरूप धूली निर्मल अध्यवसायरूप पाणीयें सींची सीचीने अनिवृत्तिकरणरूप धुसडायेकरी कूटतो थको पछी संक्रमण उदय उदिरणा निधत्त निकाचनादि करणने अयोग्यथाय एक अनंतानुबंधीनी उपशमना न मानवी किंतुविसंयोजना क्षपणा ते पहेली कही.

हवे सांप्रत दर्शनत्रिकनी उपशमना कहेछे. ईहां क्षायोपशमिक सम्यक्दृष्टी संय मनेविषे वर्त्तमान अंतरमुहूर्त्ते दर्शनत्रिक उपशमावतो पूर्वोक्त त्रणकरणने करवे विशुद्धियें वर्द्धमान अनिवृत्तिकरणनी अद्धाने संख्यातभागे गयेछते अंतरकरण करे ते करतो सम्यकत्वनी पहेली स्थिति अंतरमुहूर्त्तमान स्थापे. मिथ्यात्व अने मिश्र ए बे हुना दलिक आवलिकामात्र उत्किरताथका सम्यकत्वनी पहेली स्थितिमां प्रक्षेपे ने मिथ्यात्व मिश्रनी पहेली स्थितिना दलिक सम्यकत्वनी पहेली स्थितिना दलिक मांहे स्तिबुकसंक्रमणे संक्रमावे अने सम्यकत्वनी जे पहेली स्थितिछे तेने विपा कानुभवहुंति क्रमेक्षयथईथकी उपशम सम्यकदृष्टी थाय अने मिथ्यात्वादि त्रिकनी उपरली स्थितिना दलिकछे तेनी उपशमना अनंतानुबंधीनी उपरली स्थिति ना दलिकनीपरे जाणवी.

एम उपशांत दर्शन त्रिक छतो प्रमत्त अने अप्रमत्तना जे परावर्त्तन ते शक्क मा ने गांनेकरी चारित्र मोहनीय उपशमावणहार थको वली यथा प्रवृत्यादिक त्र ण करण करे पण इहां यथाप्रवृत्तकरण अप्रमत्त गुणठाणे अने अपूर्व करण अपूर्वगुणठाणे करे अने अपूर्वकरणे रह्यो छतो स्थितिघातादिकेकरी निर्मल थइ पछी अनंतर समयें अनिवृत्तिकरणे प्रवेश करे अने अनिवृत्तिकरणाद्धाने संख्येयभागे गयेछते दर्शन सप्तके रहित शेष एकवीस मोहनीयनी प्रकृतिनो अंत रकरण करे अने तेणे प्रस्तावें जे वेदनोतथा जे संज्वलनकषायनो उदयछे ते बेहु नी पोताना उदय कालमान पहेली स्थितिकरे अने शेष इग्यार कषाय अने आठनो कषायनी अवलिकामात्र स्थितिकरे इहां त्रणवेद अने संज्वलन चारनो उदयकालमा न अंतरकरणगत दलिकना प्रक्षेपवानुं स्वरूप ग्रंथविस्तारना भयथी लख्युं नथी.

हवे अंतरकरण करीने नपुंसकवेद अंतरमुहुर्ते उपशमावे ते प्रथम समय स्तोक तेवारपछी द्वितीयादि समयें असंख्येयगुणवृद्धें त्यांलगें उपशमावे ज्यांलगें

चरमसमय आगली प्रकृतिनेविषे समय समयनेविषे उपशमाव्याछे जे दलि क तेनी अपेक्षायें त्यांलगें असंख्येयगुण प्रक्षेपे जांसीम द्विचरम समय अने चर म समयनेविषे उपशमावतो आगली प्रकृतिनेविषे संक्रमावियेछे जे दलिक तेनी अपेक्षायें असंख्येय गुण जाणवो.

एम नपुंसकवेदे उपशमावे छते पूर्वोक्तविधियें करीने अंतरमुहूर्त्ते स्त्रीवेद उपश मावे तेवार पछी अंतरमुहूर्त्ते हास्यादिक छ ते छ ए उपशमावे छते तेहिज सम यें पुरुषवेदना बंध उदय उदीरणानो व्यवछेद थाय तेवारपछी एकसमयऊणि बे आवलियें समस्त पुरुषवेद उपशमावतो समकालें अंतरमुहूर्त्तमात्रे प्रत्याख्यान अप्रत्याख्यानावरण क्रोध उपशम्या अने तेहिज समयें संज्वलनना क्रोधनो बंध उदय उदीरणानो विछेद थयो.

तेवारपछी समयऊण बे आवलियें संज्वलननो क्रोध उपशमावे ते उपशमाव्या पछी समकालें अंतरमुहूर्त्ते अप्रत्याख्यान ने प्रत्याख्यानावरण मान समकाले उप शमावी तेहिज समयें संज्वलनना माननां बंधादि त्रणनो विछेद थाय.

पछी समयोन बिहुं आवलियें संज्वलन मान उपशमावी पछी अंतरमुहूर्त्ते अ प्रत्याख्यान प्रत्याख्यानावरण माया समकाले उपशमावे ते उपशमावीने तेहिज समये संज्वलननी मायानाबंधादिक त्रणनो विछेद थाय.

ए कस्या पछी केवल लोभनो वेदक थको लोभवेदनाद्धाना त्रण विभाग करे. एक अश्वकर्णकरणाद्धा बीजो किट्टिकरणाद्धा त्रीजो किट्टिवेदनाद्धा त्यां बेहुने आद्यना बिहुंभागे वर्त्तमान थको संज्वलनना लोभनी बीजीस्थिति थकी दलिक खेचीने पहेली स्थितियें करे अने वेदे पण.

अने अश्वकर्ण करणाद्धायें वर्त्तमान पहेले समयेज अप्रत्याख्यान प्रत्याख्या नावरण अने संज्वलनरूप ए त्रण लोभ समकालें उपशमाववालागो विशुद्धें वध तो अपूर्व स्पर्द्धक पूर्वोक्त शब्दार्थ करे संज्वलनमायानो बंधादिक विछेद गए छतें समयोन बिहुंआवलिकायें संज्वलनी माया उपशमावे.

एम अश्वकर्णकरणाद्धायें गयाछतां किट्टिकरणाद्धायें प्रवेश करे त्यां पूर्व स्पर्द्धक थकी बीजीस्थितिगत दलिक लेइने समय समय अनंतर किट्टिकरेकिट्टिकरणाद्धाने चर मसमये समकालें अप्रत्याख्यान प्रत्याख्यानावरण लोभ उपशमावे तेहिज समये प छी संज्वलनना लोभना बंधनो विछेद बादर संज्वलनना लोभना उदय उदीरणा नोप

ण विछेद थयो. ए सूक्ष्मसंपराय थाय तेवारें उपरली स्थिति थकी केटलीएक किट्टी आकर्षि प्रथम स्थिति सूक्ष्मसंपरायनी अद्धा समानकरे वेदेपण

सूक्ष्मसंपरायनी अद्धा अंतरमुहूर्त्तमान शेषसूक्ष्म किट्टीपणे कीधेला दलिक स मयोन बिहुं आवलियें बद्ध ते उपशमावे सूक्ष्मसंपरायनी अद्धाना चरमसमयें संज्वलननो लोन उपशम्यो तेवार पछी अनंतर समयें उपशांतमोह थयो ते ज घन्ये एकसमय उत्कृष्टो अंतरमुहूर्त्तलगेलाजे पछी निश्चेसुं पडिवजे

अने प्रतिपात बिहुंप्रकारे एक नवक्षय एकअद्धाक्षये तेमांजे मरे तेने नवक्षयें अने उपशांताद्धा पूरणथई थकी अद्धाक्षय थाय परंतुअद्धाक्षयनो एविशेषछे. जे अद्धा क्षयें जेमपडिवजे तेम पडिवजे जेजे स्थानके पडिवजताने बंधादिकनो विछेदथयो वली त्यांत्यांज बंधादिकनो आरंनथाय पडिवजतो प्रमत्तसंयतगुणगणासीम कोइ एक नीचे आवतो सास्वादननाजावेपण आवे अने नवक्षयवालो तो अनुत्तरदेवमां हे उपजे त्यां उपने पहेले समयेज सघला बंधनादि करण प्रवर्त्ते ए विशेषछे

उत्कृष्टे एकनवनेविषे बे वखत उपशमश्रेणी पडिवजे पण बे वखतवालाने ते हिजनवें क्षपकश्रेणीनो अनावलाणवो अने एकवार उपशमश्रेणी पडिवजणहार ने क्षपकश्रेणीथाय पण अने नपणथाय ए कर्मग्रंथिकनो अनिप्राय छे अने सि द्धांतानिप्रायेंतो एकनवमां एक श्रेणीपडिवजे. ईहां चालना घणीछे ते विस्तारना नयथी लखीनथी.

हवे गाथानो अक्षरार्थलिखियेंछे. अणशब्दे अनंतानुबंधीचार कषाय उपशमावे पछी दसके० दर्शनना मिथ्यात्व मिश्रने सम्यकत्वरूप त्रण पुंज पछी नपुंस कवेद स्त्रीवेद पछी हास्यादिक छ पछी पुरुषवेद खपावी बेबे क्रोधादिक एकांतरि त संज्वलनक्रोधादिकें अंतरित सरिखा क्रोधादिकने तुल्य समकालपणे ए नाव अप्रत्याख्यान प्रत्याख्यानावरण ए बेहु क्रोधादिक समकालें उपशमावे पछी संज्व लनक्रोध एरीते उपशमावे. ॥ ७०७ ॥

अवतरणः— ए गाथा सूत्रकार वखाणेछे मूलः—कोहंमाणंमाया, लोहमणंता णुबंध सुवसमई ॥ मिछत्तमिस्ससमम्त्त रूवपुंज तयंतयणुं ॥ ७०८ ॥ इछिनपुंसग वेए, तत्तोहासाइछक्कमेयंतु ॥ हासोरईय अरईय, सोगोनयं डुगंछाय ॥७०९॥ अर्थः— सुगम नवरं दर्शन त्रिक उपशमाव्या पछी नपुंसकवेद स्त्रीवेद समकाले उपशमा वे ए नपुंसकवेदे श्रेणी पडिवज्यानुं अनुक्रम कह्योछे. इहां ए संप्रदाय छे जे स्त्रीवेदे अथवा पुरुषवेदे उपश्रमश्रेणी पडिवजे ते ज्यां नपुंसकवेद उपशमावे तेवारें सम

काल स्त्रीवेद उपशमाववालागो त्यांगयो ज्यांसीम नपुंसकवेदोदयनी अद्धानो द्वि चरम समय अने ते समयें स्त्रीवेद उपशम्यो अने नपुंसकवेदनी एक समयमात्र उदय स्थितिछे, शेष सघलो नपुंसकवेद उपशम्यो. हवे समयमात्रनी हुंतिजे उद यस्थिति नपुंसकवेदनी तेऐपण अतिक्रमिछतीयें अवेदकथाय तेवारपछी पुरुषवे दोदय सातप्रकृति उपशमाववा मांमे शेष पूर्वपरे जाणवुं.

हवे स्त्रीवेदे श्रेणीपमिवजे ते पहेला नपुंसकवेद उपशमावे पछी स्त्रीवेद उप शमावतो त्यांसीम ज्यांसीम आपणा उदयनो द्विचरम समय अने तेने समयें ए क चरममात्र उदयस्थितिमूकी शेष सघलो स्त्रीवेदसंबंधी दलिक उपशम्यो तेवा रपछी चरम समयें गयेथके अवेदकछती पुरुषवेद अने हास्यादिषट्क ए सातप्रकृ ति समकाले उपशमावे शेष तेमज जाणवो. ॥ ३०८ ॥ ३०९ ॥

हवेपुरुषवेदे श्रेणीपडिवजे तेहनो स्वरूप पहेली गाथाये कह्यो. मूलः— तो पुंवेयंतत्तो, अपच्चरकाणपच्चरवाणाण ॥ आवरण कोहजुअलं, पसमइ संजलणकोहंपि॥३१०॥ अर्थ सुगम छे. एयक्कमेण तिसुवि, माणेमाया उलोहतियगंपि ॥ नवरंसंजलणा निह, लोहतिभागे इय विसेसो ॥ ३११ ॥ अर्थः— ए क्रोधादिकने उपशमाववा ने क्रमे त्रणे अप्रत्याख्यानावरणादि मान माया अने लोभ उपशमावे नवरं संज्व लन लोभ किट्टि वेदना नाम त्रीजे भागें एवो वक्ष्माण विशेष तेदेखाडे छे॥३११॥

मूलः— संखेयाइंकिट्टी,कयाइ खंमाइं पसमसकमेण ॥ पुणरवि चरमं खंमे, असंख खंमाइकाऊणं ॥ ३१२ ॥ अर्थः— असंख्याता जे जे संज्वलन लोभनाखंम ते कि ट्टीके० सूक्ष्मपणे कीधा ते अनुक्रमे समय समयप्रते उपशमावतो चरमखंमना वली असंख्याता खंमकरीने समय समयप्रते एकेक उपशमावे. ॥ ३१२ ॥

अवतरणः— जे प्रकृति उपशमावतो जे गुणगणे वर्त्ते ते कहेछे. मूलः— अणु समयं एकेक्कं, उपसमइइहहि सत्तगोवसमो ॥ होइ अपुव्वो तत्तो, अनीअट्टिहोइ नपु माइ ॥ ३१३ ॥ पसमंतो जा संखेय लोहखंमाइ चरमखंमस्स ॥ संखाई ए खं मे, पसमंतो सुहम रागोसो ॥ ३१४ ॥ इय मोहोवसमम्मि, कयम्मि उवसंतमोह गुणगणं ॥ सवट्ठसिद्धिनामं,हेऊ संजाय वीयरायाणं ॥३१५॥ ए त्रण गाथानो अ र्थ कहेछे. इहां श्रेणीनो पडिवजणहार सप्तकनो उपशम करेथके अपूर्वकरण गु णगणे वर्त्ते तेवारपछी नपुंसकवेदादिक प्रकृति उपशमावतो जांसीम संख्याताबाद र लोभना खंम उपशमावे तांसीम अनिवृत्ति बादर थाय तेवारपछी सूक्ष्मकिट्टीप णे कर्या. चरमखंमना असंख्याता खंम उपशमावतो सूक्ष्मसंपराय गुणगणोथा

य एम मोहनीयने उपशमे उपशांतमोह गुणगणो होय ते सर्वार्थसिद्धिनो कार ण होय पण कोइ अप्रतिपतित परिणामि वीतरागछे तेहने एवो बाहरथकी लेवो. इतिश्रेणीद्वयस्वरूपं वाचंयमपद्ममंदिरेणेदं वृत्तरनुसारादिह लिलिखेश्रेणिद्वयापा क ॥ १ ॥ इतिगाथानवकार्थः॥७१५॥उपशमश्रेणीना स्वरूपनो नेवुमुं द्वार समाप्तथयुं.

अवतरणः– थंमिलाण चउवीस सहस्सोत्ति एटले एक सहस्रने चोवीस स्थं मिला संबंधी एकाणुमो द्वार कहेछे मूलः– अणावायमसंलोए, परस्सणुवघा यए ॥ समे अज्झु सिरेयावि, अचिरकाल कयंमिया ॥ ७१६ ॥ विछिन्ने दूरमोगाढे, नासन्ने बिलवज्जिए ॥ तसपाण बीयरहिए, उच्चाराईणवोसिरे ॥ ७१७ ॥ अर्थः– अनापात असंलोके परस्य १ अमोप घातिकं २ समं ३ अशुषिरं ४ अचिर का लकृतं ५ विस्तीर्णं ६ दुरमवगाढं ७ अनासन्नं ८ बिलवर्जितं ए अने त्रसप्राण बीजवर्जितं १० एवां जे दशप्रकारनां स्थंमिल्ल छे त्यां पुरीष प्रश्रवणादिक नाख वां. तेमां अनापात असंलोके परस्य आ पदनो बंनेपद साथे संबंध छे. आपात एटले अन्यागम जे स्थंमिलने विषे एक आपात एटले आववुं ते स्वपक्ष तथा परपक्ष संबंधि परनुं जिहां आववुं छे ते आपात जाणवो अने ते आपातवंत ए टले आववुं जिहां नथी ते अनापात. बीजो वृक्षादिकना अन्नावथकी संलोकके॰ देखवोछे जिहां ते संलोकवंत अने एथकी विपरीत तेअसंलोकवंत. इहां चतुर्भंगी थाय ते देखाडेछे. एक अनापात असंलोक बीजो अनापात संलोक, त्रीजो आ पातवंत असंलोक, चोथो आपातवंत संलोकवंत.

ए चतुर्भंगीमां पहेला भंगानी अनुज्ञाछे शेष भंगनो निषेधछे. इहां चोथा भं गाने वखाणवाथी बीजा बाकीना त्रण विधिनिषेधरूप सहेज जाणवामां आवशे माटे छेवटनी भंगीनुं स्वरूप निरुपण करेछे. तेथी आपातवंतने संलोकवंत ए चो थो भंगोछे त्यां आपात स्थंमिल ते बे प्रकारना एक स्वपक्षपातवत् बीजो परपक्ष पा तवत् तेमां स्वपक्षना बे भेद एक स्वपक्ष संयत आपातवंत, बीजो स्वपक्ष संय ति आपातवंत तेमां वली स्वपक्ष संयत बे प्रकारनोछे. एक संविज्ञजे उद्यत वि हारी तेनो आपात, बीजो असंविज्ञजे पासथादिक तेनो आपात तेमांवली संविज्ञ ना बे भेदछे एक सांभोगीक बीजो असांभोगिक, तेमांवली असंविज्ञपण बे प्रका रेछे एक संविज्ञपाक्षीक एटले पोताना अनुष्ठाननी निंदाकरनारा यथोक्त साधु स माचार प्ररुपक बीजो असंविज्ञ पाक्षीक ते पोते ग्रहण करेला मार्गनी स्थापन क रनारा अने सुसाधुनी निंदाकरनाराए अर्थनी गाथा कहेछे. तबावायं डुविहं, सपरक

परपक्खउंयनायव्वं ॥ डुविहं होइ सपक्खे, संजयतह संजईणंच ॥ १ ॥ संविग्ग मसं विग्गा, संविग्गमणुन्नएयराचेव ॥ असंविग्गाविडुविहा, तप्पक्खिय एयराचेव ॥ २ ॥

हवे परपक्ष आपातवंत स्थंमिल तेपण बेप्रकारनाछे. यडुक्तं परपक्खे वियडुविहं, माणुस तिरिञ्चगंचनायव्वं इति एटले एक मनुष्य अने बीजो तिर्यंचना नेदे करी बे प्रकारनो छे ते वली एकेको त्रण त्रण नेदेछे ते आवीरीते के पुरुष स्त्रीने नपुंसक ए त्रण नेद मनुष्यनाछे तेथीएक पुरुषापातवंत बीजो स्त्रीआपातवत ने त्रीजो नपुंसका पातवंत ए त्रण नेदछे. पुरिसिञ्चि नपुंसगाचेव इति तेमज तिर्यंचपण पुरुष स्त्रीने नपुं सक ए त्रण नेदेज जाणवा. हवे मनुष्य पुरुषापातवत पण त्रण नेदछे. एक दंमी क बीजा कौटुंबिक त्रीजा प्राकृत तेमां दंमिकते राजकुलागत जाणवो कौटुंबीकते शे ष महोटा ऋध्धिवंत जाणवा अने प्राकृत्य ते सामान्य लोक जाणवा.

ए त्रणमानां एकेकना वली बे बे नेदछे. एक शौचवादी ने बीजा अशौचवादी राजादिक जाणवा एम स्त्री नपुंसकना त्रण त्रण नेदकरी बे बेनेद करियें. यडुक्तं पुरिसावायं तिविहं दंमिअकोडुंबिएय पागइए ॥ ते सोयसोयवाई, एमेवनपुंसइञ्चीसु

हवे तिर्यंच आपातवंतना बे नेद एक तिर्यंच दर्पवंत बीजा तिर्यंच शांतवंत तेमां वली एकेकना जघन्य मध्यम ने उत्कृष्ट एवा त्रण त्रण नेद थायछे तेमां जघन्य गामरी प्रमुख उत्कृष्ट हाथी प्रमुख मध्यम नेंसप्रमुख एरीते पुरुष कह्या. तेप्रमाणे स्त्री अने नपुंसकपण जाणवा. पूर्वोक्त बे ने त्रणे गुणता छ नेद थया. तेवली मनुष्य स्त्री ने नपुंसके एकेको गणता अढार नेद थया तेवली गर्द न प्रमुख जुगुप्सित अने बीजा अजुगुप्सित ए रीते बे नेदे करता छत्रीस नेद था य. उक्तंच दित्तम दित्तातिरिया, जहन्न उक्कोस मज्झिमा तिविहा ॥ ए मेव ञ्चि नपुं सा, डुगुञ्छि अडुगुञ्छियानवरं ॥ १ ॥ ए आपातवंत स्थंडिल वखाण्यो.

हवे संलोकवंत ते मनुष्यने विषेजछे ते सुगम पणाथकी गाथायें देखाडेछे. उक्तं च. आलोगोमणुएसुं, पुरिसिञ्चिनपुंसगाए बोधव्वो ॥ पागय कुंडुंबिदंमिअ, असोअ तह सोयवाईणं ॥ १ ॥ ते मनुष्य पुरुष स्त्री तथा नपुंसक ए त्रण प्रकारे जाण वा. ते वली एकेक प्राकृत कौटुंबिक अने दंमिक एवा त्रण त्रण नेदेछे. तेवली एकेक शौचवादीने अशौचवादी एवा बे प्रकारे छेएम आपात अने संलोक ए बेहु चोथे नंगे बीजे नंगेछे. आपात त्रीजे नंगे संलोक एकहेला नेद प्रनेद युक्त देखाडी.

हवे एवे स्थंमिले गमननेविषे दूषण देखाडेछे. प्राप्त थयो छतां त्यां स्वपक्ष संयत, संविज्ञने अमनोज्ञने आपाते नजावुं त्यां जतां अधिकरण दोषथाय ते आवी

रीते आचार्योंनी माहोमांहे सामाचारी विभिन्नथाय छे तेथी अमनोज्ञने सामाचारी विपरीत आचरणने देखवे जे शिष्यछे तेने आपणी सामाचारीने पक्षेकरवे ए सामाचारी नथाय ईसेके० मांहोमांहे कलहहोय अने असंविज्ञ जे पासबादिक तेने आपाते पण न जावो केमके ते घणापाणीथी शौचकरे एवो तेनो प्रक्षालनादिक देखी शिष्य जे शौचवादी मध्यम होय ते एवोकहे के ए पण प्रवर्जित छे माटे ए नलोछे एवुं अनुकूलपणु मनमां आणीने समिपेपण जाय मनोज्ञने जे एक सामाचारी तेने आपाते न जवुं अने संयतिनो आपात ज्यांथाय ते समस्तप्रकारे वर्जवो एटले स्वपक्षापातना दोष कह्या.

हवे परपक्षापाते जे पुरुषापाते स्थंडिले जाय तो घणु निर्मल जल लेइजाय अने थोडके लुखपाणीयें अथवा पाणीने अजावे जे जाय तो ते आवनाराने देखीने कहे के ए अशुचीछे एवो अवर्णवादकरे. वली एने कोई अन्नपानादिक आपशो मां एवो भिक्षानो निषेध पण करे अथवा अभिनव श्रावक कोई थयोहोय तो तेने विपरिणाम थाय अने स्त्री नपुंसकापातवंते स्वपर तडुभयनेविषे हास्य आशंकादिक दोष उपजे त्यां आपनेविषे साधुनी उपर शंकारोप करे के ए आपणने फसाववा ढोंग करेछे के सुं परंतु स्त्रीने के नपुंसकनेदेखी कोईक शंकाकरे के ए पापकर्मि साधुप्रत्ये कामनो अभिलाष करेछे अने उनयनी शंका एटजे मांहोमाहे ए मैथुनने अर्थे आव्याछे. वली स्त्री अने नपुंसकापाते आत्म पर अने तडुभय घात थाय एनाथी उपने दूषणेकरी तेमनीज संघाते अनाचारसेवे अने तेवुं अकार्य देखी कोइ गृहस्थ राजकुलादिकने विषे लइजाय अने तेथी प्रवचननो उड्डाहथाय अने दर्पवंत तिर्यंचने आपाते पाडवुं थाय श्रृंगादिके ताडन थाय अने वली मारणादिक दोष संभवे गर्हित एटले निंदवा योग्य स्त्री नपुंसक तेने आपाते वली लोकोने मैथुन शंका थाय छे अने केवारेक प्रतिसेवापण करे एटले आपात दोष कह्या.

एम संलोकेपण तिर्यंच वर्जित मनुष्य विषयिक जाणवा केमके तिर्यंचनो संलोक न थाय अने मनुष्यने तथा स्त्री पुरुष नपुंसकने संलोके जे आपात विषयिक दोष कह्या छे तेज दोष प्राप्त थाय.

हवे जो कदाच आत्म, पर अने उभयथी उत्पन्नथयेलुं मैथुन दूषण न थाय तो पण एवी संभावना थाय एटले कोइ एवुं कहे के जे दिशाभणी अमारी भार्याप्रमुख उच्चारादिकने अर्थे जायछे तेज दिशाभणी ए साधु पण जायछे. ते माटे निश्चयथकी ए साधु कोइक स्त्रीनी वांछा करे छे, तथा एने संकेत दीधोछे ते दिवसे ए अहींयाज आवेछे.

तेम वली नपुंसक अथवा स्त्री, स्वनावे करीने किंवा वायुना दोषे विकारवंत पुरुषाकार देखी तेनेविषयानिलाप थाय तेणे करी मूर्छापामी तेउ साधुने उपसर्ग करे ते माटे ए त्रणे संलोक तजवा. तेथी चोथे नंगे आपात अने संलोक ए बने दोष छे, अने त्रीजे नंगे एक आपात दोष छे तथा बीजे नंगे एक संलोक दोष छे ए त्रणे नंगानो संलोक वर्जवो अने पहेले नंगे आपात तथा संलोक ए दूषण माहेलो कोइ दूषण न थाय. ते माटे त्यां जवुं. उक्तंच. आवास दोस तइए, बिइए संलोगउ नवे दोसा, ते दोवि नत्थि पढमे, तहिं गमणं नणिय विहिणाउ. ॥१॥

हवे परस्सणुवघाइनो अर्थ करेछे. उपघात उड्डाहादिप्रयोजन जेनाथी थाय तेऔपघातिक अने ते ज्यां नथी तेने अनौपघातिक कहिये. औपघातिकना त्रण प्रकार छे. एक आत्मोपघातिक. बीजो प्रवचनोपघातिक. अने त्रीजो संयमोपघातिक. तेमां प्रथम आरामादिक वाग प्रमुखनेविषे संज्ञा करतां ते आरामनो धणी मारे ते आत्मोपघातिक जाणवो. अने बीजो जे विष्टानुं स्थानक अशुचिपणाए करी जुगुप्सित होय अने ते स्थले उच्चारादिक करवा जाय त्यारे लोको कहे के ए तो एवोज छे, इत्यादिक प्रवचनोपघातिक जाणवो त्रीजो अंगारादिक पाडवाने ठेकाणे जेवां के नीनाडो नही प्रमुख करवाने स्थानके संज्ञा वोसिरावे अथवा बीजे ठेकाणे संज्ञा वोसिरावी जे ठेकाणे अग्नि आरंन थवानो होय ते ठेकाणे नाखे ते संयमोपघातिक थाय. ते माटे अनौपघात स्थंमिलनेविषे संज्ञावोसिराववी एप्रमाणे बीजे ठेकाणेपण जाणवुं.

हवे सम कहेछे. समशब्दे अविषम स्थंमिल जाणवुं अने तेथी विपरीतते विषम स्थंमिल ते विषमगामे संज्ञा कारणे बेसतां कदाचित् पोते पडिजाय ने तेथी ते विष्टानो पोताने शरीरे मर्दन थाय तेथी संयमने विराधना थाय.

अझुपिर एटले जे तृणादिकेकरी ढांक्युं न होय ते अने ढांक्युं होय ते सुपिर त्यां सुपिरे बेसवाथी सर्प वृश्चिकादिकना मंखवाथी आत्मोपघात थाय अने पुरिष प्रस्रवण त्यागे करी त्यां रहेनारा त्रस तथा स्थावरजीवोना घातेकरीने संयमने विराधना थाय माटे अझुपिरस्थले संज्ञानो त्याग करवो जोईये.

अचिरकालकृत एटले जे स्थंमिल जे कृतुनेविषे अग्नि प्रज्वालनादिक कारणे करीने तैयार कीधुं ते कृतुमां ते स्थंमिल अचिरकालकृत जाणवुं. जेम हेमंत कृतुमां करेलुं ते हेमंतकृतुमांज अचिरकालकृत. बीजी कृतुमां करेलुं ते चिरकाल कृत अने ते ते कृतुने आंतरे अथवा सचित्तमिश्रपणाने नंगे थाय ते अचिर

कालकृत जाणवो. ज्यां सबल वरसाद थयो होय अथवा सबल गाम वस्यो होय तो त्यां बारवर्ष स्थंमिल थाय. पछी अस्थंमिल जाणवो.

विस्तीर्ण एटले महोटो ते त्रण प्रकारनो छे. एक जघन्य, बीजो मध्यम अने त्रीजो उत्कृष्ट तेमां जघन्य एटले आयाम विष्कंने करीने हस्तप्रमाण अने उत्कृष्ट एटले बार योजन प्रमाण ते एमके चक्रवर्ति स्कंधाचारनिवेश कहेतां राजानी सेनाने रहेवानी जग्या अने शेष ते मध्यम जाणवो.

दूरमोगाढेनो अर्थ कहेछे अवगाढ एटले गंनीर: ते ज्यां चार आंगल मध्यम अग्नि तापादिके करी नीचे नूमिका अचेत थई छे ते पेहेलोजघन्य दूर अवगाढ अने ज्यां पांच आंगल प्रमुख थाय ते बीजो उत्कृष्ट दूर अवगाढ. अहींया वृद्ध संप्रदाए चार आंगल अवगाढे वडिनित वोसराविए कायिकी न वोसरीजे.

अन्नासन्न एटले जे आरामादिकनी पासे ढूंकडु नथी तेथी विपरत बे प्रकारे छे. एक द्रव्यासन्न अने बीजो नावासन्न तेमां द्रव्यासन्न एटले देव, कुल, घर, आराम, क्षेत्र अने मार्गादिकनी नजीक होय ते. त्यां बे दोष थायछे. एक संयमोपघात अने बीजो आत्मोपघात. तेमां संयमोपघात एटले ते सारी रीतिये त्याग करेलुं पुरिषादिक कोइएक कर्मकारे करीने अन्यत्र नखावे पछी त्यां प्रदेशनुं जे विलेपन अने सचेत पाणीए हाथ धोवे एरीते संयमोपघात थाय. अने आत्मोपघात एटले ते घरनो धणी त्यां आवीने रीसाईने कदाचित् ताडनादिक करावे अथवा पोते मारे त्यारे आत्मविराधना थाय तथा बीजो नावासन्नता रहे ज्यां सबलआबाधा होय त्यारें बीहीने त्वराथी आगल दोमता छतां कोईधूर्त्त जाणे के ए त्वराथी जायछे तेनी नावसन्नताने जोईने कपटे करी अर्धमार्गमां झाल्यो थको आवी धर्मप्रछनादि करे छतां एम पुरीष वेगने धारण करनारने आत्मविराधना एटले मरण किंवा ग्लानत्व अवश्य थाय. तेथी आत्मविराधना अने पुरीष वेगने सहन करी नशकेतो अथंमिले संज्ञा व्युत्सर्ग करे किंवा जंघादि लेपनथयुं होय तो तेथी प्रवचनविराधना अने संयमोपघात पण थाय. अने त्यांज अप्रत्युपेक्षित स्थंमिलने ठेकाणे व्युत्सर्ग थाय. तेथी संयमोपघात थाय माटे ए आसन्न द्रव्यथकी अने नावथकी ए बने प्रकारनो वर्जवो.

बिलवर्जित एटले बिलेकरी रहित जगा जोईये बिलवाला स्थंमिले संज्ञा त्याग करवा बेसतां थकां बिल (दरमां) वडीनिति तथा लघुनीति जाय तेणेकरी

कीडिप्रमुख जीवोनो नाश थाय तेथी संयमविराधना दोष थाय· वली बिल (दर) मांथी सर्पप्रमुख निकलीने डंख मारे तो आत्मविराधना दोष थाय.

त्रसप्राण बीजरहितं; एटले स्थावर जंगमजंतुना समुदाये करीने वर्जित जगा जोईये पण तेणे करी सहित स्थंडिले संज्ञाव्युत्सर्ग करनारा साधुने बे दोष प्राप्त थाय छे. एक संयमविराधना अने बीजी आत्मविराधना तेमां संयमविराधना एटले स्थावर जंगम प्राणीउ किंवा बीजनेविषे संज्ञाव्युत्सर्ग कर्यो होय तो प्राणी उनाघाते करी संयमविराधना दोष थायछे· अने स्थावर जंगम सर्पप्रमुख प्राणीउथी डंखविगेरे उपद्रव्य थाय तो आत्मविराधना थाय तथा तीक्ष्ण गोखरुं कांटादिक बीज पगमां घोचायाथी पग फाटीने पडी जायतो आत्मविराधना थाय. ए अनापातादिक दश प्रकारना स्थंडिले उच्चारादि वोसिरावे ७१७ ॥

अवतरणः– ए क्रमे करी कहेला दशपदनो एक बे, आदेदेई दश संघाते संयोग करतां एक हजार चोवीस भंग थाय. भंगना आणवा सारुं आ करण गाथा कहे छे· क्या क्या संयोगमां केटला केटला भंग थाय? तेनी करण गाथा कहेछे. उभय मुहं रासिडुगं, हेठिल्लाणंतरे भयं पढमं ॥ लद्धं रासि विभत्ते, तस्सुवरि गुणित्तु संजोगा ॥ १ ॥ अर्थः– अहीयां दशपदोना बे इत्यादि संयोगभंग आणवाना छे. ते माटे तेटला प्रमाणनी बे राशी उभयमुख (बंने भणी जेनां मुख) ते स्थापन करेछे एमां तात्पर्य एवोके एकथी दशसुधी अंक एक बे एम पूर्वानुक्रमे करीने स्थापन करी तेनी नीचे उलटानुक्रमे करीने एकादिथी दशसुधी अंक मांडवा स्थापना

१	१०	४५	१२०	२१०	२५२	२१०	१२०	४५	१०
१	२	३	४	५	६	७	८	९	१०
१०	९	८	७	६	५	४	३	२	१

अहीयां नीचेनी राशीमां मांडेला एक अंकना उपर मांडेला दशछे ते एक एक संयोगे दश भंग थाय छे. (अर्थात् एकने दशे गुणीएतो दश थायछे) तेमां कांई गाथानो कर्ण नथी अने बे इत्यादिक संयोगे भंग आणवा सारु गाथा नी प्रवृत्ति छे. पछी नीचेना कोठानी छेवट एकना आंकडानी पाछल लखेलो जे बेनो आंकडो तेणे उपरना कोठामां मांडेलो छेवटनो दशनो आंकडो तेने बेहुए भाग देतां थकां पांच आवे छे ते पांचने पेहेला कोठाना बेनो उपरना नवे गुणी

ए तो पिसतालीश थाय छे. ते संयोग भंग जाणवा. सारांश द्विक संयोगमां भंग पीसतालीसछे पछी वली नीचेना कोठाना त्रीजा संयोग भंग आणवा सारुं आ प्रमाणे करवुं. जेम नीचेना कोठामांना त्रणने आंकडे उपरना आठना आंक डानी अपेक्षाए पूर्वे सिद्ध थयेला पीसतालीशना आंकडाने त्रणे भागतां पंदर आवे ते पंदरने आठे गुणतां एकसो वीस आवेछे. ए त्रिक संयोगमां भंग जाणवा. वली नीचेना कोठमां मांहेली त्रणनी पाछलनो चोथो आंक तेना उपरना सात अंकना संयोग भंग संख्यानी अपेक्षाए पूर्वे सिद्ध थएला एकसो वीसने चारे भागतां त्रीस आवे. तेने सातना आंकडाथी गुणतां संयोग भंग अंक बशे ने दशनो जाणवो. ए प्रमाणे वली नीचेना कोठाना चारनी पाछलना पांच वि गेरेना अंकना उपरना कोठाना छ छे ते बशे दशने पांचे भागदेतां बेतालीस आवे तेने छ ना आंकथी गुणतां बशेने बावन थाय ए अंकनो संयोग भंग जाणवो. अनु क्रमे प्रकार एक संयोगमां दश भंग, द्विसंयोगमां पीसतालीश, त्रिसंयोगमां एक सोने वीस, चतुष्कसंयोगमां बसें दश, पंचकसंयोगमां बसे बावन. छठा संयोग मां बसे दश, सातमा संयोगमां एकसोवीस, आठमा संयोगमां पीसतालीस,नवमा संयोगमां दश ने दशमा संयोगमां एक. आ सर्व भंगनी एकंदर संख्या एक हजार ने त्रेवीश ए सौ अशुद्ध भंग अने एक हजार चोवीसमो शुद्ध भंग छे. ते कर्णमां प्राप्त थतो नथी तथापि ते भंगसंख्यामां तेनो प्रक्षेपकरी संख्या पूर्ण करवी. कार ण सर्व भंगोनो प्रसार कर्यो छतां शुद्धभंगनी प्राप्ति थायछे. उक्तंच. दस पणयाल विसुत्तर, सयचं दोसयदसुत्तरादाय, बावन्ना दोदसुत्तर. दसुत्तरं पंचवन्नाय ॥ १ ॥ दसएक्को यकमेणं भंगा एगा दिवारण एसुं, सुद्धेण सममिलिया भंगसहस्सं चउ व्वीसं. ॥ ७१७ ॥ ए प्रमाणे स्थंमिलोनो एकाणुमो द्वार समाप्त थयो.

अवतरणः—परिठवणुच्चार करण दिसत्ति एटले अचित्त साधुने परिठववानुं अने उच्चार करवानी दिशिनुं एकशो ने छठुं द्वार कहेछे. मूलः—दिसा अवर दक्खिणाय, दक्खिणाय अवराय दक्खिणा पुवा अवरुत्तराय पुवा, उत्तर पुवोत्तराचेव, ॥७९०॥ अर्थः—एक नैरुतकोण, बीजी दक्षिणदिशि, त्रीजी पश्चिमदिशि चोथी अग्निकोण, पांचमी वायव्यकोण, छठी पूर्वदिशि, सातमी उत्तरदिशि, अने आठमी ईशानकोण.

मूलः— पउरन्न पाण पढमा, बीया ए भत्तपाण नलहंति ॥ तइयाए उवहिमाइ, नत्थिचउत्थीअसज्झाउ ॥ ७९१ ॥ अर्थः— जे क्षेत्रे मास कल्प वास कस्यो होय, अथवा चउमास कल्प वास साधुये कस्यो होय तेणे मृतक साधु परठववा

ने अर्थे महा स्थंमिल आसन दूर मध्य लक्षण त्रण जोवां. तेनुं प्रयोजन आवी रीतेछे, जो कदाचित पहेले स्थंमिले खाडो पाणीथी नस्यो होय तिहां हरित काय उपने थके ते स्थंमिल कीडीप्रमुखे संसक्त थयो होय अथवा त्यां कोइ गाम आवी वस्युं होय, किंवा साथरह्यो होय, तेथी व्याघात थयो तो बीजे स्थंमिले जइ परठवणा करवी. त्यां पण ए पूर्वोक्त अथवा बीजो कोइ व्याघात थयो होय तो त्रीजे स्थंमिले परठविये. तिहां दिशिनो विभाग आवीरीते छे पउरसके० प्रचुर घणा अन्न पान वस्त्र पात्रनो पहेलिदिशिये लाभथाय. ए पउरसपाण पढमा ए गाथाने अनुक्रमे कहेछे. बीयाके० बीजी दक्षिणदिशि तथा नैरुतकोण प्रमुखे परठवतां जे थाय ते कहेछे. बीजी दक्षिणदिशिये परठवता भक्त पाननो पाछला साधुउने लाभ न थाय. तइयाके० त्रीजी पश्चिम दिशे परठवता उपधि प्रमुखनी प्राप्ति नथाय. चोथी दिशि दक्षिण पूर्वनीव चमां अग्निकोणे परठवता पछवाडे सज्झायनो अभाव जाणवो. ॥ ७ए१ ॥

मूलः— पंचमियाइ असंखडि, छठिए गणस्स भेयणं जाण ॥ सत्तमियागेलन्नं, मरणं पुण अठमे बिंति ॥ ७ए२ ॥ अर्थः— पांचमी दिशि वायुकोणे परठववाथी मांहोमांहे असंखडिके० कलहथाय. छठी पूर्वदिशाये परठवतां गणस्सके०गछमां परस्पर भेदथाय. सातमी उत्तरदिशाये, परठवतां ग्लानपणुं अने रोगनी उत्पत्ति पछवाडेना साधुउने थाय. आठमी दिशी ईशानकोणछे त्यां मृतक साधु परठवतां बीजो कोइ साधु मरण पामे. एवुं शास्त्रना जाण पुरुषो कहेछे. अहीयां पूर्व पूर्व दिशिने अभावे उत्तरोत्तर दिशा जे पूर्व दिशा तेनेविषे परठववानुं कह्युं ते पउरन्नके पाण लाभे जाणवुं अने जो पूर्वदिशिना सद्भावे ते दिशिमां परठवानुं मूकी बीजी जे जे दिशिमां परठवे तो ते ते दिशाना पाछलनाने दोष कह्या ते दोष थाय ए त्रण गाथायें परठवणानी दिशिकही. ॥ ७ए२ ॥

हवे उच्चार करवानी दिशि वखाणेछे. मूलः— दिसि पवण गाम सूरिय, छायाए पमक्षयाण तिस्कुत्तो ॥ जस्सोग्गहोत्ति काउण, वोसिरे आयमेक्षावा.॥७ए३॥ अर्थः— एमां पहेली विधितो आमछे के मार्गे जतां बे जणा जोडा जोड साथे न जाय तथा उतावला न जाय मांहोमांहे वात करता न जाय. अने विकथा रहित त्यांजइ बेसी पछी निर्लेपनाने अर्थे पुरीष त्यागनेने माटे माटीनो दगडो प्रमुखलियें अने जो तेना उपर कीडी प्रमुख होय तो ते माटीना दगडा प्रमुखने राखवाने अर्थे प्रस्फोटना करे त्यांथकी उठी निर्दोष थंमिले जइ त्यां पण उंचो वृक्ष पर्वतादिक उपर कोइ माणस होय, तथा नीचुं खाडा गुफादिकमां कोइहोय, अने ती

वें वृक्षादिकने नीचे आरामने अर्थें कोइ रह्यो होय एम उंचो नीचुं अने तीर्छु सर्व जोइने गृहस्थ प्रमुखनी दृष्टीने अनावे प्रेक्षित प्रमार्जित स्थंण्डिलें जइ अणु जणाह् जस्सावगाहोत्ति एवो उच्चार करी बेसतो थको संडासा ए पूंजीने दिशि प्रमुख जोइने वडीनित वोसिरावे.

हवे गाथानो अर्थ करेछेः—दिशि पूर्वादिक आगल कहेशे अने पवन ग्राम सूर्य एट लाने पुठ करवी नही, छाहेडी वालियें अथवा बेसताथका पोतानी छाहेडी ते मल उपर आवे पछी पमज्जियएके० त्रणवार पूंजी उपलक्षणथी स्थंण्डिलो जोइ ने अणुजा णह् जस्सावग्गहोत्ति एम कहीने संज्ञा वोसिरावे सुचिने निमित्ते आचमन लिये.

हवे प्रमुख दिशि जणाववाने अर्थें गाथा कहेछे. मूलः—उत्तरपुव्वापुज्जा, जम्माए निसायराअहिवडंति ॥ घाणारिसाय पवणे, सूरियगामे अवस्सोउ ॥७९४॥ अर्थः— उत्तर अने पूर्व ए वेहु दिशि लोकमांहे पूज्यछे तेथी तेने पुठ देतांथकां लोकमांहे अवर्णवाद थाय. जम्माएके० दक्षिण दिशि थकी निशाचरके० पिशाचादिक देवता अहिवडंतिके० उत्तरदिशाये आवे ते सामा आवतांने पूठदेता तेमने क्रोध उत्प न्न थाय, तेथी जीवतव्यनो विनाशकरे. तेमाटे रात्रे दक्षिण दिशा ने पुठ आपवानुं वर्जन करिये. उक्तंच. यतः उच्चे मूत्रपुरिषेच, दिवा कुर्यादुदङ्मुखः॥रात्रौ दक्षिणतश्चै व तथा चायुर्न हीयते ॥ १ ॥ इति. घाणाके० वायुने पुठ देतांथकां अशुचगंध न सिकामांहे प्रवेशकरे. तेथकी हरसनो रोग उत्पन्न थाय अने लोकोपण दूषवे,अने कहेके ए एवाने योग्य जे तेथी वायुने पुठ देइ वेसेछे. वली सूर्य अने ग्राम. जिहां पोते मासकल्पादि रह्याछे, तेने पुठ करतां थकां लोकमांहे एवो अवर्णवाद थाय के ए कांइ जाणतोज नथी, केमके लोकमां उद्योतनो करनार एवो सूर्यछे तेने पुठ करी वेसेछे एम लोकोकहे तथा जे ग्राममां वास करिये ते गामने पुंठकरी केम वेसीये? इत्यादिक लोकाचार मात्र पण ए जाणतो नथी. ॥ ७९४ ॥

हवे छाया वखाणेछे. मूलः—संसत्त गाहणी पुण, छायाए निग्गयाए वोसिरइ॥छाया सइ उण्हंमिवि, वोसिरिय मुहुत्तयं चिठे ॥ ७९५ ॥ अर्थः— संसक्त शब्दे बेइंद्रिय जीवेकरी सहितछे ग्रहणी एटले कुक्षीजेनी, ते राखवाने अर्थें फूल फलना न आ पनारां वृक्षोनी छाया निकलीहोय त्यां बेसे अने छायडी हजी न निकली होय ने मध्यान्हे संज्ञा बाधाहोय तो उष्णतामां पण पोताना शरीरनी छाया पुरीषनी उ पर करी संज्ञा वोसिरावे ते संज्ञा वोसिरी पछी मुहूर्त्तमात्र त्यां छांयडोकरी बेसी

रहिये. केमके तेटलो काल वीत्यापछी ते मलना जीवो पोताने योगेज परिणत थाय. अन्यथा उष्णताना योगेकरी ते जीवोने घणीज बाधा थाय. ॥ ७९५ ॥

हवे ते वखत पोतानां उपकरण केवीरीते धरवा ते कहेछे. मूलः— उवगरणं वामजाणु, गंमी मत्तोय दाहिणेहत्थे ॥ तत्थण्णवपुछेतिहि आयमणं अदूरंमि ॥ ॥७९६ अर्थः—उपकरणमां झांझो, ढंगो ए डावी साथल उपर राखे, अने मात्रक पाणीनो गामडो ते जमणा हाथनेविषे राखे,डावे हाथे माटीनुं दगडु लुछवाने अर्थे राखे तेनाथी त्यांलुंछणुकरी सुचीकरे तिहां लुंछणुकरी पछी त्रणवार शौंचने अर्थे आचमनकरे ते अदूरके० ढुंकडुज आचमनकरे परंतु अलगुं आचमन नकरे. जो करे तो उड्डाह थाय. कोइ जाणेके ए शौच करतोनथी इति गाथा चतुष्टयार्थ

अवतरणः— अठारस पुरिसेसुत्ति एटले अढार पुरुषो दीक्षाने अयोग तेनुं एकशो ने सातमुं द्वार कहेछे. मूलः— बाले बुड्ढे नपुंसेय, कीवे जड्डेय वाहिए ॥ तेणेरायावगारीय, उमत्तेय अदंसणे ॥ ७९७ ॥ अर्थः— प्रथम जन्मथकी मांडीने आठवर्ष पर्यंतनी उमर वालाने बालक कहिये. तेने दीक्षा आपवीनही. क्यांएक वली गर्भमां रह्यो ते दिवसथी आठवर्ष गण्यांछे, एम श्री निसीथ चूर्णि प्रमुखमां कह्योछे. अने श्रीवयरस्वामि छ मासना हता तेवारे चारित्रनो परिणाम थयो. तेवी वात क्वचितज बनेछे माटे एथी व्यभिचार जाणवो नही.

बीजो बुढेके० वृद्धते सित्तेर वर्षनी उमर पछी नो जाणवो. इहां इंद्रियादिकनी न्यूनता कोइएकने वेलासर थायछे. तेथी कोइक साठ वर्ष पछी वृद्ध कहेछे. एवा वृद्धने चारित्र संबंधी समाधानादिक करतां दुर्लभ थाय. यदुक्तंः— उच्चासणं समीहइ, विणयं नकरेइ गवमुव्वहइ ॥ बुड्ढो नि दिक्खियव्वो, जइजाउ वासुदेवेण॥१॥ अन्यथा शो वर्षना आयुष्यथी उपरांत जेवारे आयुष्य थाय तेवारे ते आयुष्यना वर्षनी संख्याना दश भाग करिये तेमां आठमा नवमा अने दसमा, भागनेविषे वर्त्तमान थको वृद्ध कहेवाय.

त्रीजो नपुंसक ते पुरुष ने स्त्री बन्नेना उपर अभिलाषनो करनार. तेमां पुरुषने आकारे पुरुष नपुंसक अने स्त्री निमित्रणा मात्रे जाणवी, अथवा असंवृत स्त्रीना अंगोपांग देखीने तेना शब्दादिक सांभली कामाभिलाष उत्पन्न थयाथी रही शकेनही तेवाथकी घणा दोषोनो संभव थाय. माटे एवाने दीक्षा न आपवी.

चोथो पुरुषाकृति पुरुष क्लीब तेने वेदनो उदय घणो थाय, अथवा पुरुषवेदना उदयथी बलात्कारे स्त्रीने आलिंगनादिक करे तेवो क्लीब पण उड्डाहकरे.

पांचमो जड तेत्रणप्रकारेछे. एक नाषाजड,बीजो शरीरजड, अने त्रीजो करणजड. तेमां वली नाषाजडना त्रणनेदछे. एक जलमूक, बीजो मन्मनमूक. त्रीजो एलमूक, तेमां जे पाणीमां बुडतानीपरे बुडबुडाटकरतो थको बोले ते जलमूक जाणवो. अने जे वचन बोलतो थको खंचाय ते मन्मनमूक, अने जे एलके॰बोकडानीपरे अव्यक्त मूकपणा थकी शब्दमात्र बोले ते एलमूक. ए प्रमाणे नाषाजड त्रण प्रकारे कह्यो. हवे शरीरजड ते जे विचरतां तथा वांदणा प्रमुख क्रिया कलाप करतां अति स्थूलपणा थ की असक्त थाय तेने शरीरजड कहिये. अने जेने शिखामण आपतां छतां जडपणा ने योगे शिखामण लागे नही तेने करणजड कहिये. ए त्रण जातीना जडमां नाषा जड जे छे ते ज्ञान लेवाने असमर्थ, माटे एने दीक्षा न आपवी. अने शरीरजड तो मार्गे गमन करतां तथा नक्त पानादिक लेइ आववाने असमर्थ थाय, माटे एने दीक्षा आपवी नही. वली ते जाडो होय माटे जाडाने काख प्रमुख मांहे कोह्यो परसेवो होय ते धोतांथकां कीडी प्रमुखना विनाश थकी संयम विराधना थाय, वली लोक पणं निंदाकरे के ए घणा अन्ननो नक्षण करनारोछे. जो वधारे अन्न न खातो होय तो आवुं पुष्ट शरीर केम होय? एनुं गलुं फुली गयुं छे ते कांइ कंठमालाथी फूल्युं नथी एवुं लोक बोले. वली तेने श्वास घणो चडतो होय तेथी सर्प, जल, अने अग्निप्रमुख ढुंकडां आव्याथी दूर जइ शके नही. अने जे करण जड होय तेने समिति गुप्त्यादिक शिखवाडिये तो शिखे नही तेथी एने दीक्षा न देवी.

छठो वाहियके॰नगंदर,अतिसार,कोढ,फेफरु,अने हरस,ज्वर प्रमुखरोगसहित होय तेनी चिकित्साकरतां संयम विराधना थाय, स्वाध्याय पलिमथादिक दोषनो संनव थाय.

सातमो तेण शब्दे चोर जे खातरनो पाडनार अने वटेमार्गुने लुंटनार होय, एवाने दीक्षा आपवाथी गछने वध बंधन ताडनादिक कदर्थना थाय माटे दीक्षा न आपवी.

आठमो रायावगारी एटले राजाना नंमार अंतःपुर, शरीर, तथा राजाना कुंवर प्रमुखना डोहनो करनार जे होय ते राजापकारी कहेवाय. तेने दीक्षा आपवा थ की राजा देशथी बाहेर काढी मूके अथवा राजा रीशाणोथको मार पण अपावे. इत्यादिक दोषोनो संनव थाय.

नवमो उन्मत्त, गांमो ते जे यक्षादिकने वशथयेलो होय अथवा प्रबल मोह ना उदयथी परवश थयो होय, तेवा उन्मत्तने दीक्षा आपवे करी यक्षादिक थकी कष्टनो संनव थाय तेथी सद्या ध्यान संयमादिकनी हाणी थाय.

दशमो अदर्शन, एटले जेने दर्शन दृष्टि नथी तेने अदर्शन आंधलो कहिये, अ

ने इहां स्त्यानर्द्धि निद्रावालो पण सम्यक्त्व दर्शनना अभावथकी एहज व्युत्पत्ति. तिहां ए पण लेवो एमां दूषण कहेछे ते मंदाक्षीने दृष्टी रहित पणा लगीने तिहां तिहां संचार करतो जीवविराधना करे तेथी संयम विराधना थाय. तेमज विषम कील कंटकादिक उपरपडताथकाने आत्मविराधना थाय. वली थीणधी निद्रायुक्त जे होय ते श्रावकादिकना उपर रीसायो थको मारणादिक पण करे तेथकी घणा दोष उपजे.

मूलः— दासे डुठेय मूढेय, अणत्ते जुंगिएइय ॥ उब्बद्धएय नयए, सेहनिप्फ डियाइय ॥ ७९७ ॥ अर्थः— अग्यारमो दासेके० बीजानी दासीनो उपनो अथवा डुकाल प्रमुखे वेचातो लीधेलो अथवा लेणामां आव्यो होय अने ते लेणदार ना घरमां रहेतो होय ते दीक्षा आपवाने योग्य नही. केमके दासने दीक्षा आपतां ते नो धणी लेइजाय. वढवाड थाय, तेथी माठी केवल थाय.

बारमो डुष्ट, ते बे प्रकारनाछे, एक कषाय डुष्ट, अने बीजो विषय डुष्ट. तेमां जेम गुरुये लीधीजे सर्षवनी भाजी तेना व्यतिकर थकी रीसाएला साधुनी परे उत्कृष्ट कषाय जेमां होय ते कषाय डुष्ट. तेमज जे परस्त्री उपर अति गृध होय ते विष य डुष्ट. ए बेहु संक्लिष्ट अध्यवसायथकी दीक्षाने अयोग्यछे.

तेरमो, जे मूढ होय ते स्नेहादिके करी परवश चित्त थको यथावस्थित वस्तु तत्वनो अजाण होय, अने भगवंतनी दीक्षा तो विवेकनुं मूलछे, तेमाटे अज्ञानी कृत्याकृत्यादिक विवेक विकलपणाने योगे न जाणे; माटे ए कार्य साधक न थाय.

चउदमो, अण त्ते, राजा किंवा शाहुकारना सोना प्रमुखनो धारनार ते ऋणा र्त्त कहिये. तेने दीक्षा आपवाथकी राजादिकोए करेलुं ग्रहण अने आकर्षणादि कदर्थना, इत्यादिक दोष जाणवा.

पन्नरमो जुंगिए, एटले जाति, कर्म, अने शरीर तेणे करी दूषित होय ते जुंगित त्रण प्रकारे जाणवो, तेमां जे कोली सूजी मोची धोबी प्रमुख अछेप कुलना ते जाति जुंगित, अने जे अकार्य माठाकामना करनारा कसाइ प्रमुख ते कर्मजुंगित जाणवा. एमज जे कर, चरण, करण, नासिकादिके रहित, तेमज वली कूबडा, वामणा, पां गला, ढूंठा, ए सर्व शरीरजुंगित जाणवा. ए त्रणे जुंगित ने दीक्षा आपवा थकी लोकमां अवर्णवादनो संभव थाय; माटे दीक्षा न आपवी.

सोलमो, अर्थग्रहणपूर्वक विद्यादिक ग्रहण निमित्ते अथवा एटला अमुक दिवस सुधी हुं तमारो थइ रहीश एवीरीते जे पराधीन थायछे तेने अवबद्ध जा णवो. तेने दीक्षा देतां थकां कलहादिक दोष थाय.

सत्तरमो, जयएति ते जे महीनो ठेरावी कोइक धनवंतना घरनेविषे आटला दिवस हुं ताहरी चाकरी करीश; एवी बोलीकरीने दिवसोनी संख्या बांधी रह्योछे-. अने ते धनवंतना हुकममां प्रवर्त्तेछे तेने नृतक कहिये. तेवांने दीक्षा देतांथकां ते जेनो पगार खायछे ते महीनो आपनार शाहुकार साधु उपर अत्यंत अप्रीति धारणकरे. इत्यादिक दोषनो संनव थाय.

अढारमो सेहनिप्फेडिया एटले जे दीक्षा लेवाने इछेछे ते शिष्य तेहनी निप्फेडिया एटले चोरी. इहां ए नावजे मातपिताना मोकल्याविना दीक्षा आपिये तो तेनां मात पिताने कर्म बंधनो संनव थाय, अने साधुने अदत्तादानादिक दोषनो संनव थाय. एरीते ए अढारे पुरुपाकार छतां पण दीक्षाने अयोग्यछे इति गाथार्थ

अवतरणः– वीसंइत्रीसुंति एटले वीस स्त्रीने विषे पण दीक्षाने अयोग्य छे तेनुं एकशो आठमुं द्वार कहेछे. मूलः– जे अघारस नेया, पुरिसस्स तह् ञिया ए तेचेव ॥ गुव्विणिसबालवछा, डुन्निवि इमे हुंति अन्नेवि॥७एए॥अर्थः–जे अढार नेद पुरुषना कह्या तेवीजरीते स्त्रीना आकारनी धरनार स्त्रीना पण तेह्ज अढार नेद जाणवा. अने तेमां वीजा वे अधिक करिये. ते कहेछे. एक गुर्विणी, एटले गर्नवती अने बीजी सबालवछा एटले न्हाना बालके सहित होय. तेना दोष लोकोपवादादिक अने स थाय व्याघातादिक प्रसिद्धछे. एरीते डुन्निविके० ए वे नेद मेलवतां वीश थायछे.

अवतरणः– दसनपुंसेसुत्ति एटले दश नपुंसक दीक्षाने अयोग्य तेनुं एकसो नवमुं द्वार कहेछे. मूलः–पंमए वाइए कीवे, कुंनी ईसालुयत्तिय ॥ सौणी तक्कम्म सेवीय, पक्खिया पक्खिएइय ॥७००॥ सोगंधिएय आसत्ते, दस एए नपुंसगा ॥ संकिलिठित्ति साहूणं पव्वावेउं अकप्पिया ॥७०१॥ अर्थः–एक पंमक, बीजो वातिक, त्रीजो क्लीब, चोथो कुंनी, पाचमो ईर्षालुं, छठो शकुनी, सातमो तत्कर्मसेवी, आठमो पक्खिकापक्खिक, नवमो सौगंधिक अने दशमो आसक्त. ए दश नपुंसकना मनना परिणाम माठा होयछे माटे एमने दीक्षा आपवी साधुने कल्पे नही.

हवे पंमक एटले नपुंसकनां लक्षण कहेछे. उक्तंच. महिलासहावो सरवन्न नेउ, मेढं महंतं मउयाइ वाणी ॥ ससद्दगं सुत्तमफेणगंच, एयाणि छप्पंमग लक्खणाणि ॥ १ ॥ अर्थः– यद्यपि पुरुपाकारछे तोपण महिलाके० स्त्रीनो स्वनावछे. ते आवीरीते के तेनी गति मंद थाय, मार्गमां जातो थको शंकापणे पुठे जोतो जाय. तेनुं शरीर अतिसुकुमाल अने शीतल थाय. तथा स्त्रीनीपरे गलह्बो देइ पेट उपर तरछो मावो हाथ राखी ऊपर जमणा हाथनी कुणी देइ जम

एा हाथे गाल देइ अथवा घणो हाथ उलालतो थको वातकरे. केम्म उपर हाथ राखे अने प्रावरणने अजावे स्त्रीनीपरे बांहे करी रुदय ढांके. बोलतोथको सवि ज्रमणपणे पांपण हलावे. केशबंधन तथा वस्त्र प्रमुखनुं पहेरवुं प्रमुख ते स्त्री नी परे करे. स्त्रीनां आजरण प्रमुख पहेरवानो घणो हर्ष करे. स्नानादिकनुं एकां ते आचरण करे. पुरुषोनी सजामां जयसहित शंका पामतो संचार करे. स्त्रीउ मांहे निशंकपणे तेमनु जे रांधवुं, खांमवुं, दलवुं प्रमुख कार्यछे ते करे. इत्यादिक महिलाने सजावे पंमकनुं लक्षण कह्युं. ए प्रथम लक्षण. बीजुं स्वर अने वर्णमां जेद. तेमां स्वर ते साद अने वर्णते शरीर संबंधी, एना उपलक्षणथकी गंध रस स्पर्श ते पण स्त्री पुरुषनी अपेक्षाये विपरीतथाय. त्रीजुं मेढंमहंतं एटले जेनो मेंढथ शब्दे पुरुषाकार ते महंत शब्दे महोटो थाय. चोथो स्त्रीनीपरे मृडु जेनी सुकुमाल वाणीथाय. पांचमो सद्दगं एटले जेनो शब्देकरी सहित स्त्रीनीपरे मूत्र प्रस्रवण थाय. छठो वली फेनके० फीणरहित मूत्रथाय ए ब पंमकनां लक्षण कह्यां.

बीजो वाइये जेने वात होय ते वातिक जाणवो. इहां ए जाव के जेने पोतानी मे ले अथवा वायुयेकरी पुरुषाकार स्तब्ध होय ते स्त्री सेवाकस्याविना वेद धरी शके नही.

त्रीजो, क्लीब जे असमर्थ ते चार प्रकारेछे. दृष्टिक्लीब शब्दक्लीब, आलिंगन क्लीब, अने निमंत्रण क्लीब. तेमां जे विवस्त्र स्त्री देखी क्षोज पामे ते दृष्टिक्लीब. स्त्री नो शब्द सांजली क्षोज पामे ते शब्दक्लीब, स्त्रीने आलिंगन कर्युं तथा निमंत्रण कर्युं बतां व्रत धरी शके नही ते अनुक्रमे आलिंगनक्लीब. तथा निमंत्रणक्लीब.

चोथो कुंजी एटले जेहना मोहोत्कटपणाए करीने सागारिक अने वृषण ए कुंज एटले घडानी परें स्तब्ध थाय तेने कुंजी कहेछे.

पांचमो ईर्षालु ते प्रतिसेवन करेली स्त्री देखी घणी रीस करे अथवा जेने रीस उपजे ते ईर्षालु जाणवो.

छठो सोणी के० शकुनि ते चडकला पक्षी विशेषनी परे उत्कृष्ट वेदपणा थकी निरंतर स्त्री सेवानेविषे प्रसक्त होय.

सातमो तक्कम्मसेवी एटले जे मैथुन सेवा करी पछी वीर्य निशरवाथी वटोत्क टपणा ने लीधे कुतरानी परें ते वीर्यने चाटे इत्यादिक निंद्य कर्मोथकीज पोताने सुख मानी लिये ते तत्कर्मसेवी जाणवो.

आठमो पक्केके० चांदणे पखवाडे जेने मैथुन नो अधिक अजिलाष थाय, तेमज अपक्के एटले अंधारे पखवाडे मैथुननो अल्पअजिलाष थाय, ते पक्षापक्षीक.

नवमो पोताना लिंगमां सुगंध मानतो तेनी गंध लिये ते सोगंधिक.

दशमो आसक्त, एटले जे वीर्य पड्यापछी पण स्त्रीने विशेपे आलिंगन आपी तेनी कक्षा प्रमुखमां प्रवेशकरे ते दशमो आशक्त कहिये.

एनुं जाणपणुं मित्रादिकना कथन थकी थाय. संकिछके० एने नगर दाह समान काम होय. अध्यवसायपणा थकी ने स्त्री पुरुष सेवा आश्रयथी एनुं अ त्यंत मलिन चित्त होय छे. तेमाटे ए साधुने दीक्षा देवासारु अकल्पनीयछे. एमां जे पुरुपने आकारे नपुंसक ते पुरुषमांहे गण्या अने स्त्रीने आकारे नपुंसक ते स्त्रीमां गण्या. इहां जे नपुंसकने आकारे होय ते नपुंसक जाणवा. एटलुं विशेषछे

हवे ए नपुंसकना सोल नेदछे तेमां दश नेद दीक्षा आपवाने अयोग्य. छे ते कह्या. हवे छ नेद दीक्षा आपवाने योग्य छे ते कहेछे. उक्तंच. वद्धिए चिप्पिए चेव, मंतउ सहिउवहे ॥ इसिसत्ते देवसत्ते, पद्यविक्कनपुंसए ॥ १ ॥ अर्थः– जेनां राजाये अंतः पुरनी रखवाली करावववाने अर्थे बाल्यावस्थामां वृषण गलाव्याहोय ते वद्धिक. बी जो चिप्पिएके० जे जन्मतांज अंगुठा अंगुलीए वृषणनुं संमर्दन करी नही सरखा करे ते चिप्पित कहिये. एरीते कस्या थकीएने नपुंसक वेदनो उदय थाय. तेमज त्रीजो तथा चोथो कोइकने मंत्रनी शक्तिये अने उसहके० औषधने प्रनावे पुरुषवेद अथवा स्त्री वेदे उवहेके० हणायो छतो तेने नपुंसक वेदनो उदयथाय. पांचमो इसिसत्तेके० इसिजे रुषि प्रमुख ते रीशाणो थको कोइकने शाप दीधो होय के महारा तपना प्रनावथी अमुक नपुंसक थाजो. इत्यादिक शाप नपुंसकपणुं जाणवुं. छठो एवी री ते वली कोइ देव नवनपत्यादिकना शापे करी त्रीजा वेदनो उदय थाय. एवा न पुंसकने निपेध संबंधी लक्षणनो असंनव छे तेथी दीक्षा आपवी योग्यछे. ॥ ८०१ ॥

अवतरणः– विगलंगंति एटले विकलेंद्रिनुं एकशोने दशमु द्वार वखाणेछे. मूलः– हछे पाए कन्ने, नासाउठेविवज्जिए चेव॥ वामणग वडनखुज्जा, पंगुल कुंटा य काणाय ॥ ८०२ ॥ अर्थः– जे हाथ, पग, कान, नासिका, होठ, एणेकरी व र्जित होय तथा वामणगके० जे हाथ पगादिक अवयवहीन होय तेने वामणो कहिये, वली जेने आगल अथवा पाछल खुंध निकली दोय तेने वडन कहिये अने जे एकपासे हीन होय तेने कुबडो कहिये. जे पगे चाली शके नही तेने पांगलो कहिये. जे ना हाथ न्यून होय तेने टूंगो कहिये. एक आंख जेने होय तेने कांणो कहिये. एवा ने दीक्षा आप्या थकी प्रवचननी निंदा रूप दोष थाय माटे एवाने दीक्षा आपवी नही

हवे जो कोइ व्रत ग्रहण कस्यापछी विकलांग थाय ते संबंधी कथन करे छे.

मूलः—पव्वावि होंति वियला, आयरियत्तं न कप्पए तेसिं॥सीसो ठावेयव्वो, काणग म हिसोव नन्नंमि ॥ ७०३ ॥अर्थः— पव्वाविके० जे दीक्षालीधापछी विकलके० हीनां ग थाय तो तेने शिष्यपणामांज राखवो पण तेने आचार्यपणु कल्पे नही. अने जो कदाच कर्मनी विचित्रगतिपणाना योगे आचार्यपद पाम्यो अने पछी विकलांग थाय तो ते पोताना पाटे गुणोपेत शिष्यने स्थापीने पोते जेम काणगके० चोरेलो महिष (पाडो) एनो एवो अर्थ के जेवो चोरेला पाडाने कोइ न देखे ते सारु गुफानी अंदर किंवा नगरनी बहार एकांत स्थलमां किंवा वनमां गुप्त स्थले राखे छे ते म एने पण प्रवचन हीलना जिन आज्ञाभंगादिक दोषना प्रसंगथकी एकांतेज रहेवुं. परंतु ए आचार्यनुं जे कार्यछे ते सर्व स्थविर करे इति गाथा द्वयार्थ. ॥ ७०३ ॥

अवतरणः— जंमोल्लंजइकप्पंवत्थंति एटले जेटला मूल्यनुं वस्त्र यतिने कल्पनी य होय तेनुं एकशो ने अग्यारमुं द्वार कहेछे. मूलः—मुल्लजुअं पुण तिविहं, जहन्नयं मज्झिमं च उक्कोसं ॥ जहन्नेणट्ठारसगं, सयसहस्सं च उक्कोसं ॥ ७०४ ॥ अर्थः— मो ल्यकरीने युक्त जे वस्त्र ते त्रण प्रकारेछे. ते जघन्य, मध्यम, अने उत्कृष्ट ना भेदथ की जाणवां. तेमां जघन्य ते अढार रूपक अने उत्कृष्ट ते एक लक्ष प्रमाणरूपक ना मूलनुं अने तेनी वचमांनुं ते मध्यम जाणवुं. एमां जघन्य, उत्कृष्ट अने म ध्यम ए त्रणे प्रकारना वस्त्र साधुने कल्पे नही. परंतु ए त्रणमां जघन्य करतां प ण थोडा मूल्यनुं वस्त्र साधुने कल्पे. ॥ ७०४ ॥

हवे कोनो केटला रूपकनो मान होय ते कहेछे. मूलः— दोसाभरगादीविच्चगाउ सोउत्तरा वहो एक्को ॥ दोउत्तरावगा पुण, पाडलिपुत्तो हवइइको॥ ७०५ ॥अर्थः— द्वीपते जे इहां सौराष्ट्रदेशमांहे दक्षिणदिशिये योजनमात्र समुद्र अवगाहीने रह्योछे ते द्वीप संबंधी जाणवो. ते बिहुं साभरका एटले बे रुपकनुं नाणुं होय तेज उत्तरार्द्धनो एक रूपक थाय अने ते उत्तरपथसंबंधी बिहुं रूपक स हित थाय तेवारे पाडलीपुरनो एक रूपक साभरक नाणुं थाय.

हवे प्रकारांतरे रुआनो मान कहेछे. मूलः—दोदक्खिणावहोवा, कंचीए नेलउ सड गुणाउ ॥ एक्को कुसुमनगरउ, तेण पमाणं इमं होइ॥ ७०६ ॥ अर्थः—अथवा प्रकारांत रे दक्षण पथ संबंधी बे रूपके कांची नगर संबंधी नेलउके० रूपक एकनाणुं थाय ते रूपक डुगुणके० बमणो करिये तेवारे एक कुसुमनगर पाडलीपुरनो रूपक ते नाणुं थाय, ते रूपकने प्रमाणे इहां वस्त्रनुं प्रमाण जाणवुं. ॥७०६॥

अवतरणः— सेज्जायरपिंडोत्ति एटले सिद्धांतरना पिंडनुं एकसो ने बारमुं

द्वार कहेछे. मूलः– सेज्जायरो पहूवा, पहुसंदिठाय होइ कायव्वो ॥ एगअणेगेयपहूप हुसंदिठोवि एमेव ॥७०७॥ अर्थः–सज्जा शब्दे साधुने आप्युं जे उपाश्रय तेणेकरीने तरे तेने सज्जातर कहिये. ते घरनो धणी अथवा घरधणीये बीजा कोइने प्रमाण करी आप्युं होय तेणे त्यां सज्जातर कीधुं होय, ते एकने आप्युं होय अथवा घणाने आप्युं होय तो तेना प्रजुपणे एक होय, अथवा अनेक पण होय. संदिष्ट पणे एक अनेक होय. एज अर्थ विशेषे कहेछे. ॥ ७०७ ॥

मूलः– सागारियसंदिठो, एगमणेगे चउक्कजयणाउं ॥ एगमणेगावज्जा, णेगेसुय ठावए एगं ॥ ७०८ ॥ अर्थः– सागारिक शब्दे उपाश्रयनो स्वामि तथा बीजो तेध णीये संदिष्ट. ए बेहु एकने अनेक थाय. इहां चतुर्भंगनी जजनाछे ते आवी रीते. १ एकप्रजु एकप्रजुसंदिष्ट २ एक प्रजु अनेक प्रजुये संदिष्ट ३ अनेकप्रजु एकप्रजुए सं दिष्ट ४ अनेकप्रजु अनेकप्रजुसंदिष्ट. इहां एक पण अने अनेक पण वर्जवोज इहां अपवाद कहेछे. जो णेगेसुयके० अनेक सज्यातर थाय एटले संघ समुदाय मलि उपाश्रय कराव्यो होय, ते इहां अपवादपदे एगेके० कोइ एक ते मांहेला वडे राने सद्यातर स्थापेछे. अने अनेराथाकताने घरेजिक्षा लियेछे ए जावना प्रसिद्धछे.

हवे सिद्यातरक देखाडे ते कहेछे मूलः– अन्नछवसेऊणं, आवस्सगचरिममसु हिंतुकरे ॥ दोसुवितराजवंती, सछाइसु अन्नहा जयणा ॥ ७०९ ॥ अर्थः– अनेरे गामे अथवा साथमांहे वसेऊणंके० सुइने आवस्सगके० पाछली रात्रनुं पडिक मणुं अनेरेस्थाने करे तो बे सद्यातर थाय. एटले एकतो जे स्थानके रात्रेसूता ते अने बीजो जिहां पाछली रात्रनुं पडिकमणुं कर्युं ए बेउ सद्यातर थाय. आ दि शब्दथकी चोर धाडना जयनो परिग्रह थायछे. अन्नहाके० अन्यथा प्रकारे ज जना सद्यातरनी जाणवी. सद्यातरनी विकल्पना ते जे घरमां रह्यो ते अथवा अनेरो सद्यातर थाय तेहज जजना आगली गाथाये कहेशे. ॥ ७०९ ॥

मूलः–जइजग्गंति सुविहिया,करंति आवस्सयंतु अन्नछ ॥ सेज्जायरोनहोई, सुत्तेवक एव सोहोई ॥७१०॥ अर्थः– सुष्टुके० जलुंछे जेनुं विहितके० अनुष्ठान तेने सुवि हित कहिये. ते रात्रीना चार पहोर जागरण करे अने जागीने अन्यस्थानके प्रजा तनुं पडिकमणुंकरे तो जिहां जाग्यो ते सद्यातर न होय. अने जिहां सुतो होय अथवा प्रजाततनुं पडिकमणुं करे ते सद्यातर थाय. अने जो उपाश्रय न्हानो होय अने साधुउ बे त्रण स्थानके रहेला होय तो तेमां जे स्थले आचार्यादिक वडेरो रहे तेज सद्यातर होय पण बीजा सद्यातर न होय. ॥ ७१० ॥

परदेशे गयेलो उपाश्रयनो स्वामि सद्यातर थाय किंवा नथाय ते कहेछे. मूलः- दाऊण गेहंतु सपुत्तदारो, वाणिज्जमाईहिउ कारणेहिं ॥ तंचेव अन्नंच वइज्जदेसं सेज्जायरो तत्र सएव होइ॥८११॥अर्थः-दाऊण गेहंके०साधुने पोतानुं घर देइने पछी ते गृहस्थ पुत्र कलत्र ने पोतानी साथे लेइ तेज देशमां अथवा अन्य देशांतरे जतो रहे, तोपण तेज सद्यातर थाय, परंतु दूरदेश जणी सद्यातर पणुं नज थाय एम न जाणवुं.

हवे कयोकयो सद्यातर वर्जवो ते दृष्टांते करी कहेछे. मूलः- लिंगत्रस्स विव ज्जासेतं, परिहरउवन्नुंजउवावि॥ जुत्तस्स अजुत्तस्स, विरसावणो तत्र दिठंतो॥८१२॥ अर्थः-लिंगमात्रने विषे जे रह्योछे केवल वेष मात्रनो धरनार पण ते साधुने गुणेकरी रहितछे तो तेनो पण सय्यातर वर्जवो. तो लिंगधारीना सय्यातरनो पिंम परहरेवो ज. वाके० अथवा नुंजउके०जागववो नोजन करवो ते साधुजनने अवश्य वर्जवोज.

इहां शिष्य पुछेछे के जो ते साधुने गुणे रहितछे तो तेनो सद्यातर शावास्ते परिहरिये? तेनो उत्तर दृष्टांते करी कहेछे. मद्यकरीने सहित होय किंवा रहित हो य परंतु मदिरानुं हाटतो खरुं. तेनुं दृष्टांत ते आमछेः-जे माहाराष्ट्र देशने विषे समस्त मदिराने हाटे ध्वजा बंधायछे, मदिरा हो अथवा न हो पण ते ध्वजा देखी जिक्षाचर पोतानी मेलेज ते वर्जेछे. तेम इहां पण वेषदेखी वर्जवुं ॥ ८१२ ॥

सज्जातर पिंमना बार जेद कहेछे. असणाईया चउरो, पाउंछणवत्र पत्तकंबलयं सूइछुरकन्नरोहण, नहरणिय सागारिय पिंमो ॥ १ ॥तृण मगलादिक अपिंमछे. यदुक्तं. तणमगलछारमल्लग, सेज्जासंथार पेढलेवाइ ॥ सज्जायर पिंमोसो, नहोइ से होय सोवहिउ ॥ २ ॥ ए बे गाथा परकृत छे ते सुगमपणाने लीधे वखाणी नथी.

हवे सय्यातर पिंमने ग्रहणेदूषण देखाडेछे. मूलः- तित्रयर पमिकुछो, अन्नायं उग्ग गोवियन सुझे ॥ अविमुत्तिअलाघवया, दूलह सेज्जाउ वोछेउ ॥ ८१३ ॥ अर्थः- तित्रयरके० समस्त तीर्थंकरे सय्यातर पिंमने पडिकुछोके० निषेध्योछे. ए सय्यात रपिंम लेवाथकी जगवंतनी आज्ञानो जंग थायछे. माटे अन्नायंके० जे यतिहोय तेणे अज्ञात पिंम लेवो. जिहां कोइ जाणे नही उलखे नही एवो पिंम लेवो, अ ने सद्यातर पिंम लेतां तो ते पिंमनो आपनार उलखे जे ए साधु अमारा घरमां रहेछे. वली सज्जातर पिंम लेतां थकां उद्गम दोष पण लागे. केमके पिंमनो आप नार जे सज्जातर ते रागवंत छतो दही डुध प्रमुख संनिग्ध अहार आपे, ते लेतां अविमुक्ति एटले मूकी न शके. केमके रसगृद्धि मूकतां डुर्लजछे. तेथी तेनो अजाव नहोय. वली अलाघवयाके० उपधी तथा शरीरनो बहुलपणो थाय सज्जातर पिं

म लेता हता ते सय्यातर रागी हतो वस्त्रादिक माग्यांथकां तरतज आपे. तेथी उप धिनी वृद्धिथाय. वली ते पिंम लेतां थकां गाममां फरवा थकी छुटे. तेथी शरीर जाडुंथाय. वली दुर्लन सद्यातेआवीरीते के जे गृहस्थ साधुने उपाश्रय आपे ते णे उपधि आहारादिक पण आपवां जोइये, एवा विचार थकी सद्या जे उपाश्रय तेपण कोइ विरलोज आपे. तेथी सद्या मलवी पण दुर्लन थाय वली वुछेउके० विनाश थाय. एटले दानना नयथकी सद्यातरे सद्यानो विछेद थाय ते उपाश्रय ना अनावथकी नक्त पान शिष्यादिकनो पण विछेद थाय.॥ ८१३ ॥

एवा ए सद्यातरना दोष देखामी हवे तीर्थंकरना उद्देसे एनुं अग्रहण देखाडे छे. मूलः— पुरपछिमवज्जेहिं, अविकम्मं जिणवरेहिं लेसेणं॥ जुत्तं विदेह एहिय, नय सागारियस्स पिंमोउ ॥८१४॥ अर्थः—पहेला अने छहेला तीर्थंकर वर्जी वचमांना बावीश तीर्थंकरना वाराना साधु तेणे अविकम्मं एटले अपि एवो शब्द संनावना ये लेवो, श्री जिनवरेंद्र जुक्तके०नोगव्यो लेसेणंके०लेशमात्र एकदेशे ते आवीरीते के, जेने अर्थे आहारादिक कीधा होय ते तो मात्र तेनेज न कल्पे पण शेष यतिने तो कल्पे. एवी रीते महाविदेह वासी साधुउनी पण एज मर्यादाछे, परंतु नयके० सागारी उपाश्रयदाता सद्यातर तेनो पिंम तो लेवोज नही. ए संनावनाछे.॥८१४

हवे अपवादे ग्लानादिक कारण उपने थके सद्यातर पिंम लेवो कल्पे एम जे कारणे कह्युंछे ते देखाडेछे. उक्तंच. दुविहे गेलन्नंमी, निमंतणे दव्वदुल्लहे असिवे ॥ उमोयरीयपउसे, नयए गहणं अणुन्नायं ॥ १ ॥ अर्थः— एक आगाढ ने बीजा अ नागाढ ए बे प्रकारना ग्लानपणाने विषे, तेमां अनागाढ ग्लानने अर्थे त्रणवार नि क्षाने अर्थे जावुं. त्यां ग्लान योग्य निक्षा न मले तो सय्यातरनो पिंम लिये. अने अगाढ ग्लानने अर्थे तो तत्काल सय्यातरनो पिंम लेवो. अथवा निमंतणे एटले वली जो घणो आग्रह करीने तेडे तोपण एकवारज लेवो. पछी प्रसंगे निवारवो. एमज द्रव्यने दुर्लनपणे आचार्यादिकने योग्य खीरादिक जो अन्य स्थानकथी न मले तो सद्यातरने घेर जइ वोहोरी आवे तथा अशिव एटले दुष्ट व्यंतरादिके जो उपद्रव कस्यो होय तोपण लेवो. वली अवमौदर्ये एटले दुर्निक्षने योगे क्यांये निक्षा न मले तोपण सद्यातर लेवो तथा राजाये प्रद्वेषेकरी सर्वत्र निक्षानुं नि वारण कर्युं होय तो प्रछन्नपणे सद्यातरनी निक्षा लेवी. वली नयए एटले चोर प्रमुखना नयथकी पण ए लेवानी अनुज्ञाछे. इत्यादिक कारणे सद्यातरनो पिंम लेवो. ए गाथा ग्रंथकारनी नथी पण अन्य शास्त्रनी वखाणीछे.

हवे उद्गमादिक दोष केवीरीते लागे ते कहेछे. मूलः—बाहुल्लागच्छस्सउ, पढमा लियपाणगाइ कज्जेसु ॥ सज्झायकरण आउट्टिआ करे उग्गमेगयरं ॥ ७१५ ॥ अर्थः गच्छना बाहुल्लपणाथकी प्रथमालिका शिष्यने सिरामणी अथवा ग्लानने अर्थे पाणगाइके० जलपाणी प्रमुख कार्ये वली वली जातां सघातर आवर्ज्यो होय, स ज्झाय करतां देखी अने घणे परिचये सघातरीपणे आवर्जित चित्तपणाथकी उद्ग मादिक मांहेलो अन्यतर दोष करे ॥ ७१५ ॥ इतिगाथा दशकार्थे द्वारसमाप्त.

अवतरणः— जत्तिअसुत्ते सम्मंति एटले जेटला सूत्रे सम्यकत्व होय एवुं एकशोने तेरमुं द्वार कहेछे. मूलः— चउदस दसयअभिन्ने, नियमासम्मंतु सेसए नयणा ॥ मइउहिविवज्जासे, होइ हुमिच्छं न सेसेसु ॥७१६॥ अर्थः— चउदपूर्व अने दशपूर्व जे ने विषे श्रुत होय तेने निश्चेथकी सम्यक्त्व होय, अने शेष श्रुत जेने विषे होय तेने विषे सम्यक्त्वनी नजना जाणवी. एटले सम्यक्त्व होय किंवा न पण होय. एवो विकल्पछे. अने मतिज्ञान अवधिज्ञान तेना विपर्यासे विपरीत पणे थये थके मतिअज्ञान ने विभंगज्ञान ए बे छतां मिथ्यात्व पण निश्चे थकी थाय. ॥ ७१६ ॥

अवतरणः— जहनिग्गंथावि चउगइयत्ति. एटले जेम निर्ग्रंथपण चतुर्गतिक था य तेनुं एकशो ने चउदमुं द्वार कहेछे. मूलः— चउदस उही आहारगावि मण नाणि वीयरागावि ॥ हुंति पमायपरवसा तयणंतरमेव चउगइया ॥७१७॥ अर्थः— चउदपूर्वधर, अवधिज्ञानी, आहारक लब्धिवंत, इहां चउद पूर्वधर ते आहार कलब्धिवंत होय किंवा न पण होय. तेथी बेहुनुं जूडुंजूडुं ग्रहण कीधुं छे. तथा त्रीजो मनपर्यवज्ञानी, उपशांत वीतरागादिक, एवा पण प्रमाद विषय कषायादि केकरी कलुषित चित्तथका तदनंतर तत्काल चतुर्गतिना नोगीथाय. ॥ ७१७ ॥

अवतरणः— खेत्रातीत, मार्गातीत, कालातीत, अने प्रमाणातीत एवा चार वा नाना एकशो पन्नर, एकशो सोल, एकशो सतर, अने एकशोने अढार, एवा चार द्वार साथे वखाणेछे. मूलः— जमणुग्ग एरविम्मि अतावखेत्तंमि गहिय मसणा इ ॥ कप्पइ न तमव नोत्तुं खेताईयंति समउत्ती ॥ ७१८ ॥ अर्थः— जे सूर्य उदय थयाविना अतापखेत्रेके० रात्रे लीधुं जे अशनादिक चार ते मांहेलुं कोइपण अश नादिक साधुने नोगववुं कल्पे नही. अने जो नोगवे तो खेत्रातीत कहेवाय. एवी सिद्धांतनी युक्तिये आगमनुं नाषितछे. ए एकशो पन्नरमुं द्वार थयुं. ॥ ७१८ ॥

मूलः— असणाईयं कप्पइ, कोसडुगप्नंतराउ आणेउं ॥ परउ आणिज्जंतं, मग्गाइयंतीतमकप्पं ॥ ७१९ ॥ अर्थः— बे कोशथकी आणेलुं अशनादिक

मांहेलुं कोइपण अशनादिक यतिने कल्पनीयछे. पण बे कोशथी उपरांतनुं आणेलुं अशनादिक ते मार्गातीत अकल्पनीयछे माटे लेवुं नही. ए एकशो शोलमुं द्वार.

मूलः–पढमप्पहराणीयं, असणाइ जईणकप्पए नोत्तुं॥जावतिजामेउट्ठं, तमकप्पं कालइक्कत्तं ॥ ७२० ॥ अर्थः– पहेला पहोरनुं लावेलुं अशनादिक यतिने जम वुं कल्पे, ते जिहांसुधी त्रीजो पहोर तिहांसुधी जाणवुं. उपरांत चोथा पहोरमां ते अकल्पनीय थाय. पडिलेहण कस्या पछी ते कालातिक्रांत पणाने लीधे जमवुं नहीं. ए एकशो सत्तरमुं द्वार समाप्त थयुं. ॥ ७२० ॥

मूलः–कुक्कुडिअंमयमाणा, कवला बत्तीस साहुआहारो॥अहवा नियआहारो, की रइ बत्तीस नाएहिं॥७२१॥अर्थः–कूकुडी ते पक्षी विशेष, तेना इंमाने प्रमाणे बत्रीश कवल प्रमाण साधुनो आहार जाणवो. अथवा निजके० पोतानो आहार एटले जेटला आहारथी जेनुं पेट नराय, तेनो बत्रीशमो नाग करिये ए पण कवल प्रमाणछे.

मूलः–होइ पमाणाईयं, तदहियकवलाण नोयणे जइणो ॥एगकवलायकणे, कणो यरिया तवोतंमि ॥ ७२२ ॥ अर्थः–ते बत्रीश कवल थकी अधिक कवलनुं नोजन कस्याथी यतिने प्रमाणातीत थाय. अने बत्रीश थकी एकादिक कवल उंगे लीधा थकी उणोदरता नामे तप ते साधुनेविषे थाय. ॥७२२॥ इति गाथा पंचकार्थ.

अवतरणः– सुख सद्यानुं एकशो उंगणीसमुं द्वार तथा डुःख सद्यानुं एक शो वीसमुं द्वार ए बे द्वार साथे कहेछे. मूलः– पवयण असदहाणं, परलानेहा य कामआसंसा ॥ एहाहाइ पत्नणं इय, चत्तारिवि डुःख सेज्जाउ ॥ ७२३॥ अर्थः जेनेविषे शयन करिये तेने सद्या कहिये. तेमां डुःखनी देवावाली सद्या ते डुःख सद्या. ते ड्व्य अने नावना नेद थकी बे प्रकारनीछे. तेमां ड्व्यडुःख सद्या ते अमनोहर ख ट्वादिरूपजाणवी. नावे डुस्थित चित्तपणे करी डुश्रमणपणु करे. ते इहां नाव थ की ते चार प्रकारे छे. तेमां प्रथम प्रवचन जिनशासननो असदहवो. बीजी अनेरा के० बीजाने वस्त्रादिकना अलानननी प्रार्थनानुं करवुं. इहां चकार समुच्च य ने अर्थे छे. त्रीजी तेमज काम मनोहर शब्दादिकनी आशंसा अनिलाषानुं कर वुं. चोथी स्नानादिके करी शरीर प्रमुखनुं मर्दन करवुं. धोवा विछलवानी प्रार्थना करवी. ए रीते चत्तारिविके० ए चारे नावडुःखसद्या जाणवी. एने विषे वर्त्तमान छतो ते प्राणी कोइरीते पण सुख पामे नही. ॥ ७२३ ॥

ए जेम डुःखसद्याये डुःख. तेम इहां सुख सद्याते पण ड्व्य नावना नेदे करी पूर्वोक्त रीते कहेवी. मूलः– सुहसेज्जाइ वि चउरो, जइणो धम्माणु राय रत्तस्स ॥

विवरीयायरणाउ, सुहसेज्जा उत्तिनसुंति ॥ ७२४ ॥ अर्थः—जेम पूर्वोक्त डुःखसद्या चार कही तेमज जइणो के० यतिने सुखसद्या पण चार थाय. ते पूर्वोक्तथी विपरीत जाणवी. इहां यतिने गाढतर धर्मनो अनुराग जे अनिलाष रूप तिहां रक्तके० आसक्तछे चित्त जेनुं, एवाने प्रथम जे प्रवचन असद्दहणा प्रमुख बोल कह्या ते थी विपरीत प्रवचननी सद्दहणा जाणवी. तेमज बीजी परलानुनी वांछानुं करवुं. त्रीजी मनोज्ञ शब्दादिकनी आशंसानो अनाव. चोथी स्नानादिकनुं अप्रार्थवुं. एम विपरीत आचरण करवाथी सुखसद्या थाय. एमां वर्त्ततो थको साधु सदा काल सुखी थाय. ए बे द्वार साथे वखाण्या. ॥ ७२४ ॥

अवतरणः— तेरसकिरियाठाणोइंति एटले तेर क्रियाना स्थानकनुं एकशोने एकवीसमुं द्वार वखाणेछे. मूलः— अट्ठाणट्ठा हिंसा, कम्मादिठ्ठीय मोसदिन्नेय; अप्रज्ञमाणमित्ते, मायालोनेरियावहिया ॥ ७२५ ॥ अर्थः— जे करिये ते क्रिया. कर्मबंधनुं कारण चेष्टारूप तेना स्थानक जे नेद ते तेर छे. एक अर्थक्रिया, बीजी अनर्थक्रिया, एम क्रिया शब्द सर्वत्र जोडवो. त्रीजी हिंसा, चोथी अकस्मात्, पांच मि दृष्टिविपर्यास, छठी मोसमृषाप्रत्यय, सातमी अदत्तवृत्ति, आठमी अध्यात्म की, नवमी मानवृत्ति, दशमी मित्त, अग्यारमी माया, बारमी लोन, तेरमी ईर्या पथिकी, ए तेरक्रियानां नाममात्र कह्यां. ॥ ७२५ ॥

हवे सूत्रकार गाथाये करी वखाणेछे. मूलः— तसथावर नूएहिं, जोदंमं निसरई उ कज्जेण ॥ आयपरस्सवअट्ठा, तमट्ठदंमं तयंबिंति ॥ ७२६ ॥ अर्थः—त्रस, थाव र रूप नूतके० प्राणी तेहने जो दंम निसरईउके० दंमकरवो. पोताना आत्माना धर्मरूप धनने अपहारे ते दंम कहिये. दंम शब्दे हिंसा जे कोइकरे ते कज्जेणके० कोइ कार्यने करवे करीने, ते पोताना शरीरने कार्ये अथवा पर जे बांधवादिक ते ने कार्ये जे करे तेने अर्थी दंम एटले अर्थक्रिया श्री तीर्थंकर देव कहेछे. ॥ ७२६ ॥

मूलः— जोपुण सरडाईयं, थावरकायं चवणलयाईयं ॥ मारेउंछिंदिऊणं, छड्डे ईसो अणट्ठाए ॥७२७॥ अर्थः— जे शरड शब्दे काकीडो, आदिशब्दथकी उंदर प्र मुख त्रसकाय, अने स्थावर काय जे वनस्पति ते वेली. सूरादिकने जे मारे एमज त्रस जीवो मारे तथा वन लता छेदी छांमीने नाखे. अर्थात् ते छेदीने नाखी दिये तेने अणट्ठाएके० बीजी अनर्थ क्रिया कहिये. ॥ ७२७ ॥

मूलः— अहिमाइ वइरियस्स वहिंसी सेहीसईवहिंसेही ॥ जोदंमं आरन्नई, हिं सादंमो हवइएसो ॥७२८ ॥ अर्थः— सर्प प्रमुख अथवा एवयरीए अमारूं अशु

क कांइकदहणुंछे, ए अमने पूर्वे मारतो हतो अथवा सांप्रतके० हमणा मारशे, अथवा आवती कालेमारशे. एमजाणीतेने दंम पीडाकरे तो हिंसादंमक्रियालागे.॥ ८२८

मूलः– अन्नठाए निसिरइ, कंमाई अंन माहणे जोउ ॥ जोवनियंतो सस्सं, छंदिज्जा सालिमाईयं ॥ ८२ए ॥ अर्थः– एकने मारतां बीजाने मारे. अनेरा मृग, पक्षी, काकीमाने अर्थे निसिरई के० नाखे कंम शब्दे बाण नाखे आदिथकी पत्थर प्रमुखथकी. अनेरा गमे ते प्राणीप्रत्ये जे कोइ मारे अथवा जे कोइ शाली मांहे अनेरा तृण प्रमुख छेदतो थको ते शाली प्रमुखने छेदे. ॥ ८२ए ॥

मूलः– एसअकम्हादंमो, दिठिविज्जासउ इमो होइ ॥ जोमित्त ममित्तंतिय ॥ काउंघाएज्ज अहवावि ॥ ८३० ॥ अर्थः–ए चोथी अकस्मातुदंम क्रिया जाणवी. हवे पांचमी दृष्टि विपर्यास क्रिया एवीरीते थाय के जे कोइ मित्रने अमित्र काउंके० करीने घाएज के० विनाश करे अहवावि के० अथवा. ॥ ८३० ॥

मूलः– गामाईघाएज्जव, अतेणतेण त्तिवावि घाइज्जा ।। दिठिविवज्जा सेसे, किरिया ठाणं तुपंचमयं ।। ८३१ ।। अर्थः– गाममां रहेनारा कोइएक पुरुषे कांइ एक अपराध कर्यो छतां तेनायोगे जे संपूर्ण गामने मारे छे, आ वागदृष्टि विपर्यास दंम. अथवा वली चोर न होय तेने चोर कही मार आपे ए पांचमुं दृष्टि विपर्यास नामे क्रियानुं स्थान कहिये. ॥ ८३१ ॥

मूलः– अत्तठनायमाईण वावि अठाइ जो मुसं वयइ ।। सो मोसप्पच्चइउ दंमो छठो हवइ एसो ॥ ८३२ ॥ अर्थः–अत्तठके० पोताने अर्थे अथवा ज्ञाति वडेरा प्रमुखने अर्थे जे कोइ असत्य बोले ते मृषा प्रत्ययिक नामे दंम छठो थाय. ॥८३२॥

मूलः– एमेव आयनायग, अठा जो गिण्हई अदिन्नंतु ।। एसोअदिन्नवित्ती, अन्नछीउ इमो होइ ।। ८३३ ॥ अर्थः– ए पूर्वोक्त मृषावादनी पेरेज जे पोतानो नायक एटले स्वामि तेना अर्थे जे गिण्हइ के० ग्रहण करे तथा स्वजन प्रमुख ए पाठ थकी एवो अर्थ थायछे के स्वजन ने अर्थे जे कोइ अदत्तादान लिये ते अदत्तादानवत्तिकी नामे सातमी क्रिया जाणवी. अने आठमी अध्यात्मकी क्रिया आवीरीते थाय ते आगलि गाथाये देखाडे छे. ॥ ८३३ ॥

मूलः–नवि कोइकिंचिनणई, तह वि हु हियएण डुम्मणो किंचि ॥ तस्स अछी सीसइ, चउरोगणा इमे तस्स ॥ ८३४ ॥ अर्थः– जेने कोइये कांइपण न कह्युं छतां पण पोताना हृदयमां डुर्मन आमणो दुमणो थाय तेने आठमी अध्यात्मकी क्रिया सीसइके० कहिये. एना चार गण छे ते आगली गाथाये देखाडे छे.॥ ८३४ ॥

मूलः—कोहो माणो माया,लोहो अन्नबिकिरियए चेसा॥ जोपुण जाइमयाई, अठ विहेणंतु माणेणं॥८३५॥अर्थः—क्रोध, मान, माया, ने लोभ ए अध्यात्मकी क्रियानां कारण छे. पुणके० वली जात्यादिक आठ प्रकारना मानके० अभिमाने करीने.

मूलः— मत्तो हीलेइ परं, खिंसइ परिभवइ माणवत्तेसा॥ माई पियनायगाइण जो पुणअप्पेवि अवराहे ८३६ ॥ अर्थ.— मत्तोके० मदोन्मत्तथको परंके० बीजा ने हीलेइके० हीलना करे. परने ठगे, परनी निंदा करे, खिंशाकरे, कदर्थनादिके करी पराभव करे ते नवमी मानप्रत्ययकी क्रिया जाणवी. माईके० माता पिता ज्ञाती, नाति स्वजन, सगां प्रमुख तेमने थोडे अवराहेके० अपराधे पण जे पुरुष ते मातादिकने शुं करे? ते आगली गाथाये कहेछे. ॥ ८३६ ॥

मूलः— तिव्वं दंडं कुणई, दहणंकणबंध ताडणाईयं ॥ तम्मित्तदोसवित्ती, किरियाठाणं भवेदसमं ॥ ८३७ ॥ अर्थः— तीव्र एटले महोटी दंड पीडा करे. दहन एटले डांम देइ चिन्ह करे. बंध एटले दोरडेकरी बांधे. ताडना प्रमुख करे. ते मित्रद्वेष वृत्तिनामे दशमुं क्रिया स्थान जाणवुं. ॥ ८३७ ॥

मूलः—एगारसमं माया, अन्नं हिययंम्मि अन्नवायाए ॥ अन्नं आयरईवा, सकम्मणा गूढसामत्थो ॥ ८३८ ॥ अर्थः— अग्यारमी माया क्रिया तेपोताना मनमां एक चिंतवणा करीहोयअने मुखथी बीजुं बोले. वली आचरण त्रीजुंज करे.एम सथाके०सदाकाल डुष्ट चित्तवंत थकोआपणे कर्मेकरीशक्ति गुप्त राखे परने नजणावे. ८३८

मूलः— मायावत्ती एसा, इत्तोपुण लोहवत्तिया इणमो ॥ सावज्जारंभ परिग्गहे सुसत्तो महंतेसु ॥ ८३९ ॥ अर्थः— ए अग्यारमी मायावृत्ति क्रिया जाणवी. इहां थकी आगल हवे वली लोभ प्रत्ययकी क्रिया बारमी कहेछे, ते आवीरीते छे. सावद्य जे सपाप आरंभ करे तो तेमां घणा जीवोनुं उपमर्दन थाय ते महंतके० परिग्रह धन धान्य रूप तेने विषे आसक्त थयो थको घणो सपाप आरंभ करे. ॥८३९

मूलः— तह इत्थी कामेसुं, गिद्धो अप्पाणयं च रक्खंतो ॥ अन्नेसिं सत्ताणं वह बंधं मारणे कुणइ ॥ ८४० ॥ अर्थः— तह के० तेमज स्त्रीना कामुक मनोहर शब्दादिकने विषे पोतानुं चित्त गृद्ध आसक्तवंत राखतो थको ते कारणने लीधे अन्य प्राणीउने पण वध, बंधन, मरणांत उपसर्ग करे. ॥ ८४० ॥

मूलः— एसेह लोहवत्ती, इरियावहियं अउ पचक्खामि ॥ इहखलु अणगारस्सा, समिई गुत्तीसु गुत्तस्स ॥ ८४१ ॥ अर्थः— एसा के० ए इहांजिनशासनने विषे लोभवृत्ति नामे बारमी क्रिया जाणवी. तेरमी इरियाविहिनामे क्रिया ते अउ

के० इहां एनी व्युत्पत्ति एवीछे के ईरण के० गमन तेणेकरी जे सहित विशेष जे मार्ग ते इरिया पथ. तिहां थइ जे क्रिया ते इरियापथिकी कहिये. ए शब्दनो अर्थ कह्यो. हवे गाथानो अर्थ कहेछे. इहां खलु इति निश्चे अणगार जे साधु ते इरिया समिति प्रमुख पांच समिति अने मनोगुप्त्यादिकत्रण गुप्ति तेणे करी सहितहोय एवा.

मूलः— सययं तु अप्पमत्तस्स नगवर्ज जाव चक्कु पम्हंमि ॥ निवयइ ता सुहु माहू, इरिया वहिआ किरियएस्सा ॥ ७४१ ॥ अर्थः— सततं के० निरंतरपणे अप्रमत्त साधुने विषे तथा वली उपशांत मोह क्षीणमोह, अने सयोगी लक्षण ए त्रण गुणठाणाने विषे वर्त्तता एवा साधु नगवंत ते शरीर संबंधी बीजी समस्त क्रियानुं ज्यां लगी रुंधन करे. चक्कु के० नेत्र तेनो पक्ष्ममात्र मेषोन्मेष करे, एक सामायिक सात बंधलक्षण अतिअल्प क्रिया थाय छे. एवाने प्रगटपणे इरिया पथिकी क्रिया तेरमी होय ॥ ७४१ ॥ इति गाथा अष्टादशकार्थ.

अवतरणः— आगरिसा सामइए चउव्विहेविवि एगनवेत्ति जे आकर्षिये ते आकर्ष प्रथम लेवुं, अथवा प्रथम लेइने मूक्युं होय तेनुंज फरीथी जे ग्रहण करवुं ते आकर्ष कहिये. ते चारप्रकारना सामायक तेनेविषे एक नवमां केटला आकर्ष थाय? तेनुं एकशोने बावीसमुं द्वार कहे छे. मूलः—सामाईयं चउहा, सुयदंसण देस सव्वनेएहिं॥ ताणइमे आगरिसा, एगनवं पप्प नणियव्वा॥७४३॥ अर्थः— एक श्रुतसामायक, बीजो, सम्यक्त्वसामायक त्रीजो देशविरति सामायक, चोथो सर्वविरति सामायक, ए चार प्रकारना सामायक छे. ए चारे सामायकना आकर्ष पूर्वोक्त शब्दार्थ एक नव पामीने एकनव आश्रीने आकर्ष नणियव्वा के० कहेवा तेज देखाडेछे. मूलः—तिण्हं सहसपुहत्तं, सयं पुहत्तंच होइ विरईए॥ एगनवे आगरिसा, एवइया हांति नायव्वा ॥ ७४४ ॥ अर्थः—प्रथमना त्रण सामायक तेने सहस्र पृथक्त्व एटले बेहजारथी मांमीने नवहजार सुधी एकनवमां आकर्ष थाय. इहां पहेलोज सामायक पडिवजे, अथवा प्रथम लीधोछे ते मूक्यो अने फरी लेवो ते आकर्ष कहिये. अने विरईएके० सर्व विरतिनो आकर्ष तो शतपृथक्त्व एटले बसेंथी मांमीने नव सें सुधि एक नवमां थाय. ॥ ७४४ ॥

हवे नाना नव आश्री कहेछे. मूलः— तिण्हमसंखसहस्सा, सहसपुहुत्तंच होइ विरईए ॥ नाणानव आगरिसा, एवइया हुंति नायव्वा ॥ ७४५ ॥ अर्थः— प्रथमना त्रण सामायकना आकर्ष असंख्याता सहस्र जाणवा. केमके ए त्रणे सामायकना आकर्ष एक नवमां सहस्र पृथक्त्व होय ते गुणाकार करवाथी असंख्या

त सहस्र थाय. इहां ए क्षेत्र पल्योपमने असंख्यातमें नागे जेटला आकाश प्रदेश होय तेटला नव जाणवा. सर्व विरतिना एक नवे शत पृथक्त्व अने उत्कृष्ट आठ नवे साधिक गुणाकार कीधे सहस्र पृथक्त्व होय. एरीते नानाजवने विषे आकर्ष जीवना अध्यवसाय रूप एटलाज होय ते जाणवा. हवे ए चार सामायक नुं स्वरूप कहेछे. तेमां प्रथम सम्यक्त्व सामायक ते सद्दहणारूप, बीजुं श्रुतसामायक ते समस्त सिद्धांतनुं पठनकरवुं तत्व ज्ञान लक्षण जाणवुं. त्रीजुं देशविरति सामायक ते श्रावकना बारव्रतरूप जाणवुं. चोथुं सर्वविरति सामायक ते सावद्य योग विरमण यतिधर्म रूप जाणवुं इति गाथा त्रयार्थ ॥ ८४५ ॥ ए एकशो बावीसमुं द्वार समाप्त.

अवतरणः– सीलंगाणठारस सहस्सत्ति एटले सीलांग ना अढार सहस्रनुं एकशो ने त्रेवीसमुं द्वार कहेछेः– मूलः– सीलंगाण सहस्सा, अठारस एव हुंति निअमेणं ॥ नावेणं समणाणं, अखंम चारित्त जुत्ताणं ॥ ८४६ ॥ अर्थः– शील एटले चारित्रना अंश अथवा चारित्रना कारण तेना अढार हजार नेद ते एछके० इहां यतिधर्मे अथवा जिनशासनने विषे नियमके० निश्चे संघाते नावेणंके० विशुद्ध परिणामे थाय. बाह्य वृत्ते वली प्रतिसेवाये करी कांइक न्यून पण थाय, एवा अढार सहस्र ते श्रमणने थाय पण श्रावक ने न थाय, केमके सर्व विरतिने विषेज एनो संनव छे. अथवा जे नावथी श्रमण छे तेनेज ए होय. पण इव्य श्रमणने न होय. किंतु जे अखंम चारित्र युक्त संपूर्ण चारित्रे सहितछे तेने होय.॥८४६॥

इहां शिष्य चालना करेछे के जे अखंम चारित्रना धरनार तेनेज सर्वविरति कहिये. पण जे किंचित मात्र खंमाय ते तो असर्वविरति केवाय. पडिवज्ज अइक्कमेपंच एवा आगमना वचन थकी ते पांचे महाव्रत पमिवजे, पण तेमां एक व्रतने अतिक्रमे तो पांचनो अतिक्रम कह्यो. माटे सर्वविरतिने देशथी खंमना नथाय इति.

हवे गुरु उत्तर कहेछे. हे शिष्य तें नलो प्रश्न पुछयो, परंतु जेवारे पडिवजे तेवारे सर्वविरतिपणु पालवा आश्री अन्यथा पण होय केमके संज्वलनना उदयथकी अतिचारनो संनव थाय. यडुक्तं. सवेविय अइयारा, संजलणाणं तु उदयउ हुंति. इति अतिचार ते चारित्रनी देशथी खंमना जाणवी. तेम एक व्रतने अतिक्रमे सर्व व्रतने अतिक्रमाय. तेमां पण विवक्षाछे ते आवीरीते.

छेयस्स जावदाणं, ताव अइक्कमइ नेव एगंपि ॥ एगं अइक्कमंतो, अइक्कमइ पंच मूलेण ॥ १ ॥ एनो ए नावार्थ छे के छेदनो ज्यांसुधी दान छेदे तेवारे

सर्वनो अतिक्रम थाय. मूलगुण आश्री एक अतिक्रमे तो पांचेनो अतिक्रम थाय. ए कारणथी दश प्रायश्चित्त सफल थाय. व्यवहार नय मत आश्री चारित्रियाने अति चारनो संभव छे,अने निश्चे नयमतो भंगेज. यडुक्तं.एछइमंविन्नेयं,अइदं पज्जंतु बुद्धिमं तेहिं॥एक्कंपि सुपरिसुद्धं, सीलंगं सेससप्भावे ॥ एनो अर्थ करे छे ईहां शीलांगना अधिकारने विषे अइदंपर्य केंण रहस्य बुद्धिमंते जाणवुं. जे कारण माटे एक सुपरिसुद्ध शीलांग समस्तने सद्भावे होय,पण श्रावकनी परे हायावे. तेथी भंगे वर्त्ततो श्रावक कहिये, तेम ए न समजवुं. जो समस्त भंगे सहित होय तो सर्व विरति कहिये, पण एकादि भंगे वर्त्ततो सर्वविरति न कहेवाय. तेमाटे शीलांगना भांगा श्रावकने न थाय. मननी स्थिरता राखवाने अर्थे श्रावक गुणे तो भले गुणो.

मूलः— जोए करणे सन्ना, इंदिय भोमाइ समणधम्माय ॥ सीलंगसहस्साणं, अट्ठारसगस्स निप्पत्ती ॥ ८४७ ॥ अर्थः—योगत्रण, करणत्रण, संज्ञाचार, इंद्रियपांच, भोमाइकें० पृथ्वीकायादिकदश, श्रमणधर्मदश, एरीते शीलांगना जे अढार हजार भेद तेनुं निःपत्तीकें० निपजवुं थाय. तेज कहेछे. ॥८४७॥

हवे विशेषे एनी संख्या देखाडेछे. मूलः— करणाइ तिन्निजोगा, मणमाईणी हवंति करणाइं ॥ आहाराईसन्ना, चउ सोयाइंदिया पंच ॥ ८४८ ॥ अर्थः—इहां प्रथम योग पछी सूत्रना बंध सारु बीजा वखाणियेछे. योग त्रण, ते मनोयोगादिक जाणवा. इहां गाथाने धुरे करणाइ एटले करवुं जेनी आदिमांछे एवा त्रण करण तथा आहारादिक चार संज्ञा जाणवी. अने सोयाकें० श्रोत्रादिक पांचइंद्रिउ जाणवी.

मूलः— भोमाई नव जीवा, अजीवकाउय समण धम्मोय ॥ खंताइ दस पयारो, एवं ठिई भावणा एसा ॥ ८४९ ॥ अर्थः—भोमाइकें० पृथवीकायादिक नव जीव अने अजीव साथे दश थाय. श्रमण धर्म ते खांत्यादिक दश प्रकारे एवंकें० एरीते ठिइकें० यंत्र पटादिक उपर लखवो. भावनाते एसाकें० आगल कहेशे.॥८४९॥

तेहिज देखाडेछे. मूलः—न करइ मणेण आहार सन्नविप्पजढगोउनिअमेण ॥सोइंदिअ संवरणे, पुढविजिए खंति संजुत्तो॥८५०॥इअ मद्दवा इजोगा, पुढवीकाए हवंति दसभेआ ॥ आउक्कायाईसुवि,इअ एए पिंमिअं तु सयं॥८५१॥सोइंदिएण एवं, सेसेहिं वि जइमं तउ पंच ॥ आहारसन्नजोगा, इअ सेसाहिं सहस्सडुगं ॥८५२॥ एवंमणेण वयसाइएसु एवं तुछ सहस्साइं ॥ नकरे सेसेहिं पिअ, एए सव्वेवि अट्ठारा ॥ ८५३ ॥ अर्थः— इहां नकरइकें० करण लक्षण प्रथमयोग स्विकार्यो छे, ते मनसा ए प्रथम करणछे. आहारसन्न विप्पजढ गोउत्तिकें० आहारसंज्ञा विरहित थतांज प्रथम

संज्ञाः तथा आवश्यताए करी निरोधन कस्योछे रागादिक गुण जेनो, एवी श्रोत्रेंद्रियनी प्रवृत्ति तेथी प्रथमेंद्रिय कहेली छे. एवीरीतीए शुं न करे? ते कहेछे. पृथ्वीकाय जीवारंभ करे नही एवुं तात्पर्यछे. एणे प्रथम जीवस्थान क्षमायुक्तके० क्षांतिसंपन्न एणेकरी प्रथम श्रमण धर्मभेद जाणवो. ए प्रकारे करी एक शीलांग आविर्भावित छे. एटले मने करी आहार संज्ञा रहित थको श्रोत्रेंद्रियनो संवर करी क्षमायुक्त पृथ्वीकाय जीवारंभ करे नही. ए शीलनुं प्रथम अंग आविर्भावित एटले प्रगटछे. हवे शेष छे ते पण अतिदेशे करी देखाडेछे. ॥ ८५० ॥

एज प्रकारना पूर्वोक्त अभिलाषे करी मार्दवादियोगात्के० मार्दव आर्जवादि दश पद संयोगेकरी, एटले जेम पूर्वे क्षमायुक्त एक भेद थयो तेम मार्दवने संयोग बीजो भेद, तेमज आर्यवने संयोगे त्रीजो भेद, एरीते पृथ्वी कायनो आश्रयकरी एटले पृथ्वी कायारंभ एवा अभिलाषे करी, दश यतिधर्मेकरी, दश भेद ते दश शीलविकल्प थायछे. ते वली अप्पकायादि नव स्थाननेविषे पण अपि शब्दे करी दशमा स्थाननीपेरे आक्रमण करीए, तेवारे सर्व भेद प्राकृतपणेकरी एकत्र कस्याथीए कशो संख्या थायछे ॥८५१॥ ते मात्र श्रोत्रेंद्रियने सो भेद थाय छे. तेमज बाकीनी चक्षुरादिक इंद्रिउना पण ए पूर्वोक्त रीतिये शो शो भेद थायछे. ए एम सर्व संख्या एकठी करिये तेवारे पांचशें थायछे. केमके इंद्रियोना पांच प्रकार छे. माटे पांचशें थाय. ते मात्र एक आहार संज्ञा योगेकरी आ भेद थयाछे. हवे शेष भय संज्ञादिक त्रणेना पण पांचशें पांचशें भेद ए पूर्वोक्त रीतेज थाय. एम सर्वना मलीने बे हजार भेद थायछे.॥८५२॥ एबे हजार तेमात्र मनोयोगने प्राप्त थएला छे. तेमज वचन अने काय एना पण बबे हजार भेद थाय छे. एम एकंदर संख्या छ हजार थायछे. ए छ हजार मात्र न करोति ए मर्यादाये प्राप्त थया. तेमज शेष न करावे तेनापण छ हजार. अने अनुमति न आपे एना पण छ हजार भेद छे. ए सर्व मेलविये त्यारे शीलना भेद एकत्रकर्यां छतां अढार हजार थायछे ॥ ८५३ ॥ एक योगेकरी अढार हजारज थायछे एम कांइ नथी; पण बे इत्यादिक संयोगजन्य भंग जो आ स्थले लीधा होय तो एना घणाज भेद थायछे. एटले एक बे इत्यादिक संयोगेकरी संयोगनेविषे सातविकल्प थायछे. एवाज करणने विषे, संज्ञाने विषे; इंद्रियोने विषे, पृथ्वीकायादि विगेरेनेविषे एक हजार तेवीस भंग थाय. ए प्रमाणे क्षमादिकने विषे पण आ राशीनो परस्पर गुणाकार कर्यो होयतो त्रेवीश अबज चोराशी करोड एकावन लाख त्रेसठ हजार बेशेने पांसठ २३८४५१६३२६५

नेद थाय छे. तो पछी अढार हजारज केम कह्या? एवुं कोइ पुछे तेने उत्तर कहे छे के जो श्रावक धर्मनी पेठे बीजा नंग करी सर्व विरतिनी प्रतिपत्ति थाय तो ते गणना योग्यछे. एक पण सीलांगना नंगना शेष सन्नाव छे एटले नेद थता नथी एवुं नजाणवुं. कारण अन्यथा सर्व विरतीज थनार नही. एना यंत्रनीस्थापना करियेछे

जेनोकरंति ६०००	जेनोकरावंति ६०००	जेनाणुभयंत्ति ६०००							
मणसा २०००	वयसा २०००	तणुणा २०००							
निज्जिआ हारसन्ना ५००	निज्जिअभय सन्ना ५००	निज्जिअपरि ग्रह सन्ना ५००	निज्जिअमेहु नसन्ना ५००						
श्रोत्रेंद्री १००	चक्षुरिंद्री १००	घ्राणेंद्री १००	जीव्हाइंद्री १००	स्पर्शेंद्री १००					
पुढवीका यारंभ १०	आपकाया रंभ १०	तेउकाया रंभ १०	वायुका यारंभ १०	वनस्पति कायारंभ १०	बेंद्रिया रंभ १०	तेंद्रिया रंभ १०	चौरिंद्रि यारंभ १०	पंचेंद्रि यारंभ १०	अजीवा रंभ १०
खंतिजुआ तेमुणी वंदे. १	समद्दवाते मुणीवंदे. २	सज्जअवा तेमुणीवंदे. ३	मुत्तिजुआ तेमुणीवंदे ४	तवजुआते मुणीवंदे. ५	ससंमाते मुणीवंदे. ६	सच्चजुआ तेमुणीवंदे ७	सोयजुआ तेमुणीवंदे. ८	आकंचणा तेमुणीवंदे. ९	बंभजुआते मुणीवंदे. १०

अवतरणः– नयसत्तगंति एटले सात नयनुं एकशो ने चोवीसमुं द्वार कहेछे. मूलः– नेगम संगह ववहार उज्जुसू चेव होइ बोधव्वे ॥ सद्दे य समनिरूढे, एवंनूए यमूलनया ॥ ८५४ ॥ अर्थः– त्यां प्रथम नय शब्दनो अर्थ आवीरीते छे के अनंत धर्मात्मक वस्तु अवधारण पूर्वक एकादि कोइक नित्यत्वादिक धर्मे कहीने पोतानी बुद्धि प्रत्ये पमाडे तेने नय अनिप्रायनो विशेष कहिये. इहां जे नय नयांतरने सापेक्षपणे आपणपाने अनिप्रेत धर्मे स्याद्वादपूर्वक वस्तु पडिवजे ते परमार्थी वृत्ते संपूर्ण वस्तुपामे अने प्रमाण मांहे अंतरनवे.

एमज जे नयने निरपेक्षपणे आपणपाने अनिप्रेत धर्मे अवधारण पूर्वक वस्तुनुं जाणपणुं वांछे; तेज वस्तुना एकदेश ग्राहकपणा थकी नय कहिये. परंतु ते मिथ्यादृष्टी अयथावस्थितार्थ वस्तुना ग्राहकपणा थकी जाणवो. एज कारणे कह्योछे के सव्वेनयामिछावाइणोइति जे कारणे नयवाद ते मिथ्यावाद छे,

ते कारणे जिनप्रवचनना जे जाण ते मिथ्यावाद परिहारनी वांछाये सर्व स्याद्वा द पूर्वकज बोले. अने यद्यपि लोक व्यवहारे साक्षात् स्याद्वाद प्रयुंजे तथापि त्यां पण तेनुं ग्रहण करवुंज जोइये. उक्तंच अप्रयुक्तोपि सर्वत्र स्यात्कारोर्थात्प्रमीयते॥ विधौनिषेधेन्यत्रापि, कुशलश्चेत्प्रयोजकः ॥ १ ॥

अनुवाद वचन अने अतिदेशवचनने विषे पण ते नैगमादिक सात नयछे. तिहां नेकके० घणा प्रमाणे एटले महासामान्य अवांतर सामान्य विशेषादि विषयिक ए प्रमाणे करी वस्तुनुं विशेषपणुं ते मिणीतेके० मिणिये एटले जाणिये तेने नैगम कहियेः अथवा निश्चितछे ज्यां गम एटले मांहोमांहे जूदीजूदी सामान्यादिक वस्तुनुं ग्रहण ते नैगम कहिये. अथवा गमके० मार्ग ते जेनेविषे एक नथी तेने गम जाणवो. एटले घणाप्रकारे करी वस्तुनुं ग्रहणके० अंगीकार करे. ते आवीरीतेः– सत्तालक्षण महासामान्य, अवांतर सामान्य, द्रव्य गुण कर्मत्वादिक अंत्यविशेष सकल असाधारण स्वरूप अवांतर विशेष रूप थकी निवर्त्तन क्षम, ए सर्व मांहो मांहे विशंकलित स्वरूप माने. तेमाटे नैगम कहिये.

इहां शिष्य चालना करेछे के जो ए सामान्य विशेषनो अंगीकारक कह्यो, परंतु जे सामान्य ते द्रव्य अने विशेष ते पर्यायने कहिये तो ए द्रव्यास्तिक पर्यायास्तिक नय मतना अवलंबनपणा थकी तेने सम्यक्दृष्टि प्रतिपन्न जिनमतनी परे कहिये तोज रूडुं पण मिथ्या दृष्टी केम कहिये?

हवे एनो उत्तर कहेछे. ए मिथ्या दृष्टि ते सामान्य विशेषने मांहोमांहे जूदा जूदा मानेछे. जेम गुण अने गुणी, अवयव ने अवयवी क्रिया ने कारक. जेम एना भेदतेम त्यां पण भेद माने. तेमाटे कणादनीपरे एने मिथ्यादृष्टिज कहिये. ए नैगम नय कह्यो.

बीजो संगृह्णाति अशेष विशेषने परिहारे करी जगत्रयने सामान्यरूप पणे लिये ते संग्रह नय कहिये.

त्रीजो व्यवहरिये ते व्यवहार अथवा विशेषे करी अवहरिये निरा करिये एटले व्यवहारे करी सामान्य पणे निरा करिये. तेथी एने व्यवहार नय कहिये. जेम भ्रमरने विषे छता पांचेवर्ण छे, तथापि लोक व्यवहारे करी तेने कालो वर्णज कहिये. तेम ए नय जे छे ते अनेरावर्ण छतां पण तेने न माने, मात्र एकनीज मुख्यता करे.

चोथो रुजु शब्दे सरल. ते अतीत अनागत वक्र ने परिहारे वर्त्तमान क्षण वर्त्तिं सूत्रे निष्टंकितपणे वस्तु देखाडे, ते रुजु सूत्र अथवा रुजुसूत्र एटले रुजुशब्दे पूर्वोक्त वक्रना परित्याग थकी सन्मुख थयुं छे जे श्रुतज्ञान तेणे रुजुसूत्रे ते

श्रुत ज्ञान ग्रहण एटले अंगीकार करी शेषनुं अग्रहण कर्युं. ए नय अतीतनो विनष्ट अने अनागतना अनुत्पन्नपणाथकी अलब्धात्म लाजपणा ने लीधे अर्थ क्रियाने विषे असमर्थपणाना सद्भाव थकी वर्त्तमानज माने. वली जे पारकी वस्तु ते पण परमार्थ वृत्तिये अछता समान निःप्रयोजनपणाने लीधे जेम परनुं धन काम न आवे तेनीपेरे माने. वली लिंग, वचन, भिन्न पणे छतां एकज माने अने निक्षेपाचारे माने. ते रूजुसूत्रनय जाणवो.

पांचमो शब्दयते के० पडिवजिये शब्द वाच्येज जेनो अर्थ ते शब्द जाणवो. ते सांप्रत वस्तुना आश्रवा थकी सांप्रतपणे एनुं नाम छे. ए नय पण रूजुसूत्रनी पेरे अतीत अनागतने परिहारे सांप्रत वस्तु माने. अने ए पारकी वस्तु पण न माने तथा चार निक्षेपामांहे एक जाव निक्षेपोज माने. पण नाम, स्थापना, ने द्रव्य ए त्रण निक्षेपा पटादिकनी पेरे घटादि कार्यना करनार न थाय. माटे माने नही. वली ए नय ते लिंग तथा वचनना जेद थकी वस्तुनो पण जेद माने. जेम तटी ते जूदो अर्थ कहे अने तट ते जूदो अर्थ बोले. एमज वली एकवचन तथा बहुवचनादिक शब्दे जेद जाणवो. अने जे शक्र पुरंदरादिक शब्द ते पण सुरपतिप्रमुख शब्दने अभिन्न लिंग वचनपणाथकी तेनो अर्थ पण अभिन्नज कहे. तेथी ए एकार्थ जाणवो. ए पांचमो शब्दनय कह्यो.

छठो सं एटले एकीजावें शब्दनी प्रवृत्तिने विषे जे आरूढथयोछे, प्रवर्त्योछे ते समभिरूढ कहिये. ए नय पर्याय शब्दना जूदा जूदा अर्थ मानेछे ते आवीरीतेः—घटनात् घटः स्त्रीना मस्तकने विषे अरोह लक्षण चेष्टा करें तेवारे घट तेमज कुट एटले कौटिल वाच कछे. इहां नीचे पहोलो, उपर सांकडो एवा आकारनो धरनार ते कुट. एमज उन्न अने उंज धातु पूरणार्थ छे. तेवारे कुके० पृथ्वी तेने विषे रह्यो थकोउंजके० पूरिये ते कुंज कहिये. जेवारे जूमिकानेविषे रह्यो छतो पाणी प्रमुख साथे पूरिये तेवारे कुंज कहिये. एम समस्त पर्याय शब्दनी साथे नानाप्रकारे पडिवजे. अने वली एवुं कहे पण शब्दांतरे जे अभिधेय ते द्रव्यने पर्यायपणे अन्य शब्द वाच्य वस्तुरूपपणुं न पडिवजे. अने एकपणाने पडिवजे. तेथी सकल लोक प्रसिद्ध व्यवहारनो उछेद थाय. जेम शब्दनय लिंग वचनादिकने जेदे जेद कह्यो तेम एने पण पर्याय शब्दनो जेद अंगीकार कर्यो. ए छठो संमभिरूढनय कह्यो.

सातमो एवं शब्द प्रकारनुं वचन छे ते जेहवो व्युत्पत्तिनो प्रकार तद्रूप पणे जूत के० पहोचे ते एवंजूत नय कहिये. एवंजूत शब्द कहिये. ते साधवाने जे नय सम

थैवान थाय तेने पण एवंनूत कहियें. ए नय शब्दने अर्थ साथे विशेषित करेले. अर्थना वशथकी शब्दनुं निश्चितपणुं थाय. घट शब्दे तत्वथकी तेज के जे चेष्टावंत शब्दना वशथकी ते शब्द वाच्य निश्चितपणुं थाय. शेष ते आपणे अनिधेये शून्यपणा थकी न कहियें. एमज पांचेंद्रिय, विविध बलादिक दशविध प्राणने जे धारण करे ते प्राणीनेज संसारी जीव कहियें. पण शेष प्राण धारण व्युत्पत्तिये रहित सूत्रोक्त सिद्धनेविषे आत्मा कहियें. जे कारणे अतीतके० ज्ञान दर्शन सुखादिक पर्याय प्रते जाय. तेथी आत्मा कहियें. एवी शब्दनी व्युत्पत्ति त्यांज ले.ए सात मूल नय कह्या.

हवे ए नयोना नेदोनी संख्या कहेले. मूलः—एकेक्कोय सयविहो, सत्तनय सया हवंति एवंतु ॥ बीउविय आएसो, पंचेव सया नयाणंतु ॥८५५॥ अर्थः—नैगमादिक जेनुं प्रथम स्वरूप कह्युं ते सात नय मूल जाणवा. तेवारपछी नैगमनयना शोनेद एमज संग्रहना पण शो नेद एरीते एकेका नयना शो शो नेद करतां सात नयना सात शो नेद थायले. अने बीजोपण आएसो एटले आदेश शब्दे मतले. त्यां पंचेव के० पांचज नयना शो शो नेद थायले. ते आवीरीते के समनिरूढ ने एवंनूत ए बे नय शब्दपणाथकी शब्द नयमां अवतरे. तेवारे त्रण नय मली एकनी विवक्षा करियें तो पांच मूल नय थाय. तेना प्रत्येके शो शो नेद करतां पांच शो नेद थाय. अने अपिशब्दथकी ल शो तथा चार शो अने ब शो नेद पण थायले. ते आवीरीते. जो सामान्य ग्राहि नैगम नय संग्रह ने विषे प्रक्षेपियें अने शेष विशेष ग्राही नैगम जे ले ते व्यवहारमां प्रक्षेपियें तेवारें सातमांथी नैगमनो लोप कर्यो तेथी ल नयना ल शो नेद थाय. एमज नैगमनो लोप तथा समनिरूढ ने एवंनूत ए बे नय पूर्वे शब्द नयमां समवतार्या ले तेथी बाकीना संग्रह, व्यवहार, ऋजुसूत्र ने शब्द. ए चारमूल नयना शो शो नेद करतां चारशो नेद थाय. तेमज द्रव्यार्थिक ने पर्यायार्थिक ए मूल बे नयज ले. तेनी अपेक्षाये बशो नेदज थाय. तेमां नैगम, संग्रह ने व्यवहार ए त्रण नय द्रव्यार्थिकमां अंतरनवेले. अने शेष ऋजुसूत्र, शब्द, समनिरूढ ने एवंनूत ए चार नय पर्यायार्थिक नयमां अंतरनवेले. अथवा सात नयना असंख्याता नेदपण थायले. जावइया वयण पहा, तावइयाहुंति नयवाया इत्यादिवचनात्.

वस्तु अनंत धर्मात्मक ले, तेमां एक धर्म माने बीजा धर्म न माने; जेम दीवो एकांते अनित्यज माने तेने डुर्नय जाणवो. अने सर्वनय स्याद्वाद दीवो ते नित्यानित्यज माने ए प्रमाण ले. इति गाथा र्थार्थ॥८५५॥सात नयनुं द्वार समाप्त थयुं.

अवतरणः— वत्थग्गहण विहाणंति एटले वस्त्र लेवानी विधिनुं एकशो ने पची शमुं द्वार कहेछे. मूलः— जन्न तयट्ठाकीयं, नेयचुयं नेयगहिय मन्नेसिं ॥ आहड पामिच्चंचिय कप्पए साहुणोवत्थं ॥ ७५६ ॥ अर्थः— प्रथम वस्त्र त्रण प्रकार नांछे. एकतो एकेंद्रियना अवयवथी उत्पन्न थयां, जेम खुमो कपाश थकी थयो. ते जाणवो. बीजां विकलेंद्रियना अवयव थकी थयां एवां कौशेयादिक एटले कृमी जे जीवडा तेओथी उत्पन्न थनारां, जेवां के रेशमादिक जाणवां. त्रीजां पंचेंद्रियना अवयव थकी निष्पन्न थयां जे कंबल लोवडि प्रमुख. वली एक यथाकृति, एटले जेमांहे सीववानुं काम पडे नही. जेवुंमल्युं तेवुंज उपयोगमां आवे, बीजुं अल्प प रिकर्म ते जेमां एकज सीवणी थाय. त्रीजुं बहुल परिकर्म ते जेमां सीवणी घणी थाय अने ते घणा कटका करीने सीवेलुं होय. इत्यादिक भेद जाणवा. ॥७५६॥

तेमां पहेलुं यथाकृत मले तो अल्प परिकर्म न लेवुं. अने अल्प परिकर्म मल तुं होय तो बहुल परिकर्म न लेवुं. एम बेउने अभावे बहुल परिकर्म लेवुं. जेम जेम संयमनो व्याघात न थतो होय तेम तेम लेवुं. ए गच्छवासि लिये त्यां जे न तयट्ठा के० ते वस्त्र साधुने अर्थे क्रीत एटले वेचातुं मूल आपी लीधुं न होय. वली यतिने अर्थे वण्युं पण न होय. तथा नयगहिय के० जे वस्त्र आपणा पुत्र कलत्र कर्मकरादिक पासेथी छीनवी लीधेलुं न होय. वली अहड शब्दे अभ्याहृत ते स्व ग्राम ने परग्रामना भेदे करी बे प्रकारनुं छे.

त्यां जे हाटे वस्त्र थाय. पछी मनमां जाणे के यति वस्त्र वोहोरवा आवशे एम जाणी घेरे लावी राखे ते स्वग्राम अभ्याहृत जाणवुं. अने परग्राम अभ्याहृ त ते बीजा गामथकी लावी आपे ते परग्राम अभ्याहृत थाय.

प्रामित्य ते जे बीजा पासेथी उछीनुं लेइ साधुने आपे. इहां पिंड विशोधिना दोष समस्त. वली विशोधि कोटी अविशोधि कोटी जाणवी. त्यां जे साधुने अर्थेज वस्त्र वणाव्युं होय ते अविशोधि कोटी. अने जे धोवरावबुं प्रमुख साधुने अर्थे करावे ते विशोधिकोटी. इत्यादिक दोष रहित जे वस्त्र होय ते साधुने लेवुं कल्पे.

हवे कल्पनीय वस्त्रमां पण जे वस्त्र लेतां सारु नठारुं थाय ते देखाडेछे. मूलः— अंजण खंजण कद्दम, लित्ते मूस भक्खिय अग्गिविदड्ढे ॥ तुन्निय कुट्टिय पज्जवलीढे होइ विवागु सुह असुहोवा ॥ ७५७ ॥ अर्थः— अंजन ते सुरमो, खं जन ते दीपमल, अने कर्दम एटले कादव अथवा गाडाप्रमुखनी मली ते प्रसि द्ध छे. तेणे करी लिप्त एटले खरडायलुं वस्त्र होय, अथवा उंदरे करडेलुं होय,

तथा उदेहए करमेलुं होय, तथा आगमां बल्युं होय, तूंणेलु होय अथवा धोबी ये कूटतां थका कांकरी साथे कूटाणु होय, छिद्र पडयुं होय, वली पज्जव के० पुराणादिक पर्याये करी एटले जीर्णपणाए जे युक्तछे. एवा वस्त्रना ग्रहण थकी विपाक जे परिणाम ते जलो अथवा नूंडो जेवो होय ते विधि विशेषे देखाडे छे.

पंहेलो. जेवारे वस्त्रनो आपनार वस्त्र वहोरावबा आवे तेवारे ते वस्त्र त्यांज उखेडी जोइये. जो तेने छेडे कांइ सुवर्णादिक बांध्युं होय तो गृहस्थने कहे के आ गांठ उखेडी जूउ. तेवारे ते गृहस्थ पोतेज जोइने ते गांठमां बांधेली चीज लइ लीये. अने पोते साधु देखे तो पोतेज तेने आपे. यद्यपि गृहस्थने कहेतां थकां अधिकरण दोष थाय ते थोरुं समजवुं, पण जो नज कहे तो सबल उड्डाहादिक दोष प्राप्त थाय. अने सुवर्णादिक न होय तो अंजनादिक जोइ गुण दोष विचारणा करे.

मूलः—नवजाग कए वछे, चउरो कोणाय दोन्नि अंताय ॥ दोकणा वट्टीउ, मझेवछस्स एक्कंतु ॥ ७५७ ॥ अर्थः— नवजाग वस्त्रना करिये तेमां चार खूणा, अने दोन्निके० बे छेहेडा, तेमज बे नीचे तथा उपरनी किनारीना जाग. अने एक मझे के० वस्त्रनो मांहेलो जाग. एरीते नवजाग करिये. ॥७५९॥

मूलः— चत्तारि देवयाजागा, डुवेजागाय माणुसा ॥ आसुराय डुवेजागा, एगोपुण जाण रस्कस्सो ॥७५९॥ अर्थः—चारकुणाना चारजाग ते देवताना जाग जाणवा, बे छेडाना जाग ते मनुष्यना जाणवा, बे कीनारीना जाग ते असुर देवोना जाणवा. अने वचमांनो एक जाग ते राक्सनो जाणवो. ॥७५९॥

हवे एनुं फल देखाडेछे. मूलः—देवेसु उत्तमो लाजो, माणुस्सेसु य मझिमो ॥ आसुरेसु य गेलन्नं, मरणं पुण जाण रस्कस्से ॥७६०॥ अर्थः—चार देवताना जागने विषे जो कदाचित् पूर्वोक्त अंजनादिक लाग्यांहोय तो त्यां उत्तम लाज जाणवो. अने मनुष्यना जागमां जो पूर्वोक्त अंजनादिक लाग्यां होय तो सारूंपण नही ने मातुं पण नही. मध्यम फल जाणवुं. अने असुरना जागमां अंजनादिक लाग्यां होय तो ते वस्त्र वोहोरवा थकी ग्लानत्व रोगनी उत्पत्ति थाय. अने राक्सना जागमां अंजनादिक आवे तो मरण प्राप्ति जाणवी.॥इति गाथा पंचकार्थः॥७६०॥

अवतरणः— ववहारा पंचत्ति एटले पांच व्यवहारनुं एकशो ने छवीसमुं द्वार कहेछे. मूलः—आगमसुय आणा धारणाय जीयंच पंच ववहारा ॥ केवल मणोहि चउदस, दस नव पुव्वाइं पढमोछ ॥ ७६१ ॥ अर्थः— ववहरिये जीवादिक जेणेकरीने तेने व्यवहार कहिये. अथवा साधुने प्रवृत्ति निवृत्ति रूप ते व्यवहार. तेनां

कारण पण जे ज्ञान विशेष तेपण व्यवहार कहिये. ते व्यवहार पांच प्रकारेछे. ते मां प्रथम आगम व्यवहार ते आगम्यतेके० जाणिये जेणेकरीने पदार्थोने तेने आगम कहिये. बीजो जे सांजलीये ते श्रुतव्यवहार जाणवो. त्रीजो जेणेकरी आज्ञा, आदेश आपिये ते आज्ञाव्यवहार जाणवो. चोथो धारिये ते धारणाव्यवहार जाणवो. पांचमो जीत शब्दे आचार ते जीत व्यवहार जाणवो.

तेमां प्रथम जे आगम व्यवहार ते केवलज्ञानी मनःपर्यवज्ञानी, अवधिज्ञानी, चउदपूर्वधर, दशपूर्वधर, अने नवपूर्वधर एनो व्यवहार ते एज छ प्रकारनो छे. तेमां प्रथम इहां केवलीना ग्रहण थकी आलोचना केवली पासेथी लेवी. केवलीने अजावे मनःपर्यवज्ञानी पासेथी आलोचना लेवी. एम पाछला पाछलाने अजावे आगला आगला पासेथी आलोचना लेवी. त्यां केवली प्रमुख जे छे ते आगम व्यवहारी समस्त अतिचार पोतेज जाणे, तेनी पासे गयां छतां ते पोतेज अतिचार प्रगट करी आलोचना आपे. किंवा अन्यथा प्रकारे एवी आशंका चित्तमांहे आणे ते कहेछे.

मूलः—कहेहिं सव्वं जो वुत्तो, जाणमाणो विगूहई ॥ नतस्सदिंति पच्छित्तं, बिंतिअ सुछसोहय ॥८६१॥ अर्थः—किंवा अन्यथा प्रकारे एवी आशंका चित्तमांहे लावीने ते आगम व्यवहारी पुरुष जे आलोचनानो आपनार ते आलोचना लेनारने कहे के तुं तारा सर्व अतिचार कहे पण ते जाणमाणोके० पोताना दोष सर्व जाणतो थको पण जो मायाये करी विगूहईके० गोपवी राखे तो तेने प्रायश्चित्त आपे नही. अने बिंतिके० एवुं कहेके अन्यत्र स्थानके जइ प्रायश्चित्तनी शुद्धि करो. ॥८६१॥

मूलः—न संजरेइ जे दोसे, सप्नावा नय मायउ ॥ पच्चरकी साहए तेउ, मायणोउन साहए ॥ ८६२ ॥ अर्थः— वली जेने दोसके० अतिचार ते नसंजरइके० सांजरे नही, चित्तमां आवे नही. सप्नावाके० स्वजावेज न संजारे, परंतु नयमायउके० माया एटले कपटे करीज नथी केतो; एम नथी. तो तेवाने पच्चरकीके० केवल ज्ञानना धरनार ते लागेलां दूषण सर्व वर्णन करीने साहाएके० कहे, अने मायावंतने कहे नही. केमके ते एवुं जाणे जे एने कहीश तो पण पछी व्यर्थ थशे. तेमाटे मायावंतने कहे नही. अने स्वजावे जेने विसर्जन थया होय पण निष्कपटी होय तेने कहे. इहां चउद पूर्वधरने यद्यपि परोक्ष ज्ञान छे तोपण उपयोग दीधाथी जेटलुं केवली कहे तेटलुं ए पण कहे. इहां कोइ एवुं कहेशे के आगम व्यवहारी जाणे तो तेने एटलुंज कहिये जे मने आलोयणा आपो. पछी आपणां प्रायश्चित्त ते पोता

नी मेळे आपणने कहीने ते माफक आलोयणा पण आपशे, माटे आगम व्यव हारीने लागेला दोष विस्तारीने कहेवानी जरूर नथी. ॥ ७६३ ॥

एने उत्तर कहेछे के, ते रुडुं कह्युं परंतु आलोयणाथी घणा गुणछे. एथकी सम्यक् आराधना थाय अने आलोयणहारने वत्साहने अर्थे गुरु एम कहे के, हे वत्स, तुं धन्य जाग्यवंत छे के, एम मानने हणीने पोताना आत्माना हितने अर्थे पोतेज रहस्य प्रगट करेछे. ए वात महादुर्लजछे एम कहे तेथी ते समस्त प्रकारे निःशल्य थइने जे गुरु प्रायश्चित्त आपे ते हर्षवंत छतो करे. एम करतो थको अल्प काळमां निर्वाणपद पण पामे. ए प्रथम आगम व्यवहार कह्यो.

हवे बीजो श्रुत व्यवहार कहेछे. मूलः—आयारपकप्पाई, सेसं सव्वं सुयं विणिद्दिठं॥ देसंतरठियाणं, गूढपयालोयणाआणा ॥ ७६४ ॥ अर्थः— आचारप्रकल्प ते निसीथ सूत्रछे आदे जेने, एवा व्यवहारसूत्र, वृहत्कल्प, दशश्रुतस्कंध, अग्यार अंग, अने नवपूर्वथकी शेष पूर्व पण श्रुतव्यवहारमांहेज छे. ए सर्व विनिर्दिष्टके० कह्याछे.

हवे श्रुतव्यवहारी जे थाय ते प्रगटपणे आगलाना अजिप्राय जाणवाने अर्थे तेना मुख थकी त्रणवार दूषण कहेवरावे; पण एकवार न कहेवरावे. केम के श्रुतव्यवहारी जे होय ते एवुं पण न जाणे के आ जुठा मनथी आलोचेछे. किंवा साचा मनथी ए आलोचेछे, एवो तेनो अजिप्राय जाणी शके नही तेथी एकज वार न कहेवरावे. पेहेली वारे कहे छते एम कहेके मने निद्रा हती माटे सांजल्युंनही. तेथी बीजीवार कहेवरावे तेवारे फरी कहेके मे बराबर हैयामां धार्युं नही. माटे फरी त्रीजीवार कहेवरावे ते समये बरोबर कहेतो पछी ए निर्मायछे; अने जो विपरीत कहेतो समजवुं के आ परिणामे करी कुटिलछे. त्यारे तेनो पांच दिवससह वास कर्यो छतां आ मायावीछे के नथी? तेनी खातरी करी, जो मायावी छे एम जणाय तो अथवा जो जुठुं कहेतो प्रथम तेने जुठानुं प्रायश्चित्त आपी पछी आलोयणा आपे.

हवे त्रीजुं आज्ञाव्यवहार कहेछे. देसंतरके० जे बेहु आचार्य अने सूत्र अर्थना आसेववा थकी महागीतार्थ होय, पण जंघाबलना क्षीणपणाथकी विहारक्रम करी शकता नथी, अने दूर देशांतरे रह्या छे पण मांहोमांहे मळी शकता नथी. अने ते बेमां एक प्रायश्चित्त लेवा वांछे छे, अने तेवा गीतार्थ शिष्यने अजावे धारणा कुशल अगीतार्थ शिष्यने सिद्धांतनी जाषाये गूढार्थ अतिचार आसेवनाना पद कही बीजा आचार्य पासे मोकले. पछी ते आचार्य तेना अपराध श्रवण करी द्रव्य, क्षेत्र, काल, जाव तथा संघयण धृति बलादिक विचारी पोते त्यां जाय.

अथवा तथाविध गीतार्थ शिष्य तेनी साथे कहेवरावी मोकले, अथवा तेना अनावे जे आव्योछे तेनेज फरी अतिचार विशोधि कहीने मोकले, ए आज्ञाव्यवहार जाणवो.

हवे चोथो धारणाव्यवहार कहेछे. मूलः– गीयत्थेणं दिन्नं, सुद्धिं अवराहिऊण तह चेव॥दिंतस्स धारणा तह, उद्धियपयधरण रूवावा॥७६५॥ अर्थः–कोइक गीतार्थ संविग्न आचार्ये कोइएक शिष्यादिकने कोइक अपराधने विषे द्रव्यादिक चारे जोइने जे विशुद्धि दीधि होय, पछी ते शिष्य गुरुनी आपेली शुद्धि मनमांहे धारीने बीजा कोइकने तेवाज अपराधे तेज शुद्धि आपे. एम देतां थकां धारणा व्यवहार कहेवाय. तहकें० तेमज उद्धतपद धरणरूप अथवा धारणा ते आवी रीते. कोइएक वेयावच्चनो करनार शिष्य छे, पण ते समस्त छेद श्रुत योग्य नथी; ते वारे तेने आचार्य प्रसाद करीने केटला एक प्रायश्चित्तना पदनो उद्धार करीने कहे, पछी ते पदने ते शिष्य धारी राखीने अन्यने तेज पद मांहेली आलोयणा आपे. ते धारणाव्यवहार कहिये. ॥ ७६५ ॥

हवे पांचमो जीत व्यवहार कहेछे. मूलः–दवाइ चिंतिऊणं, संघयणाईणि हाणिमासज्ज ॥ पायच्छित्तं जीयं, रूढंवा जं जहिंगच्छे॥७६६॥ अर्थः–जे अपराध उपन्याथी पूर्वे साधुओ घणुं तप करीने तेनी शुद्धि करता हता तेज अपराध उपन्या छतां सांप्रत एटले हमणांने काले द्रव्यादिक चारने चिंतवी संघयण धृति तथा बलनी हाणी जाणी जे योग्य तपनुं प्रकार प्रायश्चित्त आपे, तेने समय जाषाये जीत एवो गीतार्थ महंत पुरुषो कहे छे. अथवा जे प्रायश्चित्त जे आचार्यना गच्छमां सूत्रथकी अधिक न्यून प्रवर्त्युं होय अने ते बीजा अन्य घणा गीतार्थोने मान्य होय तेने रूढ जीत व्यवहार कहिये. ए पांच व्यवहार मांहेला कोइ पण व्यवहारे सहित गीतार्थ थाय. तेनी पासेथी प्रायश्चित्त लहिये, परंतु अगीतार्थ पासेथी प्रायश्चित्त लेवा थकी दोषनी उत्पत्ति थायछे, उक्तंच, अगीउं नवियाणाइ, सोहिं चरणस्स देइऊणहियं ॥ तो अप्पाणं आलोयगंच पाडेइ संसारे ॥ १ ॥ इतिषट्गाथार्थः ॥७६६॥

अवतरणः– अहाजायंति एटले पांच प्रकारना यथाजात कहिये. तेनुं एकशो ने सत्तावीसमुं द्वार कहेछे. मूलः– पंच अहाजायाई, चोलगपट्टो तहेव रयहरणं ॥ उण्णिय खोमिय निस्सेज्ज, जुअलयं तहय मुहपत्ती ॥७६७॥ अर्थः–यथाजात पणु जन्म श्रमण पणा आश्रयीने जाणवुं. त्यां जेवारे चारित्रनुं ग्रहण करे तेवारे ए पांच वानां थाय ते कहेछे. पहेलो चोलपटो, ते प्रसिद्धछे तेमज बीजो रजोहरण, त्रीजो औणिक, एटले उनसंबंधी, चोथो क्षौमीक एटले रुतसंबंधी अने नसीजनो युगल तेमां एक

नसीज तो उनिमांहे थाय. दांमी उपर त्रण विटलीजेनीवले ते पहेली नसीज. अने बीजी हाथने त्रीजे नागे आयाम दसीये करी सहित ते रजोहरण कहिये आगल दांमीये दसी न हती. ते उपरे वली बीजी सूत्र नसीज ते एक हाथ फाफेरुं प्रमाण आयामे थाय. ते त्रीजी जाणवी. अने ते उपर एक हाथ अने चार अंगुल प्रमाणे घणी वीटली वले ते बेसवाने काम आवे तेने चोथुं पादप्रोछन रूढीथी कहिये. तेमज पांचमी मुहपति ते मुखने ढांके. जे पोतके० वस्त्र ते मुखपोत्तिका ए एक वेंत ने चार आंगल प्रमाणनी जाणवी. ए पांच यथाजातकह्या. ॥ ७६७ ॥

अवतरणः– निसिजागरणविहित्ति एटले रात्री जागरण करवानी विधिनुं एक शोने अठावीसमुं द्वार वखाणेछे. मूलः–सव्वेवि पढमजामे, दोन्निवि वसहाणआयमा जामा ॥ तइउ होइ गुरूणं, चउछ सव्वे गुरुसुयइ ॥७६८॥अर्थः–सर्व साधुउ पेहेला पहोरने विषे सझायादिक करतां जागे, अने पेहेली रातनो बीजो एक पहोर अने पाछली रातनो पहेलो पहोर, ए बे पहोर ते वृषजना जाणवा. त्यां जे वृषजनी परे वृष ज एवा साधु गीतार्थ तेमां जे सूत्रना धरनार होय ते शयन करे, अने अर्थना जा णनार ते जागे. पन्नवणादि सूत्रार्थ परावर्त्तन करे. त्यां त्रीजे पहोरे वृषज शयन करे, तेवारे गुरुनुं जागवुं थाय. ते वखत गुरु उठी सूत्रार्थ गुणे, चिंतवे. अने चोथा पहोरे तो वली सव्वेविके० सर्वे उठीने वैरात्रिक एटले परोढीयानो काल ग्रहण करी कालिक श्रुत परावर्त्ते, तेवारे वली गुरु शयन करे. इहां ए कारणछे के प्रजाते निद्राघूर्णित नेत्रथका गुरु जव्यजीवोने उपदेश प्रमुख आपी शके नही, माटे ते गुरु चोथे पहोरे शयनकरे. ॥ ७६८ ॥

अवतरणः– अलोअणदायगन्नेसत्ति एटले आलोयणाना देनार जे गुरु तेने जोवानुं एकसो ने उंगणत्रीसमुं द्वार कहेछे. मूलः–सल्लुद्धरणनिमित्तं, गीयस्सन्नेस णाउ उक्कोसो॥जोयण सयाइ सत्तउ, बारसवासाइं कायव्वो॥७६९॥अर्थः–सल्लुधर णनिमित्तके० सल्य उद्धरवासारु आलोयणा लेवाने अर्थे गीतार्थ गुरुनी गवेषणा करवा सारु जोवा निकलवुं. ते उत्कृष्ट खेत्र सातशें योजन सीम फरवुं, अने वरस आ श्री बारवर्ष सीम शोध करवी. एम आलोचना लेवाने अर्थे गुरु शोधवा सारु न्र मण करतो कदापि मरण पामे तोपण ते आराधकज कहेवाय. उक्तंच. आलोय णा परिणउ, सम्मं संपढिउ गुरूसगासे ॥ जइ अंतरावि कालं करेज्ज आराहउ तहवि ॥ १ ॥ हवे जो समस्त गुण सहित गुरु न पामे तो संविज्ञ गीतार्थ मा त्रने पण आलोयण कहेवी. जे कारण पणा माटे कह्युंछे के अपवाद पदे गीता

थी संविज्ञ पाक्षिक सिद्ध पुत्र प्रवचन देवताने अनावे सिद्धने पण आलोचना आपवी. परंतु सशल्य मरणते संसारनुं कारण छे. उक्तंच. संविग्गोगीयछे, असई पासछमाइ सारूवी ॥ इतिगाथार्थ. ॥ ७६९ ॥

अवतरणः— गुरुपमुहाणं कीरइ असुद्धसुद्धेहिजेत्तियं कालंति एटले गुरुजे आचार्यादिक तेनी अशुद्ध ते आधाकर्मादिक दोषे दूषित अने शुद्ध ते सप्ततालीस दोषे रहित एवा अशनादिके जेटला काल सुधी प्रति जागरणा करीये तेना अ र्थनुं एकशो ने त्रीशमुं द्वार कहेछे. मूलः— जावज्जीवंगुरुणो, सुद्धमसुद्धेहिवाविका यवं ॥ वसहे बारसवासा, अट्ठारस भिरकुणो मासा ॥ ७७० ॥ अर्थः— जावजीव सुधी चारे अशनादिक औषध प्रमुख सुजतां लेवां अथवा ते न मले तो असुज ता अहारादिक पंचक परिहाणे लेइने पण समस्त गछने आधारजूत सूत्रार्थना निर्णयना करनार एवा श्रीआचार्यनी प्रति जागरण जाव जीव सुधी श्रावके करवी.

एमज वृषनके० उपाध्यायनी बारवर्ष लगी प्रति जागरणा करवी. केमके एट ला काल पछी बीजो वृषन गछनार धारक थाय. तेमज सामान्य साधुनी अढार मास प्रति जागरणा करवी. पछी ते अनशननुं ग्रहण करे. ए रोगादिक कारणे प्रति जागरणा कही. अन्यथा आरोग्य शरीर छतां न करवी, ॥७७०॥ए व्यवस्था व्यवहार नाष्यने विषे सामान्य ग्लाननी क्रियाने अधिकारे कहीछे, तेज कहेछे.

उक्तंच छम्मासे आयरिउ, कुलंच संवछराइं तिन्नि नवे ॥ संवछरंगणोखलु, जा वज्जीवं नवे संघो अर्थः—इहां ए नावछे के छ महीनासुधी आचार्य चिकित्सा करा ववा वांछे. पछी अनशन लइ शके तो ले अने एटलामां साजो न थाय तो ते कु लने आपे. पछी ते कुल तेनी त्रण वर्ष परिचर्याकरे. तेम छतां पण निरोगी न था य तो वली संवछर सीम तेनी गण परिचर्या करे. तेथी पण निरोगता न थाय तो ते गण संघने आपे. पछी ते संघ तेनी जाव जीव पर्यंत परिचर्या करे. इतिगाथार्थ.

अवतरणः— उवहिधोयण कालोत्ति एटले उपधि धोवाना काल माननुं एक शो ने एकत्रीसमु द्वार कहेछे मूलः—अप्पत्तेवि अवासे, सवं उवहिं धुवंति जयणाए असईएउदगस्सउ जहन्नउ पायनिज्जोगो ॥ ७७१ ॥ अर्थः—अप्पत्तेके० वर्षाकाल आव्याविना जो पाणीनो योग मलेतो सवके०सर्व उपधि जेटलुं उपकरण थाय. ते ज यणाये करीने धोवुं अने उदकने अनावे जघन्यथी पात्रानां वस्त्र ते तो जरूर धोवांज.

इहां विशेष देखाडेछे. मूलः— आयरिय गिलाणाणं, मइलामइला पुणोवि धो इज्जा ॥ माहुगुरूण मवन्ना, लोगंमि अजीरणं इयरे ॥ ७७२ ॥ अर्थः— आचार्य,

सिद्धांत अने अर्थना वखाणनार अनेक गुण सहित होय, जेमनी पासे देशनादिक सांजलवा सारुं घणा लोक आवे, एनां उपलक्षण थकी उपाध्यायादिक पण लइये. एवाने जो मलीन वस्त्र होय तो तेथी लोकमां अश्लाघा थाय. तेमज ग्लानने मलीन वस्त्रना योग थकी टाढ वायराने योगे शीत उपजे, तेथी आहार पाचक थाय नही. घणी रोग वृद्धि थाय. ए कारणथकी वस्त्र मलीन होय तो अवर्णवाद दोष टालवाने अर्थे वस्त्र धोवां जोइये. शेष यतिना वस्त्र शेष काले धोवा थकीप्राणीनो विनाश तथा बकुश पणानो संजव थाय. इत्यादिक दूषण जाणी धोवां नही एमकोइ कहेशे तो वर्षाकाल आव्या थका पण ए दोष ढेज. एटले मूलथी धोवांज नही.

तेनो उत्तर कहेछे के त्यां जो न धोइये तो वर्षा काले मलने योगे फूलणी था य. तेथी घणा दूषण लागे. अने श्रीजिनेश्वरनो आज्ञा पण एमजछे. यद्यपि प्रा णीउनुं उपमर्द थाय तोपण जे सूत्रना वचन मान्य करी सूत्रोक्तमार्गे प्रवर्त्ते तो तेवा जयणाये प्रवर्त्तनारने दूषण नथी. जाजयमाणस्सजवे इत्यादि जगवंत जाषे ढे. इति गाथा द्वयार्थ ॥ ७७२ ॥

अवतरणः– जोयणजायत्ति एटले जोजनना जागनुं एकशो ने बत्रीसमुं द्वार कहेछे. मूलः–बत्तीसं किर कवला, आहारो कुच्छिपूरउ जणिउ ॥ पुरिसस्स म हिलियाए, अठ्ठावीसं जवे कवला ॥ ७७३ ॥ अर्थः– बत्रीश कवल ते किल श ब्दे ए मध्यम निरतोछे, एटले कोइ दरिद्री घणुं खाय अने कोइ अल्प आहारनो धणी थोडा कवल करे, तेथी इहां ए कूखनो पूरनार प्रमाण कह्यो. ते पुरुषने ब त्रीश कवल अने महिलियाके० स्त्रीने अठ्ठावीस कवल प्रमाण थाय. ॥ ७७३ ॥

हवे एना जाग आवी रीते थाय कहेछे. मूलः– अद्धमसणस्स सवंजणस्स कुज्जा दवस्स दो जाए ॥ वायपवियारणठ्ठा ढप्नयं ऊणयं कुज्जा ॥७७४॥ अर्थः– ढ जाग उदरना करी तेमांहे अर्द्ध एटले त्रण जाग तो अशन मग कूर प्रमुखना तथा सवंजनस्सके०सालणो अने ढाशे करी सहितना कुज्जाके० करवा. अने इव्य के० पाणीना बे जाग करवा, वली वायुनो प्रतिचार एटले संचारवो तेने अर्थे ढ ठो जाग ते उणो करवो ॥ ७७४ ॥

हवे ए वात कालविशेषे देखाडेछे. मूलः–सीउ उसिणो साहारणोय कालो ति हा मुणेयव्वो ॥ साहारणंमि काले, तन्नाहारे इमा मित्ता॥७७५॥अर्थः– शीत उष्ण अने साधारणना जेदेकरी काल त्रण प्रकारे ढे. त्यां साधारण कालने विषे आ हारनी ए मात्रा कहीछे ॥ ७७५ ॥

मूलः—सीए दवस्स एगो, नत्ते चत्तारि अहव दो पाणो॥उसिणे दवस्स डुन्नी, तिन्नि विसेसाउ नत्तस्स ॥ ७७६ ॥ अर्थः— अति शीतकालनेविषे दवस्सके० पाणीनो एक नाग, अने नत्तेके० नक्तना चार नाग, मध्यम शीतकालनेविषे पाणीना बेनाग अने नक्तना त्रण नाग, तेमज मध्यम उष्णकालनेविषे पाणीना बे नाग अने नक्तना त्रण नाग, अति उष्णकालनेविषे पाणीना त्रण नाग अने नक्तना बे नाग मलीने पांच नाग नक्त अने पाणी, एणे पूर्णकरी बहो नाग वायुसंचारने अर्थे मुकवो ॥ ७७६ ॥

हवे अवस्थित नाग कहेछे. मूलः—एगो दवस्स नागो, अवहिओ नोयणस्स दो नागा, वड्ढंति वहायंतिव दोदो नागाउ एक्केक्के ॥ ७७७ ॥ अर्थः— एक द्रव्य एटले पाणीनो नाग, तथा अवस्थित निश्चित नोजनना बे नाग, अने बीजा बे नागछे ते वधे, अने हायंतिके० घटे एटले पानकमां वधे तो नोजनमां घटे अने नोजनमां वधे तो पानकमां घटे. इति गाथा पंचकार्थः ॥ ७७७ ॥

अवतरणः— वसहिसुद्धित्ति एटले वस्तिजे उपाश्रय तेनी सुद्धिनुं एकशो ने तेत्रीशमुं द्वार कहेछे. मूलः— पट्ठीवंसो दो धारणाउ चत्तारि मूलवेलीउ ॥ मूलगुणेहि विसुद्धा, एसा हु अहागडावसही. ॥७७८॥ अर्थः— पृष्टीवंस शब्दे आमसर कहिये, अने दोधारणा शब्दे थुणी जेना उपर आमसर धरायछे. तेवी बेथूणी जाणवी. अने वली चत्तारिके० चारे खूणे मूलवेलिउके० न्हानी थूणीओ चार होय. ए सात वानां गृहस्थे पोताने अर्थे कर्यां होय तो मूलगुणविशुद्धि कहिये. अने जे गृहस्थ साधु आश्रि यतिने उद्देसे करे ते वस्ति निश्चयकी आधाकर्म कृत थाय.

हवे उत्तर गुणविशुद्धि कहेछे. मूलः— वंसग कडगो कंबण, छायण लेवण डुवारनूमीय ॥ परिकम्म विप्पमुक्का, एसामूलुत्तरगुणेसु॥ ७७९॥ अर्थः—उत्तरगुण बे नेदे छे. एक मूलोत्तरगुण अने बीजा उत्तरोत्तरगुण. त्यां प्रथम मूलुत्तरगुण ते जे न्हानी थुणी उपर आडी आपिये ते वंसग कहिये. अने आमा वरा आपिये ते कडग कहिये. वली उपर बांधवाने अर्थे कांब आपिये ते कंबण, तथा छायण ते उपर आच्छादन करवासारु जे मानादिक शिण आपिये; ए सर्वने छादन कहिये. अने उपर गारा प्रमुख साथे लेपन एटले लीपण करवुं, तथा द्वार पछवाडे ढांकवा सारुं नानुं मोटुं बारणानुं करवुं. पछी नूमीके० उंची नीची नूमी नागीने आंगणुं समुं करवुं. ए सात मूलोत्तरगुणनी परिक्रमणाये रहित जे उपाश्रय ते मूलोत्तर गुणनेविषे विशुद्धि कहिये. ॥ ७७९ ॥

हवे उत्तरोत्तरगुण विशुद्ध कहेछे. मूलः—दूमिय धूमिय वासिय, उज्जोइय बलि कडा अवत्ताय ॥ सित्ता संसट्ठाविय, विसोहि कोडिंगया वसही ॥ ८८० ॥ अर्थः—दूमिय तेने कहिये जे सकोमल लेपन करी कोमल जीतो करवी, अने धवलवुं एटले उज्वल करवुं. वली धूमियते सुंगधपणाने अर्थे अगर धूपादिके धूप करवो, तथा वासिय ते फूल प्रमुखे करी वासित करवो अने उज्जोइयके० रत्न दीवादिके करी ज्यां उद्योत कर्यो होय, बलिकडाके० बाकला तापसी प्रमुख बलि ज्यां करी होय अवत्तायके० छाण माटीये करी जूमिकाये तथा आंगणे ज्यां लेप कर्यो होय, सित्ताके० केवल पाणीये करी सिंचीहोय संसट्ठाके० बुहारिये करी पूंजीने कचरो प्रमुख दूर कर्यो होय. एटलां ए आठ वानां साधु उद्देसीने कर्यां होय तो विशोधिकोटिगत वस्ति कहिये.

अने प्रथम सात मूलगुण अने सात मूलोत्तरगुण ए चउद ज्यां यति आश्रयि कर्या होय तो ते अविशोधि कोटिगत वस्ति जाणवी. तेमज चउशालादिकनेविषे पण मूलोत्तर गुण विजाग जाणवा. पण ते इहां सूत्रमां जे कह्या नथी तेनुं कारण एछे के जे बहुल पणे साधु विहार करतां गामडानेविषे जाय त्यां जेवी सूत्रमांहे कही तेवी थाय. तेथी तेनुंज ग्रहण कीधुं. ॥ ८८० ॥

इहां वली विशेष देखाडेछे. मूलः— मूलुत्तरगुणसुद्धं, थी पसु पंमग विवज्जिअं वसहिं ॥ सेविज्ज सवकालं, विवज्जए होंति दोसाउ ॥८८१॥ अर्थः— प्रथम कह्यां जे मूलगुण ने उत्तरगुण तेणेकरीने विशुद्ध अने स्त्री, पशु, पंमग तेणेकरी विवर्जित एटले रहित एवीजे वस्ति तेने सेविज्जके० साधु सर्वकाल सेवे, जोगवे, पण एथी विपरीत जेमां मूलुत्तर गुण विशुद्धि न होय अने स्त्री पशु पंमगे सहित होय एवी वस्तिनुं सेवन कर्याथी साधुने दूषण प्राप्त थायछे. इतिगाथा चतुष्टयार्थ.

अवतरणः— संलेहणा डुवालस वरिसेत्ति एटले संलेषणा बार वर्ष सुधी करवी तेनुं एकशोने चोत्रीशमुं द्वार कहेछे. मूलः—चत्तारि विचित्ताइं, विगई निज्जूहियाइं चत्तारि ॥ संवछरे य दोन्निउ, एगंतरियंच आयामं ॥ ८८२ ॥ अर्थः— आगमोक्त विधियेकरी शरीरादिकनुं अपकर्ष एटले कृशपणुं करे तेने संलेषणा कहिये. ते जघन्य, मध्यम, अने उत्कृष्टना जेदे करी त्रण प्रकारे छे. तेमां जघन्य तो एक मास सीम, अने मध्यम एक वरस सीम. उत्कृष्ट बार वर्ष सीम जाणवी.

इहां प्रथम उत्कृष्टनी विवक्षा करेछे. चत्तारि के० प्रथमना चार वर्ष सीमतो विचित्र एटले चतुर्थ, अष्टम दशम, द्वादशादिक विचित्र प्रकारनां तप करे अने

पारणे सर्व काम गुणित आहार लिये. ते वार पछी बीजा चार वर्ष सीम. वली पूर्वोक्त विचित्र तप करे परंतु पारणे विगइ रहित निवी करे, उत्कृष्ट रस वर्जे. पछी वली बे वर्ष लगी चतुर्थ करे. पारणे आंबिल करे. एवी रीते दश वर्ष पुरां कस्या पछी बे वर्षमां जे करे ते कहेछे. ॥ ८८२ ॥

मूलः— नाइविगिठ्ठोय तवो, छम्मासे परिमियंच आयामं ॥ अवरेविय छम्मासे, होइ विगिठं तवो कम्मं ॥ ८८३ ॥ अर्थः—हवे अग्यारमा वर्षना छ मास सुधी चतुर्थ षष्ठ तप करे, अने पारणे आंबिल करे. परंतु कांइक उणो आहार लिये. वली आगला छ मासमां अष्टम, दशम अने द्वादशादिक तप करे अने पारणे आंबिल संपूर्ण करे. एटले अग्यार वर्ष पूरण थाय. ॥ ८८३ ॥

हवे बारमा वर्षनी करणी कहे छे. मूलः— वासंकोडी सहियं, आयामं कट्टु आणुपुव्वीए ॥ गिरिकंदरंच गंतुं, पाउवगमं पवज्जेइ ॥ ८८४ ॥ अर्थः— वासंके० बारमा वर्ष सीम कोटीसहित निरंतर आंबिल करे. जे कारणे निसीथनी चूर्णिमां कह्युं छे. डुवालसमंवरिसं निरंतरहायमाणं, उसिणोदएणं आयंबिलं करेइ तं कोमीसहियं नवति जेणं आयंबिलस्स कोडी कोडीएमिलइत्ति. एक आचार्य वली एम कहेछे के बारमे वर्षे चतुर्थ करीने पारणे आंबिल करे, इहां बारमा वर्ष संबंधी घणा मत छे; परंतु ग्रंथगौरवना नय थकी इहां लखता नथी. ॥ ८८४ ॥

हवे बारमे वर्षे आंबिल करे तेवारे नोजननो कवल न्यून करतो ज्यां सीम छेहेलो एक कवल थाय त्यां सीम करीने पछी ते कवलमां पण कवलना कणिया उछा करतो जाय.ते ज्यां सीम एक सीथे एटले एक कणीये आवे त्यां सीम जाणवी. एनुं उदाहरण कहेछे. जेम दीपकमां समकाले तेल ने वाटनो क्षय थाय तेम इहांपण शरीर अने आयुष्यनो क्षय समकाले थाय.

फरी बारमा वर्षना जेवारे छेहेला चार महिना रहे तेवारे एकांतरे तेलनो कोगलो नरी घणो वखत मुखमांहे राखी राखमांहे नाखि दिये. पछी उन्हा पाणी साथे कोगलो करे. जो एम न करे तो छेहेडे मोढुं लुखुं थाय मिलीजाय अने तेथी नवकार मात्रनो उच्चार न थाय. एरीते बार वर्ष संलेषणा करी पछी गिरिशब्दे पर्वत तेनी गुफामां जइने अथवा षट्काय जीव रहित एवा एकांत स्थानके जइ त्यां पादोपगमने नक्त परिज्ञाइ अथवा गिनी मरणादिक पडिवजे. इहां मध्यम थकी जे एक वर्ष कह्यो ते एकवर्षना बार महिना थाय; त्यां पण बारवर्षनी क्रिया ते महिनाउने अनुक्रमे बार महिनामांज पूरण करे. छ मासे बार पक्ष जाणवा.

अवतरणः— वसहेण वसहिगहणंति एटले ग्रामादिकने विषे उपाश्रय लेवुं ते वृषन ने आकारे लेवुं तेनुं एकशोने पांत्रीसमुं द्वार कहेछे. मूलः— नयराइएसु घिप्पइ, वसही पुव्वामुहं ठविय वसहं ॥ वामकडीइ निविठ्ठं, दीहीकय अग्गि मिक्कपयं ॥७७५॥ अर्थः—नगरादिकने विषे जे वस्ति एटले उपाश्रय लेवुं ते पूर्वाभिमुखे बेठेलो वृषन अने मावे पासे कुक्षिना जोरे निविष्टके० रह्योछे. वली दीर्घपणे लंबाइमां जेनो आगलनो एक पग करेलो होय. एवी नूमिनी कल्पना करी उपाश्रय लेवुं.

एवी वस्ति लेवा थकी जे फल थाय ते देखाडेछे. मूलः— सिंगक्खोडे कलहो, ठाणं पुण नेव होइ चलणेसु ॥ अहिठाणे पुटरोगो, पुछम्मिय फेडणं जाणं ॥७७६॥ मुह मूलंमिय चारी, सिरेयकउहेय पूयसक्कारो ॥ खंधे पिठीयनरो, पुट्टंमिय धायउ वसहो ॥ ७७७ ॥ अर्थः— सींगडाने स्थानके बेसतां थकां साधुने मांहोमांहे क्लेष थाय अने ते स्थाने यतिने वसवुं पण न थाय. एमज चरणने विषे तथा अधिष्ठान एटले पश्चिम गुरु प्रदेशने विषे वसतां यतिने पेट रोग थाय. अने पूछडानेविषे वसतां फेडणंके० उपाश्रयनुं पडवुं थाय एटले उपाश्रय तूटी पडे. एम तुं जाणंके० जाण ॥७७६॥ मुहमूलंमिके० मुखस्थाने वस्ता थकाचारेआहारादिकनो घणो लाजथाय. सिरेके० बन्ने सिंगडानी वचाले अने ककुद थूंनी त्यां जो वसे तो पूजा वस्त्रादिकनो सत्कार, अभ्युत्थानादिक थाय. तथा कांधे अने पुंठने स्थानके वसतां थकां नर एटले आवता जता यतिओनी वस्तिए व्याप्त थाय. अने पेट स्थानके वसतां थकां जेम वृषन धरायो होय एटले खुब खाइने पेट नर्युं होय तेम यतिपण आहारादिके तृप्त थको रहे. एरीते कल्पना करीने उपाश्रयमां रहेवुं. इतिगाथात्रयार्थ.

अवतरणः— उसिणस्स फासुयस्स, जलस्स सच्चित्तया कालोत्ति एटले उष्ण अने प्रासुक जल ने सचित्तपणाना कालनुं एकशो ने छत्रीसमुं द्वार कहेछे. मूलः— उसिणोदगं तिदंमु, कलियं फासुयजलंति जइकप्पं ॥ नवरि गिलाणाइ कए, पहरतिगोवरि वि धरियव्वं ॥ ७७७ ॥ अर्थः— उष्ण एटले ज्यां त्रण उकाला वाल्या होय, तेमां पहेले उकाले थोडाक जीव प्रासुक थाय, पण घणा रही जाय. अने बीजे उकाले घणा प्रासुक थाय अने थोडाज सचित्त रही जाय; तथा त्रीजे उकाले तो सर्व जीव अचित्त थाय.परंतु एवा त्रण उकाला वाल्या विना यतिने पान अग्राह्यछे. अने प्रासुक ते जे स्वकाय परकायादिक शस्त्र परिणाम थयो. एवो यतिने कल्पनीय होय, ते त्रण पहोर सुधी राखवुं पण उपरांत कालातिक्रांत दोषनो सं

नव थाय माटे न राखवुं. कदाचित् अपवादे राखे तो नवरके० एटलुं विशेषछे के ग्लानादिकने अर्थे त्रण पहोर उपरांत पण राखवुं. ॥ ८८८ ॥

मूलः– जायइ सचित्तया से, गिम्हंमि पहरपंचग स्सुवरिं ॥ चउपहरुवरिं सि सिरे, वासासु पुणोति पुहरुवरिं ॥ ८८९ ॥ अर्थः– गिम्हम्मिके० ग्रीष्मकाल उना लाने विषे अतिरुक्ष पणाने लीधे पांच पहोर उपरांत ते पाणी सचित्त थाय. अ ने सिसिरेके० सीतकालने विषे कालना स्निग्धपणा थकी चार पहोर उपरांत सचित्त थाय. अने ए कहेला काल पछी राखवुं पडे तो तेमां खार नाखीने राख वुं के जे थकी ते सचित्त न थाय. इति गाथा द्वयार्थ ॥ ८९ ॥

अवतरणः– तेरिच्छीउ माणवीउ देवीउय तिरिय मणुयदेवाणं जगुणातय मत्ताहियाउत्ति एटले तिर्यंच, मनुष्य, अने देवतानी स्त्रीउ ते जेना थकी जेटला गुणी अधिकछे तेनुं एकशो ने साडत्रीसमुं द्वार कहेछे. मूलः– तिगुणा तिरूवअ हिया, तिरियाणं इत्थिया मुणेयव्वा ॥ सत्तावीस गुणा पुण, मणुयाणं तदहिआ चेव ॥ ८९० ॥ बत्तीसगुणा बत्तीसरूव, अहिआय तहय देवाणं ॥ देवीउ पन्नत्ता, जिणे हिं जिअरागदोसेहिं ॥ ८९१ ॥ अर्थः– त्रिगुणा एटले त्रणरुपे अधिक तिर्यंच थ की तिर्यंचनी स्त्री जाणवी. सत्तावीश गुणी सत्तावीशे अधिक मनुष्य थकी मनुष्य नी स्त्री जाणवी. ॥ ८९० ॥ बत्रीश गुणी बत्रीशे अधिक देवताथकी देवतानी स्त्री जाणवी, एरीते राग द्वेषना जीतनार श्री जिनवरे कह्युंछे. इतिगाथा द्वयार्थ. ८९१

अवतरणः– अछेरयाण दसगंति एटले दश आश्चर्यनुं एकशोने आडतरीश मुं द्वार कहेछे. मूलः–उवसग्ग गप्नहरणं, इत्थीतित्थं अनाविया परिसा ॥ कण्हस्स अवरकंका, अवयरणं चंदसूराणं ॥ ८९२ ॥ अर्थः– उपसृज्यतेके० धर्म थकी प्राणीने चलायमान करीये. इएके० एटला माटे उपसर्ग कहिये. देवमनुष्यादिक ना करेला उपद्रव ते ज्यां श्रीतीर्थंकर भगवान विहार करे त्यां सवाशो यो जनमांहे रोग मारी भय प्रमुख उपशमावे. समस्त सुर नर नागेंद्रने वंद्य एवा श्री महावीर परमेश्वर. तेना छद्मस्थ कालने विषे अने केवली कालने विषे. जे प्राकृत गोवालिया प्रमुख तेणे पण महोटा मरणांत उपसर्ग कस्या. ए प्रथम आश्चर्य जाणवुं.

बीजुं. एज श्री महावीर भगवानने देवानंदाना उदरमांथी ब्यासी दिवस व्य तिक्रमे थके इंद्रना आदेशथकी हरणीगमेषी; देवे गर्भ हरण करी त्रिसला रा णीनी कुखे संक्रमाव्यो. ए पण बीजुं आश्चर्य जाणवुं.

त्रीजुं. इत्थी तित्थंके० स्त्रीने तिर्थंकरपणुं उपन्युं एटले इहां ए भावछे के ती

थी शब्दे द्वादशांगी अथवा चतुर्विध संघ ते त्रिभुवनने अतिशायी निरुपम म हिमाना धणी एवा पुरुष थकीज प्रवर्त्तवुं जोइये. ते आ वर्त्तमान चोवीसीमां कुं जराजानी प्रजावती राणीनी पुत्री श्रीमल्ली एवेनामे कुमरी थई तेणेज उगणीसमो तीर्थंकर थइने तीर्थ प्रवर्त्ताव्युं. ए पण त्रीजुं आश्चर्य जाणवुं.

चोथुं. श्रीमहावीर जगवानने केवलज्ञान उत्पन्न थयुं; तेवारे देवकृत समव सरणे बेसीने पोताना कल्प जणी देशना दीधी. पण ते देशना निष्फल थइ. केम के त्यां कोइये सम्यक्त्वादिकनो अंगीकार कर्यो नही, तेथी ए अजावित पर्षदा लक्षण चोथुं आश्चर्य जाणवुं.

पांचमु. द्रौपदीने व्यतिकरे श्रीकृष्णने धातकी खंममां अमरकंका नामनी न गरीनेविषे गमन थयुं, समुद्र उलंघी द्रौपदीने लइ आव्या. ए पांचमुं आश्चर्य.

बहुं. श्रीमहावीर देव कौसंबी नगरीये समवसर्या. त्यां चंद्रमा अने सूर्य जेनां शाश्वत विमान ज्योतिष चक्रमांछे. ते तेज विमानमां बेसीने वांदवा आव्या. इहां कोइक एवुं कहेछे के उत्तर वैक्रिय विमानमां बेसी वांदवा आव्या; परंतु तेम न जाणवुं. ए मूलगे विमाने बेसीनेज वांदवा आव्याछे. माटे ए बहुंआश्चर्य जाणवुं.

मूलः—हरिवंसकुलप्पत्ती, चमरुप्पाउ अठसय सिद्धा॥अस्संजयाणपूया, दसविय णं तेण कालेण ॥ ८८३ ॥ अर्थः— सातमुं हरि शब्दे हरिवर्ष क्षेत्र तेनो जुगलिउ तेनो वंश पुत्र पुत्रादिकनी परंपरा लक्षण जे कुल तेनी उप्पत्तीके० उपजवो ते हरिवंश कुलोत्पत्ति कहिये. तेनी कथा आमछे. के, आ जंबुद्वीपमांना जरतक्षेत्र नेविषे कौशांबी नगरीनो सुमुख नामे राजा हतो. एकदा प्रस्तावे वसंत ऋतुये ते राजा हाथी उपर आरूढ थइ ते नगरनी नजीकना वनमां रमवाने अर्थे जतो हतो. मार्गे जतां वीरकनामे कुविंदनी जार्या अत्यंत स्वरूपवान देखीने मांहो मांहे सराग दृष्टिये जोतां प्रीति जाव उत्पन्न थयो. तेथी राजा त्यां थकी आगल जाय नही. ते वारे सुमतिनामा प्रधान कहेवालाग्यो के हे स्वामि, समस्त सौजन आव्या बतां तमे आगल केम चालता नथी? ते सांजली राजा पोताना प्रधाननी लाज आणी आगल वनमां गयो. पण शून्य चित्त थको मनमांहे केवल ते स्त्री नुं चिंतवन छे तेथी कहींए पण चेन पामतो नथी. ते जोइने प्रधाने पुछ्युं के हे महा राज, तमे आज आवा शून्य चित्त केम देखाउछो? एम फरीथी फरी घणो आग्रह करी पुछ्या थकी पोताना मननी सर्व वात राजाये प्रधानने कही. ते सांजली प्र धान बोल्यो के, तमे कांइ चिंता करशो नही; हुं तमने ए स्त्री मेलवी आपीश.

पछी घेर आवी प्रधाने आत्रेयिकानामे परिव्राजिकाने बोलावी सर्व वात समजावी वनमालानी पासे मोकली. तेपण त्यां जइ जुएछे तो वनमाला पण विरहविव्हल थकी मुखे निश्वास नाखती क्षणेक बेसे, क्षणेक उठे, क्षणेक पडे एरीते महा विरहणी देखी तेने ते परिव्राजिका केहेवा लागी के हे वत्से, तुं आज एम दुःखितकेम देखायछे? ताहरु दुःख मने कहे तो हुं ते दुःखथी तने पार उतारुं. ते सांजली वनमालाये गुह्यनी वात कही. तेवारे परिव्राजिका बोली के हुंतने राजानी साथे काले मेलवीश, तुं कांइ चिंता करीश नही, पछी ते परिव्राजिकाये हर्षवंत थकी त्यांथी जई सर्व वात प्रधानने कही. प्रधाने जई राजाने सर्व वृत्तांत संजलाव्यो.

तेवार पछी प्रजाते परिव्राजिका वनमालाने राजा पासे तेडी आवी. राजाये हर्षवंत थइ अंतःपुरमां तेने राखी अने तेनी साथे ते पंच विध विषय सुख जोगववा लाग्यो. हवे वीरककुविंद घेर आव्यो ते वारे तेणे स्त्रीने दीठी नही. पछी पडोसी प्रमुखने पूछतो थको जार्याना विरहथी घेलो थयो थको आखा गाममां फरतो फरतो एक दिवसे राजाना प्रासाद नीचे आवी उजो रह्यो. तेवामां राजा अने वनमाला ए बन्ने जणां पण गोखमां आवी बेठां. राजाये वीरककुविंदने देखीने मनमां विचार्युंजे में अत्यंत लोकविरुद्ध अनार्यकार्य कीधुं. माटे मने धिक्कारछे. एम मनमां घणीज पोतानी निंदा करवा लाग्यो. तेवामां अकस्मात् उपरथी वीजली पडी तेथी बेउ जणां शुज ध्याने मरण पामि हरिवर्ष क्षेत्र युगलिया पणे उपन्यां. त्यां समस्त मनोवांछित कल्पवृक्ष पूरण करेछे तेथी सुखे रहेछे.

पछी वीरककुविंद ते बेहुनुं मरण जाणी अज्ञान तपस्या करी सौधर्म देवलोके किल्बिषया देवमां उपन्यो. अवधिज्ञाने ते युगलने देखी मनमां चिंतववा लाग्यो के ए युगलिया इहां तो मरशे नही अने ज्यारे मरण पामशे तेवारे पण देवलोके जाशे. माटे एने इहांथी उपाडीने अन्य स्थानके लइ जाउं. एम चिंतवी त्यां थकी अपहरण करी चंपानगरिये ते युगलने लाव्यो. त्यां राजा अपुत्रीउ मरण पाम्यो हतो तेथी ते देव, त्यानां लोकोने कहेवा लाग्योके हुं तमारा वास्ते राजाने लाव्योछुं. एने मांस मद्यनो आहार करावजो. एम कही तेने राजपणे स्थापन करी ते देव पोतानी शक्तिये करी तेमनुं आयुष्य तथा देह मान घटाडीने पोताने स्थानके गयो. पछी ते युगल थकी हरिवंश कुलोत्पत्ति थइ. ए आश्चर्य जाणवुं.

आठमुं पातालवासी चमरेंद्रनो उत्पात एटले उंच जवुं थयुं. ते आवीरीते. जरतक्षेत्रे विजेलनामा ग्रामने विषे पूरणनामे महा धनाढ्य रहेतो हतो. ते ए

क दिवसे रात्रे चिंतववा लाग्यो के, में पूर्वजनवे पुण्य कर्याछे; तेथी हमणां अत्यंत ऋद्धिनो धणी महासुखी थयोछुं. हवे गृहवास छांमी तपस्या करुं तो वली ज न्मांतरे विशेष फल पामुं. एवुं चिंतवी प्रजात समये स्वजन संबंधीने पूछी पोताना पुत्र पाटे स्थापी प्राणायाम नामा तापसी दीक्षा लेइ ते दिवसथकी जावज्जीव लगी छठ तपस्या करवानी प्रतिज्ञाकरी. अने पारणुं करवाने दिवसे एक लाकडानो चारपुडो गामडो राख्यो. ते गामडामां मध्यान्हसमये फरी जिक्षा लेइ ते मांथी पहेला पुडमां पडेली जिक्षा पंथीउने आपे, बीजा पुडमां पडेली जिक्षा काग प्रमुख पक्षिउने आपे, तथा त्रीजा पुडमां पडेली जिक्षा जलचर मत्स्य प्रमुख जीवोने आपे अने चोथा पुडमां पमेली जिक्षा पोते रागद्वेषरहित थको आरोगे. एरीते बार वर्ष पर्यंत तपस्या करी अंते मासनी संलेषणाये काल करी चमरचंचा राजधानीने विषे जुवनपति देवोनो इंद्र चमरेंद्र पणे उपन्यो. ते पोताना उपर सोधर्म इंद्रने देखी आमर्ष थकी देवोप्रत्ये बोल्यो के कोण दुरात्मा मारा मस्तकउपर रहीने शोजेछे? ते समये देव बोल्या के, पूर्व जन्मने विषे संपादन करेला पुण्येकरी सर्वना करतां अतिशय छे समृद्धि अने पराक्रम जेनुं एवो आ सौधर्माधिप छे. ते सांजली अतिशय क्रोधयुक्त थई बोल्यो के मारा परिवारे मारुं जो पण निवारण कर्युं तो पण युद्ध करवाने माटे इछा करनारो हुं अपराध करनारा आ इंद्रने शिक्षा करीश. एवुं बोली हाथमां परिघ धारण करी विचार करवा लाग्यो के कोइ पण प्रकारे ते इंद्रे मारो पराजव कर्यो उतां हुं कोने शरणे जाउं? एवो विचार करी सुसुमारनगरने विषे प्रतिमास्थित श्री महावीरनी समीप जई वंदनपूर्वक बोल्यो के हे जगवन्, तमारा प्रसादथी हुं इंद्रने पण जीतीश. ए प्रमाणे प्रार्थना करीलाख योजन प्रमाण विस्तीर्ण शरीर करी परिघायुध फेरवतो गर्जना करी देवोने त्रासउत्पन्न करतो गर्वे करी अंध थइ सौधर्मेंद्र सन्मुख धायो. पछी पोतानो एक पग सौधर्मावतंसक विमाननी वेदिकाने विषे अने बीजो पग सुधर्म सजानी उपर राखी परिघेकरी इंद्रकीलउपर ताडन करी अनेक प्रकारे इंद्रने आक्रोश करवा लाग्यो. सौधर्मेंद्रेपण अवधिज्ञाने तेने जाणीने कोपे करी देदीप्यमान एवुं वज्र छोड्युं. चमरपण पोतानी पाछल आवनारा वज्रने जोइ असमर्थ थइ विस्तार करेला पोताना शरीरनो उपसंहार करी शरणं शरणं एवुं बोली सूक्ष्म थइ श्रीमहावीर स्वामिना चरणनी वचमां प्रवेश करतो हवो. सौधर्मेंद्रपण अरहंत चरणने विषे प्रवेश करतो जाणी त्वराथी आवी ज्यांसुधि त्यां वज्र प्राप्त थयुं नथी

एटलामां वज्रनो उपसंहार करी श्रीमहावीर स्वामिनी पासे क्षमा मागी चम रेंद्रप्रत्ये बोल्योके, में तारा उपर वज्र मूक्युं ठतां पण तुं श्रीमहावीर स्वामिने शरण आव्यो तेमाटे में वज्रनो उपसंहार कर्यो. श्रीमहावीर स्वामिनी कृपाये त ने हवे जय नथी. एवीरीते ते चमरेंद्रनुं आश्वासन करीने पठी महावीरस्वामिने वंदन करी आज्ञा लेइ पोताना स्थानप्रत्ये गयो. पठी चरमेंद्र पण नाना प्रका रे करी श्रीमहावीरस्वामिनी स्तुति करी अने आज्ञा लेइ पोतानी चमरचंचाराजधा नीप्रत्ये गयो. ए आठमुं चमरोत्पात नामा आश्चर्य जाणवुं.

नवमुं. उत्कृष्टी अवगाहना वाला नवाणु दीकरा अने आठ पौत्रा तथा एक पोते श्रीआदीश्वर जगवान. एरीते बधा मली एकशो ने आठ. ते एक समये अ जिजित् नक्षत्रमां सिद्ध थया. ते एकज समये उत्कृष्टी अवगाहनावाला एकशो आठ त्यां सिद्धि पाम्या. ते नवमुं आश्चर्य जाणवुं.

दशमुं. असंयति आरंजी परिग्रहवंत अब्रह्मचारी गृहस्थना वेषे रहेला, तेनो पूजा सत्कार. ते असंयति पूजा नामे दशमुं आश्चर्य. ते आवीरीते ठे. श्री सुविधि नाथना निर्वाण पठी केटलोक काल व्यतिक्रम्यानंतर हुंमावसर्प्पणीना दोषने ली धे साधुउनो विछेद थयो. तेवार पठी जे स्थविर श्रावको हता; तेमनी पासे जई बीजा लोको धर्म पूठवा लाग्या. तेपण जेवुं जाणता हता तेवुं तेउने कहेवा लाग्या. तेथी लोकपण तेमने धनवस्त्रादिक देवा लाग्या. तेथी तेउ गर्वित थया थका पोता ना मनकल्पित नवीन शास्त्र बनावी कहेवा लाग्या के, जे कोइ पृथ्वी, सजा, मंदिर, सुवर्ण, रूपुं, लोह, कपास, गाय, कन्या, अश्व अने गज अमने आपे, ते आ लोके तथा पर लोके महा फल पामे. अने अमेज सुपात्र ठइये. एवो उपदेश सांजली लोके तेमने गुरु करी मान्या. एवी असंयतिनी पूजा चाली. प्रथम सदासर्वदा संयतिनी पूजा थती हती. तेथी विपरीतपणाये करीने श्रीशीतलनाथजिनना तीर्थसुधि आश्चर्य थयुं. एरीते ए दश आश्चर्य आ चोवीसीमां थयां वली अनंते काले थशे.॥ ८८३॥

हवे जे तीर्थंकरना वखतमां जे आश्चर्य थयुं ते कहेठे:- मूलः- सिरिरि सहसीयलेसुं, एक्कक्कं मल्लिनेमिनाहोय ॥ वीरजिणिंदे पंचउ, एगं सवेसु पाएणं ॥ ८८४॥ अर्थः- श्रीकृषजदेव अने श्रीशीतलनाथनी वारे एकेक आश्चर्य थयुं. तथा श्रीमल्लीजिनेश्वरने वारे एक थयुं अने एक श्रीनेमिनाथने वारे एक थयुं. अने श्री वी रजिनेंद्रने वारे पांच थयां. वली असंयतिनी पूजा लक्षण तो श्रीआदिनाथना वखत मां मरीचि कपिलादिकनी सांजलीये ठैए. एम घणुंकरीने बीजा तीर्थंकरोना वा

रामां पण प्रवाहे थाय छे. तेनो स्पष्ट रीते करी आगली गाथामां खुलासो कहेछे.

विशेषे नाम पूर्वक एज वात कहेछे. मूलः– रिसहे अठहिअसयं, सिद्धं सीय लजिणंमि हरिवंसो नेमि जिणे अवरकंका, गमणं कन्हस्स संपत्तं ॥ ८९५ ॥ इ डी तिबं मल्ली, पूआ अस्संजयाण नवम जिणे ॥ अवसेसा अछेरा. वीरजिणिंद स्स तिछंमि ॥ ॥ ८९६ ॥ अर्थ. श्रीरूषजदेवना वखतमां एकशोने आठ सिद्ध थया. श्रीशीतलजिनना वखतमां हरिवंशकुलनी उत्पत्ति थई. श्रीनेमिनाथना वख तमां अपरकंकानगरिये श्रीकृष्णनुं गमन थयुं. ॥ ८९५ ॥ अने स्त्रीनुं तीर्थ मल्ली नाथना वखतमां थयुं. नवमा जिनना वारामां असंयतिनी पूजा थई; अने अव शेष थाकतां आश्चर्य श्रीवीरपरमेश्वरना वारामां थयां. इति गाथा पंचकार्थ ८९६

अवतरणः– चउरोजासाउत्ति एटले चार जाषानुं एकशोने ओगणचालीस मुं द्वार कहेछे. मूलः– पढमाजासासच्चा, बीयाउ मुसा तयछिया तासिं ॥ सच्चामु सा असच्चा, मुसापुणो तह चउछित्ति ॥ ८९७ ॥ अर्थः– त्यां प्रथम जाषा ते सत्या कहिये. त्यां संतके० मूलुत्तरगुणयतिने सर्व विश्वने मुक्तिपद प्रापकपणा थ की अथवा संतविद्यमान जे जीवादिकपदार्थ तेना हेतुये जे बोलवी ते सत्या जा षा जाणवी. बीजी ए थकी जे विपरीत जाषा ते मृषा जाषा जाणवी. त्रीजी ए मां हेला सत्यने पण मले अने मृषाने पण मले; ते उजय स्वजाव सत्यामृषा जाषा जा णवी. चोथी असत्याअमृषा ते जे पूर्वोक्त त्रणे जाषाने न मले ते चोथी जाषा जाणवी.

हवे सत्यादिक चार जाषाना जेद कहेणहार उतो तेमां प्रथम सत्याना जेद कहेछे. मूलः– जणवय संमय ठवणा, नामेरूवे पडुच्चसच्चेय ॥ ववहार जाव जोगे, दसमे उवम्मसच्चेय ॥ ८९८ अर्थः– जे देशमां जे वस्तुनुं जेवुं नाम रूढी थी कहेवातुं होय अने तेज नाम परदेशमां जइने पण कोइ कहे तो तेने ज नपदसत्य कहिये. जेम कोंकणदेशमां पाणीने पिच्च नीर इत्यादिक कहेछे.

बीजुं संमयके० ते जे समस्त लोकने सम्मत. ते आवीरीते के कुमुद, कुवलय उत्पल अने तामरस इत्यादिकने विषे सरखे पंकज शब्दने संजवे. पण गोवा लादिक अरविंदनेज पंकज केहेछे. परंतु अन्यशब्दने सम्मत नही. तेनी परे बी जाने न कहिये. ए बीजुं सम्मतसत्य जाणवुं.

त्रीजुं ठवणाके० स्थापनासत्य. ते आवीरीते के जेम एकडो मांमीने तेना आगल एक मींडुं मांमीये तेवारे दश थाय, तेमज बे मींमां मांमिये तेवारे एक शो थाय, त्रण मींमा मांमिये तो हजार थाय. ए पण स्थापना जाणवी. तेमज मु

इा, मासो, तोल प्रमुख स्थापिये जे, आ अमुक पांचशेर किंवा दश शेरछे. ते पण स्थापना छे, अथवा आचार्यनी स्थापना करिये ते सर्व स्थापना सत्य जाणवुं.

चोथुं नामसत्य, ते नाम तथा कुलनी वृद्धि न करतो होय तोपण कोइकनुं कुलवर्द्धन एवुं नाम होयछे. एमज धननी वृद्धि न करतां छतां पण धनवर्द्धन नाम होयछे. इत्यादिक सर्व नामसत्य जाणवुं.

पांचमुं रूवेके० रूपसत्य, ते कपटे करी साधुनो वेष लीधो होय तोपण तेने साधु कहिये. एरीते नवाइया प्रमुख जेनो वेष धारण करे तेवारे ते वेषनुं रूप देखीने तेने ते नाम कहेछे ते रूपसत्य जाणवुं.

छठुं पाडुच्चके० प्रतीत आश्रीने सत्य कहेवायछे. जेम पांच अंगुली मांहेली अनामिकाने देखी मध्यमा अंगुलीने तेनी अपेक्षाये महोटी कहियेछैए. तेमज कनिष्ठिका आश्री अनामिकाने मोटीकहियेछैए. एम जेने जे आश्री कहिये ते प्रतीतसत्य जाणवुं.

सातमुं व्यवहारसत्य. ते पर्वत उपर तृणादिक बलतां देखीने एवुं कहेवामां आवे छे के पर्वत बलेछे. तेमज पाणीना वासणमांथी पाणी श्रवतुं देखीने कहेके पाणीनुं वासण श्रवेछे. इत्यादिक व्यवहारसत्य कहेवायछे.

आठमुं भावसत्य. ते ज्यां पांचे वर्णनो संभव छतां जे वर्णनी अधिकता होय ते वर्ण कहेवो. जेम भ्रमरमां पांचेवर्ण छतां श्याम कहेवायछे. तेमज बलाहिकाने उज्वल कहेवाय छे. ए भाव सत्य जाणवो.

नवमुं योगसत्य. ते जेम दंमना योगथकी दंमी कहेवाय. छत्रना योगथकी छत्री कहेवाय. लिंगना योगथकी लिंगी कहेवाय. तेना अभावे तथा अछते पण एज कहेवाय. ते योगसत्य जाणवुं.

दशमुं उपमासत्य. ते जेम महोटुं तलाव देखीने कहिए के ए समुद्र जेवुं महोटुं तलाव छे. ते उपमासत्य कहेवायछे. ए दश प्रकारनी भाषा सत्य कही.॥ ८९८॥

हवे मुसत्ति एटले मृषाभाषाना दश प्रकार कहेछे. मूलः–कोहे माणे माया, लोहे पेज्जे तहेव दोसेय ॥ हास भये अरकाइय, उवघाए निस्सिया दसहा॥ ८९९ ॥ अर्थः– मृषाभाषा दश प्रकारे ते आवी रीते छे. एक क्रोधनिसृत, एमज मानादिक शब्दोनी साथे निसृत शब्द सर्वत्र जोडवो. ते आवीरीते क्रोधेकरी अदासने दास कही बोलावे. क्रोधनिःश्रृत आश्रयो थको जो बीजो कोइ सत्य भाषण करे तोपण ए जुतुंज माने. तेमज बीजुं माने करी पोते अधन थको धनवंत कहे ते मान निःसृत जाणवुं. त्रीजुं बीजाने वंचवाने अर्थे इंद्रजालियानी पेरे कहे ते

मायानिःसृत जाणवुं. चोथुं लोजेकरी वाणीयानी पेरे वस्तु क्रय विक्रय कर तां असत्य बोले, ते लोजनिःसृत. पांचमुं पिज्जेके० अति प्रेमथकी बीजाने क हे के, हुं ताहरो दासछुं, इत्यादिक बोलवुं ते प्रेमनिःसृत जाणवुं. छठुं दोसेय के० द्वेषेकरी गुणवंत पुरुषने निर्गुणी कहे ते द्वेषनिःसृत. सातमुं छती वस्तुने क हेके, अमे नथी दीठी ते हास्यनिःसृत. आठमुं चोरप्रमुखने मुखथकी अति असंबंध वचन बोले ते जयनिःसृत जाणवुं. नवमुं अरकाइयके० आख्यानने विषे एटले वखाणने विषे रसपोषण, करवाने अर्थे कांइक कल्पित वचनो बोल वा थकी आख्यायिकानिःसृत थाय. दशमी उवघाएके० अचोरने चोर कहेवो, एम कहेवा थकी तेने उपघात थाय तेथी ए उपघातनिःसृत जाणवुं. ए दशे प्रकारे मृषाजाषा जाणवी. ॥ ७९९ ॥

हवे सच्चामुसत्ति कहेछे. मूलः– उप्पन्न विगय मीसग, जीव अजीवेय जीव अजीवे ॥ तह मीसगा अणंता, परित्त अद्धाय अद्धा. ॥ ८०० ॥ अर्थः– इहां मिश्र शब्द सर्वत्र जोडवो. तेवारे अणउपन्यानी साथे संख्या पूरण करवाने अर्थे मिश्रपणे कहिये, तेमां प्रथम उत्पन्नमिश्रा ते आवीरीते. जेम नगरादिकनेवि षे अधिक न्यून पुत्रोनो जन्म थयो छतां एम कहेवामां आवेछे के, आज दशदीक रानो जन्म थयो. इत्यादि जाणवी. बीजी. एज रीते विगत एटले मृतक साथे मि श्रपणे कहेतां थकां विगतमिश्रजाषा थाय, जेम आजे अमुक गाममां दशनो विनाश थयो, एमज त्रीजी जन्म अने मृतक बंनेनो परिमाण अधिक न्यून कहे ते त्रीजी मिश्रताजाषा जाणवी. चोथी घणी जीवती अने थोडी मृतक थयेली एवी कृमी नी राशी देखी घणा जीवो कहे, अने एवुं कहेके, अहो आ केवडी मोटी जीवरा शी छे!!! एम जीवमिश्र चोथी जाषा जाणवी. पांचमी घणी कृमी मरण पामे ली छे अने थोडी जीवती छे ते देखी कहेके, ए अजीवराशी छे, एम कहेतां थकां अजीवमिश्र कहेवाय. छठी जीव अजीव एटले तेमज वली तेज रा शी देखी अधिक न्यून छते एम कहेके, एमांहे एटली कृमी मरण पामी ने एटली जीवेछे. ते जीवाजीवमिश्रता जाणवी. सातमी तहमीसगा एटले अनंत काय नो ढगलो पडयो थको ते तेना पत्रादिक साथे मिश्रछतां पण एवुं कहेके, आ अनंत कायनो ढगलो पडयोछे. तो ते अनंतमिश्रता जाषा जाणवी. आठमी तेमज प्रत्येक वनस्पति घणी होय, अने ते थोडी अनंत काय साथे मिश्र थये ली होय, तेम छतां एवुं कहेके, ए प्रत्येक वनस्पतिकायनो ढगलो पडयोछे. ते

प्रत्येकमिश्र नाषा जाणवी. नवमी अद्धा ते कालविशेष रात्र दिवस प्रमुख जाणवी. त्यां कोइएक बीजा कोइने उतावलथी दिवसछते एवुं कहेके, उठ उ ठ रात्र पडी. अमुक काम करवानुं छे, अथवा रात्रि छतां कहेके, उठ उठ ज लदी दिवसोदय थई चूक्यो. ए अद्धामिश्र नामे नवमी नाषा जाणवी. दशमी ते मज दिवस अथवा रात्री तेनो एक देश ते अद्धद्धामिश्रित नाषा जाणवी. जेम प्रथम पहोर वर्त्तमान छते कहेके, मध्यान्ह थयो. इत्यादिक जाणवी. ॥ ए०० ॥

हवे असच्चा मोसत्ति ए चोथी नाषा बार प्रकारे कहेछे. मूलः—आमंतणि आणव णी, जायणि तह पुछणीय पन्नवणी ॥ पच्चरकाणी नासा, नासा इछाणु लोमाय ॥ ए०१ ॥ अर्थः— आमंत्रण करिये के, हे देवदत्त इहां आव. इत्यादिक जे आ मंत्रण ते त्रण प्रकारे छे. प्रथम, जे कोइने न मले; पण केवल व्यवहार मात्र प्रवृत्तिने माटेज छे. ते साचो पण नही; ने जुठो पण नही, ते असत्य अमृषा जाणवी. बीजी आज्ञा आपिये ते आज्ञापनी. त्रीजी जायणीके०कोइ एक कोइ पासेथी मागे. चोथी आगलाने पूछीये ते पूछणी. पांचमी नव्यजीवोने उपदेश देतांथकां एम कहेवाय के, जे प्राणी प्राणवध थकी निवृत्ते, ते नवांतरे सुखपामे. एनुं नाम प्रज्ञापनी. छठी निषेध वचन बोले ते प्रत्याख्यानी नाषा जाणवी. सातमी कोइएक कोइ कार्य करवाने प्रवृत्ते अने कोइ एकने पूछे तेवारे ते कहेके, मारे पण ते मान्य छे माटे तारी इछा आवे तेम तुं कर. ए इछा अनुलोमनाषा जाणवी. ॥ ए०१ ॥

मूलः— अणन्निग्गहियानासा, नासाय अनिग्गहंमि बोधवा ॥ संसयकरणी नासा, वोयड अवोयडा चेव ॥ ए०२ ॥ अर्थः— आठमी, घणां कामो करवानां होय अने कोइ पूछे के कयुं काम करुं? तेवारे कहेके तारे गमे ते काम कर. एम ज्यां कांइ कदाग्रह न होय ते अनन्निग्रहितनाषा जाणवी. नवमी, जे निश्चे थ की वचन बोलिये तेज करिए ए नाषा अनिग्रहिने विषे जाणवी. दशमी, सं शयिक एटले कोइये कोइने कह्युं के सैंधव लई आव अने सैंधव शब्दे लवण, वस्त्र, पुरुष, अश्व, प्रमुख कहेवायछे. एम विचारी सामाने संशय उत्पन्नथाय. ते संशयकरणीनाषा जाणवी. अग्यारमी, ज्यां बोलवा थकी वर्ण एटले अक्षर अ ने तेनो अर्थ तेपण प्रगट होय ते व्याकृत जाणवी. बारमी, तेमज जे अप्रगटप णे बोलिये ते अव्याकृत नाषा जाणवी. इति गाथा षट्कार्थ. ॥ ए०२ ॥

अवतरणः— वयण सोलसगंति एटले वचन सोलप्रकारनां तेनुं एकशोने चा लीसमुं द्वार कहेछे. मूलः—कालतियं वयणतियं, लिंगतिअं तह परोरक पच्चरकं ॥

उवणंय वणय चउक्कं, अप्नत्थं चेव सोलसमं ॥ ए०३ ॥ अर्थः–प्रथम कालत्रिक ते एक वर्त्तमाने करेछे ते. बीजो जूत ते जे पूर्वे कर्युं ते. अने त्रीजो जविष्य ते आगल करशे ते. वचन त्रिक. ते एक वचन, द्विवचन, ने बहुवचन. लिंगत्रिक ते पुरुष, स्त्री, ने नपुंसक लक्षण जाणवां. तेम परोक्षवचन, पच्चरकं के० प्रत्यक्ष वचन, उपनयअपनय वचन चार प्रकारे छे ते आवीरीतेः– उपनयगुण अने अपनय दोष. ते ज्यां बोलिये. जेम स्त्री स्वरूपवान छे परंतु कुशीलछे ते उपनय अपनयवचन जाणवुं. तथा कुरूपवान स्त्री छे परंतु सुशीलछे ते अपनयोपनय वचन जाणवुं. त्रीजुं, स्वरूपवान अने सुशील स्त्री ते उपनयोपनय वचन जाणवुं. चोथुं, कुरूपने कुशील स्त्रीछे ते अपनयोपनय वचन जाणवुं. ए पन्नर थया अने सोलमु अप्नत्थंके० अध्यात्मवचन ते मनमां एक होय अने बीजाने फसाववाने अर्थे बीजुं कहे ते सोलमुं अध्यात्मवचन जाणवुं. इतिगाथार्थ. ॥ए०३॥

अवतरणः– मासाण पंचजेयत्ति एटले मासना पांच जेदोनुं एकशोने एक तालीसमुं द्वार कहेछे. मूलः– मासाय पंचसुत्ते, नरकत्ते चंदिउंय रिउमासो ॥ आइच्चोविय अवरो, निवड्डिउं तहय पंचमउ ॥ ए०४ ॥ अर्थः– सूत्र जे श्री अरिहंत परमात्मानुं प्रवचन तेने विषे मास पांच कह्याछे. तेमां प्रथम जे नक्षत्रनी गणनाये थाय तेनी रीत कहेछेः– चंद्रमा चारके० संचरतो जेटले काले अनिजीतादिकथी विचरतो उत्तराषाढा नक्षत्र सुधी जाय तेने प्रथम नक्षत्रमास कहिये. बीजो चंदिउंयके० चंद्रथकी थाय ते अंधारा पडवा थकी आरंजीने अजवाली पूर्णिमा सुधी चंद्रमास केहेवाय. त्रीजो रिउंके० रुतु ते लोक रूढिये साठ अहोरात्रीये रुतु कहिये. तेनो अर्द्धमास एटले त्रीस अहोरात्री प्रमाणनो ते रुतुमास जाणवो. चोथो, आदित्य जे सूर्य तेहनुं अयन एकशो ने त्र्यासी दिवसनुं होय. तेनो छठो जाग ते आदित्यमास कहिये. पांचमो, अनिवर्द्धित ते तेर चंद्रमासे थाय. बार चंद्रमासे संवत्सर जाणवो; परंतु जेवारेएक वधे तेवारे तेने अनिवर्द्धित मास कहिए.

एनुंज प्रमाण विशेष देखाडे छे. मूलः– अहरत्त सित्तवीसं, तिसत्त सत्तढिजागनरकतो, ॥ चंदोअ उणत्तीसं, बसठिजागाय बत्तीसं ॥ ए०५ ॥ अर्थः– सत्तावीस अहोरात्री अने एक अहोरात्रीना शमसठ जाग करिये तेवा एकवीस जागे अधिक एक नक्षत्र मासथाय. अने मासना उगणत्रीस अहोरात्री तेना उपर एक अहोरात्रीना बासठ जाग करिये, एवा बत्रीस जागे अधिक एक चंद्रमास थाय.

मूलः– उउमासो तीसदिणो, आइच्चोवि तीस होइ अर्द्धंच ॥ अनिवड्डि उंअमा

सो, चउवीस सएण ठेएण ॥ ए०६ ॥ अर्थः— ऋतुमास ते संपूर्ण त्रीसदिवस प्रमाणनो जाणवो. तथा आदित्यमास ते त्रीस दिवस अने उपर एक दिवसना साठिया त्रीस नाग करिये तेटला प्रमाणनो जाणवो. अने अनिवर्द्धित मास ते चउवीसे अधिक एकशत ठेद एटले नाग. तेज देखाडेछे. ॥ ए०६ ॥

मूलः— नागाणिग वीससयं, तीसाएगाहिया दिणाणंच ॥ एए जह निप्पत्तिं, लहंति समयाउ तह नेयं ॥ ए०७ ॥ अर्थः— ते पूर्वोक्त एकशोने चोवीस नाग एक अहोरात्रना करिये तेवा एकशो एकवीस नाग अने एक दिवसे अधिक त्रीस एटले एकत्रीस दिवस. अर्थात् एकत्रीस दिवस ने एक अहोरात्रीना एकशो चोवीस नागमांहेला एकशोने एकवीस नाग उपर, एटलुं अनिवर्द्धित मासनुं प्रमाण जाणवुं. एरीते ए पांचमासनी जेम निःप्पत्ति एटले प्राप्ति थायछे ते समय के० सिद्धांत थकी जाणवी. इतिगाथा चतुष्टयार्थः. ॥ ए०७ ॥

अवतरणः— वरिसाण पंचनेयत्ति एटले वर्षना पांच नेदनुं एकशोने बेतालीसमुं द्वार कहेछे. मूलः— संवछराउ पंचउ, चंदेचंदेनिवड्ढिए चेव ॥ चंदेनिवड्ढिए तह, बिसठिमासेहिं जुगमाणं ॥ ए०८ ॥ अर्थः— चंद्रादिक संवत्सर पांच कह्याछे. तेमां पूर्वोक्त चंद्रमासे जे नीपन्यो ते चंद्र संवत्सर जाणवो. तेनुं प्रमाण त्रणशें चोपन दिवस अने एक दिवसना बासठ नाग करिये तेवा बार नाग उपर जाणवा. तेमज बीजा चंद्रसंवत्सरनुं पण मान जाणवुं. हवे चंद्रसंवत्सरथी एक अधिक मास थाय एटले तेने अनिवर्द्धित संवत्सर जाणवो. तेनुं प्रमाण त्रणसे त्र्यासी दिवस अने एक दिवसना बासठ नाग करी तेमांना चुमालीश नाग एवो एक अनिवर्द्धितसंवत्सर जाणवो. एकत्रीश अहोरात्र अने एक दिवसना एकशो चोवीस नाग करिये ते मांहेला एकशो एकवीस नाग उपर, ए अनिवर्द्धित मासनुं मान जाणवुं. हवे पूर्वोक्त माने अनिवर्द्धित संवत्सर बे अने चंद्रसंवत्सर त्रण एवा पांच संवत्सरे एक युगमान थायछे. ते बासठ चंद्रमास प्रमाणक छे. सारांश. एक युगमां त्रण चांद्र संवत्सर. ते चांद्रसंवत्सरना प्रत्येक बारमास मली छत्रीश चांद्रमास अने बे अनिवर्द्धित संवत्सर. तेमां एक अनिवर्द्धित संवत्सरना तेर चांद्रमास. ए प्रमाणे बीजा वरसना पण तेर मली एकंदर छवीस मास अने पूर्वोक्त चांद्रमास छत्रीश मलीने बासठचांद्रमासे एक युगनुं मान थाय. ॥ए०८॥

अवतरणः— लोगसरूवंति एटले लोकना स्वरूपनुं एकशो ने तेतालीशमुं द्वार प्रगट करतो कहेछे. मूलः— माघवईइतलाइ, ईसीपप्ना रउवरिमतलंजा ॥

चउदसरज्जूलोगो, तस्साहोविछरे सत्त ॥ ए०ए ॥ अर्थः– माघवति जे अलोकने फरसेछे. सर्व अधस्तन नाग तेथकी मांमीने सिद्धसिलानो उपरलो नाग त्यांसुधी चउद राज मान लोकछे. तेने अधस्तन नागे विस्तारपणे जोइये. तेवारे सातराज कांइक उणाछे. परंतु सूत्रकारे अल्पपणाने लीधे तेनी विवक्षा करी नथी॥.ए०ए॥

मूलः– उवरिं पएसहाणी, ता नेया जीवनूतले एगा ॥ तयणुप्पएसवुड्ढी, पंचमकप्पंमि जा पंच ॥ ए१० ॥ अर्थः–त्यांथकी एटले ते अधस्तन प्रदेशथकी आरंनीने जेम जेम अंगुलनो असंख्यातमो नाग उंचा जइये, तेम तेम प्रदेश प्रदेशनी हाणी जाणवी. ते ज्यांसुधी संनूतला पृथ्वी एकराजनीछे त्यांसुधी जाणवी. तयणुके० तेवारपछी वली अंगुलने असंख्यातमे नागे वृद्धि जाणवी. ते ज्यांसुधी पांचमो देवलोक पांचराजनोछे, त्यांसुधी जाणवी. ॥ ए१० ॥

मूलः– पुणरवि पएसहाणी, सिद्धिसिलाएएक्कगा रज्जू ॥ घम्माए लोगमज्ञे जोयण असंखकोमीहिं ॥ ए११ ॥ अर्थः– पुनरपिके० वली ते पांचमा ब्रह्म देवलोक थकी प्रदेशनी हाणी थायछे. पहेलानी परे अंगुलने असंख्यातमे नागे प्रदेश घटे ते ज्यां सीम सिद्धसिला एकराजनी आवे त्यां सीम जाणवी. घम्मा के० रत्नप्रना पहेली पृथ्वी तेहने समनूतले अधोनागे असंख्यात योजननी कोडी उलंघी जाइये त्यां लोकनो मध्यनाग आवे. ॥ ए११ ॥

मूलः– हिछा होमुहमल्लग, तुल्लो उवरिंतु संपुम् विआणं॥ अणुसरय मल्लगाणं, लोगो पंचछिकायमउ ॥ ए१२ ॥ अर्थः– लोकने अधोनागे अधोमुख सरावलाने आकारे ते उपर वली संपुटने आकारे एटले एक सरावलुं तेना उपर बीजुं उंधुं सरावलुं दइये ते संपुट आकार स्थित के० रह्या जे सरावला तेने अनुंसारें आकार थाय. एम मल्लकने आकारे ए लोक जे पंचास्तिकाय मय ते होयछे.॥ए१२॥

मूलः–तिरियं सत्तावन्ना, उड्ढंपंचेव होंति रेहाउ ॥ पाएसु चउसुरज्जू, चउदसरज्जू य तसनाडी ॥ ए१३ ॥ अर्थः– तिरछी सत्तावन रेखा अने उन्नी पांच रेखा थाय. एम करतां प्रवाहे चार खांमूए एकराज अने चउदराज प्रमाण त्रसनाडी थायछे.

मूलः– तिरियं चउरो दोसुं, छहोसुंअठ दसयएक्केक्के॥बारस दोसुं सोलस, दोसुं वीसाय चउसुंपि ॥ ए१४ अर्थः–रुचक समनूतलाना नाग थकी उंचो बेहु पंक्तिये उगणत्रीस रेखा थकी उपरे तिरछा चार चार खांडूआ. तेमां चार त्रसनाडी मध्यगत होय. त्यां त्रसनाडी बाहिरे खांमवा नथी. तेवारपछी उपरनी बे पंक्तीनेविषे छ छ खांमूआ थाय. तेमां चार त्रसनामी मध्यगत जाणवा, अने त्रसनाडीनी बाहेर एक एक

एटले बे पमखामां एक एक. पछी एक एक पंक्तिमां वली आठ खांमूआ, त्यां बन्ने पासे बे बे खांडुआ वध्या. तेथी पछी वली दसयके० दश खांडुआ थया. त्यां बेहुपासे त्रण त्रण वध्या, ए एकेक पंक्तिये वध्या. पछी वली बार थया. बेउ पंक्तिने विषे चार चार खांडुआ बेउ पासे वध्या. पछी बेउ पंक्तिने विषे शोल शोल, त्यां छ छ वध्या. पछी चार पंक्तिने विषे वीस वीस खांडुआ त्यां चारे पंक्तिने विषे आठ आठ बाहेर वध्या. एम ऊर्ध्वलोकने विषे चउद पंक्तिये यथा संभवे वधता खांडुआ कह्या. ॥ ए१४ ॥

मूलः— पुणरवि सोलस दोसुं, बारस दोसुं पि होइ नायवा ॥ तिसु दस तिसु अठ छाय दोसुं दोसुंपि चत्तारि ॥ ए१५ ॥ अर्थः— वली उपरली बे पंक्तिउने विषे सोल सोल. वली बेउ पंक्तिने विषे बार बार होय ते जाणवा. पछी त्रण पंक्तिने विषे दश दश, वली त्रण पंक्तिने विषे आठ आठ तथा छछदोसुं के० बे पंक्तिनेविषे छ छ. वली बे पंक्तिनेविषे नाडीमां रहेला चार चार खांडुआ जाणवा. एटले ऊर्ध्व लोकनी वात कही. ॥ ए१५ ॥

हवे अधोलोके सात नरक पृथ्वीने विषे ऊर्ध्व अने अधोभागे जे खांडुआ छे ते कहेछे. मूलः— उयरिय लोय मज्ज, चउरो चउरोय सवहिं नेया ॥ तिग तिग डुग डुग एक्केक्क गोय जा सत्तमी पुढवी ॥ ए१६ ॥ अर्थः— उयरिट के० नीचे रुचकना मध्यभागथकी आरंभी चार चार खांडुआ सर्व साते पृथ्वी त्रसनाडीनी मांहे ऊर्ध्व अधोभागे जाणवा. त्रसनाडीनी बाहेर द्वितीयादिक पृथ्वीने विषे अनुक्रमे त्रण त्रण बे बे अने एक एक खांडुआ जाणवा. ते ज्यां सुधी सातमी पृथ्वी प्राप्त थाय, त्यांसुधी जाणवा. रत्नप्रभाये त्रसनाडीनी बाहेर खांमूआनो अभाव छे. त्यारपछी बीजी शर्कराप्रभाये उपरना तलनो आरंभ करी दक्षिण वाम भागनेविषे प्रति पंक्ति तीर्यक एवा त्रण त्रण खांडुआ ऊर्ध्व अधोभागे करी जाणवा. ते सातमी पृथ्वीना अधोभागसुधी जाणवा.

त्रीजी वालुकाप्रभाना ऊर्ध्वभागनो आरंभ करी बंने बाजुने विषे खांडुआ त्रण त्रणनी आगल वली त्रण त्रण खांडुआ जाणवा. ते सातमी पृथ्वी पर्यंत. पछी पंकप्रभाना ऊर्ध्वभागनो आरंभ करी बंने बाजुने विषे पूर्व खांडुआनी आगल बे बे खांडुआ जाणवा. ते सातमी पृथ्वी पर्यंत. पछी धूम प्रभाना ऊर्ध्वभागनो आरंभ करी बंने बाजुने विषे बबे खांडुआ जाणवा ते सातमी पृथ्वी पर्यंत. पछी तमःप्रभानो आरंभ करी बंने बाजुने विषे एक एक खांडुओ जाणवो ते सा

तमी पृथ्वी पर्यंत. पछी सप्तम पृथ्वीने विषे पूर्वें कहेला खांडुआनी आगळ दरेक पंक्तिने विषे एक एक खांडुउं थाय छे. एम उपर थकी नीचे आवतां जे खांडुआ थया ते कह्या. ए प्रमाणे अधोलोकने विषे ऊर्ध्व अने अधोजागे खांडुआ कह्या.

हवे नीचे थकी उपर जातां जेम वृद्धि थाय तेम देखाडेछे. मूलः— अडवी सा छवीसा, चउवीसा, वीस सोल दस चउरो ॥ सत्तासुं पुढवीसुं, तिरियं खंडुय गपरिमाणं ॥ ९१७ ॥ अर्थः— अठावीस, छवीस, चोवीस, वीस, सोल, दश, ने चार ए सात पृथवीने विषे अनुक्रमे तिरछो खांडुआनो परिमाण कह्यो.॥९१७॥

हवे अर्द्ध ऊर्ध्व ए बन्ने लोकना खांडुआनो मान कहेछे. मूलः— पंचसयबा रसुत्तर, हेठा तिसयाउ चउर अब्भहिया ॥ अद्द उड्ढं अठसया, सोलहिया खंडुआ सवे ॥ ९१८ ॥ अर्थः— पांचशेंने बार खांडुआ हेठाके० नीचे अधोलोकनेविषे जाणवा. अने त्रणशें ने चार खांडुआ उंचा ऊर्ध्व लोकने विषे जाणवा, ए अर्द्ध ने ऊर्ध्व बेना मली आठशें सोल खांडुआ थाय. ॥ ९१८ ॥

अर्थः—तत्रके० त्यां असंप्राप्तमांहे प्रथम भेद ते अर्थ जे अणदीठेली स्त्रीप्रमुख उ पर गुणने सांभरवे करी अभिलाष मात्र थाय. बीजो भेद चिंताछे. ते स्त्रीना रू पादिक गुण कहेवा, एवा अनुरागेकरी चिंतवे ते चिंता जाणवी. त्रीजो भेद श्र द्धा ते तेना संगमनो अभिलाष, चोथो संभरण ते जेनी साथे प्रीतिभाव थाय. तेहुं रूप आलेखी जूवे; तेम तेम मनने प्रमोद उपजे, ते संस्मरण जाणवुं. पांचमो भेद विक्कवय, ते तेना विरहथी उत्पन्न थयला दुःखेकरी आहारादिक उपर निरपे क्षपणुं थाय. छठो लज्जानासो, एटले गुरु माता पितादिकना समक्ष पण तेना गु णनुं वर्णन करे. सातमो प्रमाद, ते तेनेज अर्थे सर्वकार्यनेविषे प्रवर्त्तवुं. आठमो उन्माद, ते शून्यचित्तपणे करी बोलवुं. नवमो तद्भाव, एटले जे थांभलो प्रमुखदे खीने जाणेके ए तेज स्त्रीछे; एवा भावथी तेने आलिंगन आपे. ॥ ७७ ॥

मूलः—मरणं च होइ दसमे, संपत्तं पिअ समासउ वोछं॥ दिठीए संपाउ, दिठीसेवा यसंभासो ॥ ७८ ॥ अर्थः—दशमो मरण एटले सर्वथा प्राणत्यागलक्षण कहिये. ते इहां न कहेवुं. केमके तेना केहेवा थकी शृंगाररसना भंगनो प्रसंग थायछे. तेथी इहां मरणतो नही पण मरणतुल्य अवस्था ते निश्चेष्टपणेकरी कांइ जाणे नहीं, एवो थइ रहेछे. ए दशमो भेद जाणवो. हवे संप्राप्तपणे तेना समाके० संक्षेपे करी चउदभेद कहुंछुं. तेमां प्रथम, दिठके० लोचन तेनो संपात ते आवीरीते जे, स्त्रीना नयन वदन कुचादिक देखी सराग दृष्टिये तेनी सन्मुख जोवुं, ते दृष्टिसंपात, बीजो दृष्टिसेवा, ते स्त्रीना हाव भाव तेणेकरी प्रधानपणे स्त्रीनी दृष्टिसाथे पोतानी दृष्टिनुं मेलववुं. त्रीजो संभासो, ते उचितकालनेविषे स्त्रीनीसाथे कंदर्पनी वातो करवी.

मूलः—तहसिअ ललिउव गूहिअ दंत नहनिवाय चुंबणं चेव॥ आलिंगण मादा णं, करसेवणा णंगकीडाय ॥ ७९ ॥ अर्थः—चोथो हसिय ते वक्रोक्ति पूर्वक हा स्यनुं करवुं. पांचमो ललित एटले पासा प्रमुखे करी रमत करवी. छठो उपगूढ, एटले आकरां आलिंगन आपवां. सातमो दंतपात एटले अधरनेविषे दांतना घात करवा. आठमो नहनिवाय एटले स्तनने विषे नखघात करवा. नवमो चुंबन ते मुखसाथे मुखनुं मेलववुं. दशमो आलिंगन ते लगारेक स्पर्श करवो. अग्यारमो आदान एटले स्तनादिकनुं ग्रहण करवुं. बारमो कर शब्दे सुरतना आरंभनो यंत्र चोराशी भेद जे वात्सायनशास्त्रमां प्रसिद्धछे ते करवा. तेरमो आसेवन, क्रियानो आरंभ करवो. चउदमो अनंग ते क्रीडा प्रमुख संभोग टालीने अनेरे अंगे अर्थनी क्रियानुं करवुं. ॥ ७९ ॥ इतिगाथा चतुष्टयार्थ.

अवतरणः– दसपाणत्ति एटले दश प्राणनुं एकशोने सीतेरमुं द्वार कहेछे. मूलः–इंदिय बल ऊसासा, पाण चउछक्क सत्तअठेव ॥ इगविगल असन्नि सन्नी, नवदसपाणाय बोधव्वा ॥७०॥ अर्थः–इंद्रिय ते स्पर्शन, रसन, घ्राण, चक्षु, अने श्रोत्र लक्षण पांच जाणवी. मनोबल, वचनबल ने कायबल ए त्रण बल जाणवां ए आठ थया. नवमो श्वासोश्वास, दशमुं आयुष्य, ए दशमांहे अनुक्रमे एकेंद्रिने चार, बेइंद्रियने छ, तेंद्रियने सात, चउरेंद्रियने आठ, असन्नी पंचेंद्रियने नव, अने संज्ञीपंचेंद्रियने मनोबले सहित दश प्राण थाय, एनो भावार्थ सुगमछे. एरीते दश प्राण जाणवा. ॥७०॥ इतिगाथार्थ ॥

अवतरणः–दस कप्प डुमत्ति एटले दशप्रकारना कल्पवृक्षनुं एकशो ने एकोत्तरमुं द्वार कहेछे. मूलः– मत्तंगयायभिंगा, तुडियंगा दीव जोइ चित्तंगा ॥ चित्तरसामणियंगा, गेहागारा अणियणाय ॥ ७१ ॥ अर्थः– एक मत्तांगद बीजो भृगांग त्रीजो त्रुटितांग चोथो दीपांग, पांचमो ज्योतिरंग, छठो चित्रांग सातमो चित्ररस, आठमो मण्यंग, नवमो गृहाकार अने दशमो अणियणा. एनां ए सामान्यपणे नाम कहीने हवे विस्तारे सूत्रकार गाथाये करी वखाणेछे. ॥ ७१ ॥

मूलः– मत्तंगएसु मज्जं, सुहपेज्जं भायणाय भिंगेसु ॥ तुडियंगेसुय संगय, तुडियाइं बहुप्पयाराइ ॥ ७२ ॥ अर्थः–मत्त शब्दे मद तेनुं अंग के० कारण, जे मदिरा, तेने जे आपे तेने मत्तंगद कहिये. तेनेविषे जे मद थाय ते केवो थाय? जेने सुहपेज्जं के० सुखे पीजीये एटले पान करिये. इहां ए भाव जे मत्तांगद नामा कल्पवृक्षने विषे जे फल थाय, ते विशिष्ट, बल, वीर्य, अने कांतिना हेतु थाय. विस्रसा परिणामे सुगंध, अनेक प्रकारनी मनोहर मदिराये करी संपूर्ण एवां फल फूटी फूटी तेमांथी मदिरा झरे. बीजो भृतके० भरवुं तेनां अंगजे वासण, तेने जे आपेछे ते भृतांग कहिये. केमके भरवानुं काम वासण विना थाय नही. ते वासणनां संपादक जे वृक्ष ते भृतांग जाणवां. जेम इहां मणी कनक रजत प्रमुखनां अनेक प्रकारे भाजन देखायछे तेम विस्रसा परिणामे अनेक प्रकारना थाल, कचोला, कलसीया करवा प्रमुख भाजन तेणे करी शोभेछे. जेम अन्य वृक्षो फलेकरी शोभेछे तेम ए वृक्ष, भाजने करी शोभेछे. त्रीजु त्रुटित शब्दे वाजित्र, ते तूर्य प्रमुख, तेना अंग प्रतिकार तेने विषे संगत मांहोमांहे जेने. जेनो शब्द संबंधपणे होय. एम वीणा पमह कंसाल कायली प्रमुख फल तेणेकरी विराजमान ते त्रुटितांग कहिये.

मूलः– दीवसिहा जोइस नामगाय एएकरेंति उज्जोयं ॥ चित्तंगे सुयमल्लं, चित्तर

साजायणङ्गए ॥ ७३ ॥ अर्थः—इहां दीप, ज्योति ने चित्र ए त्रणेने आगल अंग शब्द जोडिये; तेवारे दीपांग ज्योत्यंग ने चित्रांग एवा शब्द थाय. तेमां दीपांग चोथुंछे, ते कहेछे. दीप शब्दे प्रकाशनो करनार पदार्थ जाणवो. जेम इहां दीवी सुवर्णमय घणा तेजथी अने शबलवाटे करी दीपती देखायछे. तेम विस्रसा परिणामे करी प्रबल अजवालुं करतां रहे ते वृक्ष दीपांग नामे जाणवां, एक आचार्य वली दीपकनी शिखानीपरे रह्यां थकां दीपतां देखायछे तेने दीपशिख वृक्ष एम पण कहेछे. पांचमो ज्योति शब्दे अग्नि तेतो सुषमसुषमाने विषे थाय नहीं. तेमाटे जे ज्षणने प्रकाशक वस्तु सूर्यना मांमलानी परे पोताना तेजे करी प्रकाश करे ते ज्योत्यंग नामे कल्पवृक्ष जाणवुं. छगो चित्र शब्दे, विवक्षा प्रधानपणाथकी माल्य तेनां जे अंग एने विषे माला ते अनेक प्रकारना सरस सुरजि कुसुमे करी निस्पन्न एवी थाय. तेथी ए चित्रांग नामा कल्पवृक्ष जाणवुं. सातमो चित्ररस शब्दे नानाप्रकारना रस जे मधुरादिक, ते अति विशिष्ठ दाल. शालि, घृत, पक्वान, तीमण अने विविध प्रकारना घोल प्रमुख अपरिमित स्वादिष्टगुणेकरी सहित, जे इंड्रियो तेने कारणे थाय. एटले इंड्रियोने बल अने पुष्टिनी वृद्धिना करनार महा मनोहर जे खाद्य जोज्य पदार्थ तेणेकरी जरेला जे फलनां मध्यजागो तेवा फले करी विराजमान थकांज सर्वदा रहेछे, तेनुं नाम चित्ररस कल्पवृक्ष कहिये. ॥ ७३ ॥

मूलः—मणियंगेसुयजूसण वराइजवणरुक्खेसु ॥ तह अणियणेसुधणियं, वत्थाइं बहुप्पयाराइ ॥ ७४ ॥ अर्थः—आठमो मणीशब्दे रत्न जाणवुं तेणेकरी प्रधान जे आजरण, तेनां अनेक प्रकारनां अंग जे कारण ते छे जेनेविषे, तेने मण्यंग कहिये. एने विषे वरके० प्रधानजूषण एवां अनेक प्रकारनां कटक केयूर कुंमल चूडा रत्न मुड्रिका प्रमुख आजरणना विशेष विस्रसा परिणामने पामी थाय. तेमाटे एने मण्यंग वृक्ष कहिये. नवमो गेह शब्दे घर कहिये, तेनी पेरे छे आकार जेनो, तेने कहिये गृहाकार, एवे नामे जे जुवनवृक्ष त्यां विस्रसाने परिणामे करी ने उंचा आवास तेना उपरे सुखे चडवाने अर्थे पावडीउं, विचित्र चित्रसाला युक्त तेमां अनेक प्रकारे गोखला जालि छाजा वलि, तोरण मंमप, पडसी तावरा ने फरसबंधी ए सहित तल तेणेकरी शोजायमानछे, तेने गृहाकार कहिये, अने जवन वृक्षपण कहिये. तहके० तेमज दशमो अणियणेसु कहेतां अणीयण कल्पवृक्ष तेनेविषे धणीयं के० अत्यर्थे वस्त्र धवलां प्रमुख अनेक प्रकारनां थाय. इहां ए जावजे एनेविषे विस्रसा परिणामे अतिसूक्ष्म सुकुमाल देवदूष्य समान

महामनोहर अत्यंत निर्मल कांतिनां धरनार एवां वस्त्र थाय. एनेविषे निवास करनार जे युगलिया ते नग्न क्यारे पण न थाय. तेथी बीजुं ए वृक्षनुं अनग्नक एवुं पण एनुं नामछे. ॥ ७४ ॥ इति गाथार्थ ए दश कल्पवृक्षनुं द्वार वखाएयुं.

अवतरणः–नरत्ति एटले सात नरकनां नाम अने गोत्रनुं एकशोने बहुतेरमुं द्वार कहेछे. मूलः–घम्मा वंसा सेला, अंजणरिष्ठा मघायमाघवई ॥ नरयपुढवीण मानाइं, हुंति रयणाइं गोत्ताई ॥ ७५ ॥ अर्थः–घम्मा, वंशा, शैला, अंजना, रिष्टा, मघा अने माघवती ए सात नरक पृथ्वीनां नामछे. ते क्रमेकरी कह्यां. त्यांजे अर्थ रहित अभिधान ते नाम कहिये. अने रत्नप्रभादिक ए एनां गोत्र कहिये. केमके जे अर्थ सहित होय तेने गोत्र कहेछे. तेज आगली गाथाये देखाडेछे. ॥ ७५ ॥

मूलः–रयणप्पह सक्करपह, वालुअपह पंकपहनिहाणाउ ॥ धूमपहतमपहाउ तह महातमपहापुढवी ॥ ७६ ॥ अर्थः–प्रथम घम्मानामे पृथ्वी तेनुं रत्नप्रभा एवे नामे गोत्रछे. त्यां रत्न जे कर्केतनादिक तेनी प्रभा ते बहुल पणे ज्यांछे तेथी रत्नप्रभा कहिये. एम शेषना पण नामार्थ जाणवा. बीजी शर्कराप्रभा, त्रीजी वालुकाप्रभा; चोथी पंकप्रभा ए नामे गोत्र जाणवां. प्रभानुं बहुलपणु सर्वत्र कहेवुं. पांचमी धूमप्रभा, छठी तमप्रभा, तेमज सातमी महातमप्रभा पृथ्वी जाणवी. इहां तमनाम अंधकारनुं छे. ॥ ७६ ॥ इति गाथा द्वयार्थ.

अवतरणः–नेरइयाणआवासत्ति एटले नारकीना आवासनी संख्यानुं एकशोने तडतेरमुं द्वार कहेछे. मूलः–तीसायपणवीसा पन्नरस दस चेव तिन्निय हवंति ॥ पंचूणसयसहस्सं, पंचेवअणुत्तरा नरया ॥ ७७ ॥ अर्थः–त्रीसलाख नरकावासा घम्मानेविषे, पचीसलाख वंसानेविषे, पन्नर लाख शेलानेविषे, दश लाख अंजनानेविषे, त्रणलाख रिष्टानेविषे, पांचेऊणा एक लाख एटले नवाणुं हजार नवशेंने पंचाणुं अधिक मघानेविषे, अने सर्वोत्कृष्ट माघवतीनेविषे, पांच ज नरकावासा जाणवा. इहां आयुष्य अने वेदना ते सर्वोत्कृष्ट छे तेना सद्भावथकी उत्कृष्ट शब्द कह्यो. ॥ ७७ ॥ इतिगाथार्थ.

अवतरणः–वेयणत्ति एटले साते नरकने विषे वेदना संबंधीनुं एकशोने चूमोत्तरमुं द्वार कहेछे. मूलः–सत्तसु खित्तसहावो, अणोन्नदिरया य जा छठी ॥तिसु आइमा सुवियणा, परमाहम्मि असुरयाय ॥ ७८ ॥ अर्थः–साते, नरक पृथ्वीने विषे, क्षेत्रस्वभाव एटले क्षेत्रथकी उत्पन्न थयेली जे वेदना ते थाय. बीजी अन्योअन्य मांहोमांहे उदीरि लीधेली वेदना ते बे प्रकारे थाय छे. तेमां एकतो प्रहर

एकरी नारकी मांहोमांहे वढवाड करे ते, प्रहरणनी करेली वेदना पांचमी नरक पृथ्वीसुधी थाय. अने बीजी शरीरनी करेली वेदना; छठी नरकपृथ्वीसुधी होय. अने आदिमके० धुरली त्रण पृथ्वीनेविषे परमाधामिक देवोनी करेली वेदना पण थायछे. इतिगाथार्थ ॥ ७७ ॥

अवतरणः—आउत्ति एटले नारकीना आयुष्यनुं एकशोने पंचोतेरमुं द्वार कहेछे. मूलः—सागरमेगंतिअसत्त दसय सत्तरस तहय बावीसा ॥ तेत्तीसं जाव ठिई, सत्त सु पुढवीसु उक्कोसा ॥७७॥ अर्थः—प्रथम नरकपृथ्वी रत्नप्रजा छे. त्यां एक सागरो पमायु बीजीये त्रण सागरोपम, त्रीजीये सात सागरोपम, चोथीये दशसागरोपम पांचमीये सत्तर सागरोपम, तेमज छठीये बावीस सागरोपम, अने सातमीये तेत्री श सागरोपमायु जाणवुं. ए स्थिति सात नरक पृथ्वीने विषे उत्कृष्टि कही.॥७७॥

मूलः—जा पढमाए जेठा, साबीआ एक णिठिआ जणिआ॥तरतमजोगोएगो, दस वास सहस्स रयणाए ॥ए०॥ अर्थः—जे प्रथम नरके उत्कृष्टि स्थिति एकसागरो पमछे, ते बीजी नरके कनिष्ठ एटले जघन्य जाणवी. एम आगली नारकीओनेवि पण पाछलीए उत्कृष्टि स्थिति ते आगलीये जघन्य जाणवी. ए तरतम योग्य जा णवो. अने पहेली रत्नप्रजापृथ्वीए जघन्य स्थिति दशहजार वर्षनी जाणवी.

अवतरणः—तणुमाणंति एटलेशरीरना माननुं एकशोने छोत्तेरमुं द्वार कहेछे.मूलः— पढमाए पुढवीए, नेरइयाणं तु होइ उच्चित्तं॥सत्तधणु तिन्निरयणी,छच्चेवय अंगुला पु स्सा ॥ ए१ ॥ अर्थः—पहेली नरक पृथ्वीये नारकीओनुं उच्चपणु एटले देहमान, सात धनुष्यने त्रण रयणीके०हाथ, तथा छ आंगुल उपर एटलुं देहमान थायछे. एने अतिदेशे बीजी नरकपृथ्वीए पन्नर धनुष्य, बे हाथ ने बार आंगल, त्रीजीए, एकत्रीश धनुष्य ने एक हाथ, चोथीए साडीबाशेठ धनुष्य, पांचमीए सवासो धनु ष्य, छठीए अढीसे धनुष्य. ॥ ए१ ॥

मूलः—सत्तमपुढवीए पुण, पंचेव धणुस्सयाइ तणुमाणं ॥ मझिमपुढवीसु पुणो, अणेगहा मझिमं नेयं ॥ ए२ ॥ अर्थः—सातमी नरक पृथ्वीए वली पांचसे धनुष्य देहमानछे अने मध्यमपृथ्वीए तो वली जे पहेली पहेली पृथ्वीए देहमानछे, तेथी आगली आगली पृथ्वीए बमणुं बमणुं करतां उत्कृष्ट शरीर मान थाय. एम म ध्यम अनेक प्रकारेछे. ते प्रथम गाथाए देखाडयुं. ॥ ए२ ॥

हवे उत्तर वैक्रिय शरीर कहेछे. मूलः—जा जम्मि होइ जव धारणिज्ज अवगाहणा इ नरएसु ॥ सा डगुणा बोधवा, उत्तरवेउवि उक्कोसा ॥ ए३ ॥ अर्थः—जे नरक पृ

थवीए जे नवधारणिय अवगाहना थाय, तेने बमणी करीए तेवारे ते ते नरकने विषे उत्तरवैक्रिय तेटली जाणवी. ॥ ए३ ॥

मूलः—नवधारणिज्जरूवा, उत्तरवेउव्वियायनरएसु ॥ उगाहणाजहन्ना, अंगुलअ संखनागोय ॥ ए४ ॥ अर्थः—नवधारणीयरूप थकी, उत्तरवैक्रिय नरक नरकने विषे जघन्य अवगाहना अंगुलनो असंख्यातमो नाग ते उत्पत्ति समयनेविषेज होय.

अवतरणः—उप्पत्तिनासविरहोत्ति एटले उत्पत्ति नाश अने विरह कालनुं एक शो ने सीतोतेरमुं द्वार कहेछे. मूलः—चउवीसयंमुहुत्ता, सत्त अहोरत्त तह य पन्नरस॥ मासोय दोय चउरो, छम्मासा विरहकालोउ ॥ ए५ ॥ अर्थः—प्रथम नरक पृथ्वीए चोवीश मुहूर्त्त विरहकाल जाणवो. एटले एक नारकी उपन्या पछी बीजो उपजे तेनी वचमां विरह पडे, तो एटलो पडे. एम बीजी नरके सात अहोरात्री, त्रीजीए पन्नर दिवस, चोथीए एक, मास, पांचमीए बे मास, छठीए चारमास अने सातमीए छमासनो विरह काल जाणवो. ॥ ए५ ॥

मूलः—उक्कोसो रयणाइसु, सव्वासु जहन्नउ नवे समउ ॥ एमेवयउवट्टण, संखा पुण सुरसवरातुल्ला ॥ ए६ ॥ अर्थः—ए उत्कृष्टथी रत्नप्रनादिकने विषे विरहकाल कह्यो, अने सव्वासुके० सर्व पृथ्वीने विषे जघन्यथी एक समय विरह काल थाय. एमेवके० एप्रकारे उद्वर्त्तना विरह तेपण एक नारकी उद्वर्त्या पछी विरहपडे तो; एटलोज जाणवो. अने ए उत्पत्ति तथा उद्वर्त्तनानी जे संख्या ते देवोनी परे जाणवी. ते इगडुति संखमसंखा, एगसमये हुंतिहुचवंति इत्यादिक जाणवुं. ॥ ए६ ॥

अवतरणः—लेसाउत्ति एटले नारकीनेविषे लेश्यानुं एकशोने अठोत्तरमुं द्वार कहेछे. मूलः—काऊकाऊ तहकाऊनील नीलायनील कन्हाय ॥ कण्हाय तहा एवं, सत्तसु पुढवीसु लेसाउ ॥ए७॥ अर्थः—पहेली पृथ्वीए कापोत लेश्या, अने बीजीए पण कापोत लेश्या, त्रीजीए उपरले नरकावासे कापोत लेश्या, अने नीचले नरकावासे नील लेश्या जाणवी. चोथीए नील लेश्या, पांचमीए उपरना नरकावासे नील अने नीचेना नरकावासे कृष्ण लेश्या, छठीये तथा सातमीए कृष्ण लेश्या छे; परंतु छठी थकी सातमीए अत्यंत कृष्ण लेश्या जाणवी. एरीते सात पृथ्वीने विषे लेश्या जाणवी.

अवतरणः— अविहित्ति एटले नारकीने विषे अवधिज्ञाननुं एकशो ने उगणएंसीमुं द्वार कहेछे. मूलः—चत्तारि गाउआई, अछुठाइंति गाउअं चेव ॥ अड्डाइज्जा दोणिवि, दिवड्ढमेगंच नरएसुं ॥ए८॥ अर्थः—पहेली पृथ्वीये चार गाउ अवधि ज्ञान थाय, एम बीजीए साडात्रण गाउ, त्रीजीए त्रण गाउ, चोथीए अढीगाउ,

पांचमीए बेगाउ, छठ्ठीए दोढगाउ, अने सातमीए एकगाउ. ए सात पृथ्वीए अ वधिज्ञान जाणवुं. एम बार गाथाए करी सात द्वार कह्यां. ॥ ए७ ॥

अवतरणः—परमाहमित्ति परमाधामिकना स्वरूपनुं एकशोने एंसीमुं द्वार कहे छे. मूलः—अंबे अंबरिसीचेव सामेया सबलेइयं ॥ रुद्दोव रुद्दकालेय, महाकालेत्ति आवरे ॥एए॥ असिपत्ते धणू कुंभी, वालूवेयरणीइय ॥ खरस्सरे महाघोसे, पन्नरस परमाहमिआ ॥ १०० ॥ अर्थः—अंब आदेदेइने पन्नर परमाधामिकनां नामछे; ते क्रियाने अनुसारे जाणवां. ते आवीरीते. पहेलो अंब ते नारकीउने हणे, नीचा पाडे, उंचा आकाशे उछाले. ए अंब कहिये. बीजो जे नारकीने हणीने कातरणी संभासी प्रमुखनी साथे कडका करी, भठ्ठीमां पकववा योग्य करे ते, अंबरीख; इहां आंबरीख ते भठ्ठी कहिये; तेना संयोग थकी एनुं नाम पण अंबरीख छे. त्रीजो, जे राढू प्रमुखने प्रहारेकरी सातन पातनादिक करे, अने ते वर्णे श्या म छे. तेमाटे एनुं नाम पण श्याम छे. चोथो जे आंतरडूं काढे; हैया अने कलेजानुं विदारण करे अने वर्णे सबल काबरो थाय ते सबल नामे जाण वुं. पांचमु जे शक्ति कुंत अने तोमर तेणेकरी नारकीउने परोवे ते रौद्रपणाना योगे तेनुं नामपण रौद्र जाणवुं. छठ्ठो जे नारकीउना अंगोपांग भांगी नाखे; ते वली अत्यंत रौद्रपणाथकी, एनुं नाम उपरौद्र जाणवुं. सातमुं, जे कडाइ मां तावडी प्रमुखमां नारकीउने पकावे, तेमज एनो वर्णपण कालो होय, ते थी एनुं नाम काल कहिये. आठमुं अपरके० बीजा नारकीना न्हाना खं डकरी खवरावेय ने वर्णेपण महाकाला होय तेमाटे एनुं नामपण महाकाल जाणवुं. नवमो असि शब्दे खड्ग तेना आकारे पत्र, तेने वनके० विकुर्वि, पछी तेनेविषे रह्याजे नारकी, तेने ते असिपत्रने पातेकरी तिलतिल जेटला खंमकरे; तेमाटे एनुं नाम पण असिपत्र छे. दशमुं, जे धनुष्य साथे मूकी अर्द्धचंद्रादिक बा णेकरी नारकीना कान नाक प्रमुखनुं छेदन करे; तेथी एनुं नाम पण धनुष्य छे. इहां श्री जगवतिमांहे महाकाल पछी असिपत्र पछी कुंभ कह्योछे. तेमां जे खड्गेकरी तेउने छेदे ते असि, अने जे कुंभादिकमां पकवे ते कुंभ, बारमा जे कदंब फूल ने आकारे अने वज्रना आकारना भाजनो तेमां वैक्रिय तप्तवेलुनेविषे चणानी परे नारकीने शेके, माटे एनुं नाम पण वालुक छे. तेरमुं, जे विरूपके० मातुं छे तर ण जेनुं, ते त्रांबु जेवुं तपाव्युं होय ते थकी पण महाकलकलति रक्त लोहिये भ रेली नदी विकुर्वि तेमां नारकीउने जे कदर्थना करे, तेथी एनुं नाम पण वेतरण

छे. चउदमुं जे वज्रकंटके व्याप्त शाल्मली वृक्ष, त्यां नारकीउने आरोपी पुराणावस्त्र नी परे महाखर स्वरे आरडताने खेंचे, तेथी एनुं नाम पण खरस्वर. पन्नरमुं जे नयथ कीबीहीता नासता आरडता नारकीउनेपशुनीपरे वाडामां घाले तेनुं नाम महाघोषछे.

एरीते ए पन्नर जातना परमाधामिक, ते पूर्व जन्मनेविषे जे महाक्रूर कर्मना करनार, पापनेविषे रक्तछतां पंचाग्नि साधनरूप मिथ्यात्व कष्ट तप करी, रौद्र असुर संबंधिनी गतिनेविषे उत्पन्न थायछे, तेथी एनो एवोज स्वनाव होयछे के ते धुरनी त्रण नरकपृथ्वीनेविषे उत्पन्न थयेला नारकोउने त्यां आवीने अनेक प्रकारनी वेदना उदीरेछे, अने जेम इहां मेष महिष कूकडादिकने फूकावता जोइ देखनार ने हर्ष थाय; तेम तेउपण त्यां नारकीउने कदर्थना थती देखी हर्षित थया थका चेलोत्क्षेप अट्टहासादिक करे. घणुंशुं? पण जे ते परमाधामिकोने नारकीउने संताप करतां प्रीति उत्पन्न थायछे; तेवी प्रीति ते मनोहर नाटकना जोवाथ की तथा अंगना संनमादिकथी पण न थाय. इतिगाथा छयार्थ. ॥एए॥१००॥

अवतरणः— नरउवट्टाणलद्धि संनवोत्ति एटले नरकथकी उद्धर्यांने जेजे लब्धी नो संनव होय तेनुं एकशो ने एक्यासीमुं द्वार कहेछे. मूलः—तिसुतित्र चउत्रीए, केवलं पंचमीए सामन्नं॥ छहीए विरइविरइ, सत्तमपुढवीइसम्मत्तं॥१०१॥ अर्थः—प्रथम नी त्रण नरक पृथ्वीना आव्या नारकीउ, तीर्थंकरपणुं पामे, पण चोथी नरक ना आव्या, तीर्थंकर न थाय. परंतु केवल ज्ञान पामे, अने पांचमीना आव्या नारकीउ ते श्रमणपणुं एटले सर्व विरतिपणुं पामे, पण केवल ज्ञान न पामे. छहीना आव्या नारकी देशविरति अथवा अविरति श्रावक थाय, पण सर्व विरतिपणुं पामे नही. सातमीना आव्या सम्यक्त्वपणुं पामे परंतु श्रावकादिक नाव पामे नही.

वली इहां विशेष देखाडेछे. मूलः—पढमाउ चक्कवट्टी, बीयाए रामकेसवा हुंति॥ तच्चाउ अरिहंता, तहंतकिरया चउत्थीउ॥१०२॥ अर्थः—पहेली पृथ्वीना आव्या चक्रवर्त्ती थाय. बीजीना आव्या राम एटले बलनद्र अने केशव एटले वासुदेव तथा प्रतिवासुदेव थाय. त्रीजीना आव्या अरिहंत थाय. तेम अंतक्रिया एटले मुक्तिगामि; ते चोथी पृथ्वीना आव्या थायछे. ॥ १०२ ॥

मूलः—उवट्टिया उ संता, नेरइया तमतमाउ पुढवीउ॥ न लहंति माणुसत्तं, तिरिक्खजोणिं च उवणमंति॥१०३॥ अर्थः—तमतमा पृथ्वीथकी उद्धर्त्यां छतां एवा जे नारकी ते मनुष्यपणुं न पामे, पण तिर्यंचयोनी पामे. ॥ १०३ ॥

मूलः—छहीउ पुढवीउ, उवट्टा इह अणंतरनवंमि॥ नज्जा मणुस्स जम्मे, संजम

जाजेणउ विहीणा ॥१०४॥ अर्थः—छट्ठी नरकपृथ्वीथकी उद्धर्त्या थका जे होय तेनी इहां अनंतर जवनेविषे मनुष्यजन्म संबंधि जजनाके० जजना करवी. एटले कोइक मनुष्यपणुं पामे अने कोइक न पण पामे. कदाचित् मनुष्य थाय तोपण संयम पामे नही. ॥ १०४ ॥ इतिगाथा चतुष्टयार्थः.

अवतरणः—तेसु जेसिं उववाउत्ति एटले नारकीनेविषे जे जीवोनुं उपजवुं था य तेनुं एकशोने ब्यासीमुं द्वार कहेछे. मूलः—असन्नी खलु पढमं दोच्चंच सिरीसि वात इयपरकी ॥ सीहा जंति चउत्थिं, उरगा पुण पंचमी पुढवी ॥१०५॥ अर्थः—अ संज्ञी मरण पामी पहेली पृथ्वीए जाय. गर्जज सरीसृप गोह नोलियादिक बीजी पृथ्वीए जाय. पंखी त्रीजीए जाय. सिंह तथा तेना उपलक्षणथकी सर्व चतुष्पद चोथी पृथ्वीसुधी जाय. उरग सर्पप्रमुख ते वली पांचमी पृथ्वीसुधी जाय. ॥१०५॥

मूलः—छट्ठिंच इत्थियाउ, मच्छा मणुयाय सत्तमिं पुढविं ॥ एसो परमुववाउ, बोध व्वो नरयपुढवीसु ॥ १०६ ॥ अर्थः—छट्ठी पृथ्वीसुधी स्त्रीनुं जावुं छे. मच्छ अने मनुष्य जे कोइ अत्यंत क्रूर अध्यवसायना धरनार होय ते सातमी नरक पृथ्वी सुधी जायछे. ए सात नरकपृथ्वीनुं परमके० उत्कृष्ट उपपातके० उपजवुं जाणवुं.

मूलः—वालेसुय दाढेसु, परकीसुय जलयरेसु उववन्ना ॥ संखिज्जा उठिईया, पु णोवि नरयाउया होंति ॥१०७॥ अर्थः--व्याल ते सर्प्पादिक तेनेविषे, तथा दाढी ते सिंहादिकने विषे, अने परकीसुके० खेचरने विषे, अने जलचर ते मच्छादिकने विषे जे नरकथकी आवीने उपन्या होय, तेपण जे संख्याता वर्षायुष्यनी स्थिति वाला होय ते क्रूर अध्यवसायना वशथकी पंचेंद्रियना वधपणाने योगे वली नरकनुं आयुष्य बांधी नरकमांज उपजे. ॥१०७॥ इतिगाथा त्रयार्थः.

अवतरणः—संखाउप्पजंतंताणंति एटले एक समयने विषे केटला नारकी उपजे ते नुं एकशो ने त्राशीमुं द्वार, तेमज उवट्टमाणाणंत्ति एटले एक समयनेविषे उद्वर्त्तमान ते नरकथकी एक समयनेविषे निकलतानी संख्यानुं एकशो ने चोरासीमुं द्वार ए बे द्वार नाश अने विरह कालनी गाथामां कह्यांछे, तेथी इहां कह्यां नथी.

अवतरणः—एगिंदियविगल सन्नि जीवाण कायठियत्ति एटले एकेंद्रिय, विक लेंद्रिय, अने संज्ञी जीव, ते पोतानीज कायनेविषे जेटलो काल रहे तेने कायस्थि ति कहिये. जेम, पृथ्वीकाय जीव मरणपामिने वली पृथ्वीकायमांज उपजे. ए कायस्थितिनुं एकशो ने पच्चासीमुं द्वार कहेछे. मूलः—असंखो सप्पिणि सप्पिणीउ एगिंदियाणय चउन्हं॥ताचे वऊ अणंता वणस्सईएउ बोधवा॥१०८॥अर्थः—इहां काय

स्थिति ते संव्यवहारकजीव आश्री जाणवी. असंव्यवहारिकजीवोने तो अनादि एकज कायस्थिति होय तेथी मरुदेवादिकनी साथे व्यभिचार जाणवो नही. तथाच क्षमाश्रमणः॥तह्काय ठिईकाला दउवि सेसे पडुच्च किर जीवो॥नाणाइ वणस्सइणो, जे संववहार बाहिरिया ॥ १ ॥ अर्थः—जे असंव्यवहारिक जीवोने अनादि कायस्थितिछे, ते पण कोइक जीवने अनादि अपर्यवसान थाय. ते आवीरीते. जे जीव असंव्यवहारिक राशिथी निकळीने संव्यवहाराशिमां न आवे; अने कोइकने अनादि पर्यवसान, ते आवी रीते के, जे असंव्यवहारराशिथकी निकळीने संव्यवहारराशिमां आवे ते जाणवा.

इहां शिष्यपूछेछे के कहोने केवी रीते असंव्यवहारराशि मूकी संव्यवहारराशिमां पण आवे? तेने गुरु कहेछे के आवे. केमके, विशेषणवतीमां कह्युंछे. यडुक्तं सिझंति जेत्तियाकिरइह संववहार जीवरासीउ ॥ इत्तियणाइवणस्सइ, रासीउ तत्ति आतम्मि ॥१॥ इहां ए नावछे के, जे जीव असंव्यहारराशिमूकीने संव्यवहार राशिमां आवी सीजे; परंतु तोपण संव्यवहारराशिमांहे तेटलाज. जेने पृथ्व्यादिकनो व्यवहार प्राप्त थयो ते व्यवहारिक. अने जेओने एवो व्यवहार न होय ते जीव असंव्यवहारिक जाणवा. अने जे व्यवहारराशिमां एकवार आवी वळी निगोदमां जाय ते व्यवहारराशिमां पडचा तेथी तेने संव्यवहारिकज कहिये.

हवे सूत्रार्थ कहेछे. असंख्याता लोकाकाश, प्रदेश, अपहार, प्रमाण क्षेत्रे असंख्याति उत्सर्प्पिणीने अवसर्प्पिणी प्रमाण एकेंद्रिय पृथ्वी, अप, तेज वायु रूप चारेने कायस्थिति थाय. ताचेवक के० तेज उत्सर्प्पिणी अवसर्प्पिणी ते अनंति वनस्पतिनी पण कायस्थिति जाणवी. इहां चेव ए पद पूर्णार्थछे.॥१०७॥

मूलः— वास सहस्सा संखा, विगलाणठिईउ होइ बोधव्वा ॥ सत्तट्ठनवाउ नवे, पणिंदितिरिमणुय उक्कोसा ॥ १०७ ॥ अर्थः—संख्याता सहस्रवर्ष विकलेंद्रियनी कायस्थिति थाये. तथा सात आठ नव ते पंचेंद्रिय तिर्यंच अने मनुष्यने कायस्थिति थाय. ए उत्कृष्टथी कायस्थिति कही. ॥१०७॥ इतिगाथा द्वयार्थ.

अवतरणः—एगिंदियविगलसन्नी ए नवठियत्ति एटले एकेंद्रियादिक जीवोनी नवस्थितिनुं एकशोने उगाशीमुं द्वार कहेछे. मूलः—बावीसई सहस्सा, सत्तव सहस्स तिन्नि होरत्ता ॥ वाए तिन्नि सहस्सा, दसवाससहस्सिया रुक्का॥११०॥ अर्थः—बावीशसहस्र वर्ष पृथ्वी कायिकजीवनी नवस्थिति जाणवी. अने अपकायिक जीवनी सातहजार वर्ष, अग्निकायनीत्रण अहोरात्री, वायुकायजीवने त्रण हजार वर्ष, अने वनस्पतिकायने दशहजारवर्ष नवस्थिति जाणवी. ॥११०॥

मूलः– संवछराइं बारस, राइंदिय होंति अउणपन्नासं ॥ छम्मास तिन्निपलिया, पुढवाईणं वि उक्कोसा ॥१११॥ अर्थः–बारवर्ष बेंड्रियने, राइंदियके० रात्रदिवस ते उंगणपचाश दिवश तेंड्रियने जाणवा. चउरेंड्रियने छ महीना, अने पंचेंड्रिय तिर्यंच तथा मनुष्यने त्रण पल्योपम ए पृथ्वी आदेदेइ सर्व जीवोनी उत्कृष्टि आयुस्थिति कही; परंतु ए निरूपद्रव्य स्थानके जे रह्याछे प्रवाहे तेने जाणवी. ॥१११॥

पृथिविकायने विषे श्लक्ष्णादिकने जूदो जूदो विशेष देखाडेछे. मूलः–सण्हाय सुद्ध वालुय, मणोसिला सक्कराय खरपुढवी ॥ एकं बारस चउदस, सोलस अढार बावीसा ॥ ११२ ॥ अर्थः–श्लक्ष्ण नाम पृथ्वी जे सपाट मारवाड प्रमुखनी तेने एक हजार वर्ष अनुक्रमे छ बोलने छबोल लगाडवा. शुद्ध शब्दे सूधी सुंवाली अने कोमल माटी तेने बारहजारवर्ष. वालूका शब्दे वेलू तेनेचौद हजार वर्ष, मणसिलने सोलहजारवर्ष, अने शर्करा शब्दे नानी कांकरी तेनेविषे अढार हजारवर्ष. खर पृथ्वी मोटी जे शिला पटादिक तेनी बावीशहजार वर्ष स्थिति जाणवी. ॥११२॥ इतिगाथा त्रयार्थ.

अवतरणः–एएसिंतणु माणंति एटले एना शरीरना माननुं एकशोने सत्याशीमुं द्वार कहेछे. मूलः– जोयण सहस्स महियं, उहिय एगिंदिए तरुगणेसु ॥ मछजुअले सहस्सं, उरलेसुय गप्नजाईसु॥११३॥अर्थः–हजारयोजन जाजेरुं सामान्यपणे एकेंड्रियनेविषे अने विशेष चिंताए तरुगणेसुके० प्रत्येक वनस्पतिनेविषे जाणवुं. पण ते समुद्रमांगो तीर्थादि गत वेली कमल अधिकरीने जाणवुं. केमके अनेरे स्थानके एटला उदारिकशरीरनो असंन्नवछे माटे.

तेमज मछनुं युगल जे गर्प्नज समूर्छिम लक्षण तेनेविषे पण हजारयोजननुं थाय. उरगपरिसर्पनेविषे एक हजारयोजन शरीरमानछे. पण ते गर्प्नजने होय. इहां शरीरमान उत्सेधांगुले कह्युंछे. अने समुद्र पद्मद्रहादिकमांहेला पाणीनुं मान ते प्रमाणांगुले थाय तेवारे प्रमाणांगुलने उन्नपणे, उत्सेधांगुलनी अपेक्षाए अत्यंत दीर्घपणुं होय. एवी आशंका निवारवाने अर्थे सूत्रकार कहेछे.॥११३॥

मूलः–उसेहंगुल गुणिअं, जलासयंजमिह जोयण सहस्सं ॥ तब्नुप्पन्नं नलिणं, विसेयं जणिय माणंति ॥ ११४ ॥ अर्थः–उत्सेधांगुलेकरी गणितपणे कह्यां जे हजारयोजन प्रमाण जलाश्रय, तेनेविषे उपन्युं जे नलिन कमल, ते जणितमान हजारयोजन जाजेरुं जाणवुं. एटले हजार योजन जलाश्रय छते कमल बाहेर रहे तेटलुं जाजेरुं कह्युं.॥११४॥

मूलः—जंपुण जलहिं दहेसुं, पमायण जोयण सहस्समाणेसुं॥उप्पज्जइवर पउ मं, तं जाण सुनूविया रंति ॥११५॥ जे कारणे समुद्र द्रहादिकनेविषे प्रमाणांगुले करी हजारयोजन प्रमाण पाणीमांहे उपजे जे वरप्रधान कमल, तेम श्रीदेविनो निवास कमल. ते तुं जाण, नूके० पृथ्वीनो विकार पण, वनस्पतिकाय न थाय.

अनेरां पाणीनां जे आश्रय, जेनेविषे उपद्रव नथी,एवा कोइकस्थानकनेविषे कह्या जे वेलि लता प्रमुख ते यथोक्त मान हजारयोजन जाजेरा तेणेकरी सहित जाणवा.

मूलः—वणणंतसरीराणं, एगनिल सरीरगं पमाणेणं ॥ अनलोदग पुढवीणं, अ संखगुणिया नवे वुड्ढी ॥ ११६ ॥ अर्थः—सूक्ष्म वनस्पतिनां अनंतां शरीर ए कठां करिए; तेवारे एक वायुकायनुं शरीर थाय. एम अनल शब्दे, तेउकायिक, दग ते अपकायिक पृथ्वीकायिकनी असंख्यात गुणि वृद्धि थाय. ते आवीरीतेः— असंख्यातां वायुकायनां शरीर एकठां करीए; तेवारे एक तेजसकायिक थाय. अ संख्याता तेजसकायिक प्रमाणे एक अपकायिकनुं शरीर थाय. असंख्याता अपका यिके एक पृथ्वीकायिकनुं शरीर थाय. ॥११६॥

हवे बेंद्रियादिकनुं देहमान कहेछे. मूलः—विगलिंदियाण बारस, जोयणा णि तिन्निचउरको साय ॥ सेसाणोगाहणउ, अंगुल नागो असंखिज्जो ॥ ११७ ॥ अर्थः—विकलेंद्रियमां, बेंद्रियने बार योजननी अवगाहना; अने तेंद्रियने त्रण को शनी अवगाहना, चउरेंद्रियने चार कोशनी अवगाहना, अने शेषाण एटले शेष शब्दे पृथ्वी, अप, तेज, वायु साधारण वनस्पति, समूर्छिम मनुष्य, समस्त अपर्या प्ता. तेने उत्कृष्टे आंगुलनो असंख्यातमो नाग अवगाहना देहमान जाणवुं.॥११७

हवे पंचेंद्रियनुं देह मान कहेछे. मूलः—गप्न चउप्पय छग्गाउ आइ नुयगेसु गाउय पुहुत्तं ॥ पक्खीसुधणुपुहुत्तं, मणुएसुय गाउआ तिन्नि ॥ ११८ ॥ अर्थः—ग र्प्नज पंचेंद्रिय चतुःपद गाय, बलद, घोडा, हाथीनुं शरीर छ गाउ मान थायछे, अने नुजगपरिसर्प्प जे गोह नोलियादिक तेने बे गाउथी मांमी नव गाउसुधी एटले गाउ पृथक्त्व शरीर मान थाय. तेम पंखी जे खेचर तेने धनुष्य पृथक्त्व शरीर थाय. अने मनुष्यने विषे त्रण गाउनुं देह मान थाय. इति गाथा सप्तकार्थ॥

अवतरणः— इंदिय सरूव विसयत्ति एटले इंद्रियनुं स्वरूप अने इंद्रियनो विष य तेनुं एकशो ने अठयासीमुं द्वार कहेछे. मूलः—कायंब पुप्फगोलय, मसूर अ इमुत्तयस्स कुसमंव ॥ सोयं चक्खूघाणं, खुरप्प परिसंठिअं रसणं ॥ ११९ ॥ अर्थः—

इंद एवो धातु ऐश्वर्यनेविषे. ते कारणे ऐश्वर्यना योगथकी इंद्र आत्मा अने सकल द्रव्य. तेनी उपलब्धिरूप परम ऐश्वर्यनुं चिन्ह अविनाभाव ते इंद्रि कहि ये. तेना बे प्रकारछे. एक द्रव्येंद्रि. बीजी भावेंद्रि. तेमां द्रव्येंद्रिय ते निवृत्ति अ ने उपकरणना भेदथकी वली बे प्रकारेछे. तेमां, निवृत्ति ते जे विशिष्ट संस्थान नुं विशेष ते जाणवुं. तेपण वली बे प्रकारे छे. एक बाह्यसंस्थान ने बीजो अ भ्यंतर संस्थान. तेमां, बाह्य ते कान पापमी प्रमुख, ते अश्व गज ने मनुष्यना विचित्रतापणाथकी उपदेशी न शकिये. अने अभ्यंतर निवृत्ति ते, समस्त जीवने समान ते आश्रयी. सूत्रमांहे संस्थान विशेष कहिये. केवल स्पर्शनेंद्रियनी निवृ त्तें प्रवाहे बाह्य अभ्यंतरनुं विशेष नथी. तत्वार्थनी मूल टीकाने विषे तेमज कह्युंछे.

उपकरण ते जे खड्गस्थानीय बाह्य निवृत्तिनी जे धार समान निर्मलतर पुद्ग ल समूहे नीपनी, अने अभ्यंतरनिवृत्ति ते धारनी शक्ति विशेष जाणवी. ए उप करणरूप द्रव्येंद्रिय अंतरंग निवृत्तिथकी कोइकरीतें अर्थांतर शक्तिने शक्तिमंते कोइक एकरीते भेदछे. एम कोइएक रीते भेदथके पण छती जे अंतर निवृत्ते द्रव्यादिक उपकरणने विघातनो संभव देखाडेछे.

अंतर निवृत्ते छतिये कदंब पुष्पादिकनी आकृते अति कठोरतर मेहने गाज वादिके शक्तिने उपघाते जाणवुं. तेप्रत्ये प्राणीउ समर्थ होय. शब्दादिकने भावें द्रिय ते पण बे भेदेछे. एक लब्धि, बीजो उपयोग, तेमां लब्धि ते जे श्रोत्रेंद्रिया दिकनुं विशेष, सर्व आत्माना प्रदेशने तदावरण कर्मना क्षयोपशमथकी थाय: अने उपयोग. ते पोत पोताना विषयनेविषे लब्धिरूप इंद्रियने अनुसारे आत्मा नो व्यापार, ते श्रोतादिकना भेदथकी पांच प्रकारेछे. ते आवीरीते'—कायंब शब्दे कदंब नामे वृक्ष तेनां फूलने आकारे मांसनो गोलक रूप श्रोत्रेंद्रिय जाणवी. अने मसूर ते धान्यनुं विशेष, तेना आकारे चक्षुइंद्रिय जाणवी. अने अइमुत्तय शब्दे अतिमुक्तक वृक्षनां कुसुम समान नासिकाइंद्रि जाणवी; एम श्रोत चक्षु ने ना सिका ए त्रण अनुक्रमे कह्या. तथा छुरपलाने संस्थाने रसनेंद्रिय जाणवी.॥११ए॥

मूलः—णाणागारं फासिं,दियंतु बाहल्लउ यसव्वाइं॥अंगुल असंखभागं, एमेव पुहुत्त उ णवरं ॥१२०॥ अर्थः—जे कारणे शरीरना असंख्याता भेदछे ते कारणे णा णागारंके० अनेकप्रकारना आकारे स्पर्शेंद्रिय होय पण एक संस्थाने न होय अने बाहुल्यपणे तो सर्वे इंद्रिउ अगुलने असंख्यातमे भागे होय. तथा पुहुत्तके० जाड

पणे पण एमेवके० एटलुंज जाणवुं. नवरंके० रसनेंद्रियने स्पर्शनेंद्रियनो विशेष ते सूत्रकर्त्ता पोतेज आगली गाथाये देखाडेछे. ॥ १२० ॥

मूलः—अंगुल पुहुत्तरसणं, फरसंतु सरीरविछडंजणियं ॥ बारसहिं जोअणेहि सोयं परिगिएहए सद्दं ॥ १२१ ॥ अर्थः—अंगुल पृथक्त्व रसनेंद्रिय कही छे अने स्पर्शनेंद्रिय शरीरने विस्तारे कहीछे; हवे ए इंद्रिउनो विषय कहेछे. बारसहिंके० बारयोजननो आवेलो शब्द मेघनो गर्जना प्रमुखनो ते श्रोत्रेंद्रिय परिगिएहएके० सांजले, पण एथी अधिक सांजलवानुं श्रोत्रेंद्रियमां बल नथी. ॥१२१॥

मूलः—रूवं गिएहे चरक, जोयणलरकाउ सायरेगाउ॥गंधं रसंच फासं, जोयणनव गाउसेसाए ॥१२२॥ अर्थः—सातिरेक लाखयोजन एटले लाखयोजन फाफेरामां रहेलुं रूप ते कट कूटयादिकने अजावे चक्षुइंद्रिय जोइ शकेछे, ए अजासुर इव्य आश्रीने कहिये. अने जासुर इव्य प्रमाणांगुले नीपन्या ते एकवीशलक्षयोजन त्यांथकी दूर जे क्षेपा आंक ते सर्व देखेछे. उक्तंच. इगवीसं खलु लरका चउतीसंचेव त ह सहस्साइं ॥ पंच सया जणिया सत्त त्तीसाए अइरित्ता॥इइ नयण विसयमाणं पुस्करदीवछवासिमणुआणं ॥ पुव्वेणय अवरेणय पिहंपिहं होइनायव्वं ॥जेम पुष्कर वरद्वीपनेविषे मानुषोत्तर पर्वतने नजीक रहेलाछे जे मनुष्य, ते कर्क संक्रांते सूर्य नुं मांमलो देखेछे. अने गंधके० घ्राणेंद्रिय, रसनेंद्रिय अने स्पर्शेंद्रिय ए त्रणेइंद्रियो ते सातिरेक एटले नवयोजन फाफेराना आव्या गंधादिक लइ शकेछे॥१२२॥

हवे इंद्रिउनो जघन्य विषय कहेछे. मूलः—अंगुल असंखजागा,सुणंति विसयं जह सुउमोत्तुं ॥ चरकुं तं पुण जाणे, अंगुलसंखेज्जजागोउ॥१२३॥ अर्थः—चक्षुरिंद्रिय मुकीने बाकीनी चार श्रोतादि इंद्रियो जघन्यतो अंगुलना असंख्यातमां जागथकी पोतपोताना विषय जे शब्दादिक तेने जाणे, अने चक्षु इंद्रिय ते अंगुलना संख्या तमा जागथकी. जाणे इहां पृथक्त्व प्रमाण ते चार इंद्रियने आत्मांगुले करी जाणवो, अने स्पर्शनेंद्रियने उत्सेधांगुले जाणवुं. अने विषय परिणाम सर्व इंद्रियनो आत्मांगुले जाणवुं. ॥ १२३ ॥

अवतरणः—लेसाउत्ति एटले लेश्या संबंधी एकशोनेनेव्यासीमो द्वार कहेछे. मूलः—पुढवीआउवणस्सइ, बायरपरितेसु लेस चत्तारि॥गप्नयतिरियनरेसु,छल्लेसा तिन्नि सेसाणं ॥ १२४ ॥ अर्थः—इहां बादरशब्द प्रत्येके जोडिये. प्रत्येक वनस्पतिनुं स्वरूप जणाववाने अर्थे अने व्यजिचार न आववा सारुं वली पर्याप्त एवुं विशेषण तेपण सामर्थ्यथकी जाणवुं. अन्यथा प्रकारे तेजोलेश्यानो अजावछे; तेकारणे

बादर पर्याप्त पृथ्वीकाय, अपकाय, वली प्रत्येक वनस्पतिमांहे धुरली चार लेश्या थाय तथा गर्नज तिर्यंच अने नरके० मनुष्यनेविषे छ ए लेश्याउ जाणवी, अने शेष तेउकाय, वाउकाय, सूक्ष्म, पृथ्वी, साधारण वनस्पति, अपर्याप्ता बादर पृथ्वी, अप, प्रत्येक वनस्पति, बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, समूर्छिम पंचेंद्रिय, जे मनुष्य तथा तिर्यंच तेने धुरली त्रण लेश्या थाय इति गाथार्थ. ॥ १२४ ॥

अवतरणः–एयाणंजगइति एटले ए पूर्वोक्त जीवोनी ज्यां गतिथाय तेनुं एकशो ने नेवुमुं द्वार कहेछे. मूलः–एगेंदिअजीवाणं, जंति नरति रिक्खेसुजु अलवज्जेसु॥ अमण तिरियाविएवं, नरयंमिवि जंति ते पढमे ॥१२५॥ अर्थः–एकेंद्रियजीवो ते युगलिया वर्जीने बाकीना मनुष्य तथा तिर्यंचमांहे जाय पण युगलियामां नजाय. अने अमणके० मनरहित एवां जे समूर्छिम तिर्यंच, ते पण एमज जाणवां पण मात्र ते ते असंज्ञी प्रथम नरकपृथ्वीसुधी जाय छे. ॥ १२५ ॥

मूलः–तह संमुछिम तिरिया,नवणाहिव वंतरेसु गछंति॥जं तेसिं उववाउ,पलिया संखिज्जआउसु॥१२६॥ अर्थः–तेमज संमूर्छिम तिर्यंच ते नवणाहिवके० नवनपति अने व्यंतरनेविषे जाय,केमके तेनुं उपपातके० उपजवाने स्थानके पल्योपमना असंख्यातमा नाग जेटलुं आयु थवुं जोइये,ते तेनेविषे थाय. पण ज्योतिषमांनजाय.

मूलः–पंचेदिअतिरियाणं, उववाउ क्कोसउ सहस्सारे॥ नरएसु समग्गेसुवि, वियलाअ जुअलतिरिनरेसु ॥१२७॥ अर्थः–पंचेंद्रिय तिर्यंचनुं उपपातके० उपजवुं ते उत्कृष्ट आठमा सहस्रार देवलोक सुधीथाय. तेथी आगले योग्यताना अनावथकी उपजवुं थाय नही. तथा नरएसुके० साते नारकीनेविषे पण जाय; अने विकलेंद्रिय तथा युगलिया वर्जिने बाकीना बीजा तिर्यंच तथा मनुष्य तेमांहे पण उपजे.

मूलः–नरतिरिअसंखजीवी, जोइसवज्जेसु जंति देवेसु॥नियआउयसमहीणाउएसु इसाणअंतेसु ॥ १२८ ॥ अर्थः–मनुष्य तथा तिर्यंच जे असंख्याता वर्षनां आयुष्य वालां होयते इहां विशिष्ट खेचर जे तिर्यंच पंचेंद्रिय ते अंतरद्वीपना तिर्यंचने मनुष्य युगलिया जाणवा. ते ज्योतिषि वर्जिने शेष देवोमां उपजे; एटले जे देवलोकमां एना आयुष्य जेटलुंज आयुष्य होय, अथवा तेथी न्यून आयुष्य होय; एवा देवलोकमां उपजे पण अधिक आयुष्य वाला देवलोकमां उपजे नही. ते ईशान देवलोक सुधी उपजे पण आगल न उपजे. ॥ १२८ ॥

मूलः–उववाउ तावसाणं, उक्कोसेणं तु जाव जोइसिआ॥ जावंति बंनलोगो, चरग परिवाय उववाउ ॥ १२९ ॥ अर्थः–तापसोउ उपपातके० उपजवुं ते उ

त्कृष्टे ज्योतषी सुधी थाय. पण आगल न थाय. अने चरक ते धाडीनी भिक्षाना लेनारा, अने त्रिदंडि अथवा चरक अने कछोटीआ ते परिव्राजका अने कपिल मुनिना संतानिया जे चरकने परिव्राजकछे तेओनुं उत्कर्षथी उपजवुं यावत् पांच मा ब्रह्मदेवलोक सुधी थाय. ॥ १२९ ॥

मूलः—जिणवय उक्किठ तवे, किरियाहिं अजव्व जव्व जीवाणं॥ गेविज्जेणुक्कोसोगई जहन्ना जव तिवइसु ॥१३०॥ अर्थः—श्रीवीतरागना वचनने अनुसारे साधुगुणे करी सहित समस्त समाचारी अनुष्टाने युक्त, पण सम्यक्त्वथी रहित मिथ्यादृष्टि द्रव्यलिंग ना धरनार, अजव्य अने जव्य जीव तेने केवल क्रियाना प्रमाण थकी उत्कृष्टे ग्रैवेय कनेविषे उपजवुं थाय, अने जघन्यथी जुवनपतिनेविषे उपजवुं थायछे. ॥१३०॥

मूलः—छउमत्थ संजयाणं, उववाउक्कोसउ य सव्वठे॥ उववाय सावयाणं, उक्को सेणं चुउ जाव ॥ १३१ ॥ अर्थः—छद्मस्थ यतिनो उत्पात उत्कष्टथी सर्वार्थसिद्धि नेविषे थाय. श्रावकनुं उत्कृष्टथी अच्युत नामा बारमा देवलोकनेविषे उपजवुं थाय.

मूलः—उववाउ लंतगंमी, चउदस पुव्विस्स होइ जहन्ना ॥ उक्कोसो सव्वठे, सिद्धिगमो वा अकम्मस्स ॥ १३२ ॥ अर्थः—चौदपूर्वधरनो उपपात जघन्यथी छ ठा लांतक देवलोके थाय; अने उत्कृष्टथी सर्वार्थसिद्धिमां थाय. अथवा अकर्मक जे कर्मेकरी रहित थाय तेने मोक्षनी गति प्राप्त थाय. ॥ १३२ ॥

मूलः—अवराहिअ सामन्नस्स साहुणो सावयस्सविजहन्नो॥ सोहम्मो उववाउ, व यजंगे वणय राईसु ॥१३३॥ अर्थः—चारित्र ग्रहणना दिवसथी मांडीने जेने लगा रमात्र पण चारित्रनी विराधना थई न होय, एवा अविराधित श्रमणने, अने तेमज श्रावक पण जे दिवसथी देशविरतिपणुं पाम्यो छे; ते दिवसथी पोताना ग्रहण करे ला व्रतने शुद्ध पाल्युं होय ते श्रावकने पण जघन्यथी सौधर्मदेवलोके उपपात थाय; तथा पोतपोताना व्रतजंग थएला साधु तथा श्रावकने जघन्यथी जुवनप ति अथवा व्यंतरमां उपपात थाय; अने उत्कृष्टे ज्योतषिमां उपजवुं थाय. ॥१३३॥

मूलः— सेसाण तावसाईण, जहसुवंतरे सुउववाउ ॥ जणिउजिणेहि सो पुण नियकिरिय ठियाण विसुेउ ॥१३४॥ अर्थः—शेष जे तापसादिक छे तेओनो जघन्ये व्यंतरनेविषे उपपात थाय. एम श्रीतीर्थंकरदेवे जणिउके० कह्युंछे. ते वली नि जके० पोतपोतानी क्रिया जे मोक्षनुं अनुष्ठान, तेनेविषे जे निरत होय तेने थाय. परंतु हीणाचारीने न थाय; एम जाणवुं ॥ १३४ ॥ इति गाथादशकार्थ.

अवतरणः—एएसिंजुत्तो आगइत्ति एटले ए जीवोनी ज्यांथकी आगति एटले आव

वुं थाय तेनुं एकशो ने एकाणुमुं द्वार कहेछे. मूलः—नेरइय जुयल वज्जा ॥ एगिंदि सु इंति अवरगइ जीवा॥विगलत्तेणं पुण ते, हवंति अनिरय अमर जुयला॥१३५॥ अर्थः— नारकी अने जुगलिया वर्जी अनेरी गतिना जीवो एकेंद्रियनेविषे आवे. वली ते सर्वे विकलेंद्रियपणे उपजे, परंतु नारकी, देवता अने युगलिया वर्जीने बाकीना सर्व जीवो उपजे पण ए त्रणनो त्यां उत्पात न थाय. ॥ १३५ ॥

मूलः—हुंति हुअमण तिरिक्खा, नर तिरिया जुअल धम्मिए मोत्तुं॥गब्भ चउप्पय जावं, पावंति अजुअल चउगइआ ॥१३६॥ अर्थः—हुंतिके० होय. असंज्ञीमनुष्य ने तिर्यंच. ने मनुष्य तथा तिर्यंच युगलिया मूकीने गर्भज चतुःपद, एने ग्रहणे बीजा पण तिर्यंच पंचेंद्रियपणुं युगलिया मूकी चारेगतिना जीव पामे. ॥१३६॥

हवे मनुष्य संबंधी कहेछे. मूलः—नेरइया अमराविअ, तेरिक्खा माणवा य जायंति॥ मणुयत्तेणंवचित्तु जुअलधम्मियनरतिरिक्खे ॥१३७॥ अर्थः—नारकी, देवता, गर्भज तिर्यंच अने मनुष्य, चारे ए मनुष्यपणे उपजे. पण युगलधर्मि वर्जिने बाकीना उपजे. अने युगल धर्मि मनुष्य तथा तिर्यंच देवगतिमां उपजे॥१३७॥इतिगाथात्रयार्थ.

अवतरणः—उप्पत्ति मरण विरहोत्ति एटले उपजताने अने मरताने एक सामयिकादिक विरहकालनुं एकशो ने बाणुमुं द्वार अने जायत मरंत संखाउत्ति एटले उपजता ने मरतानी संख्यानुं एकशो ने त्राणुमुं द्वार; ए बे द्वार साथे कहेछे. मूलः—भिन्न मुहुत्ते विगलेंदियाण संम्मुछिमाण य तहेव ॥ बारस मुहुत्त गब्भे, सवेसु जहन्नउसमउ ॥ १३८ ॥ अर्थः—भिन्नके० कांइएक माठेरो अंतर मुहूर्त्त काल ते विकलेंद्रियने निरंतर उपजताने विरह पडे, तो एटलो विरह पडे. संमूर्छिमने पण तेमज जाणवुं. तथा बार मूहुर्त्त गर्भज पंचेंद्रिय तिर्यंचने उपजतां विरह पडे अने बीजा सर्वेजीवोने जो उपजतां अथवा मरतां विरह पडे तो जघन्यथी एक समयनो विरह पडे. ॥ १३८ ॥

मूलः— उव्वट्टणावि एवं, संखा समएण सुरवरतुल्ला ॥ नर तिरिय संख सवे,सु जंति सुर नारया गब्भे ॥१३९॥ अर्थः—उद्वर्त्तनानी पण उत्पत्तिनीपरे संख्या जाणवी एक सामयिकीप्रमुख. देवतानी परे जाणवी मनुष्य तथा तिर्यंच संख्याता आउखावाला सर्वेनेविषे उपजे. देवता नारकी गर्भजनेविषें देवता एकेंद्रिमां पण आवे उपजे.

मूलः—बारस मुहुत्त गब्भे, मुहुत्त सम्मुछिमेसुचउवीसं॥उक्कोस विरहकालो, दोसु विअजहणउ समउ ॥१४०॥ अर्थः—बारमुहूर्त्त गर्भजने उपपात विरह जाणवो. अने चोवीशमुहूर्त्त सम्मूर्छिमनविषे उपपात विरह जाणवो. ए उत्कृष्टे विरहकाल

कह्यो. अने जघन्यथी तो गर्भज समूर्छिमनेविषे एक समय उपपात विरह थाय.

मूलः—एमेवय उवट्टण, संखासमएण सुरवरुतुल्ला ॥ मणुएसुंउववज्जे, संखाउ यमोत्तुसेसाउ ॥१४१॥ अर्थः—उद्वर्त्तना पण एमेवके० एमज. जेम उपपात कह्यो तेनीपरेज जाणवी. एक समय आदिनी संख्याते देवताने तुल्य देवतानी परे मनुष्य नेविषे सर्वे उपजे. असंख्याताद्युष्क मनुष्य तथा तिर्यंचना उपलक्षणथकी सात मी पृथ्वीना नारकी, तेजकाय अने वायुकाय, मूकी शेष उपजे. इतिगाथा, चतुष्टयार्थ.

अवतरणः—नवण, वइवाण मंतर, जोयसिय, विमाण, वासि, देवाण, ठिइत्ति, एटले चतुर्विध देव निकायनी स्थितिनुं एकशो ने चोराणुमुं द्वार कहेले. मूलः—नवणवइवाणमंतर, जोइसियविमाणवासिणोदेवा ॥ दसअठपंचछव्वीस, संखजुत्ता कमेणइमे ॥१४२॥ अर्थः—नवनपति, व्यंतर, ज्योतषि अने वैमानवासि देव तेणे पूर्वेनवने विषे कीधोले पुण्यनो समूह, तेना योगथीपाम्याले विशिष्ट नोगसुख, तेणे करी जे दिव्यंतके० शोने, तेने देव कहीए. एना अनुक्रमे नेद कहेले. दशनुवनपतिना, एम आठ व्यंतरना, पांच ज्योतषिना, छवीश वैमानवासीनानेद, ए संख्याये संयुक्त होय.

हवे दशप्रकारे नुवनपतिले तेनां नाम कहेले. मूलः—असुरा नागा विज्जू, सुवस्र अग्गीय वाउथणियाय ॥ उदही दीवदिसाविय, दसनेयानवणवासीणं ॥ १४३ ॥ अर्थः—ए नुवनपतिने कुमारनीपरे क्रीडा प्रियले, तेथी ए सर्वे असुरादिक शब्दनी आगल कुमार शब्द जोडिये. तेवारे एक असुरकुमार, बीजो नागकुमार, त्रीजो विद्युतकुमार, चोथो सुवर्णकुमार, पांचमो अग्निकुमार, छठो वायुकुमार, सातमो स्तनितकुमार, आठमो उदधिकुमार, नवमो द्वीपकुमार अने दशमो दिशिकुमार ए दशनेद नुवनवासीना कह्या. ॥ १४३ ॥

हवे व्यंतरना नेद देखाडेले. मूलः—पिसाय नूया जरका, यरस्कसा किंन्नरा यकिं पुरिसा ॥ महोरगागंधव्वा, अठविहावाणमंतरिआ ॥ १४४ ॥ अणपन्नियपणपन्नि, इसिवायनूइयवाइएचेव ॥ कंदीय महाकंदी, कोहंमेचेव पयगेय ॥ १४५ ॥ अर्थः—एक पिशाच, बीजा नूत, त्रीजा यक्ष, चोथा राक्षस, पांचमा किंन्नर, छठा किंपुरिस, सातमा महोरग, अने आठमा गंधर्व, ए आठ प्रकारना वाणमंतर देव ले. त्यां एम ने मनुष्यपणाथकी विगतके० गयोले अंतर, तेमाटे व्यंतर कहिए. अने वनना आंतरानेविषे थया ते वाणमंतर जाणवा, मकार अलाक्षणीक ले, वली ए आ ठ नेद व्यंतरना अणपन्नी इत्यादिक नाम प्रगटले. ॥ १४४ ॥ १४५ ॥

मूलः— इयपढम जोयणसए, रयणाएअठवंतरा अवरे ॥ तेसुइहसोलसेंदा, रु

यगअट्ठोदाहिणुत्तरउ ॥ १४६ ॥ अर्थः–ए पिशाचादिकथी जुदा आठ व्यंतर निकाय, इयके० इहां रत्नप्रजाना प्रथमना शो योजनमां होयछे, तेनेविषे शोल इं द्र छे, ते मेरुने नीचली गोस्तनाकार रुचकछे तेने नीचले दक्षिण उत्तरने विजागे जाणवा. ॥ १४६ ॥

हवे ज्योतषिनुं स्वरूप कहेछे मूलः–चंदा सूरा य गहा, नरकत्तातारयायपंचइमे॥ एगेमलजोइसिया, घंटायाराथिरा अवरे ॥ १४७ अर्थः–चंड्मा, सूर्य, ग्रह, नक्ष त्र अने तारा ए पांच ज्योतषि जाणवा. तेमां एक जे मनुष्यक्षेत्रमांछे, ते चलज्यो तषि जाणवा. बीजा जे मनुष्यक्षेत्रथी बाहेरछे, ते बाधियाघाट, जेम एकस्थानके रहेछे तेनीपरे एकस्थानके रहेछे, ते माटे ते स्थिरज्योतिषी जाणवा. ॥ १४७ ॥

हवे वैमानवासी देवो, चार गाथायेकरी कहेछे. मूलः–सोहम्मीसाणसणं, कुमार माहिंद बंनलोयतहा ॥ लंतयसुक्कसहस्सार, आणयपाणयाकप्पा ॥ १४८ ॥ तह आरणच्चुआविहु, इगिहिगेविज्ञ वरविमाणाइं॥पढमंसुदरसणंतस्स, बीइयंसुप्पबद्धंति ॥ १४ए ॥ तइयंमणोरमंतह, विसालनामंचसव्वउनद्दं ॥ सोमणसंसोमाणस, मह पीइकरंच आइव्वं ॥ १५० विजयंचवजयंतं, जयंतअपराजियंचसव्वट्ठं ॥ एचमणुत्तर पणगं, एएसिचउविहसुराणं ॥ १५१ ॥ अर्थः–सौधर्म, ईशान, सनत्कुमार, माहें द्र, ब्रह्म, लांतक, शुक्र, सहस्रार, आनंत, प्राणत, आरण अने अच्युत ए बारने विषे कल्प एवी संज्ञाछे, इहां जे देवता उपजे तेने इंद्र, सामानिक अने त्राय त्रिंसक इत्यादिक समस्त ठकुराईनोकल्पछे; तेथी इहां उत्पन्न थया जे देव, तेने कल्पो पपन्न कहिये. अने हवे इगिहके० ग्रैवेयकना, वर प्रधान विमाणकहुंछुं. ते लोकना मा पुरुषनेविषे ग्रीवाके० कंठने स्थानकेछे, माटे ते ग्रैवेयक कहिये. तेमां प्रथम सु दर्शन, बीजो सुप्रज त्रीजो मनोरम तेमज चोथो विशाल, पांचमो सर्वतोजद्र छठो सोमनस, सातमो सोमाणस, आठमो प्रीतिकर अने नवमो आदित्य. हवे पांच अनुत्तर विमान कहेछेः–एकविजय, बीजुं विजयंत, त्रीजुं जयंत, चोथुं अपराजि त अने पांचमुं सर्वार्थसिद्ध. ए अनुत्तर एटले समस्तमांहे उत्कृष्ट पांच विमान जा णवां एएसिंके०ए चतुर्विध देवनिकायनां नाम कह्यां. ॥१४८॥१४ए॥१५०॥१५१॥

हवे स्थिति कहेछे. मूलः– चमर बलिसार महियं, सेसांण सुराण आउ अं वोहं ॥ दाहिण दिवड्ढ पलियं, दोदेसूणुत्तरिल्लाणं ॥ १५२ ॥ अर्थः–चमरेंद्र दक्षि णदिशिनो अने बलिंद्र उत्तरदिशिनो इंद्र. तेने अनुक्रमे चमरेंद्रने एक सागरोपम अने बलिंद्रने पल्योपमने असंख्यातमे जागे अधिक एक सागरोपमस्थिति जा

एवी. हवे शेष नवनिकायना देवोनुं आयु कहेछे. दाहिणके० दक्षिण दिशिवालाने दि वड्ढके० दोढ पल्योपम आयु अने उत्तर दिशिवालाने देशोन बे पल्योपम आयुजाणवुं.

भवनपतिनुं आयुष्य कहिने हवे भवनपतिनी देवि तथा व्यंतरनी देविनी स्थिति कहेछे. मूलः— अद्धुट्ठ अद्ध पंचम, पलिउवम असुरजुअल देवीणं॥ सेसवण देवयाणय, देसूणद्ध पलिय मुक्कोसं ॥ १५३ ॥ अर्थः—दक्षिणदिशिनी देविने साडा त्रण पल्योपम अने उत्तरदिशिवाली देविने साढाचार पल्योपम, ए अनुक्रमे असुर युगल, ते चमरेंद्र बलिंद्रनी देविनुं आयु कह्युं. अने शेष नागकुमारादिक इंद्रनी उत्तरदिशिनी देविउनुं देशोन पल्योपम आयु छे. तथा दक्षिण दशिनी देविनुं अनेउत्तर दक्षिणवर्त्ति व्यंतरेंद्रनी देविउनी अर्द्ध पल्योपम उत्कृष्टि स्थिति थाय. ॥ १५३ ॥

हवे भुवनपति अने व्यंतरनी देविउना आयुष्यनी जघन्य अने उत्कृष्टी स्थिति कहेछे. मूलः—दसभवण वणयराणं, वास सहस्सा ठिई जहन्नेणं॥ पलिउवम उक्कोसं, वंतरियाणं वियाणिज्जा ॥१५४॥ अर्थः—भुवनपति तथा व्यंतरनी देविने दशहजार वर्ष जघन्यस्थिति छे अने व्यंतर देवोनुं उत्कृष्टथी एक पल्योपम आयुष्य जाणवुं.

हवे ज्योतषिनी आयुस्थिति कहेछे. मूलः—पलिअस्सवरिसलरकं, ससीणपलियं रवीणससहस्सं ॥ गहणखत्तताराणं. पल्लियमद्धंचचउभागो॥१५५॥अर्थः—एकपल्योपम ने एकलाख वर्ष अधिक चंद्रमानुं आयुष्य जाणवुं. अने एक पल्योपम एक हजार वर्षें अधिक सूर्यनुं आयुष्य जाणवुं. हवे ग्रहादिकनुं अनुक्रमे आयुष्य कहेछे. तेमां ग्रह जे मंगलादिक छे.तेनुं एक पल्योपमनुं आयुष्य जाणवुं. अश्विन्यादिक नक्षत्रोनुं अर्द्ध पल्योपम आयुष्य जाणवुं. तारानुं एक पल्योपमनुं चतुर्थांश आयुष्य जाणवुं.

मूलः—तद्देवीणवितद्दिइ, अद्धंअहियअतमंतदेवडुगं ॥ पाउजहन्नमट्ठसु, तारीण तारीणमट्ठंसे ॥ १५६॥ अर्थः—चंद्रमानी देविनुं अर्द्धपल्योपम ने पचाशहजारवर्ष, सूर्यनी देविनुं अर्द्धोपल्योपम ने पांचशे वर्ष उपर, ग्रहनी देविनुं अर्द्धोपल्योपम. ए देवोनी स्थितिथी एमनी देविना आयुनी स्थिति अर्द्ध थइ. हवे अहियंके० अधिको अंत्यनी देवि छिकनो ते आवी रीते के, नक्षत्रनी देवितुं अने तारानी देविनुं, अनुक्रमे पल्योपमनो चोथोभाग अने आठमोभाग कांइक विशेषाधिक जाणवो. अने जघन्य आयुष्य ते पादके० पल्योपमनो चोथोभाग जाणवुं. अने तारा तथा तारानी देविनुं जघन्यथी पल्योपमनो आठमोभाग स्थिति जाणवी. यदुक्तं. चउजुअले च उभागो जहन्नमडभाग पंचमए इति वचनात्. ॥ १५६ ॥

हवे सर्व विमानवासिनी आयुस्थिति कहेछे. मूलः—दोसाहिसत्तसाहिअ,

दसचउदससत्तरेवअयराइ ॥ सोहम्माजासुक्को, तउवरिएक्केकमारोवे ॥ १५७ ॥ अर्थः—सौधर्मदेवलोके बे सागरोपम, ईशाने साधिक बे सागरोपम, सनत्कुमारे सातसागरोपम, महेंद्रे साधिक सातसागरोपम, इहां साधिक अथवा न्यून आवे ते सर्वत्र पल्योपमनो असंख्यातमो नाग अविशेष जाणवो. पांचमा ब्रह्मदेवलोके दशसागरोपम, छठे चउद, सातमे सतर, एटले सौधर्मदेवलोकथी मांमीने सातमा शुक्रदेवलोकसुधी आयुस्थिति कही. तेथकी उपरांतना देवलोके एकेक सागरोपम वधारीये. ते आवी रीते जे, आठमे अढार, नवमे ओगणीश, दशमे वीश, अग्यारमे एकवीश ने बारमे बावीश, प्रथमग्रैवेयके त्रेवीश, द्वितीयग्रैवेयके चोवीश, तृतीयग्रैवेयके पचीश, चतुर्थ ग्रैवेयके छव्विश, पंचम ग्रैवेयके सत्तावीश, षष्ठग्रैवेयके अठ्ठावीश, सप्तमिये ओगणत्रीश, अष्टमीये त्रीश, अने नवमीये एकत्रीश सागरोपम आयुस्थिति जाणवी. तेवारपछी विजयादिक चार अनुत्तर विमाननेविषे बत्रीश सागरोपम आयुस्थिति उत्कृष्ट जाणवी. ॥ १५७ ॥

मूलः—तित्तीसयरुक्कोसा, विजयाइसुछिइजहन्न इगतीसं ॥ अजहन्नमणुक्कोसो, सव्वठ्ठेअयर तेतीसं ॥ १५८ ॥ अर्थः—तेत्रीश सागरोपम सर्वार्थसिद्धिनी उत्कृष्टि स्थिति कही छे. हवे जघन्य अजघन्योत्कृष्ट स्थिति सर्वत्र देखाडेछे. विजय, विजयंत, जयंत ने अपराजित ए चारविमाने जघन्य एकत्रीश सागरोपम अने सर्वार्थसिद्धिविमाने तेत्रीश सागरोपम ते अजघन्योत्कृष्टस्थिति जाणवी. ॥१५८॥

मूलः—पलिअंअहिअंसोहम्मी, साणेसुंतउद्धकप्पठिई॥ उवरिल्लंमिजहन्ना, कमेणजावेक्कतीसयरा ॥ १५९ ॥ अर्थः—सौधर्मे जघन्यस्थिति एक पल्योपम, ईशाने पल्योपम जाजेरी, तउके० तेवार पछी अधके० नीचेना देवलोके जे उत्कृष्टि स्थिति छे; ते आगले देवलोके जघन्यस्थिति जाणवी. एम क्रमके० अनुक्रमे त्रीजे देवलोके बे सागरोपम साधिक जघन्य स्थिति, चोथे सातसागरोपम, पांचमे साधिक सात सागरोपम, एम यावत् विजयादिक चारनेविषे एकत्रीश सागरोपम जघन्य स्थिति जाणवी. अने सर्वार्थे तो जघन्य स्थिति नथी. ॥ १५९ ॥

हवे देविनी स्थिति कहेछे. मूलः—सपरिग्गहेयराणं, सोहम्मी साणपलिअसाहीअं ॥ उक्कोससत्तपन्ना, नवपण पन्नायदेवीणं ॥ १६० ॥ अर्थः—देवि बे प्रकारनी छे. एक तो परिगृहित, ते एकज धणीनी स्त्री जाणवी. अने बीजी, अपरिगृहित ते वेश्यानीपरे कोइना पण उपनोगमां आवे. हवे, सौधर्म देवलोके परिगृहित देविनुं आयुष्य उत्कृष्टे एक पल्योपम, अने ईशानदेवलोके परिगृहितनुं साधिक पल्योपम. ए

जघन्यस्थिति कही; अने उत्कृष्टथी तो सौधर्म देवलोके परिगृहित देविनी सात पल्यो पम अने अपरिगृहित देविनी पचाश पल्योपम आयुस्थिति छे अने ईशानदेवलोके परिगृहितदेविनुं उत्कृष्ट नव पल्योपम, तथा अपरिगृहित देविनुं उत्कृष्ट पचावन्न पल्योपम आयुछे. ए देविनी स्थिति कही. इति ॥१६०॥ गाथानवकार्थ.

अवतरणः—नवणत्ति एटले नुवन गृहसंबंधि एकशो ने पंचाशमुं द्वार कहे छेः मूलः— सत्तेवय कोमीओ, हवंति बावत्तरी सयसहस्सा ॥ एसोनवण समा सो, नवण वईणं वियाणिज्जा ॥ १६१ ॥ अर्थः—सातकोडीने बहोतेर लाख ए टलो नवननो समासके० संक्षेप ते नुवनपतिनो जाणवो. ॥ १६१ ॥

हवे जूदाजूदा देखाडेछे. मूलः—चउसट्ठीअ सुराणं, नागकुमाराण होइ चुलसी ई ॥ बावत्तरिकणगाणं, वाउ कुमाराण छन्नउई ॥ १६२॥ दीव दिसा उदहीणं, वि ज्जु कुमारिंद थणिय अग्गीणं ॥ छण्हपि जुअलिआणं, बावत्तरिमो सय सहस्सा ॥ १६३ ॥ अर्थः—चोशठलाख असुरकुमारनेविषे, तेमां चोत्रीशलाख चमरेंद्रनां दक्षिणदिशिए, अने त्रीश लाख बलिंद्रना उत्तरदिशाये. सर्व मली चोशठ लाख विमानछे. एज रीते चउचउलक्क विहुणा तावइया चेव उत्तरदिशाए एटले दक्षि णदिशाथकी उत्तरदिशाना विमान दर एकेका कुमारना ते चार चारलाख ओ छाछे. ए यथोक्त माने देखाडेछे. चोराशीलाख नागकुमारमां, बहोतेरलाख सुवर्ण कुमारमां, छन्नुलाख वायुकुमारमां ॥१६२॥ द्वीपकुमार, दिशाकुमार, उदधिकुमार विद्युतकुमार, स्तनितकुमार, अने अग्निकुमार, ए छ युगलनेविषे दक्षिण अने उत्तर ना विनागथकी प्रत्येके बहोतेर लाख विमान थाय. ॥ १६३ ॥

हवे व्यंतरनां विमान अने ज्योतिषिनां विमाननी संख्या कहेछे. मूलः—इह संति वणयराणं, रम्मान्नोमनयरा असंखिज्जा ॥ तत्तो संखिज्जगुणा, जोइसियाणंवि माणाउ ॥ १६४ ॥ अर्थः— इहां संतिके० छे. वनचर जे व्यंतर तेना रम्यके० म हामनोहर नूमिनेविषे छे तेथी नोम कहिये. एवा असंख्याता नगर व्यंतर देवो नांछे अने तेथकी पण असंख्यातगुणे अधिक ज्योतषिनां विमान छे. ॥ १६४ ॥

हवे विमानवासी देवोना विमानोनी संख्या कहेछे. मूलः—बत्तीसट्ठावीसा, बारस अट्ठ चउ विमाण लक्काइं ॥ आरेण बंनलोया, विमाण संखा नवेएसा ॥ १६५ ॥ अर्थः—बत्रीशलाख विमान सौधर्मे, एमज अठ्ठावीशलाख ईशाने, बार लाख सनत्कुमारे, आठलाख माहेंद्रे, चारलाख ब्रह्मदेवलोके. ए ब्रह्म देवलोक सुधी विमानना लाखनी संख्या थायछे. ॥१६५॥

मूलः—पंचास चत्त ठच्चेव, सहस्सा लंत सुक्क सहसारे ॥ सय चउरो आणय प्पा, एएसु तिसारणच्चुयउं ॥ १६६ ॥ अर्थः—पचाशहजार लांतके, चालीशहजार शुक्रे, ठ हजार सहस्रारे, चारशें आनत तथा प्राणत ए बेनेविषे, त्रणशें आरण ने अच्युत ए बेनेविषे. ॥१६६॥

मूलः—इक्कार सुत्तरंहिट्ठिमेसु, सत्तुत्तरंच मज्झिमए ॥ सयमेगं उवरिमए, पंचेव अणुत्तर विमाणा ॥ १६७ ॥ अर्थः—एकशो ने अग्यार विमान नीचला त्रण ग्रैवेयकनेविषे, अने एकशो ने सात विमान मध्यना त्रण ग्रैवेयकनेविषे, अने एकशो उपरना त्रण ग्रैवेयकनेविषे, तथा पांच विमानज, पांच अनुत्तर संबंधी जाणवां.

ए सर्व विमानोने एकठां करवाथी जेटलां थाय ते कहेठे. मूलः—चुलसीय सय सहस्सा ॥ सत्ताण उईनवे सहस्साइं; तेवीसं चविमाणा, विमाण संखानवेए सा ॥ १६८ ॥ अर्थः—चोराशीलाख सत्ताणुंहजार ने त्रेवीश. ए समस्त विमान वासी देवोनां विमानो, संख्याये थायठे. ॥ १६८ ॥ इतिगाथाष्टकार्थः.

अवतरणः—देहमाणंति एटले देहमाननुं एकशो ने ठन्नुमुं द्वार कहेठे. मूलः—जवण वण जोइसोहम्मी, साणे सत्तहुंति रयणिउं ॥ एक्केक हाणि सेसं, डुडुगेय डुग चउक्केय॥१६९॥अर्थः—जवनपति, व्यंतर, ज्योतिषि, सौधर्म अने ईशान, एटलांने सात रयणीशब्दे हाथनुं शरीर मान होय. तेवारपठी एकेक हाथनी हाणी करीए. ते आवी रीते. सनत्कुमार अने माहेंद्रे ठ हाथ, ब्रह्म अने लांतके पांच हाथ; तेपठीना वली बे देवलोकनेविषे चार हाथ, आनतादिक चारनेविषे त्रण हाथ.

मूलः—गेविज्जेसुं दोस्सिय, एगारयणी अणुत्तरे सुजवे ॥ जवधारणिज्जिएसा, उक्कोसाहुंति नायव्वा ॥ १७० ॥ अर्थः—नव ग्रैवेयकनेविषे बे हाथ, अने पंचानुत्तर विमाननेविषे एक हाथनुं शरीर जाणवुं. ए जवधारणीय अवगाहना उत्कृष्टे जाणवी.

हवे सर्व देवोनो उत्तरवैक्रिय अवगाहना कहेठे. मूलः—सव्वसुक्कोसा, जोयणाण वेउव्विया सय सहस्सा ॥ गेविज्जणुत्तरेसुं, उत्तर वेउव्वियानत्थि ॥ १७१ ॥ अर्थः— सर्वदेवोनेविषे उत्तरवैक्रिय लक्षयोजन होय. अने ग्रैवेयक तथा अनुत्तरविमाने उत्तरवैक्रिय न थाय. केमके जे उत्तरवैक्रिय ते तो गमनागमनने अर्थे अने परिवारने अर्थे करवी पडे; तेनुं प्रयोजन ए देवोने नथी; तेथी तेने उत्तरवैक्रियनो अजाव कह्योठे. ॥१७१॥

हवे जघन्यथी कहेठे. मूलः—अंगुल असंखजागो, जहस जवधारणि ज्जपारंजे संखेवा अवगाहण, उत्तरवेउव्विया सावि ॥ १७२ ॥ अर्थः—जघन्यथकी जव

धारणीय शरीर प्रारंन्न काळे अंगुळनो असंख्यातमो नाग होय, अने अंगुलनो संख्यातमो नाग शरीरनी अवगाहना ते उत्तर वैक्रियनी थाय. इतिगाथा चतुष्टयार्थ

अवतरणः– लेसाउत्ति एटले लेश्यानुं एकशोने सत्ताणुमुं द्वार कहेले. मूलः– किण्हा नीला काऊ, तेऊलेसाय नवण वंतरिया ॥ जोइस सोह म्मीसाण, तेउ लेसा मुणेयव्वा ॥ १७३ ॥ अर्थः–कृष्ण, नील, कापोत अने तेजो; ए चार लेश्या वाळा नवनपति तथा व्यंतरदेवो होय तथा ज्योतिषि, सौधर्म ने ईशान ए तेजो लेश्यावंत जाणवा. ॥ १७३ ॥

मूलः–कप्पेसणं कुमारे, माहिंदे चेव बंनलोएय ॥ एएसुपम्हलेसा ॥ तेणपरं सुक्क लेसाउ ॥ १७४ ॥ अर्थः–सनत्कुमार, माहेंद्र ने ब्रह्म; ए त्रण देवलोकनेविषे पद्मलेश्या होय, अने तेथी आगले बीजा बधा देवलोके शुक्ललेश्या होय. इति गाथा द्वयार्थ. ॥ १७४ ॥

अवतरणः–उहिनाणंति एटले अवधि ज्ञानना माननुं एकशो ने अठाणुमुं द्वार कहेले. मूलः–सक्कीसाणापढमं, दोच्चंचसणंकुमार माहिंदा ॥ तच्चंव बंन लंत ग, सुक्कसहस्सार चउत्थि ॥ १७५ ॥ अर्थः–सौधर्म अने ईशानना देवता, नीचे प्रथमनरकपृथ्वीसुधी देखे. अने सनत्कुमार तथा माहेंद्रना देवो, बीजी पृथ्वी सुधी देखे. अने ब्रह्म तथा लांतक देवलोकना देवो, त्रीजीनरकपृथ्वीसुधी देखे, अने शुक्र तथा सहस्रारना देवता, चोथी नरक पृथ्वी सुधी देखे. ॥१७५॥

मूलः–आणय पाणय कप्पो, देवा पासंति पंचमिं पुढविं ॥ तंचेव आरण च्चु य, उहीनाणेण पासंति ॥ १७६ ॥ अर्थः–आनत अने प्राणत देवलोकना देव पांचमी नरकपृथ्वीसुधी देखे. वळी तंचेवके० तेज पांचमी पृथ्वीसुधी आरण्य ने अच्युत विमानवासी, देवो अवधिज्ञाने करी देखे. ॥१७६॥

मूलः– छठ्ठिहिठिम मझिम, गेविज्जा सत्तमिं चउवरिल्ला ॥ संनिन्न लोग ना लिं, पासंति मणुत्तरादेवा ॥ १७७ ॥ अर्थः–छठी नरकपृथ्वीसुधी हेठिमित्रक अने मध्यमत्रिक, ए बे त्रिक एटले छठी ग्रैवेयकसुधीना देवता देखे, अने सातमी नरक पृथ्वीसुधी उपरली त्रण ग्रैवेयकना वासी देवो देखे. तथा अनुत्तरविमानवासी जे देवो छे, ते सन्निन्नके०कांइक मातेरी पोताना विमाननी ध्वजाथी उपरांत न देखे. तेमाटे ध्वजाथी उपरांते कणी बाकी समस्त चउदराजलोकनी नालीसुधी देखे.

मूलः–ए ए सिमसंखिज्जा, तिरियं दीवाय सागरा चेव ॥ बहुयरं उवरिमग्गा, उड्ढंच सकप्पथूनाई ॥ १७८ ॥ अर्थः–एएसिंके० ए देवोने असंख्याता द्वीप अ

ने समुद्रसुधी. तिर्छो अवधिज्ञान होय. बहुलतरके० अत्यंत अधिक, ते जेम जे म उपरना देवो तेम तेम ते बहुलतर एटले घणुं देखे; अने उंचो पोताना विमाननी ध्वजा सुधीज देखे. ॥१७८॥

मूलः—संखिज्ज जोयणा खलु, देवाणं अद्धसागरेऊणे ॥ तेण परम संखिज्जा जहन्न यंपन्नवीसंतु ॥ १७९ ॥ अर्थः— जे देवोनुं अर्द्धसागरोपम मातेरुं आयु होय ते देवोने संख्याता योजनसुधी अवधि थाय, अने तेथकी अधिक जेनुं आयु होय, तेने असंख्याता योजननुं अवधिज्ञान थाय. जघन्यतो पचीश यो जन अवधिक्षेत्र थाय. ॥ १७९ ॥

मूलः—नवणवइ वणयराणं, उड्ढं बहुउ अहोय सेसाणं ॥ जोइस नेरईयाणं, तिरियं उरालिउचित्तो ॥ १८० ॥ अर्थः—नवनपति अने व्यंतरने उंचु अवधि घ णुं होय, अने शेष दिशिए अवधिनो विषय अल्प होयछे. अने शेष जे वैमानिक देवोछे, तेने नीचुं अवधि घणुं होय, अने ज्योतषि ने नारकीओने तिर्छो घणो होय, अने शेष दिशाओनेविषे थोडो होय. वली औदारिक तिर्यंच अने मनुष्यने अ वधि ते नानाके० अनेक प्रकारे होय. कोइकतो नीचुं घणुं देखे, कोइक उचुं घणुं देखे, कोइक तिर्छो घणुं देखे, इत्यादिक जाणवुं. ॥१८०॥ इतिगाथा षट्कार्थ.

अवतरणः— उप्पत्तिए विरहोत्ति एटले उत्पत्तिना विरहनुं एकशो ने नवाणुमुं द्वार कहेछे. मूलः—नवण वण जोइ सोहम्मी, साणे चउवीसइ मुहुत्ताउ ॥ उक्को स विरहकालो, सवेसु जहन्नउ समउ ॥ १८१ ॥ अर्थः—नवनपति, व्यंतर ज्यो तषि सौधर्म अने ईशानना अंतसुधीना देवोने उत्कृष्टे चोवीश मुहूर्त्तनो उत्पत्ति विरह थायछे. अने जघन्यतो ए समस्त देवोने एक समय विरह काल होय.॥१८१॥

हवे सनत्कुमारादिकने उत्कृष्ट विरहकाल कहेछे. मूलः—नवदिण वीसमुहुत्ता, बारस दस चेव दिण मुहुत्ताउ ॥ बावीसा अद्धचिय, पणयाल असीइ दिवस सयं ॥ १८२ ॥ अर्थः—नवदिवस ने वीसमूहुर्त्त, सनत्कुमारे, बारदिवस ने दशमुहूर्त्त, माहेंद्रे. साडीबावीश दिवस ब्रह्मदेवलोके; पिस्तालीश दिवस, लांतकदेवलोके, एंशी दिवस शुक्रदेवलोके, एकशो दिवस सहस्रार देवलोके विरह काल जाणवो.

मूलः—संखिद्या मासा आणय, पाणएसु तह आरण अच्चुए वासा ॥ संखे वाविस्सेया, गेविद्धेसुं अउवोद्धं ॥ १८३ ॥ अर्थः—आनत प्राणातनेविषे संख्याता मास एटले अग्यारमास ने ओगणत्रीश दिवस सुधी संख्याता मास कहिए. वली आरण अने अच्युतनेविषे संख्याता वर्षनो उत्पत्ति विरहकाल निश्चेथकी जाण

वो. ज्यांसुधी शो वर्ष पुरां न थाय. त्यांसुधी संख्यातां वर्ष कहेवायछे. ॥ १७३ ॥ हवे ग्रैवेयकने विषे विरहकाल कहुंछुं.

मूलः—हिट्ठिमवास सयाइं, मज्झिम सहसाइं उवरिमेलक्खा ॥ संखिज्जाविसेया जाह्या संखेणतिसुंपि ॥ १७४ ॥ अर्थः—हेठिमत्रिकने विषे वर्षनां शइकमां संख्यातां जाणवां, मध्यमत्रिकनेविषे संख्यातां हजारवर्ष जाणवां, उपरली त्रिकने विषे संख्यातां लाप वर्ष जाणवां. एम यथा संख्यपणे त्रणेनेविषे जाणवां.॥१७४॥

मूलः—पलिया असंख जागो, उक्कोसो होइ विरह कालोओ ॥ विजयाइ सुनिद्दिठो, सव्वेसुजहण्णउ समउ ॥ १७५ ॥ अर्थः—पल्योपमनो असंख्यातमो जाग उत्कृष्ट विरहकाल ते विजयादिक चार विमाननेविषे होय. अने सर्वार्थसिद्धि नामा पांचमा विमाननेविषे पल्योपमनो संख्यातमो जाग कह्योछे. एमज ए सर्व देवोने जघन्य तो एक समय जगवंते कह्योछे. ॥ १७५ ॥ इतिगाथा चतुष्टयार्थ ॥

मूलः—तिज्ञयरेणं सहिया, सत्तठीए हवंति पयडीउ ॥ सम्मामीसेहिविणा, तेव न्ना सेस कम्माणं ॥ २०४ ॥ अर्थः—ए पूर्वोक्त प्रकृतिने तीर्थंकरनाम कर्मे करी सहित करिए तेवारे नामकर्मनी शडसठ प्रकृति थायठे. तथा शेष सात कर्मनी जे पंचावन प्र कृति ठे तेमांथी सम्यक्त्व अने मिश्र विना शेष कर्मनी त्रेपन प्रकृति थायठे. ॥ २०४ ॥

मूलः—एवं वीसुत्तरसय, बंधेपयडीण होइ नायवं ॥ बंधण संघायाविय, सरी रगहणेण इह गहिया ॥ २०५ ॥ अर्थः—एम सडसठ तथा त्रेपन मेलव्याथकी आठे कर्मनी एकशो ने वीश प्रकृति बंधनेविषे थायठे ते जाणवी. इहां कोइ कहेशेके प्रथ म जेवारे बेतालीश प्रकृति कही तेवारे तेमां बंधन अने संघातन प्रकृति कही; अ

ने हमणां सडसठमांहे ते केम गणता नथी? तेने कहेछे के बंधन ने संघातन ते शरीरने ग्रहणे इहां लीधांछे. माटे ए पृथक् ग्रहण कर्यांछे ॥ २७५ ॥

हवे त्याणु जेद देखाडेछे. मूलः—बंधण जेया पंचव, संघाया विय हवंति पंचे व ॥ पणवस्रा दोगंधा, पंचरसा अठ फासाय॥२७६॥ अर्थः—बंधनना पांच जेद. त्यां जे औदारिकादिक पुजल बांध्याछे, अने बांधिए छइए तेने तेजस अने कार्मण साथे जेम लाख संश्लेष द्रव्य तेनी परे मेलववुं ते औदारिक बंधन. एमज वैक्रिय, आहारक, तेजस अने कार्मणना जेदे करी पांच प्रकारे जाणवुं. तेम संघात ते पण पांच प्रकारे थायछे. त्यां जेम दंताली तृणना समूहने एकठा करेछे तेम जे औदारिकादिक पुजलने एकठा करेछे ते संघात कहिए. ते औदारिकादिक पांच जाणवा; अने वस्राके० वर्ण पांच. कृष्ण, नील, रक्त, पीत, अने श्वेतना जेदे जाणवा. सुरजी अने डुरजी ए बे गंध जाणवी. तिक्त, कटु, कसायल, आम्ल ने मधुर ए पांच रस जाणवा. गुरु, लघु, मृडु, खर, शीत, उष्ण, स्निग्ध ने रुक्ष, ए आठ स्पर्श जाणवा.

मूलः—दस सोलस छवीसा, एया मेलेवि सत्त सठीए ॥ तेणउई होइ तउ, बंध ण जेयाउ पन्नरस ॥ २७७ ॥ अर्थः—बंधन पांच अने संघात पांच ए दश थया तथा सोलसके० सोल ते आवीरीते के वर्णादिक वीश प्रकृतिथकी सामान्यप णे प्रथमनी सम्डसठमां वर्ण चतुष्क आवी गयुंछे ते, वीशमांथी वर्ण चतुष्क काढी नाखिये तेवारे सोल प्रकृति रहेछे; ते पूर्वोक्त पांच बंधन ने पांच संघात साथे मेलवतां छवीश थाय. ते वली सम्डसठ साथे मेलवी थकी त्राणुं थाय छे.॥२७७॥

हवे एकशोने त्रण जेद देखाडेछे. बंधनना पन्नर जेद ते आवीरीते थाय छे. मूलः—वेउव्वाहारो रालियाण संगतेय कम्मजुत्ताण ॥ नवबंधणाणिइयर, डुसहिया णं तिन्नि तेसिंच॥२७८॥ अर्थः—वैक्रिय, आहारक ने औदारिक एना संगके० पोत पोताना त्रण. ते आवीरीते, वैक्रिय वैक्रिय बंधन, आहारक आहारक बंधन, औदारिक औदारिक बंधन, ए त्रण थया तथा तेजस ने कार्मणे युक्त ते आवीरीते. वैक्रिय तेजस बंधन, वैक्रिय कार्मण बंधन, आहारक तेजस बंधन. आहारक कार्मण बंधन, औदारिक तेजस बंधन, ने औदारिक कार्मण बंधन ए सर्वे मली नव बंधन थयां. अने इतर ते तेजस कार्मणरूप, ए बे सहित त्रण थाय, ते आवीरीते, वैक्रिय तेजस कार्मण बंधनरूप, आहारक तेजस कार्मण बंधन, औदारिक तेजस कार्मण बंधन ए बार थया. तिन्नितेसिंके० वली तेजस ने कार्मणना त्रण ते आवी रीते; तेजस तेजस बंधन, तेजस कार्मणबंधन, कार्मण कार्मण बंधन ए पन्नर थया.

मूलः—सवेहिं वि छहेहिं, तिगअहिय सयंतु होइ नामस्स॥ इय उत्तरपयडीणं, कम्मछग अछवन्नसयं॥१७०॥ अर्थः—एम सर्व ए पन्नर बंधन ते पूर्वोक्त पंचक रहित करी मेळविये तेवारे एकशोने त्रण नाम कर्मनी उत्तर प्रकृति थायछे, एम उत्तर प्रकृति सर्व अछगके० आठेकर्मनी मळी एकशोने अछावन्न थायछे. इति पंचविंशति गाथार्थ.

अवतरणः—बंध उदय उदीरणा सत्ताणंकिंपिसरूवंति एटले कर्मना बंध उदय उदीरणा अने सत्तानुं किंचित् स्वरूप कहेवानुं बशेने सत्तरमुं द्वार कहेछे. मूलः—सत्तछछेग बंधा, सत्तुदया अछसत्तचत्तारि॥ सत्तछछ पंच डुगं, उदीरणा ठाण संखेयं॥१७०॥अर्थः—पेहेलो सात, आठ, छ अने एक ए चार स्थानक बंधनेविषे होय, सत्ता अने उदयनेविषे, आठ, सात अने चार ए त्रण स्थानक होय. तथा सात, आठ, छ, पांच अने बे उदीरणानेविषे होय. ए स्थानकनी संख्या कही. ॥१७०॥

मूलः— बंधेछ सत्तणाउग, छविह मोहाउ इगविहंसायं॥ संतोदएसु अछउ, सत्त अमोहा चउ अघाई॥ १७१ ॥ अर्थः—बंध ते जीव आठकर्मनुं करे, अने जेवारे सात कर्मनुं बंध करे, तेवारे आयु वरजीने करे, जेवारे छ कर्मनुं बंध करे तेवारे मोहनीय तथा आयु ए बे वरजीने शेष छनुं बंध करे. जेवारे एकनुं बंध करे तेवारे एक सातावेदनीयनुंज बंध करे. एवं बंधस्थाननी संख्या कही. हवे संतोदएसुके०सत्ता अने उदयनेविषे कहिए छैए. त्यां सत्ताये अने उदये आठ कर्म होय. अने मोहनीयरहित सात होय. अने चार घनघातिकर्मे रहित होय तेवारे शेष चार सत्ता अने उदये थाय. ॥ १७१ ॥

हवे उदीरणाना स्थानकनुं स्वरूप कहेछे. मूलः—अछउदीरइसत्तउ, अणाउछविह मवेयणियआऊ॥ पण अवियण मोहाउग अकसाइ नाम गोत्तडुगं॥१७२॥ अर्थः—मिथ्यात्व गुणठाणाथी मांमीने प्रमत्तगुणठाणासुधी जीव निरंतरपणे आठकर्मनी उदीरणा करे, अने केवल जे नवसंबंधी आयुष्य अनुजवेछे ते जेवारे आवलिकाविशेष थाय तेवारे आयुष्यने आवलिका प्रविष्टपणाये करीने उदीरणानो अजाव. तेथी सात कर्मनुं उदीरक होय. वली सम्यक् मिथ्यादृष्टि गुणस्थानके प्रवर्त्तमान थको सदा आठ कर्मनुं उदीरकहोय; जे कारण माटे आवलिका विशेष आयुष्यछते मिश्रगुण ठाणानो असंजव छे, ते आवीरीते अंतरमुहूर्त अवशेष आयुष्ये मिश्र गुणठाणाथकी पड्यो थको जीव सम्यक्त्वे अथवा मिथ्यात्वे जाय माटे; तथा अप्रमत्त अपूर्वकरण अने अनिवृत्ति बादर ए गुणठाणानेविषे वेदनीय अने आयुष्य वरजी शेष छ कर्मनुं उदीरक थाय. वेदनीय ने आयुषनेविषे

अति विशुद्ध अध्यवसायपणे करी उदीरणायोग्य अध्यवसाय स्थानकनो अभाव छे, पण सूक्ष्म संपरायगुणठाणे ज्यांलगे मोहनीय आवलिकाविशेष नथाय त्यां लगे आवलिकाविशेषे मोहनीयने उदीरणाना अभावथकी छ कर्मनुं उदीरक थाय.

अने उपशांत मोहे वेदनीय, मोहनीय तथा आयु वर्जी पांचनुं उदीरक, त्यां वेदनीयने आयुषानुं कारण प्रथम कह्युं; अने मोहनीयना उदयना अभावथकी उदिरे नही, तथा अकषाइ क्षीणमोह बारमे गुणठाणे ज्यांसुधी ज्ञानावरण दर्शनावरण अंतराय आवलिका प्रविष्ट न होय, त्यांलगी पांचनुं उदीरक; अने ते जेवारे त्रणे आवलिका प्रविष्ट थाय तेवारे तेनी उदीरणाना अभावथकी नाम अने गोत्र ल क्षण बे कर्मनुंज उदीरणहार होय. त्यां कारण ए छे के घातीयां चारकर्ममूलथी क्षीण थयां, तेहनी उदीरणा रही नथी; अने वेदनीयने आयुषानी पण उदीरणा न थाय; त्यां कारण पूर्वोक्तज जाणवुं. अने अयोगीगुणठाणे योगना अभावथकी उदीरणा न करे. अजोगि अणुदीरगोजयवं इति वचनात्. ॥ १९१ ॥

हवे सामान्यपणे बंधादिकनेविषे प्रकृतिनी संख्या कहेछे. मूलः—बंधेवि सुत्त रसयं, सयबावीसंतु होइ उदयंमि॥ उदीरणाए एवं, अडयाल सयंतु संतंमि॥१९२॥ अर्थः—नवा कर्मनुं ग्रहण ते बंध, तेने सामान्यपणे एकशोने वीश प्रकृतिनो बंध छे. विपाकेकरी कर्मना पुज्ञलनुं वेदवुंछे ज्यां, तेने उदय कहिए. त्यां एकशोवीश कर्म प्रकृति उदयावलिकाये थाय. अणपाम्या कर्मने उदयावलिकानेविषे आणवो ते उदीरणा. त्यांपण एमज एकशो ने बावीश कर्मप्रकृतिनी उदीरणा थाय. सत्ता तेने कहिए जे छतानो भाव ते सत्ता-कर्मनी स्थिति पोतेज जाणवी. ते एकशो ने अठावन, तेमां पंदर बंधनछे तेमांथी दशबंधन जूदां काढीए, शेष पांच बंधन राखिए तेवारे एक शो ने अमतालीश प्रकृति सत्ताए जाणवी. एनो यंत्र देखाडेछे. इतिगाथा चतुष्टयार्थ ॥

ज्ञाना वर्ण ५	दर्शना वर्ण ए	वेदनी २	मोहनी २६	आयु ४	नाम ६७	गोत्र २	अंतराय ५	बंधनेविषे १२०
ज्ञाना वर्ण ५	दर्शना वर्ण ए	वेदनी २	मोहनी २७	आयु ४	नाम ६७	गोत्र २	अंतराय ५	उदय अने उदीरणाए १२२
ज्ञाना वर्ण ५	दर्शना वर्ण ए	वेदनी २	मोहनी २७	आयु ४	नाम ए३	गोत्र २	अंतराय ५	सत्तानेविषे १४७

अवतरणः—कम्मठिई साबाहत्ति एटले कर्मनो अबाधाकाल तेणेकरी सहित कर्मनी स्थितिनुं वर्णने अढारमुं द्वार कहेछे. मूलः—मोहे कोडाकोडी, सत्तरी वीसं नामगोयाणं ॥ तीसयराण चउण्हं, तेत्तीस यराइं आउस्स ॥ १०४ ॥ अर्थः—मोहनीयकर्मनी स्थिति सित्तेर कोडाकोडी सागरोपमनी तथा नाम अने गोत्रनी वीश कोडाकोडी; अने इतरके० बीजा ज्ञानावरणीय, दर्शनावरणीय, वेदनीय अने अंतराय ए चार कर्मनी प्रत्येके त्रीश कोडाकोडी सागरोपमनी स्थिति जाणवी. अने आयुकर्मनी तेत्रीश सागरोपमस्थिति जाणवी. ॥ १०४ ॥

मूलः—एसा उक्कोस ठिई, इयरा वेयणिय बारसमुहुत्ता ॥ अठ्ठनाम गोत्ते सुसेस ए संमुहुत्तंतो ॥ १०५ ॥ अर्थः—ए आठकर्मनी उत्कृष्ट स्थिति कही. अने इयराके० इतर ते जघन्य स्थिति तो वेदनीय कर्मनी बार मुहूर्त्त, अने नाम तथा गोत्रकर्मनी आठ आठ मुहूर्त्त. शेष ज्ञानावरणीय, दर्शनावरनीय, मोहनी, आयु ने अंतराय ए पांचकर्मनी जघन्यस्थिति एक एक अंतरमुंहूर्त्तनी जाणवी. ॥ १०५ ॥

मूलः—जस्स जइ कोडिकोडीउ तस्स तेत्तिय सयाणि वरसाणि ॥ होइ अबाहाकालो, आउंमि पुणो नवति नागो ॥१०६॥ अर्थः—जे कर्मनी जेटली कोडाकोडी स्थिति तेने तेटला वर्षना शैकडा अबाधाकाल होय, अने आयुकर्मनो अबाधाकाल नवनो त्रीजो नाग होय. केमके आयुष्यनो बंध वर्तमान आयुशने त्रीजे नागे थाय. यडुक्तं ॥ सोवक्कमाउ आपुण, सेसति नागे हवा नवमनागे ॥ सत्तावीसे मेवा, अंत मुहुत्तंति मेवावि ॥ १०६ ॥ इति गाथा त्रयार्थ.

अवतरणः—बायालीसाउ पुन्नपयडीउत्ति एटले बेंतालीश पुंण्यप्रकृतिनुं वर्णो ने ओगणीशमुं द्वार वखाणेछे. मूलः—सायं उच्चागोयं, नरतिरि देवाउ नाम एयाउ॥ मणुअडुगं देवडुगं, पंचिंदिअ जाइ तणुपणगं ॥ १०७ ॥ सातावेदनीय, उच्चैर्गोत्र, मनुष्यायु, तिर्यंचायु, अने देवायु, हवे एमां नाम कर्मनी जेटली प्रकृति छे ते कहेछे. मनुष्यगति, मनुष्यानुरूपूर्वी, देवगति, देवानुपूर्वी, पंचेंद्रियजाति, औदारिक वैक्रिय, आहारक, तेजस ने कार्मण ए पांच शरीर जाणवां. ॥ १०७ ॥

मूलः—अंगोवंगतिगंपिय, संघयणं वज्जरिसहनारायं ॥ पढमंचिय संठाणं, वन्नाइ चउक्क सुपसत्थं ॥१०८॥ अर्थः—आद्यना त्रण शरीरना अंगोपांग, वज्र रूषननाराच संघयण, समचतुरस्त्र संस्थान, सुप्रशस्त के० नलो वर्ण, गंध, रस ने स्पर्श.॥१०८॥

मूलः—अगुरुलहु पराघायं, उस्सासं आयवंच उज्जोयं ॥ सुपसत्था विहगगई, तस्साइ दसगंच निम्माणं ॥ १०९ ॥ अर्थः—अगुरुलघु, पराघात, श्वासोश्वास,

आतप, उद्योत, सुप्रशस्त, शुभविहायोगति, त्रसदशक, ते आवीरीते. त्रस, बादर, पर्याप्त, प्रत्येक, स्थिर, शुभ, शुभग, सुस्वर, आदेय, ने यश ए त्रसदशक अने निर्माण.

मूलः—तिञ्चयरेणं सहिया, पुन्नप्पयडीउ हुंति बायाला ॥ सिवसिरि कडक्खियाणं, सयावि सत्ताण मेयाउ ॥ ३०० ॥ अर्थः—तीर्थंकरनाम कर्म सहित बेतालीश पुण्य प्रकृति होयछे ते मोक्ष लक्ष्मीए जेनेसन्मुख जोयुंछे. एवा प्राणी तेने ए सदा थायछे.

अवतरणः—बासीई पाव पयडिउत्ति एटले ब्यासी पाप प्रकृतिनुं बशोने वीशमुं द्वार कहेछे. मूलः—नाणंतराय दसगं, दंसण नवमोह पयइ छवीसा ॥ अस्सायंनिरयाउं, नीयागोएण अडयाला ॥ ३०१ ॥ अर्थः—मतिज्ञानावरण, श्रुतज्ञानावरण, अवधिज्ञानावरण, मनपर्यवज्ञानावरण, केवलज्ञानावरण, दानांतराय, लाभांतराय, भोगांतराय, उपभोगांतराय, वीर्यांतराय, तथा चार दर्शन ने पांच निद्रामली नवप्रकारे दर्शनावरण कर्म. तथा सम्यक्त्वने मिश्रटाली शेष छवीश प्रकृति, मोहनीयनी असातावेदनीय, नरकायु, ने नीचैर्गोत्रेकरी सहित अडतालीश भेद थया.

मूलः—नरयडुगं तिरियडुगं, जाइ चउक्कंच पंच संघयणा ॥ संठाणा विय पंचउ वन्नाइ चउक्क मपसछं ॥ ३०२ ॥ अर्थः—नरकगति, नरकानुपूर्वी, तिर्यंचगति, तिर्यंचानुपूर्वी, एकेंद्रियजाति, बेइंद्रियजाति, त्रेंद्रियजाति, चउरेंद्रियजाति, ऋषभनाराचादिक पांच संघयण, न्यग्रोधादिक पांच संस्थान, अप्रशस्त वर्णादिक चार.

मूलः—उवघाय कुविहयगई, थावर दसगेण हुंति चउतीसा ॥ सव्वाउ मिलियाउ, बासीई पावपयमीउ ॥ ३०३ ॥ उपघातनाम, अशुभविहायोगति, थावर दशक कहेछे, थावर, सूक्ष्म, अपर्याप्त, साधारण, अथिर, अशुभ, दौर्भाग्य, दुःस्वर, अनादेय अने अयश ए दश मेलविए तेवारे नरकद्विकादिथकी मांमी इहां सुधी चोत्रीश थायछे. अने अडतालीश प्रथमनी सर्व मेलवतां ब्यासी पाप प्रकृति थायछे. इतिगाथात्रयार्थः

अवतरणः—भाव छक्कंच पडिभेयं एटले प्रतिभेदे करी सहित छ भावनुं बशोने एकवीशमुं द्वार कहेछे. मूलः—भावाछ ओवसमिय, खइय खउवसम उदय परिणामा ॥ दुनवहारिगवीसा, तिगभेया सन्निवाउय ॥ ३०४ ॥ अर्थः—विशिष्टहेतुथकी स्वभावथकी अथवा प्राणीने ते ते स्वरूपे होय ते भाव परिणामनुं विशेष जाणवुं. अथवा ए उपशमादिक पर्याये जे होय ते भाव जाणवो. इहां च शब्द अवधारणने अर्थे छे, त्यां पहेलो भस्म छन्न अग्निनीपरे जे अवस्था प्रदेशे होय पण उदयनो अभाव एवो उपशम ते मोहनीयनोज थाय पण शेष कर्मने उपशम न थाय. ते कारणे मोहनीयने उपशमे थयो ते उपशमिकभाव जाणवो. बीजो मोहनीयना क्ष

यथकी थयो ते क्षायिक नाव. त्रीजो केटलाक कर्मनो क्षय अने केटलाकनो उपश म तेणे करी थयो ते क्षायोपशमिकनाव. चोथो आठ कर्मने पोताना उदयनेविषे पहोंच्योछे तेनो पोताना स्वरूपे करी अनुनववो ते उदय; तेणेकरी निपन्यो ते उदयिकनाव जाणवो. पांचमो परिणमवुं ते कोइक रीते प्रथमनी अवस्थाने मूकी आगली अवस्थानेविषे जावुं ते परिणाम तेने विषे जे निपन्यो ते परिणामिक नाव जाणवो. छठो सम्यक्प्रकारे करी निपतन के० एकठो मलवो ज्यांछे ते सन्निपात, घणा नाव एकठा मल्याछतां ए छठोनाव निष्पन्न थायछे. एमां पांच नावना अनुक्रमे बे, नव, अढार, एकवीश ने त्रण ए नेद जाणवा; अने ए सर्व नाव एकठा मलवाथकी छठो सन्निपातनाव केहेवायछे. ॥ ३०४ ॥

उपशमिकना बे नेद अने क्षायिकना नव नेद कहेछे. मूलः—सम्मचरणाणि पढमे, दंसणनाणाइ दाण लानाय ॥उवनोग नोग वीरिय, सम्मचरित्ताणि य बिईए ॥३०५॥ अर्थः—दर्शन सप्तकना उपशमथकी सम्यक्त्व थाय अने चारित्र मोहनीयने उपशमे चारित्र थायछे. ए बे नेद पढमेके०पहेलो उपशमिकनावनेविषे थायछे. तथा दंसण नाण ए सूत्र ते सूचकमात्र तेथी दर्शननाण शब्दे केवल दर्शन ने केवल ज्ञान लेवुं तथा दानादिक पांच प्रकारनी लब्धी ते पंचविध अंतरायना क्षयथकी थायछे. एम क्षायिकसम्यक्त्व पण सप्तकना क्षयथी थायछे, एम क्षायकचारित्र ते पण चारित्रमोहनीयना क्षयथकी थायछे. ए नव बोल बीजे क्षायक नावे थायछे.

हवे क्षायोपशमिकना अढार नेद कहेछे. मूलः—चउनाणा नाणतिगं, दंसणतिगं पंचदाण लद्धीउ ॥ सम्मत्तं चारित्तं,च संजमा संजमो तइए ॥३०६॥ अर्थः—मत्यादि चार ज्ञान तथा मत्यादिक त्रण अज्ञान, दर्शनत्रिक ते चक्षुदर्शन, अचक्षुदर्शन ने अवधिदर्शन लक्षण जाणवुं. तथा दान, लान, नोग, उपनोग ने वीर्य ए पांच लब्धी; इहां ए विशेषछे के क्षायिकनावनेविषे कोइ कहेशे के दानादिक पांच लब्धि पूर्वेक्षायिक नावे कही, तो इहां वली क्षायोपशमिक नावे केहेता थका विरोध उपजेछे. त्यां ए उत्तर जे; दानादिक लब्धी बे प्रकारे छे; अंतराय कर्मना क्षय थवाथी क्षायकलब्धी केवलीने थाय. तथा क्षायोपशम लब्धि जे कही ते छद्मस्थने थायछे. ए पन्नर थया अने सोलमुं सम्यक्त्व पण सप्तकने क्षायोपशमे थायछे. अने सत्तरमुं क्षायोपशमे धुरला चारित्र सामायिकादिकचार थायछे; तेमज अढारमुं संयमासंयम रूप देशविरतिचारित्र ते अप्रत्याख्यानावरण कषाय मोहनीयने क्षयोपशमे थाय. ए अढारनेद त्रीजा क्षायोपशमिक नावना थया. ॥३०६॥

हवे उदयिक नावना एकवीश नेद कहेछे. मूलः—चउगइ चउक्कसाया, लिंगति अं लेसछक्क मन्नाणं ॥ मिछत्तम सिद्धत्तं, असंजमो तह चउत्थंमि ॥२०७॥अर्थः— गतिप्रमुख सर्वे चोथे उदयिक नावे थायछे. त्यां गतिचार ते नामकर्मना उदयथकी जीवने होय. अने चार कषाय ते कषायमोहनीयना उदयथी थाय, लिंग त्रण पण मोहनीयना उदयथी संनवे, अने लेश्या छ ते जे कहेशे के योगपरिणाम ते लेश्या तेने मते तो योग त्रणनुं उपजावनार जे कर्म तेना उदयथी लेश्या समजवी. अने जे कहेशे के कर्म निष्पंद लेश्याछे तेने अनिप्राये तो आठकर्मना उदयथकी लेश्या समजवी. जेम संसारीने असिद्धपणु ते आठ कर्मना उदयथकी होयछे. एक वली कषायनो निष्पंद ते लेश्याछे एम कहे छे; तेना अनिप्राये तो कषाय मोहनीयना उदयथकी थायछे. ए सत्तर थया अने अढारमुं अज्ञान, ओगणीशमुं मिथ्यात्व वीशमुं असिद्धपणु अने एकवीशमुं अविरति असंयमपणुं. तेमां अज्ञान ते विपरीत बोधरूप जे मति अज्ञानादिक त्रण ते ज्ञानावरण मिथ्यात्व मोहनीयना उदयथकी थाय. अने प्रथम जे अज्ञानत्रिक क्षायोपशमिक नावे कह्यो हतो ते वस्तुना अवबोध मात्रनी अपेक्षाये समस्त वस्तुनुं जाणपणुं विपरीत नावे तथा अविपरीत नावे ते ज्ञानावरणी कर्मने क्षयोपशमेज थाय. अने जेने समस्तपणे विपर्यस्त लक्षण अज्ञानपणु होय ते ज्ञानावरण. अने ते मिथ्यात्व मोहनीय कर्मनाज उदयथी संनवे. एटला माटे अज्ञाननेविषे क्षायोपशमिक अने उदयिक ए बंने नाव संनवे छे, तेमां विरोध न जाणवो. मिथ्यात्व मोहनीयना उदयथकी असिद्धत्वपणुं, अने आठकर्मना उदय थकी असंयम, अविरतिपणु, ते अप्रत्याख्यानावरण कषायना उदयथकी थाय; एटला बोलना उपलक्षणथकी निद्रा पांच अशातावेदनीय हास्य रति अरति प्रमुख अनेरा पण पोतपोताना कर्मने उदयिक नावे चोथा नावनेविषे संनवता जाणवा. ॥ २०७ ॥

हवे पारिणामिक नावना त्रण नेद कहेछे. मूलः—पंचमगंम्मिय नावे, जीवो नवत्त नवया चेव ॥ पंचएहवि नावाणं, नेया एमेव तेवन्ना ॥२०८॥ अर्थः—पांचमा नावनेविषे जीवत्वपणु अनादि पारिणामिक नावेछे. एमज बीजुं अनव्यत्वपणु अने त्रीजुं नव्यत्वपणुं पण अनादि पारिणामिक नावे छे. एनां उपलक्षणथकी घृत गोल सालिप्रमुख ने तेमज मदिरादिकने नव पुराणादिक अवस्थानाविशेष, तेमज वर्षधर, पर्वत, नवन, विमान, कुट, रत्नप्रनादिकना पुजलनुं विघटवुं. नवा पुजलनुं लागवुं इत्यादिक सर्व तथा वली गंधर्व नगर, हसितहसता सरखो देखाय. उल्का

पात कपिके० वानर, गाज, धूंहरि, दिग्दाह, वीजली चंद्रमाने सूर्यने फरतुं कुंमालुं देखाय. ग्रहणे इंद्रधनुष्य थाय. ते सर्व सादि पारिणामिकजावे ठे अने लोकअलोकनी स्थिति धर्मास्तिकायादिक ए सर्वअनादि पारिणामिकजावे जाणवा. एरीते पंचएहवि के० पांचे जावना बे, नव, अढार, एकवीश ने त्रण मल्याथी त्रेपन जेद होयठे.

हवे ठहो सांनिपातिक जाव ते प्रथम पांच जाव कह्या तेने जेवारे बेने संयोगे, त्रणने संयोगे, चारने संयोगे इत्यादिक आगमोक्त प्रकारे करी पांच प्रकारना जे जाव ते मल्या ठतां ठवीश जेद थायठे. ते आवीरीतेः—द्विकसंयोगे दशजंग, त्रिकसंयोगे दश, चतुःसंयोगे पांच अने पंचसंयोगे एक मली ठवीशजंग थाय. तेमां द्विकसंयोगे दश थाय तेनीरीत कहेठे. एक उदयिक ने उपशमिक, बीजो उदयिक ने क्षायिक. त्रीजो उदयिक ने क्षायोपशमिक, चोथो उदयिक ने पारिणामिक, पांचमो उपशमिक ने क्षायिक, ठहो उपशमिक ने क्षायोपशमिक, सातमो उपशमिक ने पारिणामिक, आठमो क्षायिक ने क्षायोपशमिक, नवमो क्षायिक ने पारिणामिक, दशमो क्षायोपशमिक ने पारिणामिक. हवे त्रिकसंयोगे दश जंग कहेठे. एक उदयिक, उपशमिक ने क्षायिक, बीजो उदयिक, उपशमिक ने क्षायोपशमिक, त्रीजो उदयिक, उपशमिक ने पारिणामिक, चोथो उदयिक, क्षायिक ने क्षायोपशमिक, पांचमो उदयिक, क्षायिक ने पारिणामिक, ठहो उदयिक, क्षायोपशमिक ने पारिणामिक, सातमो उपशमिक, क्षायिक ने पारिणामिक, आठमो उदयिक, क्षायिक ने पारणामिक, नवमो उपशमिक, क्षायोपशमिक ने पारिणामिक. दशमो क्षायिक, क्षायोपशमिक ने पारिणामिक. हवे चतुःसंयोगे पांच जंग कहेठे. एक उदयिक, उपशमिक, क्षायिक ने क्षायोपशमिक. बीजो उदयिक, उपशमिक, क्षायिक ने पारिणामिक. त्रीजो उदयिक, उपशमिक, क्षायोपशमिक ने पारिणामिक. चोथो उदयिक, क्षायिक, क्षायोपशमिक ने पारिणामिक. पांचमो उपशमिक, क्षायिक, क्षायोपशमिकने पारिणामिक. ए सर्व मली पचीश जंग थया. ठवीशमो पंचकसंयोगे एक जंग थाय ते सुप्रसिद्धठे; ए ठवीश तो जंगनी रचना मात्रे देखाडया, परंतु जे संजवी जांगा एमां परमार्थिक ठ ठे ते आवीरीतेः—एक द्विक संयोगे, बे त्रीक संयोगे, बे चतुष्क संयोगे, एक पंचसंयोगे. एना प्रकारांतरे पन्नर जंग थायठे ते सूत्रनो करनार देखाडेठे. ॥२०८॥

मूलः—उदयय खाउवसमिअ, परिणामेहिं चउरो गइ चउक्के ॥ खइय जुएहिं चउरो, तदजावे उवसमजुएहिं ॥ २०९ ॥ एक्केक्को उवसमसिढि, सिद्धकेवल सुएवम

विरुद्धा ॥ पन्नरस सन्निवाइय, जोयावीसंअसंनविणो ॥ ३१० ॥ अर्थः—उदयिक क्षायोपशमिक ने पारिणामिक ए त्रणे नांगे निपन्यो जे सांनिपातिक ते गतिना नेदथकी चिंतवतो चार प्रकारे थाय. ते आवीरीतेः—तेमां उदयिकादिक त्रण नेद ते प्रथम तो नरकगति साथे देखाडेछे. नारकीनी गतिनेविषे योजना करवी ते आम, उदयिक नारकीपणुं. क्षायोपशमिक इंद्रियादिकजाणवुं. अने पारिणामिक ते जीवत्वादिक. एम शेष त्रण गतिनेविषे पण योजना करवी. हवे खइय जुएहिं ए टले एज उदयिकादिक क्षायिके सहित सांनिपातक नेद जे थायछे तेपण गतिना नेदथकी चार प्रकारे बोलिये.ते आवीरीतेः—उदयिकीतोनारकगति छे.तथा क्षायिक सम्यक्त्वछे,अने क्षायोपशमिके इंद्रियादिकछे,तथा पारिणामिक नावे जीवत्वादिक छे, एम वली शेष त्रण गतिनेविषे नावना करवी. प्रकारांतरे वली चतुष्कसंयोगे चार नेद कहेछे. तद्नाव इति ; एक क्षायिकने अनावे उपशमनावयुक्त उदयिकनो सांनिपातक चतुष्कसंयोगे एम अनिलाषछे. उदयिक, उपशमिक, क्षायोपशमिक पारणामिक ए पण पहेलानी परे गतिना नेदथकी चार प्रकारे नाववुं, नवरं एटलुं विशेष जे उपशमिक ते सम्यक्त्व जाणवुं. हवे जे एक संख्याये सांनिपातिक नेद उपजे. उपशमश्रेणी सिद्धकेवलीनेविषे अविरुद्ध होय. ते देखाडेछे. एक उदयिक, बीजो उपशमिक, त्रीजो क्षायिक, चोथो क्षायोपशमिक, पांचमो पारिणामिक. एने संयोगे निपन्यो एक नेद जे कोइ क्षायिक सम्यक्दृष्टिछतो उपशमश्रेणी पडिवजे तेने उदयिक मनुष्यपणुं, अने उपशमिक चारित्र, तथा क्षायिक सम्यक्त्व वली क्षायोपशमिक इंद्रियादिक जाणवा; अने पारिणामिकनावे जीवत्वपणु जाणवुं. अने सिद्धनेविषे द्विकसंयोगलक्षण एक नेद सांनिपातिक होय ते आवीरीतेः—क्षायिक ने पारिणामिक तेमां क्षायिकनावे सम्यक्त्व अने केवल ज्ञानादिकजाणवा, तथा पारिणामिक नावे जीवत्वादिकजाणवुं,तथा केवलीने एक त्रिकसंयोगलक्षण सांनिपातिक नेद होय ते आवीरीतेः—उदयिक क्षायिक ने पारिणामिक,त्यां उदयिके मनुष्यत्वादिक जाणवुं, अने क्षायिके केवलज्ञानादिक जाणवुं, पारिणामिके जीवत्व नव्यत्वपणुंछे. एम गति प्रमुखनेविषे छ संयोगनी चिंताने प्रकारे अविरोध मांहोमांहे विरोधने अनावे पन्नर सांनिपातिक नेद छठानावना विकल्प थाय अने बाकीना वीश नंग ते असंनवी संयोग मात्रे होय, परंतु जीवनेविषे ते क्यारे पण पामिये नही.

हवे एज छ नंग, जे जे जीवनेविषे संनवे ते सूत्रकार कहेछे. मूलः— डगजोगो सिद्धाणं, केवलि संसारियाण तिगजोगा ॥ चतुजोगजुअं चउसुवि, गईसुमणुआ

ए पणजोगो ॥ ३११ ॥ अर्थः-द्विकसंयोगे दश नंग थायछे, तेमां क्षायिक पारिणामिक ए बे नावे निपन्यो जे नवमो द्विकसंयोग ते सिद्धनेविषे संनवे छे. शेष नव संयोग प्ररूपणा मात्रेज छे. अनेरा जीवोने उदयिकी ते गति जाणवी, अने क्षायोपशमिक इंड्रिय जाणवा, तथा पारिणामिक नावे जीवितव्य जाणवुं, एवा त्रण नाव जघन्यथी पण थाय. केवलिके० केवलीने अने संसारी जीवोने त्रिकयोग, त्यां दश त्रिकयोगमांहे केवलीने उदयिक क्षायिक ने पारिणामिक एवा त्रण नावे निपन्यो,पांचमो नंग संनवेछे. अने उपशमिक ते मोहनीय आश्रितपणाये करीनेछे माटे मोहनीयनो जेने क्षय थयोछे; एवा केवलीने ते संनवे नहीं. एम क्षायोपशमिक पण इंड्रियादि आश्रितपणाये करीने अनेंड्रियने थाय नही. संसारी चतुर्गतिक जीवोने उदयिक, क्षायोपशमिक ने पारिणामिक ए त्रण नावथी निपन्यो छठोनाव त्रिकसंयोगी नांगो लाने, शेष आठ ते प्ररूपणा मात्र क्यांयपण संनवे नहीं.

हवे चतुष्कसंयोगे निपन्या जे पांच नंग तेमांना बे नंग चार गतिनेविषे संनवे ते आवीरीते.-उपशमिक, सम्यक्दृष्टिने उदयिक, उपशमिक क्षायोपशमिक ने पारिणामिक ए चार नावे निपन्यो त्रीजो नांगो होय,अने क्षायिक सम्यक्दृष्टिने उदयिक क्षायिक क्षायोपशमिक ने पारिणामिक एवो चोथो नंग संनवेछे, ते चारे गतिनेविषे पामिए अने मणुआणके० मनुष्यने पूर्वोक्त पंचकयोगे निपन्यो नंगो संनवेछे, पणते जे क्षायिक सम्यक्दृष्टि छतो उपशमश्रेणी पडिवजे, तेनेज होय. परंतु अनेराने संनवे नहीं. एटले ए जीव आश्री सर्व नाव कह्या. ॥३११॥

हवे कयाकर्मे करी कयोनाव संनवे? ते कहेछे. मूलः-मोहस्सेवोवसमो, खाउवसमो च चउघाईणं ॥ उदयरकयपरिणामा, अछण्हविहुंति कम्माणं ॥ ३१२ ॥ अर्थः- आठकर्ममांहे विपाके अने प्रदेशे मोहनीयने उपशम थाय; परंतु शेष कर्मने नथाय. इहां सर्व उपशमनी विवक्षा करिए परंतु देशथकी उपशम लेवुं नहीं. ते सर्व कर्मने संनवे अने उदयावलिकाये प्रविष्ट अंशने क्षये अनुदयावलिकाये प्रविष्ट तेहने उपशमे, विपाकोदयने रुंधवाथकी निपन्यो ते क्षायोपशमिक. ते चउण्हके० चार ज्ञानावरणादिक घातिकर्मने थाय, परंतु शेषकर्मने क्षायोपशमिक नथाय. वली ए चारमां पण केवलज्ञानावरण केवलदर्शनावरण तेणेकरी रहितने ज ते बेहुने विपाकोदयने रुंधवाथकी क्षायोपशमनो असंनव छे.

हवे उदय रकय परिणामा एटले उदयिक,क्षायिकने पारिणामिक ए त्रण नाव ते आठ कर्मने संनवे. त्यां उदयते विपाके अनुनववुं,ए समस्त कर्मोनो सर्वजीवोने संसार

मां देखायछे; क्षय ते अत्यंत उच्छेद, ते मोहनीयने सूक्ष्म संपराय गुणठाणाना चरम समये अने शेष त्रण घातियाकर्मोनो क्षय, ते क्षीण कषाय बारमा गुणठाणाना चरमसमयनेविषे होय, अने अघातिकर्मनो क्षय चउदमा अयोगी केवली गुणठाणाना चरमसमयनेविषे संभवे.

तेम परिणमवुं ते परिणाम, जीवना प्रदेश साथे एकठुं थवुं, अथवा तेवा तेवा द्रव्य, क्षेत्र, कालना अध्यवसायनी अपेक्षाए तेम तेम संक्रमणादिक रूपपणे जे परिणमवुं ते परिणाम. इहां ए तात्पर्यछे के मोहनीयने, उपशमिक, क्षायिक, क्षायोपशमिक, उदयिक ने पारिणामिक. ए पांच भाव संभवे. अने ज्ञानावरण, दर्शनावरण, अंतराय, ने आयु एनेविषे क्षायिक उदयिक ने परणामिक ए त्रण भाव संभवेछे. ॥ ३१४ ॥

हवे गुणठाणानेविषे पांच भाव कहेछे. मूलः—सम्माइ चउसु तिग चउ, भावा चउ पणुवसामगुवसंते ॥ चउखीणापुव्वेतिन्नि सेस गुणठाणगेगजिए ॥ ३१५ ॥ अर्थः—अविरतिसम्यक्दृष्टि, देशविरति, प्रमत्त ने अप्रमत्त लक्षण, चार गुणठाणानेविषे त्रण अथवा चार भाव लाभे त्यां क्षायोपशमसम्यक्दृष्टिने ए चारे गुणठाणे त्रण भाव लाभे, ते यथा संभवपणे देखाडीए छैए.

उदयिक भावेगति. क्षायोपशमिक भावे, इंद्रिय ने सम्यक्त्वादिक जाणवा. पारिणामिक भावे जीवत्वछे, अने क्षायिकसम्यक्दृष्टिने तथा उपशमिकसम्यक्दृष्टिने चार भाव लाभे, तेमां त्रण तो पूर्वोक्तज. अने चोथुं उपशमिकने उपशमिक सम्यक्त्व लक्षण भाव होय, एमज क्षायिकने क्षायिकसम्यक्लक्षण चोथो भाव होय. वली चउपणके० चार अथवा पांच भाव उपशमिकने उपशांतनेविषे होय, त्यां अनिवृत्ति बादर अने सूक्ष्मसंपराय ए बेऊ गुणठाणे जे जीव वर्त्ते ते उपशमिक कहिए अने उपशांतमोह गुणठाणे वर्त्ते ते जीव उपशांत होय. त्यां अनिवृत्ति बादर अने सूक्ष्मसंपराय ए बे गुणठाणे चार अथवा पांच भाव होय तेमां त्रण जे प्रथम कह्या तेज जाणवा. अने चोथुं उपशमिक सम्यक्त्व तथा अन्यने क्षायिक सम्यक्त्वरूप होय, अने पांचमुं, नवमे दशमे अने अग्यारमे ए त्रण गुणठाणे दर्शनसप्तकना क्षयथी क्षपकने क्षायक चारित्ररूप होय अने उपशमश्रेणी पडिवजताने उपशमिक चारित्रना सद्भावथकी जाणवा तथा चउखीणके० चारभाव क्षीणमोह गुणठाणानेविषे अने अपूर्वकरण गुणठाणे होय, त्यां त्रण पहेलानीपरे जाणवा, अने चोथुं क्षीणमोहे क्षायिक सम्यक्त्व चारित्ररूप अने अपूर्वकरणे क्षायिक सम्यक्त्वरूप

अथवा उपशमिक सम्यक्त्वरूप होय. अने तिन्निसेस एटले त्रण जाव ते शेष गुण गणा जे मिथ्यादृष्टि, सास्वादन, मिश्रदृष्टि, सयोगी अने अयोगी लक्षणनेविषे होय, त्यां मिथ्यादृष्टि आदेदेइने त्रण गुणगणानेविषे उदयिक, क्षायोपशमिक पारिणामिक ए त्रण जाव होय अने सयोगी तथा अयोगीनेविषे उदयिक, क्षायिक ने पारिणामिक ए त्रण जाव होय. ए त्रण प्रमुख जाव जे कह्या ते एकजीवनी अपेक्षा ए जाणवा, पण नाना प्रकारना जीव आश्री कहीए तेवारे संजवी सर्व जाव होय.

अवतरणः- जीवचउ दसत्ति एटले जीवना चउद स्थानकनुं बशें ने बावीशमुं द्वार कहेछे. मूलः-इह सुहुम बायरेगिंदि बि ति चउर असन्नि सन्निपंचिंदि ॥ पज्जत्तापज्जत्ता, कम्मेण चउदस जियगणा ॥ ३१४ ॥ अर्थः- ए जिनशासननेविषे एकेंद्रिय ते सूक्ष्म ने बादरना जेदथकी बे प्रकारे कहीछे. त्रीजुं बेंद्रिय, चोथुं तेंद्रिय, पांचमुं चउरेंद्रिय, छठुं जेने मन नही ते असंज्ञीपंचेंद्रिय अने सातमुं जे मन सहितछे ते संज्ञीपंचेंद्रिय. ए बे जेद पंचेंद्रियना जाणवा. ए सात पर्याप्ता ने सात अपर्याप्ता मली अनुक्रमे चउद जीवनां स्थानक होयछे.॥३१४॥इतिगाथार्थः॥

अवतरणः-अजीव चउदसगंति एटले अजीवना चउद जेदोनुं बशें ने त्रेवीशमुं द्वार कहेछे. मूलः-धम्माधम्मागासा, तियतिय जेया तहेव अद्धाय॥खंधा देस पएसा, परमाणुअजीव चउदसहा॥३१५॥अर्थः-धर्मास्तिकायादिकनुं स्वरूप त्रैकाल्यव्रतना वखाणमांहे द्रव्य षट्कने अधिकारे कह्युं छे. इहां जेद कहियेछैये. एक धर्मास्तिकाय, बीजो अधर्मास्तिकाय,त्रीजो आकाश ए त्रणेना स्कंध,देश ने प्रदेश एवा त्रण त्रण जेद करतां नव जेद थाय छे. दशमो अद्धाके०काल जे समय, आवली मुहूर्त इत्यादिक समस्त वस्तुनी कलनानो करनार जाणवुं, अने स्कंध, देश, प्रदेश तथा परमाणु ए पुजलना चार जेद मली अजीवना चउद जेद थया.॥३१५॥इति गाथार्थः

अवतरणः-गुणगण चउदसगोत्ति एटले चउद गुणगणानुं बशें ने चोवीशमुं द्वार कहेछे. मूलः-मिछे सासणमिस्से, अविरयदेसे पमत्त अपमत्ते॥नियट्टि अनियट्टि सुहुम उवसम खीणसजोगि अजोगिगुणा ॥ ३१६ ॥ अर्थः-इहां संसारमां वसता जीवने अनादि मोहलक्षण, मिथ्यात्व सदा सर्वदा छेज, परंतु जेवारे व्यक्त मिथ्यात्व जे कुदेव उपर देवनी बुद्धि. कुगुरु उपर गुरुनी बुद्धि, अधर्मे उपर धर्मनी संज्ञा; ए प्रगट मिथ्यात्वनो जे उदय थाय ते गुणस्थानकपणे जाणवो, ए मिथ्यात्वगुणस्थानक कह्युं.

बीजुं सास्वादन ते आवीरीते के, जीवने पोते अनादि मिथ्यात्व मोहनीयछे; प

रंतु जेवारे तेनो उपशम थाय, तेवारे जीव उपशम, सम्यक्त्व, प्रथम पामे, अने वली इहां जे अनंतानुबंधिया कषाय उपशमाव्या हता; तेना उदयथी उपशमिक सम्यक्त्वथकी पडताने हजी जीव मिथ्यात्वे गयो नथी, एवुं ब आवली सुधी सास्वादन नामे बीजुं गुणस्थानक होय.

त्रीजुं मिश्रगुणस्थानक, ते आवीरीते के, मिश्रमोहनीय कर्मना उदयथकी सम्यक्त्व अने मिथ्यात्व उपर सरखी बुद्धिहोय, जेम घोडी अने गर्दजना संयोगथकी वेसरनी जाती उत्पन्न थाय. अथवा जेम गोल अने दहीना संयोगथकी बे रस होयछे. तेम श्री वीतरागना धर्मनेविषे अने अन्यदर्शनीना धर्मनेविषे पण श्रद्धा होय; ए अंतरमुहूर्त्त काल सुधी रहेछे, एने विषे वर्तमान छतो जीव परजवनुं आयुष्य पण बांधे अने मरण पण पामे नहीं. पण सम्यक्त्वे अथवा मिथ्यात्वे आवी पोताना पूर्वबद्धायुष्यने अनुसारे परजवे जाय. ए त्रीजुं मिश्रगुणगणुं कह्युं.

चोथुं अविरतिगुणस्थानक ते आवीरीते छेः—श्रीवीतरागना जाषिततत्वनेविषे रुचि थाय, ए उपशमादिक गुणेसहित अपार्द्ध पुजल परावर्त संसार छते नव्य जीव पामे; देव गुरु अने संघनी नक्ति अने उन्नति जेम थाय तेम करे, तेंत्रीश सागरोपमसाधिक एनी स्थिति छे. अने अप्रत्याख्यान नामे जे कषाय तेना उदयथकी थोमीपण विरति करी शके नहीं अने सम्यक्त्व पण होय, तेथी ए चोथुं अविरतिसम्यक्दृष्टिगुणस्थानक कहिये.

पांचमुं देशविरतिगुणस्थानक छे, ते आवीरीते के, ए गुणगणानेविषे प्रत्याख्यानावरण कषायना उदयथकी जीव सर्वविरतिपणुं करी शके नही, अने देशथकी विरति होय, इहां श्रावक संबंधी छ कर्म, प्रतिमा व्रत एनेविषे तत्पर थाय, आर्त्त ने रौद्र ध्यान घणुं होय, अने धर्म ध्यान थोडुं होय. देशोकणी पूर्वकोमी ए गुणगणानी स्थिति जाणवी. ए देशविरति नामे पांचमुंगुणस्थानक जाणवुं.

छठा प्रमत्तगुणस्थाननुं लक्षण आमछे के, इहां संज्वलन कषायना उदयथकी प्रमाद संजवेछे, एनेविषे रह्योथको जे यति ते प्रमत्तयति कहेवाय छे, अने वली नोकषायना उदयथकी आर्त्तध्यान घणुं होय, अने धर्मध्यान थोडुं संजवे छे. प्रमादना बहुलपणाये करी मिथ्यात्वे मोहितथको श्रीजिनोक्तआगम पूर्ण वेदे नहीं, एनी अंतरमुहूर्त्तनी स्थिति छे. ए प्रमत्त यतिनुं छहुं गुणगणुं जाणवुं.

सातमुं अप्रमत्तगुणस्थानक देखाडेछे. इहां संज्वलन कषायना मंद उदयपणे करीने प्रमादहीन होय, तेथी ए गुणगणे वर्तमान छतो बंने श्रेणीनो आरंज

करे. एने अप्रमत्त यति कहिये. इहां कालमान छद्म प्रमत्तादिक गुणठाणाथी लेइने बारमासुधी साते गुणस्थानकनेविषे अंतरमुहूर्त होय, इहां आवश्यकना अन्नावथकी पण ए सदा शुद्धात्मा जाणवुं.

आठमुं निवृत्तिगुणस्थानक एटले इहांथकी वली पाछुं निवर्त्ते, तेथी ए निवृत्तिगुणस्थानक समजवुं. अने नवमाथकी निवर्त्ते नहीं तेथी एनुं नाम अनिवृत्ति छे, दशमुं सूक्ष्मलोजना विद्यमानपणाये करीने एनुं नाम पण सूक्ष्मसंपराय छे. अग्यारमुं उपशांतमोह गुणस्थानक; एनेविषे उपशमश्रेणीनुं पडिवजण हार आवीने घणी जवस्थिति छते वली इहांथी पाछुं पडयुंथकुं मिथ्यात्वे जाय, अने जेने थोडी जव स्थिति होय तथा तद्भव मोक्षगामि होय ते पाछो पड्यो थको सातमा गुणठाणा सुधी आवे. अने क्षपकश्रेणीवालो ते दशमाथकी बारमे जाय पण अग्यारमे गुणठाणे आवे नही.

क्षीणपणे थयोछे मोह ज्यां ते क्षीणमोह नामा बारमुं गुणठाणुं जाणवुं.

तेरमुं सयोगी नामे गुणठाणुं ते इहां मन, वचन अने काययोगना सद्भावथकी सयोगीगुणठाणुं केवाय छे. एनुं कालमान देशोन पूर्वकोटी प्रमाण जाणवुं. ए केवलीनुं गुणठाणुं कहेवाय छे.

चउदमुं अयोगी गुणठाणुं ते आवीरीते; अ इ उ ऋ लृ एवा पांच ह्रस्व अक्षरनो उच्चार करतां जेटलुं वखत थाय तेटलुं एनुं कालमान जाणवुं. तेने इहां छती कायाए कायानो जाव छे तो पण तेने आगले तुरत कायानो क्षय थशे; ते कारणे एने काया संबंधी कार्यना अन्नावथकी ए अयोगी कहेवाय छे. एनेविषे वर्त्ततो शुक्लध्याननो चोथो जेद ध्यातो छेहेला समयनेविषे वेदनीयादिक तेर प्रकृति खपावी सिद्ध जगवंत थाय. ए चउदगुणठाणा कह्या. ॥ ३१६ ॥ इति गाथार्थ. ॥

अवतरणः—मग्गण चउद्दस गोत्ति एटले चउदमार्गणाना स्थाननुं बशेने पचीशमुं द्वार कहेछे. मूलः—गइ इंदिएयकाए, जोए वेए कसाय नाणेय ॥ संजम दंसण लेसा, जवसम्मे सन्नि आहारे ॥३१७॥ अर्थः—एक, गतिचार ते देव, नर, तिर्यंच, ने नारकी, बीजी इंद्रिय, पांच, तेमां स्पर्शन लक्षण इंद्रिय जेने ते एकेंद्रिय, एम बेंद्रिय, तेंद्रिय, चउरेंद्रिय, पंचेंद्रियलक्षण पांचे जाणवी. त्रीजी काय ते पृथ्वी, अप, तेज, वायु, वनस्पति ने त्रस लक्षण छ जाणवी. चोथी योगमार्गणा ते मन, वचन ने काय लक्षण त्रण, जेदेछे पांचमी वेदमार्गणा ते पुरुष, स्त्री ने नपुंसकना जेदथकी जाणवी. छठी कषायमार्गणा ते क्रोध, मान, माया ने लोनरूप जाणवी, सातमी ज्ञान

मार्गणा ते मति, श्रुत, अवधि, मनपर्यव ने केवल ए पांच ज्ञान तथा मतिअज्ञान, श्रुतअज्ञान ने विभंगज्ञान ए त्रण अज्ञान मली आठ भेदे छे; आठमी संयम मार्गणा ते सामायिक, छेदोपस्थापनीय, परिहारविशुद्धि, सूक्ष्मसंपराय, यथाख्यात, देशसंयम ने असंयमना भेदे सात प्रकारेछे. नवमी दर्शनमार्गणा ते चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन ने केवलदर्शनना भेदे करी चार प्रकारे जाणवी. दशमी लेश्यामार्गणा ते कृष्ण, नील, कापोत, तेजो, पद्म ने शुक्ल रूप छ प्रकारे जाणवी. अग्यारमी भवमार्गणा ते भव्य ने अभव्य लक्षण बे प्रकारे जाणवी. बारमी सम्यक्त्वमार्गणा ते उपशम, सास्वादन, मिश्र, क्षायोपशमिकने क्षायक ए पांच भेदे जाणवी. तेरमी सन्निमार्गणा ते संज्ञी ने असंज्ञीना भेदे जाणवी. चउदमी आहार मार्गणा ते आहारक अने अनाहारक रूप बे भेदे जाणवी. ज्यां जीवपदार्थनुं शोध करवुं ते मार्गणा मूल चउद जाणवी.तेना प्रतिभेद करिये तेवारे बासठ थाय ते कह्या. इति॥

अवतरणः—उवउगा बारसत्ति एटले बार उपयोगनुं बत्रीशमुं द्वार कहेछेः—मूलः—मइ सुअ उही मण केवलाणि मइ सुअ अन्नाण विभंगा ॥ अचरकु चरकु अवही, केवल चउदंसणुवउगा ॥ ३१८ ॥ अर्थः—मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनपर्यवज्ञान, केवलज्ञान, मतिअज्ञान, श्रुतअज्ञान, विभंगज्ञान, चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन, अने केवलदर्शन. ए चार दर्शन अनाकार रूपछे ते मेल्यां थका बार उपयोग थायछे. ॥ ३१८ ॥ इति गाथार्थ. ॥

अवतरणः—जोगा पन्नरसत्ति एटले पन्नर योगनुं बत्रीने सत्तावीशमुं द्वार कहे छे. मूलः—सच्चं मोसं मीसं, असच्च मोसं मणो तह वईय ॥ उरल विउवा हारा, मीस कम्मयग मिय जोगा ॥३१९॥ अर्थः—सत्यमनोयोग, असत्यमनोयोग, मिश्र मनोयोग, असत्यामृषामनोयोग, जेम ए चार मनना, तेमज चार वचनना योगछे ते कहेछे. सत्यवाग्योग असत्यवाग्योग मिश्र ते सत्य, असत्य, वाग्योग, असत्यामृषावचनयोग. एवं आठ थया; अने सात औदारिकादिक कायना ते आवीरीते. औदारिक, औदारिकमिश्र, वैक्रिय, वैक्रियमिश्र, आहारक, आहारकमिश्र, कार्मण योग. ए सात भेला करिए तेवारे पन्नर योग थाय. ॥ ३१९ ॥ इतिगाथार्थ ॥

अवतरणः—परलोयगई गुणठाणंगेसुत्ति एटले जे गुणस्थानकनी साथे जीव परलोके जाय अने जे गुणस्थानक अहीयां होय पण जीवनी साथे परलोके न जाय ते नुं बत्रीने अठ्ठावीशमुं द्वार कहेछे. मूलः—मिछे सासाणेवा, अविरयभावम्मि अहिगए अहवा ॥ जंति जिआ पारलोयं, सेसेक्कारस गुणे मोत्तुं॥३२०॥ अर्थः—मिथ्यात्वगुणठा

णु; सास्वादनगुणठाणुं अथवा अविरति नाव गुणठाणुं ते अधिगत एटले पामे ठते ए त्रण गुणठाणां जीवनी साथे परलोकनेविषे जाय. शेष अग्यार गुणठाणा न जाय. इहां एटलुं विशेष जे मीसे खीणसजोगे, नमरंते कारसेसुयमरंति ॥ जेसु वि तिसु गइ एसुं, परलोय गमोन अहेसु ॥ १ ॥ ३२० ॥

अवतरणः—गुणठाणा कालमाणंति एटले चउद गुणठाणानुं कालमान कहेवानुं बशे ने ओगणत्रीशमुं द्वार कहेठे. मूलः—मिळत्तम नवाणं, अणाइय मणंत यंच विन्नेयं ॥ नवाणंतु अणाई, सपज्जवसिअंचसम्मत्तं॥३२१॥ ठावलियं सासाणं, समहिय तेत्तीस सायर चउळं ॥ देसूण पुव्वकोडी, पंचमगं तेरसंच पुढो ॥ ३२२॥ लहुपंचरकरचरमं, तईयं ठठाइ बारसं जाव ॥ इय अठगुणठाणा, अंतमुहुत्तापमाणेणं ॥ ३२३ ॥ अर्थः—अनव्यजीवोने अनादि अनंत मिथ्यात्व जाणवो अने नव्यजीवोने अनादि सपर्यवसित जाणवुं सम्यक्त्व पामे ठते मिथ्यात्व नथाय, अने ज्यां नव्यजीव पण सम्यक्त्व न लहे त्यांसुधी अनादि मिथ्यात्वमांहेज जीव वसतो जाणवो. अने ठ आवलिका सास्वादनगुणस्थानकनुं कालमान जाणवुं. ते त्रीश सागरोपम साधिक अविरति सम्यक्दृष्टि चोथा गुणठाणानुं कालमान जाणवुं. अने देशेकणी ते आठवर्षे कणी पूर्वकोडी कालमान ते पांचमुं देशविरति, अने तेरमुं सयोगी ए बे गुणठाणानेविषे पुढोके० प्रत्येके होय. लघुके० ह्रस्व अ, इ, उ, ऋ, ऌ, एवा पांच अक्षर उच्चारसम कालमान चउदमा गुणठाणानुं जाणवुं. हवे नही कह्यां एवां जे त्रीजुं, ठठुं, सातमुं, आठमुं, नवमुं, दशमुं, अग्यारमुं, बारमुं, ए आठ गुणठाणानो काल अंतरमुहूर्तप्रमाण प्रत्येके जाणवो. इति गाथात्रयार्थ.

अवतरणः— नरय तिरिनर सुराणं उक्कोस विउव्वणा कालोत्ति एटले नारकी तिर्यंच मनुष्य ने देवता एने उत्कृष्टविकुर्वणा करेली जेटलो काल रहे तेनुं बशो ने त्रीशमुं द्वार कहेठे. मूलः—अंतमुहुत्तं नरएसु होइ चत्तारितिरिय मणुएसु ॥ देवेसु अद्धमासो, उक्कोस विउव्वणाकालो ॥३२४॥ अर्थः—नारकीनेविषे नारकीनी करेली विकुर्वणा एक अंतरमुहूर्त्तसुधी रहे. एम चार अंतरमुहूर्त तिर्यंचने अने मनुष्यनेविषे एनी करेली विकुर्वणा चार अंतरमुहूर्त सुधी रहेठे. अने देवतानेविषे विकुर्वणा करी ठतां पन्नर दिवस सुधी रहेठे. ए उत्कृष्ट विकुर्वणानुं कालमान जाणवुं.॥३२४॥

अवतरणः—सत्त समुग्घायत्ति एटले सात समुद्घातनुं बशेने एकत्रीशमुं द्वार कहेठे. मूलः—वेयण कसाय मरणे, वेउव्विय तेय एय आहारे ॥केवलिअसमुग्घाए, सत्त इमे हुंति सत्ताणं ॥ ३२५ ॥ अर्थः—समवहत ते आपणा आत्माना प्रदे

शवुं मोकलुं करवुं ठे ज्यां; ते समुद्घात कहिए. ते एरीते. एक वेदना, बीजी कषाय, त्रीजी मरणांतिक, चोथी वैक्रिय, पांचमी तेजस, ठही आहारक, अने सातमी, केवली समुद्घात. ए साते समुद्घात संज्ञीने थाय. ॥३२५॥

हवे शेषजीवोने समुद्घात कहेठे. मूलः—एगिंदीणं केवलि, आहारग वज्जिया इमे पंच ॥ पंचाविय वेउव्वा, विगला सन्नीण चत्तारि ॥ ३२६ ॥ अर्थः—एकेंद्रिय जीवोने, एक केवली, बीजी आहारक; ए बे समुद्घात वर्जीने शेष पांच समुद्घात थायठे. विगलेंद्रियने अने असंज्ञीने वैक्रिय समुद्घात वर्जी शेष चार समुद्घात थायठे. ए गाथा पन्नवणा जीवसमास अने पंचसंग्रहादिक शास्त्रांतर साथे विघटति देखायठे; सूत्रकारे केवा अभिप्रायथी कह्युंठे ते तेज जाणे. ॥ ३२६ ॥

हवे केवली समुद्घातनुं स्वरूप कहेठे. मूलः—केवलिय समुग्घाउ, पढमे समयम्मि विरयए दंमं ॥ बीए पुणो कवामं, मंथाणं कुणइ तइयम्मि ॥ ३२७ ॥ अर्थः—केवली जेवारे समुद्घात करे तेवारे पहेला समयनेविषे दंम विरचेके० करे, बीजे समये पोताना जीवना प्रदेश विस्तारी कपाटने आकारे करे, त्रीजे समये मंथाणंके० जेणेकरी दहीने मथिए तेने आकारे करे. ॥ ३२७॥

मूलः—लोयं नरइ चउत्थे, पंचमए अंतराय संहरइ ॥ ठठे पुण मंथाणं, हरइ कवाडंपि सत्तमए ॥ ३२८ ॥ अर्थः—चोथा समयनेविषे समस्त लोक पोताना प्रदेशे नरे, ए रीते नरीने पठी पांचमा समयनेविषे आंतरा संहरे, ठठे समये वली पूर्वे जे पोताना प्रदेशे मंथाणुं कर्युं ठे तेने संहरे, सातमा समयनेविषे जे कपाटने आकारे प्रदेश कर्या हता तेने संहरे. ॥ ३२८ ॥

मूलः—अठमए दंमंपिहु, उरलंगो पढम चरमसमएसु ॥ सत्तम ठठ बिइज्जेसु होइ उरालमिस्सेसो ॥ ३२९ ॥ अर्थः—आठमा समयनेविषे जे प्रथम समये दंमाकारे प्रदेश करेला हता तेने संहरे, पण इहां पहेलाने ठेला समयनेविषे औदारिक शरीर थाय. सातमा ठठा अने बीजा समयने विषे औदारिक मिश्र थाय.

मूलः—कम्मण सरीरजोई, चउठए पंचमे तइज्जेयं॥जं होइ अणाहारो, सो तम्मि तिगे समयाणं, विसेसाणं॥एमपाठांतरठे. ॥३३०॥ अर्थः—केवल कार्मण शरीर योगी ते चोथा पांचमा ने त्रीजा समयनेविषे होय. जे कारणे ते त्रण समयनेविषे अनाहारक ठे, ज्यां अनाहारक कह्या त्यां केवलीणोसमुहया एटले केवली केवल समुद्घात करे, तेवारे ए त्रण समयनेविषे अनाहारक होय. ३३० इतिगाथा षट्कार्थ.

अवतरणः—ठपज्जत्तीउत्ती एटले ठ पर्याप्तिनुं बशे ने बत्रीशमुं द्वार कहेठे.

मूलः—आहारसरीरिंदिय, पज्जत्ती आणपाण नासमणे ॥ चत्तारिपंच छप्पिय, एगेंदिय विगलसन्नीणं ॥ ३३१॥ अर्थः—आहारादि पुद्गल लेवाने परिणमाववानुं कारणजे आत्माने शक्तिनुं विशेष ते पर्याप्ति कहीए. त्यां पहेली आहारपर्याप्ति, बीजी शरीरपर्याप्ति, त्रीजी इंद्रियपर्याप्ति, चोथी आणपाण ते श्वासोश्वासपर्याप्ति, पांचमी नाषापर्याप्ति अने छठी मनपर्याप्ति. तेमां धुरली चार पर्याप्ति एकेंद्रियने होय, विकलेंद्रियने पांच होय अने असन्नीने नाषायुक्त पांच होय; तथा जे संज्ञी तेने मनसहित छ होय.

हवे एनुं कालमान कहेछे. मूलः—पढमा समयपमाणा, सेसा अंतोमुहुत्तियाय कमा ॥ समगंपि हुंति नवरं, पंचमछठाउअमराणं ॥ ३३२ ॥ अर्थः—पहेली आहार पर्याप्ति एक समय प्रमाणछे, अने शेष थाकती पर्याप्ति अंतरमुहूर्त्त प्रमाणनी अनुक्रमे प्रत्येके जाणवी. इहां कोइ कहेशे के, पहेली आहारपर्याप्ति एक समये थाय; एवात केम जाणिये? ते उपर नगवंत श्रीआर्य श्यामाचार्ये पन्नवणाना आहारपदना बीजा उद्देसाने विषे एवुं सूत्र कह्युंछे. आहारपज्जत्तीए अपज्जत्तएणंनंते किंआहार ए अणाहार ए गोयमानो आहारए अणाहारए. इहां ए नाव जे आहार पर्याप्ते अपर्याप्तोजीव विग्रहगतिएज जाय; परंतु उपपात क्षेत्रनेविषे अणाहारक न होय त्यां आव्यो जीव पहेलेज समये आहारनुं परिग्रहण करे, ते कारणे एक सामायिकी आहार पर्याप्ति होय. अने जे उपपात क्षेत्रे आव्यो पण आहारपर्याप्ते अपर्याप्तो थाय तो एवुं सूत्र कह्युंछे. सिअआहारएसिअअणाहारएत्ति. जेम शरीरादिक पर्याप्तिनेविषे सूत्र पाठ आवो कह्यो छे. सिअ आहारए सिअ अणाहारएत्ति एटले ए प्रथम समयज आहार पर्याप्तिनी सिद्धि थइ. हवे शेषप्रत्येकेअंतरमुहूर्त्तप्रमाणे कही. ए सामान्य पणे सूत्रकारे कह्युं ते पण औदारिक शरीर आश्री कह्युं जाणवुं. अने वैक्रिय आहारकने पांच पर्याप्ति समय समयनी थाय. शरीरपर्याप्ति ते अंतरमुहूर्त्त प्रमाण छे.

हवे देवताने विशेष कहेछे. समगंपिके० समकालेज पांचमी नाषापर्याप्ति अने छठी मनःपर्याप्ति ए बन्ने थाय. नवरं इहां ए विशेषछे. जे सिद्धांतमां पंचविहाए पज्जत्तीएत्ति; एवा कथनथकी पांचे समकाले जोइये अने इहां छ कही ते कांइ बहुश्रुतानिमत अनिप्राय कोइ जाणवो. अथवा क्यांएक छ पण कहीछे ३३२ इतिगाथा द्वयार्थ.

अवतरणः—अणहारगत्ति एटले अनाहारक चारनुं बशेने तेत्रीशमुं द्वार कहेछे. मूलः—विग्गहगइमावन्नी, केवलिणो समुहया अजोगीय ॥ सिद्धाय अणाहारा, सेसा आहारगा जीवा ॥३३३॥ अर्थः—एकतोविग्रहगते जेवारे जीव प्राप्त थाय, तेवारे

अणाहारक जाणवुं. बीजुं केवली केवल समुद्घात करे तेवारे त्रण समय आहार न लिये माटे अणाहारक होय. त्रीजुं अयोगी केवली अयोगी चउदमे गुणठाणे अ णाहारक होय. चोथा तेमज सिद्धभगवंत सदा अणाहारक छे अने शेष समस्त जीव आहारक जाणवा. ॥ २३३ ॥ इतिगाथार्थ.

अवतरणः—सत्तभयठाणाईति एटले सात भयना स्थानकनुं वर्णने चोत्रीशमुं द्वार कहेछे. मूलः—इहपरलोयायाणमकम्हा आजीव मरण मसिलोए ॥ सत्तभ यठाणाइ, इमाइ सिद्धांतभणियाइं ॥ २३४ ॥ अर्थः—इहलोकभय तेने कहिये जे मनुष्यने मनुष्यथकी भय उपजे. बीजुं एमज मनुष्यने तिर्यंचादिकथी भय उप जे ते परलोकभय जाणवुं. त्रीजुं आदानभय ते आदान एटले ग्रहण तेनुं भय एटले कोइ कहेशे ताहारुं धन, राजादिक लइ लेशे ए आदानभय जाणवुं. चोथुं अ कस्मात्भय ते वीजली प्रमुखनुं जाणवुं. पांचमुं आजीविकानुं भय ते दुःकाल पड्यो हवे केम जीवता रहीशुं? ते जाणवुं. छठुं कोइके कह्युं जे ताहरुं मरण अ मुक दिवसे थशे; तेनाथी जे भय उत्पन्न थाय ते मरणभय जाणवुं. सातमुं अ यश ते लोकापवादनुं भय जाणवुं. ॥ २३४ ॥ इतिगाथार्थ.

अवतरणः—छप्पासाउ अप्पसत्थाउत्ति एटले छ अप्रसस्त भाषाउनुं वर्णने पात्रीस मुं द्वार कहेछे. मूलः—हीलिय खिंसिय फरसा, लिआउ तह गारहत्थिया भासा ॥ छट्ठी पुण उवसंता, हिगरणउल्लाससंजणणी ॥२३५॥ अर्थः—जे भाखिये बोलिए ते भाषा कहिये, तेमां अप्रशस्त कर्मबंधना कारणे करीने माठी भाषा ते छ प्रकारे थायछे. तेमां पहेली हेलित तेने कहियेके जे रीशेकरी अवगणना पूर्वक वाचक ज्येष्ठ आर्य इत्यादिक कहे ते जाणवी. बीजी खिंसित ते जे जन्म कर्म प्रमुख उघाडां पाडवां. अर्थात् जाहेर करवां, ते. त्रीजी परुष दुष्टादिक कर्कश वचननुं बोलवुं ते. चोथी अली क ते शुं दिवशे प्रचला करेछे के इत्यादिक प्रश्ननेविषे प्रचला नकरुंछुं एवुं बोलवुं ते जा णवी. पांचमी गृहस्थनी ए भाषाते गारहत्थिया बेटा बाप मामा भाणेजा इत्यादिक व चन कहे ते जाणवी. छट्ठी पुणःके० वली उपशांतके० उपशम तेनुं अधिकरण ते क लह कहिये तेनो उल्लासके० प्रवर्त्तावबुं तेहनी जननीके० उपजावनारी एटले एवुं व चन बोले के जे वचने करी अणछतो क्लेश उत्पन्न थाय इतिगाथार्थ. ॥ २३५ ॥

अवतरणः—भंगागिहिव्वयाणंति एटले गृहस्थना व्रतना भांगानुं वर्णने छत्रीस मुं द्वार कहेछे. मूलः—दुविहा अठविहावा, बत्तीसविहाय सत्तपणतीसा ॥ सोलसय सहस्सनवे, अठसयजुत्तरा वइणो ॥ २३६ ॥ अर्थः—दुविहाके० बे प्रकारे अथ

वा आठ प्रकारे अथवा बत्रीश प्रकारे अथवा सातसेने पांत्रीश प्रकारे अथवा शो लहजार आठसेने अठोत्तर व्रतिना भंगा होय. इहां वइणो एवा वचनथकी व्रत शब्दे नियमविशेष ते जेने छे तेवा व्रती सामान्य श्रावक ग्रहण करवा. पण देशविरति इहां लेवा नही. अविरति सम्यक्दृष्टि एने पण सम्यक्त्व प्रतिपत्ति लक्ष ण नियमना सद्भावथकी सम्यक्त्वधारी व्रती इहां जाणवा. ॥ ३३६ ॥

हवे एज भेद प्रत्येके वखाणनार छतो सूत्रकार धुरला त्रण भेद कहेछे. मूलः— डुविहा विरियाविरया, डुविहं तिविहाइए अठहा हुंति ॥ वयमेगेगं छविह, गुणियं डुगमिलियबत्तीसं ॥ ३३७॥ अर्थः—विरति जेने छे ते विरति अने जे व्रत न जाणे अने व्रतनो अंगीकार करे नही, वली व्रत पालवानो उद्यम न करे ते अविरति सत्य कि श्रेणीक तथा कृष्णादिक जेने क्षायिक सम्यक्त्व प्राप्त थयुं एवा श्रावक जाण वा. ए बेहु भंगे पहेलुं द्विविधपणु कह्युं; हवे जे अज्ञान अने अनभ्युपगम अयत्नादि क ए त्रण पद कह्यां ए त्रण पदे करी आठ भांगा होय, ते आठ भंगमांथी धुरले सात भंगे निश्चे थकी अविरति जाणवुं. कारणके व्रत घुणाक्षरन्याये पाल्यां पण फलवंत न थाय. किंतु सम्यक्ज्ञानने सम्यक्ग्रहणपूर्वक पाल्याथका सफल थाय छे अने आठमे भंगे देशविरति ते एकादि व्रतनो लेनार ज्यांलगे छेहलो अनुमति मात्रनुं सेवनार शेष पाप तेणे सर्व पच्चख्यो, अने अनुमति पण त्रण प्रकारे छे; तेमां जे कोइ पोते अथवा अनेरे कोइ बीजे कर्युं जे पाप तेनी श्लाघा करे, सा वद्ये करी निपन्यो जे आहारादिक ते पोते जमे तेवारे तेने प्रतिसेवा अनुमति होय, अने जेवारे पुत्रादिकनुं करेलुं पाप सांभले ते सांभलीने अनुमोदे,परंतु तेने निवारे न ही तेवारे प्रतिश्रवणानुंमति बीजो भेद जाणवुं. अने त्रीजुं वली जेवारे सावद्यारंभने विषे प्रवर्त्त्या छे जे पुत्रादिक, तेहनेविषे मात्र ममता भाव सहितछे, परंतु अनेरु सांभले नही,अने अनुमोदे पण नही,तेवारे संवासानुमति ते त्रीजो भेद जाणवो. हवे जे कोइ संवासानुमति मात्रनो सेवनार ते चरम भांगे देशविरति अने जे सं वासानुमति थकी विरत्या थका होय तेने यति कहिये. एणे कारणे विरति ने अ विरतिना भेदथकी बे प्रकारे कहिये.

हवे आठ प्रकार कहेछे. डुविह तिविहाइके० त्यां द्विविधपणु करण करावणरूप अने त्रिविध ते मन वचन अने कायने भेदे जाणवुं. ते द्विविध त्रिविध ए एक भंग जाणवो. तेज जे भांगाना समूहनेविषे आदिके० धुरेछे ते द्विविध त्रिविधा दि कहिये. ते द्विविध त्रिविधादि भंगे करी आठ प्रकारे श्रावक जे आगल डुविह

अने एगविह ए बे गाथामांहे कहेशे, ते सोपयोगपणा लगीने इहां वखाणिये ठैये. इहां व्रतनो पडिवजणहार ते श्रावकना घणा जंगना विशेषथकी कोइएक कांइक प डिवजे. त्यां पहेलो द्विविध ते करण करावणना जेदथकी जाणवो. त्रिविध ते मन वचन कायाये करी जाणवुं. एम पढमके० पेहेलो जंगो होयठे. इहां जावना एमठे के मन वच न अने कायाये करीने स्थूलहिंसादिक पोते न करे, अने अनेरा पासे करावे नही, अने अपत्यादिक परिग्रहना सद्भावथकी अनुमतिने निषेधी नथी ते पुत्रादिके करेली हिंसादिकनेविषे हजी तेने अनुमति लागेठे. अन्यथा प्रकारे जेने एटलुं प ण न होय तो परिहगृही अने अपरिगृही, प्रवर्जित अने अप्रवर्जितनो मांहोमांहे जेद नथाय. अने वली जे श्रीजगवती प्रमुख सिद्धांतमांहे गृहस्थने त्रिविध त्रिवि धनुं पच्चखाण कह्युं ते विशेष विषइउ जाणवुं ते आवीरीते ठे.

जे कोइ दीक्षा लेनार होय अने पुत्रादिकना पालवाने अर्थे विलंब करतो थ को प्रतिमा पडिवजे. अथवा जे कोइ विशेषे करी स्वयंजुरमण समुद्रना माठला नुं मांस तेनु पच्चखाण करे. एम हाथीना दांत, चित्रानां चर्म अथवा स्थूलहिंसा दिक कोइक अवस्थाना विशेपनेविषे पच्चखे तेज त्रिविध त्रिविधे एवुं पच्चखाण करे, ए अल्पविषयपणाथकी इहां विवक्ष्यो नथी. वली द्विविध द्विविधे ए बी जो जंग जाणवो. इहां आगले पदे त्रणजांगा कह्या ठे त्यां एक जेवारे मने करीने वचने करी न करे तेमज करावे नही, तेवारे मनेकरी हिंसादिकने अजिप्राये रहि त अने वचने पण हिंसादिकनुं वचन अणबोलतो ठे; केवल शरीरे करी असन्नी नीपरे हिंसादिक करेठे. बीजुं जेवारे मनेकरी अने कायायेकरी नकरे अने न करा वे तेवारे चित्तनी अजिसंधिरहितथको शरीरे करी डुश्चेष्टितादिक परिहरतो अना जोगादिकथकी वचनेकरीने हणु एवुं कहे. त्रीजुं एमज जेवारे वचन अने काया येकरी न करे न करावे तेवारे केवल मनने अजिप्राये करे अने करावे. पण इहां अनुमति त्रणेने ठेज. एम शेषविकल्प पण जाववा. एरीते मूल जंग ठ थया ते ठ ना उत्तर जंग एकवीश थाय, ते आगल कहेशे. उक्तंच॥ डुविह तिविहाविठच्चिय, तेसिं जेया कमेण मे हुंति ॥ पढमेको डुन्नितिश्रा, डुगेगदोठक्कइगवीसं ॥ १ ॥ अने उ त्तरउगुण सत्तमउके० जेणे त्रण गुणव्रत ने चार शिक्षाव्रत लक्षण उत्तरगुण पडिवज्या ठे. ए सातमो जेद जाणवो. अने अविरति सम्यक्दृष्टिनो आठमो जेद जाणवो, ए आठ जेद देखाड्या.

हवे बत्रीश जेद देखाडेठे. वयमेगगंके० एक एक व्रतने स्थूल प्राणातिपात वि

रमणादि लक्षण मूल पांच महाव्रत छे तेने पूर्वोक्त छ प्रकारे गुण्याथका त्रीश थाय. अने एक उत्तरगुणप्रतिपत्तिनो, बीजो अविरति सम्यक्दृष्टिनो. ए बे नेद मेलविये तेवारे बत्रीश नेद थायछे ते आवीरीतेः–

पहेलुं प्राणातिपात विरमण स्थूल व्रत कोइये छ नंगामांहे पहेले नंगे पडिवज्युं, कोइएके बीजे नंगे पडिवज्युं, कोइए त्रीजे नंगे पडिवज्युं, एम यावत् कोइए छठे नंगे पडिवज्युं, एरीते पहेला प्राणातिपात विरमण व्रतना छ नंग जाणवा. तेमज मृषावाद विरमणादिक पांचे मूल व्रतोना छ छ नंग मेलविये तेवारे त्रीश नंग थाय. अने आवश्यकमां एम कह्युंछे के कोइएके पांचे अणुव्रत एकठां लीधां त्यां द्विविध त्रिविधादिक छ नंगछे. अने वली बीजो कोइ चार व्रतनुं ग्रहण करे त्यांपण छ नंगछे. ते ज्यांसुधी कोइएक एक अणुव्रतनुं ग्रहण करे त्यां पण छ नंग जाणवा. ए आवश्यकना अनिप्रायथी नंग देखाड्या. ॥ ३२७ ॥

हवे ग्रंथकर्त्ता सातशें पांत्रीश नंगनी प्ररूपणा करनार छतो श्री नगवतीने अनिप्राये नव नंगी कहेछे. मूलः–तिन्नितिआ तिन्निडआ, तिन्निक्केक्काय हुंतिजोगेसुं ॥ तिडएक्कंतिडएक्कं, तिडएक्कं चेव करणाइ ॥३२८॥ अर्थः–योग ते मनोयोगादिक त्रण नेविषे करण करावण ने अनुमतिरूपे करी त्रण त्रगडा ने त्रण बगडा अने त्रण एकडा हुंतिके० होय. योगनेविषे अनुक्रमे त्रण त्रगडा थापी नीचे त्रण बगडा, ते नीचे त्रण एकडा करण मन वचन कायाए स्थापिए. हवे कोइक गृहस्थ मने करी सावद्य योग करे नही, करावे नही, तथा अनेरो करतो होय तेने अनुमोदे नही; तेवारे ए मन साथे त्रण नंग थाय. एम वचन साथे त्रण नंग तथा कायासाथे पण त्रण नंग करतां मूल नव नंग थया. तेना उत्तरनंग उंगणपचाश थाय; ते नीचे लखाशे त्यांथी जोवा. ॥३२८॥

इहां शिष्य पूछेछे के वचन अने काया एणे करी तो करण करावण ने अनुमति देखायछे; परंतु मनने करण करावण ने अनुमति केम थायछे? तेने गुरु कहेछे. काया अने वचने करी निर्व्यापारथको पण मनथकी एवुं चिंतवे जे अमुक सावद्य योग करुं; तेवारे मनेकरी करण थयुं. अने मने करी एम जाणे के अमुक सावद्य योग करावुं, तेपण तेनुं इंगित जाणी तेवा अनिप्राये प्रवर्त्ते तेवारे मने करी करावण थयुं. अने जेवारे सावद्य करी मनमां चिंतवे जे आ में सारुं कर्युं तेवारे मने करी अनुमति थइ. एरीते मननां नंग देखाडतां उंगणपचाश नंग देखाड्या जाणवा.

सांप्रत प्रकारांतरे सूत्रकार एज देखाडेछे. मूलः–मणवयणकायजोए, करणे

करावणे अणुमईए ॥ एकगङगतिगजोगे, सत्तासत्तेव इगुवन्ना ॥ ३३ए ॥ अर्थः— इहां प्राकृतपणाथकी विभक्तिनुं विपरीतपणुं तेथी मन, वचन ने काय साथे योग संबंध बते करण करावण ने अनुमति तेणे कारणे एक द्विक त्रिक साथे योग कीधा बतां सात सातका थायछे ते आवीरीतेः—

एक स्थूलहिंसादिक मने न करे, बीजुं वचने न करे, त्रीजुं कायाये न करे. ए त्रण एक संयोगे थया. हवे द्विकसंयोगे कहेछे. चोथुं मन ने वचने न करे, पांचमुं मने ने कायाये न करे, बहुं वचन ने कायाये न करे, हवे त्रिक संयोग ते मन वचन ने कायाये न करे, ए सातमो भंग थयो. ए सात भंग करणे थया. तेमज बीजा सातभंग करावण थकी थाय. तथा त्रीजा सातभंग अनुमतिये थाय. तथा चोथा सातभंग वली करणने करावण थकी थाय. तथा पांचमा सात भंग, करण ने अनुमतिये थाय. तथा बहा सात भंग करावण अने अनुमतिये थाय. तथा सातमा सात भंग ते करण करावण ने अनुमति ए त्रणे एकग करतां थाय. एरीते सातो सतियु उंगणपच्चाश भंग देखाड्या.

हवे सुखे जाणपणुं थवामाटे ए उंगणपचाशभंगनो उच्चार जेवीरीते थाय तेवीरीते लखी देखाडिये छैये १ मनेकरी करुं नही २ मनेकरी करावुं नही ३ मने करी अनुमोडुं नही ४ मनेकरी करुं नही करावुं नही ५ मनेकरी करुं नही ने अनुमोडुं नही ६ मनेकरी करावुं नही अनुमोडुं नही ७ मनेकरी करुं नही करावुं नही अनुमोडुं नही ८ वचनेकरी करुं नही ए वचनेकरी करावुं नही १० वचनेकरी अनुमोडुं नही ११ वचनेकरी करुं नही करावुं नही १२ वचनेकरी करुं नही अनुमोडुं नही १३ वचनेकरी करावुं नही अनुमोडुं नही १४ वचनेकरी करुं नही करावुं नही अनुमोडुं नही १५ कायायेकरी करुं नही १६ कायायेकरी करावुं नही १७ कायायेकरी अनुमोडुं नही १८ कायायेकरी करुं नही करावुं नही १ए कायायेकरी करुं नही अनुमोडुं नही २० कायायेकरी करावुं नही अनुमोडुं नही २१ कायायेकरी करुं नही करावुं नही अनुमोडुं नही २२ मनेकरी वचनेकरी करुं नही २३ मनेकरी वचनेकरी करावुं नही २४ मनेकरी वचनेकरी अनुमोडुं नही २५ मनेकरी वचनेकरी करुं नही करावुं नही २६ मनेकरी वचनेकरी करुं नही अनुमोडुं नही २७ मनेकरी वचनेकरी करावुं नही अनुमोडुं नही २८ मनेकरी वचनेकरी करुं नही करावुं नही अनुमोडुं नही २ए मनेकरी कायायेकरी करुं नही ३० मनेकरी कायायेकरी करावुं नही ३१ मनेकरी कायायेकरी अनु

मोडुंनही ३२ मनेकरी कायायेकरी करुं नही करावुं नही ३३ मनेकरी कायाये करी करुं नही अनुमोडुं नही ३४ मनेकरी कायायेकरी करावुं नही अनुमोडुं नही ३५ मनेकरी कायायेकरी करुं नही करावुं नही अनुमोडुं नही ३६ वचनेकरी कायायेकरी करुं नही ३७ वचनेकरी कायायेकरी करावुं नही ३८ वचनेकरी कायायेकरी अनुमोडुं नही ३ए वचनेकरी कायायेकरी करुं नही करावुं नही ४० वचनेकरी कायायेकरी करुं नही अनुमोडुं नही ४१ वचनेकरी कायायेकरी करावुं नही अनुमोडुं नही ४२ वचनेकरी कायायेकरी करुं नही करावुं नही अनुमोडुं नही ४३ मनेकरी वचनेकरी कायायेकरी करुं नही ४४ मनेकरी वचनेकरी कायायेकरी करावुं नही ४५ मनेकरी वचनेकरी कायायेकरी अनुमोडुं नही ४६ मनेकरी वचनेकरी कायायेकरी करुं नही करावुं नही ४७ मनेकरी वचनेकरी कायायेकरी करुं नही अनुमोडुं नही ४८ मनेकरी वचनेकरी कायायेकरी करावुं नही अनुमोडु नही ४ए मनेकरी वचनेकरी कायायेकरी करुं नही करावुं नही अनुमोडुं नही.

हवे ए उंगणपचाश भंगना एकशो ने सडतालीश भंग देखाडवा सारुं सूत्रकार गाथा कहेछे. मूलः—पढमेक्को तिन्नितिआ, दोन्नि नवा तिन्नि दोनवा चेव ॥ कालतिगेणय गुणिआ, सीयालं होइ भंगसयं ॥ ३४० ॥ अर्थः—पहेलो एक पछी त्रण त्रगडा पछी बे नवडा वली एक त्रगडो पछी वली बे नवडा एम अनुक्रमे मांमिये; पछी काल त्रिक साथे गुणाकार करिये एटले अतीत काले जे कस्या तेनी निंदा करवी, वर्त्तमाने करवानुं संवर करवुं, अने अनागत ने पच्चरकाणे. यडुक्तं. अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं; पच्चखामि एम करतां एकशोने सडतालीश भंग थायछे. इहां एक भंग ते त्रिविध त्रिविधे थाय, तथा त्रिविध द्विविधे त्रण भंग थाय, तथा त्रिविध एकविधे त्रण भांगा थाय, अने द्विविध त्रिविधे त्रण भांगा थाय द्विविध द्विविधे नव भंग थाय, द्विविध एकविधे नव भंग थाय, एकविध त्रिविधे त्रण भंग थाय एकविधे द्विविधे नव भंग थाय एकविध एकविधे नव भंग थाय छे एम भंग जाणवा. एम सातशें नें पांत्रीश पण श्रावकना भेद होय तेज कहेछे.

मूलः—पंचाणुवयगुणियं, सीयाल सयंतु नवरि जाणाहि ॥ सत्तसया पण तीसा सावयवयगहणकालंमि ॥ ३४१ ॥ अर्थः—ए पूर्वोक्त एकशो सडतालीश भंगनुं पांचे अणुव्रतनेविषे प्रत्येके सद्भाव छे. ते श्रावकने व्रतग्रहणकालनेविषे पांच अणुव्रतना अंगीकारने प्रस्तावे पांच अणुव्रतनी साथे एकशो समतालीशनो गुणाकार करिये तेवारे नवरिके० अनंतर तुं जाण के सातशेने पांत्रीश भंग थाय छे. ॥ ३४१ ॥

हवे ए भंग यथार्थपणे जेणे जाण्या तेज पञ्चखाणनेविषे प्रवीण जाणवा एम कहेछे. मूलः—सीयालं भंगसयं, जस्स विसुद्धीइ होइ उवलद्धं ॥ सो खलुपञ्चक्खाणे, कुसलो सेसा अकुसलाउ ॥३४२॥ अर्थः—ए पूर्वोक्त एकशो ने सडतालीश भंग ते जस्सके० जेने विशुद्ध निर्मलकारी पणे करी होय तेने विशुद्धपञ्चखाण कहिये. अने तेज पञ्चखाणनेविषे उपलब्ध एटले जाणपणे थया तेज खलुइति निश्चेकरीने पञ्चखाणनेविषे कुशल माह्या जाणवा अने शेष थाकता ते चतुर जाणवा नही.

हवे मूल छ भंगना उत्तर एकवीश भंग देखाडेछे. मूलः—डुविहतिविहाइ छविय, तेसिं भेया कमे णिमे हुंति ॥ पढमेक्को डुन्नितिया, डुगेग दो छक्क इगवीसं ॥३४३॥ अर्थः—द्विविध त्रिविध जेनी आद्यमांछे एवाजे छ भंग तेसिंके० तेना भेद ते कमेणके० अनुक्रमे इमेके० ए हुंतिके० थायछे. पढमेक्कोके० पहेलुं एको, पछी बीजा बे कोष्ठकमां त्रण त्रण वली एक कोष्ठके बगडो मांमीये एवुं एककोष्ठक, पछी बे कोष्ठके छ छ मांमिये तेवारे सर्व एकवीश भंग होयछे. ए स्थापनानो उच्चार आवीरीते करिये. द्विविध त्रिविधे एक भंग, द्विविध द्विविधे त्रण भंग, द्विविध एकविधे त्रणभंग एकविध त्रिविधे बे भंग, एकविध द्विविधे छ भंग, एकविध एकविधे छ भंग.

हवे डुविह तिविहाइ इत्यादिक भंगना समूहे करीने श्रावकने योग्य पांच अणुव्रतादिकनी संतति तेना भंगनी देवकुलिका सूचवी ते देवकुलिका एकेक व्रत प्रत्ये कही. जे षड्भंगी एकवीश भंगी नवभंगी उगणपचाश भंगी तेणे करी निपजे अने सर्व देवकुलिकाने विषे प्रत्येके त्रण त्रण राशी थाय ते आवीरीते; धुर मां गुणराशी, वचमां गुणकराशी अने छेहडे गतागत राशी.

त्यांपहेली एजदेवकुलिकानेषड्भंगीप्रमुखनेअनुक्रमे विवक्षित व्रतना भंगनीसर्वसंख्या रूप एवंकारके०जे राशी ते देखाडणहार छतोपहेलो षड्भंगीए एवंकारनी राशी देखाडेछे.

मूलः—एगवए छब्भंगा, निद्दिष्ठा सावयाण जे सुत्ते ॥ ते च्चिय वयवुड्ढीए, सत्तगुणा छ जुआ कमसो ॥ ३४४ ॥ अर्थः—श्रावकना एक व्रतनेविषे छ भंग जे आवश्यकादिक सूत्रनेविषे कह्या तेज मृषावादादिक एकेक व्रतनी वृद्धिए सातगुणा अने छ ए सहित कर्या छता अनुक्रमे भंगना राशीनी संख्या उपजावे. इहां भावार्थ एम छे के पहेला प्राणातिपात व्रतनेविषे छ भंग, ते अवधे स्थापिने सातगुणा करीए; ते वारे बेंतालीश थाय. तेमां छ भेलिये तेवारे अडतालीश थया. वली एने सातगुणा करीने छ भेलिये: एम अनुक्रमे करतां अग्यारमी वेलाए १३८४१२८७२०० एटला आवे. अने ६ ४८ ३४२ इत्यादिक बारेराशी उपर नीचे एवीरीते थापीये तेवारे

आदि देवकुलिकानी नूमिका समान देखाय, तेने खंमदेवकुलिका एम कहिए. एट ले षम्नंगीनी देवकुलिका जेम उपजे तेम देखाडी. ॥ ३४४ ॥

